A PROJECT SUBMITTED FOR THE DEGREE OF

MASTER OF LIBRARY AND INFORMATION SCIENCE

AT SARDAR PATEL UNIVERSITY

2011-2012

# DIGITIZATION OF GYAN GANGOTRY GRANTH SHRENI - 26 V.18

# MANAV VIDYASHAKHA : BHARAT DARSHAN - 3

# [ SWATANTRYA SANGRAM - 1 ]

SUBMITTED BY:

HEMADRI SHAH

GUIDE :

Prof. U.A. THAKER

Dr. NIMESH D. OZA (Asst. Prof)

DEPARTMENT OF LIBRARY AND INFORMATION SCIENCE

SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120

March-2012

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| અજિતસિંહ | Ajitasinga | ૪૭, ૫૧ |
| અઝીમુલ્લાખાન | Ajhimullākhāna | ૧૧૫ |
| અન્સારી | Ansārī | ૬૭, ૭૭, ૮૦, ૯૦, ૧૨૦, ૧૨૨, ૧૨૬-૧૨૭, ૧૪૧, ૧૪૨ |
| અબુ હમીદ | Abu hamīda | ૧૧૫ |
| અબ્દાલી | Aḅdālī | ૧૦૭ |
| અબ્દુલ બારી | Aḅdula bārī | ૧૨૨-૨૪, ૧૨૬-૨૭ |
| અબ્દુલ રસુલ | Aḅdula rasula | ૩૭, ૧૧૭ |
| અબ્દુલ રહીમ | Aḅdula rahīm | ૧૨૭, ૧૪૦, ૧૮૧ |
| અબ્દુલ લતીફ | Aḅdula latīpha | ૩૦ |
| અબ્દુલ વહાબ | Aḅdula vahāba | ૧૦૮ |
| અબ્દુલ હાતીમ | Aḅdula hatima | ૩૭ |
| અભેદાનંદ સ્વામી | Abhedānaṇda Swāmī | ૪૧ |
| અમીરઅલી | Amīra alī | ૧૧૨-૧૩, ૧૧૯ |
| અમીર હુસેન | Amīra husena | ૧૧૭ |
| અલાબક્ષ | Alabākṣa | ૧૪૭ |
| અલી ઇમામ | Alī emām | ૧૪૨ |
| અલી મુદલીયર | Alīmudāliyara | ૭૦ |
| અસફ અલી | Asaphalī | ૭૫ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| અસફઅલી, અરુણા | Asaphaalī arunā | ૯૯ |
| અહમદ શાહ | Ahamadaśhāha | ૪ |
| અહમદુલ્લા | Ahamduḷla | ૧૧૫ |
| આગાખાન,નામદાર | Āgākhānā nāmdar | ૧૧૬, ૧૧૯, ૧૩૫, ૧૪૨ |
| આનંદ સ્વામી | Ānaṇda Svāmī | ૧૮૬ |
| આર્મ હર્સ્ટ, લોર્ડ | Armbārṣta, lorda | ૭ |
| ઇકબાલ | Īkabāla | ૧૪૩, ૧૪૬, ૧૭૪ |
| ઇમામ હુસેન | Īmāma husena | ૧૦૮ |
| ઇરવિન, લોર્ડ | Īravana, loṛda | ૮૧-૩, ૮૫, ૮૭-૮, ૧૪૧ |
| ઇલ્બર્ટ લોર્ડ | Īḷbaṛta loṛd | ૨૪,૧૧૧ |
| ઇસ્માઇલ સિરજુ | Īṣmāīla Sirāju | ૧૧૭ |
| ઉપાધ્યાય બ્રહ્મ બાંધવ | Upāḍhyāya braḥma bānadhava | ૩૭, ૪૩ |
| એટલી | Etalī | ૧૦૩, ૧૦૪, ૧૫૨, ૧૫૭ |
| એડમ સ્મિથ | Adama ṣmith | ૨-૩ |
| એની બિસેન્ટ | Anī biseṇta | ૫૮, ૬૩, ૬૭, ૭૮, ૮૦-૧, ૧૨૪-૩૭, ૧૩૮-૯, ૧૪૧, ૧૬૧, ૧૬૯, ૧૯૯ |
| એન્ડુઝ, ચાર્લી | Aṇdrajha Chārlī | ૧૬૩-૬૪ |
| એમહર્સ્ટ, લોર્ડ | Emahaṣtra lorda | ૧૪૪ |
| એલેકઝાન્ડર એ.વી. | Elekajhāṇdra, s. vī. | ૫૪, ૧૫૬, ૧૯૧ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| એલેકઝાન્ડર કીડ | Elekajhāṇdra kīda | ૭ |
| એલેકઝાન્ડર લૉર્ડ | Elekajhāṇdra loṛda | ૧૧૪ |
| એસ્થર ફેરિંગ | Eṣthara pheriṇga | ૧૬૮ |
| ઍડવયર, માઇકલ | Edavāyara, māīkala | ૬૩, ૭૩ |
| એબિદુલ્લા | Abiduḷḷā | ૧૨૦ |
| ઔરંગઝેબ | Auraṇgajheba | ૪, ૧૦, ૧૬, ૧૧૩, ૧૭૩ |
| કડિયા, ઉમાકાંત | Kadiyā, umākāṇta | ૯૮ |
| કમાલ પાશા | Kamāla pāśhā | ૫૩, ૧૨૫ |
| કર્ઝન, લૉર્ડ | Karjhana, loṛda | ૩૦, ૪૦, ૪૨ |
| કાલીનાથ | Kālīnāth | ૧૬૭ |
| કાલેલકર, કાકાસાહેબ | Kālelakara, kakāSāheba | ૧૦૬, ૧૮૬-૮૮ |
| કાવૂર | Kāvūra | ૨૭ |
| કિચલુ, ડૉ. | Kichulu, do. | ૬૩-૫, ૧૮૫, ૧૨૭ |
| કિનારીવાલા, વિનોદ | Kinārīvālā, vinoda | ૯૮ |
| કુંવરસિંહ | Kuvara Sīnha | ૧૧૫ |
| કૃષ્ણરાય મહારાજ | Kruṣnarāya mahārāja | ૨૨ |
| કૉર્નવાલિસ | Kornavālisa | ૪, ૭, ૧૬-૧૭ |
| ક્રોપોટકિન, પ્રિન્સ | Kropotakina, prinṣa | ૧૬૩ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| ખાન અબ્દુલ ગફાર | Khāna aḅdula gaphāra | ૮૮, ૧૦૫, ૧૪૩, ૧૫૨ |
| ખાન સાહેબ | Khāna Saheba | ૮૮, ૧૦૫, ૧૪૩, ૧૫૨, ૧૫૭ |
| ખિઝર, હયાતખાન | Khijhara hayātakhān | ૧૫૨, ૧૫૭ |
| ખ્વાજા અલિકુલ્લા | Ḳhavāja alikuḷla | ૧૧૭ |
| ખ્વાજા સલિમઉલ્લાહ | Ḳhavāja Salima Uḷlāha | ૧૧૮ |
| ગઝનવી | Gajhanavī | ૧૩૧ |
| ગાયકવાડ | Gāyakavāda | ૪ |
| ગુરદત્તાસિંગબાબા | Gurudaṭtasiṇgabābā | ૫૫ |
| ગુલામ હુસેન | Gulāma husena | ૧૪૩ |
| ગેરીબાલ્ડી | Gerībaḷdī | ૨૭, ૪૮ |
| ગોડસે નાથુરામ વિનાયક | Godse, nāthurāma vināyaka | ૧૯૧ |
| ગોવિંદગિરિ | Goviṇdagiri | ૬૮ |
| ઘોષ, ડૉ. પ્રફુલચંદ્ર | Ghoṣa, Do. praphuḷla chaṇdra | ૨૦૭ |
| ઘોષ, ખાગેન્દ્ર | Ghoṣa, bāriṇdra | ૫૦, ૫૧ |
| ઘોષ, મતિલાલ | Ghoṣa matilāl | ૩૧, ૪૦, ૧૬૦ |
| ચર્ચિલ | Charċhila | ૧૫૧ |
| ચંદાવરકર | Chaṇḍāvarkara | ૩૨ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| ચાગલા એમ.સી. | Chagalā ema. Sī | ૧૪૧-૪૨ |
| ચેટરજી રામાનંદ | Chetarjī rāmānaṇda | ૪૮ |
| ચૌધરી આસુતોષ | Chaudharī asutoṣa | ૩૭ |
| ચૌધરી યોગેશચંદ્ર | Chaudharī yogeśhchaṇdra | ૩૭ |
| છોટણી | Chotānī | ૧૨૫ |
| જાફરઅલી | Japhara alī | ૧૧૯ |
| જેમ્સ ઓગસ્ટસ હિકી | Jaṃsa ogaṣtasa hikī | ૨૬ |
| જોન, શોર | Jona, Śhora | ૨૬ |
| જોન, સ્ટુઅંટ મિલ | Jona, Ṣturta mila | ૨૬ |
| જ્યોર્જ, લોઇડ | Jyorja, loīda | ૧૪, ૧૨૪ |
| ઝિયા-ઉલ-દિન | Jhiyā-ula-dīna | ૧૧૦ |
| ટંડન, પુરુષોત્તમદાસ | Taṇdana, purṣoṭtamadāsa | ૮૮ |
| ટિકેન્દ્જિતસિંહ | Tikeṇdrajitsinh | ૩૫ |
| ટીપુ સુલતાન | Tipu Sulatāna | ૪ |
| ટોજો | Tojo | ૧૦૧ |
| ટોમસ, રો | Tomasa, ro | ૩ |
| ડફરીન, લોર્ડ | Dagharīna, lorda | ૨૯ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| ડાયર, જનરલ | Dāyara, janarala | ૬૫-૬ |
| ડેલહાઉસી | Delahāusī | ૭ |
| ઢીંગરા, મદનલાલ | Dhīṇgorā, madanlāl | ૪૮, ૫૩ |
| તાત્યા ટોપે | Taṭyātope | ૧૧૫ |
| તૈયબજી, અબ્બાસઅલી | Taīyabajī, aḅbāsaalī | ૮૩ |
| તોદસતોય | Toḷsatoya | ૧૬૩ |
| થીએડર બેક | Thiodara beka | ૧૧૦, ૧૧૨ |
| દત્ત, અશ્વિનીકુમાર | Duṭt, akṣvinīkumāra | ૧૧૭ |
| દત્ત, હિરેન્દ્રનાથ | Duṭt, hireṇdranāth | ૩૭ |
| દાસ, હેમચંદ્ર | Dāsa, hemchaṇdra | ૫૦ |
| નઝીમુદ્દીન | Najhīmuḍdīna | ૧૪૭, ૨૦૭ |
| નરેન્દ્ર દેવ | Nareṇdra deva | ૯૦ |
| નાના, ફડનવીસ | Nānā, phadanvīsa | ૪ |
| નિરંજનસિંહ | Niraṇjanasiṇha | ૨૦૮ |
| નૂન ફિરોઝખાન | Nūna phirojhakhāna | ૧૪૮ |
| પટવર્ધન, અચ્યુત | Paṭavarḍhana, achayuta | ૯૯ |
| પટ્ટાભી, સિતારામૈયા | Paṭābhi, Sitārāmaiyā | ૮૧ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| પંત, ગોવિંદવલ્લભ | Paṇta, goviṇdavallabh | ૧૪૩ |
| પાટણકર | Pāṭakaṇara | ૫૦ |
| પિલ્લાઇ, ચિંદબરમ | Piḷḷāi, Chidaṃbaram | ૫૨ |
| પ્રિન્સ ઓફ વેલ્સ | Priṇsa opha veḷsa | ૭૫, ૧૭૦ |
| પ્રીતમસિંહ | Prītama siṇha | ૧૦૦ |
| ફઝલી, હુસેન | Phajhalī, husena | ૧૪૮ |
| ફઝલુલ, હક | Phajhalula, haka | ૧૨૨, ૧૨૭, ૧૩૮, ૧૪૦, ૧૪૨-૪૩, ૧૪૫-૪૬ |
| ફડકે વાસુદેવ બળવંત | Phadake vīsudeva | ૪૮ |
| ફ્રેડ ફિશર | Phreda phiśhara | |
| બજાજ, જમનાદાસ | Bajāja, jamanāsāsa | ૭૫, ૧૮૬-૮૮ |
| બરકતઅલી | Barakata alī | ૧૩૧ |
| બરકતુલ્લા | Barakatuḷla | ૫૩ |
| બર્ક, એડમંડ | Barka, edamaṇda | ૨ |
| બર્કનહેડ, લોર્ડ | Baṛka naheda, loṛda | ૮૧, ૧૪૧ |
| બસુ, ભૂપેન્દ્નાથ | Basu, bhūpeṇdranath | ૧૬૦ |
| બસુ,સતીશચંદ્ | Basu, Satiśhachaṇdra | ૫૦ |
| બહાદુર, ચૌધરી | Bahādura, chaudharī | ૧૩૨ |

| Original Words | Translation | Numbers |
|---|---|---|
| બિરસા | Birasā | ૩૫ |
| બેનરજી, વ્યોમેશચંદ્ | Benarajī, ̣vyomesha chandra | ૩૬ |
| બેનરજી, સુરેન્દ્નાથ | Benarajī sureṇdra nātha | ૩૧, ૩૩-૩૪, ૩૬-૩૭, ૪૧, ૪૬, ૬૧, ૧૧૦, ૧૬૦ |
| બેન્ટિક, વિલિયમ | Beṇtika, Vilyama | ૭ |
| બેમાફિલ્ડ કૂલર | Beṃapha Philḍa Kūlarā | ૪૩-૪૪ |
| બ્રેબોર્ન, લોર્ડ | Brebon, loṛda | ૧૪૪ |
| બોઝ, સુભાષચંદ્ | Bojha, Subhaṣachandra | ૭૫-૬, ૮૯, ૯૧, ૯૩, ૯૬, ૯૯-૧૦૩, ૧૪૪, ૧૪૯ |
| ભગતસિંહ | Bhagatasiṇha | ૮૭ |
| ભટ્ટાચાર્ય, અવિનાશ | Bhaṭṭacharya avināśha | ૫૦ |
| ભૂષણ, ભોંસલે | Bhūṣana, bhosale | ૪ |
| મઝૂમદાર, અંબિકા ચરણ | Majumadāra aṃbikacharan | ૩૮ |
| મઝરુલ હક | Majharula, haka | ૬૩ |
| મનરો | Manaro | ૯, ૨૬ |
| મનીન્દ્ચંદ્ નન્દી | Manīṇdarachaṇ dara naṇdī | ૩૭ |
| મહતાબઅલી | Mahatāba alī | ૧૮૯ |
| મહમદ ઇશાહ | Mahamada īśhaha | ૧૦૭ |

| Original Words | Translation | Numbers |
| --- | --- | --- |
| મહમદ અલ | Mahamada ala | ૧૧૦, ૧૨૩ |
| મહમદ કાસિમ | Mahamada kāsima | ૧૨૦ |
| મહમદ યાકુબ | Mahamada yākuba | ૧૩૫ |
| મહમ્મદ યુસુફ, ખાન સાહેબ | Mahamada yusupha khāna saheba | ૧૧૬ |
| મહમુદ, બિન કાસિમ | Mahamada bina kāsima | ૫૭ |
| મહંમદ અલી | Mahamada alī | ૬૦, ૬૧, ૬૭, ૭૬, ૧૧૮, ૧૨૨-૨૭, ૧૩૩, ૧૩૮, ૧૪૨, ૧૬૫, ૧૬૭,૧૭૬-૭૭,૧૮૫ |
| મહેતા,ડૉ.પ્રાણજીવન | Mahetā, do. prānajīvana | ૧૬૦ |
| મહેતા, ફિરોઝશાહ | Mahetā, phirojaśhāhā | ૩૦-૩૪, ૪૬, ૫૬, ૧૩૮, ૧૫૯, ૧૬૧ |
| મંગળદાસ શેઠ | Maṇgaladāsa Śhetha | ૧૬૦ |
| મંજૂ શાહ | Manju Śhāha | ૧૦૭ |
| મંડાલ જોગેન્દ્નાથ | Maṇdala jogeṇdranat | ૧૫૬ |
| માઉન્ટબેટન, લોર્ડ | Mauṇta, loṛda | ૧૦૪-૫, ૧૫૭-૮, ૧૯૩, ૨૦૭ |
| મારવાડી, પ્રભુદયાળ | Mārvādī, prabhudayal | ૫૧ |
| માર્કવિસ ઓફ ડફરીન | Maṛkavisa oph dapharīna | ૧૧૮ |

| | | |
|---|---|---|
| માર્શલ જે. સી. | Mārśhala, jo. Sī | ૨૬ |
| માલ્કમ, જોન | Mālkama, jona | ૯ |
| માલવિયા,મદનમોહન | Mālvīyā, madanamohan | ૬૦, ૬૩, ૬૭, ૭૨, ૭૫, ૮૮, ૮૯, ૧૨૪, ૧૨૭, ૧૩૦, ૧૬૧, ૧૬૯, ૧૯૯-૨૦૦ |
| મિત્ર, કૃષ્ણકુમાર | Mitra, Krīṣaṇakumara | ૩૭, ૪૦ |
| મિત્ર,પ્રમથનાથ | Mitra, Pramathnāth | ૫૦ |
| મિરજાકર | Mirajkara | ૬ |
| મિરઝા, અબ્બાસ | Mirjhā, aḅbāsa | ૪૯ |

| | | |
|---|---|---|
| મિરઝા, ગુલામઅહમદ | Mirajhā, gulāma ahamada | ૧૦૯ |
| મુકરજી, રાધાકુમુદ | Mukarajī, rādhākumuda | ૨૦૮ |
| મુકરજી શ્યામપ્રસાદ | Mukarajī Śhyāmāprasād | ૧૪૭, ૨૦૭-૮ |
| મુકુંદદાસ | Mukunṇda dās | ૧૧૭ |
| મુકરજી સતીશચંદ્ | Mukarjī Satīsh chandra | ૩૭, ૪૦ |
| મુમતાઝ દોલતાના | Mumatajha doltanā | ૧૪૮ |
| મુરાદ | Murāda | ૧૦ |
| મુસ્તાક હુસેન | Muṣtāka husena | ૧૧૩, ૧૧૬ |

| | | |
|---|---|---|
| મેકડોનાલ્ડ, રામસે | Mekadonāḷda, rāṃase | ૮૭-૮ |
| મેક્સમૂલર | Meksamūlara | ૩૨ |
| મેઝીની | Mejhīnī | ૨૭, ૪૮ |
| મેટકાફ, ચાર્લ્સ | Metakāpha, Chārḷsa | ૯, ૨૩-૨૪ |
| મેયો, લોર્ડ | Meyolorḍa | ૨૪ |
| મોન્ટેગ્યુ, લોર્ડ | Moṇtegyu, lorḍa | ૬૦-૬૨, ૬૭, ૭૮, ૮૯, ૧૩૯ |
| મોલે. જોન | Mole, jona | ૪૬-૪૭, ૧૧૪, ૧૧૬-૧૧૭, ૧૨૧ |
| મોહનસિંહ | Mohana, Siṇha | ૧૦૦ |
| યુલ, જ્યોર્જ | Yula, jyorja | ૩૦ |
| યુસુફખાન, બહાદુર | Yusaphakhāna bāhadura | ૩૭ |
| રાઘોબા | Rādhobā | ૪ |
| રાજગુરુ | Rājaguru | ૮૭ |
| રાજગોપાલાચારી, ચક્રવર્તી | Rājagopālachārī Chakravatī | ૭૭, ૮૯, ૧૦૪, ૧૫૦, ૧૫૨, ૧૫૬, ૧૭૩, ૧૮૯, ૧૯૧, ૧૯૭, ૨૦૭-૮ |
| રાજેન્દ્રપ્રસાદ | Rajeṇdraprasāda | ૭૫, ૭૭, ૯૧, ૯૩, ૧૦૪, ૧૩૦, ૧૩૪-૩૫, ૧૯૭ |
| રાણા સરદારસિંગ | Rānā, Sardārsiṇga | ૫૩ |
| રાનડે, માધવગોવિંદ | Rānade mādhava goviṇda | ૩૧, ૩૩ |
| રિચાર્ડ ગાર્થ | Richārḍa garṭha | ૩૨ |

| | | |
|---|---|---|
| રિચાર્ડ ગ્રેગ | Richārḍa grega | ૨૦૨ |
| રિપાન, લૉર્ડ | Ripana, lorḍa | ૨૪-૫ |
| રુબેન | Rubena | ૨૦૪ |
| રૉય, માનવેન્દ્રનાથ | Roya, mānaveṇdra nāth | ૯૩ |
| રૉય, રાજારામમોહન | Roya, rāja rāma mohana | ૨૨, ૨૫-૬ |
| રોલેટ | Roleta | ૬૩, ૬૬-૭, ૭૭, ૧૩૯ |
| લક્ષ્મીબાઇ | Lakṣhmībāī | ૧૧૫ |
| લાલા લજપતરાય | Lālā lajapatarāya | ૫, ૩૨, ૪૩-૪, ૪૬-૭, ૫૧, ૬૨, ૭૨, ૭૫, ૭૬, ૧૨૪, ૧૨૭-૮, ૧૪૬, ૧૬૯, ૧૮૧, ૧૯૯ |
| લાલા, હરદયાળ | Lālā, haradayāla | ૫૧, ૫૩-૫ |
| લિટન, લૉર્ડ | Litana lorḍa | ૨૬ |
| લિનલિથગો, લૉર્ડ | Linalithago, lorḍa | ૧૦૨, ૧૪૫, ૧૪૭ |
| લિયાકતઅલી | Liyākata alī | ૧૦૪ |
| લિયાકત હુસેન | Liyākata huseṇa | ૩૭ |
| લેનિન | Lenina | ૬૨ |
| લોહિયા, ડૉ. રામમોહન | Lohiya, Do. rāmamohana | ૯૯ |
| વકર-ઉલ-મુલ્ક | Vakara-ula-muḷka | ૧૧૭ |
| વિક્ટોરિયા મહારાણી | Viktoriya, maharanī | ૨૩, ૩૫, ૪૯, ૧૧૦, ૧૬૯ |

| | | |
|---|---|---|
| વિનોબાજી | Vinobājī | ૯૬ |
| વિલિયમ્સ, બોલ્ટસ | Viliyaṃsa boḷtasa | ૨૬ |
| વિલિંગ્ડન, લોર્ડ | Viligdana, loṛda | ૮૮, ૧૩૮, ૧૬૦ |
| વિવેકાનંદ સ્વામી | Vivekānaṇda Śvāmī | ૩૯, ૪૨ |
| વિશ્વાસ, બૈદનાથ | Vikṣavasa, baidhanatha | ૫૧ |
| વેડર્નબર્ન | Vedaṛna baṛna | ૩૧ |
| વેલેસ્વી | Veleṣvi | ૭ |
| વેવેલ, લોર્ડ | Vevela, loṛda | ૧૦૨-૩, ૧૫૧, ૧૮૪-૮૭, ૧૯૧, ૨૦૮ |
| વોલ્ટ, વ્હિટમેન | Voḷta, ṿhitamena | ૧૬૩ |
| વ્યાટ,વૂડો | Ṿyāt vudaro | ૧૫૩ |
| શફી | Śhaphī | ૧૪૧-૪૨ |
| શરીઅત–ઉલ્લા–હાજી | Śharīata- Uḷla-hāji | ૧૦૮ |
| શંકરાચાર્ય જગદગુરુ | Śhaṇkrāchārya, jagadaguru | ૧૨૫ |
| શાસ્ત્રી શ્રીનિવાસ | Śhaṣtarī ksrīnivāsa | ૬૩ |
| શાહ,અબ્દુલ અઝીઝ | Śhāna aḅdula ajhijha | ૧૦૭ |
| શાહ,ઇસ્માઇલ શહીદ | Śhāha, Īṣmāīla Śhahīda | ૧૦૮ |
| શાહજહાં | Śhāhajahā | ૧૦ |

| | | |
|---|---|---|
| શાહનવાઝ | Śhāhanavājha | ૧૦૨ |
| શાહબુદ્દીન, સર | Śhāhabuḍḍīna, sara | ૧૪૮ |
| શિવાજી, છત્રપતિ | Śhivāji, Chhatrapatī | ૪, ૩૧, ૩૭, ૪૮, ૧૧૬ |
| શિંદે | Śhiṇde | ૪ |
| શેખ, નિહાલ અહમદ | Śhekha, nihāla ahamada | ૧૦૯ |
| શેઠ, ગોવિંદદાસ | Śheth, govindadāsa | ૭૬ |
| શેરવૂડ – મિસ | Śheravūda misa | ૬૪-૫ |
| શોધન, રણછોડલાલ અમૃતલાલ | Śhodhana, raṇachhodalāl amrūtalāla | ૮૮ |
| શૌકતઅલી | Śhaukata alī | ૬૦-૧, ૬૭, ૭૫, ૧૧૯, ૧૨૨-૨૭, ૧૬૫, ૧૬૭, ૧૭૭, ૧૮૫ |
| શ્યામજી કૃષ્ણવર્મા | Śhyāmjī kruṣaṇavarmā | ૫૨-૫૪ |
| શ્રધ્ધાનંદ, સ્વામી | Ksaraḍdhananaṇda, Savāmī | ૪૧, ૬૩-૪, ૬૭, ૧૩૦, ૧૬૦, ૨૦૦ |
| સત્યપાલ | Saṭyapāla | ૬૩, ૬૫ |
| સપ્રુ, તેજબહાદુર | Sapru, tejabahādura | ૮૫, ૮૭, ૮૯, ૧૪૨ |
| સરકાર, જાદુનાથ | Sarakār, jadunatha | ૫ |
| સલીમુલ્લા, નવાબ | Saḷīmulla, navāba | ૪૩, ૧૧૬ |
| સંપૂર્ણાનંદ | Saṃpūrṇanaṇda | ૯૦ |

| | | |
|---|---|---|
| સાયમન | Sāyamana | ૮૦, ૮૧, ૯૧, ૧૪૧, ૧૭૨ |
| સાવરકર, વિનાયક દામોદર | Sāvarakara vinayaka dāmodara | ૪૯, ૫૩, ૧૩૪ |
| સિકંદર, હયાત | Sikaṇdara, hayāta | ૪૯, ૧૪૨-૪૩, ૧૪૫-૪૬, ૧૪૮ |
| સિરાજુદાલ્લા | Sirajudauḷla | ૬, ૮ |
| સિંધી, અબ્દુલ મજીદ | Siṇdhi abḍula majīda | ૧૪૩ |
| સુખદેવ | Sukha deva | ૮૭ |
| સુહરાવાદી | Suharāvadī | ૧૩૧, ૧૪૬, ૧૫૫, ૧૯૩, ૨૦૭-૮ |
| સેજવિક, ડબલ્યુ | Sejavika ḍabaḷyu | ૧૮ |
| સેના, નરેન્દ્નાથ | Sena, nareṇdranāth | ૩૮, ૪૦ |
| સેનાગુપ્તા, શ્રીમતીનેલિ | Senaguptā jṣhrimatī neli | ૮૯ |
| સેલિસબારી, લૉર્ડ | Selisabarī, loṛda | ૨ |
| સૈયદ, અમીરઅલી | Saīyada amīr | ૩૦ |
| સૈયદ અહમદખાન | Saiyada, ahmadkhāna | ૨૯-૩૦, ૪૩, ૧૧૦-૧૩, ૧૧૬ |
| સૈયદ અહમદ બરેલવી "ફકીર" | Saiyada ahamada barelvī "phakīra" | ૧૦૮ |
| સૈયદ, બશીર અહમદ | Saiyada baśhīra ahamada | ૧૮૨-૮૩ |
| સૈયદ, મહમુદ | Saiyada, mahamuda | ૧૮૧-૮૨ |

| | | |
|---|---|---|
| સૈયદ, રઝાઅલી | Saiyada rajhaalī | ૧૨૨ |
| સેરેઈજી | Sareījī | ૧૦૦ |
| હકીમ, અજમલખાન | Hakīma, ajamalakhāna | ૬૭, ૭૬-૭, ૧૨૦, ૧૨૨, ૧૨૬, ૧૭૬, ૧૮૧ |
| હજરત, આયેશા | Hajarata, ayeśhā | ૧૮૫ |
| હજરતમહલ, બેગમ | Hajaratamahala, bejama | ૧૧૫ |
| હઝરત, મોહની | Hajharata, mohānī | ૧૧૯, ૧૨૨, ૧૨૪, ૨૦૦ |
| હંટર, વિલિયમ | Hanṭara, viliyama | ૨૩, ૩૨, ૬૫, ૬૭, ૧૬૭-૬૮ |
| હબીબૂર, રહેમાન | Habibur, rahemāna | ૧૦૧ |
| હસિબુદ્દીન, રહેમાન | Habibur, rahemāna | ૧૧૭ |
| હંસરાજ | Hanṣarāja | ૬૫ |
| હાફિજ, સૈયદ આબિદ હુસેન | Haphijha, Saiyada ābida, husena | ૧૦૯ |
| હાર્ડિજ લોર્ડ | Hardija lorḍa | ૧૨૦, ૧૫૯ |
| હિટલર, એલ્ડોફ | Hitalara, edolpha | ૯૪, ૯૯, ૨૦૩ |
| હેસ્ટિંગ્સ, વોરન | Heṣtiṇgsa, vorana | ૭ |
| હોર્નિમેન | Horṇimana | ૧૬૭ |
| હોલ્કર | Holkara | ૪ |
| હોલવેલ | Halavela | ૮ |

જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૨૬


૧૮
માનવવિદ્યા શાખા


# ભારત દર્શન-૩

[સ્વાતંત્ર્ય સંગ્રામ-૧]



SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR
शीलवृत्तफलं श्रुतम्




E = MC²
Δ = D
ヘ = C
ナ = K
6 = L

સંયોજક : પ્રો. કે. સી. પટેલ

મુખ્ય સંપાદક : ભોગીભાઈ ગાંધી

### તંત્રીમંડળ

શ્રી કે. સી. પટેલ • શ્રી કે. એન. શાહ • શ્રી આર. એમ. પટેલ • શ્રી આર. ડી. પટેલ • શ્રી રમેશ સુમંત મહેતા • શ્રી ઈશ્વરભાઈ પટેલ • શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ • શ્રી ઉમાશંકર જોષી • શ્રી એચ. એમ. પટેલ • શ્રી વી. એચ. ભણોત • શ્રી યશવંત શુક્લ • શ્રી નીરુભાઈ દેસાઈ • શ્રી વિજયગુપ્ત મૌર્ય • શ્રી પી. સી. વૈદ્ય • શ્રી ભોગીલાલ સાંડેસરા • શ્રી અંબુભાઈ પટેલ • શ્રી જે. જી. ચૌહાણ • શ્રી દિલાવરસિંહ જાડેજા • શ્રી જશવંત એમ. પટેલ (શેખડીવાળા)

### પરામર્શકો

શ્રી રામપ્રસાદ બક્ષી • શ્રી અનંતરાય રાવળ • શ્રી ચંદ્રવદ મહેતા • શ્રી હંસાબહેન મહેતા • શ્રી ઉમાશંકર જોષી શ્રી શાંતિલાલ મહેતા • શ્રી ડી. ટી. લાકડાવાલા • શ્ર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી • શ્રી એમ. એલ. દાંતવાળા



આઝાદીના સેનાની મહાત્મા ગાંધી

૨૬
જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

# ભારત દર્શન-૩

[ સ્વાતંત્ર્ય સંગ્રામ-૧ ]


ડૉ. મૂળશંકર ભટ્ટ
ચંદ્રકાન્ત પટેલ
વ્યોમાબહેન ગાંધી



સરદાર પટેલ યુનિવર્સિટી—વલ્લભવિદ્યાનગર

ગશંકર ગો. ભટ્ટ : (વિદ્વાન પ્રાધ્યાપક, લેખક, ભાવનગર)
ના પટેલ : (ઈતિહાસના પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)
ભાઈ ગાંધી : (મુખ્ય સંપાદક, જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી)

નાદાન : હરિ ૐ આશ્રમ, નડિયાદ

સ્વ. શ્રી વિષ્ણુભાઈ ગોકળદાસ પટેલ, નડિયાદ અને તેમના પરિવારના શ્રેયાર્થે

અનુદાન : કેન્દ્ર સરકાર શિક્ષા મંત્રાલય, દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

પ્રકાશન : જૂન, ૧૯૮૮

પહેલી આવૃત્તિ : પ્રત : ૨૯૦૦
કિંમત : રૂ. ૪૦.૦૦ (Rs. 40.00)

પ્રકાશક : રતિલાલ સી. ઠક્કર, કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ૩૮૮ ૧૨૦ (INDIA)
મુદ્રક : યુનિવર્સિટી પ્રેસ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ૩૮૮ ૧૨૦

# નિવેદન

સ્વરાજ આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટૅક્નૉલૉજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં, ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમ્યાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે બૌદ્ધિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેની તેની અધૂરપ વૈયક્તિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ ઊણપની પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાનવિદ્યા શાખાના ૧૦ એમ કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથશ્રેણી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિરધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંછુઓ આ ગ્રંથો થોડાક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્ય અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિતકલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોનાં વિભિન્ન પ્રકારનાં આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ, જેવી કે—

૧. માનવ-વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવના વ્યક્તિત્વના શક્ય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધનવૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી, પરંતુ બાહ્ય વિશૃંખલતાઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્ણયનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જન પ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણા વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય અને આસ્વાદતો થાય, એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય, એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્ય છતું કરવું જોઈએ.

.. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્ય સ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે. હસ્ય અવગત કરાવવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવીએ છીએ. એક બાજુ, . ને નાગરિકોની કક્ષા—તેમની અભિરુચિ, વાચનશક્તિ અને સમજશક્તિ—ની મર્યાદાઓ છે; તો બીજી ૬, ઇતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન ગંભીર અને કઠણ ગણાતા વિષયોને ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટે ાટીરૂપ છે. સંપાદકોની મર્યાદાઓય હોવાની. પરંતુ આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા તાં અતિમહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોય ગંગોદકનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો ા રૂપાંતરો રજૂ કરવાને બદલે શકય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો પણ હેતુ છે.

અમારા પ્રયાસમાં સદ્ગત પૂજ્ય શ્રી મોટા તેમજ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંતઃકરણપૂર્વક આભારી છીએ. વાસ્તવમાં એની બીજી ભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિઃ ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું હતું. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમજ સભ્ય-લવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોનો તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્તસ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોનો અમને જે સહકાર સાંપડયો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણસ્વીકાર કરીએ છીએ.

અમને નોંધ લેતાં દુઃખ થાય છે કે આ ગ્રંથ-શ્રેણીના પરામર્શકોમાંના સર્વશ્રી રસિકલાલ છો. પરીખ, હરિનારાયણ આચાર્ય તથા બાપાલાલ વૈદ્ય, જેઓ આ શ્રેણીના સ્વાસ્થ્ય દર્શન ગ્રંથના એક લેખક પણ હતા તે, અને તંત્રીમંડળના શ્રી બી. સી. પટેલ-આ ચાર મહાનુભાવોનું અવસાન થતાં અમે તેમની હૂંફ ગુમાવી છે.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્ય, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધીનો આભાર માનું છું.

પ્રૉ. કે. સી. પટેલ
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભવિદ્યાનગર

# સંપાદકીય

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીનો આ ૨૬મો ગ્રંથ છે ને ભારત–દર્શનનો ૩ જો. આ ગ્રંથનું આયોજન ઘણાં વર્ષો પૂર્વે થયેલું. મુખ્ય હેતુ કેવળ ઈતિહાસ આપવાનો ન હતો. આ આખાય ઈતિહાસ પાછળ કામ કરી ગયેલ નિર્ણાયક કારકો (ફેક્ટર્સ) ને તેના સંચાલન પાછળનાં પરિબળો, બળો તથા પ્રતિભાઓ અને વિચારધારાઓને શક્ય એટલા તટસ્થભાવે – ગ્રંથનું દળ વધારીનેય – પ્રસ્તુત કરવાનો હતો. આ હેતુ બર આવે તે માટેં કેટલાક અભ્યાસી વિદ્યાકીય પુરુષોનો સંપર્ક સાધ્યો હતો. પરંતુ એ વિદ્વાનોને પૂરતા અવકાશ વા અનુકૂળતાના અભાવે, તે કાર્ય સ્વીકાર્ય ન બન્યું. સદ્ભાગ્યે, (સ્વ.) મૂળશંકરભાઈ (ભાવનગર) સધાયા. તેમણે ભારે ખંતભેર વિષયને લગતા ગ્રંથો વાંચવા માંડયા; નવા પ્રગટ થાય તેમ તેમ મેળવીને વાંચતા રહ્યા. નોંધો પણ કરવા માંડી અને ખંડ–૧ (ઐતિહાસિક ભૂમિકા) માટેના કાચા બેએક ખરડા લખી નાખ્યા. પરંતુ તે પછી લાંબા સમયે પણ ઘણા પ્રયાસો છતાં તેમને માટે આગળ લખવાનું ન જ બન્યું. છેવટે, મને તેમની નોંધવહીઓ તથા કાચા ખરડા સોંપી દઈ એમણે આ કાર્યમાંથી નિવૃત્તિ લીધી. દુર્ભાગ્યે, એ પછી ટૂંક સમયમાં તેઓ દિવંગત થયા.

મૂળશંકરભાઈના કાચા ખરડાના આધારે, ભાઈ રાજેન્દ્ર દવેની સહાયથી ગ્રંથનો પ્રારંભનો માતબર ખંડ (પ્રકરણ ૧ થી ૩) તૈયાર કરી શકાયો; તો, ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક ભાઈ ચંદ્રકાન્ત પટેલે સરળ શૈલીમાં, મર્યાદિત પૃષ્ઠ અને સમયમાં દષ્ટિપૂર્ણ, માહિતીસભર બીજો ખંડ (પ્રકરણ ૪ થી ૧૦) 'સ્વાતંત્ર્ય સંગ્રામની રૂપરેખા' તૈયાર કરી આપીને મને સધિયારો આપ્યો, જો કે આ દરમિયાન હું આ ગ્રંથશ્રેણીના બીજા ગ્રંથોના સંપાદન અને લેખનની જોગવાઈમાં ગળાબૂડ હોઈને, આ ગ્રંથના બાકીના ખંડોનું કામ ઘણા સમય પછી હાથમાં લેવાનું બન્યું.

*

ઘણાં વરસોથી ભારતના ભાગલાની સમસ્યા મનમાં ઘોળાયા કરતી હતી : પોણા બસો વરસની ગુલામીની જંજીરો તોડવા અપરંપાર દેશભક્તોએ અઢળક કુરબાનીઓ કરી હતી, તે 'ખંડિત' ભારત માટે હરગિઝ ન હતી. અને જે મહાત્માએ વ્યથિત હૈયે દેશના ભાગલાને પોતાના દેહના ભાગલા સમો લેખ્યો હતો, તેની રાહબરી છતાં ભારત માટે 'હિન્દુસ્તાન' અને 'પાકિસ્તાન' (મુસ્લિમસ્તાન) તરીકે વિભાજિત થવાનું આવ્યું! અને સ્વરાજ મળ્યા પછી ય કોમી વેરઝેરનો એ ભોરિંગ અવારનવાર માથું ઊંચું કરતો રહ્યો જ છે!—એવું તે શું હતું, જેણે બધી ભલાઈઓને ભેદીને, ભલભલા મહારથીઓને લાચાર બનાવી દઈ, દેશને માથે ભાગલાની કરવત ચલાવી?

જેમ જેમ વાંચન-ચિંતન વધતું ગયું, તેમ તેમ સમજાયું કે કોઈ એક કારક (ફેક્ટર)ને માથે બધી જવાબદારી ઢોળી દેવાય તેમ નથી. કદાચ બધાં કારકો જાણી લેવાનુંય આપણા માટે—કમસે કમ મારા માટે—ગજા બહારનું ગણાય; પરંતુ નિર્ણાયક ભાગ ભજવનારાં મુખ્ય ત્રણ નિમિત્ત કારકો હતાં —

એક : બ્રિટનની લોકશાહી સંસદ અને બ્રિટિશ સામ્રાજ્યનું ભારતમાંનું નોકરશાહી તંત્ર; બીજું : ૧૮૮૫થી ૧૯૨૦ સુધીમાં જેણે દેશની પ્રતિનિધિ સંસ્થા તરીકે કાઠું કાઢ્યું હતું તે રાષ્ટ્રીય કોંગ્રેસ અને છેલ્લા તબક્કામાં મહાત્મા ગાંધી; ત્રીજું : રાષ્ટ્રીય પ્રવાહમાં ઓતપ્રોત ન જ થતાં, ૧૯૦૬ થી ૧૯૪૭ સુધી મુસ્લિમ કોમની હિતરક્ષાનો દાવો કરનાર મુસ્લિમ લીગ અને તેના સર્વેસર્વા કાયદેઆઝમ ઝીણા.

આ ત્રણ પરિબળોને કેન્દ્રમાં રાખી 'સ્વાતંત્ર્ય સંગ્રામ'નો પહેલો ગ્રંથ તૈયાર કર્યો છે. તેમાં ઉપર ગા મુજબ, પહેલા ખંડમાં રાષ્ટ્રીયતાની ભૂમિકા, બીજા ખંડમાં સ્વાધીનતાના સંગ્રામની રૂપરેખા આપ્યા ત્રીજા ખંડમાં મુક્તિઆંદોલનના સંદર્ભમાં મુખ્ય કોમી સમસ્યા તરીકે મુસ્લિમ પ્રતિભાવની છણાવટ છે, અને છેવટે દેશનું સુકાન જેમના હાથમાં હતું તે બે મહારથીઓ — જનાબ ઝીણા અને મહાત્મા ધીના અભિગમનું વિવરણ કર્યું છે. તેમાં મરહૂમ ઝીણા પરત્વેના લેખન-સંપાદન અંગે બને તેટલું મોકળું ણ જાળવી રાખવાની કોશિશ કરી છે; તો ગાંધીજીના અભિગમ અંગે, વિશેષ કરીને, તેમના મૂળભૂત ચારોને અન્યાય ન થાય તેની ચિંતા રાખીને, મહદંશે 'ગાંધીજીનો અક્ષરદેહ' — ના ગ્રંથો તથા પ્યારેલાલજીના પૂર્ણાહુતિ' ગ્રંથોનો ખાસ આધાર લીધો છે. ઉપરાંત, ગુજરાતીમાં પ્રમાણભૂત કહી શકાય તેવા ગ્રંથ 'આધુનિક ભારતનો ઇતિહાસ' (ભાગ ૧—૨)માં તેના વિદ્વાન લેખક ડૉ. રમણલાલ ક. ધારૈયાએ રજૂ કરેલા કેટલાક દસ્તાવેજોનો લાભ લીધો છે. આ સંદર્ભમાં નવજીવન ટ્રસ્ટ તથા ડૉ. ધારૈયાનો ઋણસ્વીકાર કરું છું.

આ ગ્રંથમાં પ્રા. યશવંતભાઈ શુક્લ જેવા વિદ્યાપુરુષે તેમના 'પ્રવેશક'માં ગ્રંથના લેખકો અને સંપાદકને ઉષ્માભેર બિરદાવ્યા છે. અને ગ્રંથનું સારતત્ત્વ મુદ્દાસર તારવી આપીને, ગ્રંથને વાચકો સુધી પહોંચાડવાની જે કાળજી સેવી છે, તે મારે મન આભાર સાથે આનંદનો અવસર છે. સાથોસાથ એ પણ કબૂલી લઉં કે તેમણે 'સંપાદકની વિશિષ્ટ લઢણ' નો ઉલ્લેખ કરી, 'લિવિંગ ફિલોસોફી'ની શૈલીની યાદ આપી, તેની પાછળનો હેતુ ચીંધ્યો છે. છતાં પુસ્તકનાં પાનાં ઉથલાવતાં વાચકને તેની 'અતિશયતા' ખૂંચે તો તે અકારણ નહિ લેખું — 'ક્ષમસ્વ' કહી લઉં.

*

આ ગ્રંથમાં મુખ્ય કથિતવ્યને લક્ષમાં રાખીને, ગ્રંથના અંતે 'પુરવણી' તરીકે માહિતી—સામગ્રી પીરસી છે. વળી આ ગ્રંથ આપણા રાષ્ટ્રીય ઇતિહાસના એક અતિનિર્ણાયક તબક્કાનો હોઈને, ફોટા, ચિત્રો વગેરેથી તેને સંપન્ન બનાવવા કોશિશ કરી છે.

પરંતુ આ ગ્રંથ હકીકતે અધૂરો છે. સ્વાતંત્ર્યસંગ્રામમાં પોતપોતાની રીતે ભાગ ભજવનારાં બીજાં અનેક પરિબળો અહીં અણસ્પર્શ્યાં રહ્યાં છે– જેમકે, રાષ્ટ્રીય કોંગ્રેસમાંના ઉદ્દામો, દેશનાં અનેક પક્ષો-જૂથો સમાજવાદીઓ, રૉયવાદી, કમ્યુનિસ્ટો અને ટ્રેડ યુનિયનો તથા કિસાન સભાઓ, ઉપરાંત, દેશી રજવાડાંની બેવડી ગુલામી નીચે ભીંસાતી પ્રજાની સ્વાધીનતાની લડતો — આ બધાંનું વિવરણ બાકી જ છે, જે હવે પછીના ૨૭મા ગ્રંથમાં રજૂ કરવા ધાર્યું છે.

વડોદરા }
૧૦—૫—૮૮ }

—ભોગીભાઈ ગાંધી

## પ્રવેશક

# આપણને પોતાને ઓળખવાની સામગ્રી

— યશવન્ત શુક્લ

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીનું આ ૨૬ મું પુસ્તક ભારતદર્શન : ૩ (સ્વાતંત્ર્ય સંગ્રામ—૧) પ્રસિદ્ધ થાય છે, ત્યારે લક્ષ્ય સમીપ જવા કરતી આ જ્ઞાનયાત્રાનું અભિવાદન કરું છું. અને સરદાર પટેલ યુનિવર્સિટીએ ઉપાડેલા આ અપૂર્વ અને ભગીરથ કાર્ય માટે તેને અભિનંદન આપુ છું. પહેલેથી જ આ ગ્રંથશ્રેણીને શ્રી ભોગીલાલ ગાંધી જેવા કાર્ય-પ્રવીણ, ઉત્સાહી અને કર્તવ્યનિષ્ઠ સંપાદક મળી રહ્યા તેથી આ અત્યંત જટિલ અને અનેક વિદ્વાનોનાં સહકાર અપેક્ષાનું કાર્ય સુપેરે આગળ ધપી શક્યું અને ગુજરાતને જ્ઞાનલ્હાણી કરી શક્યું. જે પુસ્તકની મારે ખાસ વાત કરવાની છે તેમાં તો સંપાદકે લેખકની ભૂમિકા પણ અધઝાઝેરા ભાગે ભજવી છે. તેમના ઉપરાંત જે બીજા બે લેખકોએ આ પુસ્તકમાં સહકાર આપ્યો છે તેમાં એક છે સ્વ. મૂળશંકર ભટ્ટ અને બીજા છે પ્રો. ચન્દ્રકાન્ત પટેલ. આ વિષય હાથ ધરવાનો આ ત્રણેય લેખકોને અધિકાર ઘણો મોટો છે.

સ્વ. મૂળશંકર ભટ્ટે રાષ્ટ્રીય કેળવણીની જે વિશિષ્ટ સંસ્થા સ્વ. નાનાભાઈ ભટ્ટે આંબલા અને સણોસરામાં સ્થાપી તેમાં નાનાભાઈના શિષ્ય અને ઉત્સાહી સાથી તરીકે ઉત્તમ સેવા આપી; એટલું જ નહીં, વિદ્યાર્થીઓના ઘડતરમાં ગૃહપતિ તરીકે મહત્ત્વનો હિસ્સો આપ્યો. આ કાર્ય કરતાં કરતાં, તેના આનુષંગી ફળ રૂપે જાણે કે, તેમણે બાળકો અને કિશોરોમાં આનંદ અને આકાંક્ષા પ્રેરે તેવું પ્રેરણાદાયી સાહિત્ય પણ સરજ્યું. મોટેરાંને પણ તેઓ ભૂલેલા નહીં. તેમને પ્રસન્ન અને પ્રાસાદિક એવી ભાષાશૈલી સિદ્ધ હતી તેનો તેમણે ગુજરાતને યથેચ્છ લાભ આપ્યો. મૂળશંકરભાઈ રાષ્ટ્રીય કેળવણીને વરેલા હતા, તેમ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યસંગ્રામથી પણ રંગાયેલા હતા. એટલે સ્વાતંત્ર્ય સંગ્રામની ઐતહાસિક ભૂમિકા નિરૂપતો આ ગ્રંથનો પહેલો ખંડ તેમની કલમની પ્રસાદી રૂપે મળી રહ્યો તે ખૂબ ઉચિત થયું.

બીજો સ્વાતંત્ર્યસંગ્રામની તવારીખ રૂપ ખંડ પ્રો. ચન્દ્રકાન્ત પટેલે તૈયાર કરી દીધો. તેમાં રાષ્ટ્રીય જાગૃતિના પ્રભાતથી તે આખરી લડત સુધી સુંદર બયાન વ્યવસ્થિત રૂપે આપણે પામ્યા. શ્રી પટેલ મહાત્મા ગાંધીએ સ્થાપેલી રાષ્ટ્રીય વિદ્યાપીઠ-ગુજરાત વિદ્યાપીઠમાં ઇતિહાસના અધ્યાપક તરીકે વર્ષોથી સેવા આપી રહ્યા છે, એ તો ખરું જ; પણ ગુજરાતને ઇઝરાયેલનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક એવો વિશિષ્ટ પરિચય કરાવનાર તરીકે પણ તેઓ સુપરિચિત છે. સરળ, પ્રાસાદિક અને અર્થદ્યોતક નિરૂપણની તેમને જે ફાવટ છે તેનો અનુભવ તેમણે આલેખેલો ખંડ કરાવે છે. મૂળશંકરભાઈના ભૂમિકારૂપ લેખ કરતાં આ ખંડ સ્વાભાવિક રીતે જ વધારે લાંબો થયેલો છે.

ખંડ ૩ અને ૪ સંપાદક શ્રી ભોગીલાલ ગાંધીનું અર્પણ છે. સ્વાતંત્ર્યસંગ્રામના તેઓ માત્ર દ્રષ્ટા કે સાક્ષી નહોતા પણ એક લડવૈયા પણ હતા. ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક, કવિ, લેખક અને અથાગ રાષ્ટ્રભક્તિથી રાષ્ટ્રકાર્યોમાં જોતરાયેલા ભોગીભાઈ આજીવન રાષ્ટ્રસેવક છે. આજે ૭૮ની આસપાસ પહોંચી ગયેલા ભોગીભાઈ અને તેમનાં જીવનસંગિની સુભદ્રાબહેન રાષ્ટ્રકલ્યાણનાં કાર્યોને જ વરેલાં રહ્યાં છે. વચમાં એક ગાળો એવો પણ આવી ગયો જેમાં બંનેએ સામ્યવાદી કાર્યકરો તરીકે પંથ ફંટાવેલો. પણ એનો

.ક ફાયદો એ થયો કે એમની રાષ્ટ્રભાવનાને એક નવો વિશ્વસંદર્ભ પ્રાપ્ત થયો, અને ઇતિહાસ વધુ ક્ષદગ્ધ બન્યો. અંતે ગાંધી વિચારધારા જ દુનિયાને તારનારી જડીબુટ્ટી છે એની પ્રતીતિ થતાં વિનોબાજીએ જેને સામ્યયોગ તરીકે ઓળખાવેલ છે, એ વિચારધારામાં શ્રદ્ધા આરોપીને તેમણે પોતાનું સારસ્વત કર્તવ્ય એ દિશામાં વાળ્યું છે. એમણે આ ગ્રંથના ત્રીજા ખંડમાં સ્વાતંત્ર્યસંગ્રામની સમાન્તરે વહેતા કોમી પ્રશ્નની ભાળ કાઢી છે અને ચોથા ખંડમાં મહાત્મા ગાંધી અને કાયદે આઝમ ઝીણા એ બે નેતાઓના કાર્યનો પરિચય આપ્યો છે. આમ જોઈએ તો; ઇતિહાસકથનનું કામ પહેલા બે ખંડોમાં પૂરું થઈ જાય છે; પણ ઇતિહાસબોધની સામગ્રી ત્રીજા અને ચોથા ખંડમાંથી પ્રાપ્ત થાય છે. એટલે સંપાદકે એમને પરિશિષ્ટ રૂપે ન ઓળખાવતાં ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની વિશેષતાની દ્યોતક સામગ્રી રૂપે જ આલેખી છે.

રૂઢ ઇતિહાસલેખનની અપેક્ષાએ આ ગ્રંથ રચનાદષ્ટિએ થોડોક વિલક્ષણ લાગવા સંભવ છે. આમ તો ઈસ્ટ ઇંડિયા કંપનીના સ્થાપનાકાળથી તે ૧૯૫૦માં સ્વતંત્ર ભારતે પોતે પોતાને બંધારણ આપ્યું ત્યાં સુધીનો સમયગાળો એમાં આવરી લેવાયો છે. અન્ય કોઈ ઐતિહાસિક ગ્રંથમાં ક્રમિકતા સાચવીને ઇતિહાસમાં સંઘરવા જેવી ઘટનાઓનો અને આગળ તરી આવતી વ્યક્તિઓનો વૃત્તાન્ત આપ્યો હોત; વચ્ચેવચ્ચે આધારો પણ આપ્યા હોત અને છેવટે ગ્રંથ સૂચિ પણ આપી હોત. પણ આ ગ્રંથમાં રૂઢ ઇતિહાસ લેખનની પદ્ધતિમાં ફેર પાડવામાં આવ્યો છે. સંપાદકે અને લેખકોએ વાચકનો પણ બૌદ્ધિક સહકાર અપેક્ષ્યો છે. પોતાના નિર્ણયો વાચકની ઉપર લાદવાને બદલે વૈચારિક અને ઐતિહાસિક સામગ્રી વાચક સમક્ષ ધરી દઈને નિર્ણય કરવાનું વાચક ઉપર છોડવાની પદ્ધતિ એમણે અંગીકારી છે. પોતે સંશયગ્રસ્ત હોવાને લીધે એમણે આમ કર્યું છે, એમ રખે કોઈ માને. કેવળ પ્રામાણિક ઇતિહાસદષ્ટિથી વાચક આગળ સંગીન આધારો રજૂ કરવાનો એમણે પરિશ્રમ કર્યો છે. જેની ઉપર અવશ્ય ધ્યાન એકાગ્ર કરવું પડે તે ઇતિહાસ સામગ્રી એમણે અલગ તારવી આપી છે.

પહેલી વાત તો એ કે મોગલ શાસન ઢીલું પડ્યું અને મરાઠા રિયાસતનો દોર એના હાથમાંથી સરકવા માંડયો, ત્યારે ભારતમાં વેપાર કરવા માટે સ્થપાયેલી અંગ્રેજ પેઢીએ પૂર્વભારતથી શરૂ કરીને વેપાર કરતાં કરતાં પ્રદેશો હસ્તગત કરવા માંડયા, લશ્કરની જમાવટ કરી, એકને એક વાત કહીને અને બીજાને બીજી વાત કહીને અંદર અંદર લડાવી માર્યા અને પોતાની સત્તા અને દરમિયાનગીરીનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવા માંડ્યું. પોતાની મૂળ ભૂમિના અધિકારતંત્રને ગમે તેમ સમજાવી કાઢીને અંગ્રેજોએ સામ્રાજ્યનો પાયો નીંખ્યો, તેનો સમગ્ર પરિવેશ સ્વ. મૂળશંકર ભટ્ટે સુપેરે અને તલસ્પર્શી રીતે રજૂ કર્યો છે.

અંગ્રેજો અહીં ઉપકાર કરવા નહોતા આવ્યા. તેઓ યુરોપીય નવજાગૃતિનાં ફરજંદો હતા. અસંપ્રજ્ઞાત રીતે પણ યુરોપીય નવજાગૃતિએ પ્રેરેલા નૂતન અભિગમોથી તેઓ સંચાલિત થયા હતા. એમની પાસે શિસ્ત, વતનપ્રેમ, અને ચડિયાતાં ઉપકરણો હતાં. ઔરંગઝેબના અવસાન પછી મોગલ સામ્રાજ્ય ઢીલું પડ્યું, મરાઠા સરદારો સ્વતંત્ર થયા, પેશ્વાઈએ દેશનો ઠીક મોટો ભાગ હસ્તગત કર્યો અને તોયે ભારતમાં ગરાસદારી જીવનપ્રથા અને ઔદ્યોગિક જીવનપ્રથા વચ્ચેના સંગ્રામના આરંભ કાળે, દેશમાં જ્યાં અનવસ્થા હતી ત્યાં અંગ્રેજોએ પ્રથમ આત્મરક્ષાના પ્રેર્યાં અને પછી મહત્ત્વાકાંક્ષાના પ્રેર્યાં પગદંડો જમાવવાનું શરૂ કર્યું. એ પ્રક્રિયા વિસ્તરતાં વિસ્તરતાં આખા દેશનું સુકાન તેમના હાથમાં આવી પડ્યું. પાંચ હજાર માઈલ દૂરથી રાજ કરતા બ્રિટિશ હાકેમોને શિરોવેદનાઓ અને આશંકાઓ ઓછી નહોતી. ગ્રંથમાં અનેક આધારો દ્વારા બ્રિટિશ સામ્રાજ્યવાદના વિસ્તરણ અંગેની દ્વિધાવૃત્તિનો ચિતાર આપેલો જ છે. સામ્રાજ્ય લાંબુ નહીં ટકે, એવી આગાહી કરનાર તે સમયના બ્રિટિશ મુત્સદ્દીઓને પણ તેમણે ટાંકયા છે. વાસ્તવમાં મૂળ ભૂમિના અધિકારતંત્રની આણ લોપીને અહીં મોકલેલા અધિકારીઓએ સત્તા વિસ્તારી હતી. ઈસ્ટ ઇંડિયા કંપની કાળે કરીને ઓલ ઇંડિયા કંપની બની ચૂકેલી.

બે ભૂમિની બે પ્રજાઓની તુલના કરવાનો અહીં પુષ્કળ અવકાશ છે. કયા જાદુથી ઉપખંડ જેવો દેશ મૂઠીભર વિદેશીઓના હાથમાં જઈ પડયો તે પણ સમજવા જેવું છે. પછાતપણું, કુસંપ, આજે સમજીએ છીએ તે અર્થમાં રાષ્ટ્રભાવનાનો અભાવ, સ્થાનિક મહત્ત્વાકાંક્ષાઓ વગેરે તત્ત્વો કેમ નડયાં તે પહેલા ખંડમાં સમજાવ્યું છે. પણ અંગ્રેજો ભારતીય પ્રજામાં વિશ્વાસ પ્રેરી શકનારા વ્યવસ્થાપકો હતા, તે વાત પણ લેખકે ઉપસાવી છે. ઇતિહાસની આ એક અસાધારણ ઘટના છે અને વૈજ્ઞાનિક ઉપકરણો અને સંગઠનચાતુર્ય તેમાં કેવો નિર્ણાયક ભાગ ભજવી ગયાં, તેની વાત પણ વિચારવા જેવી છે. પણ બધી વાતમાં નમતું તોળનારા અને પરદેશી આણને પણ આવકારનારા ભારતીયો 'ધર્મ'ની બાબતમાં દખલગીરી સાંખી શકતા નહિ, એ પણ લેખકે દર્શાવ્યું છે.

આખું ભારત કંઈ એક રાતમાં અંગ્રેજોએ કબજે કર્યું ન હતું. વસ્તુતઃ અહીંની વસ્તીના સહકારથી જ તેમણે પોતાની સત્તા વિસ્તારી હતી અને ટકાવી હતી. પ્લાસીના યુદ્ધથી શરૂ કરીએ તો ૧૮૫૭ના બળવા સુધીમાં આવતાં એક સૈકા જેટલો સમય વીત્યો હતો. પછીનાં ૯૦ વર્ષોમાં તો દેશ સ્વતંત્ર થાય છે. આ પણ ઇતિહાસની એક વિરલ ઘટના છે.

એક વિલક્ષણ સંદર્ભ અત્રે નોંધાવો જોઈએ. અંગ્રેજો ગમે તેવા શાસકો હોય તો પણ તેમનામાં એક પ્રકારની ભદ્રતા અને ઉદાર ન્યાયભાવના હતી. એમના સ્પર્શે ભારતમાં યુરોપીય નવજાગ્રતિનો સંચાર થયો. આ ઘટના અનપેક્ષિત હશે તો પણ થયો. બીજો વિલક્ષણ સંદર્ભ તે સ્વાતંત્ર્યસંગ્રામની અહિંસાત્મક પદ્ધતિ. ત્રીજો વિલક્ષણ સંદર્ભ તે દેશની બે મુખ્ય કોમો વચ્ચે સંવાદિતા અને વિસંવાદિતા વચ્ચે ઝોલાં ખાતી અનિશ્ચિત સ્થિતિ. મુસ્લિમ સમાજના નેતૃત્વનો અલગ પ્રવાહ શાથી વહ્યો, પાકિસ્તાનની કલ્પના સુધી એ પ્રવાહ કેવી રીતે પહોંચી ગયો, અંગ્રેજોનો એમાં કેવોક ફાળો રહ્યો એ બધું એક સ્વતંત્ર પ્રકરણ રૂપે આ ગ્રંથમાં શ્રી ભોગીભાઈએ સમજાવ્યું છે. એ જ પ્રમાણે એક આખા સામ્રાજ્યને ઉચાળા ભરવાની ફરજ પાડનાર અમોઘ શક્તિ અહિંસા રૂપે કેવી રીતે પ્રગટ થઈ—ગાંધી રૂપે એ કેવી રીતે મૂર્ત થઈ તે પણ સ્વતંત્ર પ્રકરણ રૂપે તેમણે સમજાવ્યું છે. જ્યાં ઇતિહાસ કહેવાતો રહ્યો હતો ત્યાં તો ક્યાંય સુધી ગાંધી ફરકતા જ નથી. ઘટનાપ્રવાહમાં એમનું પહેલું દર્શન ૧૯૧૯માં રોલેટ એક્ટ અને જલિયાંવાલા બાગની દુર્ઘટનાઓ બની ત્યારે થાય છે. ખુદ રાષ્ટ્રીય કોંગ્રેસની કાર્યવાહીમાં પણ ઠીક ઠીક મોડેથી—૧૯૦૯માં—તે આગળ આવે છે!

પણ ગાંધીજીનાં રાષ્ટ્રપ્રીતિ, દઢ સંકલ્પબળ અને સત્ય–અહિંસા વિશેની અસીમ શ્રદ્ધા એમને જનહૃદયમાં અવિચલ સ્થાન અપાવે છે. એ જ એમની શક્તિ છે. જાણે કે ટૅકનોલૉજિકલ અને ન્યુક્લીઅર યુગમાં કયું શસ્ત્ર ખપ લાગશે, તે દુનિયાને દેખાડવા માટે કાલપુરુષે જ એમને સમયસર મોકલી આપ્યા ન હોય!

ભારતીય સમાજોની વિશિષ્ટ રચનાઓ, તેમની પસંદગીના અગ્રતાક્રમો, અંગ્રેજ શાસનના સ્પર્શે અને નવી વિદ્યાઓના સ્પર્શે દેશમાં ખીલેલી નવીન આકાંક્ષાઓ અને તેમને સાકાર કરવા મથતી સંસ્થાઓ, સામાજિક અને રાજકીય પરિવર્તનો, સમાનતા, ન્યાય અને લોકશાહી માટેની ઝંખનાઓ અને ઉત્તરોત્તર વિકસતું જતું વિશિષ્ટ પ્રતિકાર યુદ્ધ—આ બધાંનું સુરેખ અને શ્રદ્ધેય ચિત્ર બીજા ખંડમાં શ્રી. ચંદ્રકાંત પટેલે ઉપસાવ્યું છે. સમયની આછી–પાતળી દૂરતાએ સિદ્ધ કરી આપેલા તાટસ્થ્યથી ક્યાંયે કોઈનો પક્ષ ખેંચ્યા વિના કે આગ્રહી મતસ્થાપના કર્યા વિના ચંદ્રકાન્તભાઈએ અંગ્રેજ રાજત્વનાં સુલક્ષણો–અપલક્ષણો નોંધ્યાં છે.

સંપાદક-લેખકે રાષ્ટ્રીય મહાસભાનો ઉદય, તેની કાર્યશૈલી અને ક્રમે ક્રમે તેમાં સંચારિત થતો અસંતોષ, જહાલ-મવાલનાં તડાં, કોમી પ્રશ્ન, હિંસક ક્રાન્તિના પક્ષકારો, અંતિમવાદીઓ, કોમી પ્રશ્નને અને અસ્પૃશ્યતાના પ્રશ્નને હલ કરવાની ગાંધીજીની મથામણો, ગાંધીજીની કાર્યશૈલી, તેમનું તાટસ્થ્ય, મુસ્લિમ અલગતાવાદની ઝુંબેશ, દેશના ભાગલા પૂર્વેની મહમદઅલી ઝીણાની મંત્રણાઓ વગેરેનું વિવરણ જરા પણ વિચલિત થયા વિના વસ્તુનિષ્ઠાથી તેમણે કર્યું છે.

એમની પદ્ધતિ આધારો આપવાની, વિશિષ્ટ માહિતીને લેખનપ્રવાહથી અળગી પાડીને સ્વતંત્ર ચોકઠામાં મૂકી આપવાની, વિશિષ્ટ ઉદ્ગારો કે ઉદ્ઘોષણાઓને પણ સ્વતંત્ર તારવી આપવાની રહી છે. જેમ કોઈ કુશળ શિક્ષક વર્ગ આગળ વર્ગકાર્યના મુખ્યાંશો પાટિયા ઉપર ધરી દે અને વિદ્યાર્થીઓને તે ઉપર વિચાર કરવા આમંત્રણ આપે, તે રીતે વ્યાપક કથાપ્રવાહની સાથોસાથ વિશિષ્ટ માહિતી તેમણે રજૂ કરી છે. હમણાં જ Living Philosophy નામનું એક પુસ્તક વાંચવામાં આવ્યું; તેના ઉત્સાહી સંપાદકોએ બરાબર આ જ પદ્ધતિએ તત્ત્વજ્ઞાન જેવા વિષયને હસતાંરમતાં નિરૂપ્યાનું જોવા મળ્યું.

જે કંઈ અગત્યનું હોય, ખાસ વિચાર માગી લેનારું હોય, તેને કંઈક જુદા ટાઈપમાં રજૂ કરવાની સંપાદકની વિશિષ્ટ લઢણ અહીં પણ ઢાંકી રહી નથી; પણ તેની ઉપયોગિતા સ્વયંસ્પષ્ટ છે.

જે કંઈ વિવાદાસ્પદ હોય તેના પણ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની માંડણી સમતોલ બુદ્ધિથી લેખકોએ અને સંપાદકોએ કરી છે. ગ્રંથની ભાષા વિષયનિરૂપણને અનુકૂળ તથાપિ આકર્ષક છે. ક્યાંય તારસ્વરે બોલવાની કે પૂર્વગ્રહો ટીપ્યે રાખવાની કોઈને જરૂર વરતાઈ નથી. એ દષ્ટિએ અત્યંત વિશ્વસ્ય એવી સ્વાતંત્ર્યસંગ્રામની કથા, તેની ભૂમિકા સહિત, તેના અસાધારણ ધુરીણોની વ્યક્તિમત્તા સહિત, તેમનાં સ્મરણીય વચનો અને કાર્યો સહિત અને વિભાજનની વેદનાઓ સહિત અહીં રજૂ થઈ છે. ઈતિહાસ લેખનની શિસ્ત અને રજૂઆતનું કૌશલ બંનેનો ઉત્તમ સહયોગ અહીં રચાયો છે. એક પ્રજા તરીકે આપણને પોતાને ઓળખવા માટેની આ એક દસ્તાવેજી કથા છે.

કોઈને પણ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની વહેતી કથનશૈલીમાં ઈતિહાસ નિરૂપવાનું મન થાય, તો અહીં તેને માટેની અઢળક સામગ્રી–ચાર ખંડો, પુરવણીઓ તથા ચિત્રસમુચ્ચયમાં–સંચિત થઈ છે. આ દળદાર ગ્રંથ એક સાથે ઈતિહાસનું અને ઐતિહાસિક સામગ્રીનું બેવડું કર્તવ્ય બજાવે છે.

તા. ૩–૫–૧૯૮૮

# અનુક્રમણિકા


પ્રવેશક : આપણને પોતાને ઓળખવાની સામગ્રી : પ્રા. યશવન્ત શુક્લ vii–x

ખંડ-૧ ઐતિહાસિક ભૂમિકા : (સ્વ.) મૂળશંકર મો. ભટ્ટ ૧–૨૨

૧. ઈસ્ટ ઇંડિયા કંપનીનો સામ્રાજ્યવાદ ૧–૮

૨. સત્તા-માળખાની મથામણ ૯–૧૪

૩. ભારતીય આર્થિક પરંપરાનું નિકંદન ૧૫–૨૨

ખંડ-૨ સ્વાતંત્ર્ય સંગ્રામ (રૂપરેખા) : ચંદ્રકાન્ત પટેલ ૨૩-૧૦૬

૪. રાષ્ટ્રીય જાગૃતિનાં પરિબળો ૨૩–૨૭

૫. રાષ્ટ્રીય કોંગ્રેસનાં પ્રથમ વીસ વર્ષ ૨૮–૩૪

૬. સ્વાતંત્ર્ય સંગ્રામનો જુવાળ ૩૫–૪૫

૭. વિપ્લવવાદના વાયરા ૪૬–૫૭

૮. રાષ્ટ્રીય પુનરુત્થાન ૫૮–૮૦

૯. સત્યાગ્રહનાં દુંદુભિ (પૂર્વભૂમિકા) ૮૧–૯૪

૧૦. આખરી લડત ૯૫–૧૦૬

ખંડ-૩ મુસ્લિમ પ્રતિભાવ : ભોગીભાઈ ગાંધી ૧૦૭-૧૩૬

૧૧. બ્રિટિશ યુગના આરંભે (પૂર્વભૂમિકા) ૧૦૭–૧૧૮

૧૨. હિંદુ–મુસ્લિમ સામંજસ્ય ૧૧૯–૧૨૪

૧૩. અલગતાવાદના ઓળા ૧૨૫–૧૩૬

ખંડ-૪ બે મહારથીઓ : ભોગીભાઈ ગાંધી ૧૩૭-૨૦૮

૧૪. કાયદેઆઝમ ઝીણાનો અભિગમ ૧૩૭–૧૪૮

૧૫. પૂર્ણાહુતિ—પાકિસ્તાન? ૧૪૯–૧૫૮

૧૬. હુલામણા દેશભક્તનું સ્વાગત (મો. ક. ગાંધી) ૧૫૯–૧૭૧

૧૭. કોમી સમસ્યા : મહાત્માનું મંથન ૧૭૨–૧૮૩

૧૮. મહાત્મા : આહુતિનો સ્વધર્મ! ૧૮૪–૧૯૩

૧૯. મહાત્માની અનોખી શૈલી ૧૯૪–૨૦૧

૨૦. અંતિમ અધ્યાય (મહાત્માની વિચક્ષણતાઓ) ૨૦૨–૨૦૮

## પુરવણી


| | | |
|---|---|---|
| ૧ : | રાજા રામમોહન રૉય | ૨૦૯ |
| ૨ : | રાષ્ટ્રીય આંદોલનની પૂર્વભૂમિકા | ૨૧૧ |
| ૩ : | સત્યાગ્રહના શ્રીગણેશ | ૨૧૩ |
| ૪ : | પ્રાદેશિક સત્યાગ્રહો | ૨૧૪ |
| ૫ : | ગાંધીજીના ઉપવાસ | ૨૧૫ |
| ૬ : | ગાંધીજીના કારાવાસ | ૨૧૬ |
| ૭ : | રોલેટ ઍક્ટ (કાળો કાનૂન) | ૨૧૭ |
| ૮ : | પૂર્ણસ્વરાજની પ્રતિજ્ઞા | ૨૧૭ |
| ૯ : | સંપૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય | ૨૧૮ |
| ૧૦ : | ક્રિપ્સની દરખાસ્તો | ૨૧૯ |
| ૧૧ : | માઉન્ટબેટનની ભાગલા–યોજના | ૨૧૯ |
| ૧૨ : | કોંગ્રેસનાં અધિવેશનો | ૨૨૧ |
| ૧૩ : | નર્યી હકીકતો | ૨૨૩ |
| ૧૪ : | સ્વાધીનતાની સુરાવલી | ૨૨૮—૨૩૪ |


## ફોટો-ચિત્ર-સમુચ્ચય


| | | |
|---|---|---|
| ૧ | મો. ક. ગાંધીથી મહાત્મા ગાંધી | ૪ પૃષ્ઠ |
| ૨ | રાષ્ટ્રીય એકલતાનો અહાલેક | ૪ ,, |
| ૩ | ભારતીય સંસ્કારિતાના અદ્યતનયુગી સર્જકો | ૪ ,, |
| ૪ | મર્દ મરજીવા દેશભક્તો | ૨ ,, |
| ૫ | રાષ્ટ્રીય કોંગ્રેસના ધુરંધરો | ૬ ,, |
| ૬ | વિરક્ત દેશભક્ત રાષ્ટ્રીય સેનાનીઓ | ૨ ,, |
| ૭ | રાષ્ટ્રીય ઘડવૈયાઓ | ૪ ,, |
| ૮ | વિદેશી ભારત–હિતસ્વીઓ | |
| ૯ | ભારત : ભાગલા પૂર્વે અને પછી (નકશા સાથે) | ૮ ,, |




(૧૭૭૪ – ૧૮૩૩)




स्वामी दयानन्द सरस्वती

(૧૮૨૪ – ૧૮૮૪)



વિવેકાનંદ (૧૮૬૨–૧૯૦૩)



શ્રી અરવિંદ ઘોષ (૧૫-૮-૧૮૭૨ : ૫-૧૨-૧૯૫૦




(૧૮૩૮ – ૧૮૯૪)

## સ્વાધીનતાની સૂરાવલી

### વંદે માતરમ્

સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
શસ્યશ્યામલામ્ માતરમ્
શુભ્રજ્યોત્સ્ના-પુલકિત-યામિનીમ્
ફુલ્લ-કુસુમિત-દ્રુમદલ-શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્
સુખદામ્ વરદામ્ માતરમ્ ।

—બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય



(૧૮૬૧ – ૧૯૪૧)

### જય હે !

જનગણમનઅધિનાયક જય હે, ભારતભાગ્યવિધાતા
પંજાબ સિન્ધુ ગુજરાત મરાઠા, દ્રાવિડ-ઉત્કલ બંગ
વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ જલધિ-તરંગ;
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા !
જનગણ મંગલદાયક જય હે, ભારતભાગ્યવિધાતા
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !
—ભારતભાગ્યવિધાતા !

—રવીન્દ્રનાથ ઠાકુર



## સારે જહાં સે અચ્છા

સારે જહાંસે અચ્છા હિંદુસ્તાં હમારા
હમ બુલબુલેં હૈં ઉસકી વહ ગુલિસ્તાં[1] હમારા.

ગુરબતમેં[2] હો અગર હમ રહતા હૈ દિલ વતનમેં,
સમઝો વહી હમે ભી દિલ હો જહાં હમારા.

મઝહબ[3] નહીં સિખાતા આપસમેં બેર રખના
હિન્દી હૈ હમ વતન હૈ હિદુસ્તાં હમારા.

—ઈકબાલ

૧. ગુલિસ્તાં=બાગ ૨. ગુરબત=પરદેશ ૩. મઝહબ=ધર્મ

## મેરા વતન વહી હૈ

નાનકને જિસ ચમનમેં[1] વહદતકા[2] ગીત ગાયા,
ચિશ્તીને[3] જિસ ઝમીંપે પયગામે—હક[4] સુનાયા;
તાતારિયુંને જિસકો અપના વતન બનાયા,
જિસને હજાઝીયુંસે દશ્તે—અરબ છુડાયા;
મેરા વતન વહી હૈ ! મેરા વતન વહી હૈ !
ગૌતમકા જો વતન હૈ, જાપાનકા હરમ[5] હૈ,
ઈસા કે આશકોંકા છોટા યેરુસલમ હૈ;
હર ફૂલ જિસ ચમનકા ફિરદોસ હૈ ઈસ્મ[8] હૈ,
મેરા વતન વહી હૈ...મેરા વતન વહી હૈ.

—ઈકબાલ


૧. બાગમાં ૨. એકતાનું ૩. ખ્વાજા અજમેરીએ ૪. સત્યનો સંદેશ ૫. પુણ્યધામ ૬. દફન થયેલું છે ૭. કીર્તિ ૮. સ્વર્ગ

## ખંડિત પ્રતિભા

• પાછળથી આ શાયરે ક્રોધ- આવેશમાં રબ (અલ્લા) પાસે દુઆ રજૂ કરી-

યા રબ દિલે મુસ્લિમ કી યોહ જિન્હા લખના હૈ ।
જો કલ્બી ગરમા હૈ જો રુહ કે તડપા હૈ ॥

અને જ. ઝીણાંને લંડનનિવાસ છોડીને દિલ્હમાં આવીને મુસ્લિમ કોમ-લીગની લગામ હાથમાં લઈ પાકિસ્તાનનો પંથ પકડવા દબાણ કર્યું હતું.




અરવિંદ ઘોષ, બિપિનચંદ્ર પાલ, સિસ્ટર નિવેદિતા, સુરેન્દ્રનાથ બેનરજીના હસ્તાક્ષરો

# ૧ : ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો સામ્રાજ્યવાદ

## યુરોપીય ભૂમિકા

ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિની ઘટનાનું મહત્ત્વ ઐતિહાસિક દૃષ્ટિએ આંકવાનું કામ હજુ હમણાં હમણાં શરૂ થયું છે. કારણ એ છે કે, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભારતની દશા એટલી બધી સમસ્યાઓથી ભરપૂર ને ક્ષુબ્ધ છે કે, આગલી ઘટનાઓનું ઐતિહાસિક મૂલ્યાંકન કરવા માટે જરૂરી માનસિક સ્વસ્થતા અને વસ્તુલક્ષી વલણ મુશ્કેલ લાગે છે. વળી, ભારતનું સ્વાતંત્ર્ય આંદોલન અને તેના ફળસ્વરૂપે મળેલી સ્વતંત્રતાની ઘટના અનેક દૃષ્ટિએ અપૂર્વ છે. આ સમજવા માટે, એક બાજુ, આ આંદોલનનાં પ્રેરક, પોષક અને સંવર્ધક બળોનો અભ્યાસ કરવાની જરૂર છે; તો બીજી બાજુ, તેને એક વિશાળ અને ભૂતકાલીન ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં મૂલવવાની જરૂર છે.

ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામની કથા "અંગ્રેજો આવ્યા, આપણને દગાફટકાથી ગુલામ બનાવ્યા; પણ ટિળક–ગાંધી જેવા નેતાઓ આપણને મળ્યા અને ગાંધીના અહિંસાના શસ્ત્રથી બ્રિટિશ સામ્રાજ્ય પરાસ્ત થયું; અને ભારત આઝાદ થયું"—આવી, એકશ્લોકી રામાયણ જેવી, સરળ આ ઘટના નથી. આવું સરલીકરણ સત્યને ઢાંકે છે અને ભ્રમોને પોષે છે.

ભારતમાં સ્વાતંત્ર્ય માટેની ઝંખના અને તેમાંથી પ્રગટેલ આંદોલન એ ભારતના આધુનિક યુગમાં પ્રવેશ કરવાની પ્રક્રિયા સાથે અભિન્નપણે જોડાયેલાં છે; તેવી જ રીતે, ભારતનો આધુનિક યુગમાં પ્રવેશ તે ભારતમાં બ્રિટિશ શાસનના પ્રવેશની સમકાલીન ઘટના છે. જો કે આ બંને ઘટનાઓ વચ્ચે કાર્યકારણ સંબંધ છે તેવું સર્વાંશે નહિ કહી શકાય. તેવી જ રીતે, બંને વચ્ચે કોઈ સંબંધ નથી, એમ પણ નહિ કહી શકાય.

ઐતિહાસિક સત્ય એ છે કે, યુરોપમાં આધુનિકીકરણની જે એક વિશ્વવ્યાપી પ્રક્રિયા ૧૭મા સૈકાથી શરૂ થઈ હતી, તે ધીમે ધીમે વ્યાપક બનતી બનતી ૧૯મી સદીમાં હિંદના કિનારે પણ આવી. પરંતુ આ ઘટના બ્રિટિશ શાસનના આગમન સાથે એવી અભિન્ન રીતે ગૂંથાઈ ગયેલી છે કે તેને સાવ અલગ પાડીને જોવાનું શક્ય નથી.

યુરોપના ઇતિહાસ પર દૃષ્ટિપાત કરતાં જણાશે કે ૧૬મા સૈકા પછી ત્યાંની સંસ્કૃતિનો એક નવો જ પિંડ બંધાયો હતો. છેલ્લાં પાંચસો વરસમાં ત્યાં જે કંઈ રાજકીય ફેરફારો થયા તેમાં માત્ર, અગાઉની જેમ, રાજવંશો બદલાયા એવું નથી. ત્યાંની રાજપદ્ધતિ જ ધરમૂળથી બદલાવા લાગી હતી.

આખા યુરોપમાં, ખાસ કરીને ઇટાલી, મધ્ય યુરોપ, બ્રિટન, ફ્રાંસ વગેરે દેશોમાં, પંદરમા સૈકાથી માંડીને લગભગ અઢારમા સૈકા સુધીમાં પુનર્જાગૃતિ અને ધર્મસુધારણા (રેનેસાં–રેફૉર્મેશન)ની નવીન અને યુગપ્રવર્તક ઘટનાઓ બની; અને તેમને પરિણામે માનવજાતિની વિકાસયાત્રામાં નવો વળાંક આવ્યો. તેમાંથી 'આધુનિક યુગ'નું નિર્માણ થયું. આધુનિક યુગમાં પ્રવેશ કરતાંની સાથે માનવજાતિએ કેટલાંક નવાં મૂલ્યો પ્રાપ્ત કર્યાં. વ્યક્તિગત, રાજકીય, સામાજિક ને આર્થિક જીવનપદ્ધતિમાં કેટલાંક મૂળભૂત પરિવર્તનો આવ્યાં. સંપત્તિ, સત્તા અને અધિકારો ઈશ્વરદત્ત નથી, પરંતુ માનવીય પુરુષાર્થથી મળે છે, તેવી માન્યતા પ્રસરી. પરિણામે, ઈશ્વરને નામે ચડી બેઠેલા પાદરીઓ, 'દેવાંશી' રાજાઓ અને રણીધણી બની બેઠેલા અમીર ઉમરાવોનાં સત્તાવર્તુળો મધ્યાહ્ન કાળના પડછાયાની જેમ માત્ર પોતા પૂરતાં જ મર્યાદિત બની રહ્યાં.

આની સાથે જે એક મોટી ઘટના બની તે રાજકીય અને આર્થિક ક્ષેત્રે નવો જ પ્રભાવ પાડનાર મધ્યમ વર્ગનો ઉદય. તેણે કોઈ પણ ધાર્મિક કે રાજકીય સંસ્થાની કંઠી બાંધી નહિ. તેણે એક નવા ખુલ્લા સમાજ (open society) માટેની ભૂમિકા તૈયાર કરી. તેમાંથી જ વ્યક્તિનિષ્ઠા, લોકશાહી, રાષ્ટ્રવાદ, ઇહલોકભાવ–બિનસાંપ્રદાયિકતા (secularism) વગેરે નવાં જ સામાજિક મૂલ્યોની પ્રતિષ્ઠા થઈ.

આ ગાળામાં નવા પ્રકારના આર્થિક સામ્રાજ્યવાદનો જન્મ થયો. યુરોપનાં રાષ્ટ્રોએ જ્યાંથી મળે ત્યાંથી સંપત્તિ ઢસડવા માંડી. આ વ્યાપારી સંસ્થાઓ સાથે સૈનિકશક્તિ ભળી. પરિણામે આ નવાં સામ્રાજ્યવાદી રાષ્ટ્રોમાં આપખુદ રાજાશાહી કે ઉમરાવશાહી શાસનને સ્થાને ધનિકતંત્રીય અલ્પજનશાસન (oligarchy) સ્થપાયું. તેના કેન્દ્રમાં મધ્યમ વર્ગ હતો. આવાં રાષ્ટ્રોમાં જન્મેલી રાષ્ટ્રભાવના સંપત્તિની ઘેલછા સાથે જોડાતાં, નવા સ્વરૂપે 'વસાહતવાદ' અને સામ્રાજ્યવાદ જનમ્યા. બ્રિટન આમાં અગ્રણી હતું.

## બ્રિટનનો અભિગમ

અંગ્રેજી વેપારી કંપનીએ હિંદમાં પ્રવેશ કરીને ધીમે ધીમે જે અડ્ડો જમાવ્યો, તે ઘટના અંગેનો બ્રિટનનો અભિગમ ભારતના અર્વાચીન ઇતિહાસની દૃષ્ટિએ સમજવો જરૂરી છે. તેમાં ત્રણ મુખ્ય પ્રવાહો હતા.

બ્રિટનના તે કાળના સમર્થ રાજપુરુષ અને વિચારક એડમંડ બર્ક પહેલા પ્રવાહના પ્રતિનિધિ ગણાય. તેઓ હિંદની બ્રિટિશ સત્તાને એક 'ટ્રસ્ટ' ગણતા હતા અને બ્રિટિશ સત્તા કરતાં પણ બ્રિટિશ ન્યાયનું મહત્ત્વ વધારે છે, તેમ માનવા તેમણે અપીલ કરી હતી. બ્રિટનમાં બીજા પ્રવાહના પ્રતિનિધિ હતા લૉર્ડ બેવરિજના પિતા. તેમણે ૧૮૭૭માં પોતાની માન્યતા લાક્ષણિક રીતે પ્રગટ કરતાં કહેલું: "બ્રિટને ગમે તેવી ખોટી રીતે હિંદ મેળવ્યું હોય, પણ હવે તેને એમ ને એમ છૂટું કરી દેવું એ યોગ્ય નથી. ભલે એક માણસે કોઈ બાળકને ચોર્યું હોય, પણ પછી તેને લઈને જતાં રસ્તામાં તેને આ દુષ્કર્મ માટે પસ્તાવો થાય, અને તે બાળકને ત્યાં જંગલમાં રેઢું મૂકીને ભાગી જાય, તે કેવું બિનજવાબદાર કહેવાય?" ત્યારે, ત્રીજા પ્રવાહના અગ્રણી હતા રૂઢિચુસ્ત વડાપ્રધાન લૉર્ડ સેલિસબરી. તેઓ માનતા હતા કે "હિંદનું સામ્રાજ્ય તો બ્રિટિશ સમ્રાટના તાજનો 'હીરો' છે. ભલે તે આપણને ભારરૂપ થાય અને તે માટે આપણને ગમે-તેટલાં જોખમો ખેડવાં પડે, પણ તેનું રક્ષણ કરવા આપણે બંધાયેલા છીએ. આ રીતે એ દેશને કબજે રાખવામાં આપણે કંઈ ખોટું કર્યું છે, તેમ માનવું પણ બરાબર નથી. વિજય મેળવવાની મહત્ત્વાકાંક્ષા મનુષ્યના ઉત્તમ ગુણમાંનો એક ગુણ છે." ખાસ નોંધ લેવા જોગ વસ્તુ તો એ છે કે, આ પ્રવાહના લોકોએ બ્રિટનની લોકશાહી તથા તેના સામ્રાજ્યશાહી વિસ્તારવાદ વચ્ચે કોઈ ખાસ વિરોધ હોવાનું માન્યું ન હતું. લૉર્ડ સેલિસબરીએ તો એટલી હદે કહી નાખેલું કે, "એશિયાના દેશોને લોકશાહી કોઈ રીતે સદે એમ જ નથી."

એકંદરે, બ્રિટન ભારતમાંના સામ્રાજ્યનો સવાલ પોતાના ચિત્તતંત્ર સાથે ગોઠવતાં ઘણી દ્વિધા અનુભવતું રહ્યું હતું. એનું મુખ્ય કારણ, ઉપર કહ્યું તેમ, અઢારમા સૈકામાં જન્મેલ લોકશાહી પરની શ્રદ્ધા, ઉદારમતવાદ, વ્યક્તિસ્વાતંત્ર્ય, ઉપયોગિતાવાદ વગેરે વિચારપ્રવાહો વેગપૂર્વક બુદ્ધિમાનોના ચિત્તનો કબજો લેવા માંડયા હતા. બીજી બાજુ, ઔદ્યોગિક ક્રાંતિએ બ્રિટનની ભૌતિક સંપત્તિમાં ઝડપથી વધારો કરવા માંડયો હતો. એની સાથે સાથે જૂની અર્થવ્યવસ્થામાં, અને તેને પરિણામે સામાજિક વ્યવસ્થામાં ક્રાંતિકારી ફેરફાર થવા લાગ્યા હતા. એક નવા જ પ્રકારનો કામદાર વર્ગ પોતાની અસ્મિતાની સભાનતા કેળવવા લાગ્યો હતો. ઉત્પાદનનાં સ્થળો અને સાધનો કેંદ્રિત થવા લાગ્યાં હતાં. વિખ્યાત અર્થશાસ્ત્રી એડમ સ્મિથનો

'મુક્ત વ્યાપાર'નો સિદ્ધાંત તે કાળે શકવર્તી અને આખરી ગણાતો હતો. 'વધુ નફો, વધુ ઉત્પાદન તથા વધુ વેપાર'નો સિદ્ધાંત પ્રેરકબળ બનવા લાગ્યો હતો; અને તેમાંથી ઊભા થતા પ્રશ્નો નફાના સિદ્ધાંતને આધારે આપોઆપ જ ઊકલી જશે એમ મનાતું હતું. એક કવિએ કહ્યું હતું કે, "હવે સ્વાર્થ અને પરમાર્થ વચ્ચે ભેદરેખા ભૂંસાઈ ગઈ છે.××× મુક્ત વેપારનું પ્રેરક બળ ભલે સ્વાર્થ હોય, પણ અઢળક ઉત્પાદન થતાં ફળ સ્વરૂપે તો સામાજિક કલ્યાણ જ થવાનું છે."

વળી, વિચાર-સ્વાતંત્ર્ય સાથે અને લોકશાહીના વાતાવરણ સાથે આ બધાનો મેળ સારો બેસી જતો હતો. એડમ સ્મિથે એક બીજી વાત એ કહી હતી કે, "વસાહતો જમાવવાનો ધંધો કદી નફાકારક બનવાનો નથી." આ વાત બ્રિટનની બીજી વસાહતો માટે સાચી જણાઈ હતી. અમેરિકા જઈ વસેલાં અંગ્રેજ કુટુંબીઓએ જ પોતે પગભર થતાં આપબળે બ્રિટન સાથેનો રાજકીય છેડો ફાડયો હતો; અને કેનેડા, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા વગેરેમાં તો ક્રમશ: સ્વશાસન સ્થપાય તે બાબત પાર્લામેન્ટે સભાનપણે પ્રયત્ન કર્યો હતો. પણ હિંદનો પ્રશ્ન જુદો ગણવામાં આવ્યો. તેને 'ટ્રસ્ટ' યા 'અસ્કયામત' ગણવા કરતાં 'માથે આવી પડેલી જવાબદારી' (લાયેબિલિટી) માની લેવાઈ હતી. આ પછાત કાળી પ્રજાને સંસ્કારીને પ્રગતિને પંથે ચઢાવવાની છે, બલ્કે આ તો ગોરી પ્રજાએ ઉઠાવવાનો બોજ ( white man's burden ) છે—એવા સિદ્ધાંત પર બ્રિટનના લોકોએ સમાધાન મેળવ્યું હતું. એટલું જ નહિ, આ બોજને, મારવાડણનાં ઘરેણાંઓની જેમ, શણગારમાં કેમ ફેરવવો તે બ્રિટનની ચિંતાનો વિષય બની ગયો હતો.

આ વાત એટલા માટે વિશેષ મહત્ત્વની છે કે, હિંદ પરના કબજા પછી બ્રિટનનું આંતરરાષ્ટ્રીય સંબંધોનું રાજકારણ ઝડપથી પલટાવા લાગ્યું. પડોશના અફઘાનિસ્તાનની અને તેની પાછળ છુપાઈને બેઠેલા રશિયન 'રીંછ'ની બીક કંપની સરકાર સામે ઊભી થઈ હતી. બ્રિટિશ ટાપુ હિંદથી હજારો માઈલના અંતરે આવેલો છે, ને રીંછ તો હિંદની વાડ પાસે જ ઊભેલું છે! એથી અફઘાનિસ્તાન અને રશિયા બંને સામેની શંકાઓ અને તેમની સાથેના સંઘર્ષો હિંદના ૧૯મા સૈકાના અને ઠેઠ ૨૦મા સૈકાની શરૂઆતના ઈતિહાસની મહત્ત્વની ઘટના બની ગયાં. એ જ રીતે, બ્રિટન અને હિંદને સાંકળતો ખાસો લાંબો સમુદ્ર-માર્ગ જોખમી જણાયો. આ સમુદ્ર માર્ગ પરનાં અનેક નાકાંઓ બ્રિટને એક પછી એક કબજે કરવા માંડયાં. પૂર્વનું સિંગાપુરનું નાકું હિંદના રક્ષણ માટેનું થાણું હતું. ભૂમધ્ય સમુદ્ર, લાલ સમુદ્ર અને સુએઝની નહેર શોધાયા પછી હિંદી મહાસાગર ઉપર તથા વચ્ચે આવતા પ્રદેશો અને ટાપુઓ ઉપર પકડ જમાવવામાં બ્રિટન અનેક દેશો સાથે સંઘર્ષમાં આવ્યું; અને તે સંઘર્ષોમાં વિજયી નીવડયું હતું. પરિણામે એક સર્વોપરી સત્તા તરીકે બ્રિટનને આંતરરાષ્ટ્રીય સ્થાન મળી ચૂક્યું હતું. એનો વેપાર, એનું નૌકા સૈન્ય અને એની ગોરી વસાહતો પૃથ્વીના ગોળાર્ધમાં પથરાઈને પડયાં હતાં. "બ્રિટિશ સામ્રાજ્યમાં સૂર્ય કદી આથમતો જ નથી" એવી હુંકારની વાણી બ્રિટનમાં સંભળાવા લાગી હતી.

**ટૂંકમાં, હિંદ બ્રિટન માટે એક ફરજરૂપ બોજો, ઘરેણું તથા સમસ્યા એમ ત્રણેય એકી સાથે બની ગયું હતું.**

## ઈસ્ટ ઈંડિયા કંપનીનો સત્તાવ્યૂહ

અંગ્રેજી 'ઈસ્ટ ઈંડિયા કંપની'એ હિંદમાં ઈ. સ. ૧૬૧૨માં પગરણ કર્યું. ૧૬૧૫માં ટોમસ રોએ મોગલ દરબારમાં પહોંચી જઈને, અંગ્રેજી એલચી તરીકે પોતાનું સ્થાન-માન પ્રાપ્ત કરીને હિંદમાં પગપેસારો કરવાનો માર્ગ મોકળો કર્યો. ૧૬૪૦માં કલકત્તામાં કોઠી નાખી, અને પચાસ વરસના કાવાદાવાને અંતે ૧૬૯૦માં કલકત્તાનો કબજો લીધો. આ દરમ્યાન મુંબઈનો બેટ તેમને પોર્ટુગીઝો તરફથી દાયજામાં મળી

ચૂકયો હતો (૧૬૬૮); અને મદ્રાસની કિલ્લેબંધી તો છેક ૧૬૩૯થી શરૂ થઈ ગઈ હતી. ૧૮મી સદીના આરંભે (૧૭૦૭) બ્રિટિશ સરકારે આ કંપનીને વેપાર માટેની વ્યવસ્થિત સત્તા આપી. એ જ વરસે ઔરંગઝેબનું અવસાન થયું. આ પછી પ્લાસીના યુદ્ધનું—૧૭૫૭નું વરસ અંગ્રેજો માટે મોટી ફતેહનું વરસ બની ગયું; કલાઈવ બંગાળનો ગવર્નર બન્યો (૧૭૫૮) ત્યારથી બંગાળ અંગ્રેજોની પકડમાં આવી ગયું.

વાસ્તવમાં આ દોઢસો વરસમાં હિંદનો નકશો બદલાઈ ગયો હતો. ચાર મુખ્ય સત્તાઓની હાલત કંગાળ બની ગઈ હતી. કેંદ્રીય સત્તા તરીકે દિલ્હીની ગાદી પર મોગલશાહી સત્તા હોવા છતાં, ૧૭૬૪માં અહમદશાહના હાલ એક ખખડધજ આદમી જેવા થઈ ગયા હતા. તાબાના સૂબાઓ પર આધાર રાખવા જેવું ય રહ્યું ન હતું. ૧૭૮૪ થી ૧૭૯૪ના દાયકા દરમિયાન તો બાદશાહ શેતરંજના પ્યાદા જેવો જ બની ગયો હતો. તે હિંદની બાદશાહીનું પ્રતીક માત્ર રહ્યો હતો.

બીજી મુખ્ય હરીફ સત્તા મરાઠાશાહી પણ મણકાની માળા જેવી હતી. શિવાજીનો વારસદાર 'છત્રપતિ-વંશ' કહેવા પૂરતો જ અધ્યક્ષ હતો. સાચી સત્તા પેશવાઓની હતી; અને પેશવાઈ પણ વંશપરંપરાગત બની ગઈ હતી. 'છત્રપતિ' (ગાદીપતિ)ને મુજરો કરી લેવા સિવાય પેશવા બધી રીતે સ્વતંત્ર હતા; અને પેશવાઈ પણ નબળી પડતાં રાજનો વહીવટકર્તા 'ફડનવીસ' (એટલે કે કારભારી) જ સાચો સત્તાધારી બન્યો હતો. જો કે ગાયકવાડ, ભોંસલે, શિંદે, હોલ્કર કાયદાની દષ્ટિએ પૂના કચેરીના તાબેદાર સરદારો હતા; પરંતુ ૧૭૬૧માં પેશવાઈનો પરાજય થતાં, આ બધા પૂનાની કેન્દ્રસત્તાને કહેવા પૂરતી ઉપરી લેખતા. તેઓ અલગ રાજ્ય-સત્તાઓની જેમ વર્તતા થઈ ગયા હતા. આવાં અનેક એકમોનું જે 'મરાઠા રાજ મંડલ' બન્યું હતું, તે જ વાસ્તવમાં 'મરાઠાશાહી' સત્તા હતી. અલબત્ત, પ્રદેશની દષ્ટિએ હિંદનો ઘણો મોટો વિસ્તાર એને હસ્તક હતો.

ત્રીજી સત્તા મૈસુરના સુલતાન હૈદરના વીર પુત્ર ટીપુની હતી. પરંતુ ૧૭૯૨માં કોર્નવોલિસની કુમકે હૈદરાબાદના નિઝામ અને નાના ફડનવીસ આવી જતાં, ટીપુ સુલતાનનો પરાજય થયો. એ પછી નિઝામનો પોતાનો વારો આવ્યો. અત્યાર સુધી ઢચુપચુ રહેલો નિઝામ ધીમે ધીમે કરતાં અંગ્રેજોના આશ્રય ભણી વળી ચૂકયો હતો. દક્ષિણની આ બેઉ સત્તાઓ – ટીપુ સુલતાન તથા નિઝામ – અલગ પડીને હારી જતાં, અંગ્રેજો દક્ષિણમાં દઢ બન્યા.

આ દરમ્યાન, રાજપૂત રજવાડાં (દક્ષિણ ભારતમાં કોચીન-ત્રાવણકોર) નમાલાં બન્યાં હતાં.

*

૧૮મા સૈકા સુધીમાં અનેકમાંથી એક રાજસત્તા બની રહેલી ઈસ્ટ ઇંડિયા કંપની, ૧૯મા સૈકામાં અપરંપાર ચતુર વ્યૂહો અને પાખંડ દ્વારા દેશની એક માત્ર રાજસત્તા બની ચૂકી હતી.

## દેશી રજવાડાં, વેપારીઓ અને લશ્કર

દેશી રાજ્યો પણ કાં તો કંપનીના શાસનનો ભોગ બની ગયાં ને કાં તો તેમનાં ખંડિયાં બની ગયાં. પછી તો, રીતસરનાં યુદ્ધોમાં કંપનીને સૌથી વધુ મદદ આ દેશી રાજ્યોની મળતી રહી. હિંદુ અને મુસ્લિમ રાજાઓએ કંપનીની પડખે રહીને, યા તો એમના હાથા બનીને, પોતાના સહધર્મીઓ ઉપર આક્રમણો કરતાંય કદી ખચકાટ અનુભવ્યો ન હતો. દા. ત. દક્ષિણના મુસ્લિમ સુબાનું લશ્કર મૈસુરના મુસ્લિમ રાજાની સામે લડવા માટે અંગ્રેજોની મદદમાં ગયું હતું. મરાઠા રાજના રાઘોબાએ અન્ય મરાઠા સત્તાઓ સામેની લડાઈમાં પોતાનું લશ્કર અંગ્રેજોની મદદે મોકલ્યું હતું. સતલજ પ્રદેશના શીખ રાજાઓ પણ લાહોરના શીખ શાસકની સામે યુદ્ધે ચઢયા હતા.

દેશી રજવાડાંઓની આ દેશદ્રોહી સ્વાર્થાંધતા જેવી જ બીજી નાલેશીની વાત એ જોવા મળી કે હદુ ધનિક ને વેપારી વર્ગે પણ અંગ્રેજોને દેશી રાજાઓ સામે લડવામાં અને સત્તા કબજે કરવામાં સારી પેઠે મદદ કરી હતી; અને તેમ કરવામાં પોતે કુહાડીના હાથાનું કામ આપી રહ્યા છે, એવી નાલેશી કે શરમ પણ કદી અનુભવી ન હતી. તેમને તો માત્ર અંગ્રેજો પોતાના ધર્મસંપ્રદાયમાં કશી દખલ ન કરે, તેટલું જ બસ હતું.

ત્રીજી વાત એ પણ છે કે, અંગ્રેજોના લશ્કરમાં, સંખ્યા દષ્ટિએ, સાત હિંદુ સિપાહીએ માત્ર એક જ અંગ્રેજ હતો. આમ, પોતાના દેશને વિદેશીઓનો ગુલામ બનાવવાની કામગીરીમાં હિંદી લશ્કરનો મોટો હાથ હતો. આવું તો હિંદમાં જ બન્યું! ચીનમાં અંગ્રેજોને યુદ્ધ માટે ચીની લોકો સિપાહીઓ તરીકે મળી શક્યા ન હતા. બીજી એક વસ્તુ ય નોંધવા જેવી છે. ઘણે ઠેકાણે ગોરા અંગ્રેજ સિપાહીઓ દેશી રાજાઓનાં લશ્કરમાં ભરતી થયેલા હતા. પરંતુ ક્યારેય તેઓ દેશી રાજાઓને પડખે રહી, અંગ્રેજ સિપાહીઓ સામે લડ્યા હોય એવો દાખલો જોવા મળતો નથી.

* દેશદાઝ તો દૂર રહી, પણ હિંદુશાહી જેવી ભાવના પણ ક્યાંય દેખાતી નથી. ખુદ હિંદુ રાજાઓ સામે લડનારાં લશ્કરોમાં બ્રાહ્મણો, રાજપૂતો, પુરબિયા વગેરે હિંદુ કોમોના લોકો જ મુખ્ય હતા. આ બધાને મન પોતાનાં સાંપ્રદાયિક પૂજાપાઠ તથા કર્મકાંડી આચાર જળવાય એવો પ્રબંધ થઈ રહે, એટલું જ પૂરતું હતું. હા, એ બાબતમાં કશી દખલ થાય તો તે સહી લેવા તેઓ તૈયાર ન હતા.

---

૧૯મા સૈકાની શરૂઆતમાં વેલોરની છાવણીના સિપાહીઓને લશ્કરી શિસ્તને નામે કપાળ પરથી ટીલાં ટપકાં કાઢી નાખવાનો હુકમ કરવામાં આવેલો. એની સામે મોટા પાયા પર વિરોધ થયેલો. અંગ્રેજ સેનાપતિએ બળજબરીથી કામ લેવા જતાં સિપાહીઓએ બળવો પોકારેલો, જો કે એ બળવાને કડક હાથે દાબી દેવામાં આવેલો.

---

ઇતિહાસકાર જદુનાથ સરકાર લખે છે તેમ, ૧૮મા સૈકાના અંત ભાગમાં લગભગ દસ લાખ જેટલા ધંધાદારી લશ્કરી સિપાહીઓ બેકાર રખડતા હતા; અને રાજદરબારોમાં જઈને નોકરી માટે આજીજી કરતા હતા. આ સિપાહીઓમાં કોઈના પ્રત્યેની વફાદારી જેવું કંઈ ન હતું; એટલું જ નહિ, પોતાના પ્રદેશ પ્રત્યેના અભિમાન જેવું પણ એમની પાસે કંઈ ન હતું... તો એમનામાં રાષ્ટ્રાભિમાન જેવી જાગૃતિ તો હોય જ ક્યાંથી? પોતે લશ્કરમાં દાખલ થઈ શક્યા તો ઠીક, નહિ તો પછી તેઓ લૂંટફાટના કામમાં લાગી જતા.

આવી બધી કમજોરીઓનો ભરપૂર લાભ અંગ્રેજો ઉઠાવી શક્યા હતા.

## વેપારીમાંથી રાજકર્તા

આમ, આ દેશમાં વેપાર કરવા આવેલી ઈસ્ટ ઈંડિયા કંપનીએ ભારતની ભૂમિ પર પગ મૂક્યો ત્યારે તેને અહીંનાં આટલાં બધી રાજકીય નાદાનિયતનો ખ્યાલ ક્યાંથી હોય? પણ જેવું એણે જોઈ લીધું કે અહીં તો મેદાન મોકળું મળી જાય એમ છે, પછી એની દાઢ સળકે એમાં કશું નવાઈ પામવા જેવું રહેતું નથી.

ધીમે ધીમે કરતાં તેનું મુખ્ય લક્ષ્ય સામ્રાજ્ય સ્થાપવાનું ને તેના જોરે અઢળક સંપત્તિ જમાવવાનું બની ગયું હતું. લાલા લજપતરાયે તેમના 'તરુણ ભારત' ગ્રંથમાં આનું જે સચોટ આલેખન કર્યું છે, તેમાંનાં થોડાં જ વાક્યો આ વસ્તુ સમજાવવા પૂરતાં થશે :

"હિંદુઓને મુસલમાનોની સામે ને મુસલમાનોને હિંદુઓની સામે લડાવ્યા. રાજાઓ અને જાગીરદારોને પણ એ જ રીતે એક બીજા સામે લડાવ્યા. જાટ પ્રજાને રાજપૂતોની સામે ને રાજપૂતોને જાટની સામે, મરાઠાઓને રોહિલા અને બુંદેલાઓની સામે અને બુંદેલાઓને પઠાણોની સામે ભીડાવ્યા. જરૂર પડયે સંધિઓ કરાવી ને જરાય આંચકો ખાધા વિના પાછી તોડાવી પણ ખરી. એક પક્ષમાં ભળવું ને સ્વાર્થ દેખાતાં તરત પક્ષ બદલવો, ને વળી પાછા મૂળ પક્ષમાં ભળવું – આ બધું કરવામાં એમણે રજમાત્ર ખાંઠપ અનુભવી નહિ. રાજગાદીઓ વેચાતી લેવી, એની હરાજી કરાવવી, પૈસા આપનારને લશ્કર ભાડે આપવું વગેરે બધું એકધારું ચાલતું હતું. રજવાડાંના નોકરોને ફોડવા, સિપાહીઓ સુદ્ધાં સામા પક્ષમાં ભળી જઈ લડવા માંડે તે માટેના પ્રપંચ ખેલવા, ખોટાં બહાનાં ઊભાં કરી રાજ્યોને પોતાના સકંજામાં લેવાં – આ બધું એમને માટે સહજ બની ગયું હતું. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય નૈતિકતાના કોઈ નિયમો પાળવાની એમણે પરવા કરી ન હતી. એક માત્ર લક્ષ્ય હતું એમની નજર સમક્ષ, ને તે આ દેશમાંની સંપત્તિ લૂંટી ઘર-ભેગી કરી શકાય તે માટે અહીં સામ્રાજ્ય જમાવવું."

આરંભમાં બંગાળ ઉપર નજર હતી. એમનું થાણું કલકત્તા રાખ્યું હતું. પરંતુ સ્થાનિક નવાબ અને કંપની વચ્ચે કંપની ગેરકાયદેસર રીતે જે વધુ ને વધુ જમીન દબાવ્યે જતી હતી તે બાબત તકરાર ચાલી રહી હતી. નવાબના લશ્કરે એકાએક કલકત્તા પર હુમલો કર્યો. કંપનીના માણસો રક્ષણ માટે કોઠી ભણી નાઠા, પણ ઘણા પકડાઈ ગયા. તે બધાને નવાબે એક કોટડીમાં પૂરવાનો હુકમ આપ્યો. આ કોટડી 'કાળી કોટડી'ને નામે ઇતિહાસના ચોપડે ચઢી છે. (જુઓ પા. ૮)

આ નાનકડા બનાવે કંપનીના અમલદારોનું લોહી ગરમ કરી મૂક્યું. મદ્રાસથી નવી કુમક લઈને ક્લાઈવ આવી પહોંચ્યો. પ્લાસીના મેદાનમાં માત્ર ૨૦૦૦ સિપાહીઓની મદદથી સિરાજુદ્દૌલાના લગભગ ૫૦,૦૦૦ સૈનિકોના લશ્કરને ભારે શિકસ્ત આપી (૧૭૫૭). અલબત્ત, તેમાં દ્રોહી મિરજાફરનો ફાળો ઘણો મોટો હતો. આ પ્લાસીના યુદ્ધને ભારત–બ્રિટન સંબંધનો અત્યંત મહત્ત્વનો શકવર્તી બનાવ ગણવામાં આવે છે. બ્રિટિશ સામ્રાજ્યનું ખાતમુહૂર્ત તે દિવસે થયું એમ માનવામાં આવે છે. જો કે તે કાળે એ બનાવનું આવું મહત્ત્વ કંપની કે સ્થાનિક રાજસત્તાઓને નહિ લાગ્યું હોય.

આ રીતે, બંગાળ (કલકત્તાની દક્ષિણે લગભગ નવસો ચોરસ માઈલ વિસ્તાર)ના 'ચોવીસ પરગણા'ની જમીનદારી હસ્તગત કરીને કંપનીએ ભારતની એક રાજકીય સત્તા તરીકેનું પ્રસ્થાન આરંભી દીધું હતું. પછી તો, ક્લાઈવે પોતાના ૨૦૦ અંગ્રેજ અને ૫૦૦ હિંદી સિપાહીઓ સાથે મુર્શિદાબાદમાં પ્રવેશ કર્યો, ત્યારે "અમારા આ પ્રવેશને જોવા જે આખું નગર ઊમટયું હતું, તે જ લોકો ધારત તો માત્ર લાકડી ને પથરાના ઘાથી અમને પૂરા કરી શકત.... પણ આવું કંઈજ બન્યું નહિ" – એવું ખુદ ક્લાઈવ બોલી ઊઠેલો!

હવે, વેપારને નામે બેફામ લૂંટ કરવાની સગવડ માટે પોતાને અનુકૂળ રહે તેવા નવાબ મેળવવા સારુ તેણે બે ત્રણ નવાબો બદલી જોયા. આ પછી, બેવડી સત્તા હાથ આવી જતાં, કંપનીના અમલદારોએ જ નહિ પણ તેમની પડખે રહેલા હિંદુ વેપારીઓએ સુદ્ધાં, ૧૭૫૭થી માંડીને ૧૭૭૨ સુધીના માત્ર પંદર વરસના ગાળામાં, ચોવીસ પરગણાના પ્રદેશમાંથી લૂંટાય તેટલું લૂંટવામાં પાછું વાળીને જોયું સુદ્ધાં નહિ.

* એક મોટા પ્રાંતની સમૃદ્ધિને આવી રીતે તદ્દન સાફ કરી નાખવાના કામમાં ખુદ રાજસત્તા સીધેસીધી કામે લાગી ગઈ હોય એવો દાખલો ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે.

ભારતમાં આ અગાઉ પરદેશીઓનાં ધાડાંઓએ વિનાશ વેરેલો, લૂંટફાટ ને તારાજી પણ કરેલી– આ બધું થયેલું; પરંતુ એ તો વાવાઝોડાની જેમ આવીને પસાર થઈ જતી ઘટનાઓ હતી. આજ પહેલાં

કોઈ રાજસત્તાએ વ્યવસ્થિત રીતે ગામડાંમાં જઈને, નાના નાના વેપારીઓની હાટડીઓમાં પેસીને, તેમની સાથે રમત રમીને, પોતાના આર્થિક લાભો વધારવાની રીતસરની યોજના અમલમાં મૂકવાની બાજી ગોઠવેલી નહિ; જ્યારે આ અંગ્રેજ કંપનીના શાસનમાં ક્ષણે ક્ષણે છેતરપિંડી, દાદાગીરી ને ખટપટો જેવી આસુરી કામગીરીઓ અજમાવા લાગી હતી.

## બ્રિટિશ પાર્લામેન્ટના આદેશોનું ઉલ્લંઘન

કંપની સરકારે હિંદમાં જેમ જેમ પોતાની સત્તા જમાવવા માંડી તેમ તેમ ઘણા ગંભીર પ્રશ્નો ઊભા થવા લાગ્યા. ક્લાઈવ તથા હેસ્ટિંગ્સના અત્યંત જુલમી, અંધાધૂંધ અને મુલકને ખેદાનમેદાન કરી નાખે તેવા શાસનને પરિણામે બ્રિટનની પાર્લામેન્ટ તથા સત્તાના સૂત્રધારો સજાગ બન્યા; અને કંપનીની સત્તાને નાથવા તથા ત્યારબાદ એને સંપૂર્ણપણે અંકુશમાં લેવા તેઓએ મથામણ શરૂ કરી. પરંતુ બ્રિટન અને હિંદ વચ્ચે ભૌગોલિક અંતર એટલું બધું મોટું હતું ને વાહન તથા સંદેશાવ્યવહારની સગવડો પણ એટલી બધી ઓછી હતી કે, એમના અંકુશો પૂરા અમલી બને તેવું શક્ય ન હતું. પરિસ્થિતિ જ એવી ઊભી થતી હતી કે એક બાજુથી ઈંગ્લેંડમાંથી 'રૂક જાવ'નો આદેશ નીકળે ને તે હિંદ લગી પહોંચે તે ગાળામાં તો એકાદ-બે પ્રદેશો પર કંપનીનો કબજો થઈ ચૂક્યો હોય! છતાં એમના પ્રયાસ ચાલુ રહ્યા હતા.

૧૭૮૪ના પાર્લામેન્ટના કાયદામાં કંપનીને સખત તાકીદ કરવામાં આવી હતી કે હિંદમાં હવે કંપનીએ કોઈ પણ નવો મુલક કબજે ન કરવો. એમણે કોર્નવાલિસને ગવર્નર જનરલ તરીકે ભારતમાં મોકલ્યો, ત્યારે એને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે, "કંપનીની નીતિ શાંતિપૂર્ણ માર્ગે કામ કરનારી તથા રક્ષણાત્મક પગલાંવાળી જ રાખવી; અને અત્યારે જે કોઈ પ્રદેશો આપણા કબજામાં છે, તેનાથી જ સંતોષ માનવો." ૧૮૧૫માં કંપનીની ખાનગી સમિતિએ એવો અભિપ્રાય આપ્યો હતો કે, "હિંદની આપણી વસાહત ઓછા વિસ્તારવાળી હોત તો તેનો વહીવટ ઘણી સારી રીતે થઈ શકત. અતિ મોટા વિસ્તારથી કોઈ અર્થ સરશે નહિ." ૧૮૨૩માં લૉર્ડ આર્મહર્સ્ટે સાફ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, "વિસ્તાર વધારવામાં ડહાપણ નથી ને સલામતીય નથી."

●૧૭૭૨થી ગવર્નર જનરલ તરીકે ભારત આવેલ વૉરન હેસ્ટિંગ્સે ખુદ બ્રિટિશ પાર્લામેન્ટની હાઉસ ઓફ લૉર્ડ્સની (અર્થાત ઉમરાવોની) કમિટી સમક્ષ જણાવ્યું હતું કે, "જો આપણા લોકોને હિંદુસ્તાનમાં જવાની ને વસવાની છૂટ આપવામાં આવશે તો આખા હિંદની પાયમાલી થઈ જશે; તેઓ દેશીઓનું અપમાન કરશે, તેમને લૂંટશે તથા તેમના પર જુલમ ગુજારશે... આટલે દૂરથી (લંડનથી) ગમે તેટલા 'મનાઈ હુકમો' યા 'કાયદાઓ' કરી મોકલશો, તેથી કશું જ પરિણામ આવવાનું નથી."

મેજર જનરલ એલેક્ઝાન્ડર કીડે એ જ કમિટી સમક્ષ જુબાની આપતાં જણાવ્યું હતું કે, "આપણા દેશના વેપારીઓ ખલાસીઓની સાથે હિંદુસ્તાન જવા માંડશે, તો તેમનામાંના વેપારમાં નિષ્ફળ નીવડેલા-માંના કેટલાક પોતાની ખોટ ભરપાઈ કરવા સારુ ત્યાંનાં અરક્ષિત વહાણોનો માલ લૂંટવા માંડશે..." આ બધી ચેતવણીઓ છતાં ખુદ વૉરન હેસ્ટિંગ્સે તથા કોર્નવાલિસ, વેલેસ્લી, બેન્ટિક અને ડેલહાઉસી સુદ્ધાંએ... તમામે, કંપની તથા પાર્લામેન્ટની તમામ ચેતવણીઓ, ધમકીઓ ને ફરમાનોને ઘોળી પીધાં હતાં.

આ દેશમાં મોકલવામાં આવેલ મોટા ભાગના ગવર્નર જનરલો, ગવર્નરો તથા સેનાપતિઓના મગજમાં જુદી જ હવા ભરાઈ જતી, કારણ કે એમને માટે અહીં નવા નવા પ્રદેશો સર કરવા એ જરાય અઘરું કામ ન હતું. એક પછી એક, નાની મોટી અનેક સત્તાઓ ઘડીના છઠ્ઠા ભાગમાં કાં તો એમને તાબે થતી, કાં નામશેષ બની જતી હતી. લોકોમાં પણ કંપની સરકારની ધાક બેસી ગઈ હતી; એટલું જ નહિ, એના પ્રત્યે પ્રશંસા પણ પ્રગટ થતી જોવા મળતી.

બિપિનચંદ્ર પાલે પોતાનાં બાળપણનાં સ્મરણોમાં એક સ્થળે નોંધ્યું છે કે, "ગામડાંમાં છોકરાં લડતાં હોય ત્યારે સામા પક્ષનાં છોકરાં 'દોહાઈ (આણ) કંપની બહાદુરની' એમ બોલતાં."

પણ પ્રદેશો સર કરવા એ એક વાત હતી, અને તે પ્રદેશ પર વ્યવસ્થિત શાસનતંત્ર સ્થાપવું ને એને સ્થિર બનાવવું એ બીજી વાત હતી. આ મોરચે કંપનીબહાદુર તથા તેની પૂંઠ સાચવી રહેલ બ્રિટિશ સત્તા ભારે ગૂંચવણ ને મૂંઝવણમાં હતાં. જે ઝડપથી પ્રદેશ પર પ્રદેશ કંપનીના ખોળામાં જઈ પડતા હતા, તેટલી જ ઝડપથી જો ત્યાં કાયદો ને વ્યવસ્થા ઊભાં કરવામાં ન આવે તો એ પ્રદેશની 'ભેટ' ભારરૂપ થઈ પડે!

આથી શાસનતંત્ર કેવા પ્રકારનું ગોઠવવું, કેવા માણસોના હાથમાં તે તંત્ર સોંપવું, પાર્લામેન્ટ અને કંપની સરકાર વચ્ચે કેવા પ્રકારના સંબંધો રાખવા, કાયદા તથા મહેસૂલનું તંત્ર કયા સિદ્ધાંત પર આકારવું, પ્રજામાં કાયદો ને વ્યવસ્થા શી રીતે જાળવવાં, પ્રજાની સામાજિક આર્થિક તથા ધાર્મિક પરંપરાને કેટલે અંશે અકબંધ રહેવા દેવી, કેળવણીનું માળખું કયા સિદ્ધાંતના આધારે ઊભું કરવું વગેરે અનેક પ્રકારના પ્રશ્નો એક પછી એક એમની સામે ઊભા થવા લાગ્યા. એ બધી બાબતોમાં ઇંગ્લેંડમાં તેમ જ અહીંના કંપનીના વહીવટદારોમાં વિવિધ પ્રકારના અને પરસ્પર વિરોધી અભિપ્રાયો વચ્ચે ઘર્ષણો પણ ઊભાં થતાં હતાં.

આ બધું જોતાં, આપણે એમ કહેવું રહ્યું કે, બ્રિટિશ પ્રજાજીવનની ઉચ્ચ પ્રણાલિકાથી વંચિત એવા કંપનીના માણસો મારફત, વેપારના નફાની લાલચમાં, એક પછી એક પગલું માંડતાં માંડતાં ને કાવાદાવા કરી સત્તા જમાવવા જતાં, બ્રિટિશ શાસકોના મૂળ ઇરાદા વિરુદ્ધ, ભારતમાં શાહીવાદી સામ્રાજ્યનું મંડાણ થયું, એ વિધિની જેવી તેવી વક્રતા નથી.

---

## કાળી કોટડીની કહેવાતી કથની

૨૦મી જૂન (૧૭૫૬)ની રાતે ૧૮ ફીટ લાંબી અને એ કરતાં કંઈક ઓછી પહોળી એવી કોટડીમાં ૧૪૬ અંગ્રેજ સિપાહીઓને પૂરી રાખવામાં આવ્યા. અત્યંત નાની જગ્યા, ઉનાળાની ગરમી અને તાજી હવાના અભાવે સવારે માત્ર ૨૩ જીવતા નીકળ્યા—અને તે પણ લગભગ અર્ધમૃત અવસ્થામાં!

અંગ્રેજોએ ઊહાપોહ કરેલી આ ઘટના જૂઠી અને બનાવટી છે; સિરાજુદ્દૌલાને બદનામ કરવાનો આ પ્રયાસ છે—એવું અનેક ઇતિહાસકારોએ જણાવ્યું છે. બંગાળી વિદ્વાન અક્ષયકુમાર મિત્રે 'સિરાજુદ્દૌલા' નામક પોતાના ગ્રંથમાં આ બાબત ખોટી હોવાના અનેક પુરાવા આપ્યા છે. સૌથી મુખ્ય વાત તો એ છે કે ૨૬૭ ચો. ફીટ જગામાં ૧૪૬ માણસોને સમાવી શકાય જ નહિ. વળી એ યુગના ઇતિહાસ-ગ્રંથો, ખુદ કંપનીની ડાયરી તથા મદ્રાસ કૌંસિલની નોંધમાં આવો કોઈ ઉલ્લેખ નથી. વળી, અંગ્રેજોએ નોંધાવેલ નુકસાનીની લાંબી યાદીમાં તથા અલીનગરના સંધિપત્રમાં તેનો કોઈ ઉલ્લેખ નથી. 'ભારતમાં અંગ્રેજી રાજ્ય' (લે. સુંદરલાલજી) ગ્રંથમાં જણાવ્યા મુજબ હોલવેલ જ્યારે ૧૭૫૭માં ભારત છોડી વિલાયત જવા નીકળ્યો ત્યારે તેણે ઉપજાવી કાઢેલી આ તરકીબ છે. હોલવેલ આવી બનાવટી ઘટનાઓ ઊભી કરવામાં કાબેલ હતો, તેનાં દૃષ્ટાંત પણ પ્રસ્તુત ગ્રંથમાં આપેલ છે.

---

# ૨ : સત્તા-માળખાની મથામણ

૧૯મા સૈકાની શરૂઆતમાં શાસનની સ્થિરતા ઊભી થતાં બ્રિટિશ સરકાર સામે એ સવાલ ઊભો થયો કે, હિંદુસ્તાનના પ્રજાજીવનનો ઢાંચો પશ્ચિમના વિચારપ્રવાહને અનુરૂપ બનાવવો કે 'જૈસે થે' ની સ્થિતિ રાખવી. તેમાંય મુખ્ય સવાલ એ રહ્યો કે, **આ દેશમાંનું પોતાનું સામ્રાજ્ય વધારે દૃઢમૂળ બને ને છતાં સાથે સાથે સુધારણાનું લક્ષ્ય પણ કઈ રીતે સધાય.**

પશ્ચિમના નવા વિચાર–પ્રવાહ મુજબ, અહીંની પ્રજાને નવી હવાનો સ્વાદ ચખાડવા જતાં જોખમ ઊભાં થવાનો સંભવ હતો. તેમ છતાં તેથી લાંબે ગાળે બ્રિટિશ શાસનનું ગૌરવ ઊભું થાય, જગતમાં નિંદાપાત્ર ન બનાય, તેટલા ખાતર પણ આ દેશને નવામાર્ગે લઈ જવાની ગતિવિધિ બ્રિટિશ શાસકોએ શરૂ કરી.

આના અનુસંધાનમાં ૧૯મા સૈકાની શરૂઆતના કાળના સમર્થ, દીર્ઘદષ્ટિવાળા ને સ્વસ્થ મિજાજના અધિકારીઓમાંથી કેટલાકનાં વિધાનો ટૂંકમાં જોઈએ.

૧૮૧૮ના કંપનીના પેશવાઈ પરના વિજય પછી મુંબઈનો ગવર્નર એલ્ફિન્સ્ટન એક પત્રમાં લખે છે : "આપણું હિંદી સામ્રાજ્ય લાંબો વખત ટકવાનું નથી. આ કોઈ મારો પૂર્વગ્રહ નથી, પણ મારી સયુક્તિક ધારણા છે. જો કે સામ્રાજ્યનો અંત કઈ રીતે આવશે તે વિચારવું મુશ્કેલ છે...... **આપણી હકુમતનો સૌથી સુંદર ને ઇષ્ટ અંત તો એ ગણાય કે, આપણી અહીંની કારકિર્દી દરમિયાન આ દેશના લોકો એટલા સુધરી જાય કે કોઈ પણ પરદેશી સત્તા માટે અહીં રાજ્ય કરવું અશક્ય બને.** પરંતુ આ સમય કેટલો લાંબો હશે તેની ગણતરી કરવી આજે મુશ્કેલ છે... અહીંના લોકો જંગલી અવસ્થામાં જ રહી ગયેલા હોય અને અત્યાચારો કરીને આપણી સાથેનો નાતો તોડી નાંખે, તેના કરતાં તો એ સંબંધ તેમની અવસ્થા સુધરી જાય એ પછી જ તૂટે, એ જોવું આપણી દષ્ટિએ વધુ હિતાવહ છે." ('આધુનિક ભારત')

મેટકાફ જેવા અમલદારે કહેલું કે, "જ્ઞાનના પ્રસારને કારણે આપણા હિંદી સામ્રાજ્યનો અંત આવશે એવી જો કોઈ દલીલ કરે તો હું એને એમ જણાવવા માગું છું કે, પરિણામ ગમે તેવું આવે તો પણ જ્ઞાનનો લાભ તો આ લોકોને મળે જ તેમ કરવું આપણી ફરજ છે. હિંદી લોકોને અજ્ઞાન રાખવાથી જ જો આ દેશ બ્રિટિશ સામ્રાજ્યમાં ટકી શકતો હોય, તો આપણું રાજ્ય આ દેશને માટે શાપ રૂપ બને તે પહેલાં એનો અંત આવે તે જ બહેતર છે. બલ્કે લોકોને અજ્ઞાન રાખવામાં વાસ્તવિકપણે વધારે જોખમ છે, એમ માનવાને મને સબળ કારણો દેખાય છે. હું તો એવી આશાએ જ્ઞાનપ્રસાર ભણી જોઉં છું કે તેથી આપણું સામ્રાજ્ય વધુ મજબૂત બને. હિંદી પ્રજા અને આપણી વચ્ચેના મતભેદો દૂર થઈને કડવાશ ઓછી થશે."

આમ, મુદ્રણ-સ્વાતંત્ર્ય એ બ્રિટિશ સામ્રાજ્યની ભારતને ભેટ ગણાઈ ને છતાં એ ભેટ જોતજોતાંમાં જ એ શાસકોને ખૂંચવા લાગી ! એલ્ફિન્સ્ટન, મનરો, માલકમ વગેરે બ્રિટિશ પ્રજાની ઉત્તમ પ્રણાલિકાઓમાં ઊછરેલા બુદ્ધિમાનો પણ આ સ્વાતંત્ર્યથી ગભરાતા હતા.

શરૂઆતના કાળમાં આ પ્રશ્ન સરકાર તથા પ્રજાજનો વચ્ચેના સંઘર્ષનો બન્યો હતો, તે એક રસપ્રદ હકીકત છે. છતાં 'સાવચેતીભર્યાં પગલાં સાથે સુધારાઓ દાખલ કરવાની નીતિ' એ બ્રિટિશ શાસનનું પહેલેથી એક લક્ષણ રહ્યું છે. ટૂંકમાં, પહેલાં પશ્ચિમના જ્ઞાનનો ફેલાવો થાય, ઇંગ્લૅંડની લોકશાહી પ્રથા અહીં દાખલ થાય, પશ્ચિમી દેશોના ભવ્ય ઇતિહાસનો અહીંના લોકોને પરિચય થાય; ત્યારબાદ લોકો ધીમે ધીમે પોતાના દેશના શાસનમાં ભાગ લેતા થાય; ને એમ કરતાં કરતાં એમને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય. આમ છતાં સ્વાતંત્ર્યની ભાવના બહુ ઝડપથી ન વિકસે તે પણ એમને એટલું જ જરૂરનું લાગતું હતું.

## વ્યવહારની વિટંબણાઓ

અંગ્રેજોએ જે મુલકને સર કરવા હોડ બકી હતી, તેનું માળખું એવું ન હતું કે મુલક સર કરવા માત્રથી આપોઆપ શાસન કરવાનું સરળ બની જાય. આ માટે આ દેશની ઐતિહાસિક ભૂમિકા સમજવી મહત્ત્વની છે.

૧૧મા સૈકામાં મુસ્લિમોએ આ દેશને સર કરવામાં જેટલી શક્તિ વાપરી હતી, તેટલી શક્તિ શાસન કરવામાં વાપરી ન હતી. જે પરંપરાથી આ દેશની શાસન–વ્યવસ્થા ચાલતી હતી, તેમાં ધરમૂળનો ફેરફાર કરવાનું તેમને સૂઝ્યું ન હતું. માત્ર ઉપરના મોટા હોદ્દાઓ પર શાસક–જાતિના (મુસ્લિમ) અમીર-ઉમરાવોને સ્થાપી દઈને તેમણે સંતોષ માન્યો હતો. વળી, હિંદની સામાજિક–આર્થિક વ્યવસ્થા એવી દૃઢ-મૂળ થયેલી હતી કે તેમાં ધરમૂળનો ફેરફાર કરવાનું આ વિદેશી (મુસ્લિમ) શાસકો માટે શક્ય પણ ન હતું. આથી અહીંતહીં નજીવા ફેરફારો સિવાય મુસ્લિમ-મોગલ શાસનમાં – મહમદ તઘલખ જેવાના અવારનવાર થઈ ચૂકેલા પ્રયોગો છતાં — એનું એ ચાલું રહ્યું હતું. આથી એમ કહી શકાય કે મુસ્લિમ શાસન મોટે ભાગે લશ્કર પર આધારિત અને બાહ્ય આક્રમણ સામેની રક્ષા પૂરતી જવાબદારી ધરાવતું શાસન હતું. બહુ જ ઓછા ને સાદા વહીવટી તંત્ર દ્વારા પ્રજા તરફથી તેમને કરવેરા મળી રહેતા હતા. ગામડાંના નાનામાં નાના વેપારીથી માંડીને મોટી મોટી વેપારી પેઢીઓ સુધીનું પરંપરાગત ચોકઠું ગોઠવાઈ ગયું હતું; અને તેમના હસ્તક ચાલતા પરદેશ સાથેના વેપારોનું ચલણ પણ એટલું બધું વ્યવસ્થિત, માતબર અને વિશ્વસનીય સ્વરૂપનું હતું કે, તેમાં દખલગીરી કરવાનું રાજ્યને સૂઝે તેમ જ ન હતું. એટલું જ નહિ, અનેક શાસકો આ વેપારી પેઢીઓ પાસેથી નાણાં ઉછીનાં લેતા. શાહજહાંના મૃત્યુ બાદ ગાદી માટેની યાદવા-સ્થળીમાં શાહજાદા મુરાદને અમદાવાદની એક પ્રખ્યાત ધનિક શરાફી પેઢીએ અઢળક નાણું ધીર્યું હતું. ઔરંગઝેબને હાથે મુરાદ મરાયો તે પછી આ દેવું ઔરંગઝેબે આ પેઢીને ચૂકવી આપ્યું હતું. આ ઘટના ઇતિહાસને પાને નોંધાયેલી છે. તેમાં ઔરંગઝેબની પ્રામાણિકતા ઉપરાંત પેઢીના પ્રભાવનું પણ દર્શન થાય છે. આવી પેઢીઓની શાખાઓ તે સમયે દેશ-વિદેશમાં વિસ્તરેલી હતી, અને તેમની મારફતે દેશપરદેશના રાજકારણીય બનાવોની પ્રમાણભૂત માહિતી રાજાઓને મળી શકતી હતી. આ પેઢીઓએ સીધી રીતે રાજ-કારણમાં કદી ભાગ લીધો નથી. રાજકીય સત્તા હાંસલ કરવા માટે જે કંઈ સંઘર્ષો દિલ્હી અર્થાત્ રાજધાની કક્ષાએ થતા તેમાં આ પેઢીઓને માત્ર પોતાના વેપારના રક્ષણ પૂરતો જ રસ હતો. બીજો રસ હતો તે એવો કે, પોતાના ધાર્મિક વ્યવહારોમાં જે તે સત્તાની કોઈ પ્રકારની દખલગીરી ન થાય તે જોવાનો. શાહજાદા ઔરંગઝેબે પોતાની ગુજરાતની સુબેદારી દરમિયાન એક જૈન દેરાસરને મસ્જિદના રૂપમાં ફેરવવાની તરકીબ અજમાવી, ત્યારે અમદાવાદના મહાજને સીધું શાહજહાં પર દબાણ આણ્યું હતું ને શાહજહાંએ આ અંગે ઔરંગઝેબને વારવો પડ્યો હતો.

બીજી વાત એ છે કે, હિંદુસ્તાનનું સમગ્ર પ્રજાજીવન લગભગ ગામડાંઓમાં જ વ્યાપેલું હતું. શહેરો તો રાજાઓ તથા અમીર ઉમરાવોના દબદબા પ્રગટ કરવા માટેનાં તથા સત્તાનાં કેન્દ્રો હતાં. અલબત્ત, બનારસ જેવાં કેટલાંક નગરો ધાર્મિક તીર્થધામો તરીકે પણ વિકસેલાં.

દેશનાં ગામડાં ઘણી રીતે સ્વાયત્ત ઘટક જેવાં હતાં. સ્વતંત્ર ઘટક તરીકે તેમને બાંધનારાં બળોમાં મુખ્યત્વે હતાં : ગામની સંયુક્ત–કુટુંબ વ્યવસ્થા, જ્ઞાતિ તથા કુળોનાં મજબૂત સંગઠનો તથા પંચાયતો દ્વારા ગોઠવાઈ ગયેલો વહીવટી કારભાર, તેમજ ખેતીની આસપાસ રચાઈ ગયેલું અર્થતંત્ર. આ અર્થતંત્ર મોટે ભાગે જીવન-જરૂરિયાતોના ઉત્પાદન પર રચાયેલું હતું. તે કાળે બજારૂ ઉત્પાદનનું પ્રમાણ ઘણું ઓછું હતું. આ પ્રકારના ઉત્પાદનમાં ખાસ કરીને અમુક વિશિષ્ટ પ્રકારની મોજશોખની તથા કલાકારીગરીની ચીજ-વસ્તુઓ હોતી. વેપારીઓ પોતાની વણઝારો લઈને ફરતા, પોતાને માટે જરૂરી માલની ખરીદી કરી લેતા; ને દેશનાં શહેરોમાં ફરીને તેમજ પરદેશ માલ મોકલીને તેનું વેચાણ કરતા.

અવર-જવરના માર્ગો તથા વાહન વગેરે સાધનો ધીમાં તથા અમુક અનુકૂળ ઋતુમાં જ કામ આપે તેવાં હતાં. આથી આ વેપારીવણઝારોના પ્રવાસ બહુ કષ્ટદાયી રહેતા. આ ઉપરાંત લોકો ધાર્મિક સ્થળોની તીર્થયાત્રા માટે જ ગામ છોડી બહાર નીકળતા. પરિણામે, સામાન્ય લોકોની દૃષ્ટિ સમક્ષ સમગ્ર ભારત દેશનું ચિત્ર સાવ ઝાંખું ને પ્રતીક સ્વરૂપનું જ રહેતું. 'બાર ગાઉએ બોલી બદલાય,' એ કહેવત પણ આ જ પરિસ્થિતિની દ્યોતક છે.

આમ, એકંદરે, પ્રજા જીવનનો પ્રવાહ નિર્વિઘ્ને ચાલતો. ને ક્યારેક પાતળો પડતો, તો ક્યારેક ફરીવાર પુષ્ટ થતો. ક્યારેક એ પ્રવાહ સાવ તૂટું તૂટું થઈ રહેતો. પણ તેમાં બહુ મોટા પ્રક્ષોભો ભાગ્યે જ આવતા. સામાન્ય માણસની ધારણ, પોષણ અને રક્ષણની મૂળભૂત આકાંક્ષાઓ ઠીક ઠીક અંશે પોષાયા કરતી. ગ્રામ-પ્રદેશમાં વસતાં સામાન્ય માનવીને પોતાની કોઈ આગવી છબી ઉપસાવવાની આકાંક્ષા ભાગ્યે જ જાગતી. એની જે આકાંક્ષાઓ હતી તે પણ કેવળ પોતાના ધર્મનું, કુળનું, જ્ઞાતિનું અભિમાન પ્રકટ કરવા પૂરતી જ રહેતી. દરેક વ્યક્તિ કોઈ ને કોઈ સમૂહ સાથે જોડાયેલી તદરૂપતા (identity) ઝંખતી. જ્ઞાતિની સામાજિક વ્યવસ્થા પ્રજાજીવનના હાડમાં એકરસ થઈ ગયેલી હતી. 'જ્ઞાતિ' શબ્દમાં જ એ અર્થ રહેલો છે. માણસને દુનિયામાં જ્ઞાત થવા માટેનું આ એક માધ્યમ એની પાસે હતું. રામનો મહિમા બતાવવા માટે 'રઘુકુલ-રીતિ'નું સ્મરણ કરવા માત્રથી ઘણી બધી વસ્તુ કહેવાઈ-સમજાઈ જતી.

જ્ઞાતિ-લક્ષણો માણસને પોતાના આચારવિચાર માટેનાં પ્રેરકબળ બની રહેતાં. વ્યક્તિગત રીતે ઉચ્ચવર્ણના માણસને તેનાથી નીચલા પગથિયા પર બેઠેલા માણસ પ્રત્યે તુચ્છકારનો ભાવ રહેતો જ એવું નથી. છતાં આ વ્યવસ્થામાં 'કર્મવાદ' તથા 'પુનર્જન્મવાદ'ના સિદ્ધાંત પર આધારિત એક એવી અભેદ્ય દીવાલ ચણી લેનારી વિચારપદ્ધતિ તથા આચારપદ્ધતિ ગોઠવાઈ ગયેલી હતી કે, પોતાના સમાજમાં આ જ્ઞાતિ-સંગઠન એ કોઈ મોટું સામાજિક અનિષ્ટ બની બેઠેલું છે, એવું ભાન ઉપલા પગથિયે બેઠેલાને કે છેક નીચલા પગથિયે બેઠેલા કોઈને ન રહેતું.

ઈસ્લામ ધર્મ આવી જ્ઞાતિપ્રથાનો કટ્ટર વિરોધી હોવા છતાં તેને બદલવામાં કશું જ કરી શક્યો ન હતો. અલબત્ત, જ્ઞાતિપ્રથાના ભોગ બનેલા કેટલાક સમૂહોને ખેરવીને એ પોતાના ધર્મમાં સામેલ કરી શક્યો ખરો. પરંતુ નોંધવા જેવી બીના તો એ છે કે, જ્ઞાતિપ્રથાના પડછાયા જેવી ચઢઊતર સોપાનો-વાળી વ્યવસ્થા હિંદના ઈસ્લામમાંય ઊભી થઈ હતી !

ટૂંકમાં, શાસક-સત્તા પોતાના કબજાના પ્રદેશનું સંરક્ષણ કરવા ઉપરાંત પ્રજા પાસેથી કર ઉઘરાવવાનાં વ્યવસ્થા ઊભી કરી લેવા પૂરતો જ રસ ધરાવતી હતી. રાજકીય ક્ષેત્રે જે કંઈ ઊથલપાથલો થતી તે પણ પ્રજાજીવનના ઉપલા સ્તરમાં જ પ્રક્ષોભ ઊભો કરતી. એકંદરે, પ્રજાજીવનના પાયારૂપ ગ્રામ-વ્યવસ્થા વડે જ સત્તાના કેન્દ્ર સાથેની કડી સળંગપણે ગોઠવાયેલ સચવાયેલ હતી.

## પ્રાચીન ગ્રામ-પંચાયતો

હિંદની આ નાની નાની અતિ પ્રાચીન ગ્રામપંચાયતો. જે હાલ પણ અમુક અંશે હયાત છે તે, જમીનની સામુદાયિક માલિકી, હાથ-મહેનતથી થતી ખેતી, હસ્ત-ઉદ્યોગના સંયોગ તથા અમુક મિશ્ર પ્રકારનો શ્રમ-વિભાગ ઇત્યાદિ તત્ત્વોના પાયા પર રચાયેલી છે. ઉત્પાદનના એ સ્વયંસંપૂર્ણ ઘટકો છે. એક સોથી માંડીને હજારો એકર જમીનમાં જથાબંધ ખેતી કરવામાં આવે છે. મોટા ભાગનું ઉત્પાદન ગામડાંની તાત્કાલિક જરૂરિયાતો સંતોપવા માટે કરવામાં આવે છે.

દેશના જુદા જુદા ભાગમાં પંચાયતોના જુદા જુદા પ્રકારો જોવામાં આવે છે. સાદામાં સાદો જે પ્રકાર છે તેમાં જમીનની ખેતી આખા ગામની મહેનત વડે કરવામાં આવે છે, અને એનું ઉત્પન્ન ગામનાં માણસો વચ્ચે વહેંચી નાખવામાં આવે છે. તે ઉપરાંત, દરેક કુટુંબ વધારાના પેટા-ઉદ્યોગ તરીકે કાંતણ અને વણાટનું કામ કરે છે....

* રાજકીય વાતાવરણમાં ગમે તેટલાં વાવાઝોડાં આવે તો પણ સમાજના આ આર્થિક મંડાણ પર એની જરાય અસર થવા પામતી નથી.

(કાર્લ માર્ક્સ કૃત 'ભારત-ઇતિહાસ નોંધપોથી'માંથી)

મુગલાઈના અંતિમ દિવસોમાં આ આખીય ઈમારત પર વીજળી પડયા જેવું થયું ને ગ્રામજીવનના પાયા સુધીના પથ્થરો વેરવિખેર થવા લાગ્યા. આ 'જુલમીતંત્ર' ને આ 'સારું તંત્ર' એવો કોઈ પસંદગી કરવાનો સવાલ જ નહોતો રહ્યો. સારા-ખોટાના ભેદ ભુલાવી દે તેવી પરિસ્થિતિ ચોમેર સર્જાઈ ગઈ હતી. આ સ્થિતિનો પૂરેપૂરો લાભ ઉઠાવીને દૂરદેશથી આવી પહોંચેલ બ્રિટિશ વેપારીઓના એક સમૂહે ખંડિયેર બની રહેલા આ દેશનો કબજો લીધો.

## વહીવટી માળખાનો પાયો

હવે આપણે એ જોઈએ કે, બ્રિટને હિંદમાં પોતાનું વહીવટી તંત્ર કઈ રીતે વિકસાવ્યું. સૌથી પ્રથમ તો, પોતાની સત્તાના તંત્રની સ્થિરતા માટે કાયદો ને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી એવા કેટલાક નિયમો તેમણે ઘડી કાઢયા. તે મુજબ ૧૭૭૪ના રેગ્યુલેટિંગ એકટ દ્વારા કંપનીના શાસનને એક કેન્દ્ર નીચે મૂકવામાં આવ્યું ને બંગાળનો ગવર્નર મદ્રાસ, મુંબઈ ને બંગાળ — એમ ત્રણેય પ્રાંતોનો ગવર્નર જનરલ બન્યો. કારોબારી સમિતિ તેના હસ્તક મૂકવામાં આવી. આની સાથે સાથે જ એક ન્યાયતંત્રની રચના પણ કરવામાં આવી; ને અંગ્રેજી કાનૂનના ધોરણે પહેલી અદાલત સ્થાપવામાં આવી.

હિંદનો તે કાળનો મુખ્ય અને તાત્કાલિક ઉકેલ માગતો પ્રશ્ન 'કાયદો તથા વ્યવસ્થા'નો હતો. અંગ્રેજ પ્રજાને કાયદો અને વ્યવસ્થાનાં અમુક ધોરણો ગળથૂથીમાં મળેલાં હતાં. પણ અહીંની તદ્દન જુદી જ પરિસ્થિતિમાં કઈ રીતે કામ કરવું તેની ગડ બેસાડતાં ઠીક ઠીક મુશ્કેલીનો અનુભવ થાય તેવું હતું. અહીં કાયદો અને વ્યવસ્થાની કોઈ પરંપરા જ ન હતી એવું ન હતું; પણ તેનું સ્વરૂપ અંગ્રેજ પ્રણાલિકાથી તદ્દન જુદું જ હતું. અહીંના કાયદાઓનું સ્વરૂપ ધર્મ, જાતિ અને જ્ઞાતિના માળખા પર આધારિત હતું. વહીવટી સત્તા, ન્યાય તથા લશ્કરી તંત્ર ત્રણેય એકમેક સાથે સંકળાયેલાં હતાં. વળી હિંદુઓ માટેના કાયદાઓમાં વર્ણ-જૂથ પ્રમાણે નોખા કાનૂન હતા.

આથી કંપનીના અમલ દરમિયાન પણ ઘણા લાંબા કાળ સુધી હિંદુઓના અદાલતી કેસોના ચુકાદા 'મિતાક્ષર' પરંપરાને આધારે હિંદુ પંડિતો જ આપતા; ને ઇસ્લામી રૈયતના ચુકાદા 'શરિયત'ને આધારે મૌલવીઓ જ આપતા. તે પછી એ જ ચુકાદાઓ પર કંપની સરકારે સંમતિની મહોર મારી આપવાની રહેતી. આમાં બનતું એવું કે, જે પ્રકારનો અપરાધ એક બ્રાહ્મણ કરે, એવો જ અપરાધ જો કોઈ શૂદ્રે કર્યો હોય તો પણ એ બંનેની સજામાં ભેદ રહેતો. આવી વસ્તુને 'ન્યાય'નું નામ શી રીતે આપી શકાય, તે વાત અંગ્રેજોની કલ્પનામાં આવી શકે તેમ નહોતી. પરંતુ વાસ્તવમાં બનતું એવું કે, મોટા ભાગના આવા ઝઘડાઓ ગ્રામપંચાયતના ને જ્ઞાતિપંચોના સ્તરે જ પતી જતા હતા; ને પ્રજાએ 'ન્યાય'ની તે પ્રથાને લગભગ સર્વમાન્ય જેવી ગણી, સ્વીકારી લીધેલી હતી. સામાન્ય રીતે પ્રજામાં રહેલ ન્યાયબુદ્ધિ ને વ્યવહારકુશળતા પર આ તંત્રનો આધાર રહેતો.

*અંગ્રેજ શાસન શરૂ થતાંની સાથે જ ગ્રામવ્યવસ્થા અને જ્ઞાતિવ્યવસ્થાને પણ સારો એવો આંચકો લાગ્યો. વળી સત્તા પર બેઠેલા લોકોમાં લાંચ રુશવત ને ન્યાયને નામે પોતાના સ્વાર્થના કડદા કરવાની દુષ્ટ બુદ્ધિ પણ પાંગરતી ગઈ. બીજી મુશ્કેલીઓ ખુદ અંગ્રેજ અમલદારોને કારણે પણ ઊભી થતી રહેલી. આ દેશમાં આવી પડેલા અંગ્રેજ અમલદારો શરૂઆતમાં તો કોઈ વેપારી પેઢીના વાણોતર કે હિસાબનીશની કોટિના જ હતા. તેમની પસંદગી માટેનું એવું કોઈ ધોરણ જ હજી સ્થપાયું ન હતું. વેપાર કરતાં કરતાં, સત્તા સાચવવાની આવતાં, તેઓ આવડે તેવું વહીવટી કામ કરી લેવા તૈયાર થઈ ગયેલા; છતાં વહીવટ કરતાં એકંદરે વેપારમાં જ તેમને વધુ રસ હતો.

એ પછીના ગાળામાં બાહોશ અને શાસન માટેની તાલીમ પામેલા માણસો પણ આવવા લાગ્યા હતા. આવા લોકોનું ધીમે ધીમે એક દળ ઊભું થવા લાગ્યું. આ નોકરશાહી–સેવાદળનાં કેટલાંક ખાસ લક્ષણો ધીમે ધીમે વિકસવા લાગ્યાં. બ્રિટિશ પાર્લામેન્ટના સૂત્રધારોને પણ ન ગાંઠે એવી એક જમાત અહીં ઊભી થઈ ગઈ, જેને લૉઈડ જ્યૉર્જ જેવા બ્રિટિશ વડાપ્રધાને 'પોલાદી ચોકઠું'' તરીકે ઓળખાવી હતી. આ નોકરશાહો સામ્રાજ્યને વફાદાર હતા, લાલચોથી ન ડગે તેવા હતા, ને પોતાના ઘમંડ ને ફાંકામાં માથું ઊંચું રાખીને ફરતા. 'અમે કદી ભૂલ કરીએ જ નહિ' એવી ખુમારીમાં તેઓ રાચતા.

હિંદુસ્તાન માટેની બ્રિટિશ રાજનીતિના વિકાસમાં તથા સ્વાતંત્ર્યઆંદોલનના જુદા જુદા પ્રવાહો તથા તબક્કાઓ વખતે ભારતીય પ્રજા સાથે કામ લેવામાં આ નોકરશાહોનો ફાળો બહુ જ મહત્ત્વનો રહ્યો છે. ન્યાયતંત્રમાં સૌની સમાનતાને પ્રસ્થાપિત કરનાર અંગ્રેજી ઢાંચો હિંદમાં દાખલ કરવા સામે આ અમલદારોમાંના ઘણાએ સખત વિરોધ ઉઠાવેલો. એમનો મૂળ વાંધો એ હતો કે, ન્યાયાલયોમાં અંગ્રેજ ન્યાયમૂર્તિઓ સમક્ષ હિંદી તેમજ અંગ્રેજ અપરાધીઓએ સમાન સ્તરે ઊભા રહેવું પડે તે બરાબર નથી.

'કાયદા સમક્ષ સહુ સમાન' એ સિદ્ધાંત ઇંગ્લૅંડમાં અંગ્રેજોએ અપનાવેલ હતો એ કબૂલ, પણ તેથી બિનગોરી અને પરાજિત પ્રજાઓને પણ અંગ્રેજો સાથે સમાન દરજ્જે બેસાડી દેવી તે બરાબર નથી; 'બધા સમાન ખરા, પણ અમે ગોરી પ્રજા, અમારી બરોબરીમાં બીજા નહિ જ' આવો ખાંડિયો–બાંડિયો સિદ્ધાંત એમણે ભારતને 'ન્યાય' માટે કાઢી આપવાનું ઠરાવ્યું હતું. તેઓ કહેતા કે, અહીંની પ્રજાને અંગ્રેજ કાયદા કોઈ રીતે સદવાના જ નથી. ઊલટાના એને કારણે આપણે એમનામાં વધુ સમસ્યાઓ પેદા કરી આપીશું. અહીંના લોકો માટે તો, જે પ્રદેશમાં જે અમલદાર વહીવટ કરતો હોય તેને જ, સ્થળ-કાળ મુજબ પરિસ્થિતિ સમજી, ન્યાય આપવાનું કામ સોંપી દેવું જોઈએ. એમની આ દલીલમાં કંઈ જ વજૂદ ન હતું એવું પણ નથી.

પંજાબમાં ઘણા લાંબા કાળ સુધી—લગભગ ૧૮૫૭ના બળવાના કાળ સુધી--વહીવટ અને ન્યાયનું કામ ડેપ્યુટી કમિશ્નરની કક્ષાના અમલદાર જ સંભાળતા આવેલા. આ અમલદાર કેવળ પોતાના ઉપરી ડિવિઝનલ કમિશ્નરને જ જવાબદાર રહેતો; ડિવિઝનલ કમિશ્નર ચીફ કમિશ્નરને સીધા જવાબદાર હતો. તકરાર ને ગુનાઓના કિસ્સાઓમાં આ અમલદાર જે તે સ્થળે પહોંચી જઈ, હકીકત જાણી, ન્યાયનો ચુકાદો આપી દેતો; એટલું જ નહિ, એ ચુકાદાના તત્કાલ અમલ થાય તે પણ જોતો. આ પ્રકારે ન્યાય ઝડપી, સસ્તો ને સરળ રહેતો, જો કે હંમેશાં એ ચુકાદો ન્યાયી જ હોય એવું ન પણ બનતું. આ જ મુશ્કેલી અલગ ન્યાયતંત્રમાં પણ હમેશાં નિવારી શકાતી હોય એવું ક્યાં બને છે?

આમ છતાં, અંગ્રેજી શાસન શરૂ થયા પછી હિંદુસ્તાનમાં કેટલાક પાયાના ને ક્રાંતિકારી ફેરફારો પણ અનિવાર્ય રીતે થયા. તેમાં 'पूर्व अने पश्चिम'ની જીવનસરણી વચ્ચેના સંઘર્ષની શરૂઆતમાં જ મહેસૂલ પ્રથા, કેળવણીનું તંત્ર, વાણી લેખન તથા પ્રચારનું સ્વાતંત્ર્ય, તેમજ ધાર્મિક–સામાજિક બાબતોમાં સરકારના હસ્તક્ષેપ જેવાં અનેક સમસ્યાઓ અંગ્રેજી શાસન સામે ઊભી થઈ ગઈ હતી. એક બાજુ, પ્રજાના જીવનમાં પાયાની ફિલસૂફી જ જુદી હતી, તો બીજી બાજુએ શાસકોની દૃષ્ટિ અને વ્યવહારુ નીતિને કારણે ઘણા વિરોધાભાસો ને સમસ્યાઓ પેદા થઈ ગયાં હતાં.

●

# ૩ : ભારતીય આર્થિક પરંપરાનું નિકંદન

અંગ્રેજી શાસન પહેલાંની આપણી અર્થવ્યવસ્થા વર્ણવ્યવસ્થા પર આધારિત હતી, અને વર્ણવ્યવસ્થા ધર્મવ્યવસ્થા સાથે અભિન્નપણે જોડાયેલી હતી. આ વ્યવસ્થામાં લોકો એક પ્રકારની સ્થિરતા, સલામતી અને સ્વયંસંપૂર્ણતાનો અનુભવ કરતા હતા. આ વ્યવસ્થામાં વ્યક્તિને પોતાનાં જ્ઞાતિ, કોમ, ધર્મ તથા કુટુંબ સાથેની તદ્રૂપતાથી એક પ્રકારનો સંતોષ હતો. દરેક વ્યક્તિનો ધંધો તેના જન્મ પહેલાંથી નક્કી થઈ જતો. એથી આ વ્યવસ્થાનો મોટો લાભ એ હતો કે, સૈંકડો વરસો સુધી દેશની અર્થવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, સ્વયંનિર્ભર ગ્રામવ્યવસ્થા એકધારી ચાલી. અનેક બાહ્ય ઝંઝાવાતોય તેને મૂળથી હચમચાવી શકયા ન હતા. આને કારણે કેટલીક પરંપરાઓ સચવાઈ રહેલાં. પણ તેમાં અંગ્રેજોના આગમન સાથે આવેલ નવીન ઝંઝાવાત સામે ટક્કર લેવાની તાકાત હવે રહી ન હતી. અગાઉની બધી રાજ્યવ્યવસ્થાઓએ કે સામ્રાજ્યોએ આ ત્રિકેન્દ્રિત ગ્રામીણ અર્થવ્યવસ્થાના પાયામાં દખલ કરવા જેવું કંઈ કર્યું ન હતું. ખેતી-આધારિત ગૃહઉદ્યોગો ને તેનું ઉત્પાદન-વિતરણનું તંત્ર એટલું બધું વિકેન્દ્રિત ધોરણે ગોઠવાયેલું હતું કે તેનું ઉન્મૂલન હજી લગી શક્ય બન્યું ન હતું. અગાઉના તમામ શાસકોનાં આવકનો મુખ્ય આધાર ખેતી પર જ હતો. વળી ગામડાંમાં ચાલતા ગૃહઉદ્યોગોને બહારના અજાણ્યા બજાર પર કશો જ આધાર રાખવો પડતો નહિ.

દેશની ખેતીની સાથે સાથે વેપાર ઉદ્યોગો પણ સારો વિકાસ સાધી ચૂકેલા હતા. એ દિવસોમાં જ્યારે નાઈલ નદી પર ધ્યાનમગ્ન એવા પિરામિડોનું અસ્તિત્વ જ ન હતું, તેમજ પશ્ચિમી સંસ્કૃતિને પારણે ઝુલાવનાર ગ્રીસ અને રોમનાં જંગલોમાં હજી હિંસક પ્રાણીઓ જ ઘૂરકી રહ્યાં હતાં, તેવે સમયે ભારત ધનસંપત્તિ ને સમૃદ્ધિનું સામ્રાજ્ય ભોગવનારો દેશ બની ચૂક્યો હતો. ××× તેની ઉદ્યમી પ્રજાએ આખા દેશને પોતાના હુન્નર ઉદ્યોગો વડે સમૃદ્ધ કરી મૂક્યો હતો. ભારતના કુશળ કારીગરો માતૃભૂમિએ બક્ષેલ પદાર્થોમાંથી અપ્રાપ્ય એવા અત્યંત સુંદર ને નાજુક તાર બનાવતા હતા. એના ઇજનેરો તથા શિલ્પીઓ ભેગા મળીને એવી ભવ્ય ઇમારતો રચતા હતા કે હજાર વર્ષ પછી પણ તે અજોડ ગણાઈ રહી છે.××× ભારતનાં બજારોમાં રેશમ, કલાઈ, ઝવેરાત, કાચનો સામાન, હાથીદાંત, પારો, ચાંદી, સુંદર જાતવાન ઘોડા, શેતરંજીઓ ઉપરાંત ગુલામો પણ વેચાતા હતા; તો વળી ફેન્સી મસ્લિન, સુતર, કપાસ, રેશમ, ચોખા, ખાંડ, ગળી, સુરોખાર, પીપર આદિ મસાલાની પરદેશમાં નિકાસ થતી. પૂર્વમાં હિંદીચીન, બોર્નિયો તથા જાવા–સુમાત્રા સુધી, ને પશ્ચિમમાં દક્ષિણ તથા પૂર્વ આફ્રિકા, એબિસિનિયા, ઇજિપ્ત, ઉત્તર આફ્રિકા, પશ્ચિમ અરબસ્તાન, ઈરાન તેમજ મધ્ય એશિયા સુધી જમીન માર્ગે વેપારનો માલ પહોંચતો. આ ઉપરાંત તુર્કસ્તાન, પોલેન્ડ તથા પશ્ચિમ યુરોપ પણ ભારતના સુતરાઉ તેમજ રેશમી માલનાં ખાસ ઘરાકો હતાં.

હિંદના સુતરાઉ ને રેશમી કાપડની તો વિદેશોમાં ખાસ બોલબાલા હતી. આ કાપડ ઇંગ્લૅંડના બજારમાં ત્યાંના સ્થાનિક માલ કરતાં ૫૦% થી ૬૦% ટકા જેટલા સસ્તા ભાવે વેચાતું. હિંદને લૂંટવાની દાનત ધરાવનારા અંગ્રેજોએ ખાસ કાયદા કરી આ માલ પર ઘણાં નિયંત્રણો મૂક્યાં હતાં. દા. ત. અંગ્રેજી માલને રક્ષણ આપવા માટે હિંદુસ્તાનના માલ પર ૭૦ થી ૮૦ ટકા જેટલી જકાત નાખી; કેટલાક માલ પર તો ૧૦૦ થી ૯૦૦ ટકા; ને એકાદ ચીજ પર તો ૩૦૦૦ ટકા જેટલી જકાત ચઢાવી દીધી.

આટલેથી ન અટકતાં એમણે હિંદુસ્તાનનો માલ વાપરનારા બ્રિટિશ નાગરિકનો પાંચથી છ પાઉન્ડ ને માલ વેચનારનો ૨૦ પાઉન્ડનો દંડ કરવા માંડયો. લોર્ડ વિલ્સનના કહેવા મુજબ, જો આ પ્રકારની અટકાયતો અને મનાઈ હુકમો ન હોત તો માન્ચેસ્ટરની મિલો શરૂ જ ન થઈ હોત !

* આશ્ચર્યની વાત તો એ છે કે, આ દેશમાં આયાત કરવાના પરવાનાની બાબતમાં હિંદુ તેમજ મુસ્લિમ શાસકોની નીતિ ખૂબ જ ઉદાર રહી હતી. તેઓ દેશી વેપારીઓ કરતાં પરદેશી વેપારીઓને વધુ સગવડ ને ઓછી જકાતનો લાભ આપતા હતા. દા. ત. ઔરંગઝેબના જમાનામાં દાણનું ધોરણ હિંદુ વેપારીઓ માટે ૫ ટકા, મુસ્લિમ વેપારીઓ માટે ૨½ ટકા હતું, જ્યારે પરદેશીઓને સંપૂર્ણ માફી હતી !

## વેપારમાર્ગો અને વહાણવટું

હિંદી વેપારીઓનાં વહાણો ઇંગ્લૅંડનાં વહાણો કરતાં ઊંચી કોટીનાં હતાં. નાનાં નાનાં હિંદી વહાણો ૬૦ થી ૮૦ ટનનાં રહેતાં. પૂર્વના દરિયા પર ૭૦૦ થી ૧૫૦૦ ટનનાં વહાણો ફરતાં. મોટી હોડીઓ ૩૦૦ થી ૪૦૦ ટન માલ ભરતી. ત્યારે ઇંગ્લૅંડમાં વહાણ મોટે ભાગે ૩૦૦ થી ૪૦૦ ટનનું હતું. મોટી હોડીઓમાં ૧૫૦૦ ટન માલ ભરાતો. કેટલાંક વહાણોમાં ૧૭૦૦ મુસાફરો બેસી શકતા. ૪૦,૦૦૦ હોડીઓ સિંધુ નદીમાં ફરતી હતી. કલકત્તાના બારામાં ૧૦ હજાર ટન ભારવાળાં હિંદી વહાણો જોવામાં આવતાં.

—એકંદર, હિંદનાં જુદાં જુદાં બંદરોએથી ૩,૪૫,૦૦૦ ટન માલની અવરજવર થતી. તેમાં ૮૫,૦૦૦ ટન માલ હિંદ બહાર જતો હતો.

૧૭ મી સદીમાં એશિયાઈ દેશો વચ્ચેનો દરિયાઈ વેપાર દુનિયાના બીજા કોઈ પણ સમુદ્રો પર ચાલતા દરિયાઈ વેપાર કરતાં વિશેષ હતો. પરંતુ યુરોપી ચાંચિયાઓએ તે વેપારને ખોરવી નાખ્યો. ચાંચિયાગીરી કરીને, લંડનમાં પ્રવેશના માલ પર બેહદ જકાત નાખીને, જે વહાણોમાં ૩/૪ ખલાસીઓ અંગ્રેજ ન હોય તેવાં વહાણોને પ્રવેશબંધી ફરમાવીને, અંગ્રેજોએ હિંદ તેમજ એશિયાના બીજા દેશોના દરિયાઈ વેપારના સાહસને ખતમ કરી નાખ્યું...**૧૩ મી સદીમાં હિંદ કે જે પૂર્વમાં 'દરિયાઈ રાણી' ગણાતું તે 'રાણી' મટીને 'દાસી' બન્યું !**

ઇંગ્લૅંડની ઔદ્યોગિક ક્રાન્તિના આક્રમણની અસર અન્ય દેશોમાં પણ થઈ હતી. પરંતુ તે દેશોએ પોતાના દેશમાં જૂની અર્થવ્યવસ્થાને સ્થાને નવી અર્થવ્યવસ્થા ભારે ઝડપથી ને કારગત બને એ રીતે ઊભી કરી દીધી. તેવું હિંદમાં ન બન્યું. એટલું જ નહિ, અંગ્રેજી શાસને હિંદને ઇંગ્લૅંડના પોતાના વેપાર-ઉદ્યોગને પૂરેપૂરા ખીલવવા માટે 'કાચી સામગ્રીનું કેન્દ્ર' બનાવી મૂક્યું હતું. આ બાબત બ્રિટિશ શાસનની એક અત્યંત કલંકભરી કથા બની રહી. આપણે આગળ જોયું તેમ, બ્રિટિશ શાસનતંત્ર એવી રીતે ગોઠવાયેલું હતું કે તેમાં ભારતના હિત કરતાં બ્રિટનનું હિત અગ્રતાક્રમે રહેતું.

## કાયમી જમાબંધી

ભારતમાં મધ્યયુગીન કાળ સાથેનો છેડો ફાડીને નવો તરાહ ઊભી કરવાનું પહેલું પગલું કદાચ કોર્નવાલિસની 'કાયમી જમાબંધી'ની નીતિના અમલને ગણાવી શકાય. તેનાં તાત્કાલિક તેમજ દૂરગામી પરિણામો ભારે પરિવર્તનો સર્જનારાં નીવડયાં. કૃષિ-આધારિત ગ્રામજીવન જે ભારતની સંપન્નતાનો મુખ્ય આધારસ્તંભ હતું તેને એક નવા જ પ્રકારની જીવનપદ્ધતિ સાથે ગોઠવવાનો પ્રયાસ કરવાનું આવ્યું. ભારતીય પરંપરામાં કે અગાઉના શાસનકાળમાં ક્યારેય જમીન અંગત સંપત્તિ અને વ્યક્તિગત માલિકીનું સાધન ન હતી. પોતે જ સામાજિક સંપત્તિનું, સામાજિક જીવનનું, તેમ જ અર્થકારણનું

મધ્યબિંદુ હતી. ગમે તેવી આર્થિક સંક્રાંતિમાં પણ સત્તાધારી કે લેણદાર શાહુકાર ખેડૂત પાસેથી તેની જમીન છોડાવી શકતો નહિ. સૈદ્ધાંતિક રીતે પણ જમીનની માલિકી સમગ્ર ગામની ગણાતી. તેના પર ખેતી કરીને આજીવિકા મેળવતો ખેડૂત વંશપરંપરાગત રીતે એ જમીનને માવડીની જેમ વળગી રહેતો.

કોર્નવાલિસના કાયદાએ કલમના એક ઝાટકે જમીનની આ સ્થિતિમાં ધરમૂળનો પલટો આણી દીધો. જમીન ગ્રામજીવનનું કેન્દ્ર મટી ગઈ. તેને વેચી શકાય, ખરીદી શકાય, ગીરવે મૂકી શકાય તેવી બજારુ માલની હરોળમાં તે મુકાઈ ગઈ. આ નવા પ્રકારના આચાર–વિચાર સાથે પોતાના પરંપરાગત જીવનપ્રવાહને અનુકૂળ બનાવવો તે ખેડૂત માટે ખૂબ મુશ્કેલ બની ગયું.

આ કાયમી જમાબંધીની પ્રથા દાખલ થતાં ભારતના ગ્રામજીવનમાં એક નવા જ પ્રકારનો જમીનદાર વર્ગ ઊભો થઈ ગયો. બ્રિટિશ શાસકો માટે આવકનું એક મોટું સાધન જમીન-મહેસુલે ઊભું કરી આપ્યું. આ નવા કાયદાથી એ આવક બાબતમાં અત્યારસુધી જે અનિશ્ચિતતા પ્રવર્તતી હતી, તેની શિરોવેદનામાંથી સરકારે છુટકારો મેળવી લીધો. નવા ઊભા થયેલ જમીનદારો પાસેથી હવે સરકારને નિશ્ચિત રકમનું મહેસૂલ ચોક્કસપણે મળતું જવાનું હતું. આ ઉપરાંત, નવા જમીનદાર વર્ગની વફાદારી પણ સરળતાથી એમને મળી જવા લાગી.

* સરકારે આકારેલું મહેસૂલ ભરવાની જવાબદારી પોતાને માથે લઈ લેનારા જમીનદારે હવે મહેસૂલની રકમ ઉપરાંત, પોતાનેય એક મોટો હિસ્સો ખેડૂતની આવકમાંથી મળી રહે તે રીતે, પોતાની જમીન પર પાક લેનારા ગણોતિયાને બને તેટલો વધુ ને વધુ નીચોવવા માંડ્યો. ને આ બાબતમાં શાસકોએ કશો વાંધો ઉઠાવવાપણું જોયું નહિ. આ પરિસ્થિતિનાં ઘણાં જ ભયંકર પરિણામો આવ્યાં.

જો કે, આ કાયમી જમાબંધીનો અમલ મુખ્યત્વે બંગાળમાં જ થયો, કારણ કે કોર્નવાલિસના કાળમાં માત્ર બંગાળ જ ભારત પરની એમની સત્તાનું કેન્દ્ર હતું. આથી બંગાળ જ બધી રીતે નવી અંગ્રેજ શાસનપ્રણાલીની પ્રયોગભૂમિ બન્યું. આ જ કારણસર, જેમ બંગાળ સૌથી પહેલું 'નવજાગરણ' (રેનેસાં)નું વાહન બન્યું, તેમ આર્થિક ક્ષેત્રે બેહાલીનું સ્પષ્ટ દર્શન એણે જ દેશ સમક્ષ પેશ કર્યું.

## ખેતી પરનું ભારણ

ગ્રામજીવનની બરબાદી તથા ખેતીની દુર્દશાનું બીજું નોંધપાત્ર પાસું એ છે કે, દુનિયાના સ્વતંત્ર દેશોમાં ઉદ્યોગોનો વિકાસ થતાં અને રોજગારીનાં સાધનો વધતાં, ખેતી પર નભતી પ્રજાનું ભારણ ઘટ્યું હતું. પરંતુ ભારતમાં એથી ઊલટું જ બન્યું. અંગ્રેજોના આગમન પછી ઉદ્યોગો તથા વેપાર-રોજગાર–ધંધા (હસ્તઉદ્યોગો-ગ્રામઉદ્યોગો), શરાફી (બૅંકિંગ) અને વહાણવટાના ધંધા–વ્યવસાયોનો નાશ થયો ને પ્રજાને ખેતી પર જ નભવાનો વારો આવ્યો. દેશની અંદર પણ ઉદ્યોગો અને ખેતી વચ્ચે જે સંકલન હતું તે તૂટ્યું. પરિણામે, ભારતની ખેતીને, બ્રિટિશ ઉદ્યોગોને પોષવા સારુ કાચા માલનું ઉત્પાદન કરનારું, અંગ્રેજોનું હાથવગું સાધન બની રહેવાનું આવ્યું અને બ્રિટનમાં જે પાકા માલનું ઉત્પાદન થાય તે માટેનું બજાર પૂરું પાડનાર ક્ષેત્ર બની રહેવું પડ્યું. ખેડૂતોના હાથમાંથી પોતાના દેશના ઉદ્યોગો માટે કાચો માલ સસ્તામાં પડાવી લેવા અંગ્રેજોએ અજબ–ગજબના કીમિયા અજમાવવા માંડ્યા. તેઓએ નવા પેદા થનાર પાકની આગોતરી ખરીદી કરી લેવા માટે નવી રીતરસમો અજમાવવા માંડી. 'ખરીદી'ને નામે એમના આડતિયા ગ્રામપ્રદેશમાં ઘૂમવા લાગ્યા. તેઓ ખેડૂતને 'બાના પેટે' નાની રકમ આપી રાખી પાક ઊતરે તે પહેલાંથી સોદા પર ખેડૂતના અંગૂઠા પડાવી લેતા. આમ, મનસ્વી દરે ખેડૂતની મહેનતના કટકા થઈ જતા. કોઈ ખેડૂતને આવો સોદો મંજૂર ન હોય તો તેઓ એના ઘરમાં બાનાની રકમના પૈસા ફેંકી આવતા, ને એને

નામે પોતાના ચોપડામાં ઉધારી દેતા. એ પછી, જો ખેડૂત એ પાક કોઈ બીજા વેપારીને વેચવાનું કરે તો તે ગુનો ગણાતો !

* આમ, રાજસત્તા અને વેપાર એક જ હાથમાં હોઈને ખેડૂત આ આખાય તંત્ર સામે લાચાર બની ગયો હતો. મિ. એડમોન્સ્ટને લખ્યું છે તે મુજબ, કંપની સરકાર વાર્ષિક મહેસૂલ પેટે હિંદમાંથી રૂપિયા ૩૮ કરોડ જેટલી જંગી રકમ ઉઘરાવી લેતી. પરંતુ એના બદલામાં નહેરો, રસ્તાઓ, પુલો વગેરે બાંધવા યા સમારાવવાનું—જાહેર-બાંધકામ ખાતાનું એક પણ કામ એણે કર્યું ન હતું. કારણ રાજકર્તાઓ મહેસૂલને 'ભાડું' ગણતા હતા. જાણે કે, જમીનની માલિક અંગ્રેજ સરકાર હોય ! આ ભાડું પણ જેવું તેવું ન હતું. જમીનની ઊપજના અર્ધા ભાગ મહેસૂલ તરીકે પડાવી લેવાતો હતો. પરિણામે આ દેશના ખેડૂતની શક્તિ ચૂસાઈ રહી હતી ને ગ્રામવિસ્તારની પ્રજા ગરીબીમાં પટકાઈ રહી હતી.

અંગ્રેજ ગવર્નરોના હાથમાં બંગાળનો કારભાર આવતાંની સાથે, પહેલા જ વરસે, અગાઉના નવાબો કરતાં બેથી અઢી ગણું મહેસૂલ ઉઘરાવવાનું શરૂ થઈ ગયું. ૧૭૯૦–૯૧માં બંગાળમાં વ્યવસ્થિત અંગ્રેજી રાજ્યની સ્થાપના થતાં સુધીમાં તો મહેસૂલ ચારગણું એટલે કે સાડી ચોસઠ લાખને બદલે બે કરોડ અડસઠ લાખ જેટલું થઈ ગયું હતું. ૧૭૭૦નો બંગાળનો દુષ્કાળ આનું જ સીધું પરિણામ હતો. બંગાળના પચાસ ટકાથી વધુ ખેડૂતો (અર્થાત્ એક કરોડથી વધુ માણસો) ભૂખે ટળવળતાં મરણ પામ્યાં. આમ છતાં, સરકારે મહેસૂલ બિલકુલ ઘટાડ્યું નહિ. પરંતુ ખેડૂતની નારાજીની પરિસ્થિતિ એટલી હદ બહાર પહોંચી ગઈ હતી કે, અનેક પ્રકારના જુલમો છતાં સરકાર તે સમયે પાંચ જ ટકા મહેસૂલ ઉઘરાવી શકી હતી.

* હિંદુસ્તાનને થોડી ઘણીય સ્વતંત્રતા આપવાની રાજકીય માગથી અંગ્રેજ આગેવાનો હંમેશાં ગભરાતા આવ્યા છે, તેનું મૂળ કારણ તો આ આર્થિક લાભ-લોભ જતા કરવા પડે, એનો બીક જ હતું. આ રહ્યાં તેનાં કેટલાંક પ્રમાણો—

"તમને ખબર નથી કે હિંદુસ્તાન આપણા હાથમાંથી ચાલ્યું જાય તો આપણો આખો વેપાર પડી ભાંગે એમ છે. એ દેશનાં બધાં બજારો, મધ્ય એશિયાનાં બજારોની પેઠે આપણે માટે બંધ થશે. એટલું જ નહિ, હિંદુસ્તાન મબલખ કાચો માલ પેદા કરે છે; ને ઉપરાંત તેની પાસે વંશપરંપરાગત રીતે ઊતરી આવેલ એટલા બધા કુશળ કારીગરો છે કે, રાજ્ય તરફથી એમને થોડું જ રક્ષણ મળે તો તે એક મોટો ઉદ્યોગપ્રધાન દેશ બની જશે; ને પોતાની સસ્તી મજૂરી તથા કાચા માલની સુગમતાને કારણે આપણને આખા એશિયાનાં બજારોમાંથી હાંકી કાઢશે"

(મેજર ડબલ્યુ. સેજવિકના ઉદ્ગાર : ૧૮૮૬)

*

"ખરેખર જો આપણા હિંદના સામ્રાજ્યમાં કંઈક ગરબડ થઈ, ને આપણી તે દેશ પરની રાજસત્તામાં થોડો ઘણો પણ ફેરફાર થયો, તો યાદ રાખજો કે ઇંગ્લૅંડમાં એક પણ ઝૂંપડું એવું નહિ રહે કે, જેને એ પછી આવી પડનારી ભયંકર આફતનું કપરું પરિણામ ભોગવવું નહિ પડે."

(માર્કિવસ ઓફ ડફરીનના ભાષણમાંથી)

ખેડૂતોની માફક જ અંગ્રેજોના શોષણના બીજા શિકાર મીઠું પકવનારા બન્યા હતા. બંગાળના નવાબ વતી કર્તા-કારવતા બની બેઠેલા કંપની સરકારના અમલદારોએ બંગાળના જમીનદારો પાસેથી હાથમુચરકા લખાવી લીધા કે, તેઓ મીઠાના વેપારમાં હાથ નહિ નાખે, ને પોતાની જમીનદારીમાં જેટલું મીઠું પાકશે તે બધું સીધેસીધું કંપની સરકારને સુપરત કરી દેશે. તેની કિંમત કરાર પૂરો કરતી વેળાએ જે હશે તે મુજબ જ એમને ચૂકવાશે. આ બાબતમાં જો કોઈ ગુનામાં આવશે તો એમણે મણ દીઠ પાંચ રૂપિયા દંડના ભરવા પડશે.

આ રીતે 'મીઠાના હાથ મુચરકા'નામે બે વરસમાં કંપની સરકારે ૧ કરોડ ૯૬ હજાર ને ૭૫૫ રૂપિયાનું શોષણ કર્યું. આ પછી બંગાળનો મીઠાનો વેપાર પણ ઝપાટાબંધ નાશ પામ્યો. ખાસ તો, ત્યાંની નદીઓ મારફતે જે જમીન ધોવાતી હતી, તેમાં મીઠા સિવાય કશું પાકે એમ જ ન હતું. આમ, જે ખેડૂતો મીઠું પકવીને ગુજારો કરતા હતા તેમના આ છેલ્લો આધાર પણ ઝૂંટવાઈ ગયો.

## ઉદ્યોગ ક્ષેત્રે શોષણ

ઉદ્યોગ ક્ષેત્રે આ દેશના કાપડઉદ્યોગ આ શોષણનું સૌ પ્રથમ નિશાન બન્યો. હિંદી કારીગરો પાસેથી તેમની કળા શીખી લઈને માન્ચેસ્ટરના કારીગરોને શીખવાડવા માટે તરેહ તરેહની બળજબરી ને જુલમો હિંદીઓ પર ગુજારવામાં આવ્યાં.

આ બધું કરવા છતાં, હિંદની હરીફાઈમાં ટકવું એમને માટે મુશ્કેલ બની ગયું હતું, તેથી ૧૮૫૩માં ઈસ્ટ ઈંડિયા કંપનીની સનદ લંબાવી આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે બ્રિટિશરોએ એક નવો નુસખો અજમાવ્યો. 'મુક્ત વેપાર' અર્થાત્ નિયંત્રણો વગર એક દેશનો વેપારી બીજા દેશમાં વેપાર કરવા મુક્ત (!) હોવો જોઈએ એવા અર્થશાસ્ત્રના સિદ્ધાંતને આગળ ધરીને એમણે કેવળ ઈસ્ટ ઈંડિયા કંપનીને હિંદુસ્તાનમાં વેપાર કરવાનો જે ઇજારો આપેલો હતો તે દૂર કર્યો; ને તમામ અંગ્રેજ વેપારીઓ માટે હિંદમાં દ્વાર ખોલી આપ્યાં. બીજું એ કે, 'મુક્ત વેપાર'નો સિદ્ધાંત હિંદનો માલ બ્રિટનમાં આયાત કરવા પૂરતો જ અમલમાં મુકાયો. બીજી બાજુથી, હિંદી વેપારીને તો જકાત ને કર ભર્યા વિના ઈંગ્લેંડમાં નહિ પ્રવેશવા દેવા માટેનાં નિયંત્રણો ચાલુ જ રહ્યાં. તેથી ઘરના ઉદ્યોગોને હિંદી માલની હરીફાઈ સામે રક્ષણ મળી ગયું. આ બધા 'મોસાળમાં જમણ ને મા પીરસનારી' જેવા અંગ્રેજોના વ્યવહારોનું પરિણામ, આંકડામાં રજૂ કરીએ તો, સર ચાર્લ્સ ટ્રેવેલિયનની ગણતરી મુજબ, ૧૮૧૬-૧૭ થી ૧૮૩૨-૩૩ સુધીમાં એકલા બંગાળમાંથી ઈંગ્લેંડ નિકાસ થતા કાપડમાં વરસે દહાડે એક કરોડ રૂપિયાની કિંમતનો ઘટાડો થઈ ચૂક્યો હતો. સૂતર સાથે ગણતાં એ ઘટાડો ૧ કરોડ ને ૮૦ લાખનો હતો! બીજા આંકડા મુજબ, કાપડની ગાંસડીઓ ને તાકાની સંખ્યા પણ ઘટતી જ ગઈ હતી.

| સન | ગાંસડી | તાકા |
|---|---|---|
| ૧૮૧૪-૧૫ | ૩૮૪૨ | (?) |
| ૧૮૨૪-૨૫ | ૧૮૭૯ | ૧,૬૭,૫૨૪ |
| ૧૮૨૮-૨૯ | ૪૩૩ | ૩૨,૬૨૬ |

આટલેથી સંતોષ ન લેતાં, હિંદના ૪૮-૪૯ જેટલા ઉદ્યોગોને સમૂળા કાઢી નાખવામાં આવ્યા તથા માલ બનાવનારાઓને રખડતા કરવા બીજા અનેક ઉપાયો યોજવામાં આવ્યા હતા. દાખલા તરીકે, અગાઉના જમાનામાં 'ટોલ' પદ્ધતિ હતી. તેમાં ૫૦, ૬૦ માઈલે માલની હેરફેર મુજબ, તબક્કાવાર જકાત ભરવી પડતી. અંતર વધે તેમ તેમ જકાત વધતી. અંગ્રેજી શાસને બધા માલ પર લાંબામાં લાંબા

૨ માટેની જકાત નાખી; અને તે જકાત અગાઉથી વેપારી પાસેથી ઉઘરાવી લઈ, તેને પાસ પવાનો શિરસ્તો દાખલ કર્યો. એક સામટી જકાત ઉઘરાવી લેવાની આ પદ્ધતિ એટલી ગૂંચવણભરી ને અનેક પ્રકારની નવી મુશ્કેલીઓથી ભરપૂર હતી કે, એક યા બીજા બહાને વેપારીઓનો માલ રોકી ખવામાં આવતો; તથા કાચા માલની જકાત ભરેલી હોવા છતાં, પાકા માલ ઉપર પણ ક્યારેક તો ણુ વાર જકાત ઉઘરાવી લેવાતી!

આટલેથી પણ એમને જોઈતું પરિણામ હાંસલ ન થયાનો અસંતોષ રહી જતાં, કંપની સરકારના ગાડતિયાઓ ગામેગામ ફરીને, વણકરો પાસેથી બળજબરીથી -રીતસર શારીરિક ત્રાસ આપીને—એમનું તમામ કાપડ મનસ્વી ભાવે ખરીદી કબજે કરી લેતા. આ પછી એ જ કાપડ મોંઘા ભાવે વેચવાનો ઈજારો કંપનીએ હાથ કરી લીધો હતો.

*આ બધાથી ત્રાસી જઈને અનેક વણકરોએ એ ધંધો છોડી દીધો હતો. પરંતુ એવા લોકોને ગામના દરવાજા બહાર નીકળવાની બંધી ફરમાવી દઈ, એમને લાચાર બનાવી મૂકવામાં આવતા. આ રીતે ઉત્તરના પ્રદેશોમાં રેશમનાં કોકડાં ઉકેલનારાઓ ઉપર એટલો બધો જુલમ ગુજારવામાં આવેલો કે, તેમણે રેશમનાં કોકડાં ઉકેલવા–ભરવાના કામમાં ફરજિયાત જોતરાઈ રહેવા કરતાં, પોતાના અંગૂઠા કાપી નાખવાનું વધુ પસંદ કર્યું હતું.

૧૮મી સદીના અંતે, દેશભરમાં અનેક હાથશાળો બંધ પડતાં લાખોને રોજીરોટી આપનારો હિંદનો સૂતર-રેશમનો ઉદ્યોગ વિનાશના મુખમાં હોમાઈ ગયો હતો.

રમેશચંદ્ર દત્તે આપેલ આંકડા મુજબ, ૧૭૯૪માં ૧૫૬ પાઉન્ડની કાપડની આયાત હતી, તે ૧૮૧૩માં ૧,૦૮,૮૨૪ પાઉન્ડે પહોંચી ગઈ હતી. પણ તે પછી ૧૮૧૪ થી ૧૮૨૮નાં ૧૪ વરસમાં જ તેમાં ત્રણ ગણો વધારો થઈ ગયો હતો. સુતરાઉ માલ, સૂતર, સાંચાકામ તથા જસત આ ચાર પ્રકારના માલમાં બેશુમાર વધારો થવા પામ્યો હતો; અને ૧૮૫૮ થી ૧૮૬૯ના ૧૧ વરસના ગાળામાં બ્રિટિશ કાપડની આયાત બમણી–૧૦૦ લાખ પાઉન્ડથીય વધી ગઈ હતી.

---

## બ્રિટિશ સામ્રાજ્ય પરંપરાની વિલક્ષણ સમગ્રતા

એકંદરે, હિંદમાંના બ્રિટિશ સામ્રાજ્યને સમગ્રપણે ઓળખવું હોય તો તેનાં બેઉ પાસાં સમજવાં રહ્યાં. આ વાત બહુ માર્મિક રીતે જોહ્ન સ્ટ્રેચીએ સૂચવી છે. તેઓ કહે છે કે, "હિંદમાંનું બ્રિટિશ સામ્રાજ્ય જેમ અન્યાયપૂર્ણ હતું તેમ બીજી રીતે ઉપકારક પણ હતું. તે હિંસા, વિશ્વાસઘાત અને અદમ્ય સંપત્તિ-લાલસા વડે સ્થપાયું હતું, તેમ સાહસવૃત્તિ અને અનન્ય સંકલ્પબળ વડે એનો પાયો નંખાયો હતો. એક રીતે, તેણે હિંદને એકત્ર પણ કર્યું ને બીજી રીતે તેણે હિંદના ભાગલા પણ પાડ્યા છે. તેણે હિંદમાં ઉદ્યોગો સ્થાપ્યા, બીજી રીતે એના ઉદ્યોગોના વિકાસને રૂંધ્યો પણ તેણે જ. એક રીતે તેણે હિંદને હલકું પાડ્યું, બીજી રીતે એણે હિંદની સેવા પણ કરી. તેણે હિંદને બરબાદ કર્યું—તે સ્વાર્થી હતું, કંઈક અંશે નિઃસ્વાર્થ પણ રહ્યું. 'વિનાશ કરનાર' તેમજ 'નવરચના કરનાર' પણ તે બન્યું. તેણે જે રીતે હિંદનું આધુનિકીકરણ કર્યું તેનાં ય બે પાસાં હતાં: એક શાન અપાવનાર હતું, તો બીજું કદરૂપા કલંકરૂપ પણ હતું. આ બધાંને કારણે તેને ફૂલ ચઢાવવાનું ન બને એ વાત ખરી, પણ સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે, તેની કેવળ નિંદા કર્યે પણ ચાલે નહિ."

('એન્ડ ઓફ એન એમ્પાયર'-જોન સ્ટ્રેચી)

---

નવાઈની વાત તો એ છે કે, જે મૂડી પર ઈસ્ટ ઈન્ડિયા કંપની પોતાનો આ બધો વપાર ચલાવી રહી હતી એમ કહેવામાં આવતું, તે મૂડીમાંથી તો એક પાઈ પણ એને હજી સુધી વાપરવી પડી ન હતી. એટલું જ નહિ, હિંદુસ્તાનને ચૂસીને જે ધન અત્યાર સુધી બ્રિટનમાં ઢસડી જવાયું હતું, તેના જ જોર પર ઈંગ્લેંડમાં યંત્ર ઉદ્યોગ શરૂ થઈ ગયો હતો. ૧૭૬૦માં ફટકા-શાળ હતી; ૧૭૬૪માં 'સ્પિનિંગ જેની' (બહુનારી કાંતણ-યંત્ર); ૧૭૬૮માં વૉટનું વરાળયંત્ર આવ્યું; ૧૭૭૬માં ક્રોમ્પટનનું કાંતણનું મ્યુલ-યંત્ર આવ્યું; ને ૧૭૮૫માં રાઈટની વરાળ-શાળ સ્થપાઈ જતાં, ઔદ્યોગિક યંત્ર-વિકાસનો ઉત્તમમાં ઉત્તમ લાભ અંગ્રેજો લણી શકયા હતા. ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધથી ૧૮૧૫ના વોટર્લુના યુદ્ધગાળા દરમિયાન જ પંદર અબજ રૂપિયા અંગ્રેજી સત્તા હિંદુસ્તાનમાંથી ઈંગ્લેંડ ઘસડી જઈ શકી હતી.

*** અંગ્રેજી શાસને હેતુપૂર્વક યોજના કરીને આરંભથી તે અંત લગી જે રીતે આ દેશનું આર્થિક શોષણ કર્યું, અને હિંદની પ્રજાને દારિદ્રની ઊંડી ગર્તામાં ધકેલ્યા કરી, તેને તો ઈતિહાસની કલંકકથા જ કહેવી પડે.**

---

## ઉદ્યોગ-વેપારનો નાશ

હિંદુસ્તાનની રાજસત્તા પોતાના હાથમાં આવી ત્યારથી ઈંગ્લેન્ડે નીચેનાં સાધનોથી હિંદુસ્તાનના વેપારઉદ્યોગોનો નાશ કર્યો—

(૧) હિંદુસ્તાનમાં અંગ્રેજોના 'અનિયંત્રિત'-બિનજકાતી વેપાર શરૂ કરીને;

(૨) ઈંગ્લેન્ડમાં હિંદુસ્તાનના માલ ઉપર ભારે જકાતો નાખીને;

(૩) હિંદુસ્તાનનો કાચો માલ બહાર ચઢાવીને;

(૪) કારખાનાંના સખત કાયદાઓથી;

(૫) દેશની અંદર અને બહાર હિંદુસ્તાનના માલ ઉપર જકાતો નાખીને;

(૬) અંગ્રેજોને હિંદુસ્તાનમાં ખાસ વેપારી હકો આપીને;

(૭) હિંદુસ્તાનમાં રેલ્વે બાંધીને;

(૮) હિંદી કારીગરોને પોતાના ધંધાની છૂપી કૂંચીઓ બતાવી દેવાની ફરજ પાડીને;

(૯) પ્રદર્શનો ભરીને;

(૧૦) કહેવાતી અંગ્રેજોની મૂડી (અહીંથી લૂંટેલી સંપત્તિ) દેશમાં રોકીને;

(૧૧) હિંદુસ્તાનનું રાજતંત્ર પોતાના હાથમાં રાખીને.

---

# બંગાળની કુલીનશાહી

## (સામાજિક ચિત્ર)

૧૮માં સદીના અંત ભાગ સુધીમાં રાજકીય અને આર્થિક અવદશા ઉપરાંત સામાજિક અવદશા (૧૯મા સૈકાના મધ્યકાળ સુધી) એટલી જ વિઘટનાત્મક હતી. બંગાળમાં જ્ઞાતિસોપાનની ટોચે ઊભેલા બ્રાહ્મણોમાં 'કુલીન' બ્રાહ્મણનું સ્થાન સહુથી ઊંચું ગણાતું. તેમની કન્યાઓ બીજા કોઈ બ્રાહ્મણકુળમાં કેમ જાય? આથી કુલીન બ્રાહ્મણ પુરુષો માટે અનેક (૫૦ થી ૬૦ સુધીની) 'કુલીન' કન્યાઓના પતિ બનવાનું અનિવાર્ય હતું! અલબત્ત, 'કુલીન' પત્નીઓ મોટા ભાગે પોતાના પિતાને ત્યાં જ રહેતી. પતિને પત્નીઓની સંખ્યાની અને તેમનાં સરનામાંઓની નોંધ રાખવી પડતી અને જીવનમાં એકાદ વખત પતિદેવ શ્વસુરગૃહે પધરામણી કરે તો તે તેમની કૃપા! નહિ તો એમ ને એમ 'વિધવા' બની જીવન વિતાવતી. છતાં 'કુલીન' કુટુંબીજનો તો પોતાની કન્યાનું લગ્ન થયાની ધન્યતા અનુભવતા. એવા પણ દાખલાઓ નોંધાયેલા છે કે મરણાસન્ન કુલીન ગૃહસ્થની પથારી પાસે એકી સાથે ટોળાબંધ કન્યાઓને લાવીને, તેમના હાથ અડાડી રાખીને લગ્નવિધિ કરાવી દેવામાં આવતો! ક્યારેક **તો લગ્ન ને વૈધવ્ય વચ્ચે ઓછામાં ઓછો ગાળો રહે તેવું બનતું.**

આ સ્થિતિમાંથી રસ્તો કાઢવા માટે પતિવ્રતા સ્ત્રી પતિની પાછળ 'સતી' બની સ્વર્ગમાં જાય તેવી ગોઠવણ પણ કરવામાં આવતી. સ્ત્રીઓ સ્વેચ્છાએ 'સતી' થતી કે તેમને પરાણે સતી કરવામાં આવતી કે તેમનું 'બ્રેઈન વૉશિંગ' કરવામાં આવતું તે વિગત મહત્ત્વની નથી, પણ સ્ત્રીનું સ્થાન સમાજમાં શું હતું તે મહત્ત્વનું છે. વળી, આખા સમાજમાં કન્યા શાપરૂપ મનાતી; તેથી તાજી જન્મેલી કન્યાને ગંગાને ખોળે સોંપી દેવાની વિધિ ખૂબ જ પ્રચલિત હતી. જ્યારે સતી થવાનો રિવાજ બંધ કરવા માટે કાયદો કરાવવા રાજા રામમોહન રાય સરકારી અમલદારોને સમજાવી રહ્યા હતા, ત્યારે બ્રાહ્મણો શાસ્ત્રનાં પ્રમાણો ટાંકીને સરકારને એમ ઠસાવી રહ્યા હતા કે 'હિંદુ ધર્મના ક્ષેત્રમાં રાજસત્તાએ માથું ન મારવું જોઈએ.'

આ બ્રાહ્મણો બધા 'ક્રૂર રાક્ષસો' કે 'દુષ્ટ' હતા તેવું ન હતું, કેમકે તેમના પોતાના ઘરમાં પણ આવા કઠોર પ્રસંગો આવતા ને કઠણ હૈયે સહેવા પડતા હતા. સવાલ એ છે કે આ પ્રણાલિકાની પકડમાંથી નીકળવું તેમને જરૂરી લાગતું ન હતું; કેમ કે તત્કાલીન સમાજ-વ્યવસ્થાનો તે એક અનિવાર્ય ભાગ હતી.

*

* ખુદ ગુજરાતમાં પણ ૧૮મા સૈકાના અંતકાળથી માંડી ૧૯મા સૈકાના મધ્યકાળ સુધી સામાજિક ધાર્મિક ને નૈતિક અધ:પતનની માત્રા કેટલે સુધી નીચે ગઈ હતી તેનું આબેહૂબ વર્ણન ૧૯મા સૈકાના શરૂઆતના કાળમાં અમદાવાદમાં જન્મેલા કૃષ્ણરાય મહારાજે 'કળીકાળનું વર્ણન' નામનું લાંબું કાવ્ય લખીને કરેલું છે. આખું કાવ્ય મહા દારુણ છે.



૧૮૫૭ના વીર સેનાની

# ૪ : રાષ્ટ્રીય જાગૃતિનાં પરિબળો

અદ્યતન સંકલ્પનાના સંદર્ભમાં 'રાષ્ટ્ર' શબ્દનો જન્મ સામંતશાહીના અંત અને મૂડીવાદના ઉદ્ભવની સાથે થયો. મૂડીવાદના વિકાસની સાથે 'રાષ્ટ્રીય ભાવના' અને 'રાષ્ટ્રીય આંદોલનો' જન્મ્યાં. બજાર એ મૂડીવાદીઓને રાષ્ટ્રવાદનું શિક્ષણ આપનાર પ્રથમ શાળા હતું. ભારતમાં પશ્ચિમી પ્રજાઓના આગમન સાથે ભારતના આર્થિક શોષણનો તબક્કો આરંભાયો. આ આર્થિક શોષણની પકડને વધુ જડબેસલાક બનાવવા અને એના વધારે ને વધારે લાભો પ્રાપ્ત કરવા અંગ્રેજો મથ્યા. અંગ્રેજો જેમ જેમ ભારતનું વ્યવસ્થિત રીતે શોષણ વધારતા ગયા, તેમ તેમ તેના પ્રત્યાઘાત રૂપે—આડપેદાશ રૂપે—પ્રજામાં જાગૃતિ આવતી ગઈ; રાષ્ટ્રવાદની ભાવનાનો પ્રાદુર્ભાવ થતો ગયો.

૧૮૩૫માં સર ચાર્લ્સ મેટકાફ જે ભારતના ગવર્નરજનરલ હતા તેમણે નોંધ્યું હતું કે, હિંદુસ્તાન નાનાં નાનાં ગણતંત્રોના સમુદાય જેવો છે. પોતાને જરૂરી બધી ચીજો તેની પાસે છે. વિદેશી સંબંધોથી તે મુક્ત છે. જ્યાં કંઈ જ સ્થાયી નથી ત્યાં ભારતમાં ગ્રામસમાજ એકલો જ સાતત્ય ધરાવે છે. ભારતમાં રાજવંશો અને રાજવંશી કુટુંબો લડયા કર્યાં. ક્રાંતિઓ થતી રહી. હિંદુ, પઠાણ, મોગલ, મરાઠા, શીખો અને અંગ્રેજો વારાફરતી ભારતના શાસક બનતા આવ્યા; પણ ગ્રામસમાજ તો યથાવત્ જ રહ્યો.

વર્ષો દરમ્યાન આ સ્વાયત્ત ગ્રામસમાજ અચલાયતન બનતો ગયો. પરિણામે, નાનાં નાનાં એકમોમાં વિભાજિત દેશમાં એકતાની ભાવના નિર્મૂળ થવા લાગી. ભારતીય રાષ્ટ્રીયતાનો સર્વપ્રથમ સઘન પુરાવો તે ૧૮૫૭નો વિદ્રોહ. તેનાં કારણોમાં સામાજિક, રાજકીય, ધાર્મિક, આર્થિક, ભૂખમરો અને દુકાળો ઉપરાંત, લશ્કરી અસંતોષ હતો. આથી ચોંકી ઊઠીને બ્રિટિશ સત્તાએ ભારતમાં પરિસ્થિતિને પહોંચી વળવા વારંવાર જે પગલાં ભર્યાં તે કેવી રીતે બેધારી તલવાર સમાં બન્યાં, તે આપણે જોઈએ.

## રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો અને પછીની પચ્ચીસી (૧૮૫૮-૧૮૮૫)

(૧) ૧૮૬૧માં વાઈસરોયની કાઉન્સિલમાં બિનસરકારી હિંદીઓને નીમવાનું ઠરાવાયું. આના લીધે સરકારી વહીવટ સામે ફરિયાદો કરવાની તક હિંદીઓને પ્રાપ્ત થઈ. આ કાઉન્સિલમાંના હિંદી સભ્યોએ સરકાર પાસે માહિતી માગવાનો, સરકારી વહીવટની ટીકા કરવાનો, સરકારને તેની માહિતી જાહેરમાં મૂકવાની ફરજ પાડવાનો શિરસ્તો પ્રસ્થાપિત કરીને, બંધારણીય પ્રગતિની પા...પા...પગલી પાડી. આમાંથી જ ભવિષ્યમાં વધુ ને વધુ પ્રમાણમાં હિંદીઓની સામેલગીરી કરતા ધારાઓ ઘડાયા.

(૨) ઢંઢેરામાં હિંદીઓને સામ્રાજ્યની અન્ય પ્રજાઓની સમાન ગણવાનું વચન અપાયું, અને કશા ભેદ વિના તેમને સરકારી નોકરીમાં લેવાની ખાતરી અપાઈ. આ ઢંઢેરો 'હિંદના મેગ્નાકાર્ટા' તરીકે લેખવામાં આવ્યો. પરંતુ સમય જતાં સમજાયું કે તે ખાતરી ૧૮૩૩ના ચાર્ટર એક્ટ (જ્યુડિશિયલ કમિટી ઓફ ધી પ્રિવી કાઉન્સિલ) જેવી છેતરામણી હતી. તે જાહેરાત લોકોની રાજકીય વિકાસની માંગ સંતોષી શકે તેમ નહોતી. સરકારને પોતાનું રાજ્ય ટકાવવા ચોક્કસ વર્ગના ટેકાની આવશ્યકતા ઊભી થઈ હતી. અગાઉ જમીનદારો અને દેશી રાજાઓનો ટેકો મેળવવા સરકારે તેમના સંબંધમાં 'બિનદરમિયાનગીરીની નીતિ' અપનાવી હતી. હવે ધર્મગુરુઓને જીતી લેવા માટે ધાર્મિક ક્ષેત્રે નવી નીતિ અપનાવી. એટલે

માજિક અને ધાર્મિક સુધારણાની નીતિ નેવે મૂકી, અને ખ્રિસ્તી પાદરીઓનેય સીધેસીધા .ચાર કરવાની મના કરી. આમ કરીને રૂઢિચુસ્તોનાં હૃદય જીત્યાં; પણ ખ્રિસ્તી મિશનરીઓએ સેવા'ના નામે હરિજન, આદિવાસી અને સમાજના નીચલા થરોમાં વટાળપ્રવૃત્તિ ચાલુ રાખી. એના ાઘાત રૂપે પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિને વેગ મળ્યો.

સરકારે પોતાનાં આર્થિક અને રાજકીય હિતોને ખ્યાલમાં રાખીને દેશમાં રસ્તા, રેલ્વે જેવાં વાહન-.વહારનાં અને તાર-ટપાલ જેવાં સંદેશાવ્યવહારનાં આધુનિક સાધનો પ્રયોજ્યાં, જેથી ભારતનો કાચો ાલ બંદરો સુધી પહોંચે અને ત્યાંથી ઈંગ્લેન્ડ લઈ જવાય. તેવી જ રીતે ઈંગ્લેન્ડમાં થયેલો પાકો ાલ ભારતનાં બંદરોએ લાવીને ત્યાંથી સીધો જ લોકો પાસે પહોંચાડી શકાય. તે રીતે લશ્કરની ઝડપી હેરફેર દ્વારા હિંદી પ્રજાને કાબૂમાં રાખવાનો હેતુ પણ હતો.

આ ઉપરાંત સામ્રાજ્ય સામેની લડત જોરમાં ચલાવી શકાય, એવી જોગવાઈ પણ આને લીધે જ ઊભી થઈ. હિંદીઓ માટે સમગ્ર દેશના એક છેડેથી બીજા છેડે તાર–ટપાલ અને પ્રવાસ દ્વારા દોડી પહોંચવાનું અને લોકોનો સીધો સંપર્ક સાધવાનું નેતાઓ માટે સરળ થતાં એકતા અને રાષ્ટ્રીય જાગૃતિ બંને વધ્યાં.

(૩) બ્રિટિશ સત્તાએ ભારતમાંના વહીવટ ઉપર પોતાની પકડ રહે અને સાથોસાથ દેશ એકસૂત્રી શાસન નીચે આવે, એ હેતુથી વાઈસરોયો (ગવર્નર–જનરલો) નીમવાની નીતિ અખત્યાર કરી. તે પણ બેધારી તલવાર બની. કેટલાક વાઈસરોયની નીતિ લોકહિતની હોઈને સીધી રીતે પ્રજાની જાગૃતિનું કારણ પણ બની; તો કેટલાકની નીતિ દમન અને શોષણની હોઈને, તેના વિરોધમાં આડકતરી રીતે લોક-જાગૃતિનું નિમિત્ત બની. દા. ત. સર ચાર્લ્સ મેટકાફે અખબારી સ્વાતંત્ર્યની ભૂમિકા સ્વીકારીને જન-જાગૃતિની દિશામાં મોટું પગલું ભર્યું હતું (૧૮૩૫); તો વાઈસરોય લૉર્ડ મેયોએ (૧૮૭૧) પ્રાથમિક શિક્ષણ અને 'સ્થાનિક સ્વરાજ' (લોકલ સેલ્ફ-ગવર્નમૅન્ટ) માટે ખાસ આગ્રહ સેવ્યો હતો. ઉપરાંત, પ્રાંતોને આર્થિક સ્વાયત્તતા તરફ દોરી જતાં તેનાં પગલાં જિલ્લાઓને વધુ ને વધુ 'સ્થાનિક સ્વરાજ' આપવામાં જવાબદાર બન્યાં હતાં.

ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિ લાવવામાં કદાચ સૌથી વધુ સીધો ફાળો આપનાર વાઈસરોય લૉર્ડ રિપન હતો (૧૮૮૦–૮૩). તેના શાસનમાં શિક્ષણ, વહીવટ, નાણાંતંત્ર અને ન્યાયતંત્રની પ્રક્રિયા વેગીલી બની. ઉપરાંત 'સ્થાનિક સ્વરાજ'ની દિશાના તેના પ્રયાસો નોંધપાત્ર છે. દા. ત. તેણે (ક) નગર કક્ષાની તથા ગ્રામ કક્ષાની સંસ્થાઓ વધારી. લોકો પોતાનો વહીવટ પોતે જ કરે, જેથી એક બાજુ તેમને સ્વશાસનની તાલીમ મળે અને બીજી બાજુ સરકારી વહીવટી તંત્રનો બોજો ઘટે તથા કંઈક ગોટાળા થાય તો પણ સરકાર વગોવાય નહીં કે અપ્રિય ન બને; (ખ) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોની બહુમતી રાખી; (ગ) સંસ્થાઓનો આર્થિક બોજ સરકાર પર ન પડે તે માટે સ્વતંત્ર નાણાંકીય સાધનો ઊભાં કરવાની એટલે કે કરવેરા નાખવાની અને ઉઘરાવવાની તેમને સત્તા આપી. આમ, રિપને 'સ્થાનિક સ્વરાજ'નો—લોકશાહી પ્રક્રિયાનો પાયો નાખ્યો, જેણે દેશને યોગ્ય નેતાગીરી પૂરી પાડવામાં અને નેતા-ગીરીને તાલીમ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

વળી, ન્યાયના ક્ષેત્રમાંથી કાળા-ગોરાના ભેદભાવ નાબૂદ કરીને સમાનતા સ્થાપવા માટે તેણે પ્રયાસ કર્યો. તે પૂર્વે હિંદી ન્યાયાધીશને યુરોપિયન ગુનેગારનો કેસ ચલાવવાની સત્તા ન હતી. કાળાઓને સમાન હકથી વંચિત રખાતા હતા. આ ભેદભાવ દૂર કરવા માટે લૉર્ડ રિપને પોતાની કાઉન્સિલના કાયદા ખાતાના સભ્ય લૉર્ડ ઈલ્બર્ટ પાસે ખરડો રજૂ કરાવ્યો. ગવર્નર જનરલની કાઉન્સિલ અને પ્રાંતિક સરકારોએ પણ આ ખરડો

સ્વીકારતાં હિંદીઓનું ગૌરવ વધ્યુ. પરંતુ તેની સાથે કલકત્તા અને મુંબઈમાં વસતા યુરોપિયનોએ સંગઠિત વિરોધ કર્યો—રિપનને હોદ્દા પરથી દૂર કરવા સુધીની માગ કરી !

રિપને આ સામે આરંભે મક્કમતા દાખવી; છતાં અંતે ભારે દબાણને લીધે તેને સમાધાન સ્વીકારવું પડ્યું. તે મુજબ યુરોપિયન સામેના કેસ ચલાવનાર હિંદી ન્યાયાધીશે, જો યુરોપિયન અસીલ માગ કરે તો, તેને ન્યાયપંચ આપવું, જેમાં ઓછામાં ઓછા અડધા સભ્ય યુરોપિયન હોય. પરિણામે, હિંદીઓનું સ્વમાન ઘવાયું, તેમની જાગૃતિ વધી.

આ આખી ઘટના હિંદીઓ માટે પ્રેરણારૂપ બની ગઈ. પોતાના હકોની રજૂઆત માટે અને ન્યાય મેળવવા સંગઠનની આવશ્યકતા જણાઈ. કદાચ આમાંથી હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપનાની ભૂમિકા સર્જાઈ.

(૪) ઓગણીસમી સદીમાં ભારતમાં પરિવર્તન લાવનારું જો કોઈ સૌથી પ્રબળ માધ્યમ હોય તો તે અંગ્રેજી શિક્ષણ હતું. અંગ્રેજી શિક્ષણને પગલે પગલે પાશ્ચાત્ય વિચારો અને સંસ્કારોએ પ્રવેશ કર્યો.

આમ તો, અઢારમી સદીથી જ અંગ્રેજી બોલવાનો પ્રયત્ન વહીવટદારો અને વ્યાપારીઓમાં શરૂ થયેલો. પરંતુ ૧૯મી સદીના પ્રારંભથી જ બંગાળનો ભદ્ર વર્ગ અંગ્રેજી શિક્ષણના સંપર્કમાં આવ્યો, તેનું મહત્ત્વ સમજ્યો. ૧૮૦૦ની સાલમાં કલકત્તાના ભવાનીપોરમાં એક શાળા શરૂ થયેલી. ૧૮૧૭માં સ્થપાયેલ 'કલકત્તા સ્કૂલ બૂક સોસાયટી' અને 'હિંદુ કોલેજે' આ દિશામાં વધુ પ્રગતિ કરી. ૧૮૩૫ સુધીમાં કલકત્તામાં 'ઉદારમતવાદી શિક્ષણ' (લિબરલ એજ્યુકેશન) આપતી આશરે ૨૫ શાળાઓ ચાલતી હતી, જેમાં ૧૪૦૦ છોકરાઓ અંગ્રેજી શીખતા હતા. આ બધી સંસ્થાઓ ખાનગી રાહે અંગ્રેજો અને ભારતીઓના સહકારથી શરૂ થઈ હતી.

ભારતમાં અંગ્રેજી શિક્ષણ દાખલ થયું ત્યારે તે સમયની શાળાઓમાં સંસ્કૃત અને પર્શિયન પર ભાર મુકાયો હતો. પાછળથી વલણ બદલાયું. ભારતના સુધારાયુગના પુરસ્કર્તા રાજા રામમોહન રોયે ૧૮૩૪માં લૉર્ડ એમહર્સ્ટને લખેલ પત્રમાં આ વાત સ્પષ્ટ કરી કે સરકાર સંસ્કૃત અને પર્શિયન શિક્ષણ પાછળ પૈસા ખર્ચે છે, પરંતુ આ શિક્ષણ સામાન્ય પ્રજાને જરાપણ લાભકર્તા નથી. તેનો લાભ કેવળ ઉપલા વર્ગના વિદ્યાર્થીઓને જ મળે છે. તેનાથી જીવનના અન્ય વિષયોની કોઈ માહિતી મળતી નથી. તેથી સરકારે એવા શિક્ષણનાં બી વાવવાં જોઈએ કે જે પ્રજાને અંધકારમાંથી બહાર કાઢે અને જે વહીવટ અને અન્ય જાહેરપ્રવૃત્તિમાં ખપ લાગે. બીજી બાજુ, ખ્રિસ્તી મિશનરીઓને પણ ધર્માંતરની પ્રવૃત્તિ કરવામાં અંગ્રેજી શિક્ષણ મદદરૂપ થઈ પડ્યું.

વળી, એક નવી ગરજ પણ અંગ્રેજો માટે ઊભી થઈ હતી. ભારતનો વહીવટ ચલાવવા મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓની આવશ્યકતા ઊભી થઈ હતી. જો મોટી સંખ્યામાં કર્મચારીઓને ઈંગ્લૅન્ડમાંથી લાવવામાં આવે તો આટલે દૂર આવવા બદલ તેઓ વધારે પગાર માગે અને અહીં લાવવા તથા લઈ જવાનું ખર્ચ પણ વધે. તેને બદલે અંગ્રેજી ભાષા શીખવીને હિંદીઓને જ તૈયાર કરવામાં આવે તો ઓછા ખર્ચે કામ પતે એવી ગણતરી થવા લાગી.

આ વસ્તુ પણ બેધારી તલવાર બની રહી. હિંદમાં અંગ્રેજીનું શિક્ષણ દાખલ થતાં અંગ્રેજી તથા પાશ્ચાત્ય સાહિત્યનો અભ્યાસ થવા લાગ્યો. પરિણામે, અંગ્રેજોના દેશમાં સ્વતંતત્રા કેવી છે, ત્યાં નાગરિકો કેવા હક ભોગવે છે, તેમના દેશમાં તેઓ કેવી રીતે રાજ ચલાવે છે, તે બધું હિંદીઓને જાણવા મળ્યું.

માં શા માટે આવું ના થઈ શકે, તેવું તેઓ વિચારવા લાગ્યા. ભણેલા ગણેલા હિંદીઓમાં આમ -ભાવના જાગૃત થઈ.

ભારતની જુદી જુદી પ્રાંતિક ભાષાઓ પણ આ સમય દરમિયાન વિકસી. બંગાળી, હિંદી, ગુજરાતી, ઠી અને અન્ય ભાષાઓમાં રાષ્ટ્રપ્રેમ દર્શાવતાં નાટકો, કાવ્યો, કથાઓ વગેરેની રચનાઓ થવા લાગી. માજસુધારાની વાતો સાહિત્ય મારફતે વ્યક્ત થતાં લોકોની અંધશ્રદ્ધા અને વહેમ પર ઘા થવા લાગ્યા. યાનંદ સરસ્વતીનાં લખાણોએ રાષ્ટ્રભાષા, રાષ્ટ્રપ્રેમ, અસ્પૃશ્યતા–નિવારણ, સમાજસેવા વગેરેને વેગ ાપ્યો. બંકિમબાબુની 'આનંદમઠ' નામની, અંગ્રેજોનો સામનો કરતા સાધુઓ વિશેની નવલકથાએ તિકાર–ભાવના અર્પી અને તેમાંનું ગીત 'वंदेमातरम्' ભારતીય જનતાનો મુક્તિમંત્ર બની ગયું.

(૫) રાષ્ટ્રીય જાગૃતિના ફેલાવામાં વર્તમાનપત્રોનું પ્રદાન અતિ મહત્ત્વનું ગણાય. સમાચારપત્ર ગટ કરવાનો પ્રથમ પ્રયાસ ૧૭૬૭માં વિલિયમ બોલ્ટસ નામના એક અંગ્રેજે કર્યો, પરંતુ સરકારે તેને ાકામિયાબ બનાવ્યો. ૧૭૮૦માં જેમ્સ ઓગસ્ટસ હિકી નામના અંગ્રેજે 'બંગાલ ગેઝેટ' અથવા 'કલકત્તા જનરલ એડવરટાઈઝર' નામનું એક સામયિક શરૂ કર્યું. આ ચોપાનિયું મોટે ભાગે ઊંચા હોદ્દાઓ પર બેઠેલાઓનાં ભાંડો બહાર પાડતું. સરકારે પાછળથી તેનો પોસ્ટનો અધિકાર છીનવી લીધો. હિંદીઓએ આ સામે લડત લાવીને 'અખબારી સ્વાતંત્ર્ય'નો જબરદસ્ત બચાવ કર્યો. ૧૭૮૦ થી ૧૭૯૩ વચ્ચે કલકત્તામાં બીજાં છ અખબારો શરૂ થયાં હતાં. તેમાંના એકના તંત્રી સર જોન શોર દેશનિકાલ કરાયા હતા. મદ્રાસમાં પણ આ સમય દરમિયાન ત્રણ-ચાર સમાચારપત્રો શરૂ થયાં હતાં. સરકારે પાછળથી મદ્રાસમાં એવી જાહેરાત કરી હતી કે, બધાં જ સમાચારપત્રો પ્રસિદ્ધિ પૂર્વે સરકાર પાસે ચકાસણી માટે મોકલવાં. આ અરસામાં જ મુંબઈમાં પણ ત્રણેક સમાચારપત્રો પ્રગટ થયેલાં: 'બોમ્બે હેરાલ્ડ' (૧૭૮૯), 'બોમ્બે કુરિયર' (૧૭૯૦) અને 'બોમ્બે ગેઝેટ' (૧૭૯૧). દેશી ભાષામાં પ્રથમ સામયિક જે. સી. માર્શમેન દ્વારા બંગાળીમાં ૧૮૧૮માં શરૂ કરાયું. પાછળથી તેમણે જ 'સમાચાર દર્પણ' શરૂ કર્યું. રાજા રામમોહન રોયે ૧૮૧૯માં 'સંવાદ કૌમુદી' શરૂ કર્યું અને ૧૮૨૨માં ગુજરાતી વર્તમાનપત્ર 'મુંબઈ સમાચાર' પ્રગટ થયું.

૧૮૩૯ સુધીમાં તો કેવળ કલકત્તામાંથી ૨૬ યુરોપિયન સામયિકો નીકળતાં હતાં, જેમાંથી ૬ દૈનિક હતાં. મુંબઈમાંથી ૧૦ યુરોપિયન અને ૪ ભારતીય સમાચારપત્રો પ્રગટ થતાં હતાં. મદ્રાસમાંથી ૯ સામયિકો પ્રગટ થતાં હતાં; અને લુધિયાણા, દિલ્હી, આગ્રા અને શ્રીરામપોરથી એક–એક સમાચારપત્ર પ્રગટ થતું. રાજા રામમોહન રોયે ૧૮૨૨માં કહેલું તેમ દેશી ભાષાનાં અખબારોનો હેતુ હિંદુસ્તાનની પ્રજા સમક્ષ પોતાના અનુભવો દ્વારા તેમની સામાજિક સ્થિતિ અને સમજણ વધારે તેવા લેખો આપવાનો તથા શાસકોને પ્રજાની સાચી સ્થિતિનું ભાન કરાવવાનો હતો. ત્યારે જોન સ્ટુઅર્ટ મિલ જેવા બ્રિટિશ ચિંતકેય લોર્ડ્સ કમિટી સમક્ષ જુબાની આપતાં જણાવેલું કે, 'ભારતનાં અંગ્રેજી અખબારો ભારતીય નહીં, અંગ્રેજી સમાજના મુખપત્ર જેવાં છે, જેમને સરકાર સાથે પણ સંબંધ નથી. તેમને હિંદુસ્તાનની સ્થાનિક પ્રજા કે તેના હિતમાં જરાય રસ નથી.'

બીજી બાજુ, મનરો અને લોર્ડ એલ્ફિન્સ્ટન જેવા બ્રિટિશ અધિકારીઓએ ઈંગ્લેન્ડના ભોગે ભારતમાં ઊભી થતી 'અખબારી સ્વાતંત્ર્ય'ની પ્રવૃત્તિ અંગે ચેતવણી ઉચ્ચારી હતી.

વાઈસરોય લોર્ડ લિટને (૧૮૭૭) તો આગળ વધીને વર્તમાનપત્રોની સ્વતંત્રતાને કુંઠિત કરતાં પગલાં ભરીને લોકજાગૃતિમાં અનિચ્છાએ આડકતરો ફાળો આપ્યો હતો. તેના વટહુકમ સામે જાહેરસભાઓ દ્વારા વિરોધ થયો હતો. ઈંગ્લેન્ડમાં પણ તેનો પડઘો પડ્યો હતો; અને બ્રિટિશ પાર્લામેન્ટના ઉદારમતવાદી સભ્યોને આ કાયદો રદ કરાવવા અપીલ કરવામાં આવી હતી.

# : રાષ્ટ્રીય કોંગ્રેસનાં પ્રથમ વીસ વર્ષ

કોંગ્રેસ તેના આરંભમાં (સ્થાપના ઈ. સ. ૧૮૮૫) ભણેલાગણેલા માણસોનું સંગઠન હતી. તે દેશમાં ગોરા અધિકારી વર્ગને જે માન-સન્માન મળતાં હતાં, હકો અને તકો મળતાં હતાં, તે દેશના શિક્ષિત વર્ગને જોઈતાં હતાં. હજી તેને આમ જનતાનો ખ્યાલ ન હતો. ઈ. સ. ૧૮૮૫માં મુંબઈમાં, ઈ. સ. ૧૮૮૬માં કલકત્તામાં તેનાં અધિવેશનો મળ્યાં હતાં. પહેલામાં માત્ર ૭૨ જેટલા આગેવાનો મળ્યા હતા; બીજા અધિવેશનમાં ૪૩૨ નાગરિકોએ હાજરી આપી હતી. ત્રીજે વરસે ૧૮૮૭માં મદ્રાસમાં બદરુદ્દીન તૈયબજીના પ્રમુખપદે કોંગ્રેસનું અધિવેશન ભરાવાનું નક્કી થયું. આ અધિવેશનમાં મોટી સંખ્યામાં સાધારણ શિક્ષિતોનેય આકર્ષવા માટે કોંગ્રેસની જરૂરિયાત સમજાવતી પુસ્તિકાઓ છપાવીને લોકોમાં વિના મૂલ્યે વહેંચવામાં આવી. ઉર્દૂ ભાષામાં ૨૫૦૦૦ નકલો છપાવીને મુખ્યત્વે ઉત્તર ભારતમાં વહેંચવાનું આયોજન થયું; પરંતુ દક્ષિણમાં અધિવેશન ભરાવાનું હોવાથી ૩૦,૦૦૦ જેટલી નકલો તામિલ ભાષામાં છપાવીને વહેંચવામાં આવી. આવી પુસ્તિકાઓની અસર પણ નોંધપાત્ર હતી, કેમકે તેમાં જનતાનો સાથ મેળવવા માટેનાં કારણો સમજાવ્યાં હતાં, કરવેરા નાખવાની કે ન નાખવાની અને કાયદા બનાવવાની સત્તાવાળી ધારાસભાઓ રચવાનાં માગ કરવામાં આવી હતી. તદુપરાંત, બ્રિટિશ પાર્લામેન્ટને બ્રિટનમાં સત્તા છે, તેવી સત્તાવાળી સંસદ (પાર્લામેન્ટ) ભારત માટેય કેન્દ્રમાં રાખવાની માગ કરવામાં આવી હતી. તે પુસ્તિકામાં એમ પણ જણાવ્યું હતું કે "હાલની કાઉન્સિલોમાં બેસનારની ચૂંટણી અમે નથી કરતા પણ સરકાર કરે છે. કાઉન્સિલરોથી અમે અપ્રસન્ન હોઈએ તો પણ તેમને દૂર કરવાનો અમારો અધિકાર નથી. પણ જો સરકારને ન ગમે તેવું વર્તન કોઈ કાઉન્સિલરનું હોય તો તેની મુદ્દત પૂરી થતાં સરકાર તેને ફરીથી નહિ નીમે. આ રીતે નીમાયેલા કાઉન્સિલરોને કોઈ અધિકાર હોય તો તે એ કે તેઓ પોતાના નામની પહેલાં 'ઓનરેબલ' ('માનવંતા') શબ્દ જોડી શકે છે. એટલે કે કાઉન્સિલર થવું એ પણ સન્માનસૂચક મનાય છે. પરંતુ સરકારની ઇચ્છા મુજબ વર્તે તો જ તેમને કે. સી. એસ; આઈ. સી. એસ. આઈ., અથવા સી. આઈ. ઈ. જેવી લાંબીચોડી ઉપાધિઓથી નવાજવામાં આવે છે, જે વાસ્તવમાં કશા કામમાં આવતી નથી. અલબત્ત, જનતાના અધિકારો માટે ઝૂઝનારાને સરકાર આ માટે પસંદ કરતી નથી; મોટેભાગે તો સરકાર એવાને જ પસંદ કરે છે, જે સરકારના જી–હજૂરિયા બની રહે."

આ રીતે થયેલા પ્રચારને પરિણામે મદ્રાસ-અધિવેશનમાં જે ૬૦૭ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, તેમાં ૯૫ પ્રતિનિધિઓ સાધારણ શિક્ષિત મધ્યમ વર્ગમાંથી આવતા હતા, ૧૦૩ મ્યુનિસિપલ કાઉન્સિલરો હતા, તો ૨૦૬ વકીલો હતા. આ અધિવેશનમાં અંગ્રેજી ભાષા ન જાણનારા સ્થાનિક નાગરિકો પણ હતા. આથી તો મ્યુનિસિપલ કમિશનરે તામિલ ભાષામાં જ ભાષણ કર્યું. **ભારતમાં આ પહેલું જ એવું અધિવેશન હતું કે જેમાં એક ભારતીય ભાષાનો ઉપયોગ થયો હોય!**

આ અધિવેશન એક બીજી રીતેય મહત્ત્વનું બની રહ્યું. તેમાં ગોરક્ષા માટે ભલામણ કરતો ઠરાવ રજૂ કરવામાં આવ્યો, ત્યારે એ ઠરાવનો અસ્વીકાર કરતાં કારણ આપવામાં આવ્યું કે, 'એવો કોઈ ધાર્મિક પ્રશ્ન નહીં ઉઠાવવો જોઈએ કે જેથી કોંગ્રેસથી પ્રભાવિત થનારા અન્ય ધર્માનુયાયીઓને ન ગમે.' આમ, કોંગ્રેસે મુસ્લિમો અને ખ્રિસ્તીઓની લાગણી લક્ષમાં લઈને શરૂઆતથી राष्ट्रीय ऐक्य पोषक बिनसांप्रदायिक વલણ અપનાવ્યું હતું. બલ્કે, કોંગ્રેસ માત્ર હિંદુઓની સંસ્થા ન બની રહે તેની પૂરતી કાળજી રાખવામાં

આવી હતી. આથી તો, તેનાં આરંભનાં ત્રણમાંથી બે અધિવેશનોના પ્રમુખપદનો તાજ પારસી અને મુસ્લિમ જેવી લઘુમતી કોમોની વ્યક્તિઓના શિરે ધરવામાં આવ્યો હતો.

વળી, કોંગ્રેસનાં અધિવેશનોનું અખિલ ભારતીય સ્વરૂપ જળવાઈ રહે તે હેતુથી મહત્ત્વની પ્રાદેશિક બાબતોને પણ દૂર રાખવામાં આવી હતી. દા. ત. આસામના ચાના બગીચાના ગોરા માલિકો 'આસામ કુલી એક્ટ'નો ઉપયોગ કરીને કામદારો પર જુલમ ગુજારતા હતા. આ ધારો રદ કરવા માટેનો ઠરાવ કોંગ્રેસ અધિવેશનમાં આવ્યો, ત્યારે "આ માત્ર 'પ્રાંતીય' પ્રશ્ન છે; 'રાષ્ટ્રીય' અધિવેશનમાં રાષ્ટ્રીય પ્રશ્નો લેવા જોઈએ; પ્રાંતીય અધિવેશનમાં આ પ્રશ્ન ચર્ચી શકાય, પણ અહીં નહીં"—એવું વલણ કોંગ્રેસે લીધું. અલબત્ત, ગોરા માલિકો સામે પડવાની કોંગ્રેસની તૈયારી ત્યારે ન હતી, એમ પણ કહેવાય.

૧૮૮૭નું આ અધિવેશન એક વધુ રીતે 'નવો ચીલો' પાડનારું હતું. અગાઉનાં બંને અધિવેશનો ધનિકોના ફાળાથી થયાં હતાં; જ્યારે, "આ અધિવેશનમાં કુલ ૩૦,૦૦૦ રૂપિયા ખર્ચ થયો હતો, તેમાં સાડાપાંચ હજારનો ફાળો આઠ હજાર પ્રજાજનોએ એક આનાથી માંડીને દોઢ રૂપિયા સુધીની આપેલી રકમમાંથી ભેગો થયો હતો. આઠ હજાર રૂપિયાની બીજી રકમ મધ્યમ વર્ગ પાસેથી આવી હતી. અલબત્ત, બાકીની રકમ અન્ય ધનિકોએ આપી હતી.

આ ઉપરાંત, મુંબઈના પ્રથમ અધિવેશન (૧૮૮૫) માં આવેલા પ્રતિનિધિઓ ચૂંટાઈને આવેલા; પરંતુ તેમને ચૂંટનારા કોંગ્રેસના સભ્ય જ હોય તેવું ન હતું. કોઈપણ એસોસિએશન કોંગ્રેસમાં પોતાનો પ્રતિનિધિ મોકલી શકતું. જ્યાં એસોસિએશન ન હોય ત્યાં વકીલ, શિક્ષક, લોકલબોર્ડ કે મ્યુનિસિપાલીટીના સભ્યો પોતાનામાંથી કોઈકને પ્રતિનિધિ તરીકે મોકલતા. મદ્રાસના આ ત્રીજા અધિવેશન (૧૮૮૭) વખતે કોંગ્રેસનાં પ્રાંતીય એકમો કાર્યરત બન્યાં હતાં; અને આ અધિવેશનમાં જ 'વિષયવિચારણી સમિતિ'નોય પાયો નંખાયો.

અલ્હાબાદમાં કોંગ્રેસની ચોથી બેઠક મળવાની હતી. મુસ્લિમોના પ્રખર સંસારસુધારક સર સૈયદ અહમદે અંગ્રેજોના સમર્થનમાં અને કોંગ્રેસના વિરોધમાં 'યુનાઈટેડ ઈન્ડિયન પેટ્રિયાટિક એસોસિએશન' સ્થાપ્યું હતું. તેમની ચડવણીથી અંગ્રેજ અમલદારે અધિવેશન યોજવા જગા ન હતી આપી ત્યારે દરભંગાના મહારાજાએ એક આખો કિલ્લો ખરીદી લઈ કોંગ્રેસને અધિવેશન માટે આપ્યો હતો, જો કે અનેક બીજા રાજવીઓ સરકારની પડખે હતા. આમ છતાં, એકંદરે અધિવેશન સમજદાર શિક્ષિત વર્ગને પોતાનાં હિતોની દષ્ટિએય હૈયાવરાળ કાઢવાનું માધ્યમ પૂરું પાડશે એ આશાએ તમામ વર્ગો કોંગ્રેસમાં જોડાયા હતા. જે પ્રાંતમાં બેઠક ભરાતી તે પ્રાંતના જમીનદારો, તાલુકદારો, રાજાઓ તેને ટેકો આપતા. દરભંગા, ડુમરાવ, કૂચબિહાર, મૈસુર વગેરેના રાજાઓના પગલે પગલે એમની પ્રજાનો સથવારો સાંપડતાં કોંગ્રેસ મજબૂત બની. આમ રાજાઓ, જાગીરદારો, વકીલો, ડોક્ટરો, પત્રકારો અને લોકનેતાઓની એકતાથી મજબૂત બનેલી કોંગ્રેસથી અંગ્રેજ શાસકો ચોંક્યા હતા.

## કોંગ્રેસ તોડવાના પ્રયાસો

કોંગ્રેસના ઈતિહાસમાં ૧૮૮૮નું વર્ષ તેના માટે આફતનું વર્ષ હતું. ઉપર જણાવ્યું છે તેમ, કોંગ્રેસની વગ વધતી જતી હતી. વળી, મદ્રાસ ખાતેના ત્રીજા અધિવેશન વખતે કોંગ્રેસે વહેંચેલી પુસ્તિકાઓમાં "સરકાર પ્રજાના સાચા પ્રતિનિધિઓનો સહકાર લેવાને બદલે 'જીહજુરિયા' પસંદ કરે છે,"—તેવી આકરી ટીકા હતી. આ બધાથી અંગ્રેજ શાસકોનો રોષ ભભૂકી ઊઠયો. તેમના મતે, બ્રિટિશ રાજની જીવાદોરી ટૂંપાતી રોકવી હોય તો કોંગ્રેસને તોડવી રહી! વાઈસરોય લોર્ડ ડફરીને (૧૮૮૪–૧૮૯૨) સરકારી

ાઓને કોંગ્રેસની પ્રવૃત્તિમાં ભાગ લેવાની મના કરી. મુંબઈના સરકારી શિક્ષણ ખાતાના વડાએ ાના મહારાજા પાસે કોંગ્રેસવિરોધી ભાષણ કરાવી, સરકારી ખર્ચે એનું પ્રકાશન કરાવીને, બધી અને કોલેજોમાં વહેંચાવ્યું.

વળી, કોંગ્રેસ બધી કોમોને એક મંચ પર લાવે તે સર સૈયદ અહમદને પસંદ ન હતું. આમ થાય તો ામો પરનું તેમનું વર્ચસ્વ ઘટે. તેમણે ખુલ્લેઆમ અંગ્રેજ સરકારને ભલામણ કરી કે સરકારી સાધનો કે ચારીઓનો લાભ કોંગ્રેસ માટે ન થવા દેવો જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું કે અંગ્રેજ સરકાર ખરેખર દુસ્તાનની જનતાની ઉન્નતિ માટે સચિંત છે. આજની હાલતને બ્રિટિશ હકૂમતના આરંભની હાલત સાથે રખાવીએ તો હિંદુસ્તાનની ઉન્નતિ માટે તેણે કરેલાં કામોથી આશ્ચર્યની લાગણી થયા વિના નહીં રહે.

આટલેથી ન અટકતાં સર સૈયદ અહમદે અલ્હાબાદ ખાતેના કોંગ્રેસના ચોથા અધિવેશન (૧૯૮૮) ામે ભારે પ્રચાર ઝુંબેશ આદરી. કલકત્તાના સૈયદ અમીરઅલી અને અબ્દુલ લતીફ, હૈદ્રાબાદના નિઝામ તથા તેમના મુખ્ય સલાહકારો સાલારજંગ, મુનીર ઉલમુલ્ક અને ફત્તેહ નવાબ જંગ એ બધાનો સાથ લઈને બધાંની સંયુક્ત સહીથી કોંગ્રેસ વિરુદ્ધ મુસ્લિમોને ઉશ્કેરતી અપીલ બહાર પાડી. આટલેથી મખસદ ન ફળતાં તેમણે કોંગ્રેસના બધા વિરોધીઓને એક મંચ પર લાવવા પ્રયાસ કર્યો; ઈ. સ. ૧૮૮૮માં 'યુનાઈટેડ ઈન્ડિયન પેટ્રિયાટિક એસોસિયેશન'ની સ્થાપના કરી. અંગ્રેજોના ટેકેદાર એવા હિંદુ અને મુસ્લિમ જમીનદારો અને તાલુકદારો, પારસી આગેવાનો અને ખ્રિસ્તીઓ એમાં જોડાયા. આ સંગઠને ઈંગ્લેન્ડમાં પણ કોંગ્રેસ વિરોધી પ્રચાર આરંભ્યો. પારસીઓના મુખપત્ર 'રાશ્ત ગોફતાર'માં પારસીઓને કોંગ્રેસથી અળગા રહેવાની અપીલ તેના તંત્રીઓએ કરી.

સરકારના અને કોંગ્રેસના વિરોધીઓના આવા વલણ પછી કેટલાક રાષ્ટ્રીય નેતાઓએ – ખાસ કરીને મુંબઈના સર ફિરોજશાહ મહેતા, બદરૂદ્દીન તૈયબજી અને કાશીનાથ ત્ર્યંબક તેલંગ જેવા મુંબઈના નેતાઓએ– અલ્હાબાદના ચોથા અધિવેશન (૧૮૮૮) પછી પાંચ વર્ષ સુધી કોંગ્રેસનું કોઈ અધિવેશન ન યોજવાનો વિચાર વહેતો કર્યો.

## રાષ્ટ્રીય નેતાઓની મવાળ નીતિ :

અલ્હાબાદ અધિવેશન સામેનો વિરોધીઓનો પ્રચાર અંતે નિષ્ફળ નીવડયો. અધિવેશનમાં ૧૨૪૮ જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તેમાં ૯૬૪ **હિંદુ અને ૨૨૨ મુસલમાન હતા**; શીખ, જૈન, પારસી અને ખ્રિસ્તી પણ હતા. વ્યવસાયની રીતે જોતાં ૪૪૮ વકીલો, ૭૭ પત્રકારો, ૫૮ શિક્ષકો અને ૩૮૮ જમીનદારો મુખ્ય હતા.

આ અધિવેશનની સફળતા માટે એના યોજકો ખરેખર સાવધ અને સચિંત હતા. આથી તો, અંગ્રેજો કોંગ્રેસને તોડવા સીધા કે આડકતરા પ્રયાસોમાં રત હતા ત્યારે આ અધિવેશનના પ્રમુખ તરીકે જ્યોર્જ યુલ નામના અંગ્રેજ **વેપારી**ની વરણી કરાઈ હતી.

---

**"અમે પારસી, હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, મરાઠા, પંજાબી, મદ્રાસી એ સૌ હોવા છતાં એ પછીના સ્થાને છીએ—**અમે પ્રથમ ભારતીય છીએ, **અમારો એ નારો છે."**

**–જ્યોર્જ યુલ**

---

કોંગ્રેસ પ્રત્યેની લોકચાહના વધી રહી હતી. અને એ સમયની રાષ્ટ્રીય નેતાગીરીને પૂરો વિશ્વાસ હતો કે સરકાર સૌનું હિત સમજીને તેના વહીવટમાં હિંદીઓની ભાગીદારી વધારતી જશે. આથી આ

નેતાઓ સરકારની ખફગી વહોરી લેવા ઈચ્છતા ન હતા. આથી રાષ્ટ્રીય અધિવેશનમાં કરેલા ઠરાવોથી ભિન્ન પ્રકારની લોકજાગૃતિની ઝુંબેશ જેવી કામગીરી વા પ્રવૃત્તિ ઉદ્દામો કરે તો તેની જવાબદારી જે-તે વ્યક્તિની હશે, કોંગ્રેસની નહિ, એવું ઠરાવ્યું હતું! કોંગ્રેસની આ મવાળ નેતાગીરીની એક બીજી પણ માન્યતા હતી કે ભારતની બ્રિટિશ સરકાર ઈંગ્લેન્ડની સંસદની કઠપૂતળી હોઈને, ઈંગ્લેન્ડની સંસદ ઠરાવ પસાર કરે તો ભારતની બ્રિટિશ સરકારને એનો અમલ કરવો જ પડે. માટે ભારતની સરકારને સમજાવવા પ્રયત્ન કરવા કે તેને નમાવવા આંદોલન કરવાને બદલે બ્રિટનમાંના સંસદ સભ્યોમાં ભારતનો કેસ રજૂ કરવા સારુ મુંબઈમાં (૧૮૮૯) વેડરબર્નના પ્રમુખપદે મળેલી કોંગ્રેસની બેઠકમાં ઈંગ્લેન્ડમાં 'ભારતીય રાષ્ટ્રીય મહાસભાની શાખા' ખોલવાનું ઠરાવ્યું. ત્યાંની શાખાના કામકાજ માટે દાદાભાઈ નવરોજીના નેતૃત્વમાં એક સમિતિ નીમવામાં આવી. નોંધપાત્ર એ છે કે મુખ્ય લક્ષ્ય લંડન-પ્રચાર હોઈને, આખા ભારતમાં કોંગ્રેસનો પ્રચાર કરવા માટે માત્ર રૂપિયા પાંચ હજારની રકમ અધિવેશનમાં મંજૂર કરવામાં આવી, જ્યારે લંડનમાં પ્રચાર કરવા માટે ૪૦,૦૦૦ રૂપિયા! લંડનમાં 'ઈન્ડિયા' નામનું મુખપત્ર પણ શરૂ કરવામાં આવ્યું અને એક પ્રતિનિધિ મંડળ મોકલવાનુંય ઠરાવાયું.

સર ફિરોજશા મહેતા, ગોખલે, સુરેન્દ્રનાથ બેનરજી વગેરેની કોંગ્રેસની વડીલ નેતાગીરીને અંગ્રેજો પ્રત્યે અનહદ શ્રદ્ધા હતી. ભારતમાંનું અંગ્રેજી શાસન એમણે થોડાક સુધારાવધારા સાથે સ્વીકાર્યું હતું. ઈ. સ. ૧૮૯૨માં કોંગ્રેસના અલ્હાબાદ અધિવેશનમાં, સર્વપ્રથમ અધિવેશન (૧૮૮૫)ના પ્રમુખ વ્યોમેશચંદ્ર બેનરજીને ફરી મુગુટ પહેરાવ્યો. તે અધિવેશનમાં સુરેન્દ્રનાથ બેનરજીએ કહ્યું કે—

> "અમે એક મહાન અને સ્વતંત્ર સામ્રાજ્યના નાગરિક છીએ. બ્રિટનના સર્વોત્તમ બંધારણનું છત્ર અમારા શિર પર હોઈને, અંગ્રેજોના અધિકાર જેવા જ અમારા અધિકાર છે. એમની સવલતો જેવી જ અમારી સવલતો છે. એમનું બંધારણ એ અમારું પણ બંધારણ છે, પણ અમને એનાથી વંચિત રખાયા છે! અમે ભારતમાંથી બ્રિટિશ રાજને નાબૂદ કરવા માગતા નથી, પણ એના આધારને વ્યાપક, ભાવનાને ઉદાર અને ચરિત્રને ઉત્તમ બનાવવા માગીએ છીએ."

*આનો અર્થ એવો નથી કે મવાળો બધી બાબતમાં સરકારના તરફદાર હતા અથવા સરકારનાં દુષ્કૃત્યો તરફ આંખો બંધ રાખી મૂંગા રહેવા ઈચ્છતા હતા. દા. ત. ઈ. સ. ૧૮૯૭માં પૂનામાં પ્લેગ ફાટી નીકળતાં સરકારે પ્લેગનો ચેપ અન્યત્ર ન લાગે માટે પ્લેગવાળાં ઘરોમાંથી રોગીઓને દૂર કરવા ગોરા સૈનિકોને તપાસ સારુ મોકલ્યા. પરંતુ આ બહાને તેમણે લોકો ઉપર અત્યાચારો કર્યા. લોકોનો રોષ ફાટી નીકળ્યો. બે અંગ્રેજ અધિકારીઓની હત્યા થઈ. તેના અનુસંધાનમાં ચાફેકર બંધુઓને ફાંસીની સજા થઈ. આ વખતે ઈંગ્લેન્ડમાં નિમાયેલા મિશન સમક્ષ જુબાની આપવા માટે ગોપાળકૃષ્ણ ગોખલે ઈંગ્લેન્ડમાં હતા. તેમણે ત્યાંના સુપ્રસિદ્ધ દૈનિક 'માન્ચેસ્ટર ગાર્ડિયન'માં પત્ર લખીને ગોરા સૈનિકોના પૂનામાંના અત્યાચારોને વખોડયો હતો. જો કે, સરકારે ચેલેન્જ કરતાં વિગતો મેળવીને આક્ષેપ પુરવાર કરવાનું માંડી વાળ્યું હતું અને પોતાના ગુરુ રાનડેની સલાહથી ગવર્નરને દિલગીરી પત્ર પણ લખી મોકલેલો! બરાબર આજ સમયે ટિળકે તેમના 'કેસરી' સાપ્તાહિકમાં શિવાજીનો કલ્પિત સંદેશો અને શિવાજી ઉત્સવ પ્રસંગે પોતે કરેલું ભાષણ પ્રગટ કર્યાં. ટિળકના આ લખાણને રાજદ્રોહ ગણીને તેમને દોઢ વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી. ટિળકના ચાહક મિત્રોએ માફી માગીને આમાંથી છૂટવા માટે તેમના પર દબાણ કર્યું. પરંતુ ટિળક જુદી જ માટીના માનવી હતા. તેમણે 'અમૃત બજાર પત્રિકા'ના તંત્રી મોતીલાલ ઘોષ પર પત્ર લખીને જણાવ્યું: "સરકાર મારી પાસે જે કરાવવા ચાહે છે તેનો અર્થ એ છે કે ગુનો કબૂલી લેવો. હું તે કરવા તૈયાર નથી. લોકોમાં મારું સ્થાન પૂરેપૂરી રીતે મારા ચારિત્ર્ય પર નિર્ભર છે." આવા

દનને રાજદ્રોહ ગણીને સજા ફરમાવવાની શક્યતા જણાતાં, તેમણે બેધડક જણાવ્યું કે "રાજકારણમાં વાઝે એમના ધંધાનું જોખમ ઉઠાવવું જ પડે–"

આમ, ટિળકે દિલગીરી વ્યક્ત કરીને છૂટી જવાનું પસંદ ન કર્યું. તેમને ૧૮ માસની સજા થઈ (૪-૯-૧૮૯૭). પરંતુ દાદાભાઈ નવરોજી, રમેશચંદ્ર દત્ત, સર રિચાર્ડ ગાર્થ, સર વિલિયમ હંટર તથા સંસ્કૃતના પંડિત જર્મન વિદ્વાન મેક્સ મૂલર : આ બધાના પ્રયાસોના પરિણામે સરકારે ટિળક મહારાજને સજાના છ મહિના બાકી હતા અને છોડી મૂક્યા ત્યારે તેમની વીર પુરુષ તરીકેની લોકપ્રિયતા ઘણી વધી ગઈ હતી. ત્યારથી તેઓ લોકમાન્ય બન્યા.

ઈ. સ. ૧૯૦૦માં સામાન્ય પરંપરા મુજબ કોંગ્રેસના પ્રમુખ તરીકે મુંબઈની કોઈ વ્યક્તિને ચૂંટવાનો વારો હતો. લોકમાન્ય ટિળક બધી રીતે પ્રમુખપદને પાત્ર હતા, પણ તેમને બદલે જેમણે છેલ્લાં દસેક વરસથી કોંગ્રેસમાં સક્રિય ભાગ લીધો જ ન હતો તેવા ચંદાવરકરને પસંદ કર્યા અને ટિળક મહારાજને અવગણ્યા. (જો કે ચંદાવરકર પ્રમુખ તો બન્યા પણ તે જ વરસે એમને મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ બનવાનું થતાં તેમણે કોંગ્રેસ છોડી).

આવા બધા કટુ અનુભવો થવા ઉપરાંત, મવાળોની અરજીઓ અને વિનંતિઓની નીતિ સરકારના બહેરા કાનો પર મિથ્યા બની રહી હોવાથી, કોંગ્રેસના મોટા ભાગને એની નિષ્ફળતાની પ્રતીતિ થવા લાગી. બ્રિટિશ શાસકો થોડા ટુકડા આપીને આપણને ટટળાવવા જ માગે છે; પરસ્પર લડાવીને આપણી શક્તિ ક્ષીણ કરી નાખવા માગે છે; હવે નવી નીતિ અપનાવવી જોઈએ, એવી લાગણી બળવત્તર થવા લાગી. આના પરિણામે, રાજકીય મવાળ અને સામાજિક જહાલને બદલે રાજકીય જહાલ અને સામાજિક મવાળ નીતિ માટેની ભૂમિકા સર્જાઈ.

કોંગ્રેસ જે મવાળનીતિને અત્યાર સુધી અનુસરી રહી હતી તેની ટીકા, કોંગ્રેસની સ્થાપના પછીના આઠમા વર્ષે એટલે કે ઈ. સ. ૧૮૯૩ના વર્ષમાં, મુંબઈથી પ્રકાશિત થતા 'ઈન્દુપ્રકાશ'માં કેટલાક લેખો લખીને, રાજકીય રીતે જહાલ ગણાતા અરવિંદ ઘોષે કરી :

* "કોંગ્રેસનું ધ્યેય જ ખોટું છે. તેણે અપનાવેલો તરીકો ખોટો છે. જે નેતાઓમાં તે વિશ્વાસ મૂકે છે તે વ્યક્તિઓ નેતાપદને યોગ્ય નથી. ટૂંકમાં, આજે આપણે પેલા અંધ જેવા છીએ, જેમનું નેતૃત્વ સાવ અંધ નહીં તો કાણો કરતો હોય." મવાળ નેતાગીરીને પડકારવા સારુ જહાલ નેતાગીરીએ જિલ્લામાં અને નાનાં શહેરોમાં વસતા બહુજન સમાજને સામેલ કરવા માટે હિંદુ ધર્મ અને પરંપરાના રૂઢિપ્રયોગોનો વ્યૂહ અજમાવ્યો. પરિણામે, અરવિંદ ઘોષ અને લોકમાન્ય ટિળકની ચળવળનો પાયો વિસ્તર્યો.

ઈ. સ. ૧૯૦૨ સુધીમાં રાજકીય જહાલો ઘણા મજબૂત થયા હતા. વડોદરા રાજ્યની નોકરી છોડીને રાજકારણમાં ઝુકાવનાર અરવિંદ ઘોષ અને બિપિનચંદ્ર પાલ, લાલા લજપતરાય, લોકમાન્ય ટિળક જહાલોના માન્ય નેતા બન્યા હતા.

૧૯૦૪માં મુંબઈના કોંગ્રેસ અધિવેશનમાં સ્વાગત–પ્રમુખ તરીકે પ્રવચન કરતાં સર ફિરોજશાહ મહેતાએ જૂની રસમને અનુસરતાં કહ્યું : "અંગ્રેજોનું રાજ તો ઈશ્વરની ઈચ્છાથી ભારતમાં આવ્યું છે અને ઈશ્વરની ઈચ્છા સમજીને તેનો સ્વીકાર ન કરવો તે મૂર્ખતા હશે." આટલું પૂરતું ન હોય તેમ, તેમણે પોતાની ઉદારમતવાદી પ્રવૃત્તિ અને નીતિની સફળતા વિશે ગર્વ લેતાં જણાવ્યું હતું કે, ૧૮૯૨ના ઇન્ડિયન કાઉન્સિલ એક્ટ, આઈ. સી. એસ.ની પરીક્ષા ઈંગ્લેન્ડમાં અને ભારતમાં લેવાનો આમસભાનો ઠરાવ, ખેડૂતોની આર્થિક બેહાલી અને તેમની પર લદાયેલા કરવેરા તરફ સરકારનું દોરાયેલું ધ્યાન એ બધું એમની સફળ નીતિનું દ્યોતક છે.

મવાળો એમની સફળતાના તાનમાં પોતાની આ નીતિથી સંતુષ્ટ હતા; અને સરકારને કોઈપણ રીતે હેરાન કરવાની વિરુદ્ધ હતા. પરંતુ, આપણે આગળ જોયું તેમ, સમય બદલાયો હતો. કોંગ્રેસ ઉપરની એમની પકડ સરી રહી હતી.

## સમાજ-સુધારાનું સમાંતર આંદોલન

આપણે કોંગ્રેસમાંના અનેક નેતાઓની કામગીરીને રાજકીય દૃષ્ટિએ તપાસતાં તેમને 'જહાલ' વા 'મવાળ' તરીકે ઓળખાવ્યા છે. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે, મવાળ કે જહાલ–કોઈ મહત્ત્વનું જૂથ બ્રિટિશરાજને ભારતમાંથી હાંકી કાઢવાનો વિચાર એ તબક્કે ધરાવતું ન હતું. તેમાંના કોઈની માંગ 'સ્વતંત્રતા', 'નવું બંધારણ' વા 'તત્કાલ ક્રાંતિ'ની ન હતી. ત્યારે તો, કેંદ્ર અને પ્રાંતોમાં લોકોનું પ્રતિનિધિત્વ વધે અને પ્રજાનો મત પરિણામદાયી બને એ જ સૌને જોઈતું હતું. અલબત્ત, 'મવાળો' સરકારને અકળાવવા સારુ તેને વધુ પડતા દબાણ નીચે લાવી ઉશ્કેરવાની વિરુદ્ધ હતા, ત્યારે 'જહાલો' મર્યાદિત રીતેય સંઘર્ષમાં ઊતરવા તત્પર હતા.

બીજું એક પાસું પણ ખાસ લક્ષમાં લેવા જેવું છે. કોંગ્રેસમાં જેઓ રાજકારણી બાબતમાં 'જહાલ' હતા, તેમાંના ઘણા 'સામાજિક સુધારણા'ની બાબતમાં 'મવાળ' ગણાતા હતા; અને જેઓ રાજકારણી ક્ષેત્રે મવાળ ગણાતા તેઓ સંસારસુધારાના ક્ષેત્રે 'જહાલ' દેખાતા હતા. દા. ત. રાજકારણી જહાલો (ટિળક મહારાજ, અરવિંદ ઘોષ આદિ) ભારતીય સમાજને બેઠો કરવા હિંદુ-સંસ્કૃતિ–મૂલક આધારો પ્રયોજવા લાગ્યા. મહારાષ્ટ્રમાં ગણેશપૂજાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાવા લાગ્યો. મહારાષ્ટ્રમાં લોકમાન્ય ટિળકે આવી ઉજવણીઓમાં બળ પૂર્યું; બંગાળમાં કાલિપૂજા શરૂ થઈ.

આમ, રાષ્ટ્રીય આંદોલનને બળવત્તર બનાવવા ભારતીય (હિંદુ) સંસ્કૃતિ મૂલક આધારો પકડતાં સારાં પરિણામો જરૂર આવ્યાં, પણ એનાથી થોડુંક નુકશાન પણ થયું. રૂઢ પરંપરાઓને નવા સ્વાંગમાં ચાલુ રાખવાની અને એમને સમર્થન આપવાની નીતિમાં લઘુમતી – ખાસ કરીને મુસ્લિમો – ને 'હિંદુવાદ' લદાતો લાગ્યો. વધુમાં, આ નેતાઓ સામાજિક વિચારોની રીતે જોતાં 'અપ્રગતિશીલ' દેખાયા. ૧૮૯૦માં જ્યારે છોકરીઓના વિવાહની ઉંમર ૧૦ને બદલે ૧૨ રાખવાનો સરકારી ઇરાદો જાહેર થયો ત્યારે 'જહાલ' નેતા ટિળકે એનો સખત વિરોધ કર્યો; પરંતુ કોંગ્રેસમાં 'મવાળ' ગણાતા નેતાઓ ફિરોજશાહ મહેતા અને ગોપાલકૃષ્ણ ગોખલેએ સમાજસુધારા અંગેની સરકારી નીતિનું સમર્થન કર્યું.

* આમ, કોંગ્રેસમાં જ એક નવો સંઘર્ષ જાગ્યો. રાજકીય રીતે જહાલ નેતાગીરી સામાજિક સુધારા માટે પરંપરાવાદી, રૂઢિવાદી પુરવાર થઈ; જ્યારે રાજકીય રીતે મવાળ નેતાગીરીએ સામાજિક સુધારાની બાબતમાં આધુનિક અને પ્રગતિવાદી વલણ અપનાવ્યું. આ આંતર્વિરોધનો પડઘો મહારાષ્ટ્રમાં અન્ય સામાજિક પ્રવૃત્તિઓમાં પણ પડ્યો. ટિળકના અનુયાયીઓએ ત્યારે મવાળ જૂથના ગણાતા ગોપાળકૃષ્ણ ગોખલે અને રાનડેના અનુયાયીઓ પાસેથી પૂનાની સાર્વજનિક સભાનો વહીવટ લઈ લીધો. રાનડેએ 'દખ્ખણ સભા'ની સ્થાપના કરી.

આરંભનાં વરસોમાં તો, જે–જે સ્થળે કોંગ્રેસનું અધિવેશન મળતું હતું, તે તે સ્થળે કોંગ્રેસના મવાળ નેતાઓ તરફથી સામાજિક સુધારા માટેનું સંમેલન પણ યોજવામાં આવતું હતું. આવું સંમેલન કોંગ્રેસમાંના જહાલોને મવાળોનું બળ વધારનારું લાગ્યું. પરિણામે, ૧૮૯૫માં કોંગ્રેસનું ૧૧મું અધિવેશન સુરેન્દ્રનાથ બેનરજીના પ્રમુખપદે પૂનામાં ભરાવાનું હતું, તે સ્થળે અને સમયે 'સમાજ સુધારા સંમેલન' બોલાવવાનું બંધ રખાયું.

# રાષ્ટ્રીય કોંગ્રેસના ધુરંધરો

(…ના ત્રણ દાયકા દરમ્યાન કોંગ્રેસના 'મવાળ' ગણાતા પ્રમુખોએ પ્રગટ કરેલા વિચારો)

**વોમેશચંદ્ર બેનરજી** (૧૮૪૪–૧૯૦૬)

(૧૮૮૫માં કોંગ્રેસના સર્વપ્રથમ મુંબઈ અધિવેશનના અને ૧૮૯૨માં અલ્લાહાબાદ અધિવેશનના પ્રમુખ)

(અલ્લાહાબાદ અધિવેશનના ભાષણમાંથી) "દુઃખ આપણે ખમીએ છીએ, સહન કરવાનું આપણે છે અને રાજકર્તાઓ તરફથી કહેવામાં આવે છે કે 'તમારી ચળવળ તિરસ્કારને પાત્ર છે, બિનજરૂરી અને હીન તમારો પોકાર સાંભળવામાં નહિ આવે.' આ ક્યાંનો ન્યાય ?"

**દાદાભાઈ નવરોજી** (૧૮૨૫–૧૯૧૭)

(૧૮૮૬ કલકત્તા અને ૧૮૯૩માં લાહોર અધિવેશનના પ્રમુખ) ૧૯૦૬માં 'સ્વરાજ' સંજ્ઞાના સ્થાપક; ઇંગ્લૅન્ડમાં કોંગ્રેસના પ્રતિનિધિ; બ્રિટિશ પાર્લામેન્ટના સભ્ય.

(કલકત્તા અધિવેશનના ભાષણમાંથી) "આપણને કોઈ મહેરબાની જોઈતી નથી. આપણને કેવળ ન્યાય જોઈએ છે. બ્રિટિશ નાગરિકો તરીકે આપણને કયા હકો જોઈએ છે તેની વિગતવારીમાં હું પડવા માગતો નથી. એ આખી વસ્તુ એક શબ્દમાં કહી શકાય અને તે શબ્દ સ્વરાજ છે. ઇંગ્લૅન્ડ કે તેનાં વસાહતોના જેવું 'સ્વરાજ' (સેલ્ફ ગવર્નમેન્ટ)".

**સર ફિરોજશાહ મહેતા** (૧૮૪૫–૧૯૧૫)

(૧૮૯૦ કલકત્તા અધિવેશનના પ્રમુખ) કોંગ્રેસના સ્થાપકોમાં અગ્રણી; તેના 'બેતાજ બાદશાહ'.

(પ્રમુખીય ભાષણમાંથી)

"રાજપ્રજાની ફરિયાદો રજૂ કરવી અને તેમના નિવારણના ઉપાયો સૂચવવા એ દેશના કેળવાયેલા લોકમંડળનો ધર્મ છે. ×× આપણો આ ધર્મ ભય, ક્રોધ કે ઉશ્કેરણીભરી અવસ્થામાં પડી શકે એમ નથી... લોકોની [illegible] કરીને કેળવાયેલો વર્ગ ઉદાર (લિબરલ) રાજનીતિની માગણી કરે એ જ કોંગ્રેસને શોભાસ્પદ છે. ઇંગ્લૅન્ડના ઉદાર રાજપુરુષો છેવટે આ માગણીનો સ્વીકાર કરશે એ વિષે મને જરા પણ શંકા નથી."

**સુરેન્દ્રનાથ બેનરજી** (૧૮૪૮–૧૯૨૫)

(૧૮૯૫માં પૂના અને ૧૯૦૨માં અમદાવાદ અધિવેશનના પ્રમુખ)

૪૦ વરસ સુધી એકધારી અદ્ભુત પ્રતિભાથી અને સાર્વત્રિક દેશભક્તિથી અત્યંત લોકપ્રિય બનેલા 'બંગકેસરી'. ૧૮૮૩માં 'નેશનલ કૉન્ફરન્સ'ના એક વ્યાખ્યાન માટે કારાવાસ અને શહીદી; ૧૯૦૫ના બંગભંગ આંદોલનમાં ય કારાવાસ વેઠનાર અગ્રિમ નેતા. પાછળથી ઘરે બંગાળની પ્રાંતિક સરકારમાં પ્રધાન તથા કેન્દ્રમાં વાઈસરોયની કાઉન્સિલના સભ્ય (પ્રધાન).

(૧૮૮૮ના એક ભાષણમાંથી)

"આત્મનિર્ણય એ કુદરતનો કાનૂન છે. એ જ વિધિની યોજના છે. દરેક પ્રજા પોતાના ભાવિનો પોતે જ નિર્ણય કરે એવો આદેશ કુદરતે ફરમાવેલો છે".

(૧૮૯૭ના એક ભાષણમાંથી) "અંગ્રેજોએ પોતાને માટે મેગ્નાકાર્ટા અને હેબિયસ કોર્પસના હક સાચવ્યા છે. એવા બંધારણ પર આપણોય જન્મસિદ્ધ હક છે. ×× આપણા એ હકો કોઈ છીનવી શકે એમ છે? આપણો નિર્ધાર દૃઢ છે. ×× બ્રિટિશ પ્રજાજન તરીકેના બધા જ હકો પ્રાપ્ત કરવાનો ઈશ્વરની કૃપાથી આપણે નિર્ધાર કર્યો છે.

×× આ હકોમાં પણ વ્યક્તિની સ્વતંત્રતાનો અમૂલ્ય હક સર્વથી ઉચ્ચ છે."

# ૬ : સ્વાતંત્ર્ય સંગ્રામનો જુવાળ

૧૮૫૭ની ઘટના પછી કોંગ્રેસે તેના આરંભથી બ્રિટિશરો પાસેથી ઠરાવો, અરજીઓ અને વિનવણીઓ દ્વારા બંધારણીય હકો મેળવવા માટેનો અવિરત પુરુષાર્થ ચાલુ રાખ્યો; ઇંગ્લેન્ડમાં પોતાની તરફેણમાં લોકમત ઘડવા પ્રચાર આદર્યો; સાથોસાથ ભારતમાં લોકો પોતાની સાથે છે એમ અધિવેશનો મારફતે દર્શાવી આપ્યું. આમ, કોંગ્રેસ અંગ્રેજો સામે પોતાની રીતે શાંતિમય દબાણ કરતી હતી, તો દેશમાં હિંસક (સશસ્ત્ર) પ્રતિકાર ના તણખા પણ ક્યાંક ક્યાંક એક કે બીજા સ્વરૂપે ચાલુ જ રહ્યા હતા. અંગ્રેજોએ ન્યાય-નીતિનાં ધોરણો નેવે મૂકીને પોતાની 'વિસ્તારવાદી નીતિ' ભારતમાં અમલી બનાવી. તેમાંથી મણિપુરમાં હિંસક પ્રતિકારનો પ્રારંભ થયો.

મણિપુરમાં જૂનો રાજવંશ હતો અને તેના શાસક પોતાને પાંડવ-અર્જુનના વંશજ તરીકે લેખતા. મણિપુરમાં વારસા અંગેનો ઝગડો ઊભો થયો. મણિપુર રાજ્યની 'આંતરિક સ્વતંત્રતા'ને અવગણીને બ્રિટિશરોએ દરમિયાનગીરી કરી. આની સામે મહારાજા ચંદ્રકીર્તિસિંહના યુવરાજ અને સેનાપતિ ટિકેન્દ્રજિત સિંહે બ્રિટિશ રીજન્ટ સામે માથું ઊંચક્યું. બ્રિટિશરોએ તેની ધરપકડ કરી અને તેને ફાંસીએ ચઢાવ્યો (૧૮૯૧).

* ટિકેન્દ્રજિતની શહાદતે સમગ્ર પૂર્વીય ભારતમાં અંગ્રેજો સામેનો વિરોધ વધાર્યો. અંગ્રેજોનું છદ્મરૂપ પ્રગટ થયું. અંગ્રેજો પ્રત્યેની શ્રદ્ધા ડગી. આના પરિણામે કોંગ્રેસમાં ઉગ્રવાદી વિચારોને બળ મળ્યું.

અંગ્રેજો સામે બિહારના રાંચી અને સિંગભૂમ જિલ્લામાં પ્રતિકાર ઊભો થયો. બિરસા નામના એક બહાદુર નવયુવાનની સરદારી નીચે આદિવાસી મુંડાઓએ સ્વાતંત્ર્યસંગ્રામ આરંભ્યો. મુંડાઓની જમીન પડાવી લેનાર જમીનદારોને મારી નાખીને જમીન પાછી મેળવવાનો હેતુ પૂરો કરવા તેમણે હિંસક રાહ અપનાવ્યો. બિરસાએ એવી પણ જાહેરાત કરી કે 'હવે, રાણી વિકટોરિયાનું રાજ જતું રહ્યું છે અને મુંડારાજ થયું છે, માટે કોઈ પણ મુંડાએ અંગ્રેજોને કરવેરા ભરવા નહીં કે તેમની આજ્ઞા પાળવી નહીં...' પરંતુ અંગ્રેજોનાં આધુનિક શસ્ત્રો અને શિસ્તબદ્ધ સેના સામે બિરસાના અનુયાયીઓ ટકી ન શક્યા. ઈ. સ. ૧૮૯૫માં બિરસાને બે વરસની સજા કરી. પરંતુ સજા પૂરી થતાં તેણે ફરીથી બગાવતની તૈયારી આદરી.

વળી, મુંડાઓમાંથી ખ્રિસ્તી બનેલા અને અંગ્રેજોને વફાદાર બનેલા એવા લોકોને ખતમ કરવાય બિરસાએ ઝુંબેશ આદરી. આ બગાવત સમગ્ર મુંડા પ્રદેશમાં આગની જેમ પ્રસરી ગઈ. અંગ્રેજોએ છેવટે તેને અને તેના ૪૮૨ સાથીઓને પકડીને કેસ ચલાવ્યો. પરંતુ ચુકાદો આવે તે પહેલાં જેલમાં શીતળાના રોગમાં તે મરણ પામ્યો. તેના ત્રણ સાથીઓને દેહાંત દંડની સજા થઈ; ૪૪ ને કાળાપાણીએ મોકલવામાં આવ્યા; તો ૪૭ને સખત કેદની સજા ફટકારવામાં આવી.

* અનેક કોંગ્રેસી આગેવાનો હજી જ્યારે અંગ્રેજોની ન્યાયશીલતામાં શ્રદ્ધા ધરાવતા હતા, ત્યારે નિરક્ષર મુંડાઓને પોતાના હકો માટે લડવા પ્રેરનાર અને તે માટે શહાદત વહોરનાર બિરસાને મુંડાઓએ 'ભગવાન' માનીને તેની પૂજા શરૂ કરી. ભણેલાગણેલા હિંદીઓ આઝાદી માટે હિંસક ક્રાંતિનો રાહ અપનાવે તે પહેલાં, નિરક્ષર અને ગરીબ મુંડાઓએ હિંસક ક્રાંતિની ચિનગારી મૂકી હતી, જે ૨૦મી સદીમાં ભભૂકવાની હતી.

## બંગાળના ભાગલા

બ્રિટિશો હિંદમાં જેમ જેમ વિજયો મેળવતા ગયા હતા, વધુ ને વધુ ભૂમિ ઉપર કબજો મેળવતા હતા, તેમ તેમ તાત્કાલિક વહીવટ ગોઠવતા ગયા હતા. આથી બંગાળ જેવા ૧,૮૯,૦૦૦ ચો. મા. ના, ૭ કરોડ ૮૦ લાખની વસતીવાળા અને ૪૮ જિલ્લાવાળા પ્રદેશનો વહીવટ ગજા બહારનો બની ગયો હતો. એમાં ફેરફાર કરવાનું 'અનિવાર્ય' હતું. ખાસ તો, બંગાળ, બિહાર અને ઓરિસાના અનેક પ્રદેશોને મોગલ સમયથી ભેગા કરવામાં આવેલ. ૧૮૯૯માં લુસાઈ હિલનો પ્રદેશ આસામને સુપરત કરેલ. બંગાળના ભાગલાનો વિચાર પહેલી વાર ૧૮૯૬ માં આવ્યો હતો. બાદ લૉર્ડ કર્ઝન ૧૮૯૯માં ભારતના વાઈસરૉય બન્યા; તેમણે વધુ નક્કર આયોજન વિચારવા માંડ્યું હતું. ચિતાગોંગના બંદરનો યોગ્ય લાભ લેવાય એવી મતલબથી તેને આસામ-ખીણ સાથે જોડવાનો અને જરૂરી રેલ્વેથી સાંકળવાનો ઈરાદો હતો, આ રીતે આસામ એક મોટું કેન્દ્ર બને એવી પણ ગણતરી હતી. છેવટે, કર્ઝને ૧૯૦૪ માં ગુપ્ત રીતે નક્કી કરેલી યોજના, બ્રિટનની પરવાનગી મળતાં, ૧૯૦૫માં જાહેર કરી દીધી અને પશ્ચિમ બંગાળ અને આસામ સહિતના પૂર્વબંગાળના નવા ગવર્નરોય નીમી દીધા, જેમને જે તે પ્રદેશની ભાષાના કક્કાનીય ખબર ન હતી. વળી, ઘણી બધી વિગતો ગુપ્ત જ રાખેલી.

સરકારી યોજના પ્રમાણેના નવા પ્રાંતમાં મુસ્લિમોની બહુમતી થતી હોવાનું તથા નોકરી અને શિક્ષણમાં તેમને લાભ થવાનું સરકારે કબૂલ્યું હતું. બલ્કે, આ પ્રાંતમાં હવે બંગાળી હિંદુઓ લઘુમતીમાં આવી જતા હતા. ઉપરાંત, બંગાળના બાકી પ્રાંતમાં બિહાર અને ઓરિસા પણ સાથે જ રહેવાથી, બંગાળી જનતા લઘુમતીમાં રહેતી હતી. આમ, સરકારી યોજનાથી, એક બાજુ, હિંદુ અને મુસલમાન વચ્ચે ભેદભાવ ઊભો થતો હતો; તો બીજી બાજુ, બંગાળી, હિંદી અને ઊડિયાભાષી લોકો વચ્ચે પણ તંગદિલી વધતી હતી. બંગાળમાંથી ઢાકા અને ચિતાગોંગ જેવા સમૃદ્ધ પ્રદેશો છૂટા પડતા હોવાથી બંગાળ પ્રાંતની આવક ઘટતી હતી; અને એના પરિણામે વિકાસ કાર્યોને શોષાવું જ પડે એમ હતું. વળી, વહીવટીતંત્રનું સ્વરૂપ તો એનું એ રહે, તેથી આવક ઘટે પણ ખર્ચ ન ઘટે. આથી પ્રજા પર કરવેરાનો બોજ વધે એવી શક્યતા હતી.

ઢાકા, ચિતાગોંગ વગેરેના લોકોનો કલકત્તા સાથે આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક સંબંધોમાં વિચ્છેદ થતાં, એક જ ભાષા બોલતા અને ધર્મ પાળતા લોકોમાં પણ સંબંધ–વિચ્છેદનો આઘાતજનક ખતરો ઊભો થતો હતો. વળી, બંને પ્રાંતોનું વહીવટીતંત્ર અલગ હોય, નાકાવેરા અલગ હોય, ત્યારે સળંગ વાહનવ્યવહારમાં અંતરાય ઊભા થતાં વેપાર-વાણિજ્યને નુકશાન થાય અને આર્થિક બેહાલી વધે એ પણ સ્પષ્ટ હતું.

*લોકોમાં દઢમૂળ થતી જતી એકતાની ભાવના અને પાંગરતી જતી રાષ્ટ્રીય ચેતનાના મૂળમાં આ યોજના દ્વારા ઘા થયો હતો.

૧૬મી ઓક્ટોબર ૧૯૦૫ના રોજ પૂર્વ-બંગાળનો નવો પ્રાંત અસ્તિત્વમાં આવ્યો. તેના વિરોધમાં બંગાળભરમાં સખત હડતાલ પડી. લોકોએ ઉપવાસ અને ગંગાસ્નાનનો કાર્યક્રમ યોજ્યો; અને એકબીજાને એકતાના પ્રતીક સમી રાખડી બાંધીને બંગાળની એકતા ફરીથી ન થાય ત્યાં સુધી લડી લેવાની પ્રતિજ્ઞા કરી. કલકત્તામાં તે દિવસે ભરાયેલી સભામાં ૭૫૦૦૦ની જનમેદની ઊમટી અને 'મવાળ' મનાતા સુરેન્દ્રનાથ બેનરજી તથા કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ ગુરુદાસ બેનરજીએ આ મેદનીને લડતમાં ઝંપલાવવા અનુરોધ કર્યો. પરંતુ, બીજી બાજુ, મુસ્લિમોમાં એવી લાગણી પ્રચલિત થઈ કે આજસુધી બંગાળના ઉત્કર્ષની બાબતમાં બધું ધ્યાન કલકત્તાના વિકાસ પર અપાયું હતું; પૂર્વ બંગાળની ૩ કરોડ ખેડુત વસતી (નાના ખેડૂતો તથા

ખેતમજૂરોની મુસ્લિમ વસતી) પ્રત્યે નરી ઉદાસીનતા રખાઈ હતી. આ કારણે અંગ્રેજ સરકારની ભાગલા નીતિમાં તેમને પોતાનું હિત દેખાયું હતું; આ પછાત પ્રદેશનો સ્વતંત્ર વિકાસ થવાની શક્યતાથી તેમનો ઉત્સાહ વધ્યો હતો. તેમને માટે તો માગ્યા વિના અને આંદોલન કર્યા વિના આવી પડેલી આ 'ખુશનસીબી' હતી. આથી ભાગલા વિરોધી આંદોલન આગળ વધતાં, મુસ્લિમોને તે 'હિંદુ આંદોલન' લાગ્યું હતું. વળી, આંદોલન દરમ્યાન શિવાજીને રાષ્ટ્રીયમુક્તિદાતા તરીકે ગણવા પર 'વંદે માતરમ્'ના ગીતનો મહિમા તથા હિંદુ-સંસ્કૃતિના પુનરુત્થાનની ઘોષણા વગેરે બાબતો ઉપર ભાર મુકાયો હતો. તેથી પણ મુસ્લિમોમાં એનાથી અળગા રહેવાની લાગણી પ્રબળ બની. 'સ્વદેશી' આંદોલન તથા 'રાષ્ટ્રીય શિક્ષણ' જેવા અતિ મહત્ત્વના કાર્યક્રમો પ્રત્યે મુસ્લિમો સાવ ઉદાસ રહ્યા.

## લોકઆંદોલનનાં મંડાણ

બીજી બાજુ, પ્રબળ વિરોધમાં મધ્યમવર્ગી વકીલો, ડૉક્ટરો અને શિક્ષકો જેવા સુશિક્ષિતો જ નહિ, નવાબો, જાગીરદારો, રાજાઓ જેવા ધનાઢયો પણ જોડાયા. ( આંદોલનના જુવાળમાં છેક આરંભે હિંદુ અને મુસ્લિમ જેવા કોમી ભેદભાવો પણ વિરોધની એકતામાં ઓગળી ગયા હતા.) લોકોએ સભાઓ અને સરઘસો દ્વારા વિરોધનો નારો ગુંજતો કર્યો. બંગાળની સામાજિક, રાજકીય, ધાર્મિક કે આર્થિક સંગઠિત સંસ્થાઓએ ભારતમાંની બ્રિટિશ સરકારને તથા બ્રિટનની સરકારને લાખો સહીઓવાળાં વિરોધદર્શક આવેદનો પહોંચાડયાં. બંગાળી વર્તમાનપત્રોએ વિરોધનો સૂર નોંધાવ્યો. પણ એથીય વધુ નોંધપાત્ર એ છે કે બંગાળમાંથી પ્રસિદ્ધ થતાં 'અંગ્રેજી' (અંગ્રેજો સંચાલિત) અખબારોએ પણ વિરોધની અહાલેક જગાવી. બલ્કે, બંગાળમાંના કેટલાક અંગ્રેજોએ પણ વિરોધમાં સૂર પૂરાવ્યો. વળી ઈંગ્લેન્ડની પ્રજામાંથી અનેકે તથા બ્રિટનની પાર્લામેન્ટના 'ઉદારમતવાદી' (લિબરલ) સભ્યોએ બંગાળાના ભાગલાની યોજના સામે પ્રકોપ ઠાલવ્યો. આમ, વિરોધ માટે વ્યાપક અને અતૂટ મોરચો ઊભો થયો. ભાગલાની યોજના સામેના વિરોધમાં ત્રેવીસ માસ સુધી, સરેરાશ રોજની ત્રણ લેખે, સભાઓ ભરાઈ. આટલા લાંબા ગાળા સુધી વિરોધનો રવૈયો સભાઓ દ્વારા સતત ફરતો રાખવાનું, ભારતના અર્વાચીન ઈતિહાસમાં આ સૌ પ્રથમ હતું. સભાઓ પણ ૫૦૦થી ઓછી હાજરીવાળી ન હતી. કયારેક તો પચાસ હજારથીય વધુ જનમેદની સભાઓમાં પોતાનો આક્રોશ ઠાલવતી.

સાત ઓગસ્ટ, ૧૯૦૫ના દિવસે સાંજે પાંચ વાગ્યે કલકત્તાના ટાઉન હોલમાં કાસીમબાજારના મહારાજા મનીન્દ્રચંદ્ર નાન્દીના અધ્યક્ષસ્થાને મળેલી ઐતિહાસિક સભાથી 'બહિષ્કાર' અને 'સ્વદેશી' આંદોલનનો પ્રારંભ થયો. તે દિવસે શહેરની મોટા ભાગની બજારો બંધ રહી. સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ, બ્રહ્મબાંધવ ઉપાધ્યાય, રવીન્દ્રનાથ ટાગોર, કૃષ્ણકુમાર મિત્ર, સતીશચંદ્ર મુકરજી, રાસબિહારી ઘોષ, આસુતોષ ચૌધરી, યોગેશચંદ્ર ચૌધરી, હિરેન્દ્રનાથ દત્ત ઈત્યાદિ આંદોલનના નેતાઓ હતા; મુસ્લિમ નેતાઓ પણ તેમાં શામેલ હતા – જેવા કે અબ્દુલ રસુલ, લિયાકત હુસેન, અબ્દુલ હલીમ, યુસુફખાન બહાદુર ઈત્યાદિ.

જોતજોતાંમાં 'બહિષ્કાર' અને 'સ્વદેશી' આંદોલન સારાયે બંગાળમાં પ્રસરી ગયું. યુવકો તે આંદોલનના મશાલચી બન્યા.

બંગાળની જનતાના આ વિરોધને રાષ્ટ્રીય પીઠબળ પણ સાંપડયું હતું. ભાગલા પૂર્વે ૧૯૦૩, ૧૯૦૪ અને ૧૯૦૫નાં કોંગ્રેસનાં વાર્ષિક અધિવેશનોમાં બંગાળના ભાગલા પાડવાના સરકારના ઈરાદાનો સખત ભાષામાં વિરોધ કરતા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

## કાર અને સ્વદેશી આંદોલન

બંગાળના ભાગલાની સૂચિત યોજના સામેના અવિરત આંદોલને લોકોને લાંબી લડત માટેની માનસિક
અને આવડત પૂરી પાડી. એમાંથી સ્વદેશી આંદોલનનો ઝંઝાવાત જાગી ઊઠયો. બંગાળનાં ગામડાં
શહેરોમાં બ્રિટિશ કાપડ અને માલના બહિષ્કારની અને સ્વદેશી માલના વપરાશની ઝુંબેશે જોર પકડયું.
માં પ્રતિજ્ઞાઓ લેવાના કાર્યક્રમો યોજાયા. બધા જાહેર ઉત્સવો કે સમારંભો પણ, ભાગલા અસ્તિત્વમાં
ત્યાં સુધી, મુલતવી રાખવાનો અનુરોધ કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. બહિષ્કાર અને સ્વદેશી
દોલનની સભાઓ ભલે સૌ પ્રથમ દીનાજપુરમાં મળી હોય, છતાં એ આંદોલનને વ્યાપક અને વ્યવસ્થિત
ાવવાનો યશ કલકત્તાને ઘટે છે. ૭ મી ઓગસ્ટ ૧૯૦૫ના રોજ કલકત્તાના ટાઉન હોલમાં સાંજે
યેલી સભામાં બંગાળના જુદા જુદા પ્રદેશના ૫૦૦ જેટલા પ્રતિનિધિઓ અને ખૂબ મોટી સંખ્યામાં
નમેદની ઉપસ્થિત રહ્યાં હતાં. વળી, એક જ દિવસમાં ત્રણ ત્રણ સભાઓ યોજવી પડી. અંગ્રેજોનાં
ાણાં ગાતા 'ઇંગ્લિશમેન' નામના વર્તમાનપત્રને પણ નોંધવું પડયું કે 'વંદેમાતરમ્' અને 'સંયુક્ત
ંગાળ' એવું લખેલા કાળા ઝંડા લઈને હજારો યુવકો સભામાં હાજર રહ્યા હતા આ સભામાં
વેદ્યાર્થીઓએ ગજાવેલો 'વંદેમાતરમ્'નો નાદ સમસ્ત બંગાળમાં ગુંજતો થયો એવું 'અમૃત બજાર
પત્રિકા'એ નોંધ્યું. તેમાં 'ઇન્ડિયન મિરર'ના નરેન્દ્રનાથ સેન, જાણીતા ધારાશાસ્ત્રી અંબિકાચરણ મજુમદાર
તથા શિક્ષક આલમના અગ્રણી અશ્વિનીકુમાર દત્ત જેવા આગેવાનોએ બંગાળ પર આવેલી સૌથી મોટી
આફત તરીકે લેખીને, આગ ઝરતી બાનીમાં બંગભંગની ઝાટકણી કાઢી. સભામંડપમાં નીચેના ચાર ઠરાવ
પસાર થયા—

(૧) સમસ્ત બંગાળની પ્રજા માટે ભાગલા આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસના માર્ગને ઘાતક છે; આપખુદ, અન્યાયી અને અયોગ્ય છે. સમગ્ર પ્રજાની ઇચ્છાથી વિરુદ્ધ છે, માટે તે રદ કરવા.

(૨) પ્રજાને અંધારામાં રાખીને કરવામાં આવેલી ભાગલાની યોજના પ્રત્યે સંપૂર્ણ નાપસંદગી છે.

(૩) ભાગલા રદ ના થાય ત્યાં સુધી બંગાળમાં બ્રિટિશ માલના બહિષ્કારના ઠરાવને ટેકો આપવામાં આવે છે.

(૪) ભાગલા રદ ન થાય ત્યાં સુધી બંધારણીય રીતે 'સ્વદેશી અને બહિષ્કાર'નું આંદોલન બંધ ન કરવું.

સ્વદેશી આંદોલન આરંભમાં આર્થિક આંદોલન હતું. આંદોલનનો આર્થિક કાર્યક્રમ ઇંગ્લેન્ડથી આયાત થતાં કાપડ, મીઠું અને ખાંડનો બહિષ્કાર કરવાનો હતો. ઇંગ્લેન્ડમાંથી મંગાવવામાં આવતી મોજ-શોખની અનેક ચીજો, સિગારેટ વગેરેનો ઉપયોગ ન કરવાની લોકોને સલાહ આપવામાં આવી હતી. આમ કરીને દેશનું ધન પરદેશ તરફ ખેંચાઈ જતું રોકીને લોકોની આર્થિક સ્થિતિ સુધારવાની અને ભારતની બ્રિટિશ સરકાર ઉપર ઇંગ્લેન્ડના વેપારીઓ અને પ્રજમતનું દબાણ વધે તેમ કરવાની નેમ હતી.

* આંદોલનકારોએ કાર્યક્રમ ફક્ત આર્થિક બહિષ્કારનો ન રાખતાં સામાજિક અને રાજકીય બહિષ્કાર સુધી તેને વિસ્તાર્યો. રાજકીય ક્ષેત્રે સંખ્યાબંધ લોકોએ સરકારી નોકરીઓ, અદાલતો, ખિતાબો, ધારાસભા, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, જુદાં જુદાં પંચોના હોદ્દાઓ વગેરે છોડયા. સામાજિક બહિષ્કારનો કાર્યક્રમ જલદ હતો. આ કાર્યક્રમ જ લડતને વધુ શક્તિ આપનાર નીવડયો. વિદેશી માલ ખરીદનારાઓ, વેચનારાઓ, લડતમાં સરકારને સાથ આપનારાઓ, સત્યાગ્રહીઓની ધરપકડ કરનારાઓ કે તેમની સામે કામ ચલાવનારાઓનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર કરાતો. સામાજિક બહિષ્કારનું આ શસ્ત્ર

વીસમી સદીના આરંભમાં એવું તો અસરકારક હતું કે ભલભલા એથી ધ્રૂજી ઊઠતા. બહિષ્કારની લડતમાં અંગ્રેજી શિક્ષણ સંસ્થાઓના ત્યાગની વાત પણ અભિપ્રેત હતી. શિક્ષણક્ષેત્રે માધ્યમ તરીકે બંગાળી ભાષાનો જ ઉપયોગ કરવાનું તથા રાષ્ટ્રીય શિક્ષણ આપતી શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનું ઠરાવાયું.

* આમ, ૧૯૦૫ની બહિષ્કારની લડતે ગાંધીજીની ૧૯૨૦–૨૧ની પ્રવૃત્તિ માટેની પીઠિકા ઊભી કરી હતી તેમ, કહીએ તો યથાર્થ ગણાશે. એમ તો, છેક ઈ. સ. ૧૮૭૩માં ભોલાનાથચંદ્ર નામના એક જાણીતા કાર્યકરે સ્વદેશી ચીજોના ઉત્પાદન અને વપરાશની એક યોજના કરી હતી. દયાનંદ સરસ્વતી અને સ્વામી વિવેકાનંદે પણ લોકોને 'સ્વદેશી વ્રત' લેવા અનુરોધ કર્યો હતો. પરંતુ ૧૯૦૫ના આ સ્વદેશી આંદોલન વખતે સ્વદેશીનો ખ્યાલ વધારે વ્યાપક અને વ્યવસ્થિત બન્યો.

## સ્વદેશીની પ્રતિજ્ઞા

(મૂળ બંગાળી)

"અમે સ્વદેશના કલ્યાણ માટે માતૃભૂમિનું પવિત્ર નામ સ્મરીને એવી પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમે હવે પછી જ્યાં સુધી સ્વદેશી વસ્તુ પ્રાપ્ત હશે ત્યાં સુધી વિદેશી ખરીદીશું નહિ; આમ કરતાં જો અમારે આર્થિક વા બીજું કોઈ નુકસાન સહન કરવાનું આવશે તો અમે તે માટે તૈયાર રહીશું. અમે આટલું જાતે કરીને રોકાઈ નહિ જઈએ; મિત્રો–બંધુઓ અને અન્ય પ્રજાજનો પુકાર કરે તે માટે યથાસાધ્ય પ્રયાસ કરતા રહીશું. ભગવાન અમારા આ શુભ સંકલ્પમાં સહાયરૂપ બનો."

જેમ જેમ સરકારે દમનનો કોરડો વીંઝવા માંડયો તેમ તેમ સરકાર સામે વધેલી ઘૃણા સ્વદેશીનો વપરાશ વધારીને અને વિદેશી માલનો બહિષ્કાર કરીને લોકોએ દર્શાવી આપી. બ્રિટિશ માલના બહિષ્કારના પરિણામે શક્ય તેટલી તમામ ચીજો ભારતમાં પેદા કરવા માટેની ઝુંબેશ સઘન બની અને દેશી ઉદ્યોગોને મદદ મળી.

### આંદોલનનો વ્યાપ

ભાગલા સામેની લડત વ્યાપક બની. મુંબઈ, અલ્હાબાદ અને અમદાવાદ જેવાં નગરોમાં પણ બહિષ્કારની લડતને સાથ આપવા સભાઓ અને ઠરાવો થયા. મુંબઈ અને અમદાવાદની મિલોના માલિકોએ બંગાળને જોઈતું કાપડ પૂરું પાડવાની તત્પરતા બતાવી.

બીજી બાજુ, કલકત્તામાંના મારવાડી વેપારીઓના, જે વિદેશી કાપડના અગ્રણીઓ હતા તેમના, મંડળે પોતાનાં હિતોને ખ્યાલમાં રાખીને, માન્ચેસ્ટરના વેપારી મંડળને તાર મોકલીને જણાવ્યું કે તેઓ બહિષ્કારની પ્રવૃત્તિને લીધે આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે અને માન્ચેસ્ટરના કાપડનું વેચાણ તદ્દન બંધ છે. માટે માન્ચેસ્ટરના વેપારી મંડળે બંગાળના ભાગલા રદ કરવા માટે બધા જ પ્રયત્નો કરવા. જ્યાં સુધી ભાગલા ચાલુ હશે ત્યાં સુધી માન્ચેસ્ટરના વેપારી મંડળ સાથે તેઓ કાપડનો કોઈપણ સોદો કરી શકશે નહીં.

ગામડાંમાં પણ બહિષ્કારની લડત એટલી સઘન રીતે ચાલી કે ગામડાંના મોટાભાગના વેપારીઓએ વિદેશી કાપડ ખરીદવા અંગેના પોતાના સોદાઓ રદ કર્યા. કલકત્તાના અંગ્રેજી દૈનિક 'સ્ટેટસમેન'માં આપેલા, ૧૯૦૪ અને ૧૯૦૫ના સપ્ટેમ્બર માસમાં બંગાળમાં ખરીદાયેલ, બ્રિટિશ કાપડના આંકડા જ બહિષ્કારની લડતની સફળતાના દ્યોતક છે : ૧૯૦૪માં ખરીદી રૂા. ૭૭,૨૦૦ની હતી, તે ૧૯૦૫માં માત્ર ૯,૭૦૦ જેટલી નીચે ઊતરી ગઈ હતી.

શી'ની લડત જેમ જેમ વ્યાપક બની તેમ તેમ વિદેશી કાપડની ખરીદી દેશભરમાં ઘટી અને અમદાવાદનો કાપડ-ઉદ્યોગ ફાલ્યો. પરંતુ વાજબી નફાથી વધારે નફો લેનાર વેપારીનો કરાતો હોવાથી વેપારીઓએ વધારે નફો લીધો નહીં.

રતમાં ફક્ત કાપડ એકલું જ બ્રિટનથી આવતું ન હતું; બૂટ, મોજાં, બંગડી, મીઠું, ખાંડ, સિગારેટ, ટા જથ્થામાં આવતાં. બહિષ્કારની અસર આ આયાત પર પણ થઈ. બીજી બાજુ, એશિયાઈ ભારતમાં આવતા કેટલાક માલમાં આયાત ઘટવાને બદલે વધી.

૯૦૯ના ૨૨મી જાન્યુઆરીના લંડનથી પ્રસિદ્ધ થતા 'ટાઈમ્સ'માં છપાયેલા ભારતમાં થયેલી કાપડની ા આંકડા એ વાતની ગવાહી પૂરે છે કે બ્રિટિશ માલના બહિષ્કારનું આંદોલન પાંચમા વર્ષે પણ ગુસ્સો ગુમાવી બેઠું ન હતું.

### પ્રાણતત્ત્વ

લડતને લોકો સુધી પહોંચાડવામાં છાપાં અને લેખકોનું પ્રદાન મહત્ત્વનું હતું. 'બંગાળી', 'સંજીવની', ', 'અમૃત બજાર પત્રિકા', 'ઈન્ડિયન મિરર' વગેરેએ ભાગલાને વખોડી કાઢતા લેખો લખીને, ભાગલાની તક અસરોનું સુંદર નિરૂપણ કર્યું હતું. રાષ્ટ્રીય અસ્મિતા અને સંસ્કૃતિ પરના ખતરા તરીકે ાંએ કરેલું નિરૂપણ લોકો માટે હૃદયસ્પર્શી હતું.

'મિરર'ના તંત્રી નરેન્દ્રનાથ સેન 'સંજીવની'ના તંત્રી કૃષ્ણકુમાર મિત્ર, 'ન્યુ ઈન્ડિયા'ના તંત્રી પિનચંદ્ર પાલ, 'અમૃત બજાર પત્રિકા'ના તંત્રી મતિલાલ ઘોષ, 'ડૉન'ના તંત્રી સતીશચંદ્ર મુખરજી જેવા ખબાર સંચાલકો લડતના આગેવાનો પણ હતા.

સાહિત્યકારોએ પણ લડતમાં એવું જ પ્રદાન કર્યું. ગુરુદેવ ટાગોરે રાષ્ટ્રભક્તિથી ભરપૂર કાવ્યો ય્યાં. કેટલાક નાટ્યકારોએ નાટકો રચ્યાં અને ગામડાં અને શહેરોમાં ભજવ્યાં. દા. ત. લૉર્ડ કર્ઝનની સી ઉડાવતું 'ક્રૂર જન' નામનું નાટક ત્યારે ખૂબ પ્રચલિત બન્યું હતું.

## 'સ્વદેશી'નો ધર્મ

(૧) સ્વદેશી કાપડ વધારે પ્રમાણમાં વપરાય તો તેનું મોટા પાયા પર ઉત્પાદન થતાં તે વિદેશી પડ કરતાં વધારે સસ્તું પડશે.

(૨) સ્વદેશી કાપડ આપણા જ દેશના રૂ કે શણમાંથી બને તેથી આપણા દેશના ખેડૂતોને લાભ થશે.

(૩) દેશનો કાચો માલ વહાણમાં ઈંગ્લેન્ડ જાય. ત્યાંથી પાકો થઈને વહાણમાં પાછો આવે. બંને તનું ખર્ચ તો વાપરનારા પર જ ચઢે છે તે 'સ્વદેશી'થી ટળશે.

(૪) આપણો કાચો માલ વિદેશમાં પાકો થાય તો આપણા કારીગરોની રોજી છીનવાઈ જાય.

(૫) સ્વદેશી ન વાપરનારા લોકોનો સામાજિક બહિષ્કાર કરવાનો રસ્તો લેવાથી સ્વદેશીનો ાવો વધશે; ભારતીય વણાટ, રંગકામ અને દેશી કાપડ ઉદ્યોગને ભારે પ્રોત્સાહન મળશે. તેઓ લોક-ડતમાં ભાગીદાર થવા પ્રેરાશે.

(૬) લડતને વેગ આપવા ગામડાં અને શહેરોમાં લોક સમિતિઓ ઊભી કરવી.

(૭) સ્વદેશી માલ ખરીદવા માટે લોકોને સમજાવવા જોઈએ, પણ તેમના પર પરાણે વદેશી લાદવાથી દૂર રહેવું ઘટે.

'સ્વદેશી' અને 'બહિષ્કાર'ના આંદોલનમાં કોંગ્રેસની સ્થાપનામાં ભાગ ભજવનાર આગેવાન સુરેન્દ્રનાથ બેનરજીએ પોતાની સર્વ શક્તિ રેડી. તેમનાં લખાણો અને પ્રવચનોએ લડતમાં પ્રાણ પૂર્યો. પાછળથી ક્રાન્તિવીર તરીકે નામના મેળવનાર અને મહાન સાધક અરવિંદ ઘોષ, કલકત્તા યુનિવર્સિટીના પ્રથમ હિંદી ઉપકુલપતિ રાસબિહારી ઘોષ વગેરે રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત આગેવાનો લડતમાં સક્રિય હતા.

રમેશચંદ્ર દત્તે અંગ્રેજો દ્વારા થયેલા હિંદના શોષણનું અને તેથી દેશમાં સર્જાયેલી ગરીબાઈનું તેમનાં બે પુસ્તકોમાં વિશદ નિરૂપણ કર્યું. આ પુસ્તકોમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેના નાણાંકીય સંબંધોની છણાવટ એટલી સુંદર અને પ્રતીતિકર હતી કે અરવિંદ ઘોષે પણ લખ્યું છે કે "આ પુસ્તકોના પ્રસાર વિના સ્વદેશી અને બહિષ્કારની લડત આવી અસરકારક ન બની હોત".

૧૯૦૫ના ડિસેમ્બરમાં બનારસમાં રમેશચંદ્ર દત્તના પ્રમુખપદે ભારતીય ઔદ્યોગિક પરિષદ મળી. પરિષદમાં સ્વદેશીના વપરાશ અને ઉત્પાદન માટે હાકલ કરવામાં આવી. આ પરિષદ વખતે સ્વદેશી ચીજ વસ્તુઓનું એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ભારતમાં બનતી દરેક ચીજના નમૂનો મૂકીને તેનું ઉત્પાદનસ્થળ, કિંમત વગેરે વિગતો લખવામાં આવી હતી. આના લીધે પણ 'સ્વદેશી'ને ઉત્તેજન મળ્યું,

## લોક-લડતનો વ્યાપ

બંગાળના ભાગલા અમલમાં આવતાં સંયુક્તપ્રાંત, મધ્યપ્રદેશ, પંજાબ, મુંબઈ ઈલાકા (ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક) તથા મદ્રાસ પ્રાંતમાં લોકલડત પ્રસરી. મુંબઈ ઈલાકામાં લોકમાન્ય ટિળક અને એસ. એમ. પરાંજપેની નેતાગીરી રહી. ટિળકનાં પુત્રી શ્રીમતી કેતકર, મહાદેવ રાજારામ અને વિષ્ણુગોવિંદ બીજાપુરકરે પણ ટિળક મહારાજના પગલે પગલે સ્વદેશી અને બહિષ્કાર આંદોલનમાં ભાગ ભજવ્યો. પંજાબમાં મુનશીરામ (પછીથી સ્વામી શ્રદ્ધાનંદ), પંડિત ચંદ્રકાન્ત દત્ત, રામ ગંગારામ વગેરેએ સ્વદેશી આંદોલનને વ્યાપક બનાવવામાં ભાગ ભજવ્યો. આ બધાની અસર મંદિરના પૂજારીઓ અને પંડાઓ સુધી પહોંચી. તેમણે વિદેશી ખાંડમાંથી બનતી મીઠાઈઓ કે વિદેશી ધોતીનો વપરાશ છોડયો. આથી તેમના ગ્રાહકો અને ભક્તો સુધી સ્વદેશી આંદોલન પહોંચાડવામાં મદદ મળી.

ધાર્મિક મેળાઓ અને ઉત્સવોમાં પણ 'સ્વદેશી' અને 'બહિષ્કાર'ના પ્રચાર કરીને લોકોનો સાથ મેળવાયો.

'સ્વદેશી' આંદોલનની પ્રવૃત્તિ અને લડત સાચી છે, એ ઠસાવવા વિશ્વના અન્ય દેશોમાં પણ પ્રયાસ થયા. સર્વ પ્રથમ તો, ઇંગ્લેન્ડમાં વસતા ભારતીયોએ અને કોંગ્રેસની શાખાએ ત્યાં લડત વિષે લોકમત કેળવવાનું કામ કર્યું. વળી, ભારતમાં જેમનાં હિતો હતાં તેવા બ્રિટિશ વેપારીઓએ પણ ઇંગ્લેન્ડના હિત ખાતર લડત સમેટાઈ જાય તેના પર ભાર મૂક્યો અને ભાગલા રદ કરવા અભિપ્રાય આપ્યો.

આંતરરાષ્ટ્રીય પ્રચારમાં સ્વામી વિવેકાનંદના શિષ્ય સ્વામી અભેદાનંદે તેમનાં પ્રવચનો અને લેખોમાં હિંદના લોકોની લાગણીઓ અને માગણીઓ વણી લઈને ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાને વિશ્વ સમક્ષ છતો કર્યો. તેમણે ન્યૂયોર્કમાં આપેલાં (૧૯૦૬માં પુસ્તકરૂપે પ્રકાશિત થયેલાં) વ્યાખ્યાનોમાં બ્રિટિશ સરકારની તાનાશાહી, સામ્રાજ્યવાદી યુદ્ધખોર વિદેશનીતિ, ખર્ચાળ અને શોષણખોર એવી રાજનીતિ ખુલ્લી પાડી. આ પ્રવચનો અને પ્રચારની અસર અમેરિકામાં થઈ. ત્યાં સ્વદેશી આંદોલન પ્રત્યે સહાનુભૂતિ જન્મી. જો કે, આ પુસ્તક ભારતમાં આવતાં જ અંગ્રેજ સરકારે તેને પ્રતિબંધિત જાહેર કર્યું.

* આવા બધા પ્રયાસોના પરિણામે 'સ્વદેશી'ની ચળવળ દુનિયાભરમાં ભારતના રાષ્ટ્રીય સંગ્રામ તરીકે મશહૂર બની.

'બહિષ્કાર અને સ્વદેશી'ની લડતને વ્યાપક બનાવવા અને અંગ્રેજ શાસન સામે નવી પેઢીમાં વિરોધી ભાવના જાગૃત કરવા માટે રાષ્ટ્રીય શિક્ષણનો અમલ અને પ્રચાર કરવાનું પણ સ્વદેશીના યોજકોના ખ્યાલ બહાર ન હતું. જો ચીજો સ્વદેશી હોય તો શિક્ષણ પણ સ્વદેશી શા માટે નહીં ? જો વિદેશી માલનો બહિષ્કાર હોય તો વિદેશો પ્રત્યે અહોભાવ જગાડે, અંગ્રેજોને મદદરૂપ થાય, તેવા અંગ્રેજી પદ્ધતિના વિદેશી શિક્ષણનો બહિષ્કાર શા માટે નહીં ? વાસ્તવમાં, પશ્ચિમી શિક્ષણ વિદ્યાર્થીને સ્વાવલંબી બનાવવાને બદલે અંગ્રેજી રાજવહીવટના હાથા બનવા પ્રેરતું હતું. ભારતીય જીવનવ્યવહાર કે ભારતીય સંસ્કૃતિને પોષક એવું કંઈ એ શિક્ષણમાં ન હતું. આથી ભારતીય સંસ્કારમૂલક શિક્ષણની વ્યવસ્થા કરવાના પ્રયાસો કરવાનું જરૂરી હતું.

સ્વામી દયાનંદ અને સ્વામી વિવેકાનંદે રાષ્ટ્રીય શિક્ષણ માટે પ્રયત્ન કર્યો. ગુરુદાસ બેનરજી, રવીન્દ્રનાથ ટાગોર અને સતીશચંદ્ર મુખરજીએ પણ રાષ્ટ્રીય શિક્ષણની સ્થાપનામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો.

સતીશચંદ્ર મુખરજીએ ૧૯૦૨માં કર્ઝનના યુનિવર્સિટી ધારાના વિરોધમાં 'ડોન સોસાયટી' ('પ્રભાત–સમાજ')ની સ્થાપના કરી હતી. આ શિક્ષણ સંસ્થાએ સ્વદેશી અને બહિષ્કારનું આંદોલન શરૂ થતાં એમાં ઝંપલાવ્યું. લડત માટેના સ્વયંસેવકો આ સંસ્થાની દેણ હતી. 'વંદેમાતરમ્' ગાતા અને એને લોકપ્રિય બનાવતા જતા 'ડોન સોસાયટી'ના સ્વયંસેવકોએ લડતને ઉપયોગી એવી પત્રિકાઓ અને અન્ય સાહિત્ય વહેંચવામાં તથા સભાઓ અને સરઘસો યોજવામાં આગળ પડતો ભાગ ભજવ્યો. લડત ફેલાતાં સરકારે લડતમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ પર દમન આદર્યું; શાળા-કૉલેજોમાંથી તેમને છૂટા કર્યા; તો એવા વિદ્યાર્થીઓ માટે 'ડોન સોસાયટી'એ વૈકલ્પિક શિક્ષણની વ્યવસ્થા પૂરી પાડી. બંગાળના ધનિકો અને જમીનદારોએ 'ડોન સોસાયટી'ને જમીન અને નાણાં આપતાં રાષ્ટ્રીય શાળા ઊભી કરવામાં સરળતા રહી. આંદોલનકાળ દરમિયાન કલકત્તા યુનિવર્સિટીને 'ગુલામખાનું' તરીકે ઓળખાવીને વિદ્યાર્થીઓએ ઉડાડેલી અંગ્રેજી શિક્ષણની ઠેકડીમાં આમજનતાનેય રસ હતો.

આંદોલનના આગેવાનોએ રાષ્ટ્રીય શિક્ષણ માટે સાહિત્યકારો, શિક્ષણકારો અને વિદ્વાનોને સમજાવીને જે ઝુંબેશ ઉપાડી તેના પરિણામે ૧૯૦૮માં બંગાળમાં રાષ્ટ્રીય શિક્ષણ આપતી ૩૦૦ જેટલી પ્રાથમિક શાળાઓ અને ૨૫ જેટલી માધ્યમિક શાળાઓ ચાલતી હતી. આમ, ગાંધીયુગના રાષ્ટ્રીય શિક્ષણના પ્રસાર અને અમલ માટેનાં બી વવાયાં હતાં.

## દમનનો દોર

બંગભંગના મુદ્દા પર શરૂ થયેલું બહિષ્કાર અને સ્વદેશીનું આંદોલન વ્યાપક બનીને બંગાળ બહાર ફેલાતાં સરકારને પોતાના અસ્તિત્વ પર ખતરો જણાયો. એક **સ્થાનિક ( બંગાળી ) આંદોલન રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં** પલટાતું દેખાતાં સરકારે કોઈપણ ભોગે તેને કચડી નાખવા પગલાં લીધાં.

વિદ્યાર્થીઓને પિકેટિંગ અને સભા-સરઘસોમાં ભાગ લેવાની મનાઈ ફરમાવવામાં આવી. વિદ્યાર્થીઓના વાલીઓ તથા શાળા વા કૉલેજોના સંચાલકો ઉપર દબાણ લાવીને વિદ્યાર્થીઓને લડતથી વેગળા રાખવાની તરકીબ યોજાઈ. આમાં સહકાર ન આપનારી સંસ્થાઓની સરકારી માન્યતા અને સહાય બંધ કરવામાં આવી. ઉપરાંત, 'રાજકીય આંદોલન'(!)માં ભાગ લેતા વિદ્યાર્થીઓથી યાદી શિક્ષણસંસ્થાઓ પાસે માગવામાં આવી. આ બધાથી વિદ્યાર્થી આલમમાં રોષ વ્યાપ્યો અને તેમણે લડતમાં વધારે ઉત્સાહભેર ઝંપલાવ્યું. પિકેટિંગ, બહિષ્કાર, સ્વદેશી આંદોલન, વિદેશી કાપડ અને માલની હોળી વગેરેના કાર્યક્રમો વધારે જલદ બન્યા. તો પોલીસે ધાક બેસાડવા માટે પિકેટિંગ કરનારાઓની ધરપકડોની પરંપરા આદરી. સરકારી ન્યાયાધીશોએ સખત સજા કરવા માંડી. આથીય લડતનો જુસ્સો ઓર વધ્યો. સરકારને

દમન સામે સભાઓ અને સરઘસો યોજાવા લાગ્યાં. તેમાં 'વંદેમાતરમ્'નો નારો ગુંજવા લાગ્યો. સરકારે 'વંદેમાતરમ્' ગાવા કે પોકારવા પર પ્રતિબંધ લાદતું ફરમાન કર્યું; સભા અને સરઘસબંધી કરી. અંગ્રેજો પ્રત્યેની વફાદારી માટે જાણીતી એવી ગુરખા કોમની મોટી સંખ્યામાં પોલીસદળમાં ભરતી કરવામાં આવી. ગુરખાઓએ અંગ્રેજ માલિકોને ખુશ કરવા દમનચક્ર ચલાવ્યું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપરના દમનના વિરોધમાં ભારતમાં સૌ પ્રથમ રાષ્ટ્રીય શાળા બારિસાલ (પૂર્વબંગાળ)માં સ્થપાઈ હતી.

બારિસાલમાં થયેલા બેશુમાર દમનને વખોડી કાઢતા લેખો 'અમૃતબજાર પત્રિકા', 'સંજીવની', 'સંધ્યા', 'હિતવાદી' વગેરે વર્તમાનપત્રોએ લખ્યા. એટલું જ નહિ, યુરોપી માલિકીવાળા અંગ્રેજી દૈનિક 'સ્ટેટ્સમેને' આ નાદિરશાહીને વખોડી કાઢી. લંડનના 'ડેઈલી ન્યૂઝ'ના ખાસ ખબરપત્રી નેવિન્સનને આમાં બંગાળના ઉપગવર્નર બેમ્પફિલ્ડ ફૂલરનો હાથ દેખાયો હતો – વાડ ચીભડાં ગળે, તેવો ઘાટ હતો ! જ્યાં રક્ષણ માટે જવાબદાર પોતે નાદિરશાહીના પ્રણેતા હોય ત્યાં ગુરખા પોલીસોનો કેટલો વાંક કાઢવો ?

સ્વદેશી આંદોલન અને બહિષ્કારની લડતને છાપાંઓનો સાથ હોવાથી એ લડત વ્યાપક બની હતી. આથી સરકારે છાપાંને અંકુશમાં લઈને લડત તોડવાની નીતિ અમલી બનાવી. રાષ્ટ્રવાદી આંદોલનના પ્રખર ટેકેદાર અખબાર 'વંદેમાતરમ'ના તંત્રી અરવિંદ ઘોષ સામે રાજ્યદ્રોહ પ્રેરવાનો આરોપ મૂકીને સરકારે તેમની ધરપકડ કરી. 'સંધ્યા'ના તંત્રી બ્રહ્મબાંધવ ઉપાધ્યાયને રાજદ્રોહ ફેલાવવાના આરોપ હેઠળ પકડવામાં આવ્યા. પણ તેમણે બહિષ્કારની ચરમ સીમા બતાવી આપી : જે સરકારમાં શ્રદ્ધા ન હોય તેની અદાલતમાં કંઈપણ કહેવાનો જ ઈન્કાર કર્યો. પોતાનો બચાવ કરવાની અનિચ્છા બતાવી. વિવેકાનંદના ભાઈ ભૂપેન્દ્રનાથ દત્ત 'યુગાંતર'ના તંત્રી હતા; તેમને પણ બહિષ્કારના સમર્થન બદલ અવારનવાર સજાઓ થઈ હતી, છતાં તેમણે નીતિ ન બદલી.

બાલ, લાલ અને પાલ (બાળગંગાધર ટિળક, લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ)ની ત્રિપુટીએ બહિષ્કાર અને સ્વદેશીની લડત દરમિયાન અવારનવાર બંગાળાનો પ્રવાસ કર્યો. તેમના પ્રવાસે બંગાળની જનતામાં નવું જોમ અને જુસ્સો પૂર્યાં.

---

**"જો સરકાર રશિયાના ઝાર જેવી દમનનીતિ વાપરશે તો લોકોને પણ ઝારની સામે ત્યાંના ક્રાન્તિકારીઓ જે રસ્તા અજમાવે છે તે વાપરવાની ફરજ પડશે."**

**–બિપિનચંદ્ર પાલ**

---

સરકારે લડત તોડવા માટે દમન સિવાયનાં અન્ય પગલાં પણ લીધાં. તેમાં ખાસ હતાં : પ્રલોભનો આપવાં અને હિંદુ-મુસ્લિમ વચ્ચે ભાગલા પડાવવા.

અંગ્રેજોએ હિંદુઓ અને મુસલમાનોને જુદા પાડવા બંગાળના ભાગલા પાડયા હતા. આરંભમાં મુસ્લિમોએ બહિષ્કારની લડતમાં સારો ભાગ ભજવ્યો હતો. તેઓ સરઘસોમાં જોડાઈને નારા લગાવતા, સભાઓમાં આવતા અને 'વંદેમાતરમ્'ના નારા સુદ્ધાં ગજવતા. આ એકતા તોડાવવા અંગ્રેજોએ સામ-દામ-દંડ અને ભેદની નીતિનો આશરો લીધો. ઢાકાના નવાબ સલીમુલ્લાની પૂર્વ બંગાળના મુસ્લિમો પર સારી વગ હતી. તેમના દ્વારા મુસ્લિમોને ભાગલા સ્વીકારી લેવા અને લડતમાં ન પડવાનું સમજાવવા બદલ નવાબને નજીવા વ્યાજના દરે ૧૪ લાખ રૂપિયાની લોન આપી ! નવાબની અસર નીચેના મુસલમાનો આંદોલનથી અલગ થઈ ગયા અને આવા મુસલમાનોએ સર સૈયદ અહમદના વખતથી મુસ્લિમોમાં પેદા થયેલી કોંગ્રેસવિરોધી લાગણીનો ઉપયોગ કરવાની તક ઝડપી લીધી.

૧૯૦૬માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. હકીકતમાં દેશવ્યાપી હિંદુ-મુસ્લિમ એકતાને તોડવા માટે જેની પ્રેરણાથી થયેલું આ કૃત્ય બંગભંગની લડતના મૂળમાં ઘા કરનારું બન્યું. (વધુ જુઓ ખંડ-૩) ી ૧૯૦૬ પછી બંગાળમાંથી મુસ્લિમો આ લડતથી અળગા થતા ચાલ્યા. જમાલપુર અને કોમિલ્લામાં ૦૬-૦૭માં કોમી હુલ્લડો થયાં. હિંદુઓની દુકાનો લૂંટવામાં આવી; માલ-મિલ્કતોને નુકશાન થયું. વા વખતે પોલીસ લગભગ નિષ્ક્રિય રહેતી. મંદિરોને ભ્રષ્ટ કરવાનું અને સ્ત્રીઓ પર અત્યાચાર વાનું પણ 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ના ખબરપત્રી નેવિન્સને નોંધ્યું છે.

ખુદ પૂર્વ બંગાળના ગવર્નર બેમ્પફિલ્ડે મુસ્લિમોની તરફેણ કરતાં નિવેદનો કરીને રમખાણો પોષ્યાં. રંતુ ઈંગ્લેન્ડની આમસભાના સભ્ય સી. જે. ઓડોનેલે બ્રિટિશ સરકાર અને અંગ્રેજ ન્યાયાધીશોએ ભારતમાં મુસ્લિમો તરફ બતાવેલા પક્ષપાતની નીતિની ઝાટકણી કાઢી.

## આંદોલનનાં લેખાં-જોખાં

સ્વદેશી આંદોલનનું આરંભનું સ્વરૂપ આર્થિક હોવા છતાં થોડા વખતમાં એ રાજકીય આંદોલન બની ગયું. હકીકતમાં તો રાજકીય પ્રવૃત્તિના ભાગરૂપે જ તે આંદોલન જન્મ્યું હતું. એને લીધે બંગભંગની ચળવળે રાષ્ટ્રીય એકતાનું અદ્ભુત દર્શન કરાવ્યું : 'બંગાળના ભાગલા, દેશના ભાગલા છે,' **એવી પ્રતીતિ સૌ પ્રાંતના લોકોને થઈ. સૌ એક દેશના છીએ એવી રાષ્ટ્રવ્યાપી દેશભક્તિની ભાવનાનો જન્મ એ તેની સૌથી મોટી સિદ્ધિ.**

સ્વદેશીના આંદોલનથી બંગાળને રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક વગેરે લાભો થયા. બંગાળાના ગૃહ ઉદ્યોગો અને ગ્રામોદ્યોગોને વેગ મળ્યો. સામાન્ય માનવી માટે રોજગારીની તકો વધી. રાજકીય એકતા અને રાષ્ટ્રીયતાની ભાવના દૃઢ બની. સરકારી શાળાઓના બહિષ્કારને લીધે રાષ્ટ્રીય શિક્ષણનો ફેલાવો થયો. રાષ્ટ્રીય શિક્ષણ આપતી સંસ્થાઓ ઊભી થતાં, તેમાં શિક્ષણ લેનારી નવી પેઢીને દેશપ્રેમ, રાષ્ટ્રભક્તિ અને પ્રગતિશીલ વિચારોનું ભાથું પ્રાપ્ત થયું. રાષ્ટ્રીય શિક્ષણ અને રાષ્ટ્રીય વિચારસરણીને પોષક એવું નવું સાહિત્ય બંગાળીમાં સર્જાયું. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય, રવીન્દ્રનાથ ટાગોર, શરદબાબુ વગેરેએ આ ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કર્યું. બંગભંગની ચળવળમાંથી રાષ્ટ્રીય ફલક પર આંદોલન વિકસ્યું. પરિણામે, રાષ્ટ્રીય આંદોલન અને સ્વરાજ સંગ્રામનો એક નવો તબક્કો વિકસ્યો. ૧૮૮૫ થી ૧૯૦૫ સુધી મુખ્યત્વે અરજીઓ અને વિચારોના પ્રચાર-દબાણ દ્વારા અન્યાય દૂર કરી શકાશે; બલ્કે, આ બંધારણીય માર્ગ અસરકારક નીવડશે એવું માનવામાં આવતું. તેમાં હવે પરિવર્તન આવ્યું. અન્યાય દૂર કરવા માટે અને રાજકીય હકોની પ્રાપ્તિ માટે આંદોલનનો માર્ગ અસરકારક છે એવું હવે લોકોને પ્રતીત થવા લાગ્યું. હકોની પ્રાપ્તિ માટેનો નવો રસ્તો ચીંધવાનું અને તે રીતે ભારતીય રાજકારણમાં પરિવર્તનનો પ્રારંભ કરવાનું શ્રેય 'બહિષ્કાર' અને 'સ્વદેશી'ના આંદોલનને ઘટે છે.

વાસ્તવમાં બંધારણીય રજૂઆતનો યુગ આથમી જતાં તે નીતિના પુરસ્કર્તા ગોપાલકૃષ્ણ ગોખલે કે ફિરોજશાહ મહેતા જેવા નેતાઓનો સૂર્ય આથમતો થયો. ૧૯૦૫ થી ૧૯૨૦ સુધીના નવા યુગમાં લાલ, બાલ, પાલ અને અરવિંદ ઘોષ જેવા ઉદ્દામ નેતાઓનો પ્રભાવ વરતાતો થયો.

* સ્વદેશી અને બહિષ્કારે તેની પછીના યુગની સ્વરાજની લડતોને પ્રેરણા આપી; તે લડતો માટેની ભૂમિકા સર્જી. ખાસ કરીને, ગાંધીજીનાં કાર્યો માટેનો પાયો અને વાતાવરણ 'સ્વદેશી' અને 'બહિષ્કાર'ના આંદોલન વિના શક્ય હોત કે કેમ તે સવાલ છે. ગાંધીજીએ 'રાષ્ટ્રીય શિક્ષણ'ક્ષેત્રે કરેલું પ્રદાન કે અસહકારની લડતમાં અપનાવેલો પંચવિધ 'બહિષ્કાર' અને 'સ્વદેશી'ના રચનાત્મક કાર્યક્રમો ૧૯૦૫ની લડતના પાયા

પર જ પાંગર્યા હતા. એટલું જ નહીં, સરકાર સામેના અસહકારની વ્યવસ્થિત તાલીમ અને પ્રયોગો-૧૯૨૧ની 'અસહકારની લડત, ૧૯૩૦–૧ની સવિનય કાનૂન ભંગની લડત અને ૧૯૪૨નું 'હિન્દ છોડો' આંદોલન એ બધાંનાં મૂળિયાં ૧૯૦૫ના બંગભંગ આંદોલનમાં અવશ્ય છે.

એકંદરે, સ્વદેશીની લડતે ભારતીય રાષ્ટ્રવાદને આળસ અને નિદ્રામાંથી જગાડયો અને સ્વદેશીની લડત સ્વરાજ માટેની લડત બની. તેણે લોકોના મનમાંથી લાઠી, જેલ, દંડનો ભય દૂર કર્યો, અને એ રીતે સ્વરાજ માટેની ભાવિ લડતની માનસિક તૈયારી પણ પૂરી પાડી.

●

---

## શું ઉદ્દામ ! શું મવાળ !

આપણે ઉગ્રમત ધરાવનારા (જહાલો) પોતાને 'મોર' અને સામાવાળા 'વિનીતો'ને 'કાગડો' કહીને તેમનો ગમે તેટલો ઉપહાસ કરીએ તોય એ બંનેને થપ્પડ લગાવનારો નોકરશાહીનો 'ગરુડ' આપણા માથા પર ઘૂમી રહ્યો છે–એ છેલ્લા બે વરસના અનુભવ પરથી આપણે ન સમજીએ તો ખરેખરા મૂરખ આપણે જ. વળી કોઈ પોતાને 'વિનીત' તરીકે ઓળખાવવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તોય સરકારની દૃષ્ટિમાં વિનીત બનતો નથી.

અંગ્રેજ રાજકર્તાઓ પાસેથી પ્રજાને કયા હક જોઈએ છે તે બાબત 'જહાલ' અને 'મવાળ' બંને પક્ષો એકમત ધરાવે છે.

–આ હક કયા તે લોકોને સમજાવવાની, તેમજ લોકો તેની માગણી કરતા થાય તેમ કરવાની જરૂર છે, એ બાબતે પણ મતભેદ નથી.

*બોલવાની ને લખવાની મર્યાદા તો જે કાયદો નક્કી કરે તે બંનેએ માન્ય કરવી જ રહી.

તો પછી, જહાલપણું અને મવાળપણું ક્યાં રહ્યું ?

xxx એકબીજાથી વહેમાઈને અલગ રહેવાનું છોડી દઈને, ઓછામાં ઓછું, જે બાબતમાં એકમતી હોય તેમાં સાથે બેસીને એક દિશા નક્કી કરી એ તરફ પ્રયાણ કરવું એ આજની પરિસ્થિતિમાં આદ્ય કર્તવ્ય છે....

—લોકમાન્ય ટિળક

---

# ૭ : વિપ્લવવાદના વાયરા

બંગભંગની લડતમાંથી જન્મેલી 'સ્વદેશી' અને 'બહિષ્કાર'ની પ્રવૃત્તિ કોંગ્રેસ પર પકડ ધરાવતા અને બંધારણીય રજૂઆતો દ્વારા હકોની માગણી કરવાની રાજનીતિમાં માનનારા વિનીત વિચારસરણીવાળા નેતાઓને ગમી નહીં. સુરેન્દ્રનાથ બેનરજી, ફિરોજશાહ મહેતા, ગોપાલકૃષ્ણ ગોખલે આ બધા નેતાઓ બ્રિટિશ છત્રછાયા નીચેની ભારતમાંની બંધારણીય સરકારના મહદંશે સમર્થક હતા. ગોપાલકૃષ્ણ ગોખલેએ પૂર્ણસ્વરાજની વાતોને 'ઘેલછા' લેખી, તો ફિરોજશાહ મહેતાને મન બ્રિટિશ રાજ્ય એ 'ઈશ્વરની ઇચ્છા'થી આવેલું હોવાથી, તેનો વિરોધ કરવો એટલે ઈશ્વરની ઇચ્છાનો અનાદર કરવા જેવું હતું. આવી વિચાર-સરણી સામે સરકાર પાસેથી ધાર્યું કરાવવા 'બહિષ્કાર' અને 'સ્વદેશી'ના આંદોલનની હિમાયત કરનારા નેતાઓમાં બાલ–પાલ-લાલની ત્રિપુટી (બાળગંગાધર ટિળક, બિપિનચંદ્ર પાલ, લાલા લાજપતરાય) અને અરવિંદ ઘોષ વગેરે હતાં. અંગ્રેજી સત્તા પ્રત્યેની નીતિમાં અને ભારતીય સમાજમાં લાવવાના સુધારાની નીતિમાં કોંગ્રેસ પર પ્રભુત્વ મેળવવા બંને જૂથ આતુર બન્યાં હતાં. ૧૯૦૫માં મવાળ ગણાતા ગોખલેના પ્રમુખપદે મળેલા કોંગ્રેસ અધિવેશનમાં તેનો સ્પષ્ટ પડઘો પડયો હતો, જો કે સરકારની બંગભંગનીતિ અને બંગભંગ નિમિત્તે ચાલતા આંદોલનને દબાવવા સરકારે લીધેલાં પગલાંને વખોડી કાઢવામાં આવ્યાં. પરંતુ અંગ્રેજોની નીતિ પ્રત્યેનો ઠરાવ વિનીત ભાષામાં કરાયો. એ નીતિની ઝાટકણી

---

## કોંગ્રેસ : બનારસ-અધિવેશન (૧૯૦૫)
## (૧૩ મો ઠરાવ)

"બંગાળામાં લોકોને છેવટના ઉપાય તરીકે પરદેશી માલનો બહિષ્કાર કરવાની ફરજ પડી; ત્યાર પછી, ત્યાં જે દમનનાં પગલાં ભરવામાં આવ્યાં છે તે સામે મહાસભા ખરા દિલથી ભારપૂર્વક વિરોધ કરે છે. હિંદી સરકારે લોકોની સાર્વત્રિક પ્રાર્થનાઓ અને વિરોધોની બિલકુલ અવગણના કરીને બંગાળાના ભાગલા કરવાનો પોતાનો નિશ્ચય પકડી રાખ્યો, તેની સામે **બ્રિટિશ પ્રજાનું** ધ્યાન ખેંચવા માટે, લોકો પાસે તે (બહિષ્કાર) સિવાય કદાચ બીજું કોઈ અસરકારક **બંધારણી સાધન** રહ્યું ન હતું."

---

કાઢવામાં ન આવી. જહાલ વિચારસરણી ધરાવતા નેતાઓને આ કઠયું. ૧૯૦૬ના કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં મવાળ ગણાતા નેતા દાદાભાઈ નવરોજી પ્રમુખ હતા. બંગભંગનું આંદોલન એ નગરીમાં ચાલતું હતું. બહિષ્કાર અને સ્વદેશીના નારા ત્યાં ગુંજતા હતા. કોંગ્રેસ આ પ્રશ્ન અંગે ચૂપ રહી શકે તેવું વાતાવરણ જ ન હતું. તેથી આ અધિવેશનમાં 'બહિષ્કાર' અને 'સ્વદેશી' આંદોલનને અસંદિગ્ધ રીતે ટેકો આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. વળી સ્વરાજ જેવો શબ્દ પહેલીવાર દાદાભાઈએ પ્રમુખીય પ્રવચનમાં વાપર્યો ! આ પછી, ૧૯૦૭માં કોંગ્રેસનું સૂરત અધિવેશન કોંગ્રેસના ભાગલા માટેનું અધિવેશન બની રહ્યું.

બહિષ્કાર અને સ્વદેશીનું આંદોલન દેશભરમાં વ્યાપક થતું જતું હતું. गुप्त हिंसक क्रांतिकारी સંસ્થાઓની પ્રવૃત્તિ ફાલતી–ફૂલતી જતી હતી. કોંગ્રેસ પણ એવી પ્રવૃત્તિઓમાં સૂર પુરાવે એવો અંગ્રેજોને ભય હતો. ગોપાલકૃષ્ણ ગોખલે આ અરસામાં ઈંગ્લેન્ડમાં હતા. હિંદી વજીર લૉર્ડ મોર્લેએ

## મર્દ મરજીવા: દેશભક્તો



खुदीराम बोस



रामप्रसाद 'बिस्मिल'



चन्द्रशेखर 'आज़ाद'



अशफ़ाकउल्ला



लाला हरदयाल



यतीन्द्रनाथ दास



રાજગુરુ



ભગતસિંહ



સુખદેવ

તેમની સાથે ચર્ચા કરીને જણાવ્યું કે બ્રિટિશ સરકાર ભારતને ઉદાર સુધારા આપવાની વિચારણામાં છે, તેવે વખતે કોંગ્રેસ ઉગ્ર આંદોલનો કરે કે એવાં આંદોલનોને સમર્થન આપે એ ઈષ્ટ ન ગણાય. ગોખલેને મન આ વાત ઠસી જતાં, હવે પછીના સૂરત અધિવેશન (૧૯૦૭)માં તેવા ઠરાવોથી કોંગ્રેસને અલિપ્ત રાખવા ગોખલેના જૂથે નિર્ણય કર્યો. જહાલોને આવી વાત પસંદ ન હતી. અંગ્રેજો વિષે કોઈ ભ્રમમાં રહેવા તેઓ તૈયાર ન હતા. આથી જહાલોએ અધિવેશનના પ્રમુખ તરીકે જહાલ નેતા લાલા લાજપતરાયની તરફેણ કરી, તો વિનીતોએ મવાળ નેતા રાસબિહારી ઘોષને પ્રમુખ બનાવવા પ્રસ્તાવ મૂક્યો. પરંતુ જહાલ વિચારસરણી ધરાવતા જૂથને પ્રમુખપદમાં રસ ન હતો. એમણે તો અંગ્રેજો સામેની લડત ચાલુ રહે અને કોંગ્રેસ અધિવેશને કલકત્તામાં કરેલા ઠરાવો — 'બહિષ્કાર', 'સ્વદેશી આંદોલન', 'રાષ્ટ્રીય શિક્ષણ' વગેરે ઠરાવો — ચાલુ રહે એ શરતે રાસબિહારી ઘોષના પ્રમુખપદને આવકારવા તૈયારી બતાવી. પરંતુ પોતાના સંખ્યાબળ પર મુસ્તાક વિનીતો આવી કોઈ બાંહેધરી આપવા તૈયાર ન થતાં, જહાલોના હાથ હેઠા પડયા. કશી શરત વિના રાસબિહારી ઘોષના પ્રમુખપદે અધિવેશન ભરાયું. બંને છાવણીઓ સામસામે હતી. તેથી પહેલે દિવસે ઉગ્ર જીભાજોડી થતાં કામકાજ મુલતવી રખાયું. બીજે દિવસે લોકમાન્ય ટિળકે કલકત્તા અધિવેશનના ઠરાવો એમ ને એમ રાખવા માંગ કરી; પણ વિનીત જૂથ અસંમત થતાં, બપોરના અધિવેશનમાં ટિળકે રજૂઆત માટે સમય આપવા કરેલી વિનંતીનો પ્રમુખે અસ્વીકાર કરતાં, બંને જૂથો સામસામે આવી ગયાં. કેટલાકે શરીરબળનો પ્રયોગ પણ કરી લીધો. જૂતાં અને ખુરશીઓ ઊછળી. અંતે, અચોક્કસ મુદત માટે અધિવેશનને મુલતવી રાખ્યે જ છૂટકો થયો.

* ૧૯૦૭ના સૂરતના આ બનાવ પછી જહાલ જૂથને કોંગ્રેસ મારફતે અંગ્રેજો સામે લડત આપવાનું મુશ્કેલ જણાયું. કોંગ્રેસમાં એમનું કંઈ ઊપજશે નહીં એમ પણ લાગ્યું. એણે કોંગ્રેસ સાથેનો છેડો ફાડી નાખ્યો. બીજી બાજુ, વિનીત નેતાઓએ, કોંગ્રેસની પ્રવૃત્તિઓ આગળ ધપાવવા સારુ, જે નિમિત્તે જહાલ જૂથ અલગ પડયું હતું તે મુદ્દાની તદ્દન અવગણના કરવા જતાં લોકોમાંથી પોતાનું સ્થાન દૂર થઈ જાય એ ભયે અગમચેતી દાખવી. ૧૯૦૮માં મદ્રાસમાં ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં તેમણે 'બહિષ્કાર' અને 'સ્વદેશી' આંદોલનને ટેકો આપતો ઠરાવ પસાર કર્યો; પરંતુ કેટલાક જહાલો જેનું સમર્થન કરતા હતા, એવા હિંસાત્મક બનાવોને વખોડી કાઢયા, અને તાજેતરમાં જાહેર થયેલ 'મોર્લી-મિન્ટો સુધારા'ને વધાવતો ઠરાવ કર્યો.

* આમ, વિનીતોએ અંગ્રેજો સાથેનો જૂનો નાતો ચાલુ રાખ્યો અને દેશના સ્વરાજ આંદોલનની પ્રવૃત્તિને પણ ટેકો આપ્યો.

વિનીતોની આવી નીતિ સામે દેશનો યુવાનવર્ગ ઊકળી ઊઠયો. જહાલ આગેવાનો પ્રત્યે યુવાનો આકર્ષાયા. દેશમાં અંગ્રેજોને થાકીને, ત્રાસીને ચાલ્યા જવું પડે, એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા યુવાનોનો એક વર્ગ બલિદાનની તમન્ના સાથે મંડી પડયો. આથી ચોંકી ઊઠેલી અંગ્રેજ સરકારે, જહાલો કોંગ્રેસથી છૂટા પડવામાં હતા તે તક ઝડપી લઈને, તેમની પ્રવૃત્તિને વેરવિખેર કરવા પગલાં ભર્યાં — દમનનો દંડો જોરદાર બનાવ્યો. જહાલ નેતાઓને વારાફરતી પકડયા. હિંસાત્મક પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનું કારણ હાથ ધરીને બિપિનચંદ્ર પાલને જેલમાં મોકલ્યા. ટિળક મહારાજને, તેમના લેખોને રાજ્યદ્રોહી ઠેરવીને, છ વર્ષની સજા કરીને બ્રહ્મદેશમાં માંડલે જેલમાં પૂર્યા. લાલા લજપતરાયને તથા અજિતસિંગને દેશનિકાલ કર્યા. અરવિંદ ઘોષને પકડવાનો પ્રયાસ કરતાં, તેઓ ભાગીને દક્ષિણમાં ફ્રેંચશાસિત વિસ્તાર પોંડિચેરીમાં પહોંચી ગયા.

આવાં કઠોર પગલાં છતાં, વિદેશી શાસન સામેની લડતમાં ઓટ આવી નહીં. મોર્લી અને મિન્ટોની સુધારાઓની ઓફર ભારતીય આઝાદીના અરમાનોને સંતોષી શકે તેવી હતી નહીં. પરિણામે, ભારતમાં

હિંસક માર્ગેય આઝાદી મેળવવાની ત્રાસવાદી (ટેરરિસ્ટ)નીતિ – રાજ્યવહીવટમાં ક્રાંતિ લાવીને સ્વરાજ અને સ્વતંત્રતા સ્થાપવા માટેની વિપ્લવવાદી પ્રવૃત્તિ – ફાલીફૂલી અને ઉગ્ર રાષ્ટ્રવાદ વિકસ્યો. આ વિપ્લવવાદી પ્રવૃત્તિના અગ્રણી ભૂપેન્દ્રનાથ દત્તનું મંતવ્ય હતું કે, 'આતંકવાદ' કે 'ત્રાસવાદ' (ટેરરિઝમ) એ તો માત્ર બાહ્ય પ્રકાર હતો. પરાધીનતાની ઉદાસી જ્યારે જ્યારે અસહ્ય બને છે ત્યારે ત્યારે બધા દેશમાં દેશપ્રેમનો પ્રકાશ ત્રાસવાદનું રૂપ લે છે. ત્રાસવાદ દેશના દેહમાં પડેલો કચરો સળગાવીને દેશપ્રેમની આગ પેટાવવાનું પ્રતીક છે. હિંદી વજીરના અંગત મદદનીશને લંડન ખાતે ગોળીથી વીંધી નાખનાર મદનલાલ ધીંગરાએ અદાલતમાં કરેલું નિવેદન આની ગવાહીરૂપ છે : "હું કબૂલ કરું છું કે તે દિવસે મેં એક અંગ્રેજનું રક્ત વહાવવા પ્રયત્ન કર્યો હતો. દેશભક્ત ભારતીય નવયુવાનોને અપાતી ફાંસી અને કાળા પાણીનો થોડો પણ બદલો વાળી શકાય તો વાળવા મેં આ કર્યું હતું. શસ્ત્રબળે વિદેશીઓની ગુલામીમાં જકડાયેલી પ્રજા હમેશાં યુદ્ધની પરિસ્થિતિમાં રહે છે. નિઃશસ્ત્ર પ્રજા માટે ખુલ્લેખુલ્લું યુદ્ધ અસંભવ બનાવી દેવાય છે. ××× ભારતમાં આજે કેમ મરી શકાય તેનો પાઠ શીખવવાની જરૂર છે. એનો સર્વોત્તમ ઉપાય જાતે મરીને શીખવવાનો છે. એ માટે હું મરી રહ્યો છું. અને મારા મરણ માટે ગૌરવ અનુભવું છું."

ભારતમાં વિપ્લવવાદી પ્રવૃત્તિના ઉદ્ભવ અંગેનો એક બીજો અભિપ્રાય પણ રસપ્રદ છે. રામાનંદ ચેટરજીના નિપુણ સંપાદન નીચે કલકત્તાથી પ્રકાશિત થતા 'મોડર્ન રિવ્યૂ'એ નોંધ્યું હતું : "બંગાળમાં આતંકવાદનું એક કારણ સરકારની પૂરેપૂરી સ્વાર્થી, અત્યાચારી અને સ્વચ્છંદ નીતિ છે. સરકારી અને બિન-સરકારી એંગ્લોઈન્ડિયનોનો બંગાળીઓ પ્રત્યેનો ધૃણાપૂર્ણ અને અપમાનકારી વર્તાવ પણ આમાં જવાબદાર છે. પરિણામે, જનતાના એક નાનકડા ભાગને પણ રુસી ત્રાસવાદી પદ્ધતિ અપનાવવી પડી છે."

વિપ્લવવાદીઓ એ જાણતા હતા કે થોડા બોંબથી સમર્થ અંગ્રેજ સામ્રાજ્ય તૂટવાનું નથી કે ભારતમાંથી ગભરાઈને અંગ્રેજો ભાગી જવાના નથી. છતાં, એમને એમની આ પ્રવૃત્તિ અને પદ્ધતિની આવશ્યકતા એટલા માટે લાગતી હતી કે સ્વતંત્રતા માટે મથવાની અને મરવાની સુદ્ધાં ભાવના પેદા થાય. આ હેતુને કેન્દ્રમાં રાખીને બંગાળ, બિહાર, મહારાષ્ટ્રમાં છૂપાં ક્રાંતિકારી સંગઠનો સ્થપાયાં હતાં. ત્રાસવાદી પ્રવૃત્તિનાં પ્રેરક પરિબળોમાં મુખ્યત: ઈટાલીમાં છૂપી ત્રાસવાદી સંસ્થાની પ્રવૃત્તિ, મેઝિની અને ગેરિબાલ્ડીનાં પરાક્રમો અને ત્રાસવાદી પ્રવૃત્તિ વગેરે હતાં.

**મહારાષ્ટ્ર :** ત્રાસવાદી પ્રવૃત્તિનાં પહેલાં પગરણ મહારાષ્ટ્રમાં થયાં. તેના પુરસ્કર્તા વાસુદેવ બળવંત ફડકે સરકારી નોકરીમાં હતા. સરકારી અન્યાયોથી ત્રાસીને, નોકરી છોડીને, ઈ. સ. ૧૮૭૯ના ફેબ્રુઆરીમાં તેમણે વિપ્લવવાદી પ્રવૃત્તિ ચલાવવા સંસ્થા શરૂ કરી. શિક્ષિત માણસોને તેમની એ પ્રવૃત્તિ ન આકર્ષી શકી, પરંતુ સ્વતંત્રતાની ખુમારી ધરાવતી કોમોના લડાયક લોકોને તેણે સંગઠિત કર્યા. તેમને શસ્ત્રો અને તાલીમ આપીને તેમણે અંગ્રેજ સરકાર સામે મોરચો માંડયો. અંગ્રેજોને ગભરાટમાં નાખવા માટે રેલવે, ટપાલ, સરકારી તિજોરીઓ અને અન્ય સરકારી મિલ્કતો લૂંટવાના પ્રયાસો કર્યા. વળી, સરકારી અમલદારોની મોટા પ્રમાણમાં હત્યા કરીને સરકારી તંત્ર ખોરવી નાખવાની તેમની યોજના હતી. પણ નાણાંની ખેંચ તથા આયોજન અનુસાર કામ કરી શકે તેવા સાથીઓની ખેંચને કારણે તથા આમ પ્રજાએ એમાં રસ ન લેતાં યોજના અધૂરી જ રહી, જોકે જેટલી ધાડો તેમણે પાડી એટલી પણ અંગ્રેજોને ગભરાવવા માટે પૂરતી હતી. અંતે, ૧૮૮૩માં તેમણે એડનની ધરતી પર જ અંતિમ શ્વાસ લીધા.

ફડકેએ આરંભેલા ગુપ્ત સંગઠનના ચીલે ચાલનાર દામોદર અને બાલકૃષ્ણ નામના ચાફેકર અટક ધરાવતા બે ભાઈઓ હતા. મહારાષ્ટ્રમાં ઉજવાતા ગણેશચતુર્થી તથા શિવાજી ઉત્સવોનો લાભ લઈને તેમણે યુવાનોમાં જાગૃતિ અને રાષ્ટ્રીય ભાવના વધારવા પ્રયાસ કર્યો; વ્યાયામ મંડળ સ્થાપીને અખાડા પ્રવૃત્તિ

ઊભી કરી. આમ કરવા પાછળનો તેમનો **હેતુ શુદ્ધ રાજકીય** હતો. શરીર કસે તેવી તાલીમ અને શસ્ત્રોની તાલીમ આપીને દેશને માટે જીવન હોડમાં મૂકે તેવા નવયુવાનો તૈયાર કરવાનો તેમનો આશય હતો. તેમણે મુંબઈમાં મહારાણી વિક્ટોરિયાના બાવલાને ડામર ચોપડીને કદરૂપું બનાવ્યું હતું. પૂનામાં ભયંકર પ્લેગના દિવસોમાં નિર્દોષ પ્રજા પર જુલમ કરનાર રેંડ અને આયર્સ્ટ નામના બે અંગ્રેજ અધિકારીઓને તેમણે ગોળીથી વીંધી નાખ્યા. સરકારે તેમને શોધવા વીસ હજાર રૂપિયાનું ઇનામ જાહેર કર્યું. ઇનામની લાલચે જાણકારી મેળવીને પોલીસે ચાફેકર ભાઈઓની ધરપકડ કરી. (જેલમાં દામોદર ચાફેકરે પોતાની આત્મકથા લખી છે.)

ઉપરાંત, કેટલાક વ્યાયામ–આગેવાનોને ચાફેકર બંધુઓની સાથે ખૂન કેસમાં સંડોવીને ચારને ફાંસી, બેને કાળાપાણીની સજા અને એકને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી. બીજી બાજુ, ત્રીજા ભાઈ વાસુદેવ ચાફેકરે પોતાના ભાઈઓની ધરપકડ માટે બાતમી આપનારા બે જણાને વીંધી નાખ્યા. તેથી તેમને પણ ફાંસીની સજા થઈ. આટલું પૂરતું ન હોય તેમ, હિંસાત્મક પ્રવૃત્તિ માટે યુવકોને પ્રેરણા આપવાના આરોપ હેઠળ સરકારે બાળગંગાધર ટિળકની ધરપકડ કરીને તેમને દોઢ વર્ષની સખત મજૂરી સાથેની સજા ફરમાવી (ઈ. સ. ૧૮૯૮).

* સરકારની આવી દમનની નીતિએ પણ હિંસક બનાવો અને ઉશ્કેરણી વધારવાનું કામ કર્યું. મહારાષ્ટ્રમાં અને બંગાળમાં ગુપ્ત મંડળો અને હિંસક પ્રવૃત્તિની પરંપરા લંબાતી ગઈ. વિનાયક દામોદર સાવરકરે ઈ. સ. ૧૯૦૦માં નાસિકમાં 'મિત્રમેળા' નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી. આ સંસ્થા ભારતને કોઈપણ ભોગે અને કોઈ પણ રસ્તે આઝાદ કરવાનું ધ્યેય ધરાવતી હતી. ૧૯૦૪માં આ સંસ્થાની પ્રવૃત્તિ નાસિકને બદલે પૂનામાં નવા નામે શરૂ કરવામાં આવી. નવું નામ હતું 'અભિનવ ભારત.' આ સંસ્થાની શાખાઓની જાળગૂંથણી સમગ્ર મહારાષ્ટ્રમાં પ્રસરી ચૂકી હતી. વખત જતાં મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં પણ 'અભિનવ ભારત'ની શાખાઓ કામ કરવા લાગી. આ સંસ્થાએ સભાઓ, પુસ્તિકાઓ, ગણપતિ અને શિવાજી ઉત્સવ, ગીતો વગેરે મારફતે યુવકોમાં દેશની આઝાદીની તમન્ના વધારી. આ સંસ્થા પોતાના સભ્યોનાં શરીર કસવા ભારે જહેમત ઉઠાવતી. કવાયત, ઘોડેસવારી, લાઠી અને તલવારબાજી એ બધું શીખવાતું; વીસ વીસ માઈલ સુધી દોડવાની તાલીમ અપાતી. પૂના અને મુંબઈની શાળાઓ અને કોલેજોમાં 'અભિનવ ભારત'ની શાખાઓ હતી. તેના કેટલાક સભ્યો મહત્ત્વના સરકારી હોદ્દા પર હતા. કેટલાક તો દિલ્હીના સચિવાલયમાંય હતા. આ સંસ્થાનું વાર્ષિક સંમેલન ગુપ્ત રીતે મળતું.

આ 'અભિનવ ભારત' સંસ્થાનો સંપર્ક બંગાળની તેવી જ સંસ્થાઓ અને ક્રાન્તિકારી નેતાઓ સાથે હતો. હિંસક રસ્તે દેશને આઝાદ કરાવવા શસ્ત્રો જોઈએ. આ માટે સંસ્થાએ દેશવિદેશથી વિવિધ પ્રકારનાં શસ્ત્રો એકઠાં કરવાની પ્રવૃત્તિ આદરી હતી. ૧૯૦૬માં વિનાયક સાવરકર પોતે લંડન જઈને વસ્યા; અને ત્યાં 'અભિનવ ભારત'ની સ્થાપના કરીને ભારતમાં ગુપ્ત રીતે શસ્ત્રો મોકલવાનું નક્કી કર્યું. લંડનમાંથી મિરઝા અબ્બાસ અને સિકંદર હયાત મારફતે ભારતમાં સલામત રીતે શસ્ત્રો પહોંચાડયાંય હતાં. 'અભિનવ ભારતે' પાંડુરંગ મહાદેવ બાપટને રશિયન ક્રાંતિકારીઓ પાસેથી બોંબ બનાવવાની વિદ્યા શીખવા પેરિસ મોકલ્યા. તેમણે એ વિદ્યા અંગેની પુસ્તિકાનો અંગ્રેજીમાં અનુવાદ કરાવીને, તેની સાઈક્લોસ્ટાઈલ્ડ નકલો ભારતમાં મોકલી આપી.

* ૧૯૦૮માં પૂનામાંના ટિળક મહારાજના કાર્યાલય અને સિંહગઢના તેમના રહેઠાણની જપ્તી કરતાં એક કાગળ મળ્યો હતો, જેમાં બોંબ બનાવવાનો તરીકો લખેલો હતો. (આ પછી તેમને રાજદ્રોહના ગુના માટે છ વરસની સજા ફરમાવી બર્માના માંડલે શહેરની જેલમાં રાખ્યા હતા.)

'અભિનવ ભારત' સિવાય બીજી પણ શસ્ત્રો અને બોમ્બ બનાવતી કેટલીક ગુપ્ત સંસ્થાઓ પૂના, , નાસિક, સતારા, ઔંધ, ગ્વાલીઅર, કોલ્હાપુર, અમરાવતી, યાવતમલ, નાગપુર, વડોદરા વગેરે એ કામ કરતી હતી.

મહારાષ્ટ્રના ક્રાન્તિકારીઓ એટલી બધી ઉગ્ર વિચારસરણી ધરાવતા હતા કે તેમાંના કેટલાક ાળકૃષ્ણ ગોખલેની હત્યાની યોજના કરી બેઠા હતા! પરંતુ બીજા કેટલાકે તેમને આવી મૂરખામી ાં વાર્યા હતા. આ વિપ્લવવાદીઓમાં ફનાગીરી ગજબની હતી. વસાઈના બોંબના કારખાના માટેનાં ણાંના વ્યવસ્થાપક પાટણકરે પોતાની પત્નીનાં ઘરેણાં વેચીને કામ ચાલુ રાખ્યું હતું, તો કેટલાકે લૂંટફાટનો ખતરો કરી જોયો. પણ દેશવાસીઓને લૂંટતાં દિલ ડંખતું, આથી એ પ્રવૃત્તિ આગળ ન વધી. બીજી ાજુ કેટલાક ધનિકોએ અમુક અધિકારીઓની હત્યા કરવાની શરતે (હત્યા પછી) નાણાં આપવાનાં ચન આપ્યાં હતાં, પણ એ માટેનાં શસ્ત્રો અને પૂર્વ-તૈયારીઓ–ગોઠવણો માટેય જોઈતાં નાણાં ક્રાન્તિ-કારીઓ પાસે ન હતાં.

**બંગાળ** : વિપ્લવવાદી હિંસક પ્રવૃત્તિઓનો આરંભ ભલે મહારાષ્ટ્રમાં થયો હોય પણ એને મહારાષ્ટ્રથી બંગાળમાં પહોંચવાને ઝાઝો વિલંબ ન થયો. કલકત્તામાં પ્રમથનાથ મિત્ર નામના ક્રાન્તિવીરના નેતૃત્વમાં 'અનુશીલન સમિતિ' નામે સંસ્થાની સ્થાપના થઈ (૧૯૦૧–૦૨). બંગાળના ક્રાન્તિકારીઓનું એ પ્રથમ સંગઠન હતું. આ સમિતિ વ્યાયામશાળા ચલાવતી. સતીશચંદ્ર બસુ અને તેમના મિત્રો અહીં અખાડા-પ્રવૃત્તિ મારફતે યુવકોને આકર્ષતા. તેના સભ્યો મુખ્યત્વે યુવકો અને વિદ્યાર્થીઓ હતા. બારીન્દ્ર ઘોષ (અરવિંદ ઘોષના નાના ભાઈ) અખાડા પ્રવૃત્તિના આગેવાન બન્યા. શરીરની સાથે મન કસાય તેવી પ્રવૃત્તિ પણ 'અનુશીલન સમિતિ' ગોઠવતી; વિવિધ વિષયોની વ્યાખ્યાનમાળા યોજતી. આગેવાન દેશનેતાઓ અહીં રાષ્ટ્રપ્રેમના પાઠ શીખવતા. 'અનુશીલન સમિતિ'ની મુખ્ય પ્રવૃત્તિ ગુપ્ત હોવા છતાં, કેટલીક પ્રવૃત્તિઓ ખુલ્લંખુલ્લાં કરાતી. દા. ત. ૧૯૦૫ની બંગભંગની લડત વખતે પિકેટિંગ કરનારા યુવકોનો જથ્થો મોટે ભાગે તો 'અનુશીલન સમિતિ' સાથે સંકળાયેલા યુવકોમાંથી આવતો. બંગભંગની લડતે 'અનુશીલન સમિતિ'ને બળ આપ્યું. અંગ્રેજોનાં પગલાંથી ઊકળી ઊઠેલા અને કંઈક કરી નાખવાની તમન્નાવાળા સેંકડો યુવકો 'અનુશીલન સમિતિ'માં જોડાઈ ગયા હતા. બારીન્દ્ર ઘોષ જેવા નેતાઓને એમ લાગ્યું કે, એકલો રાજકીય પ્રચાર જ પૂરતો નથી. નવજુવાનોને આધ્યાત્મિક તાલીમ પણ આપવી જોઈએ, જેથી તેઓ મોતના ભય પર વિજય મેળવીને દેશ માટે સાહસિક કાર્યો કરવા તૈયાર થાય. આ માટે તેમણે જે નવજુવાનોને ભેગા કર્યા તેમાં અવિનાશ ભટ્ટાચાર્ય તથા ભૂપેન્દ્રનાથ દત્ત મુખ્ય હતા. 'અનુશીલન'નાં કેન્દ્રો બિહાર, ઓરિસ્સા અને મદ્રાસ સુધી ફેલાઈ ગયાં હતાં.

ક્રાન્તિનો સંદેશો આપતાં પુસ્તકો અને પત્રિકાઓનું પ્રકાશન અને વિતરણ 'અનુશીલન સમિતિ'નું સાધન બન્યું. બંકિમ બાબુની નવલકથા 'આનંદમઠ' પર આધારિત 'ભવાની મંદિર'નું પ્રકાશન કરવામાં આવ્યું. ત્યાર પછી 'વર્તમાન રણનીતિ'નું પ્રકાશન કરાયું. આમાં છાપામાર યુદ્ધની આવશ્યકતા દર્શાવવામાં આવી હતી. વળી શક્તિપ્રાપ્તિ માટે બ્રહ્મચર્ય પર પણ ભાર મુકાયો હતો.

'અનુશીલન સમિતિ'એ યુગાંતર નામે માસિક શરૂ કરીને, ક્રાન્તિના વિચારોનો ફેલાવો કર્યો. 'યુગાંતર'માં પ્રસિદ્ધ થયેલા કેટલાક ચૂંટેલા લેખોનો સંગ્રહ "મુક્તિ કૌન પથે" એટલે કે 'આઝાદીનો રસ્તો કયો ?' એ નામે પુસ્તકરૂપ પામ્યો.

ક્રાંતિકારી જૂથમાંના હેમચંદ્ર દાસ પોતાની બધી મિલ્કત વેચીને બાંબ બનાવવાનાં કલા શીખવા પેરિસ ગયા હતા. ક્રાંતિકારીઓને સજા ફરમાવનાર અધિકારીઓની હત્યા કરીને વહીવટી તંત્રને ઠપ કરી

કેનેડીની હત્યામાં પણ આ જૂથના નેતાઓની હતી. તેમાંના કેટલાકે સરકારી અમલદારોની હત્યા કર્યા પછી પોલિસના હાથે પકડાયા કરતાં આત્મહત્યા વધુ પસંદ કરી હતી !

આ પ્રવૃત્તિના મુખ્ય નેતાઓ તરીકે અરવિંદ ઘોષ, બારીન્દ્ર ઘોષ વગેરે ૩૪ ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવી. 'અલીપુર કાવતરા' કેસમાં કોર્ટોએ તેમાંના કેટલાકને આજીવન કાળાપાણીની સજા કરી. બીજા કેટલાકને દસ, સાત અને પાંચ વર્ષની સજા કરવામાં આવી. પરંતુ આ ક્રાંતિકારીઓ પર દાવો ચલાવનાર સરકારી વકીલ અને પોલીસ અધિકારીને અદાલતમાં જ ગોળીથી ઠાર કરવામાં આવ્યા હતા.

અલીપુર કાવતરા કેસે થોડો વખત બંગાળના ક્રાંતિકારીઓને ઠંડા પાડી દીધા; પરંતુ દેશભરના ક્રાંતિકારીઓમાં આથી બદલાની તમન્ના જન્મી. પરિણામે, બંગાળના ભાગલા રદ થયા ત્યાં સુધી, એટલે કે ૧૯૧૧ સુધી, આ ક્રાન્તિકારી હિંસક પ્રવૃત્તિઓ એક કે બીજે રૂપે ચાલુ રહી.

પંજાબ : પંજાબમાં ગુપ્ત સંસ્થાઓની શરૂઆત ૧૯૦૪માં થઈ ચૂકી હતી. બંગાળના 'સ્વદેશી' અને 'બહિષ્કાર'ના આંદોલને આથી ગુપ્ત સંસ્થાઓમાં નવી ચેતના રેડી હતી. જાપાનના રશિયા સામેના વિજયે (૧૯૦૫) ગુપ્ત સંસ્થાઓમાં આત્મવિશ્વાસની ભાવના જન્માવી હતી. પંજાબ તો આર્યસમાજના લોકપ્રિય નેતા લાલા લજપતરાયનું વતન. તેમની પ્રેરણા અને સહકારથી ગુપ્ત સંસ્થાઓને મળતાં તેવી સંસ્થાઓ ફાલીફૂલી. આર્યસમાજના અન્ય કાર્યકરો પણ ગુપ્ત સંસ્થાઓમાં જોડાયા હતા. પંજાબમાં અંગ્રેજ સરકારનાં જ કેટલાંક પગલાં પંજાબમાંની વ્યાપક ગુપ્ત ક્રાંતિકારી સંસ્થાઓમાં જોશ પૂરનારાં બન્યાં હતાં. તે પગલાંમાંનું એક પગલું હતું – ૧૯૦૭માં સિંચાઈ તથા જમીનમહેસૂલના દરમાં પંજાબની સરકારે અચાનક કરેલો વધારો. પંજાબનાં છાપાં આવા અન્યાયી કરવેરાના વધારા સામે તૂટી પડ્યાં. તેમનાં લખાણોએ લોકવિરોધને વાચા આપીને વધાર્યો; લોકોની હિંમત વધારી. અજિતસિંહ અને અન્ય વિપ્લવવાદી આગેવાનોએ જાહેર સભાઓમાં વિરોધ ઉઠાવ્યો. સરકારે ચળવળને દબાવી નાખવા નેતાઓ સામે પગલાં ભરવા વિચાર્યું. આથી પંજાબનાં શહેરોમાં તોફાનો થતાં સરકારી માલમિલકતને નુકસાન થયું. આ બનાવના નીચે ભારતના વાઈસરૉય લૉર્ડ મિન્ટોએ બ્રિટિશ સરકાર પાસેથી તોફાનો દબાવી દેવા છૂટો દોર મેળવ્યો. લજપતરાય અને અજિતસિંહ જેવા લોકપ્રિય નેતાઓને દેશનિકાલ કરાયા. પરંતુ આથી તો લોકોમાં રોષ વધ્યો; અને ક્રાંતિકારી પ્રવૃત્તિને વધુ સાથસહકાર સાંપડ્યો. દેશભરમાં સરકારનાં કડક પગલાં વખોડી કાઢતા ઠરાવો થયા. અંતે, સરકારે લાલા લજપતરાય અને અજિતસિંહ સામેનાં પગલાં પાછાં ખેંચી લીધાં. આંદોલનકારોને આમાં પોતાનો વિજય દેખાતાં, તેમનો ઉત્સાહ ઓર વધ્યો. આ સમયે ૧૯૦૮માં લાલા હરદયાળનું સ્વદેશાગમન થતાં ક્રાન્તિકારી આંદોલનને વધુ જોર મળ્યું. સરકારને વળી એમ લાગ્યું કે નેતાગીરી તોડવાથી આંદોલન તૂટશે. આથી હરદયાળ અને અજિતસિંહ પર સરકારે રાજદ્રોહ અને હિંસક પ્રવૃત્તિનો આક્ષેપ મૂકીને કામ ચલાવવાની તૈયારી કરતાં તેઓ છટકીને પરદેશ પહોંચી ગયા. છતાં બંગાળના ભાગલા ચાલુ રહ્યા ત્યાં સુધી અહીંની ગુપ્ત ક્રાન્તિકારી પ્રવૃત્તિ ચાલુ જ રહી.

## ભારતના અન્ય ભાગોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ :

બિહાર અને ઓરિસ્સાને બંગાળ સાથે ગાઢ સંબંધ હોવાથી ત્યાં પણ 'અનુશીલન સમિતિ'નું કાર્યક્ષેત્ર વિસ્તર્યું હતું. પટણા, દેવઘર વગેરે નગરોમાં 'અનુશીલન સમિતિ'નાં ગુપ્ત કેન્દ્રો હતાં. આ કેન્દ્ર મારફતે બૉમ્બપ્રવૃત્તિ, રાજદ્રોહ પાઠ તથા અંગ્રેજોના ઉચ્ચ અધિકારીઓની હત્યા કરીને અંગ્રેજોની હિંમત તોડવાનું આયોજન થયું. વૈદનાથ વિશ્વાસ અને પ્રભુદયાળ ભારતી અહીંના ક્રાંતિકારી આગેવાનો હતા. કૉલેજોના અને શાળાઓના વિદ્યાર્થી અને યુવકોને ગુપ્ત રીતે શસ્ત્રોના ઉપયોગની તાલીમ અપાતી.

રાજસ્થાનમાં દેશી રાજ્યોનો વિશ્વાસ મેળવીને ભૂગર્ભ પ્રવૃત્તિ ચલાવવામાં મુશ્કેલી ન હતી. દક્ષિણ રત પણ ક્રાન્તિકારી આંદોલનથી અલિપ્ત રહ્યું ન હતું. ૧૯૦૮માં મદ્રાસના યુવાનોએ રશિયાનું ક્રાંતિકારી હિત્ય લોકોમાં વહેંચ્યું હતું અને યુવાનોનાં રશિયન ઢબે છૂપાં ક્રાન્તિકારી મંડળો રચ્યાં હતાં. નીલકંઠ હ્મચારી અને વંચી આય્યર ગુપ્ત મંડળોના સ્થાપકો હતા. રાજદ્રોહી પ્રવચનોના બહાના હેઠળ સરકારે ુબ્રહ્મણ્યમ્ શિવ તથા ચિદંબરમ્ પીલ્લાઈની ૧૯૦૮માં ધરપકડ કરતાં તિન્નેવેલી શહેરમાં તોફાનો થયાં. ેમાં સરકારી માલમિલકતને બાળવા અને લૂંટવાનું ચાલ્યું. વર્તમાનપત્રોમાં સરકારવિરોધી લેખો અને સમાચારો છાપીને સરકાર સામે લોકોને ઉશ્કેરવામાં મદ્રાસનાં વર્તમાનપત્રો બીજાં રાજ્યોથી પાછળ ન હતાં. ૧૯૧૦માં વંચી આય્યરે તિન્નેવેલીના ન્યાયાધીશની રેલ્વે મુસાફરી દરમ્યાન હત્યા કરી. વળી ન્યાયાધીશના મૃતદેહ પર પત્ર મૂકીને જણાવ્યું : 'ભારતની મુલાકાતે આવનાર બ્રિટિશ શહેનશાહ પંચમ જ્યોર્જની હત્યા માટે ૩૦૦૦ જેટલા મદ્રાસીઓ તૈયાર છે !' વંચી આય્યરના આ પગલા પછી બ્રિટિશ સરકારે વીંઝેલા દમનના દોરડાએ દક્ષિણનાં ક્રાન્તિકારી આંદોલનની કમ્મર તોડી નાખી.

## વિદેશોમાં ભારત માટેની વિપ્લવવાદી પ્રવૃત્તિઓ

કોંગ્રેસના વિનીત નેતાઓને અંગ્રેજોની બંધારણીયપ્રિયતા અને ન્યાયનીતિમાં ઊંડી શ્રદ્ધા હતી. આપણે આગળ નોંધી ગયા છીએ તેમ, તેઓ માનતા કે ભારતની અંગ્રેજ સરકાર ઇંગ્લૅન્ડની આમસભાની કઠપૂતળી છે. આમસભાના સભ્યો પર અસર પાડીને જો ભારતનો કેસ એમને ઠસાવી શકાય તો આમસભાનો નિર્ણય એ જ આખરી નિર્ણય બને. આ માટે ભારતમાં આંદોલનો કરવાં કે ભારતના વાઈસરોયને સમજાવવા કરતાં ઇંગ્લૅન્ડમાં જ પ્રવૃત્તિ કરવી, એમ નક્કી કરીને કોંગ્રેસે લંડનમાં તેની શાખા અને પ્રવૃત્તિ શરૂ કરી હતી. બીજી બાજુ, દાદાભાઈ નવરોજી જેવા મવાળ મનાતા નેતાએ પણ હિંદની ગરીબાઈનું કારણ અંગ્રેજ અમલ છે એની સવિગત પ્રતીતિજનક રજૂઆત કરી હતી. ૧૯૦૪માં આમસ્ટરડામ ખાતે મળેલી આંતર-રાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં તેમણે ભારતનો દાવો રજૂ કર્યો હતો. બંગભંગનો પ્રસંગ લગભગ આ સમયે થતાં એ અંગે આંદોલન ચાલતાં વિદેશોમાંની ક્રાન્તિકારી પ્રવૃત્તિ વેગીલી બની હતી.

વિદેશમાં ક્રાન્તિકારી પ્રવૃતિના શ્રી ગણેશ કરનાર શ્યામજી કૃષ્ણવર્માએ (૧૮૫૭–૧૯૩૦) બંગભંગની લડતના આરંભ પહેલાં લંડનમાં 'ઈન્ડિયન હોમરુલ' સોસાયટી સ્થાપીને ભારતને 'સાંસ્થાનિક સ્વરાજ' અપાવવા ઈંગ્લેન્ડમાં રાજકીય પ્રચાર આદરી દીધો હતો. 'ઇન્ડિયા હાઉસ' નામના મકાનમાં તેમણે સંસ્થાનું કાર્યાલય શરૂ કરીને 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' નામનું સામયિક શરૂ કર્યું હતું. તેમાં ભારતમાંના બ્રિટિશ શાસનનાં અન્યાય અને શોષણની સવિગત માહિતી અપાતી અને તેની આકરી ટીકા કરાતી. સીલી જેવા ઉદારમતવાદી અંગ્રેજોનાં લખાણો પણ ઉતારારૂપે તેમાં પ્રસિદ્ધ કરાતાં; 'સ્વદેશી' અને 'બહિષ્કાર'નું સમર્થન કરતા લેખો પ્રસિદ્ધ કરાતા.

---

બ્રિટન પાસેથી આઝાદી મેળવવી અશક્ય નથી એમ લોકોના મન પર ઠસાવવા માટે, પત્રિકામાં જાણે, મહાત્મા ગાંધીની શૈલીમાં, જાહેર કરવામાં આવ્યું હતું : "૨૦ કરોડ હિંદીઓ બ્રિટિશ સરકારની તાબેદારીનો ઈન્કાર કરવા સક્ષમ બને, તેની નોકરી ન સ્વીકારે, તેને કર ના આપે, તેના દ્વારા અપાતાં પ્રલોભનોથી વેગળા રહે અને બ્રિટિશ કાયદાને તાબે ના થાય તો જગતભરના અંગ્રેજો ભેગા મળીનેય ભારતને ગુલામ ન રાખી શકે."

—શ્યામજી કૃષ્ણવર્મા

---

**અમેરિકામાં વિપ્લવવાદી પ્રવૃત્તિ :** ભારતમાં જમીનના નાના નાના ટુકડા અને આકરા કરને કારણે આજીવિકા મેળવવાનું મુશ્કેલ બનતાં સંખ્યાબંધ પંજાબી ખેડૂતો ભારત છોડીને અમેરિકામાં ગયા હતા. કેલિફોર્નિયા, ઓરેગોન અને વોશિંગ્ટનના વિસ્તારમાં વસીને તેઓ ત્યાંનાં કારખાનાંમાં કામદાર બન્યા હતા. કેટલાકે નાના નાના ધંધા પણ શરૂ કર્યા હતા. પંજાબી કામદારો પોતાના માલિકોને વફાદાર હતા. કારખાનામાં પડતી હડતાળોમાં તેઓ અમેરિકન મજૂરોને સાથ આપતા નહીં; વળી અમેરિકન મજૂરની તુલનામાં તેઓ ઓછા વેતને કામ કરતા. માલિકોને અમેરિકન મજૂરોને બદલે ભારતીય મજૂરો રાખવાનું પસંદ પડતું. આથી અમેરિકન મજૂરોને ભારતીય મજૂરો પ્રત્યે અણગમો રહેલો હતો. બીજી બાજુ, ગોરા-કાળાના ભેદ પણ હતા. આથી હિંદીઓને તેમના જ ગોરા માલિકો દ્વારા સારાં ભોજનાલયો, બગીચાઓ, આરામગૃહો, મનોરંજન માટેનાં નાટક–સિનેમા જેવાં સ્થળોમાં અલગ બેસવા ફરજ પડાતી. હિંદીઓના માનીતા નેતાઓ અને ઉદ્યોગપતિઓને પણ અવારનવાર આવા કડવા અનુભવો થયા હતા. આ બધાને લીધે તેમને પોતાનું અલગ સંગઠન રચીને પોતાના હકો રક્ષવાનું મન થયું. તેમને એ પણ લાગ્યું કે માતૃભૂમિની ગુલામી જ આ બધાના પાયામાં છે. માટે માતૃભૂમિની મુક્તિ માટે ક્રાંતિકારી સંગઠન સ્થાપવાનો વિચાર તેમના મનમાં ઘૂંટાવા લાગ્યો. લગભગ આ જ અરસામાં બંગાળાના ભાગલા થતાં, 'સ્વદેશી' અને 'બહિષ્કાર'નું આંદોલન આરંભાયું. આથી અમેરિકાના ભારતીયોને તેમનો વિચાર સાચો છે અને તેને અમલી બનાવવો જોઈએ એવી પ્રતીતિ થઈ. મેડમ કામા તથા શ્યામજી કૃષ્ણવર્માની પ્રવૃત્તિ અને 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ' તથા 'વંદેમાતરમ્'નાં ક્રાંતિકારી લખાણો તેમને માટે પ્રેરક બન્યાં.

તારકનાથ દાસ અને એમના મિત્રોએ આ પછી ૧૯૦૭માં 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગ'ની સ્થાપના કરી. આમાંના મોટા ભાગના સભ્યો અમેરિકામાં અભ્યાસ કરતા હિંદી વિદ્યાર્થીઓ હતા. સંસ્થાએ બીજા વર્ષે 'ફ્રી હિંદુસ્તાન' નામે પત્રિકા પ્રસિદ્ધ કરી. લંડન અને પેરિસમાંથી પ્રસિદ્ધ થતાં ભારતીય સામયિકો જેવી નીતિ આ પત્રિકાએ અપનાવીને હિંદને થતા અન્યાયો ખુલ્લા પાડયા. આ પત્રિકા મારફતે અમેરિકામાં રહેલા શીખ મજૂરોમાં ક્રાંતિકારી સાહિત્યનો પ્રચાર થતો. હિંદમાં પણ ગુપ્ત રીતે આવતું આ પત્રિકા-સાહિત્ય બ્રિટિશ હિંદની સરકારને મૂંઝવતું. આવા સાહિત્યનું અમેરિકામાં થતું પ્રકાશન રોકવા અમેરિકાની સરકાર પર વગ વાપરવાનો બ્રિટિશ પ્રયાસ નિષ્ફળ ગયો અને 'ફ્રી હિંદુસ્તાન' પ્રસિદ્ધ થતું રહ્યું. કેલિફોર્નિયા ઉપરાંત અમેરિકાના બીજા ભાગોમાં 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગ'ની શાખાઓ શરૂ થઈ. આ લીગે બ્રિટિશ અન્યાયો સામે ઝૂઝવા માટે હજારો ડોલરનું ભંડોળ ભેગું કર્યું. ૧૯૧૩માં લાલા હરદયાળ 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગ'માં જોડાતાં લીગની પ્રવૃત્તિઓનો પથારો વધ્યો. ૧૯૧૩માં હરદયાળે તેનું નામ બદલીને 'ગદર પક્ષ' રાખ્યું ('ગદર' એટલે 'બળવો'). તેના તરફથી 'ગદર' નામના અઠવાડિકનું પ્રકાશન અંગ્રેજી, ઉર્દૂ, મરાઠી, અને ગુરુમુખી એમ ચાર ભાષામાં આરંભાયું. ગદર પક્ષના પ્રથમ પ્રમુખ સોહનસિંગ જોશ (પાછળથી જાણીતા કમ્યુનિસ્ટ નેતા) અને મંત્રી હરદયાળ હતા. સાન ફ્રાન્સિસ્કોમાં 'ગદર પક્ષ'નું મુખ્ય કાર્યાલય 'યુગાન્તર આશ્રમ' તરીકે પ્રસિદ્ધ થયું.

અમેરિકામાંના સંગઠનને અમેરિકન સરકાર સાથે અથડાવાનું થયું. અમેરિકન સરકારે અમેરિકામાં વસતા એશિયનો અમેરિકામાં કોઈ પણ જમીન ખરીદી ન શકે કે ભાડે ન રાખી શકે તેવો કાયદો ઘડયો. આના પરિણામે વર્ષોથી અમેરિકામાં વસતા હિંદીઓ ઘરબાર વિહોણા બની જાય તેમ થતું હતું. તેમાંય આવા હિંદીઓમાં શીખોની સંખ્યા પ્રમાણમાં મોટી હતી. લાલા હરદયાળે 'ગદર પક્ષ'ને અમેરિકી સરકારના આ પગલાંનો વિરોધ કરવા પ્રેર્યા; તો અંગ્રેજોએ તક ઝડપી લઈને અમેરિકન સરકારને હરદયાળ સામે

પગલાં ભરવા અનુરોધ કર્યો. અમેરિકી સરકારે હરદયાળની ધરપકડ કરી અને જામીન પર છોડતાં હરદયાળે જીનીવા ભાગી જઈને ત્યાંથી 'वंदेमातरम्' પત્ર શરૂ કર્યું. હરદયાળના જતાં, 'ગદર પક્ષ'ની પ્રવૃત્તિ પર માઠી અસર થવા પામી હતી.

*

## કામાગાટામારુની ઘટના

પ્રથમ વિશ્વયુદ્ધની નોબતો જ્યારે વાતાવરણમાં વાગી રહી હતી ત્યારે પૂર્વ એશિયામાં વસેલા શીખો અને પંજાબીઓની સલામતી જોખમાવાનો ભય સિંગાપુરમાં વસતા ધનિક શીખ ઉદ્યોગપતિ બાબા ગુરુદત્તસિંગને લાગ્યો. તેમણે હોંગકોંગ, બેંકોક, શાંગહાઈ, કેન્ટોન, સિંગાપુર વગેરેમાં વસેલા શીખો અને પંજાબીઓને ત્યાંથી સલામત સ્થળે લઈ જવાનું વિચાર્યું. આમાં મોટા ભાગની સંખ્યા શીખોની હતી. અને તેમના સંબંધીઓ કેનેડામાં હોવાથી એમને ત્યાં લઈ જવા માટે ગુરુદત્તસિંગે એસ. એસ. કામાગાટા નામની સ્ટીમર ભાડે કરી. શીખોમાંના મોટા ભાગના 'ગદર પક્ષ'ના સભ્યો હોવાથી બ્રિટિશ સરકારને શંકા ગઈ કે આ લોકો કેનેડા અને અમેરિકામાં બ્રિટનવિરોધી પ્રવૃત્તિને જોર આપશે. કેનેડા ત્યારે બ્રિટનનું સંસ્થાન હતું. બ્રિટને કેનેડાની સરકારને કામાગાટા મારુના યાત્રીઓને કેનેડામાં ન ઊતરવા દેવા પ્રેરી. કેનેડાની સરકારે જૂજ માણસોને જ ત્યાં ઊતરવા દેવા તૈયારી બતાવી. આથી બાકીની સંખ્યાને ભારત પાછા ફરવા સિવાય વિકલ્પ ન હતો. પરંતુ કામાગાટા મારુના યાત્રીઓ પાસે ભારત પાછા ફરવા માટે પૂરતો પુરવઠો ન હતો. આથી દબાણ થતાં કેનેડાની પોલીસ તથા સરકાર સાથે અથડામણ થઈ. અંતે, કેનેડાની સરકારે ભારત પહોંચવાનો પુરવઠો પૂરો પાડ્યો અને કેનેડાના હિંદીઓએ આગબોટનું ૨૨૦૦૦ ડોલર જેટલું ભાડું ચૂકવી દીધું.

પરંતુ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૧૪ના રોજ કામાગાટામારુ સ્ટીમરે ભારત પાછા ફરવાની યાત્રા આરંભી ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હોવાથી, બ્રિટિશ સરકારે હિંદમાં પ્રવેશવાના નિયમો કડક બનાવ્યા હતા. આ નિયમોને આધારે સરકારે આ મુસાફરોને ટ્રેઈનમાં સરકારના ખર્ચે સીધા પંજાબ લઈ જવાની જાણ કરી. મુસાફરોએ આનો વિરોધ કરીને કલકત્તામાં દાખલ થવાનો પ્રયાસ કરતાં, સશસ્ત્ર અથડામણ થતાં, ૧૮ શીખો માર્યા ગયા; સંખ્યાબંધ પકડાયા; અને ગુરુદત્તસિંઘ સહિત ૨૯ વ્યક્તિઓ ભાગી છૂટી. કુલ ૩૭૨માંથી ફક્ત ૬૦ જણ પંજાબ જવા કબૂલ થયા અને પહોંચ્યા.

ગુરુદત્તસિંઘે આખી ઘટનાને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરીને અંગ્રેજોનું અન્યાયી વર્તન વિગતવાર સાબિત કરી આપ્યું. એમાં એમણે જણાવ્યું કે આ યાત્રા યોજવામાં 'ગદર પક્ષ' કે બીજા કોઈ ક્રાન્તિકારી કે રાજકીય પક્ષનો હાથ ન હતો. સ્ટીમરમાં તેમની પાસે માત્ર એક જ રિવોલ્વોર હતી. 'ગદર' પક્ષ સાથે સંબંધ જોડી દેવા સરકારી જાસૂસે જ સ્ટીમરમાં 'ગદર' અંગેનું સાહિત્ય ઘુસાડી દીધેલું અને એ જ સાહિત્ય એમણે જપ્ત કરાવેલું. કલકત્તા બંદરે મુસાફરો તરફ બ્રિટિશ અમલદારોએ બતાવેલી વર્તણૂક તોછડી અને અયોગ્ય હતી. ગોળીબારમાં સરકારી આંકડા કરતાં ઘણા વધારે માર્યા ગયા હતા.

બ્રિટન સામે વિશ્વયુદ્ધમાં ઊતરેલા જર્મનીએ આ પ્રસંગનો ઉપયોગ કરીને હિંદીઓમાં ઉશ્કેરાટ ફેલાવ્યો. ભારત બહારનાં ભારતીય ક્રાન્તિકારી મંડળોએ સરકારના વલણને વખોડી કાઢ્યું. તેમણે એવો પણ પ્રચાર કર્યો કે યુદ્ધ દરમિયાન વતનમાં પાછા ફરવાના હિંદીઓના હક પર બ્રિટને તરાપ મારી હતી.

* સરકારી દમને ભારતમાં સરકારવિરોધી લાગણીને જોર આપ્યું અને એમાંથી જ 'હોમરુલ'– આંદોલનનાં બીજ વવાયાં.

ક્રાંતિકારી આંદોલનના આરંભમાં વ્યક્તિગત હિંસા, હત્યા અને રાજકીય લૂંટફાટનો આશરો લેવાયો પણ વખત જતાં મોટા ભાગના વિપ્લવવાદીઓને પ્રતીતિ થઈ હતી કે આ બધાની ઉપયોગિતા ક હદ સુધી જ સીમિત છે. હિંસક આંદોલન દેશપ્રેમ પ્રજ્જવલિત કરવાનું એક સાધન માત્ર છે. તવમાં આમજનતાને હિંસક વિદ્રોહ માટે સંગઠિત કરવાના પ્રયાસો સફળ થયા ન હતા. હકીકતમાં, લવવાદી આંદોલન કદી લોકઆંદોલન બની જ ન શક્યું. તેના મોટા ભાગના નેતાઓ ઉપલા મધ્યમ ોમાંથી આવતા હતા. તેઓને હથિયારબંધ ટુકડીઓ અને દેશીસેનામાં જ ક્રાંતિની મુખ્ય શક્તિનાં ર્શન થતાં. આથી તેમણે તેના તરફ વિશેષ ધ્યાન આપ્યું. શ્રમજીવી જનતાનો સહકાર ક્રાંતિકારીઓએ ન મેળવ્યો. આ ખોટ કેનેડામાં શ્રમિક શીખોનો સહકાર મેળવીને 'ગદર' પક્ષે પૂરી કરી હતી. ક્રાંતિકારી આંદોલનની એક વિશિષ્ટતા અને પ્રદાન નોંધ્યા વિના ચાલે તેમ નથી, તે છે તેની ફનાગીરી. જ્યારે કોંગ્રેસ અને મુસ્લિમ લીગના આગેવાનો પૂર્ણ સ્વરાજની વાત કરતાં ખચકાતા હતા અને ઘણા ડરતા પણ હતા. તથા તેમાંના મોટા ભાગના તો બ્રિટિશ અમલને ટકાવવામાં જ દેશનું હિત જોતા હતા, ત્યારે **'પૂર્ણ સ્વતંત્રતા'ની ઘોષણા કરનારા સર્વપ્રથમ વિપ્લવવાદીઓ હતા; એટલું જ નહીં, તેમણે તેની પ્રાપ્તિ માટે ફનાગીરીનો રાહ અપનાવ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું હતું કે "બ્રિટિશ સામ્રાજ્યને સુધારવાની નહીં, પણ તેનો નાશ કરવાની જરૂર છે!"**

* સમગ્ર રાષ્ટ્રીય આંદોલનની રીતે વિચારતાં, રાષ્ટ્રવાદીઓમાં રાજકીય ઉદ્દામ વિચારસરણીને વરેલા 'જહાલો' બીજા મુખ્ય જૂથ 'મવાળો' કે 'વિનીતો'થી આગળ હતા, તો વિપ્લવવાદી વિચારને વરેલા અને ત્રાસવાદના પંથે ફનાગીરીને અપનાવી ચૂકેલા ક્રાંતિકારીઓ તેમનાથીય ઘણા અંશે ભિન્ન હતા.

*

## વચગાળાનાં પાંચ વરસ (૧૯૦૮–૧૩)

સૂરત અધિવેશન અધૂરું રહ્યું હતું. તે પછી એપ્રિલ ૧૯૦૮માં બહુમતી ધરાવતા મવાળ જૂથના સો જેટલા કાર્યકર્તાઓએ અલ્હાબાદમાં ભેગા થઈને પોતાના વલણને અનુકૂળ કોંગ્રેસનું બંધારણ ઘડ્યું; અને તે અનુસાર, ૧૯૦૮ના ડિસેમ્બરમાં મદ્રાસ ખાતે, સૂરત અધિવેશન માટે નિમાયેલા ડૉ. રાસબિહારી ઘોષના જ પ્રમુખપદે ૨૩મું અધિવેશન મળ્યું. તેમાં એવી માગણી કરાઈ કે બ્રિટિશ સામ્રાજ્યનાં સ્વશાસન ભોગવતાં સભ્ય રાષ્ટ્રો (સેલ્ફ ગવર્નિંગ ડુમિનિયન્સ ઓફ બ્રિટિશ કોમનવેલ્થ) જે અધિકારો અને સ્થાન ધરાવે છે તેમના જેવો જ દરજ્જો પ્રાપ્ત કરવો. આ ધ્યેય બંધારણીય સાધનો દ્વારા હાંસલ કરવું. તે માટે આજની વહીવટી પદ્ધતિમાં સતત સુધારા કરાવવા, રાષ્ટ્રીય એકતાને ઉત્તેજન આપવું, જાહેર કાર્યની ભાવના પોષવી, અને દેશના બૌદ્ધિક, નૈતિક આર્થિક તથા ઔદ્યોગિક મૂળ સ્રોતનો વિકાસ કરવો અને તેમનું સંયોજન કરવું.

બીજી બાજુ, કોંગ્રેસનો ત્યાગ કરનારા જહાલોનું કોઈ વ્યવસ્થિત સંગઠન ઊભું થયું ન હતું. આ તકનો લાભ લઈને સરકારે દમનનો દોર શરૂ કરી દીધો હતો. ૧૯૦૮માં અરવિંદ ઘોષની ધરપકડ કરી હતી, અને ટિળકને ૬ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. પરિણામે, ઉગ્ર રાષ્ટ્રવાદી જૂથોએ ગુપ્ત આતંકવાદી (ટેરરિસ્ટ) પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું હતું.

* આ વરસોમાં (૧૯૦૬માં સ્થાપના) મુસ્લિમ લીગ વ્યવસ્થિત બની રહી હતી. કોઈપણ ઉપાયે મુસ્લિમોના રાજકીય અને અન્ય લાભો માટેનો તેનો મૂળ હેતુ આકાર લઈ રહ્યો હતો. બ્રિટિશોના હાથમાં સત્તા

## રાષ્ટ્રીય કોંગ્રેસના ધુરંધરો
(અધિવેશનોના પ્રમુખો)









વ્યોમેશચંદ્ર બેનરજી (૧૮૪૪–૧૯૦૬) પ્રમુખ ૧૮૮૫ તથા ૧૮૯૨
દાદાભાઈ નવરોજી (૧૮૨૫–૧૯૧૭) પ્ર. ૧૮૮૬ તથા ૧૮૯૩ અને ૧૯૦૬
બદરુદ્દીન તૈયબજી (૧૮૪૪–૧૯૦૬) પ્ર. ૧૮૮૭
જ્યોર્જ યુલે (૧૮૨૯–૧૮૯૨) પ્ર. ૧૮૮૮



સર ફિરોઝશા મહેતા (૧૮૪૫–૧૯૧૫) પ્ર. ૧૮૯૦
સુરેન્દ્રનાથ બેનરજી (૧૮૪૮–૧૯૨૫) પ્ર. ૧૮૯૫ તથા ૧૯૦૨
સર દિનશા વાચ્છા (૧૮૪૪–૧૯૩૬) પ્ર. ૧૯૦૧
ગોપાલકૃષ્ણ ગોખલે (૧૮૬૬–૧૯૧૫) પ્ર. ૧૯૦૫









પં. મદનમોહન માલવિયા (૧૮૬૧–૧૯૪૬) પ્ર. ૧૯૦૯/૧૯૧૮/૧૯૩૨/૧૯૩૩
ડૉ. એની બિસૅંટ (૧૮૪૭–૧૯૩૩) પ્ર. ૧૯૧૭
પં. મોતીલાલ નેહરુ (૧૮૬૧–૧૯૩૧) પ્ર. ૧૯૧૯/૧૯૨૮
લાલા લાજપતરાય (૧૮૬૫–૧૯૨૮) પ્ર. ૧૯૨૦ (સ્પે)









મૌ. અબુલ કલામ આઝાદ (૧૮૮૮–૧૯૫૮) પ્ર. ૧૯૨૩ (સ્પે) /૧૯૪૦
દેશબંધુ ચિત્તરંજન દાસ (૧૮૭૦–૧૯૨૫) પ્ર. ૧૯૨૨
મોહમદઅલી (૧૮૭૮–૧૯૩૧) પ્ર. ૧૯૨૩
સરોજિની નાયડુ (૧૮૭૯–૧૯૪૯) પ્ર. ૧૯૨૫
(૧૯૨૪માં મહાત્મા ગાંધી બેલગામ અધિવેશનના પ્રમુખ)









ડૉ. એમ. એ. અન્સારી (૧૮૮૦–૧૯૩૫) પ્ર. ૧૯૨૭

પં. જવાહરલાલ નેહરુ (૧૮૮૯–૧૯૬૪) પ્ર. ૧૯૨૯/૧૯૩૬ (સ્પે)/૧૯૩૬/૧૯૫૧/૧૯૫૩/૧૯૫૪

સરદાર વલ્લભભાઈ પટેલ (૧૮૭૫–૧૯૫૦) પ્ર. ૧૯૩૧

ડૉ. રાજેન્દ્રપ્રસાદ (૧૯૮૪–૧૯૬૩) પ્ર. ૧૯૩૪



ગાંધીજી—સરોજિની દેવી



સુભાષચંદ્ર બોઝ (૧૮૯૭–૧૯૪૫)
પ્ર. ૧૯૩૮/૧૯૩૯



આચાર્ય જે. બી. કૃપલાની (૧૮૮૮–
પ્ર. ૧૯૪

ગઈ ત્યારે, ભલે નામનો પણ, મોગલ પાદશાહ દિલ્હીની ગાદી પર હતો. તેને ઐતિહાસિક ગૌરવ ગણાવીને, તથા ગૌરવવંતા મજહબ (ધર્મ) ઇસ્લામને નામે પ્રજાને સંગઠિત કરવાના હેતુથી, મુસ્લિમ બહુમતીવાળા સિંધમાં ૧૯૦૭માં મુસ્લિમ લીગની બીજી બેઠક બોલાવી. તેના પ્રમુખે જાહેર કર્યું કે "૮મી સદીમાં મહમુદ બિન કાસિમ જેવા એક અરબી જુવાનિયો ભારત આવીને થોડાક જ માણસોના જોરે સિંધને 'કલમા' પઢાવતો થઈ ગયો હતો...આજે તો આ દેશમાં કરોડો મુસલમાનો છે – તેમની સામાજિક, રાજકીય જિંદગી સુખી ન બનાવી શકે ?"

આ પછીના વરસે (૧૯૦૮) મુસ્લિમ લીગે અમૃતસર અધિવેશનમાં મોન્ટેગ્યુ સુધારાના ખરડામાં સૂચવેલા અલગ મતાધિકારને આવકાર આપ્યો. પરંતુ 'મુસ્લિમો આ દેશના છેવટના શાસકો હોઈને તેમને તેમની વસતીની સંખ્યાના પ્રમાણથી વધુ લાભો મળવા જોઈએ,' એવી માંગ ઉપર જોર લગાવાયું. (અલબત્ત, છેવટના શાસકોમાં મરાઠા, શીખો અને રજપૂતો વધુ મોટા પ્રદેશો ઉપર સત્તા ભોગવતા હતા, એ હકીકત ભુલાઈ ગઈ હતી !)

વળી, હકીકતે તો, મોન્ટેગ્યુ સુધારો બહાર પડ્યો તેમાં **મુસ્લિમ લીગે માગ્યા કરતાંય વધુ 'ઉદારતાની જોગવાઈ' મુસ્લિમો માટે હતી.** આથી હિંદુઓમાં સારી પેઠે ચડભડાટ થયો. પરંતુ ૬૦ હિંદુ અને ૪૦ મુસ્લિમ આગેવાનોની અલ્લાહાબાદ-પરિષદમાં ગોખલે અને ગાંધીજીએ મુસ્લિમો પ્રત્યે ઉદાર વૃત્તિ રાખીને તેમનો વિશ્વાસ જીતી લેવાની શિખામણ હિંદુઓને આપી. આ પછી સંજોગો પણ બદલાયા. એક બાજુ, બ્રિટિશોએ બંગાળના ભાગલામાં પીછેહઠ કરી – ભાગલા નાબૂદ કર્યા (૧૯૧૧). આથી મુસ્લિમો ચોંકી ઊઠ્યા. વધુમાં, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બ્રિટને ઇજિપ્ત સર કર્યું, મોરોક્કો અંગે અંગ્રેજે અને ફ્રેન્ચે પોતાના હિતમાં સમાધાન કર્યું. ઇરાનની બાબતમાં અંગ્રેજ કરાર થયા અને ટ્રિપોલી ઉપર ઇટાલીનું આક્રમણ થયું. આ પછી ચાર બાલ્કન રાજ્યો-- ગ્રીસ, બલ્ગેરિયા, સર્બિયા અને મોન્ટેનીગ્રોએ મળીને તુર્કસ્તાન પર ચઢાઈ કરી (૧૯૧૨). તેમાં હાર ખાતાં, તુર્કીને કોન્સ્ટેન્ટિનોપલ સિવાયનો પોતાના હસ્તકનો તમામ પ્રદેશ વિજેતાઓના હાથમાં સુપરત કરી દેવા પડ્યો (૧૯૧૩). આ બધી ઘટનાઓ પાછળ બ્રિટિશ વલણ દુશ્મનીનું અને અપમાનજનક હોવાનું હિંદના મુસ્લિમોને લાગ્યું. આથી બ્રિટિશો સામેનો તેમનો રોષ વધ્યો, અને તુર્કસ્તાન ઉપરની આફત એ પોતાના ઉપરની આફત છે એવી લાગણી પેદા થઈ. કોંગ્રેસ સાથેની એકતા વધારવાની જરૂરિયાત જણાઈ. મુસ્લિમ લીગે લખનૌના અધિવેશનમાં (૧૯૧૩) નવું બંધારણ ઘડીને **કોંગ્રેસની જેમ "પોતાનું ધ્યેય બ્રિટિશ તાજ નીચે સ્વશાસનનું છે" એવું ઠરાવ્યું.** આ માટે બીજી કોમો સાથેય સહકાર કરવાની નીતિ પણ અપનાવી. આ વલણને આવકારતો પડઘો પડ્યો કોંગ્રેસના ૧૯૧૩ના કરાંચી અધિવેશનમાં.

●

# રાષ્ટ્રીય પુનરુત્થાન

નુત્થાન: 'બહિષ્કાર', 'સ્વદેશી' આંદોલન અને વિપ્લવવાદી પ્રવૃત્તિના સાતત્યે, તથા વિદેશોમાંના ખુદ બ્રિટનમાંના સ્વતંત્રતાવાદી ઉદાર નેતાઓના સહકારને પરિણામે, અંગ્રેજોને નમવાની ફરજ પડી. ના ભાગલા રદ કરવાની જાહેરાત ૧૯૧૧માં કરવામાં આવી. અંગ્રેજોને વિશ્વની રાજકીય રંગભૂમિ બદલાતા રંગપટનું દર્શન થતાં એમને ભવિષ્યમાં કદાચ, યુદ્ધ કે અન્ય કટોકટી વખતેય, હિંદી ઓના સાથ મેળવવા માટે, તેની મુખ્ય માગણી સંતોષીને અસંતોષ દૂર કરવો જરૂરી લાગ્યો હશે. , ખાસ તો, અંગ્રેજોની એવી ગણતરી હતી કે જો આમ નહીં કરવામાં આવે તો કોંગ્રેસનો દોર નીત નેતાગીરીના હાથમાંથી છટકી જશે. અને જહાલ કે ઉગ્રમતવાદી નેતાઓના હાથમાં તાં ભારતને લાંબો વખત કબજે રાખવું મુશ્કેલ પડશે. ભારત જેવો વિશાળ જનસંખ્યા અને કુદરતી પત્તિથી ભરપૂર દેશ જો અંગ્રેજોના હાથમાંથી નીકળી જાય તો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ઇંગ્લેન્ડનું પલ્લું હલકું બને, એનું મહત્ત્વ ઘટે - આ ચિંતા જેવી તેવી ન હતી.

❀

૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ભારતની જનતાને પૂછ્યા વિના કે નેતાઓ સાથે મંત્રણા કર્યા વિના ભારતની બ્રિટિશ સરકારે ઇંગ્લેન્ડની તરફેણમાં યુદ્ધમાં ઝંપલાવ્યું. આથી હિંદીઓમાં રોષ ફેલાયો. પોતાના દેશમાં પોતાનું શાસન (હોમરુલ) ન હોય તો પોતાનાં હિતો ન જળવાય એની પ્રતીતિ થઈ; અને માત્ર ચર્ચા-વિચારણા અને બંધારણીય રજૂઆત કરતા નેતાઓ 'હોમરુલ' નહીં અપાવી શકે, એમ જણાતાં, રાષ્ટ્રનાં કાર્યો માટે પૂરો સમય ખર્ચે એવા જહાલ નેતાઓની જરૂર હવે બધાંને લાગવા માંડી.

*હકીકતેય, જૂની વિનીત નેતાગીરી રાજકીય રંગભૂમિ પરથી અદૃશ્ય થવા લાગી હતી. ગોપાળ-કૃષ્ણ ગોખલે અને ફિરોજશાહ મહેતા જેવા કોંગ્રેસની વિનીત પાંખ પર વર્ચસ્વ ધરાવતા નેતાઓ અવસાન પામી ચૂક્યા હતા; અને દાદાભાઈ નવરોજી ય લગભગ બિમાર રહેતા હતા.

પ્રથમ વિશ્વયુદ્ધ ચાલુ હતું અને મુસ્લિમ રાજ્ય તુર્કી ઇંગ્લેન્ડના સામા પક્ષે હતું. અગાઉ ૧૯૧૨-૧૩ બાલ્કન વિગ્રહમાં તુર્કીના ભારે પરાજય થયા જ હતા. તુર્કી પાસેથી કોન્સ્ટંટીનોપલ સિવાયના બધા બાલ્કન પ્રદેશ સરી ગયા હતા; અને અલગ અલગ સ્વતંત્ર રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં હતાં. બ્રિટનની બાલ્કન રાજ્યો પ્રત્યે ખુલ્લી સહાનુભૂતિ હતી. **તુર્કીનો સમ્રાટ જે ઇસ્લામી આલમના ધાર્મિક વડા ખલીફાનું પદ ધરાવતો હતો** તેને બ્રિટનને હાથે નામોશી સહન કરવી પડી હતી. એ પછી તુરત જ પ્રથમ વિશ્વયુદ્ધમાં (૧૯૧૪થી) પણ તુર્કી જર્મની ધરી સાથે જોડાયું હોઈને, બ્રિટનના નેજા હેઠળનાં મુસ્લિમ સહિતનાં ભારતીય સૈન્યોને તુર્કી સહિતના મુસ્લિમ સૈન્ય સામે લડવાની ફરજ પડી હતી. આથી ય ભારતીય મુસ્લિમોમાં કચવાટ વધ્યો હતો.

આ અરસામાં ડૉ. એની બિસન્ટે ભારતમાં **'હોમરુલ'**નું આંદોલન શરૂ કર્યું. લગ્ન સંબંધે રશિયન અને માતૃપક્ષે આયરિશ એવાં ડૉ. એની બિસન્ટમાં આયર્લેન્ડે જગાવેલી સ્વાતંત્ર્ય-ભાવના ભરેલી હતી. તેઓ ૧૮૯૩માં ભારતમાં સ્થિર થયાં હતાં. ૧૯૦૭માં થિયોસોફિકલ સોસાયટીનાં પ્રમુખ બન્યાં હતાં. તે સંસ્થાના ઉપક્રમે આરંભમાં તેઓ હિંદીઓના સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે કામ કરતાં હતાં. આ કામ

હિંદીઓને '**હોમરુલ**' મળે તો સારી રીતે થાય તેમ લાગતાં તેમણે 'ધી કોમનવીલ' નામે સાપ્તાહિક ૧૯૧૪માં શરૂ કર્યું. પછી બ્રિટનના લિબરલ પક્ષનો સાથ મેળવવા તેઓ ઇંગ્લેન્ડ ગયાં. ભારતમાં પાછા આવીને ૧૯૧૫ના જુલાઈમાં મદ્રાસમાં 'ન્યૂ ઈન્ડિયા' દૈનિક શરૂ કર્યું અને એ મારફતે 'હોમરુલ'ના પ્રચાર-વંટોળ શરૂ કર્યો. ૧૯૧૫માં તેમણે 'હોમરુલ લીગ' સ્થાપીને, તેને કોંગ્રેસની સહાયક સંસ્થા બનાવવાનું વિચારીને, તે માટેનો ઠરાવ કોંગ્રેસની મુંબઈ બેઠકમાં રજૂ કર્યો; પણ કોંગ્રેસે પોતાની અંગભૂત આવી કોઈ સંસ્થા સ્થાપવા કે સ્વીકારવા સંમતિ ન આપી. કોંગ્રેસના વિનીત નેતાઓને 'હોમરુલ લીગ' થાય તો કોંગ્રેસની લોકો પરની પકડ ઘટે તેવો ડર હતો. છેવટે એક વરસની મથામણને અંતે, ૧૯૧૬માં શ્રીમતી એની બિસેન્ટે 'હોમરુલ લીગ'ની સ્વતંત્ર સંસ્થા સ્થાપી. આ દરમ્યાન લોકમાન્ય ટિળકે, છ વર્ષની સજા પૂરી કરીને જેલમાંથી બહાર આવ્યા પછી, કોંગ્રેસની નેતાગીરી સાથે હજી મેળ નહિ ખાય એમ સમજીને, સ્વતંત્ર રીતે આંદોલન ચલાવવા 'હોમરુલ લીગ'ની સ્થાપના કરી દીધી હતી (એપ્રિલ ૧૯૧૬). તેના પ્રમુખપદે હતા જોસેફ બાપ્ટિસ્ટા અને મંત્રીપદે એન. સી. કેલકર, જો કે બેમાંથી એકે ટિળક મહારાજ જેવા 'જહાલપંથી' ન હતા. પરંતુ તેઓ લોકમાન્યને પૂરા વફાદાર હતા. લોકમાન્યે 'કેસરી' અને 'મરાઠા' પત્રોમાં લેખો લખીને પોતાનો પ્રોગ્રામ સ્વરાજ અમારો જન્મસિદ્ધ હક છે ભારે ધમાકાપૂર્વક પ્રજાને પહોંચાડવાનું કામ કર્યું હતું. તેમણે સાદી ભાષામાં 'હોમરુલ'નો અર્થ સમજાવીને, ગૃહ-સ્વરાજની જરૂરિયાત લોકોના મનમાં ઠસાવી.

શ્રીમતી બિસેન્ટની તથા ટિળકની એમ બંનેની લીગનો અંતિમ ઉદ્દેશ એક હોવા છતાં, બંને વચ્ચે અભિગમનો જે ભેદ હતો તે દૂર કરીને, બંને પરસ્પર સહકારમાં કામ કરે તેવા પ્રયત્નો થયા. આ સમજૂતી પ્રમાણે મુંબઈ ઈલાકો તથા મધ્ય પ્રદેશનો વિસ્તાર ટિળકની પ્રવૃત્તિનું ક્ષેત્ર બન્યો; તે સિવાયના સમગ્ર ભારતમાં શ્રીમતી બિસેન્ટની લીગે પ્રવૃત્તિ કરવાની હતી.

આ બંને લીગનાં સહકારી-આંદોલનના પ્રસાર અને પ્રચારથી ભડકીને, બ્રિટિશ સરકારે બંને આંદોલનોને કચડી નાખવા કડક પગલાં લીધાં. શ્રીમતી બિસેન્ટ અને લોકમાન્ય ટિળકનાં અખબારો પર નિયંત્રણ લાદવા સરકારે બંને પાસે વીસ વીસ હજારની ડિપોઝિટ માગી. ટિળકે ડિપોઝિટ આપવાને બદલે કોર્ટમાં પડકાર ફેંકતાં તેમની પાસે ડિપોઝિટ ન લઈ શકાઈ; જ્યારે શ્રીમતી બિસેન્ટે ભરેલી ડિપોઝિટ, તેમણે ફરીથી સરકાર વિરોધી લખાણ લખવાના બહાને જપ્ત કરવામાં આવતાં, શ્રીમતી બિસેન્ટને તેમનાં બંને અખબારો બંધ કરવાની ફરજ પડી. ત્યાર બાદ કોંગ્રેસે તેમને ૧૯૧૭ના કલકત્તા અધિવેશનનું પ્રમુખપદ આપી અપનાવી લીધાં.

બીજી બાજુ, યુવાનો અને સ્ત્રીઓના સહકારથી લડત આગળ વધતી જ રહી. લડતનું નિરૂપણ કરતાં ભારતમાંના ખુદ બ્રિટિશ ગૃહપ્રધાને ૧૯૧૭ના આરંભમાં બ્રિટિશ શાસકોને મોકલેલા ખાનગી સંદેશામાં જણાવ્યું હતું કે, "કોંગ્રેસના વિનીત નેતાઓનો લોકો પરનો પ્રભાવ ધોવાઈ ગયો છે અને જહાલોના હાથમાં કોંગ્રેસનું સુકાન આવી ગયું છે. આવા સંજોગોમાં સુધારાની દરખાસ્તો જાહેર કરીને વિનીતોને સંતોષી શકાય તો બ્રિટિશ સરકારનું હિત જળવાઈ રહે. સુધારાની સાથે સાથે ઉદ્દામ નેતાઓ સામે કડક પગલાં લેવાની જરૂર છે, જેથી એમની તાકાત તૂટે. ભારત સરકાર તો આ માટે કડક પગલાં લઈ જ રહી છે."

આ પછી મદ્રાસ સરકારે એની બિસેન્ટ અને તેમના બે સાથીઓની ધરપકડ કરી. તેમના કેટલાક કાર્યકરોને હદપાર કર્યા. સરકારી દમનનાં આ પગલાં સામે ભારતમાં ઠેરઠેર સભાઓ અને સરઘસો દ્વારા વિરોધ કરવામાં આવ્યો. ટિળકની પ્રેરણાથી કોંગ્રેસે એની બિસેન્ટ અને તેમના સાથીદારોને મુક્ત કરવાના અને હિંદીઓને યોગ્ય હક્કો આપવાની સરકારને ભલામણ કરતો ઠરાવ પસાર કર્યો. જે નેતાઓ હોમરુલ-લીગની પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીન રહ્યા હતા, તેઓ પણ શ્રીમતી બિસેન્ટના ત્યાગ અને આપભોગની કદર

. હોમરૂલ લીગને સાથ આપવા તત્પર બન્યા. મહમદઅલી ઝીણા, અલીભાઈઓ વગેરેએ હોમરૂલ
ની પ્રવૃત્તિઓમાં પોતાનો સૂર પુરાવ્યો. કોંગ્રેસના વિનીત અને ઉદ્દામ નેતાઓ પોતાના પરસ્પરના
ભેદો ભૂલીને બિસેન્ટના પ્રશ્ને એક બન્યા. **આમ, બિસેન્ટ રાષ્ટ્રીય એકતાની સુવર્ણ કડી બની
ગયાં !**

એકંદરે, શ્રીમતી બિસેન્ટની ધરપકડથી હોમરૂલ લીગને નવું બળ મળ્યું. તેણે બ્રિટિશ સરકારને હજારો સહીઓ સાથેનું આવેદનપત્ર મોકલ્યું. તેમાં બિસેન્ટની તથા તેમના સાથીદારોને મુક્ત કરવા ઉપરાંત **અંગ્રેજોના હિંદમાંના આખરી ધ્યેયની સ્પષ્ટતા કરવાની માગણી કરવામાં આવી.** આ પછી હોમરૂલ લીગને ગેરકાયદેસર ઠરાવવાની સરકારની ઇચ્છા બર ન આવી.

કોંગ્રેસ અને મુસ્લિમ લીગની કારોબારીની સંયુક્ત બેઠકમાં બંને પક્ષોએ પોતાની પ્રાંતિક કારોબારીઓનો અભિપ્રાય લઈને પેસિવ રેઝિસ્ટન્સ (શાંત પ્રતિકાર) કરવા માટેનાં પગલાં ભરવાનું ઠરાવ્યું. આની સામે બંગાળ અને મદ્રાસ જેવા પ્રાંતોના ગવર્નરોએ લીગ અને કોંગ્રેસને સંયુક્ત બનીને આગળ વધતાં રોકવા જાહેર સભાઓ ભરવાની મનાઈ ફરમાવી. આમ છતાં, મદ્રાસ, બિહાર અને વરાડ પ્રાંતની સમિતિઓએ 'શાંત પ્રતિકાર'ની તરફેણ કરી; તો બીજી બાજુ, મુંબઈ, પંજાબ અને બ્રહ્મદેશની સમિતિઓએ હિંદી વજીર માંટેગ્યુની ભારતયાત્રા ટાણે કંઈક લાભદાયી મેળવવાની આશામાં થોડા સમય 'શાંત પ્રતિકાર' મુલતવી રાખવાનો અભિપ્રાય આપ્યો. એકંદરે, દેશમાં એવું વાતાવરણ જામ્યું કે જેથી –

*** ભારતની બે મહાન અને મુખ્ય કોમો વચ્ચે આ પૂર્વે ખટરાગ ઊભો કરવામાં ફાવેલી બ્રિટિશ નીતિ પણ ૧૯૧૬માં નિષ્ફળ નીવડી. કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે 'લખનૌ કરાર' થયા.**

આ કરારમાં મુસ્લિમોની લઘુમતીવાળા પ્રાંતોની ધારાસભાઓ અને વડી ધારાસભામાં તેમની વસ્તી કરતાં ટોકા-પ્રમાણ પ્રમાણમાં બેઠકો માન્ય કરવામાં આવી હતી; અલગ મુસ્લિમ મતદાર મંડળો મારફત તેમના પ્રતિનિધિઓની ચૂંટણી થવાની હતી; જો કે બીજી બાજુ, મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતોમાં વસતીના પ્રમાણમાં તેમને ઓછી બેઠકો (દા. ત. બંગાળમાં ૪૦ ટકા અને પંજાબમાં ૫૦ ટકા) આપવામાં આવી હતી. પરંતુ આ કરારમાં હિંદુઓની લઘુમતીવાળા પ્રાંતોને આવો કશો લાભ આપવામાં આવ્યો ન હતો. આમ, ભાવિ લોકશાહી પ્રજાતંત્રની નેમ ધરાવનારા રાષ્ટ્રભક્તોએ જાણે કે, તેના પાયા જ બોદા કરવાનું મુનાસિબ લેખ્યું હતું ! ખાસ નોંધપાત્ર તો એ છે કે તેમાં ટિળક મહારાજ અને માલવિયાજી જેવા હિંદુ-સમાજના ધુરંધરોએ સુદ્ધાં સહીસિક્કા કર્યા હતા. અલબત્ત આ રાષ્ટ્રભક્તો એવી ગણતરી પર ચાલ્યા હતા કે, મુસ્લિમ લીગનો જન્મ જ (૧૯૦૬) બ્રિટિશ અધિકારીઓની સિફારસ મુજબ, મોટા ભાગના બ્રિટિશ-વફાદાર મુસ્લિમ આગેવાનોના હાથે થયો હતો; અને રાષ્ટ્રીય આંદોલન એટલે કે રાષ્ટ્રીય કોંગ્રેસ સામેના મોરચા તરીકે તે ભાગ ભજવતી હતી; હવે આવી સંસ્થા બ્રિટિશ સત્તા સામે, કોંગ્રેસના સહકારમાં, જો **'નવું ધ્યેય'** "સામ્રાજ્યની નવી રચનામાં **સ્વરાજ્ય** ભોગવતાં સંસ્થાનો (ડુમિનિયન્સ) જેવું સ્વાધીન દેશ તરીકેનું સ્થાન હિંદને મળવું જોઈએ, અને પરાધીન ગમ્ય તરીકે નહિ જ અખત્યાર કરવા તૈયાર હોય તો બીજી બધી ગણતરીઓ અને ચિંતાઓ ગૌણ લેખવામાં એકંદરે દેશનું હિત છે...

તેની તત્કાલ તો ધારી અસર થઈ જ. હિંદી વજીર તથા વાઇસરોયે જોયું કે પરિસ્થિતિ દિવસે દિવસે કાબૂ બહાર જઈ રહી છે. આથી બ્રિટિશ સરકારે પરિસ્થિતિનો દોર જહાલોને બદલે વિનીત નેતાઓના હાથમાં રાખવાની ચીલાચાલુ રમત પાછી શરૂ કરી. હિંદી વજીર લૉર્ડ માંટેગ્યુએ બ્રિટિશ સરકાર વતી ભારતને સુધારા આપવાની જાહેરાત કરી (૨૦-૮-૧૯૧૭); અને જણાવ્યું કે ભારતમાં ધીમે ધીમે સ્વાયત્ત

(ઑટોનોમસ) સંસ્થાનો વિકસાવીને, અંતે જવાબદાર રાજતંત્ર (રિસ્પોન્સિબલ ગવર્નમેન્ટ) આપવા માટે પગલાં લેવાની સરકારની નેમ છે.

આ પછી થોડા વખતમાં સરકારે એની બિસેન્ટ અને બીજા રાજકીય અટકાયતીઓને મુક્ત કર્યાં. આથી વિનીત નેતાઓને સંતોષ થયો. કોંગ્રેસની મોટા ભાગની પ્રાંતિક સમિતિઓને હવે 'શાંત પ્રતિકાર'ની જરૂર ન લાગી. કોંગ્રેસ અને મુસ્લિમ લીગની કારોબારીની અલ્હાબાદમાં સંયુક્ત બેઠક મળી. તેમાં 'શાંત પ્રતિકાર' મુલતવી રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો.

હિંદી વજીર મોંટેગ્યુએ જાહેરાત કરી કે ભારતને આપવાના સુધારા અંગે અંતિમ નિર્ણય લેતાં પહેલાં વિવિધ રાજકીય પક્ષો અને નેતાઓને મળીને તેમના અભિપ્રાય જાણવા માટે તેઓ પોતે ભારતનો પ્રવાસ કરશે; એ પછી જ સુધારાનું સ્વરૂપ નક્કી કરશે. હિંદના મોટા ભાગના નેતાઓને આથી સંતોષ થયો. ખુદ એની બિસેન્ટને પણ લાગ્યું કે આંદોલનને બદલે વ્યક્તિગત રજૂઆત કારગત નીવડી શકે. આથી એમણે વાઈસરૉય લોર્ડ ચેમ્સફર્ડને મળવા માટે પ્રયત્ન પણ કર્યો, જો કે તેમને મુલાકાત જ ન મળી; એટલું જ નહીં પણ વાઈસરોય તો બિસેન્ટને દેશનિકાલ કરવાનો (ઇંગ્લેન્ડ પાછા ધકેલી દેવાનો) વિચાર કરતા હતા !

ગમે તેમ પણ, કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે 'બંધારણીય સરકાર તથા જવાબદાર રાજતંત્ર'ની માગણી રજૂ કરવા સારુ હિન્દી વજીર તથા વાઈસરોયને મળવા માટે બાર સભ્યોનું એક સંયુક્ત પ્રતિનિધિ મંડળ મોકલવાનું ઠરાવ્યું. પરંતુ લોકમાન્ય ટિળક 'હોમરુલ' માટેનું આંદોલન પડતું મૂકવા તૈયાર ન હતા. તેઓ માનતા હતા કે, સુધારાની જાહેરાત આંદોલનના પરિણામે જ થઈ હતી. સરકાર પાસેથી વધુ નક્કર સુધારા મેળવવા માટે આંદોલન ચાલુ રાખવું જ જોઈએ. ટિળક મહારાજે હોમરુલ ચળવળને આમજનતાનું આંદોલન બનાવવા પ્રયાસ પણ કર્યો, જો કે તેમનું કાર્યક્ષેત્ર મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ પૂરતું સીમિત હતું. તેમને મહમદઅલી ઝીણા તથા અલીભાઈઓનો સથવારો સાંપડયો. પરિણામે, ૧૯૧૭માં લોકમાન્ય ટિળક સાથેની મુલાકાત વખતે મોંટેગ્યુને પણ સૂચિત સુધારામાં તેમનો સાથ મેળવવો જરૂરી લાગ્યો. લોકમાન્યે મક્કમતાપૂર્વક હોમરુલથી ઓછી કોઈ વાત સ્વીકારવા નકાર્યું.

## જહાલ–મવાળ વિવાદ

૧૯૧૮ના નવેમ્બરની પહેલીએ મુંબઈમાં સુરેન્દ્રનાથ બેનરજીના અધ્યક્ષપણા નીચે 'ઑલ ઇન્ડિયા મોડરેટ કૉન્ફરન્સ' મળી. આ કૉન્ફરન્સે જે પ્રસ્તાવો પારિત કર્યા તેમની સરખામણી 'ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ'ના ઠરાવો સાથે કરીએ તો જણાશે કે તત્ત્વત: બંનેમાં કોઈ વ્યાપક સૈદ્ધાંતિક મતભેદ ન હતો.

### મુખ્ય પ્રસ્તાવોની સરખામણી

| કૉંગ્રેસ પ્રસ્તાવ | મોડરેટ કૉન્ફરન્સનો પ્રસ્તાવ |
|---|---|
| (૧) નાણાંકીય સ્વાયત્તતા | (૧) તેવી જ માંગ |
| (૨) કેન્દ્ર સરકારમાં ડાયાર્કી | (૨) તેવી જ માંગ |
| (૩) ગવર્નર જનરલને વિશેષ સત્તાઓ | (૩) લગભગ તેવી જ માંગ |
| (૪) પ્રાંતિક સરકારો | (૪) તાત્ત્વિક ભેદ નહીં |
| (૫) ઈન્ડિયા ઑફિસ પર અંકુશ | (૫) તાત્ત્વિક ભેદ નહીં |
| (૬) મુસ્લિમ પ્રતિનિધિત્વ | (૬) તે જ માંગ |
| (૭) લશ્કરમાં પ્રતિનિધિત્વ. પ્રારંભમાં લશ્કરમાં પચ્ચીસ ટકા ભારતીઓ હોવા જોઈએ. | (૭) વીસ ટકા ભારતીઓ હોવા જોઈએ. |

લોકમાન્યે હોમરુલ આંદોલનને વધુ વ્યાપક સમર્થન મળે તે માટે ૧૯૧૯ના આરંભમા લાલા લજપતરાય, એન. એસ. હાર્ડિકર અને કે. ડી. શાસ્ત્રીનું બનેલું પ્રતિનિધિમંડળ અમેરિકા મોકલ્યું. સાનફ્રાન્સિસ્કોમાં હોમરુલ લીગની શાખા ખોલવામાં આવી; અમેરિકામાં ઠેર ઠેર સભાઓ યોજવામાં આવી; અમેરિકન વર્તમાન પત્રોમાં હોમરુલની સમજ સ્પષ્ટ કરતા લેખો લખવામાં આવ્યા. શ્રીમતી બિસેન્ટની હોમરુલ લીગે પણ આવો જ પ્રચાર ઇંગ્લેન્ડમાં આદર્યો હતો. આ બધાથી અંગ્રેજ સત્તાધીશો અજાણ ન હતા. હોમરુલ આંદોલનની તાકાત તોડવા તેમણે બળ, કળ અને છળનો પ્રયોગ કર્યો.

*

મોન્ટફર્ડે સુધારાનું અંતિમ સ્વરૂપ જાહેર કરવા માટે નેતાઓને મળવા ભારત-પ્રવાસની જાહેરાત કરી. આમ કરીને તેમણે નેતાઓને છ માસ સુધી ચર્ચા-વિચારણા અને રાહ જોવામાં રોકાયેલા રાખ્યા. નેતાઓ પોતપોતાનાં જૂથો માટે કંઈક વધારે મેળવવા માટેની રજૂઆતો કરવામાં ગૂંથાયેલા રહ્યા. વિપ્લવવાદી પ્રવૃત્તિ પણ થંભી ગઈ. મવાળો-વિનીતો તો સુધારાને વધાવવા તૈયાર હતા જ ! તેમણે બંગાળમાં 'નેશનલ લિબરલ લીગ' નામની અલગ સંસ્થા ઊભી કરીને સુધારાને આવકારવા તથા લોકપ્રિય બનાવવા તૈયારી કરી. આમ, કોંગ્રેસમાં ભાગલા પડાવીને તેની તાકાત તોડવાની મોન્ટેગ્યુની ચાલ સફળ બની. ઉપરાંત, મોન્ટફર્ડ સુધારાનો ખરડો તો ૧૯૧૬ના જાન્યુઆરીમાં બહાર પડયો હતો. લગભગ ચાર વર્ષ પછી (૧૯૧૯ ડિસેમ્બરમાં) એણે કાયદાનું રૂપ ધારણ કર્યું. (પણ એના અમલ માટેની ગોઠવણો તો છેક ૧૯૨૦નાં નવેમ્બરમાં પૂરી થઈ હતી.)

* આટલા લાંબા વિલંબને કારણે એ 'સુધારાના લાભ' હોય તો પણ મૃગજળ જેવા જ બની રહે, તેવો બ્રિટિશ મુત્સદ્દીઓનો ખેલ હતો. છેવટે ખબર પડી કે મોન્ટફર્ડ સુધારામાં શિક્ષિત નાગરિકો કરતાં જમીનદારો અને વેપારીઓનું પ્રમાણ પ્રાંતોની અને કેન્દ્રની ધારાસભામાં વધારે રહે તેવી જોગવાઈ હતી. ××× વળી, મુસ્લિમોને જીતી લેવા તેમની વસતીના પ્રમાણ કરતાંય વધુ પ્રતિનિધિત્વ આપવાની 'સુધારા'માં જોગવાઈ હતી. આથી તો, શીખ જેવી બીજી લઘુમતીઓને પણ આંદોલન કરીને પોતાને માટે વધુ અને અલગ બેઠકો માગવાની પ્રેરણા મળે તેવું હતું !

ખરે જ, દક્ષિણ ભારતમાં ડૉ. નાયરના નેતૃત્વ નીચે બિનબ્રાહ્મણોએ તો પોતાને અલગ બેઠકો મળવી જોઈએ તેવી માંગ ઉપાડી.

**આમ, બ્રિટિશ મદારીએ દેશની એકતાને છિન્નભિન્ન કરતા 'અલગતાવાદી' નાગોને સુધારારૂપી કરંડિયામાંથી બહાર કાઢી રમતા મૂકી દીધા હતા !**

## સત્યાગ્રહનો શંખનાદ

અંગ્રેજોએ પ્રથમ વિશ્વયુદ્ધ વખતે યુદ્ધ-પ્રયાસોમાં અડચણો ઊભી ન થાય માટે સલામતીના ખાસ કાયદા ઘડયા હતા. આ કાયદાનો ઉપયોગ કરીને કોઈ પણ વ્યક્તિને કામ ચલાવ્યા સિવાય, એની સામે આરોપ પણ મૂકયા સિવાય, કેદ કરી શકાય; ગમે તે સ્થળે નજરકેદ રાખી શકાય; તેની પ્રવૃત્તિઓ પર નિયમન મૂકી શકાય કે પછી તેની પાસે અમુક પ્રકારનાં કૃત્યો ન કરવા બદલ જામીનગીરી માગી શકાય- તેવી જોગવાઈ હતી. યુદ્ધ પછી પણ આવા જ કાયદાનો અમલ ચાલુ રાખી શકાય તેવું અંગ્રેજોએ વિચાર્યું. આનું એક કારણ એ પણ હતું કે ૧૯૧૭ના ઓક્ટોબરમાં રશિયામાં ઝારશાહીનો અંત આણીને લેનિનની સરદારીમાં 'સમાજવાદી ક્રાંતિ' લાવવામાં આવી હતી. ભારતમાં પણ આવું થતું રોકવા માટે, બ્રિટિશ અમલને વધુ સુદૃઢ બનાવવા માટે, કડક કાયદાની જરૂર જણાઈ. આથી 'રાજદ્રોહ' રોકવા માટેનાં પગલાંને

કાયદાનું સ્વરૂપ આપવા માટેનો મુસદ્દો ઘડવા સારુ, ઇંગ્લેન્ડની હાઈકોર્ટના ન્યાયાધીશ રોલેટના પ્રમુખપદે એક કમિશન નીમવામાં આવ્યું. તેણે ૧૯૧૮ એપ્રિલમાં પોતાનો હેવાલ રજૂ કર્યો. તે અનુસાર, ૧૯૧૯ના ૧૮મી માર્ચે રોલેટ એક્ટ જાહેર કરાયો.

રોલેટ એક્ટ પસાર કરતી વખતે રાજકીય પ્રવૃતિઓને ડામવામાં તેનો ઉપયોગ નહીં કરાય તેવી ખાતરી સરકારે ઉચ્ચારી હતી. તેનો ઉપયોગ ફક્ત હિંસક ત્રાસવાદી પ્રવૃત્તિઓ રોકવામાં જ થશે, એમ પણ જણાવ્યું હતું. પરંતુ આ કાયદાનો સાચો હેતુ પ્રજાથી અજાણ ન હતો. મદનમોહન માલવિયા, વિઠ્ઠલભાઈ પટેલ, શ્રીનિવાસ શાસ્ત્રી, મઝરુલ હક, મહમદઅલી ઝીણા વગેરેએ આ કાયદાનો સખત વિરોધ કર્યો.

*આ કાયદો અમલમાં આવતાં, એનો વિરોધ કરવા, ગાંધીજીએ ૧૯૧૯ ફેબ્રુઆરીમાં 'સત્યાગ્રહ લીગ' સ્થાપી. લડતમાં જોડાવા માટે પ્રતિજ્ઞાપત્રો ભરવાની ઝુંબેશ શરૂ કરી. ગાંધીજીએ લડતને સત્ય અને અહિંસા (શાંતિ) પર આધારિત રાખવાની પ્રતિજ્ઞા કરી હોવા છતાંય વિનીતોને તે સ્વીકાર્ય ન હતી. હજી ગઈ કાલ સુધી 'જહાલ' ગણાતાં શ્રીમતી બિસેન્ટે પણ રોલેટ એક્ટના વિરોધના ગાંધીજીના કૃત્યને વખોડ્યું અને ગાંધીજીને 'રાજકીય ક્ષેત્રે બાળક' તરીકે ઓળખાવીને તેમના કાર્યક્રમની ઠેકડી ઉડાડી.

પરંતુ લોકમાન્ય ટિળકે 'કેસરી'માં ગાંધીજીની લડતનું સમર્થન કર્યું. કોંગ્રેસે ગાંધીજીના કાર્યક્રમના ટેકામાં ૩૦મી માર્ચ, ૧૯૧૯ના દિવસે 'રાષ્ટ્રવ્યાપી હડતાલ'ની હાકલ કરી. હડતાલમાં ભાગ લેનારાઓને તે દિવસે પ્રાર્થના અને ઉપવાસ કરીને મન શુદ્ધ કરવા અને શાંતિપૂર્વક રોલેટ એક્ટનો વિરોધ કરવાની અપીલ કરવામાં આવી. દિલ્હી, અમૃતસર, જાલંધર, લાહોર, મુલતાન, અમદાવાદ, કરનાલ વગેરે સ્થળોએ ૩૦મી માર્ચે હડતાલ પડી; શાળા કોલેજો બંધ રહી; દુકાનો અને કારખાનાં બંધ રહ્યાં.

દિલ્હીમાં ૩૦મી માર્ચે નીકળેલા સરઘસની આગેવાની સ્વામી શ્રદ્ધાનંદે લીધી હતી. ગોરા સૈનિકોએ સ્વામીજીને બંદૂકની ગોળીથી ફૂંકી મારવાની ધમકી આપતાં સ્વામીજીએ પોતાની છાતી ગોળી ઝીલવા માટે ખુલ્લી કરી. ધમકી હવામાં ઊડી ગઈ... પણ એ દિવસ કારમો નીવડ્યો. દિલ્હી રેલવે સ્ટેશને ધમાલ થતાં ગોળીબાર કરવામાં આવ્યો. તેમાં પાંચનાં મરણ અને વીસ ઘાયલ થવાથી તે દિવસ શોકના દિવસમાં પલટાયો.

હિંદુ-મુસ્લિમ બંને કોમોએ ભેગાં મળીને શહીદોને દફનાવ્યા કે દહનાવ્યા. તેણે એકતાની ભાવના દૃઢ કરી.

છઠ્ઠી એપ્રિલના દિવસે રાષ્ટ્રવ્યાપી હડતાલના ભાગરૂપે પંજાબમાં ભારે ગરમી હતી. ત્યાંનાં ૩૦ જેટલાં શહેરો તથા બધા જિલ્લાઓમાં તે દિવસે જાહેર સભાઓ અને સરઘસો થયાં. અમૃતસર, લાહોર અને દિલ્હીમાંની સભાઓ અને સરઘસોએ શાસકોની આંખ ખોલી નાખી. પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નર ઓડવાયરે લોકોની એકતા અને દેખાવો જોતાં મિજાજ ગુમાવ્યો. તેણે કોઈ પણ ભોગે લોકોનો વિરોધ કચડી નાખવાનું નક્કી કર્યું. નવમી એપ્રિલે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના નેતૃત્વ નીચે હિંદુ-મુસ્લિમ એકતાના નમૂનારૂપ સરઘસ નીકળ્યું. આનાથી ગુસ્સે થઈને સરકારે અમૃતસરમાં સેના બોલાવી. બીજા દિવસે ડૉ. સત્યપાલ અને કિચલુની ધરપકડ કરી. એના વિરોધમાં ૩૦ હજાર લોકોનું શાંત સરઘસ પોતાની લાગણી પ્રદર્શિત કરવા અને બંને અટકાયતીઓને મુક્ત કરવાની માગણી કરવા ડેપ્યુટી કમિશ્નરના બંગલે જવા નીકળ્યું. રસ્તામાં રેલવેના પૂલ નજીક સરઘસને પોલીસે રોક્યું. સરઘસમાંથી કેટલાકે પાછા ફરવા પ્રયત્ન

ાં તો પોલીસે ગોળીબાર શરૂ કરી દીધો. આને લીધે સરઘસમાં અવ્યવસ્થા મચી ગઈ. નિઃશસ્ત્ર લોકો બા ગોળીબારથી લોકોનો રોષ ભભૂકી ઊઠયો : ઈંટ, પથ્થર, લાકડાંના ટુકડા, લાકડી જે હાથમાં તે લઈને લોકોએ પ્રતિકાર આદર્યો. પોલીસ પાસે ગોળીઓની ખોટ ન હતી. ગોળીબારમાં વીસનાં થયાં અને સંખ્યાબંધ લોકો ઘાયલ થયા. ઉશ્કેરાયેલો લોકસમૂહ શહેર તરફ પાછો ફર્યો; માર્ગમાં જે ચીજનો વિદેશી રાજતંત્ર સાથે સંબંધ લાગે તેને તોડીફોડી દેવાનું શરૂ કર્યું. નેશનલ બૅંક પર હુમલો તેના ગોરા મૅનેજર અને આસિસ્ટંટ મૅનેજરની હત્યા કરી; બૅંકનું રાચરલીલું સળગાવ્યું અને તેમાં શબોને પણ બાળી દીધાં ! ટાઉન હોલ અને પોસ્ટ ઑફિસને પણ આગ લગાડી; રેલવે સ્ટેશને ાંચીને એક અંગ્રેજ ગાર્ડને મારી નાખ્યો, તો સ્ટેશનના સુપ્રિન્ટેન્ડેન્ટને માર માર્યો. રસ્તામાં જેટલા ગ્રેજો દેખાયા તે બધાને ખતમ કરી ટોળાંએ પોતાના હિંદીભાઈઓની હત્યાનો બદલો લેવા માંડયો. મિસ શેરવુડ નામની એક ખ્રિસ્તી ધર્મપ્રચારિકાનેય બાકી ના રાખી ! રોલૅન્ડ નામના ગોરા સાર્જન્ટની ત્યા કરી. ખ્રિસ્તી ચર્ચ અને તેમની 'રિલિજિયસ બૂક સોસાયટી'નાં મકાનોને આગમાં ભસ્મીભૂત કર્યાં. લોકોના આ તાંડવને અવરોધવાનું મુશ્કેલ જણાતાં પોલીસ અને લશ્કરે છેટા રહેવાનું પસંદ કર્યું !

પંજાબનો બિચકેલો મામલો ઠારવા માટે સ્વામી શ્રદ્ધાનંદ અને ડૉ. કિચલુએ ગાંધીજીને બોલાવ્યા. ગાંધીજી લાહોર જવા નીકળ્યા; પણ અમલદારોએ તેમને દિલ્હી નજીક અટકાવ્યા અને મુંબઈ પાછા મોકલી દીધા (તા. ૯). ઉશ્કેરાયેલા લોકો આથી વધુ ઉશ્કેરાયા. દેશમાં ઠેર ઠેર હડતાલો પડી અને સરઘસો નીકળ્યાં. દિલ્હીમાં તો ૧૭ દિવસ સુધી હડતાલને કારણે આખું તંત્ર જ ઠપ થઈ ગયું.

ગાંધીજીને ગિરફતાર કર્યાના સમાચાર પવન વેગે અમદાવાદ પહોંચી જતાં જ ત્યાંની ૭૮ મિલોના કુલ ૪૦ હજાર કામદારોએ મોરચો સજ્યો. ૧૦ મી એપ્રિલના રોજ અમદાવાદમાં એક વિરાટ સરઘસ નીકળ્યું. પોલીસે સરઘસ વિખેરી નાખવા પ્રયત્ન કર્યો. આમાંથી અથડામણ થતાં, અને સંખ્યાબંધ કામદારો અને થોડા અંગ્રેજ પોલીસો ઘાયલ થયા છતાં, સરઘસ વિખેરાયું નહીં; અંતે સૈન્યનો ઉપયોગ કરાતાં સરઘસ વિખેરાયું. બીજે દિવસે વળી લોકો સડકો પર ઊમટયા...તાર-ટપાલની કચેરીઓ અને પોલીસ થાણાંમાં આગ ચાંપી.

ભારતનાં બીજાં નગરોની તુલનામાં અમદાવાદમાં ઉગ્રતા અને ઉગ્ર નારાનું પ્રમાણ ઘણું વધારે હતું. ઠેર ઠેર પોકારો થતા : "ઇંગ્લૅન્ડના શહેનશાહને ધૂળ ચાટતો કર્યો છે. સ્વરાજ આવી ગયું છે. અંગ્રેજોને તગેડી મૂકયા છે. હવે ગોરાઓને દેખો ત્યાંથી મારો." આમ, **તા. ૧૦ અને ૧૧મી એપ્રિલના દિવસોમાં અમદાવાદમાં કોઈ સ્થાપિત સરકાર જેવું રહ્યું જ નહીં.** મોટા ભાગનું શહેર કામદારોના કબજામાં હતું. બંડખોરોને કચડી નાખવા મુંબઈથી અમદાવાદ રેલ્વે રસ્તે આવતા સૈનિકોને રોકવા રેલ્વેના પાટા ઉખાડી નાખવાનું સાહસ નડિયાદના જુવાનિયાઓએ કરી બતાવ્યું. સમાચાર રોકવા માટે મુંબઈ અને અમદાવાદ વચ્ચેનાં તારનાં દોરડાં કાપી નાખવામાં આવ્યાં. ૧૨મી અને ૧૩મી એપ્રિલની રાત્રે મહામહેનતે લશ્કરે શહેરનો કબજો મેળવ્યો, જો કે આંદોલનકારોએ પથ્થરો અને ઈંટોથી લશ્કરને હેરાનપરેશાન કરી નાખ્યું. પરંતુ આધુનિક તાલીમ અને શસ્ત્રો ધરાવતા સૈન્ય સામે શસ્ત્ર વિહોણા અને ફક્ત જુસ્સાના જોરે લડતા કામદારો ઝાઝું ટકી ન શકયા, છતાં અમદાવાદની મિલોના કામદારોની હડતાલ ગુજરાતનાં બીજાં નગરોમાં પણ ફેલાઈ...વિરમગામમાં હડતાલ પડી. રેલવે સ્ટેશન અને પોલીસ ચોકીને આગ લગાડવામાં આવી. નડિયાદ તો વિફર્યું હતું જ.

આખરે, લશ્કરી બળથી અમદાવાદ અને આસપાસનાં નગરોનું આંદોલન કચડી નાખ્યા પછી અંગ્રેજોએ મોટા પાયા પર ધરપકડો કરી. મજૂર આગેવાનો સાથેનો વર્તાવ ક્રૂરતા ભર્યો બની રહ્યો. આ જ અરસામાં મુંબઈ અને કલકત્તામાં તોફાનો વિસ્તર્યાં. પોલીસ થકી તે અંકુશમાં ન આવતાં ત્યાં લશ્કરો ઉતારાયાં. તેમણે લોકો પર ભયંકર અત્યાચાર ગુજાર્યો.



લોકમાન્ય ટિળક મહારાજ (૧૮૫૬-૧૯૨૦)

**કોંગ્રેસની ગાદીએ કદી ન બેઠેલા**
**અનન્ય રાષ્ટ્રીય સેનાની**

## જલિયાંવાલા બાગમાં માનવહત્યાકાંડ

ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલૂની ધરપકડના વિરોધમાં ૧૩મી એપ્રિલ (૧૯૧૯) એક સભા અમૃતસરના જલિયાંવાલા બાગમાં ભરાઈ. આ સભા ભરવાની જાહેરાત થતાં જ સરકારે શહેરનો હવાલો જનરલ ડાયર નામના અંગ્રેજ અમલદારને સોંપી દીધો. તેણે ૧૩મીએ સવારે ઢંઢેરો પીટાવ્યો કે ચારથી વધુ માણસોએ ભેગા થવું નહીં કે સરઘસ કાઢવું નહીં. ડાયરનો આ ઢંઢેરો લોકો સુધી પહોંચ્યો ન હોય કે લોકોએ એને ગંભીર ગણ્યો ન હોય, સાંજે સભાસ્થાને લગભગ વીસ હજાર માણસો ભેગા થયા. (સભાનું ચોગાન જલિયાંવાલા બાગ તરીકે ઓળખાતું હતું. તેની ચારે બાજુ મકાનોની દીવાલો હતી. ચોગાનમાં પ્રવેશવા માટે સાંકડી ગલી હતી...) સભાના યોજક હંસરાજે ભાષણ શરૂ કર્યું ત્યારે જનરલ ડાયર સો જેટલા સૈનિકો અને બે બખ્તરિયા વાહનો સાથે આવ્યો. ચારેય બાજુએથી ઘેરાયેલી મેદની પર તેણે બેફામ ગોળીબાર શરૂ કર્યો.

**જલિયાંવાલા બાગની ઘટનાઓની તપાસ માટે ખુદ બ્રિટિશ સરકારે નીમેલા હંટર કમિશનના હેવાલમાંય ઘટનાનું આવું નિરૂપણ થયું છે :**

"જનરલ ડાયરે બાગમાં ઘૂસીને રસ્તાની બંને બાજુનાં ઊંચાં સ્થાનોએ પચીસ–પચીસ સૈનિકોને ગોઠવી દીધા. ટોળાંને કોઈ ચેતવણી આપ્યા વિના જ ગોળીબાર શરૂ કરવા હુકમ આપ્યો. લોકોએ કાયદાનો ભંગ કર્યો હતો માટે તેમને કોઈ ચેતવણી આપવાની ડાયરને જરૂર ના લાગી ! દસ મિનિટમાં ૧૬૫૦ જેટલી ગોળી છૂટી. જુદી જુદી દિશામાં છોડાતી આ ગોળીઓથી ઘણા માણસો મરણ પામ્યા. તે વખતે કેટલા મર્યા તે જાણવું મુશ્કેલ હતું. ગોળીબાર પતાવીને જનરલ ડાયર સૈનિકો સહિત શહેરની બહાર રામબાગ નામની પોતાની છાવણીમાં પહોંચ્યો."

નજરે જોનારાઓના જણાવ્યા મુજબ, મરનારની સંખ્યા એક હજારથી વધારે હતી. જનરલ ડાયરે જગા છોડયા પછી તુરત જ નવું ફરમાન બહાર પાડયું કે "રાત્રે આઠ વાગ્યા પછી ઘર બહાર નીકળનારને ગોળીએ વીંધવામાં આવશે." જનરલ ડાયરે પોતે ગોળીબારથી ઘાયલ થયેલાને હોસ્પિટલે પહોંચાડવાની કે ડૉકટરી સારવારની કોઈ વ્યવસ્થા ન કરી, એ તો ઠીક; પણ ઘાયલોની સારવાર કરવા માટે એમને ખસેડવાનું જ બંધ કરાવી દીધું. પરિણામે એમાંના ઘણા લોહી વહી જવાથી મરણ પામ્યા. ૧૪મી એપ્રિલે તોફાન ન થયું, છતાં ૧૫મી એપ્રિલે અમૃતસરમાં 'માર્શલ લૉ' જાહેર કરવામાં આવ્યો. ભારતીયો જોડે ગેરકાનૂની, અત્યાચારી અને અપમાનજનક વર્તાવ બતાવવાની આ ધૃષ્ટતા હતી. જલિયાંવાલા બાગના ચોગાનમાં પ્રવેશવાની સાંકડી ગલીમાંથી પસાર થનાર પ્રત્યેકને પેટે ઘસડાઈને જવાની ફરજ પાડવામાં આવી. જો કે આ જ ગલીના કેટલાક હિંદીઓએ મિસ શેરવૂડનું રક્ષણ કર્યું હતું એ ભૂલી જવાયું. દરેક હિંદીને અંગ્રેજ અમલદારને દેખતાંવેંત સલામ કરવાની ફરજ પડાઈ. આવું કરતાં ચૂકનારનાં કપ: ઉતારીને દોરડાં ફટકારાતાં.

જલિયાંવાલા બાગની ઘટનાએ સમગ્ર પંજાબને અંગ્રેજો સામે બળવાની હદે મૂકી દીધું. ૧૪મી અ ૧૫મી એપ્રિલે પંજાબનાં ૫૦ જેટલાં શહેરો અને જિલ્લાના ગ્રામ્યવિસ્તારોમાંય સભા–સરઘસો થ લાહોરમાં ૧૧મી તારીખે જ **હિન્દુ–મુસ્લિમ સંયુક્ત સભામાં** સરકાર વિરોધી ભાષણો થયાં ( અને તે પછી નીકળેલા સરઘસમાં શહેનશાહ પાંચમા જ્યોર્જનું પૂતળું બાળવામાં આવ્યું હતું. લાહો 'ડંડાફોજે' આ સરઘસનો કાર્યક્રમ યોજ્યો હતો.

'ડંડાફોજ'માં મુખ્યત્વે નિવૃત્ત શીખ સૈનિકો હતા. ડંડાફોજે હિંસક રીતે અંગ્રેજોને ભ મૂકવાનો પ્રચાર કરવા 'ડંડા અખબાર' નામે છાપું શરૂ કર્યું, જેમાં 'ડંડા'નો પ્રભાવ બતાવીને અં

ભગાડવાની અપીલ કરાઈ હતી. લાહોરમાં ૧૮ મી એપ્રિલ સુધી સરકાર વિરોધી સભા સરઘસો ચાલ્યાં રહ્યાં. તાર-ટેલીફોનની લાઈનો કાપી નાખવામાં આવી. કેટલીક સરકારી ઈમારતોમાં આગ લગાડવાનું અ તોડફોડનું કાર્ય પણ થયું. અંતે, સરકારે લાહોરમાં 'માર્શલ લૉ' જાહેર કર્યો. લાહોરમાં ભાડે ફરતા ૮૦૦ જેટલા ટાંગા અને હિંદીઓનાં બધાં મોટર વાહનો સરકારે કબજે કરી લીધાં, જેથી કોઈ ભારતીય શહેર બહાર આવજા ન કરી શકે; સરકારી પરવાનગી વિના રેલયાત્રા પણ ન કરી શકે તેવી ગોઠવણ કરી. લોકોને ધમકી આપતાં સરકારે જણાવ્યું કે, સૈનિકો પર જો કોઈ સ્ફોટક પદાર્થ ફેંકાશે તો તે વિસ્તારનાં ધાર્મિક સ્થળો સિવાયનાં બીજાં બધાં મકાનો તોડી પડાશે.

આંદોલન સમગ્ર પંજાબમાં પ્રસરી ગયું. ઉત્તર અને પશ્ચિમના જિલ્લાઓ અને મધ્યભારત તરફ જતા રેલ્વેના પાટાઓની આસપાસની સરકારી ઈમારતોને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું. રેલ્વે સ્ટેશનો બાળવામાં આવ્યાં. ગુજરાનવાલામાં ૧૪ મી એપ્રિલે વિશાળ સભા સરઘસ થયાં, હડતાલ પડી. પોલીસ–ચોકી અને રેલ્વે સ્ટેશનને આગ લગાડાઈ. તાર–ટેલીફોનનાં દોરડાં કાપી નંખાયાં. ત્યાં પણ માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો.

* ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ વખતે લગભગ અલિપ્ત રહેલા પંજાબીઓએ તેનો બદલો વાળવો હોય તેમ ૧૯૧૯ માં સરકાર વિરુદ્ધના જંગમાં આગેવાની લીધી. પંજાબમાંનું આ આંદોલન લોકઆંદોલન બની ગયું. રોલેટ ઍક્ટ તો બાજુએ રહ્યો; પણ ક્રમશ: થતાં જુલમ, સજાઓ અને ગોળીબારના વિરોધનો મુદ્દો બનાવીને આંદોલન આગળ ધપતું રહ્યું.

સરકારે પણ ત્રાસ વર્તાવવામાં કંઈ જ બાકી રાખ્યું ન હતું. પંજાબમાં સરકારી ત્રાસકાંડના વિરોધમાં કોંગ્રેસે નીમેલા તપાસપંચ સમક્ષ આવેલી વિગતો મુજબ તો, ૧૧–૧૨ વર્ષનાં એવાં બાળકોનાય ફોટા છપાયા છે, જેમને ઈંગ્લેન્ડના શહેનશાહ સામે જંગે ચઢવાના આરોપ બદલ કાળાપાણીની સજા થઈ હોય! સરકારે નીમેલા હંટર કમિશનના હેવાલ મુજબ પણ, પંજાબમાં લશ્કરી અદાલતે ૨૫૩૭ જણને સજાઓ કરી હતી.

બ્રિટિશરોને તથા બ્રિટનની સંસદને પૂરા સાચા સમાચારો આઠ માસ સુધી ન પહોંચવા દેવાયા. બીજી તરફ જનરલ ડાયરનાં કૃત્યોની પ્રશંસા થયા જ કરી અને એની કદરરૂપે ઈંગ્લેન્ડમાં તેને ૨૦ હજાર પાઉન્ડની થેલી આપવામાં આવી; અને ઉમરાવ સભામાં તેની નિમણૂક થઈ, તેનાં કાર્યો વખાણવામાં આવ્યાં.

ભારતમાં જનરલ ડાયરની પાશવલીલાના સમાચાર ફેલાતાં ક્રોધાગ્નિ ભભૂકી ઊઠયો. કવિ અને કલાકારનું હૈયું ધરાવતા રવીન્દ્રનાથ ટાગોર કકળી ઊઠયા; અને તેમણે વાઈસરૉયને પત્ર લખ્યો કે, "ઈતિહાસમાં ક્યારેય કોઈ સભ્ય ગણાતી સરકારે આવો જુલમ કર્યો નથી."

ડાયરનાં કૃત્યોને વખોડતાં અંગ્રેજ લેખક ગિલ્બર્ટ સ્લેટરે લખ્યું કે "ડાયરે પંજાબ બચાવ્યું, પણ ભારત ગુમાવ્યું!"

ગાંધીજી માટે આ બધી ઘટનાઓ ભારે આઘાતજનક હતી. તેમણે આંદોલન આટલી હદે વળાંક લેશે એવી ધારણા રાખી ન હતી. તેમણે આંદોલનની હાકલ હિમાલય જેવડી ભૂલ હોવાનો એકરાર કર્યો; અને શાંતિ તથા વ્યવસ્થાની પુન:સ્થાપના કરવાનું પોતાનું સર્વપ્રથમ કર્તવ્ય માનીને, 'શાંતિમય પ્રતિકાર' (સિવિક રેઝિસ્ટન્સ)નું આંદોલન મોકૂફ રાખ્યાની જાહેરાત કરી.

પરંતુ સરકારે તો ગાંધીજીના લડત–મોકૂફીના પગલાને દેશ અને નેતાગીરીની નબળાઈનું ચિહ્ન લેખીને કોઈપણ ઉપાયે એને સમૂળું દબાવી દેવાનો ઈરાદો રાખ્યો. એક બાજુ માર્શલ લૉ જારી રાખ્યો;

આ પંજાબના રમખાણો (અત્યાચારો) અંગે હંટર કમિશન નીમ્યું – તેય છેક સપ્ટેમ્બર ૧૯૧૯ માં, અને એક પણ હિંદી નાગરિકના પ્રતિનિધિ વિનાનું; બીજી બીજુ, માર્શલ લૉના અમલદારોનાં સર્વ કૃત્યો અંગે માફી બક્ષનું ઈન્ડેમ્નિટી બિલ, પંડિત માલવિયાના સખત વિરોધ છતાં, ધારાસભામાં પસાર કર્યું. આથી કોંગ્રેસે પંજાબના અત્યાચારોની તપાસ માટે સ્વતંત્ર તપાસ સમિતિ નીમી અને અમૃતસરમાં જ સ્વામી શ્રદ્ધાનંદના સ્વાગત પ્રમુખપદે કોંગ્રેસનું અધિવેશન ભરવાનું ઠરાવ્યું.

પંડિત મોતીલાલ નહેરુના પ્રમુખપદે (૧૯૧૯ના અંતમાં) મળેલા આ અમૃતસર અધિવેશનમાં મતભેદો પ્રગટ થયા. ટિળક મહારાજે 'સરકાર જેટલો સહકાર આપે એટલો જ કોંગ્રેસ સામો સહકાર કરે'-તેવો પ્રતિયોગી સહકાર (રિસ્પોન્સિવ કોઓપરેશન)નો સિદ્ધાંત રજૂ કર્યો; તો દેશબંધુ ચિત્તરંજન દાસે મોંટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારાને 'અધૂરો', 'અસંતોષકારક' અને 'નિરાશાજનક' ગણાવ્યો અને આત્મનિર્ણયના સિદ્ધાંત મુજબ તાત્કાલિક સંપૂર્ણ જવાબદાર રાજતંત્રની માંગ ઉઠાવી. ગાંધીજીએ 'નિરાશાજનક' શબ્દ કાઢી નાખવાનો આગ્રહ રાખ્યો અને તેમણે સૂચવ્યા મુજબ અધિવેશને મોન્ટેગ્યુના આભાર માનવાનો મુદ્દો ઉમેરી લઈ થોડાક ફેરફાર સાથે ઠરાવ પસાર કર્યો. શ્રીમતી બિસેંટનો વિરોધનો ઠરાવ ઊડી ગયો.

## ખિલાફત આંદોલન

જલિયાંવાલા બાગના નરસંહાર તથા રોલેટ એક્ટના વિરોધનું આંદોલન જોરદાર બન્યું એનું એક મુખ્ય કારણ હિંદુ-મુસ્લિમ એકતા. ૧૯૧૬ના લખનૌ કરારથી સધાયેલી હિંદુ-મુસ્લિમ એકતા ખિલાફત આંદોલને દૃઢ કરી. ખિલાફત આંદોલનને, સિદ્ધાન્તમાં જોવા જઈએ તો, આ દેશની બહુમતી જનતા સાથે કોઈ જ સંબંધ ન હતો; છતાં કોંગ્રેસ અને ગાંધીજીએ આ આંદોલનને પોતાનું ગણ્યું. હકીકતમાં, તુર્કીનો સુલતાન સમસ્ત મુસ્લિમ આલમમાં સુન્ની મુસલમાનોનો ધાર્મિક વડો હતો. ઇસ્લામી ધાર્મિક વડા 'ખલીફા' તરીકે ઓળખાતા. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન પરાજિત તુર્ક સુલતાનના પ્રદેશનો મોટો ભાગ અંગ્રેજોના કાબૂ હેઠળથી લઈ લેવામાં આવ્યો હતો, આથી તુર્ક સુલતાનનું પદ જોખમાતું હતું. અનેક દેશના સુન્ની મુસલમાનો તુર્ક સુલતાનની સત્તા રાજકીય અને ધાર્મિક રીતે અબાધિત રાખવા ઝંખતા હતા. તેમના અંગ્રેજોના વર્તાવ સામે અસંતોષ હતો. એ અસંતોષને વ્યક્ત કરવા ઠેર ઠેર 'ખિલાફત સમિતિઓ' રચાઈ હતી. ભારતમાં આવી સમિતિ ૧૯૧૮માં રચવામાં આવી હતી. મૌલાના મહમદઅલી, મૌલાના શૌકતઅલી, મૌલાના અબુલ કલામ આઝાદ, ડૉ. અન્સારી, હકીમ અજમલખાન વગેરે ખિલાફત સમિતિના આગેવાન હતા. **ગાંધીજીએ આ આંદોલનને અપનાવી લઈને પોતાના સ્વરાજ માટેના રાષ્ટ્રીય આંદોલન સાથે તેને સાંકળી લીધું**. આ કારણે મુસલમાનોને લાગ્યું કે આ પ્રશ્ને 'હિંદુઓ'-(ગાંધીજી અને કોંગ્રેસ બંને મુસ્લિમોના મુખ્ય નેતાઓના મતે હિંદુ હતાં)નો એમને સાથ છે. આ કારણે હિંદુ-મુસ્લિમ એકતા દૃઢ બની. પરિણામે, મુસ્લિમોમાંય રાષ્ટ્રીય આંદોલનને સાથ આપવાનું વલણ વધ્યું.

આ ઉપરાંત, ૧૯૧૯માં અફઘાનિસ્તાનના મુસ્લિમ શાસકો સામે અંગ્રેજોએ આદરેલો જંગ હિંદુસ્તાનની મુસ્લિમ આલમને પોતાની સામેનો જંગ હોય તેમ લાગ્યું. આ કારણેય અંગ્રેજો સામે લડતા કોંગ્રેસને સાથ આપવાનું વલણ તેમનામાં વિકસ્યું. લખનૌમાં ઑલ ઈન્ડિયા મુસ્લિમ કોન્ફરન્સ મળી (સપ્ટેમ્બર ૧૯૧૯). તેમાં દેશભરના ૪૦૦ જેટલા મુસ્લિમ પ્રતિનિધિઓ અને હજારો મુસ્લિમ પ્રેક્ષકો હાજર રહ્યા. તેમાં તુર્કીને થયેલા અન્યાયો અને તેને પરિણામે 'ખિલાફત'ની ધાર્મિક સત્તા પર થયેલા આક્રમણ સામે ઠરાવો પસાર કરવામાં આવ્યા. ૧૭મી ઓક્ટોબરનો દિવસ 'ખિલાફત દિન' તરીકે પ્રાર્થના. ઉપવાસ. હડતાલ અને જાહેર સભાઓ દ્વારા ઊજવવાની હાકલ થઈ. ઉપરાંત, હિંદુઓને તેમાં

સામેલ થવાની અપીલ પણ હતી. ૨૪ નવેમ્બર ૧૯૧૯ના રોજ ઑલ ઈન્ડિયા ખિલાફત કૉન્ફરન્સ ગાંધીજીના પ્રમુખપદે મળી. અને ડિસેમ્બરના અંતમાં કોંગ્રેસના અમૃતસરના અધિવેશનમાં ખિલાફત આંદોલનને સમર્થન આપવાનો ઠરાવ થયો.

* આમ, પંજાબની ઘટનાઓ અને ખિલાફતની સમસ્યા : આ બેઉ આંદોલનોની મુખ્ય સંચાલક સંસ્થાઓ કોંગ્રેસ અને ખિલાફત સમિતિ વચ્ચે ઘણા સમય સુધી ઘનિષ્ટતા જોવા મળે છે.

## ખેડૂત આંદોલનોની પરંપરા

ગાંધીજી ૧૯૧૫માં ભારતમાં આવ્યા. ત્યાર પછી ૧૯૧૭ થી ૧૯૨૧ સુધીના ગાળામાં ઠેરઠેર લોક જાગૃતિના પ્રતીક રૂપે ખેડૂત આંદોલનોની પરંપરા ચાલી હતી. એકલા બુદ્ધિજીવી બેઠાડુ માણસો જ કાયદાની આંટીઘૂંટીઓથી કાગળના ઘોડા પર બેસીને લડે તેવું રહ્યું ન હતું. અંતે તો, દેશની બહુમતી જનતા ખેડૂતો કે શ્રમિકોની હતી.

૧૯૧૭માં અમદાવાદના મિલ મજૂરોએ ગાંધીજીના નેતૃત્વ નીચે અહિંસક ધર્મયુદ્ધ ખેલ્યું. બિહારમાં ચંપારણના ગળી ઉત્પાદક ખેડૂતો ગાંધીજીના નેતૃત્વમાં સંગઠિત થઈને શોષણ સામે લડ્યા (૧૯૧૮). ગિરિજનોમાંય જાગૃતિનો જુવાળ છેક ૨૦મી સદીના આરંભથી જોવા મળતો હતો. ૧૯૦૮માં ગોવિંદગિરિ નામે જાણીતા, જન્મે વણઝારા પણ ભીલોના નેતાને, તેના ૧૫૦૦ અનુયાયીઓ સાથે, માનગઢમાં અંગ્રેજોએ હણી નાખ્યો હતો. ભીલોને દારૂની બદીમાંથી વાળનાર, વેઠ કરવાની ના પાડતાં દેવું કરતાં અટકાવનાર અને સંસ્કારી નાગરિકો બનાવનાર ગોવિંદગિરિ સ્થાપિત હિતો, મિશનરીઓ અને અંગ્રેજોને આંખના કણાની માફક ખૂંચતો હતો. અંગ્રેજોએ પશુબળે જીત મેળવી હોવા છતાંય ભીલોમાં અંગ્રેજો સામેનો અસંતોષ ધૂંધવાતો હતો.

૧૯૨૦–૨૧માં દેશમાં ખેડૂત આંદોલનનાં મુખ્ય ત્રણ કેન્દ્ર હતાં : પંજાબ, મલબાર (કેરળ) અને ઉત્તર પ્રદેશ. બંગાળમાં મેદનીપુરમાં પણ મહેસૂલબંધી આંદોલન વિકસ્યું હતું. આંદોલનમાં ખેડૂતોનો પ્રવેશ થતાં કોંગ્રેસનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. કોંગ્રેસનાં હવે પછી ચાલનારાં આંદોલનોનો કુવાથંભ ખેડૂતો બનવાના હતા.

પંજાબમાં ખેડૂત આંદોલને અકાલી મોરચાનું રૂપ ધારણ કર્યું હતું. શીખ ખેડૂતોએ ગુરુદ્વારાઓના મહંતો જે ગુરુદ્વારાની સેંકડો એકર જમીનના વહીવટદાર હતા તેમની સામે આ આંદોલન મારફતે મોરચો ઊભો કર્યો. શીખ ધર્મ મુજબ તો, ગુરુદ્વારા એટલે કે મંદિરની જમીન સમગ્ર શીખ સમાજની હતી; અને તે જમીનનો ઉપયોગ શીખ સમાજના કલ્યાણ માટે જ કરવો જોઈએ; પણ વાસ્તવમાં મહંતો પોતે જ જમીનના માલિક બનીને જમીનને પોતાના વૈભવ-વિલાસ પોષવાનું સાધન બનાવી બેઠા હતા. જમીનદારોની જેમ જ તેઓ પોતાના ખેડૂતો અને કારીગરો પર જુલમ કરતા અને તાનાશાહી ચલાવતા. પંજાબના ખેડૂતોએ આ સામે આંદોલન ચલાવ્યું.

આંદોલનકારોમાં ત્રણ પ્રકારની વિચારધારાવાળા લોકો હતા : એક હતા કોંગ્રેસી વિચારસરણીને વરેલા; બીજા હતા ઉદ્દામ અને ત્રીજા હતા હિંસક તરીકાઓમાં શ્રદ્ધા ધરાવનાર ગદર પક્ષના અગ્રણીઓ, જેમણે આંદોલન આગળ ધપાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. ૧૯૨૦માં અમૃતસરમાં ગુરુદ્વારા પ્રબંધક સમિતિની ચૂંટણી થઈ. ગુરુદ્વારાઓનો યોગ્ય વહીવટ કરવાની જવાબદારી આ સમિતિની હતી. આથી સમિતિને શીખ મહંતો પાસેથી ગુરુદ્વારાઓ લઈ લઈને સમગ્ર શીખ સમાજની માલિકીના બનાવવાની જવાબદારી સોંપવામાં આવી. ગુરુદ્વારા પ્રબંધક સમિતિએ અકાલીઓને સેનાના રૂપમાં સંગઠિત કર્યા. આ અકાલી

સૈનિકોને અહિંસક રહેવાની અને પોલીસનો હિંસાથી સામનો ન કરવાની પ્રતિજ્ઞા પ્રબંધક સમિતિ સમક્ષ લેવી પડતી. આમ, સમગ્ર આંદોલન અહિંસક રહે તેવી જોગવાઈ કરવામાં આવી. ૧૯૨૦ના અંતે આ સંઘર્ષ આરંભાયો. અકાલી સ્વયંસેવકો ગુરુદ્વારાઓના મહંતોની જમીનોનો કબજો લેવા આગળ વધતાં પોલીસ અને મહંતોના ભાડૂતી ટેકેદારો એમને રોકવા લાગ્યા. મહંતો પાસે પૈસા અને વગ હતાં. તેમણે અકાલીઓને રોકવા પઠાણોને ભાડે રાખ્યા. જાન્યુઆરી ૧૯૨૧માં આના અનુસંધાનમાં તરનતારણ નામના સ્થાને મહંતોના ભાડૂતી માણસોએ અકાલીઓ પર હુમલો કરીને ઘણા અકાલીઓને ઘાયલ કર્યા; પણ પોલીસે ભાડૂતી હુમલાખોરોને બદલે અકાલીઓને અટકાયતમાં લીધા. પછીના મહિને લાહોર નજીક નનકાનામાં વળી મહંતોના ભાડૂતી માણસોએ ૨૦૦ જેટલા નિ:શસ્ત્ર અકાલીઓની કતલ કરી. દેશભરમાં આ બનાવથી હાહાકાર મચી ગયો. પણ સરકારે મહંતોનો પક્ષ લઈને અકાલીઓ પરનું દમન વધાર્યું. આથી ખેડૂતોમાં અંગ્રેજ અમલ વધારે અળખામણો બન્યો. અકાલીઓ મહંતો સામે ઝૂઝવા માટે વધુ દઢનિશ્ચયી બન્યા અને ૧૯૨૨માં અકાલીઓ મોટી સંખ્યામાં એમાં જોડાયા. અકાલીઓને દબાવી દેવાનું મુશ્કેલ લાગતાં સરકારે આંદોલનવાળા બધા વિસ્તારોમાં પોલીસને બદલે લશ્કર મોકલ્યું. અમૃતસર નજીક 'ગુરુના બાગ' તરીકે જાણીતા સ્થળના મહંત મોટા જમીનદાર હતા. આથી આંદોલનના ભાગરૂપે પંજાબમાં વિવિધ સ્થળોના અકાલીઓના મોરચા ત્યાં આવવા લાગ્યા અને અકાલીઓ અને મહંતોના માણસો વચ્ચે આક્રમણો ચાલી. પોલીસે અકાલીઓને રોકવા નિ:શસ્ત્ર શીખો પર ગોળીઓ છોડીને અનેકને ઘાયલ કર્યા; સેંકડોની ધરપકડ કરી. આંદોલનકારોએ ત્યાંના ગુરુદ્વારાના વહીવટ માટે 'પ્રબંધક સમિતિ' બનાવી, તો પોલીસે એ સભ્યોને 'બંદી' બનાવ્યા.

૧૯૨૨ના સપ્ટેમ્બરમાં અમૃતસરમાં મળેલી કોંગ્રેસ કારોબારીએ પોલીસ દમનને વખોડી કાઢ્યું અને અકાલીઓની ધીરજ અને સહનશીલતાને બિરદાવી. 'ગુરુના બાગ'ની ઘટનાઓ અંગે તપાસપંચ નીમ્યું. પંજાબની ધારાસભામાં પણ શીખ પ્રતિનિધિઓએ 'ગુરુના બાગ'ની ઘટના અને પોલીસની ક્રૂરતા અંગે ચર્ચા કરવા માંગ કરી. આ બધું છતાં, ૧૯૨૩ના આરંભ સુધીમાં અકાલી આંદોલન નહીંવત્ થઈ ગયું. સત્તા અને સંપત્તિના જોરે મહંતો અને બ્રિટિશ શાસકો આંદોલનને તોડી પાડવામાં ફાવ્યા. અકાલી આંદોલનકારોમાં ફાટફૂટ પડી. ત્રાસવાદમાં માનતું એક જૂથ આંદોલનમાંથી ખસી ગયું. તેને અહિંસક રસ્તામાં શ્રદ્ધા ન રહી. તેણે મહંતો પર, અને અહિંસક આંદોલન કરતા અકાલી નેતાઓને ગદ્દાર ગણીને તેમના ઉપર પણ, હુમલા કરવા માટે પત્રિકાઓ બહાર પાડી. ગુરુદ્વારા પ્રબંધક સમિતિએ પણ જમીનોનો કબજો લેવાને બદલે ગુરુદ્વારાઓના વહીવટમાં પડવાનું પસંદ કર્યું. આ બધાંથી આંદોલન ખતમ થયું. અકાલીઓમાં પોતાની નેતાગીરીનો અભાવ હોવાથી તે કોંગ્રેસ હસ્તક ગઈ, જોકે શીખોમાં જન્મેલો અસંતોષ એક અથવા બીજા સ્વરૂપે રાષ્ટ્રીય લડતમાં મદદગાર બન્યો.

## મોપલા બંડ :

બ્રિટિશ અમલમાં મલબાર અને કેરળ મદ્રાસ પ્રાંતના વિસ્તાર હતા. મલબારમાં મોટા ભાગના જમીનદારો હિંદુ હતા, ખેડૂતો મોપલા મુસલમાનો હતા. મધ્યયુગમાં અરબસ્તાનથી વેપાર માટે ભારતના પશ્ચિમ કિનારે સ્થિર થયેલા આરબોના વંશજો તે મોપલા. આ મોપલા ખેતમજૂર–ખેડૂતો ચા, કોફી કે રબરના બગીચાઓમાં કામ કરતા. તેમના જમીનદારો અંગ્રેજોની સાથે સારા સંબંધો રાખીને મોપલાઓ પર પ્રભાવ જમાવતા. અંગ્રેજ અમલ સામે મોપલાઓને અગાઉથી રોષ હતો. આ રોષ મોપલાઓના બંડો સૌ પ્રથમ ૧૮૩૬માં પ્રગટ થયો હતો. તે પછી અંગ્રેજ–અમલમાં તેમણે લગભગ ૩૦ વખત બંડ કર્યું હતું; પરંતુ દરેક વખતે તેમને અંગ્રેજોની તાકાત સામે ઝૂકવું પડ્યું હતું.

૧૯૨૧ના વર્ષમાં ભારતમાં રાજકીય ક્ષેત્રે અજંપો વર્તાતો હતો. ૧૯૧૭ થી ૧૯૨૧ સુધીમાં દેશના એક કે બીજા ભાગમાંના કિસાનોનો અસંતોષ આંદોલન રૂપે વ્યક્ત થતો હતો, ત્યારે ૧૯૨૧નું વર્ષ મોપલાઓના પ્રદેશ માટે કમનસીબ હતું. તે વર્ષે મલબારમાં દુકાળ પડયો. ખાધા ખોરાકીની ચીજોના ભાવ વધી ગયા. જમીનદારો તરફથી લેવાતી સાંથ કે ભાગમાં સરકારે કોઈ ફેરફાર ન કર્યો. બીજી બાજુ, દેશભરમાં સ્વરાજની હવા હતી. ખિલાફત આંદોલને મુસ્લિમોમાં અંગ્રેજો વિરોધી લાગણી પેદા કરી હતી.

પોલીસ અને લશ્કરનો સામનો કરવા મલબારના ખેડૂતોએ હથિયાર ઉઠાવ્યાં. મલબારનાં ૨૨૦ જેટલાં, કુલ ચાર લાખની જનસંખ્યા ધરાવતાં, ગામોમાં છ માસ કરતાંય વધુ સમય સુધી બ્રિટિશ હકૂમતનું નામનિશાન રહ્યું ન હતું. મોપલા-રાજ પ્રવર્ત્યું. આની સામે અંગ્રેજી શાસને આદરેલા બેફામ અત્યાચારોને કારણે મોપલા આગેવાનોએ પહાડીઓમાં છુપાઈને છાપામાર પ્રવૃત્તિ ચાલુ રાખી, અને મસ્જિદને તેમણે પોતાનું થાણું બનાવ્યું. સ્થાનિક પોલીસ અને સૈનિકો મસ્જિદમાં આશરો લઈ રહેલા નેતાઓને પકડવા મસ્જિદમાં પેઠા. મોપલાઓ ઉશ્કેરાયા. તેમણે પકડવા આવનારાઓને ઘેરી લીધા. સૈનિકોએ ગોળીઓની રમઝટ બોલાવી, તો મોપલાઓએ વીરતાથી સામનો કર્યો. સૈનિકોમાંથી કેટલાક છટકી ગયા; બાકીનાને મોપલાઓએ મારી નાખ્યા. બીજી બાજુ, મોપલાઓએ નાકાં બંધ કરી દીધાં અને શહેરમાંના અંગ્રેજોને ખતમ કર્યા. મેદાન સાફ કરીને, તેમણે પોતાના ખિલાફત-રાજ્યની જાહેરાત કરી. અલિ મુદાલિયર નામના મોપલા વૃદ્ધને 'રાજા' બનાવ્યો. એક પછી એક મોપલા ગામો 'સ્વતંત્ર' થતાં ગયાં.

અંગ્રેજોએ મોપલા બંડ દબાવવા માટે માર્શલ લૉ જાહેર કર્યો. ૧૯૨૧ના ઑક્ટોબરમાં બ્રિટિશ સેનાએ મલબારને પાંચ હિસ્સામાં વહેંચીને આક્રમણ આરંભ્યું. આધુનિક શસ્ત્રો, તાલીમ અને સાધનસામગ્રીની વિપુલતા ધરાવતી બ્રિટિશ સેના જીતી. ૧૯૨૧ના અંત સુધીમાં ૩૦,૦૦૦થી વધારે મોપલા કેદમાં ધકેલાઈ ગયા.

*બંડ દબાવી દેવામાં અંગ્રેજોએ વાપરેલી અમાનવીયતા કલકત્તાની કાળી કોટડીનેય ભુલાવે તેવી હતી. ૧૦૦ જેટલા કેદીઓને દૂરના સ્થળે ખસેડવા એક માલગાડીના ડબ્બામાં ઠાંસી ઠાંસીને ભર્યા. ડબ્બાને બહારથી તાળું માર્યું. કેટલાક કલાક સુધી તેમને પાણી ન મળ્યું, ન હવા મળી. ગાડી પોદનૂર પહોંચી ત્યારે ૧૦૦માંથી ૭૦ કેદી ગુંગળાઈને મરણ પામી ચૂકયા હતા. આ દરમ્યાન બીજી એક ગંભીર અને ગમખ્વાર દુર્ઘટના બની ચૂકી હતી : મોપલાઓના બંડ દરમ્યાનનાં ભાષણોમાંથી 'ખિલાફત રાજ' એટલે 'મુસ્લિમ રાજ' એવું એમણે માની લીધું હતું. હવે, કેવળ હિંદુ જમીનદારો નહીં, સર્વસાધારણ હિંદુઓ પર વેર વાળવાની તક મળી જતાં તેમણે તેમનાં ઘરબાર લૂટયાં, સ્ત્રીઓ પર અત્યાચાર ગુજાર્યા; અને 'ઈસ્લામના આદેશ'ને નામે હિંદુઓનાં મંદિરો તોડયાં તથા અનેકને બળજબરીથી મુસ્લિમ બનાવ્યા !

**ઉત્તર પ્રદેશ** : ૧૯૨૦-૨૨ના અરસામાં થયેલી ખેડૂત ચળવળનું મહત્ત્વનું કેન્દ્ર ઉત્તર પ્રદેશ હતા. ત્યાં સામ્રાજ્યવાદ અને સામંતવાદના વિરોધના પાયા પર આંદોલન ઊભું થયું હતું. દુકાળ અને રોગને કારણે પાક નિષ્ફળ ગયો હતો. તેમાં વળી રાષ્ટ્રીય આંદોલનનું વાતાવરણ અને જુસ્સો ભળતાં ખેડૂતોએ હથિયાર ધારણ કર્યાં. ખેડૂતોએ ટોળીઓ જમાવી અને લૂંટફાટ શરૂ કરી. ધનિક જમીનદારો અને શોષક શાહુકાર પર તથા તેમની વહારે ધાનારા પોલીસ પર હુમલા શરૂ કર્યા. વળી, ધાડપાડુ ટુકડીઓનેય આ ખેડૂતો સાથ આપતા. આ 'ખેડૂ ડાકૂઓ' (શોષણ સામેના લડવૈયા) સામે લડવામાં પોલીસને મોટી મુશ્કેલી એ હતી કે એમના પક્ષે કામ કરનારા બાતમીદારો જ મળતા ન હતા.

૧૯૨૧ના આરંભ સુધીમાં તો ઉત્તરપ્રદેશના બધા જિલ્લાઓમાં ખેડૂતોમાં અજંપા વર્તાવા લાગ્યો. ફૈઝાબાદ જિલ્લાના ખેડૂતોએ જમીનદારો પર હુમલા કરવાની પહેલ કરી દીધી. રાષ્ટ્રીય આંદોલન અંગે નીકળતાં સરઘસોમાંય આ ખેડૂતો જોડાતા થયા.

વાસ્તવમાં ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના અસહકાર આંદોલનનું પ્રાણતત્ત્વ ખેડૂતો હતા. હજારોની સંખ્યામાં તેઓ કોંગ્રેસના સ્વયંસેવક દળમાં જોડાયા. તેથી કોંગ્રેસની પ્રવૃત્તિ જોરદાર બની. પરંતુ સાથે સાથે આ ખેડૂતોએ સરકારને મહેસુલ આપવું બંધ કર્યું અને પોતાના સાથીદારોની ધરપકડ થતી અટકાવવા તેમણે શસ્ત્રોય હાથમાં પકડ્યાં.

૧૯૨૧માં અંગ્રેજોએ કોંગ્રેસ સેવાદળને ગેરકાનૂની જાહેર કર્યું હોવા છતાં, બરેલીમાં ૧૫૦૦ જેટલા સ્વયંસેવકોએ–જેમાં મોટા ભાગના ખેડૂત હતા તેમણે–સરઘસ કાઢ્યું, સભા ભરી. પોલીસે આથી કોંગ્રેસ કાર્યકર પર હલ્લો કરી, તોડફોડ કરી, કોંગ્રેસના ધ્વજોનો નાશ કર્યો. આ વખતે સ્વયંસેવકોએ પ્રતિકાર કરતાં બંને વચ્ચે થયેલી અથડામણમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ અને સંખ્યાબંધ પોલીસો ઘાયલ થયા. સ્વયંસેવકો પણ મોટી સંખ્યામાં ઘાયલ થયા. ૫મી ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ **ચૌરીચૌરાની** ઘટના બની. લગભગ ૨૦૦૦ ખેડૂતો અને સ્વયંસેવકોએ સરઘસ કાઢ્યું. પોલીસે ગોળીઓ ખૂટી ત્યાં સુધી ગોળીબાર કર્યો. આથી કેટલાય લોકો ઘવાયા. ખેડૂતોએ પણ બરાબર મોરચો માંડ્યો. આથી ભાગીને પોલીસો તેમના થાણામાં ભરાઈ ગયા અને બારણાં બંધ કર્યાં. ખેડૂતોએ પોલીસ ચોકીને આગ લગાડી; તેથી અંદર રહેલા બધા પોલીસો બળી મર્યા. તેમણે ચૌરીચૌરા નજીકની રેલ્વે લાઈનના પાટા પણ ઉખાડી નાખ્યા. આવી હિંસાથી ત્રાસી ગાંધીજીએ અસહકારની લડત પાછી ખેંચી લીધી.

---

## ખેડૂત સંગઠન एका

ઉત્તર પ્રદેશમાં 'એકા' નામનું સંગઠન ખેડૂતોએ સ્થાપ્યું હતું (૧૯૨૨). ખેડૂતોને તેના આદેશ હતા : (૧) પોતાની જમીનનો કબજો ન છોડો. (૨) નક્કી કરેલ મહેસૂલ આપો. (૩) તળાવના પાણીનો વિના મૂલ્યે ઉપયોગ કરો. (૪) જમીનદારોની વેઠ ન કરો.

એકાની માગણીઓ ગરીબ અને મધ્યમવર્ગના ખેડૂતોને લાગુ પડતી હતી.

'એકા'ના સભ્યો જમીનદારો પર અવારનવાર હુમલા પણ કરતા. સરકાર ખેડૂતોની તાકાત તોડવા પોલીસબળનો ઉપયોગ કરતી. ભારે દમન ઉપરાંત, સંખ્યાબંધ ખેડૂતોની ધરપકડો થતી.

---

## અસહકારનો બૂંગિયો

ખિલાફત ચળવળ, રોલેટ ઍક્ટ, અકાલી આંદોલન, જલિયાંવાલા બાગની ઘટના, ખેડૂત આંદોલનો એ બધાંએ ભારતીય જનતામાં જાગૃતિ આણી હતી. આ બધી ઘટનાઓ દરમ્યાન ગાંધીજી જે 'બ્રિટિશ સામ્રાજ્યના વફાદાર નાગરિક' હોવાનું ગૌરવ લેતા હતા, તેમની બ્રિટીશ સામ્રાજ્યના શાસકોમાંથી શ્રદ્ધા ઉઠી ગઈ હતી અને આ સરકાર સામે असहकार आंदोलन વગર બીજું કોઈ શસ્ત્ર કામમાં નહીં આવે એવી પ્રતીતિ થઈ હતી.

ખિલાફત કમિટીએ તેનો સર્વપ્રથમ સ્વીકાર કર્યો. ત્યારબાદ કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રવ્યાપી આંદોલનનો પ્રચાર ગાંધીજીએ ૧૨મી મે ૧૯૨૦થી આરંભી દીધો. આમ છતાં, અસહકારની લડત વિધિસર આરંભતાં પહેલાં તેમણે વાઈસરોયને ૨૨ જૂને પત્ર લખીને પંજાબના અત્યાચારો અને તુર્ક-ખલિફાના અપમાન

અંગે ભારતના મુસલમાનોની દુભાયેલી લાગણી ધ્યાનમાં લઈ, દિલગીરી વ્યક્ત કરવા અને ભારતીય નેતાઓ સાથે મંત્રણાઓ કરીને જનતાને શાંત કરવાનો રસ્તો શોધવા વિનંતી કરી. સરકારના વલણમાં આથી કોઈ ફેરફાર ન થયો. હવે ગાંધીજીએ પોતાની પૂરી શક્તિ અસહકારની તરફેણમાં લોકમત કેળવવા વાપરવા માંડી. લાહોર, કરાંચી, અમૃતસર, અમદાવાદ વગેરે સ્થળે તેમણે જાહેર સભાઓમાં અસહકારની અનિવાર્યતા સમજાવી.

૧૯૨૦માં ઓગસ્ટના અંતે અમદાવાદમાં 'ગુજરાત રાજકીય પરિષદ' મળી. તેમાં ગાંધીજીએ અસહકારની હિમાયત કરી અને ગુજરાતના નેતાઓને અસહકાર માટે ખેંચ્યા. આ પછી તુરત (સપ્ટેમ્બર) કલકત્તામાં કોંગ્રેસનું ખાસ અધિવેશન ભરાયું. લાલા લાજપતરાય એના અધ્યક્ષ હતા. ગાંધીજીએ જણાવ્યું કે "પંજાબ અને ખિલાફતના જેવા બનાવોને રોકવાનું સ્વરાજ વિના શક્ય નથી." સ્વરાજ પ્રાપ્ત કરવા માટે તેમણે અસહકાર આંદોલનની હિમાયત કરી. માલવિયાજી, બિપિનચંદ્ર પાલ, દેશબંધુ દાસ, એની બિસેન્ટ, મહમદઅલી ઝીણા વગેરેએ ઠરાવનો વિરોધ કર્યો. દેશના આ માનીતા નેતાઓ અસહકારના વિરોધમાં હતા; છતાં મત લેવાતાં અસહકારની તરફેણમાં ૨૭૨૮ મત અને વિરુદ્ધમાં ૧૮૫૫ મત પડ્યા. જો કે, લાલા લાજપતરાયને, જે અસહકારની તરફેણમાં હતા તેમને, પણ ગાંધીજીની અસહકારની નીતિમાંની વકીલાત છોડવાની અને શાળા-કોલેજો છોડવાની વાત મંજૂર ન હતી. ચંપારણની લડત (૧૯૧૭), ખેડાની લડત (૧૯૧૮), અમદાવાદના મિલ મજૂરોની લડત (૧૯૧૮) તથા ખિલાફત આંદોલન (૧૯૧૯) આ બધાંથી ગાંધીજીની લોકપ્રિયતા વધી હતી. સામાન્ય માનવીને પોતાનાં દુ:ખ-દર્દ જાણનાર અને તે દૂર કરવા મથનાર ગાંધીજી છે, તેવી શ્રદ્ધા જાગી હતી.

---

## ચંપારણની લડત

૧૯૧૭માં ગાંધી ગળી ઉગાડનારા ખેતમજૂરના શોષણ વિશે જાતતપાસ કરવા ચંપારણ ગયા. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે તેમને તે સ્થળ છોડી જવા માટે નોટિસ બજાવાઈ. ગાંધીએ એમ કહીને તેનો ઈન્કાર કર્યો કે તેમણે હુકમનો ભંગ એટલા માટે કર્યો છે કે "not for want of respect for lawful authority but in obedience to the higher law of our being, the voice of conscience." ગાંધીના આ શબ્દોની જાદુઈ અસર થઈ. દેશના રાજકીય આકાશમાં એક નવો સિતારો ચમક્યો. ગાંધીમાં લોકોને પ્રકાશ દેખાયો. સરકારે પણ ગાંધીજી સામેના કેસ પાછા ખેંચી લઈ તેમને ગળી ઉગાડનારાની ફરિયાદો તપાસવા નિમાયેલી સમિતિના સભ્ય બનાવ્યા. આના પરિણામે જ ચંપારણ–ખેતી–બિલ (૧૯૧૯) આવ્યું.

**ગાંધીના સત્યાગ્રહના શસ્ત્રનો આ પ્રથમ વિજય હતો.**

## મજૂરોની લડત

ચંપારણથી ગાંધી સીધા અમદાવાદ આવ્યા. ત્યાં મજૂરોને મિલમાં પગારવધારો જોઈતો હતો. તેમના પગારના દર ઘણા નીચા હતા. ગાંધીજીએ હડતાલ પડાવી. બે અઠવાડિયા પછી હડતાલ નબળી પડવા આવી ત્યારે એકત્ર થયેલા મજૂરો આગળ ગાંધીજીએ પોતાના ઉપવાસની જાહેરાત કરી. ૨૧ દિવસની હડતાળ પછી સમાધાન થયું (૨૭–૩–૧૯૧૮).

**ગાંધીના સત્યાગ્રહના શસ્ત્રનો આ બીજો વિજય હતો.**

## ખેડાનો સત્યાગ્રહ (૧૮–૨–૧૯૧૮ થી ૪–૧૦–૧૯૧૮)

જેવો મજૂરોનો પ્રશ્ન પત્યો કે તુરત ગાંધીએ ખેડા જિલ્લાના સત્યાગ્રહમાં ઝુકાવ્યું. ૨૫ ટકા કરતાં ઓછો પાક ઊતરે તો મહેસૂલ માફ કરવાનો જમીન મહેસૂલ નિયમ હોવા છતાં સરકારે તેમ નહીં કરવાનું

નક્કી કર્યું. ખેડૂતોની સ્થિતિ કફોડી બની. સરકારે લવાદ સ્વીકારવાની પણ ના પાડી. આમ, જ્યારે સમજાવટના સઘળા માર્ગ નિષ્ફળ ગયા, ત્યારે ગાંધીજીએ ખેડૂતોને સત્યાગ્રહ કરવા સલાહ આપી; સરકારને મહેસૂલ-કર નહીં ભરવા અને તેમ કરવા જતાં જે પરિણામો આવે તે ભોગવવા તૈયાર રહેવા જણાવ્યું. વલ્લભભાઈ જેવા નેતાનો આધારસ્થંભ ગાંધીજીને લાધી ગયો. ખેડૂતો છેવટ સુધી મક્કમ રહ્યા. અંતે, સરકારને નમતું જોખવું પડ્યું.

આ ત્રણ વિજય પછી, સત્યાગ્રહના શસ્ત્રમાં અને તેના પ્રણેતા ગાંધીજીમાં ભારતભરની જનતાનો વિશ્વાસ બેઠો. તેથી કલકત્તા ખાતેના કોંગ્રેસના અધિવેશનમાં અસહકાર આંદોલનનો ઠરાવ પસાર થયો હતો.

## અસહકારનો ઠરાવ

### (૪–૯ સપ્ટેમ્બર, ૧૯૨૦ : કલકત્તા)

ખિલાફતની બાબતમાં હિંદી સરકાર તેમજ બ્રિટિશ શહેનશાહની સરકાર બંને હિંદના મુસલમાનો પ્રત્યેની તેમની ફરજ અદા કરવામાં હડહડતી રીતે ખોટી નીવડી. વડાપ્રધાને પોતે આપેલા વચનનો જાણી જોઈને ભંગ કર્યો. આથી મુસલમાન ભાઈઓ ઉપર આ રીતે આવી પડેલા ધાર્મિક સંકટને ન્યાયી રીતે દૂર કરવામાં મદદ કરવાની હિંદની તમામ અન્ય કોમોની ફરજ છે, એવું ગાંધીજીને તીવ્રપણે લાગ્યું.

વળી, ૧૯૧૯ના એપ્રિલ માસના બનાવોના સંબંધમાં પંજાબની નિર્દોષ પ્રજાનું રક્ષણ નહિ કરવામાં તથા જે અમલદારોએ બેહદ જંગલી રીતો અખત્યાર કરી ગુનાહિત વર્તાવ કરેલા તેમને શિક્ષા નહિ કરવામાં, તેમજ પ્રજાનાં દુઃખો તરફ નિષ્ઠુર વર્તન માટે જવાબદાર ગણી શકાય એવા સર માઈકલ ઓડવાયરને નિર્દોષ ઠરાવવામાં, ભારત અને વિલાયતની સરકારે અત્યંત બેપરવાઈ તથા કર્તવ્યભ્રષ્ટતા દાખવી; અને એ જ બાબતમાં આમસભામાં અને તેથીય વિશેષ ઉમરાવોની સભામાં જે ચર્ચા થઈ, તે ઉપરથી (વિલાયતમાં) હિંદની પ્રજા તરફ સમભાવનો અત્યંત અભાવ ઉઘાડો પડ્યો; અને પંજાબમાં ડાયરશાહી જુલ્મો અને ત્રાસ વર્તાવી પ્રજાને દાબી દેવાની રાજનીતિને બેઉ સરકારોનો ચોખ્ખો ટેકો તરી આવ્યો; અને વાઈસરોયના છેલ્લા ભાષણ ઉપરથી ખિલાફત અને પંજાબની બાબતમાં જરાય પશ્ચાત્તાપની લાગણી નથી એમ પુરવાર થયું. આ સર્વ હકીકતો ઉપરથી, આ મહાસભાનો એવો અભિપ્રાય થયો છે કે–

*આ બે અન્યાયોના સંબંધમાં જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી હિંદમાં સંતોષ વર્તી શકે નહિ; અને પ્રજાનું સ્વત્વ દર્શાવવાનો તથા આવા અત્યાચારો ફરીથી થતા અટકાવવાનો સફળ થઈ શકે એવો એક જ માર્ગ રહ્યો છે અને તે એ કે **હિંદમાં સ્વરાજ સ્થાપવું.**

આ મહાસભાનો વળી એવો અભિપ્રાય છે કે જ્યાં સુધી એ અન્યાયો દૂર થાય નહિ અને 'સ્વરાજ' સ્થપાય નહિ ત્યાં સુધી ખૂનામરકી સિવાયની, ક્રમે ક્રમે વધતી, અસહકારની નીતિ પસંદ કરી, તેનો અમલ કરવા સિવાય બીજો કોઈ પણ માર્ગ હિંદી પ્રજા પાસે રહ્યો નથી.

આ વિષયમાં શરૂઆત કરવાની પહેલી ફરજ જે વર્ગ પ્રજામત કેળવી તેના પ્રતિનિધિ રૂપે ઊભો છે, તેની ઠરે છે. સરકાર માનચાંદ દ્વારા, શાળાઓ ઉપરના અંકુશ દ્વારા, અદાલતો અને ધારાસભાઓ દ્વારા, પોતાની સત્તા જમાવે છે. તેથી અને આ હિલચાલમાં ઓછામાં ઓછું જોખમ ખેડવું પડે અને ધારેલી મુરાદો બર લાવવા માટે ઓછામાં ઓછો ભોગ આપવો પડે એ સર્વ બાબતોનો વિચાર કરીને, આ મહાસભા પ્રજાને આગ્રહપૂર્વક એવી સલાહ આપે છે કે–

(ક) ખિતાબો અને માનના (ઑનરરી) ઓદ્ધાનાં તથા મ્યુનિસિપલ અને લોકલ બોર્ડોમાં સરકારે નીમેલા અધિકારના ઓદ્ધાનાં રાજીનામાં આપવાં;

(ખ) સરકારની લેવીઓ અને દરબારોમાં, તથા સરકારી અમલદારોએ ભરેલા કે એમના માનમાં ભરાયેલા સરકારી કે અર્ધસરકારી મેળાવડાઓમાં હાજરી આપવા ના પાડવી;

(ગ) સરકારની માલિકીની, એની મદદથી કે એના અંકુશ હેઠળ ચાલતી શાળાઓનો ધીમે ધીમે બહિષ્કાર કરી તેમને બદલે દરેક પ્રાંતમાં રાષ્ટ્રીય શાળાઓ અને કોલેજો સ્થાપવી;

(ઘ) વકીલો અને પક્ષકારોએ ધીમે ધીમે સરકારી અદાલતોનો બહિષ્કાર કરવો અને તેમને બદલે પોતાની ખાનગી તકરારોનો નિકાલ કરવા ખાનગી પંચાયતો સ્થાપવી;

(ઙ) લશ્કરી, કારકુની અને મજૂરી કરનારા વર્ગોએ મેસોપોટેમિયામામાં ભરતી થવા ના પાડવી;

(ચ) સુધારેલી ધારાસભાઓની ચૂંટણીઓમાં કોઈએ ઊભા ન રહેવું; અને મહાસભાની સલાહને ન ગણકારતાં કોઈ ધારાસભામાં જવા બહાર પડે તો તેમને મત ના આપવા;

(છ) વિદેશી માલનો બહિષ્કાર કરવો. અસહકારની હિલચાલમાં એક નેમ લોકોમાં સંયમ અને આપભોગની વૃત્તિ ઉપજાવવાની છે; કારણ કે એ બે ગુણો વિના કોઈ પણ પ્રજા ખરી ચઢી શકે નહિ; આ બે ગુણો કેળવવા પ્રથમથી જ દરેક સ્ત્રી-પુરુષ અને બાળકને તક મળે, તેટલા માટે અસહકારની શરૂઆતથી જ, આ મહાસભા પ્રજાને કાપડમાં વ્રત પાળવાની સલાહ આપે છે; પણ હિંદની હાલની મિલો પોતાની સ્વદેશી મૂડી અને વ્યવસ્થાથી લોકોને જોઈએ એટલું સૂતર અને કાપડ ઉત્પન્ન કરી શકતી ન હોવાથી, અને લાંબા વખત સુધી તેમ કરવાની શક્તિ મેળવે એમ પણ ન હોવાથી, આ મહાસભા પ્રજાને એવી સલાહ આપે છે કે, દરેક ઘરમાં રેંટિયો દાખલ કરવો; અને જે લાખો વણકરોએ પોતાનો પુરાણો અને ખાનદાની ભર્યો ધંધો ઉત્તેજનને અભાવે છોડી દીધો છે, તે પાછો શરૂ કરી, સૂતર અને કાપડની મોટા પ્રમાણમાં ઉત્પત્તિ કરવામાં ભાગ લેવો. ('મહાસભાના ઠરાવો' માંથી)

## તત્કાલ તાતો અમલ

અસહકારનો ઠરાવ પસાર થયા પહેલાં જ ઓગષ્ટના આરંભે મહાત્મા ગાંધીએ તેમને મળેલો 'કૈસરે હિંદ'નો ઈલ્કાબ અને દક્ષિણ આફ્રિકામાં બોઅર યુદ્ધ વખતે મળેલા બે ચંદ્રકો એ બધું સરકારને પરત કરી દીધું હતું.

* *

અસહકારના ભાગ રૂપે ગાંધીજીએ માત્ર સૂચન કરતાં, ઉત્તર પ્રદેશના ખેડૂતોએ મહેસૂલ ન ભરવાનું મોટા પાયા પર અપનાવી લીધું. સરકારે સંખ્યાબંધ લોકોની ધરપકડો કરી. અસહકારના કાર્યક્રમના ભાગ રૂપે દારૂનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો પર કોંગ્રેસના સ્વયંસેવકોએ 'પિકેટિંગ' આદર્યું. પિકેટિંગમાં સ્ત્રીઓ પણ જોડાઈ. શાળા કોલેજો છોડવાની હાકલનો વિદ્યાર્થીઓએ સારો જવાબ વાળ્યો; પિકેટિંગમાં તેઓ જોડાવા લાગ્યા; સભાસરઘસોનું ચાલક બળ તેઓ બની રહ્યા. મોટી સભાઓમાં કે અધિવેશનોમાં સ્વયંસેવકો તરીકે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ સુંદર કામગીરી બજાવી. અસહકારની લડતને લીધે હિંદુમુસ્લિમ એકતા સધાઈ. વધારામાં ગાંધીજીએ અસ્પૃશ્યતા-નિવારણની પ્રવૃત્તિ ઉપાડી.

આમ, આ લડત સમાજ-સુધારા અને રાષ્ટ્રીય એકતાનું ઉપકરણ બની રહી. વળી લડતને નિમિત્તે ધરપકડોનો દોર ચાલતાં જેલ જવાની કે પોલીસની ભીતિ જતી રહી અને લોકોમાં નીડરતા આવી.

શાળા કોલેજો છોડીને લડતમાં જોડાનાર વિદ્યાર્થીઓની કારકિર્દી ન બગડે માટે ગુજરાત વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ જેવી ઉચ્ચ રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થાઓ ઊભી થઈ. તેમાં રાષ્ટ્રપ્રેમ, સમાનતા, આઝાદી સિદ્ધ કરવા માટેની ફનાગીરીનું માનસ ઘડાયું. એકંદરે સાદાઈ અને શ્રમનું ગૌરવ વધ્યું. એટલું જ નહિ, લડતને નિમિત્તે સ્ત્રીઓ પડદો છોડીને ઘર બહાર નીકળતી થઈ. દારૂના પીઠા પરના પિકેટિંગની જવાબદારી મુખ્યત: સ્ત્રીઓ ઉપાડી લેતી થઈ.પરિણામે સ્ત્રીઓમાં નિડરતા અને સમાનતાની ભાવના પ્રસરી. રાજેન્દ્રબાબુ, દેશબંધુ, મોતીલાલ નહેરુ, રાજગોપાલાચારી, અસફઅલી જેવા જાણીતા વકીલોએ ધીકતી વકીલાત છોડીને રાષ્ટ્ર માટે ફકીરી લીધી. સમાજમાં આની ભારે અસર થઈ, ઉપરાંત કાયદો અને વ્યવસ્થાના જાણકાર અને રખેવાળ વકીલોએ રાજકારણમાં ઝંપલાવતાં આંદોલનને સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ. સરકારી અધિકારીઓ પણ દમનનું કોઈ પગલું લેતાં પહેલાં, કાયદાની અદાલતમાં એ પડકારાય તો શું થાય એવું વિચારતા બને એ સહજ હતું. દા. ત. ઉત્તર પ્રદેશ, મલબાર, પંજાબ વગેરેના કિસાનો ઉપર, રાજસ્થાન અને ગુજરાતના ભીલ ખેડૂતો ઉપર પોલીસે જે જુલ્મો કર્યા હતા, તેવા જુલમ કરતાં તેમને વિચારવું પડે એવી સ્થિતિનું નિર્માણ થયું. ગાંધીજીની હાકલે સરકારી કર્મચારીઓએ નોકરી છોડી—મુખી, તલાટી, મામલતદાર, પોલીસ, કારકુન જેવા અસહકારમાં જોડાવા વ્યવસાય છોડનારા, પદવી, ઈલકાબ છોડનારા, સરકારી શાળા–કોલેજોની નોકરી છોડનારા હજારોની સંખ્યામાં નીકળ્યા. સામાજિક-સાંસ્કૃતિક ઘડતરમાં આ ઘટનાનો નાનો સૂનો ફાળો નથી.

❊

૧૯૧૯ના મોન્ટફર્ડ સુધારા અનુસાર ૧૯૨૦માં પ્રાંતીય ધારાસભાઓની ચૂંટણી આવી પહોંચી. કોંગ્રેસે કલકત્તા અધિવેશનના ઠરાવ અનુસાર ચૂંટણીનો બહિષ્કાર કરવા હાકલ કરી. પોતે ઉમેદવારો ઊભા ન રાખ્યા; બિનકોંગ્રેસી ઉમેદવારો ઊભા રહ્યા અને ચૂંટાઈ આવ્યા. જો કે કોંગ્રેસ એકંદરે ઘણી મજબૂત સંસ્થા હોવા છતાં, જૂજ અપવાદો બાદ કરતાં, સરેરાશ કુલ મતના ૨૫ ટકાથી ઓછાને તે મતદાન કરતાં રોકી શકી.

**આમ, ધારાસભા-બહિષ્કારની પ્રજાકીય હાકલ સફળ ન નીવડી; પરંતુ જીતેલા ઉમેદવારોય સાચા અર્થમાં પ્રજાના પ્રતિનિધિ ન હતા એ પણ પુરવાર થયું. આ અર્થમાં કોંગ્રેસનો નૈતિક વિજય અચૂક ગણાય.**

અસહકારનું આંદોલન ૧૯૨૧માં તેની ચરમ સીમાએ પહોંચ્યું. બ્રિટિશ સરકારે આ આંદોલનને ઠારવાના હેતુથી પ્રિન્સ ઓફ વેલ્સને ભારત મોકલવાની યોજના કરી. પ્રિન્સના આગમનથી ભારતની 'રાજ-ભક્ત પ્રજા'ને શાંત રહેવાનું મન થશે એવી તેની ગણતરી હતી. પણ કોંગ્રેસે પ્રિન્સના માનમાં ગોઠવાયેલા ઉત્સવોનો બહિષ્કાર કરવાની જનતાને હાકલ કરી. તેઓ જ્યાં ગયા ત્યાં બંધ બજારો, વિરોધી દેખાવો થયા, અને સન્માન-સમારંભોમાં ગણ્યાગાંઠ્યા રાજભક્તો કે જી-હજૂરિયાઓ સિવાય ભાગ્યે જ કોઈ નજરે પડ્યું. પરિસ્થિતિ કળી જઈને વાઈસરોય પોતે સમજૂતી કરવા તૈયાર પણ હતા. પરંતુ અલીભાઈઓ જેલમાં હોય ત્યાં સુધી ગાંધીજી કોઈ ચર્ચામાં ઊતરવા તૈયાર ન હતા. આથી સમાધાન માટેના માલવિયાજી, ઝીણા વગેરેના પ્રયત્નો નિરર્થક ગયા. સરકારે વ્યૂહ બદલ્યો. લડત તોડવા માટે કડક પગલાં ભરવાં શરૂ કર્યાં. મોતીલાલ નહેરુ, ચિત્તરંજન દાસ, અબુલ કલામ આઝાદ, જવાહરલાલ, સુભાષચંદ્ર બોઝ, લાલા લાજપતરાય વગેરેને જેલમાં પૂર્યા. આંદોલન નિમિત્તે પકડાયેલા કેદીઓની સંખ્યા અડધા લાખે પહોંચી ચૂકી. જાહેર સભાઓ ભરવાની મનાઈ ફરમાવવામાં આવી. કોંગ્રેસના સ્વયંસેવક દળને ગેરકાનૂની જાહેર કર્યું. પરંતુ એથી ઝાઝું કશું ન ઊપજ્યું. બીજી બાજુ, જમનાલાલ બજાજ જેવાએ શ્રીમંતાઈ છોડી સાદાઈ અપનાવી,

પોતાની 'રાવબહાદુર'ની પદવી છોડીને ગાંધીજીના 'પાંચમા પુત્ર' બનીને રહ્યા. તેમણે વકીલાત છોડનારા વકીલોના ભરણપોષણ માટે એક લાખ રૂપિયાનું દાન કર્યું. મધ્યપ્રદેશના શેઠ ગોવિંદદાસ પણ અસહકારના સમયથી બધું છોડીને ગાંધીજી સાથે જોડાયા. આમ, દેશના ધનકુબેરોએય અસહકારની લડતમાં બળ પૂર્યું.

૧૯૨૧, ડિસેમ્બરમાં અમદાવાદમાં કોંગ્રેસનું ૩૬મું અધિવેશન મળ્યું ત્યારે ૪૦,૦૦૦ કોંગ્રેસી કાર્યકરો જેલમાં હતા. વરાયેલા પ્રમુખ ચિત્તરંજન દાસ પણ જેલમાં હોઈને હકીમ અજમલખાન અધ્યક્ષ બનેલા. સ્વાગત પ્રમુખ તરીકે વલ્લભભાઈ પટેલે જે માહિતી આપી હતી તે પરથી અસહકારની લડતને ઝીલવા ગુજરાત કેવું તૈયાર હતું, તેનો ખ્યાલ આવે છે.

## ગુજરાતનું ગૌરવ

—ગુજરાતમાં ૩૧૦૦ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય શાળાઓમાં ભણતા હતા.

—એક લાખ દશ હજાર જેટલા ચરખા નિયમિત ચાલતા હતા.

—અધિવેશનમાં સ્વદેશી (ગુજરાતની) ચીજોનું પ્રદર્શન પ્રભાવશાળી હતું.

* બારડોલી અને આણંદમાં 'નાકર'ની લડતની તૈયારી થઈ હતી.

●

* આ અધિવેશન પછી કોંગ્રેસ સભ્યોની સંખ્યા ૫૦ લાખ પર પહોંચી હતી, અને ૨૦ લાખ ચરખા ઘરઘર ગુંજતા થયા હતા.

સરકારી દમન સામે ગાંધીજીએ ૧લી ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ વાઈસરોયને પત્ર લખ્યો. સરકારી વલણ નહીં બદલાય તો વધુ મોટા પાયા પર આંદોલન કરવાની તેમણે ચેતવણી આપી; સરકારને આ માટે સાત દિવસની મહેતલ આપી. પણ ચોથી ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ ચૌરીચૌરાની ઘટના બનતાં, ગાંધીજીએ અસહકારની લડત મુલતવી રાખવાનો નિર્ણય લીધો. આ માટે **તેમણે કોંગ્રેસ કારોબારીના જેલની બહાર હતા તે સભ્યોની અને પોતાના સાથીઓની સલાહ પણ ન લીધી.**

મોતીલાલ નહેરુ અને લાલા લાજપતરાયે જેલમાંથી ગાંધીજીનાં પગલાંની ટીકા કરતા અને એક સ્થળની ભૂલને લીધે સમગ્ર દેશને દંડ દેવાનું અયોગ્ય હોવાનું જણાવતા પત્રો લખ્યા. સુભાષચંદ્ર બોઝે જણાવ્યું કે, "રાષ્ટ્રીય ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો હતો ત્યારે લડત બંધ રખાવવી એ રાષ્ટ્રનું કમભાગ્ય છે."

* અલબત્ત, અસહકારનું આંદોલન સબળ હતું એ વાઈસરૉયે ૯મી ફેબ્રુઆરીએ લંડનમાં મોકલેલા નીચેના તારથી પ્રતીત થાય છે : "શહેરના બધા વર્ગો પર અસહકારના આંદોલનની ઊંડી અસર છે. આસામનો ખીણ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા તથા બંગાળના ખેડૂતો પર આંદોલનનો ભારે પ્રભાવ છે. સરકારને દેશની આ પરિસ્થિતિની ખૂબ ચિંતા થાય છે." અલબત્ત, આંદોલને જ્યારે ઊંચાં શિખરો સર કર્યાં હતાં ત્યારે તેને હિંસાના કારણે ગાંધીજીએ રોક્યું હતું.

ચૌરીચૌરાની ઘટના તો આંદોલનની 'હિમશીલા' હતી. ચૌરીચૌરાના પગલે પગલે દેશમાં પ્રવર્તેલી સામુદાયિક હિંસક ઘટનાઓનો તેમને ભય લાગ્યો હતો, કેમકે **આવી ઘટનાઓ બનતી રહે અને એને** દબાવવા સરકાર **હિંસા આદરે અને લોકો ત્રાસવાદી (ટેરરિસ્ટ) રસ્તા લે તો દેશ આખામાં ત્રાસવાદનું મોજું ફરી વળે, એવું ગાંધીજી ઈચ્છતા ન હતા.**

રાષ્ટ્રીય આંદોલન બંધ રહેતાં, સરકારને સામુદાયિક વિરોધ કે દેખાવોનો ભય ન રહ્યો. છતાં તેણે દમનનો દોર તો ચાલુ જ રાખ્યો. બહાર રહેલા નેતાઓને પકડીને જેલમાં પૂરવાનો બેત કરી, તેનો આરંભ ગાંધીજીની ધરપકડથી કર્યો (૧૩, માર્ચ ૧૯૨૨). 'રાજદ્રોહ' બદલ કેસ ચલાવ્યો. ગાંધીજીએ અદાલતમાં કહ્યું, "આ કાર્ય કાયદાની નજરે મેં જાણીબૂઝીને કરેલો અપરાધ છે; પણ મારા મતે, પ્રત્યેક નાગરિકનું આ સૌથી મોટું કર્તવ્ય છે. હું સૌથી મોટો દંડ ચાહું છું. અને તેને સહર્ષ સ્વીકારવા તૈયાર છું" – આમ કહ્યા પછી એમણે અતિ મહત્ત્વની વાત કહી નાખી : "સરકારના વર્તને જ મને કાનૂનભંગ કરવા પ્રેર્યો છે". ગાંધીજીને છ વર્ષની કેદની સજા ફરમાવવામાં આવી

લડત બંધ રહી હતી. દેશના નેતાઓ કેદમાં હતા. પ્રજામાં ઊંડી હતાશા વ્યાપી ગઈ. આ પૂર્વે, ખિલાફત આંદોલન અને રૉલેટ એકટના વિરોધમાંથી જન્મેલો અસહકાર મુસ્લિમો અને હિંદુઓને એક રાખતો હતો. હવે, બંનેને સાથે રાખનારાં આ કારણો દૂર થતાં એકતાનું વાતાવરણ ડહોળાઈ ગયું. પરંતુ ૧૯૨૦–૨૧ના આંદોલને કોંગ્રેસને ઠરાવો અને વિનંતી કરનારી સંસ્થા મટાડીને લોકોમાં કામ કરતી સંગઠિત સંસ્થા બનાવી દીધી. ભારત જેવા મોટા દેશમાં ટૂંકા ગાળા માટેય અહિંસક રીતે મોટું આંદોલન ચલાવવું એ અભૂતપૂર્વ કામ હતું. ગાંધીજીના નેતૃત્વ નીચે એમ બન્યું એ સિદ્ધિ ગણાય.

આંદોલનની નિષ્ફળતાનાં મેણાં સંભળાનાં હોય તો પણ ભારતીય જનતાની દીનભાવના નાબૂદ કરીને, તેનામાં આત્મતેજ પ્રગટાવીને, ભાવિ જંગો માટે લોકોને તૈયાર કરવાનું કામ તો અસહકારની આ લડતે કર્યું જ હતું.

## અસહકારનો નવો તબક્કો : સ્વરાજ્ય પક્ષ

અસહકારનું આંદોલન પાછું ખેંચાઈ જતાં, જેલમાં ગયેલા કેટલાક કોંગ્રેસી આગેવાનોને કોંગ્રેસની નીતિમાં ફેરફાર કરવાનો વિચાર આવ્યો. આમાંના અડધા સભ્યો તો કાંગ્રેસની અસહકારની લડત માટેની કારોબારીના સભ્યો હતા. દા. ત. મોતીલાલ નહેરુ, હકીમ અજમલખાન, વિઠ્ઠલભાઈ પટેલ, દેશબંધુ દાસ જેવાઓ કોંગ્રેસની નીતિમાં ફેરફાર કરવાના આગ્રહી બન્યા હતા. તેમના મંતવ્ય મુજબ—

(૧) દેશની આમજનતા હાલ અસહકારનું આંદોલન અપનાવવા તૈયાર નથી;

(૨) પંજાબ અને ખિલાફતના જ મુદ્દા પર ધારાસભાઓની ચૂંટણીઓ લડવી.

(૩) ચૂંટણીમાં બહુમતી મળે તોય સત્તા ન લેવી, ત્યાં પણ અસહકાર નો વ્યૂહ અજમાવવો, સરકારના દરેક કાર્યનો વિરોધ કરવો અને સ્વરાજ (સાંસ્થાનિક સ્વરાજ)ની માંગ કરવી.

(૪) જો બહુમતી ન મળે તો ધારાસભાની કોઈ કાર્યવાહીમાં ભાગ જ ન લેવો – સંપૂર્ણ અસહકાર કરવો.

આમ, બહુમતી મેળવીને કે ન મેળવીને પણ સરકાર સાથે આંતરિક અસહકારનું આંદોલન આગળ ધપાવવાનું ધ્યેય હતું. ત્યારે બીજું જૂથ 'પાંચવિધ અસહકાર'માં દઢ શ્રદ્ધા ધરાવતું હોઈ, ધારાસભા-પ્રવેશનું કટ્ટર વિરોધી હતું. આમ, કોંગ્રેસમાં બે તડ પડી ગયાં : ફેરફાર કરવા માગનારા 'ફેરવાદી' કહેવાયા; તો જેઓ ગાંધીજીના મૂળ આગ્રહને વળગી રહ્યા તે 'નાફેરવાદી' કહેવાયા. નાફેરવાદીઓના આગેવાનોમાં રાજગોપાલાચારી, વલ્લભભાઈ પટેલ, ડૉ અન્સારી, ડૉ. રાજેન્દ્રપ્રસાદ વગેરે હતા, તો ફેરવાદીઓમાં મોતીલાલ નહેરુ, ચિત્તરંજન દાસ વગેરે હતા. ૧૯૨૨માં ગયા ખાતેના કોંગ્રેસ અધિવેશનમાં ફેરવાદીઓને બહુમતી ન મળી. તેમણે 'સ્વરાજવાદી પક્ષ'ની રચના (૧–૧–૧૯૨૩) કરીને, કોંગ્રેસની અંદર પોતાનો પ્રચાર ચાલુ રાખ્યો.

પરંતુ આ પછી ૧૯૨૩માં કોંગ્રેસની ચૂંટણીઓ થઈ ત્યારે, ફેરવાદીઓને બહુમતી મળી. નાફેરવાદીઓ લઘુમતીમાં આવ્યા. આ પછી ગાંધીજીની તબિયત જેલમાં ગંભીર બનતાં તેમને બિનશરત મુક્ત કરવામાં આવ્યા (૫–૨–૧૯૨૪). બાદ, બેલગામમાં કોંગ્રેસનું અધિવેશન ભરાયું. ગાંધીજી અધિવેશનના પ્રમુખ હતા. તેમણે સ્વરાજવાદીઓને તેમની રીતે આગળ વધવા આશીર્વાદ આપ્યા, જો કે તેમણે 'સ્વદેશીને ઉત્તેજન' અને 'વિદેશી માલના બહિષ્કાર'ની વાત પર ભાર મૂકયો, ચરખા–પ્રવૃત્તિનો અનુરોધ કર્યો. સ્વરાજ પક્ષે એ વાત સ્વીકારી લીધી.

ગાંધીજીના આશીર્વાદ સાથે, કોંગ્રેસની રાજનીતિ ના પક્ષ તરીકે સ્વરાજ પક્ષ દૃઢ થયો, જો કે ગાંધીજી પોતે સ્વરાજ પક્ષની સંસદીય બાબતોથી દૂર રહ્યા. દેશને સ્વરાજ માટે તૈયાર કરવા એમણે ચૂંટણીઓમાં પડવાને બદલે રચનાત્મક કામોમાં લક્ષ પરોવ્યું. ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, કોમી એકતા, સ્વદેશીને ઉત્તેજન, દારૂનિષેધ વગેરે એનાં મુખ્ય પાસાં હતાં.

* સ્વરાજ પક્ષને ચૂંટણીમાં ગજબની સફળતા મળતાં, સરકારનાં કાર્યો અવરોધવાની અને એ રીતે સરકારી નીતિ સામે અસહકાર કરવાની સારી તક મળી. તેમણે ધારાસભામાં અંદાજપત્રને નામંજૂર કર્યું. સરકારી પ્રસ્તાવોને નામંજૂર કરવામાં, પ્રસ્તાવો કે કથનોના વિરોધમાં સભાત્યાગ કરવામાં, વારંવાર સુધારા સૂચવવામાં સ્વરાજપક્ષના સભ્યોને ફાવટ આવી. આમ કરીને તેઓ સરકારી કામને ખોરંભે પાડી શકતા. એકંદરે સરકારને મુશ્કેલી કે મૂંઝવણમાં મૂકી દેતા. બીજી બાજુ, ગોળમેજી પરિષદ યોજવાની, મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાના અમલના મૂલ્યાંકનની માગ કરતો ઠરાવ પસાર કરાવ્યો (સરકારે મૂડીમેન કમિટી પણ નીમી); રાજકીય કેદીઓને છોડી મૂકવા માટે પણ ધારાસભામાં માગ કરી.

આમ છતાં, સ્વરાજ પક્ષ સરકાર સાથે પૂરેપૂરી અસહયોગની નીતિ અપનાવવામાં મક્કમ ન રહી શકયો. ૧૯૨૫માં વિઠ્ઠલભાઈ પટેલે ધારાસભાના અધ્યક્ષનું પદ સ્વીકાર્યું; મોતીલાલ નહેરુ પણ સરકારે રચેલી એક સમિતિના સભ્ય બન્યા. આથી કરીને તે પક્ષમાં પણ સરકાર સાથે સહયોગ કરનારું અને બધી બાબતે નન્નો ભણનારું એવાં બે વિરોધી જૂથ ઊભાં થયાં. ૧૯૨૬–૨૭ સુધીમાં સ્વરાજપક્ષની શક્તિ નષ્ટ થઈ.

* આ બધું છતાં, અસહકાર આંદોલનનો અંત અને દાંડીકૂચ બેની વચ્ચેના સમયગાળામાં (૧૯૨૨–૧૯૩૦) – અંગ્રેજો સામેની રાજકીય લડતના ગાળામાં – શૂન્યાવકાશ પૂરવાનું કામ સ્વરાજ પક્ષે કર્યું. હિંદીઓ સંસદીય પ્રથામાં ગોઠવાઈ શકે તેમ છે, અને સંસદીય પ્રણાલીઓ સમજવાની શક્તિ અને એનો ઉપયોગ કરવાની કુનેહ બતાવી શકે છે, એની પ્રતીતિ અંગ્રેજોને કરાવવામાં સ્વરાજ પક્ષનું મહત્ત્વનું પ્રદાન છે.

## ખેડૂત એકતાનો નમૂનો : બારડોલીની લડત

સમગ્ર દેશમાં અસહકારના આંદોલનની હાકલ દ્વારા જાગૃતિ આણનાર ગાંધીજીને ગુજરાતમાં અંગ્રેજો સામેની બારડોલીની લડતમાં વલ્લભભાઈ દ્વારા દોરવણી આપવાનો વારો આવ્યો. બારડોલી તાલુકાની વસ્તી ત્યારે ૯૦ હજાર. સરકારે ગેરકાનૂની રીતે, એક તરફી રીતે, બારડોલીના ખેડૂતો પરના જમીન મહેસૂલમાં એક સામટો ૨૫ ટકા વધારો કર્યો. આના વિરોધમાં ૧૯૨૭ના જાન્યુઆરી માસમાં બારડોલી તાલુકાના ખેડૂતોની વિરાટ સભા થઈ. સભામાં અન્યાયી મહેસૂલ – વધારાનો વિરોધ કરીને, તે વધારો પાછો ખેંચવા સરકારને વિનંતી કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. વળી, એ મહેસૂલ-વધારો રદ કરવા માટે મુંબઈ સરકારના મહેસૂલ પ્રધાન (રેવન્યૂ મેમ્બર)ને મળવા માટે એક પ્રતિનિધિ મંડળની વરણી કરવામાં આવી. પ્રતિનિધિ મંડળે કરમાં થયેલ વધારો અન્યાયી છે, તેવી રજૂઆત કરીને ફરીથી મહેસૂલમાં ઘટાડો કરવાની વિનંતી કરી. રાહ જોવામાં દિવસો વીત્યા, પણ એનું પરિણામ કંઈ જ ન આવતાં

૧૯૨૭ના સપ્ટેમ્બરમાં છઠ્ઠી તારીખે ફરીથી બારડોલીના ખેડૂતોની સભા થઈ. તેમાં કોંગ્રેસી આગેવાનો અને ધારાસભ્યોએ ભાગ લીધો. સભામાં નિર્ણય થયો કે વધારેલું મહેસૂલ ન ભરવું.

ખેડૂતો ફરીથી ૧૯૨૮ ફેબ્રુઆરીમાં અંતિમ નિર્ણય માટે ભેગા થયા, ત્યારે ધારાસભ્યોએ કહ્યું કે, "સરકાર પાસે મહેસૂલના પ્રશ્નની ફેર-વિચારણા કરાવવામાં અમે નિષ્ફળ ગયા છીએ. હવે છેલ્લો ઉપાય– વલ્લભભાઈ જેવા આગેવાનો આમાં પડે તો બગડેલી બાજી સુધરી શકે."

વલ્લભભાઈ પટેલ ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી તેમનું હીર પારખીને ગાંધીજીએ તેમને પોતાની પ્રવૃત્તિમાં ખેંચ્યા હતા. ગોધરામાં મળેલી ગુજરાત રાજકીય પરિષદને સફળ બનાવવામાં તેમણે ફાળો આપ્યો હતો. અમદાવાદ નગરપાલિકાના અધ્યક્ષપદે રહીને અમદાવાદની રોનક બદલવામાં અને ચૂંટાયેલા અધ્યક્ષનું સરકારી અમલદારો સમક્ષ ગૌરવ અને સર્વોપરિતા ઊભી કરવાનું કામ તેઓ સફળતાપૂર્વક કરી શક્યા હતા. ખેડાના ખેડૂતોની લડત (૧૯૧૮) ની સફળતા તેમને આભારી હતી. આ બધાને કારણે લોકોને અને ગાંધીજીને વલ્લભભાઈની શક્તિમાં વિશ્વાસ હતો. તેથી જ ગાંધીજી બારડોલીની લડતનું સુકાન તેમને સોંપીને નિશ્ચિત બન્યા.

વલ્લભભાઈએ લડત માટે સ્વયંસેવકોની નોંધણી કરી; સત્યાગ્રહ માટે પ્રતિજ્ઞાપત્રો ભરાવ્યાં. બારડોલીના સમગ્ર વિસ્તારમાં લડત બરાબર ચલાવી શકાય તે માટે પાંચ ભાગમાં તેનું વિભાજન કર્યું. દરેક ભાગની જવાબદારી અમુક ચોક્કસ વ્યક્તિને સોંપી, પોતે એ બધાનું આયોજન સંભાળ્યું. તેથી 'સરદાર' કહેવાયા. મહાત્મા ગાંધીએ 'યંગ ઈંડિયા'માં તેમનો ઉલ્લેખ 'સરદાર' તરીકે કરતાં એ બિરુદ લોકમાન્ય થયું.

બારડોલીમાં સરદારે ગજબની વ્યવસ્થાશક્તિ અને કોઠાસૂઝ બતાવ્યાં. દરેક કેન્દ્ર પર નિયમિત સંદેશા મોકલવાની, નિરીક્ષણ રાખવાની, પુરવઠો પહોંચાડવાની ગોઠવણ હતી. ગામેગામ સભાઓનું આયોજન થાય, જ્યાં ક્યાંક નબળાઈ દેખાય ત્યાં સરદાર પહોંચી જાય, હૂંફ અને હિંમત આપે. લોકો વચ્ચે રાતવાસો કરે. સરદારનાં બારડોલીનાં ભાષણો 'માટીમાંથી મર્દ સર્જે' તેવાં તાતાં હતાં. તળપદી ભાષામાં ઉદાહરણ સહિતનાં તેમનાં પ્રવચનો ખેડૂતોના હૃદય સોંસરાં ઊતરી જતાં. ખેડૂતોનું ગૌરવ પેદા કરતી, ખેડૂતોમાં આત્મગૌરવ વધારતી તેમની વાણી ખેડૂતોને વશ કરતી. સરદારની હાકલે ખેડૂતો બધું ફના કરવા તૈયાર થતા.

## સરદાર વલ્લભભાઈની તેજીલી જબાન

* "હું માનું છું કે અંગ્રેજી રાજ્યના કફનમાં આ લડતથી પહેલો ખીલો ઠોકાશે. આ દેશની પ્રજા સ્વરાજ માટે લાયક છે એ આ લડતથી દુનિયાની સામે સિદ્ધ થઈ જશે."
* "બારડોલી તાલુકામાં આજે પ્રચંડ ભઠ્ઠી સળગાવવામાં આવી છે. તેમાં શુદ્ધ બલિદાન આપવાનું છે...ભલે ગોરું લશ્કર આવે અને ગામેગામ સોલ્જરો બેસે. તેથી એ ડરાવી નહિ શકે. આપણે એવું શાંત સ્વચ્છ વર્તન રાખો કે આ બધી પોલીસને ભમરડે રમવા સિવાય બીજું કંઈ કામ ન રહે."
* "હું ગુજરાતના ખેડૂતની રગરગમાં અને હાડોહાડમાં સ્વતંત્રતાની હવા પૂરવા માગું છું."
* "સરકારે મૂરખ માણસોની વાત માની અને હવે સાપે છછુંદર ગળી છે; હવે છોડાતી નથી ને ગળાતીય નથી."
* "આ રાજ્યમાં ઈન્સાફ મોં સંતાડીને નાસી ગયો છે."
* "લોઢું ગરમ થાય છે ત્યારે લાલચોળ થાય છે, અને તણખા ઊડે છે. સરકારમાંથી આજે તણખા ઊડી રહ્યા છે. પણ લોઢું ગમે તેટલું લાલ થાય તોયે હથોડો ગરમ નથી થતો. હથોડાને ગરમ થવું ન પાલવે – ગમે તેવી આપત્તિમાં આપણે ગરમ ન જ થઈએ."










स्वामी श्रद्धानन्द

- રાજગોપાલાચાર્ય
- દીનબંધુ ઍન્ડ્રૂઝ
- સરહદના ગાંધી ગ




દાંડીકૂચ (૧૨ માર્ચ ૧૯૩૨ થી ૬
૧૯૩૨) ૨૫ દિવસ–૨૫૧ માઈલ

* "દુ:ખને વખતે રૈયતને પડખે ઊભો રહે તે અમલદાર, બાકી બધા હવાલદાર."

* "ગમે તે થઈ જાય, પૃથ્વી રસાતળ જાય, સરકાર જુલમની અવધિ કરે તો પણ બહેનો પ્રતિજ્ઞાથી ચળવાની નથી."

જેવી સરદાર વલ્લભભાઈની તેજીલી જબાન તેવાં જ ત્યારનાં રણગીતોનો મિજાજ આબાલવૃદ્ધ સૌને મુખે ચૌટે-ચકલે, ખેતરે-શેરીએ ગવાતી થોડીક કડીઓ-

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે
ભલે કાયાના કટકા થાય -અમે૦

*

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે
શૂરા જાગજો રે કાયર ભાગજો રે -ડંકો૦

*

માથું મેલો સાચવવા સાચી ટેકને રે
સાચી ટેકને રે, સાચી ટેકને રે - માથું૦

*

પરદેશી સૂબા કીસનો વધારો નહોતો રે નાખવો-

*

ધર્મની વારે મારો પ્રભુજી પધારશે રે
હારી જાશે જૂઠો અધર્મ... રે

---

ખેડૂતોનો સાથ હોય તો સરકારને નમાવી શકાય તેવી શ્રદ્ધા કોંગ્રેસને બેઠી. એટલું જ નહીં, બારડોલીની લડતમાં પ્રાપ્ત કરેલા વિજયે આઝાદીની લડત માટે દેશ ફરીથી તૈયાર થઈ ગયો છે એવી કોંગ્રેસને પ્રતીતિ થઈ.

**સાયમન કમિશન** (ફેબ્રુઆરી, ૧૯૨૮)

બારડોલીમાં ગુજરાતના ખેડૂતોએ સરકારી તંત્ર સામે અસહકાર કર્યો અને નાકરની લડત મારફતે સરકારને નમાવી; લગભગ તે જ વખતે, કોંગ્રેસે સરકાર સામે બીજો રાજકીય મોરચો સર્જ્યો.

૧૯૨૭માં વાઈસરોયે મહાત્મા ગાંધીને જાણ કરી હતી કે "મોંટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાઓના અમલનું મૂલ્યાંકન કરવા માટે એક કમિશન નિમાયું છે અને તે ભારત આવશે." આ કમિશન તે સાયમન કમિશન. પરંતુ હિંદીઓને મળીને, એમની લાગણી અને માગણી સંતોષે તેવા સુધારા આપવા માટે નિમાયેલા સાયમન કમિશનમાં એકપણ હિંદી ન હતો. એને કોંગ્રેસે ભારતનું અપમાન ગણ્યું. એની બિસેન્ટ સુદ્ધાં સાયમન કમિશનનાં વિરોધી હતાં. ૧૯૨૭માં મદ્રાસમાં ડૉ. અન્સારીના પ્રમુખપદે ભરાયેલા કોંગ્રેસના અધિવેશનમાં સાયમન કમિશનનો બહિષ્કાર કરવાનો ઠરાવ થયો. ઠરાવની ભાષા આવી હતી — **"બ્રિટનની સરકારે ભારતના આત્મનિર્ણયના અધિકારની અવગણના કરીને એક કમિશન નીમ્યું છે. આ કમિશનનો દરેક સ્થળે દરેક રીતે વિરોધ કરવાનું કોંગ્રેસે નક્કી કર્યું છે."**

---

**મહમદઅલી ઝીણાએ સાયમન કમિશનના વિરોધમાં કહેલાં વાક્યો કમિશનની અપ્રિયતાનાં દ્યોતક છે. ઝીણાએ કહ્યું કે "જલિયાંવાલા બાગ અમારી શારીરિક કતલ હતી. પણ સાયમન કમિશન મારફતે તો અમારા આત્માની કતલ કરી છે."**

---

# ૯. સત્યાગ્રહનાં દુંદુભિ

## પૂર્વભૂમિકા

૧૯૨૬ના ડિસેમ્બરમાં ગોહાટી (ગૌહત્તી)માં મળેલા કોંગ્રેસના ૪૧મા અધિવેશનમાં હિંદુસ્તાનની રાજકીય 'સંપૂર્ણ સ્વતંત્રતા' અંગે ઠરાવ થયેલો, જે પટ્ટાભીના શબ્દોમાં **'ગાંધીજીના વચનાગ્નિમાં ભસ્મીભૂત થઈ ગયો હતો.'** પરંતુ ૧૯૨૭ના મદ્રાસ અધિવેશનમાં મુખ્ય ઠરાવ સાયમન કમિશનના બહિષ્કાર અંગેનો હોવા ઉપરાંત, એક જુદા ઠરાવ દ્વારા મહાસભાનું **ધ્યેય 'સંપૂર્ણ સ્વતંત્રતા'** રાખવામાં આવ્યું. આ ઠરાવ પાછળ વિદેશયાત્રાથી પાછા ફરેલા જવાહરલાલનો અદમ્ય ઉત્સાહ મુખ્ય કારણરૂપ હતો. પરંતુ ખુદ શ્રીમતી બિસેંટને પણ એ પગલું વાંધા ભરેલું ન લાગ્યું, કેમકે એ **ધ્યેય** પૂરતો ઠરાવ હતો, કોઈ તાત્કાલિક 'રાજકીય માંગ' ન હતી.

૧૯૨૮માં સાયમન કમિશનની નિષ્ફળતા પછી વાતાવરણ વધુ ધૂંધવાયેલું હતું.

## નહેરુ સમિતિની રચના

સાયમન કમિશનનો સાર્વત્રિક બહિષ્કાર થતાં હિંદી વજીર લૉર્ડ બર્કનહેડે હિંદના બધા રાજકીય પક્ષને અનુરૂપ થાય તેવું બંધારણ ઘડી આપવા પડકાર ફેંક્યો અને આવા મુસદ્દા પર યોગ્ય વિચારણા કરવાની જાહેરાત કરી. આથી હિંદી રાષ્ટ્રીય મહાસભાએ પડકાર ઉપાડી લીધો. તેણે 'સર્વપક્ષી પરિષદ' બોલાવી (ફેબ્રુઆરી ૧૯૨૮). તેમાં કોંગ્રેસ, મુસ્લિમ લીગ, હિંદુ મહાસભા, લિબરલ પાર્ટી, ખિલાફત સમિતિ અને હોમરુલ જેવી સંસ્થાઓ ઉપરાંત, શીખ, પારસી, ખ્રિસ્તી, દ્રવિડી સંગઠનો તથા વેપાર-ઉદ્યોગ ક્ષેત્રના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. લગભગ ત્રણ માસની ટૂંકી મુદતમાં તેણે ખરડો તૈયાર કર્યો અને તેને ફરી સર્વપક્ષી પરિષદ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેમાં એ અહેવાલ મુસ્લિમ લીગ સિવાય સર્વાનુમતે માન્ય થયો. લીગની અંદર તે બાબત વિખવાદ હોઈ તેનું સમાધાન થાય તે માટે ઝીણાએ ૧૪ મુદ્દાનો ખરડો રજૂ કર્યો. પરંતુ તે મૂળભૂત રીતે નહેરુ-હેવાલથી સાવ ભિન્ન અને વિરોધી જણાતાં 'સર્વપક્ષી સંમેલને' તે ખરડો નામંજૂર કર્યો.

કલકત્તામાં મળેલા (ડિસેમ્બર ૧૯૨૮) કોંગ્રેસ અધિવેશને બ્રિટિશ પાર્લામેન્ટને એક વરસની મુદત આપતાં જણાવ્યું કે આ અવધિ દરમ્યાન જો તે 'નહેરુ-હેવાલ'માં જણાવેલ બંધારણનો સ્વીકાર નહિ કરી લે, તો કોંગ્રેસ અહિંસાત્મક અસહકારનું આંદોલન શરૂ કરશે — દેશને કર ન આપવાની અને એવી બીજી ભલામણ કરશે.

એક વર્ષ વીતી ગયું. કંઈ જ ન થયું. ગાંધીજીએ કોઈપણ પગલું ભરતાં પહેલાં છેલ્લો દાણો ચાંપી જોવાની આશાએ વાઈસરોય લૉર્ડ ઈરવિનની મુલાકાત લીધી. વાઈસરોયે બંધારણીય શાસન આપવાની કાર્યવાહી પર ગોળમેજી પરિષદમાં કામ થશે, એવી ખાતરી આપવાનોય ઈન્કાર કર્યો.

કોંગ્રેસ માટે હવે સત્યાગ્રહની લડત સિવાય કોઈ બીજો માર્ગ ન હતો. તેણે તત્કાલ એવો નિર્ણય લીધો કે કોંગ્રેસે ચૂંટણીઓમાં ભાગ ન લેવો, સરકારી નોકરીઓ છોડવી અને અખિલ ભારતીય કોંગ્રેસ કારોબારી જ્યારે અને જ્યાં ઇચ્છે ત્યારે સવિનય કાનૂનભંગ, નાકર કે અસહકારની લડત શરૂ કરવી. વળી, કોંગ્રે

માગણીઓ મૂકી અને જણાવ્યું કે વાઈસરોય જો એ પૂરી કરશે તો લડત કરવાપણું નહિ રહે.

## પૂર્ણસ્વરાજના સત્ત્વરૂપ ગાંધીજીના ૧૧ મુદ્દા

(૧) સંપૂર્ણ દારૂબંધી; (૨) હૂંડિયામણનો દર ૧ રૂપિયા બરાબર ૧૬ પેન્સ; (૩) જમીન મ ૫૦ ટકા ઘટાડો; (૪) મીઠા પરનો કર નાબૂદ; (૫) મોટા પગારોમાં ઘટાડો; (૬) લશ્કરી ૫૦ ટકા ઘટાડો; (૭) વિદેશી કાપડની આયાત પર જકાત; (૮) દરિયાકાંઠાનો વેપાર હિંદીર અનામત; (૯) હિંસક ગુના સિવાયના બધા કેદીઓની મુક્તિ; અને દેશવટો ભોગવતી વ્યક્તિઓને ફરીથી પ્રવેશની છૂટ; (૧૦) ગુપ્તચર ખાતું બંધ; (૧૧) સ્વરક્ષણ માટે છૂટથી હથિયારોના પરવાના.

ગાંધીજીની આ માંગનો વાઈસરોયે કોઈ પ્રોત્સાહક જવાબ ના આપ્યો. હવે, પૂર્ણ સ્વરાજ લડત માટે બધા લોકોને રસ પડે, બધા લોકો જોડાય તેવું થવું જોઈએ. જમીન મહેસૂલ ન ( લડત માત્ર ખેડૂતોની બની રહે. વળી અમુક પ્રકારના કર અમુક પ્રકારના લોકો જ ભરે છે. **ગરીબ કે તવંગર બધાં જેના પર કર ભરે છે તે માત્ર મીઠું હતું.** માનવી એકલા મા પણ પશુઓ માટે પણ મીઠું વપરાય; વનસ્પતિ માટે પણ વપરાય. આમ, મીઠું દરેકને ઉપયોગી. બધાને લાગુ પડે એવી માંગ પર ચીટકીને, ગાંધીજીએ મીઠાની જ લડત ચલાવવાનો આદેશ આપ્યે

**ગાંધીજીને મન આ લડત 'લોકજાગૃતિનો પ્રયોગ' હતો.** લોકોને તેમના હકો માટે કરવા હતા અને લોકોમાં નીડરતા પ્રેરવી હતી. ગાંધીજીની યોજના અમદાવાદથી ૧૨મી માર્ચે નીકળીને એપ્રિલે દાંડી પહોંચવાની હતી (૨૫ દિવસમાં ૨૪૧ માઈલ). તેમની પદયાત્રાના માર્ગમાં ગામોમાં લોકજાગૃતિ આવે, લોકોનો સહકાર મળી રહે, માટે સરદાર વલ્લભભાઈ પટેલે બધાં જ ગ અગાઉથી જાતે જઈ પહોંચવાનું માથે લીધું. ઉપરાંત, સેંકડો સ્વયંસેવકોને તે કામમાં પરોવી યોજના કરી. પરંતુ કૂચ શરૂ થવા પૂર્વે જ, ૭મી માર્ચે સરદારની ધરપકડ સરકારે કરી. સરદારની ધ ગુજરાતની ખેડૂત. આલમમાં જુસ્સો પેદા કર્યો. રાસ ગામના લોકોએ તો પોતાના ગામમાંથી : વલ્લભભાઈની ધરપકડ થતાં નાકરની લડત આરંભી દીધી.

ગાંધીજીએ સાબરમતી આશ્રમના પોતાના ખાસ પસંદ કરેલા અને અહિંસાને વરેલા સાથીઓ–અંતેવાસીઓને લઈને કૂચ આદરી, ત્યારે આ યુગપ્રવર્તક ઘટનાને આવરી લેવા દેશપર પત્રકારો અને ફોટોગ્રાફરો અમદાવાદમાં આવી પહોંચ્યા હતા. તેમાંના કેટલાક તો સમગ્ર યાત્રામાં રહ્યા. ગાંધીજીએ ૧૨મી માર્ચે દાંડીના કિનારેથી ચપટી મીઠું ઉપાડ્યું. તેમનાં આ પગલાંએ દેશભરમાં ઉં ફેલાવી દીધી. દેશમાં ઠેર ઠેર કાયદાનો ભંગ શરૂ થયો. જ્યાં દરિયા કિનારો ન હતો પરંતુ ધરતીની ખારા પાણીના ધગધગતા કુંડ હતા ત્યાં લોકોએ તે પાણી કાઢીને, મીઠું પકવીને, લડત આપી. લાખો પ્રજાજનોએ પ્રતીક તરીકે પોતાના ઘરના પાણીમાં મીઠું નાખીને, ઓગાળીને ફરીથી ઉ મીઠું તૈયાર કર્યું! સરકારે દિવસો સુધી ગાંધીજીની ધરપકડ ન કરી. પરંતુ દાંડી કિનારે કાયદા કરનારા પર તો ઘોડા દોડાવાતા, લાઠીમાર થતો. ગાંધીજીએ હવે પકડાવા માટે નવો તરીકો અપ

દાંડી નજીક ધારાસણામાં મીઠાના સરકારી અગરો અને ગોડાઉન હતાં. ગાંધીજીએ કહ્યું કે, "હવા, પાણી પર જેમ સૌનો અધિકાર, તેમ મીઠા પર પણ સૌનો હક છે. સરકારે મીઠાનો સંગ્રહ કર્યો તે એ હક પર તરાપ છે" -આમ કહીને મીઠાના સરકારી અગર પર પોતે હલ્લો લઈ જવાનું નક્કી કરતી ખબર વાઈસરોયને આપી. સરકાર આવી પરિસ્થિતિમાં અરાજકતા ઊભી થાય તે વેઠી લેવા તૈયાર ન હતી. સરકારે પાંચમી મેના રોજ ગાંધીજીની ધરપકડ કરી.

મહાત્મા ગાંધીએ પોતાની ગેરહાજરીમાં લડતનું નેતૃત્વ સરોજીની નાયડુને અને ત્યારપછી અબ્બાસ-અલી તૈયબજીને લેવા માટે જણાવ્યું હતું. હવે, ગામે ગામ મોટા પાયા પર સવિનય કાનૂનભંગની લડત ચાલી. મીઠું તો સરકારી હકૂમતને પડકારવાનું એક નિમિત્ત માત્ર હતું. લોકોએ અફીણ, દારૂ અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ આદર્યું. આ નિમિત્તે ઠેર ઠેર પોલીસ સાથે અથડામણો થઈ. પોલીસે બળનો ઉપયોગ કર્યો, તો સત્યાગ્રહીઓએ દૃઢ આત્મબળ અને સહનશીલતા દાખવ્યાં.

ગાંધીજીની ધરપકડ પછી અલ્હાબાદમાં કોંગ્રેસ કારોબારીની બેઠક મળી. તેમાં સત્યાગ્રહનું કાર્યક્ષેત્ર વધારતો ઠરાવ થયો. આંધ્ર, પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં ખેડૂતોએ નાકરની લડત ઉપાડી. ગુજરાતમાં પણ ખેડા જિલ્લાએ આમાં અગત્યનો ભાગ ભજવ્યો. સરકારે મહેસૂલ વસૂલ કરવા માટે ખેડૂતોને ચોરામાં બોલાવીને માર માર્યો. જપ્તીમાં ઘરવખરીનો સામાન, ખાટલા, વાસણો વગેરે પણ કબજે કર્યાં; જમીનો કબજે કરી. ખેડા જિલ્લાના રાસ ગામની ૨૪૦૦ એકર જમીન સરકારે ખાલસા કરી. ખાલસા જમીનનો પાક લેવાનો ખેડૂતોને હક નહીં. પોતે વાવેલો, તૈયાર થવા આવેલો, પાક પોતે ના લઈ શકે એ ખેડૂત માટે કેવી કરુણ દશા ગણાય !

## અંગ્રેજ સરકારની બાલાઈ

પરંતુ આવી બધી કારવાઈ કરવા માટે સરકાર પાસે કોઈ કાનૂની જોગવાઈ ન હતી. તેથી તેણે ૧૮૨૭માં મરાઠા સરદારોની ખટપટો રોકવા માટે બનાવેલ કાયદા નં. ૨૫નો અમલ ૧૯૩૦માં ગુજરાતના સત્યાગ્રહી ખેડૂતોનાં ઘરવખરીથી માંડી જમીનજાગીરો પડાવી લેવા અમલી બનાવ્યો.

★

## રાસના ખેડૂતોની ચતુરાઈ

અહિંસા અને સત્યના પાયા પર મંડાયેલી લડતમાં ક્યાંક વહેવારુ ઉકેલ શોધીને ખેડૂતોએ પોતે જીવતા રહેવાના રસ્તા શોધ્યા. દા ત.

રાસના ખેડૂતોએ બાજુના ગામમાં ભવાઈનો કાર્યક્રમ ગોઠવ્યો. ગામના સરકારી રખા કે પોલીસોને પણ આમાં રસ પડે, તેથી તેય જોવા ગયા; બીજી બાજુ ખેડૂતો પોતાના ખેતરનો પાક રાત્રે લણી આવ્યા !

લડત તોડવા માટે પોલીસે જુલમ કરવામાં બાકી ન રાખ્યું ત્યારે ગુજરાતમાં રાસ ગામના ખેડૂતો બાજુના ગાયકવાડી હદનાં ગામોમાં રહેવા ગયા. સમગ્ર ગામે હિજરત કરી. ખેડૂતોએ ઠેર ઠેર એમની આગવી ખુમારીનાં દર્શન કરાવ્યાં. ખેડૂતપત્નીઓ પણ બાકી ના રહી. સરઘસોમાં તેમને લાઠી પડતી, ચોટલાય ખેંચાતા, છતાં લડત અતૂટ રહી.

લોકશાહી, માનવહકો વગેરેની વાતો કરતી અંગ્રેજ સરકાર સામે ભારતમાં ચાલતી અહિંસક લડતે સ્વિટ્ઝરલૅન્ડ જેવા, યુરોપની પૂર્ણ અને પ્રત્યક્ષ લોકશાહી ધરાવતા, દેશનું પણ ધ્યાન ખેંચ્યું. તેમના પ્રતિનિધિએ ભારતમાં આવીને, દેશભરમાં ઘૂમી વળીને, અંતે જણાવ્યું કે–

# વિદ્રોહની પૂર્વભૂમિકા

૧૭૬૪ : શાહઆલમ સામેના યુદ્ધ દરમિયાન નવાબે આપેલાં વચન મુજબ ફોજે વધુ પગાર અને ભથ્થું માગ્યું હતું. એ વચન તૂટતાં, આખી બટાલિયન દુશ્મન સાથે ચાલી ગઈ હતી. (પાછળથી વાળવામાં આવેલી, પરંતુ ૨૪ જણાને તોપને ગોળે ઉડાવ્યા પછી!)

૧૭૬૪ થી ૧૮૪૪ દરમિયાન આવી જ ફરિયાદો માટે સૈન્યે અનેક બંડો કર્યાં હતાં. ૧૮૪૯ માં પંજાબનો કબજો લઈ બેઠેલી સેનામાંય અસંતોષ જાગ્યો હતો.

* આ વરસના અંત સુધીમાં ૨૪ રેજિમેન્ટોને બળવા કરતાં પહેલાં દબાવી દેવામાં આવી હતી. સર ચાર્લ્સ નેપિયરના પોતાના હેવાલ મુજબ દબાવી દેવાનું કામ તેમણે જ કર્યું હતું; પરંતુ પૂરી સહાનુભૂતિથી તેમની માગણીઓ સંતોષી હતી. જો કે આ માટે ગવર્નર જનરલ ડેલહાઉસીએ તેને ઠપકો આપતાં તેણે પોતાનું પદ છોડી દેવાનું પસંદ કર્યું હતું.)

૧૮૦૬ . વેલોરમાં ટિપુ સુલતાનના નિર્વાસિત પરિવારના ટેકાથી ત્યાંના 'મદ્રાસ સૈન્ય'માં બંડ જાગ્યું હતું. તેમાં મુખ્ય કારણ **ધાર્મિક લાગણી** દુભાયાનું હતું. દા. ત., સૈનિકોને તેમના ધર્મનું તિલક કપાળે નહિ કરવાનું, દાઢી નહિ રાખવાનું, તેમનાં ફેંટા કે પાઘડી ને બદલે ચામડાની પટ્ટી-વાળા ટોપા પહેરવાનું ફરમાન થયું હતું...

૧૮૨૪ : બરાકપુરમાં બંડ થયું.

૧૮૨૫ : આસામમાં બંડ થયું.

આ બંને માટેનું કારણ એ હતું કે 'પ્રથમ બર્મી યુદ્ધ' દરમિયાન આ ટુકડીઓને દરિયા પાર જવાનું ફરમાન થયું હતું (હિંદુઓ એને 'પાપ' સમજતા હતા). આ યુદ્ધ દરમ્યાન, જ્યારે સૈન્યો અફઘાનિસ્તાનમાં હતાં, ત્યારે સિપાઈઓને અશુદ્ધ ખોરાક અને ગંદું પાણી આપવામાં આવેલ... તે વખતે બંડ થતાં રહી ગયું હતું.

## ૧૮૫૭ : વિદ્રોહનાં કારણો

૧. (ક) ૧૮૧૮માં છેલ્લા પેશ્વાએ ગાદી ગુમાવી ત્યાર સુધીમાં અંગ્રેજ કંપનીએ દગાખોરી અને દમનખોરીના જોરે અનેક દેશી રાજ્યોના પ્રદેશો પડાવી લીધા હતા. એમની સાથેના કુટિલ સંધિ-કરારોને કારણે રાજવીઓ 'કઠપૂતળી' જેવા બની ગયા હતા. આથી એમની અકળામણ ઘણી વધી હતી. (ખ) બ્રિટિશ સૈન્યે અફઘાન યુદ્ધમાં ભારે વિનાશ સહ્યો હતો. તેની અસર ધોઈ નાખવા તેમણે ૧૮૪૩માં સિંધ પર વિના કારણે આક્રમણ કર્યું. તેના પ્રત્યાઘાત પણ ગુંજવાના હતા. (ગ) ૧૮૪૯માં બ્રિટિશ સંરક્ષણ નીચે રહેતા પંજાબના બાલ-મહારાજાની ગાદી એક યા બીજા બહાને તેમણે પડાવી લીધી હતી, તેનો ગુંજવાટ હતો. (ઘ) ગવર્નર જનરલ ડેલહાઉસીએ 'વારસાહકના નવા સિદ્ધાંત'ને નામે, દત્તકપદ્ધતિ રદ કરીને, સતારા, નાગપુર અને ઝાંસી વગેરે નાનાં રજવાડાંને ઓહિયાં કરી લીધાં હતાં. બાજીરાવ બીજાના દત્તક પુત્ર નાના ધોંડુ પંતની ગાદી પણ પડાવી લીધી હતી. ૧૮૫૬માં અંગ્રેજોને વફાદાર નવાબ પાસેથીય અવધ છીનવી લેવાયું હતું. દેશી રાજ્યોની બિનસલામતીએ અંદરખાને ભારે રોષ પેદા કર્યો હતો.

૨. ૧૮મી સદીના અંતમાં ગવર્નર જનરલ કોર્નવોલિસે 'વહીવટી સુધારા'ના નામે હિંદીઓના ઊંચાં પદ પરના અધિકાર છીનવી લીધા હતા. દિવસો જતાં, અંગ્રેજ અમલદારો અને દેશી વહીવટદારો વચ્ચેની ખાઈ વધતી ગઈ હતી. વધુમાં ગોરાઓની તુમાખીને કારણેય અસંતોષ વધ્યો હતો.

૩. (ક) ૧૯મી સદીની અધવચ્ચે કંપની સરકારે દાખલ કરેલી કૃષિનીતિને કારણે અનેક જમીનદારોની બાપદાદાના સમયની જમીનો ઝૂંટવાઈ ગઈ હતી. એ જમીનો ગરીબ ખેડૂતોને વહેંચાઈ ન હતી; કંપની સરકારની માલિકીની બની હતી. આથી જમીનદારોમાં ભારે અસંતોષ હતો; (ખ) બાપદાદાના વખતથી 'બિન મહેસૂલી' જમીનના ખાતેદારોને માથે કરવેરા લાદીને સરકારી તિજોરી ભરપૂર કરવામાં આવી હતી; (ગ) ઈનામ કમિશનના ઠરાવના આધારે અનેક જાગીરદારોની વંશપરંપરાગત જમીનો કંપની સરકારે હસ્તગત કરી હતી; (ઘ) જમીન ખરીદ વેચાણ ઉપર ભારે નવા વેરા નાખીને જમીનદાર અને ખેડૂત બંનેની ઉપર ભારે બોજ લાદ્યો હતો. આ 'કૃષિ ક્રાંતિ'એ એક નવો બેકાર વર્ગ ઊભો કર્યો હતો; (ઙ) તાલુકદારો અને ગામોતિયાઓ વચ્ચે જે પરંપરાગત સંબંધ હતા તે નાબૂદ થતાં, નવી ગરીબી વધતાં, પરદેશીઓ સામે રોષ જાગ્યો હતો

૪. બ્રિટનની ઔદ્યોગિક ક્રાંતિના હિત માટે હિંદી ગ્રામોદ્યોગોને બરબાદ કરવામાં આવ્યા હતા. (જુઓ ખંડ ૧) આથી લોકો ગામેગામ ધૂંધવાતા રહ્યા હતા.

૫. (ક) ૧૮મી સદીમાં કંપની સરકારના વહીવટદારો ભારતીય સમાજ પ્રત્યે સમભાવ રાખતા હતા. તેમને પોતાના ધર્મ પ્રત્યે ઉત્સાહ હતો; પરંતુ હિંદુ ધર્મસ્થાનો કે વિવિધ મંદિરો પ્રત્યે ઉદારભાવથી વર્તતા હતા. ખ્રિસ્તી મિશનરીઓની વટાળ પ્રવૃત્તિ પર કાબૂ હતો. પરંતુ ૧૯મી સદી દરમિયાન તે નીતિ ફેરવાઈ ગઈ ને વટાળ પ્રવૃત્તિનું જોર વધ્યું હતું. (ખ) પશ્ચિમી સુધારક દૃષ્ટિએ અંગ્રેજોને હિંદુ (ધાર્મિક) રિવાજો અનિષ્ટ લાગ્યા તે તેમણે ફેરવ્યા કર્યા. દા. ત., સતી નાબૂદી ૧૮૨૯; વિધવા પુનર્લગ્ન ૧૮૫૬); પરંતુ એનાથી લોકલાગણી ઘવાઈ અને હિંદુ આગેવાનોના મનમાં ધર્મની બાબતમાં વિદેશી સરકારની દખલનો ભય ઊભો થયો હતો. (વાસ્તવમાં ૨૫૦ વર્ષ પૂર્વે અકબરે સતીનો ધારો નાબૂદ કર્યો હતો, ત્યારે હિંદુઓ તરફથી તેને સર્વસાધારણ આવકાર મળ્યો હતો !) (ગ) ૧૮૧૩ પછી ખ્રિસ્તી મિશનરીઓની ધર્માંતરની પ્રવૃત્તિ ફાલીફૂલી હતી. બજારો, શાળાઓ, હોસ્પિટલો અને જેલોમાં તેમના દાવ ખેલાતા થયા હતા. તેઓ ખ્રિસ્તી ધર્મની ગુણગાથા અને ઇતર ધર્મોની નિંદા પણ કરતા હતા; બાઇબલનું શિક્ષણ સરકારી શાળાઓમાં દાખલ કરાયું હતું; અનાથ બાળકો ખ્રિસ્તીઓને હવાલે સોંપાતાં હતાં. આ બધી પ્રવૃત્તિઓમાં કંપની સરકારનો ટેકો હતો. **આથી કેવળ હિંદુઓ નહિ, મુસલમાનોમાં પણ ભયની લાગણી ફેલાઈ હતી.** તેમાં વળી, ૧૮૫૦ના ૨૧મા કાનૂન મુજબ, ધર્માંતર કરી ગયેલાઓના વારસાહક્ક પણ સંરક્ષિત બનાવ્યા પછી, અંગ્રેજોની દાનત વિષે વધુ શંકાઓ સેવાતી થઈ હતી.

૬. (ક) કંપની સરકારના સૈન્યમાં બિન અંગ્રેજોની મોટી સંખ્યા હતી. તેમનો ઉપયોગ હિંદ બહારનાં હિતો સાચવવા માટે પણ થયો હતો, છતાં તેમનાં પદ, પગાર અને સગવડોની બાબતમાં અંગ્રેજ સૈનિકોની સરખામણીએ પારાવાર અન્યાય પ્રવર્તતો હતો. સૈનિકોમાં જે સહજ બિરાદરીની લાગણી ભાવના હોવી જોઈએ તેને બદલે ગોરાઓનું વર્તન ભારે તુમાખીભર્યું હતું. આથી દેશી સૈનિકો ખાસા અકળાયેલા હતા. (ખ) ૧૮૫૬માં હિંદી સૈનિકો માટે જરૂર પડતાં દરિયાપાર જવાનું કાનૂની બંધન દાખલ થતાં, તેમનેય ધાર્મિક બાબતોમાં (હિંદુઓ દરિયાપાર જવામાં 'પાપ' લેખતા હોઈને) ગોરાઓની દખલનો ભય વધ્યો હતો.

* વ્યાપક અસંતોષની આવી ભૂમિકા હતી જ, ત્યાં ૧૮૫૭ના જાન્યુઆરીમાં કલકત્તામાં દેશી સૈનિકોમાં એવી વાત ફેલાઈ કે જે નવા કારતૂસો દાખલ કરાયા છે તેમાં ગાય અને ડુક્કરની ચરબી વપરાઈ છે. મોઢા વડે સીલ તોડવા જતાં ધર્મભ્રષ્ટ બનવાના ભય જાગતાં હિંદુ તથા મુસ્લિમ સૈનિકોના ગુસ્સાનો પાર ન રહ્યો. સરકારે એ નવા કારતૂસો રદ કર્યા, પણ એ પગલાં તો દેશભરમાં રોષ ફેલાવી ગયા હતા.

૧૬મી ફેબ્રુઆરીએ બહેરામપુર ખાતેની પલટણે નવા કારતૂસ વાપરવાનો ઇન્કાર કર્યો. આથી પલટનને બરતરફ કરી દીધી; અને ૧૯મી માર્ચે મંગલ પાંડેએ તેના ઉપરી ગોરા અમલદાર પર હલ્લો કર્યો... માર્શલ લૉ અનુસાર તત્કાલ ફાંસી દેવાઈ ગઈ.

આ દરમિયાન યુક્ત પ્રાંતમાં વિદ્રોહની આગ ભભૂકી ઊઠી હતી. ૧૮૫૮ની અધવચ સુધીમાં તો ભારતભરમાં પ્રસરી ચૂકી હતી. **આરંભ 'સૈનિકોના બળવા' તરીકે થયો હોવા છતાં, તે જોત-જોતામાં સ્વાતંત્ર્ય સંગ્રામ રૂપે ફેરવાઈ ગયો હતો.**

હિંદુ-મુસ્લિમ સૈનિકોએ છેલ્લા વૃદ્ધ મોગલ બાદશાહ બહાદુરશાહને નેતાને સ્થાને રાખીને તેમના નેજા નીચે અંગ્રેજો સામે જંગ ખેલવાનું સ્વીકાર્યું, એ ક્ષણથી **ધાર્મિક લાગણીના હેતુ ખાતર શરૂ થયેલ બંડ સ્વતંત્રતાનો સંગ્રામ બની ગયું હતું.** ઉત્તર-પશ્ચિમ ભારત, અવધ અને બિહારમાં તો નાગરિકોએ સ્વતંત્ર રીતે માથું ઊંચું કર્યું હતું. આથી એ સ્થળોએ વિદ્રોહ પ્રમાણમાં લાંબો સમય ટક્યો હતો. દિલ્હીપતિ મોગલ બાદશાહ બહાદુરશાહેય પરિસ્થિતિ કળી જતાં, કેટલાક રાજા-નવાબોને અંગ્રેજો સામેના જંગમાં એક મોરચે જોડાવા આમંત્રણ મોકલ્યું; તેની સાથે જ જણાવ્યું હતું કે "બાદશાહ પોતે આ સંગઠનના હકમાં પોતાના અધિકાર જતા કરશે."

* આ રીતે મોગલ બાદશાહ રાષ્ટ્રીય એકતાના પ્રતીક બની ગયા.

આવા આ અવસરને વધાવી લઈને નાના ફડણવીસ, તાત્યા ટોપે, રાણી લક્ષ્મીબાઈ વગેરેએ મરણિયા બની જંગમાં ઝુકાવ્યું. અનેક જાગીરદારો પણ તેમાં જોડાયા.

૧૮૫૮ની અધવચ સુધીમાં કેમ જાણે, દેશ આખો સળવળી ઊઠ્યો હતો કેટલાંક સ્થળે કિસાનોએ જમીન-મહેસૂલ આપવાનું બંધ કરીને નવું ખમીર પ્રગટાવ્યું હતું.

* આમ, '૧૮૫૭નો બળવો' સામંતો, સિપાઈઓ અને કિસાનોનો ક્રાંતિકારી સંયુક્ત મોરચો બની ગયો હતો. સૈન્યોમાં વિદ્રોહનાં પ્રેરક સૂત્રો હતાં :

ખલ્કે ખુદા, મુલ્કે પાદિશાહ, હુકમે સિપાઈ

ખલ્ક ખુદાકા, મુલ્ક પાદશાહકા, રાજ રાની લક્ષ્મીબાઈકા...

આ વિદ્રોહને કચડી નાખવા માટે ભારે જલ્લાદી કારવાઈઓ થઈ હતી. પેશાવરના મુખ્ય અમલદાર માઈકેલ એડવર્ડ્સના શબ્દોમાં—

"મિરત અને દિલ્હીમાં યુરોપિયન નાગરિકોની પહેલ વહેલી કતલ થઈ તે ક્ષણથી અંગ્રેજોએ 'સંસ્કારિતા'નો અંચળો ફગાવી દીધો હતો; અને તેમણે જે કરપીણ યુદ્ધમાર્ગ અપનાવ્યો શંકાસ્પદ તેમાં બંડખોર માટેય કોઈ રાહત ન હતી...એ દિવસોમાં અંગ્રેજો માટે 'ન્યાય' એ ગંદો શબ્દ બન્યો હતો; અને 'વિવેક બુદ્ધિ' તથા 'માનવતા' સ્ત્રૈણ ચંચળતા લેખાઈ હતી.

●

"આખા હિંદમાં હું જ્યાં જ્યાં ફર્યો છું, ત્યાં ત્યાં મેં બધી જાતના અને
ના લોકો જોયા છે. અને એમની સાથે વાતો કરી છે. મને એકપણ માણસ આ
. એવો નથી મળ્યો કે જે હિંદને સ્વતંત્ર થયેલું જોવા ઇચ્છતો ન હોય. આખા
। સ્વતંત્ર થવાની આ ઇચ્છાને કોઈ ખતમ કરી શકે તેમ નથી."

કારે લડતને કચડી નાખવા માટે છાપાંઓ પાસે મોટી મોટી રકમની જામીનગીરી માંગી. આથી
બંધ પડયાં, તો કેટલાંક અનામત ગુમાવવાના ભયે સરકાર વિરોધી લખી ન શકયાં. સરકારી
તંત્ર પણ સરકાર વિરોધી સમાચારો કે છાપાં ન પહોંચાડે. પ્રેસમાં સરકાર વિરોધી લખાણ જાય
. જપ્ત થાય. આથી ઠેર ઠેર ગુપ્ત પત્રિકાઓ બહાર પડવા લાગી, જેની સાઈકલોસ્ટાઈલ્ડ
નીકળતી. ગુપ્ત રીતે સ્વયંસેવકો એ વહેંચતા. નકલો ઓછી પડે તો હાથે લખીને પણ તેનો
કરતા.

બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં ચોકીદારી કર ન ભરવાની લડત ચાલી; તો મધ્યપ્રદેશ,
ાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનમાં જંગલના કાનૂનો તોડતા જંગલ સત્યાગ્રહો પણ થયા.
એ બહિષ્કારને વધારે વ્યાપક રૂપ આપ્યું. વિદેશી કાપડ જ નહીં, વિદેશી માલ લેવાનું પણ
થયું. શહેરોમાં વિદેશી જહાજી કંપનીઓનો બહિષ્કાર, બેંકોનો બહિષ્કાર અને વીમા કંપનીઓનો
હિષ્કાર થયો. આમ, અંગ્રેજો પર બધા પ્રકારનું દબાણ આવવા લાગ્યું.

* * *

ભારતમાં ૧૯૦૫–૧૯૦૮માં બંગભંગની લડત નિમિત્તે સ્વાતંત્ર્યની લડતનો પ્રથમ જુવાળ આવ્યો
તો. બાદ ૧૯૨૧–૨૨નો બીજો તબકકો અસહકારની લડતનો આરંભાયો પણ અધૂરો મુકાયો હતો.
.૯૩૦–૩૨ની લડતનો ત્રીજો તબકકો પ્રમાણમાં વધારે વ્યાપક હતો. આ સમયગાળો વિશ્વની પ્રજાઓ
ાાટે પણ મહત્ત્વનો હતો. મૂડીવાદી ગણાતા દેશોય ત્યારે 'સમાજવાદ' તરફ સરતા જતા હતા, તો
ારાધીન પ્રજાઓનું 'મુક્તિયુદ્ધ' વેગીલું બનતું હતું. ભારતમાં પણ એકલા બુદ્ધિજીવી કે ઓછાડુ
ર્ગની જ આ લડાઈ રહી ન હતી. ખેડૂતો અને શ્રમજીવીઓ મોટા પાયાપર સંગઠિત
મન્યા હતા. મજૂરોની હડતાળો પર દષ્ટિ નાખતાં ખાસું ચિત્ર ઊપસે છે :

ગાંધીજીની ધરપકડના બીજે દિવસે દેશવ્યાપી હડતાલ પડી; તેમાં મુંબઈ, કલકત્તા, મદ્રાસ કે અમદાવાદના શ્રમજીવીઓનું પ્રદાન નાનું ન હતું. મુંબઈની ૮૦ મિલોમાંથી ૪૦ મિલો બંધ રહી હતી.

એકલા મિલમજૂરો જ નહીં પણ જી. આઈ. પી. રેલ્વે અને બી. બી. એન્ડ. સી. આઈ. રેલ્વેનાં કારખાનાંના મજૂરો પણ હડતાલ પર રહ્યા હતા. મુંબઈના આ મજૂરોનું નેતૃત્વ લાલવાવટા મંડળ અને કિસાનમજૂર પાર્ટી કરતી હતી.

૧૯૨૧ માં કુલ ૩૦૬ હડતાલ અને તાળાબંધી થઈ હતી. અને તેમાં ૬૯,૮૪,૪૨૬ માનવ-દિવસનો વ્યય થયો હતો. ૧૯૨૮ માં ૨૦૩ હડતાલ કે તાળાબંધીની ઘટનાઓ બની, છતાં તેમાં ૩૧૬,૪૭,૪૦૪ માનવ દિવસોનો વ્યય થયો હતો. ૧૯૨૯ માં ૧૪૧ હડતાલો કે તાળાબંધીમાં ૧૨૧,૬૫,૬૯૧ માનવ દિવસો નિરર્થક ગયા. આ બધાનો સાર એ હતો કે હડતાલની સંખ્યા ઘટવા છતાં એ હડતાલો સંગઠિત હોવાથી વધુ લાંબો સમય ટકી શકી.

દેશના ખેડૂતોની અકળામણનું ચિત્ર પણ ઓછું કઠોર નથી. આર્થિક સંકટના કારણે ખેડૂતોમાં વ્યાપક અસંતોષ હતો. ખેતપેદાશના ભાવો ઘટયા હતા; તેથી ખેડૂતો જમીનદારોને સાંથ ભરી શકતા ન

હતા. ખેડૂતઆંદોલને અવધમાં ઉગ્રરૂપ ધારણ કર્યું હતું. ફક્ત અલ્હાબાદ જિલ્લામાં ૧૯૩૦-૩૧ માં ૧૨,૦૦૦ ખેડૂતોને જમીન પરથી દૂર કરાયા હતા. બંગાળ, મહારાષ્ટ્ર, બિહાર વગેરેમાં પણ આવી જ દશા હતી. અતિ વ્યાપક જુલમો—અન્યાયોના અસંતોષે આંદોલનને વેગ આપ્યો.

* સરકારી આંકડા મુજબ ૯૦,૦૦૦ વ્યક્તિને સજા કરવામાં આવી હતી—અને આ બધું જ્યારે બ્રિટનમાં સમાજવાદના ઝંડાધારી મજૂરપક્ષની સરકાર સત્તા પર હતી ત્યારે થયું હતું !

## સમાધાનના પ્રયત્નો

બેશુમાર દમન છતાં અંગ્રેજ સરકાર સવિનય કાનૂનભંગના આંદોલનને ન કચડી શકી. આ અહિંસક આંદોલનની સાથે સાથે બંગાળ, પંજાબ, ઉત્તર પ્રદેશ વગેરે સ્થળોએ સરકારવિરોધી હિંસક પ્રવૃત્તિ ફરીથી જોર પકડવા લાગી. **૧૯૩૦ના અંતિમ દિવસોમાં તો હિંસક પ્રવૃત્તિ એની ચરમ સીમાએ પહોંચી.** એક પણ દિવસ એવો ન જાય કે જ્યારે ક્યાંક એકાદ બોંબ ન ફૂટ્યો હોય કે કોઈક અંગ્રેજ પર ઘાતક હુમલો ન થયો હોય. અંગ્રેજોને જ નહિ, વિચારવંત અને ભદ્ર વર્ગોને પણ ચિંતા થવા લાગી કે રશિયા જેવી હિંસક ક્રાંતિ તો ભારતમાં નહીં થાય ને? બીજી બાજુ, અંગ્રેજોના ભારતમાંના દમન સામે દેશપરદેશમાં નિંદા—ટીકા વધી રહી હતી. ભારતની સમસ્યાના ઉકેલ માટે લંડનમાં ગોળમેજી પરિષદ બોલાવવામાં આવી. અગાઉ સ્વરાજ પક્ષે આવી પરિષદ દ્વારા રાષ્ટ્રનો પ્રશ્ન ઉકેલવાની માગ કરી હતી જ.

પરંતુ દેશના કોંગ્રેસી આગેવાનો જ્યારે જેલમાં હતા ત્યારે ગોળમેજી પરિષદમાં ભાગ લેવાનું કોંગ્રેસ માટે શક્ય ન હતું. ડૉ. જયકર અને તેજબહાદુર સપ્રુએ ગોળમેજી પરિષદમાં ગાંધીજી ભાગ લે તે માટે ભારે પુરુષાર્થ કર્યો. તેમણે વાઇસરૉય લૉર્ડ ઇરવિનની અને જેલમાં ગાંધીજીનીય મુલાકાત લીધી. ગાંધીજી પોતાના સાથીદારો સાથે મંત્રણાઓ કરીને નિર્ણય લઈ શકે તે માટે દેશની વિવિધ જેલોમાં કેદ રખાયેલા રાષ્ટ્રના અગ્રણી નેતાઓને સરકારે યરવડા જેલમાં ભેગા કર્યા. તેમણે વાઈસરૉયને એક પૂર્વ શરત જણાવી—

* હવે કોંગ્રેસ 'સંપૂર્ણ સ્વતંત્રતા'ને વરેલી હોઈને, બ્રિટિશ સામ્રાજ્યમાંથી ભારતના છૂટા પડવા અંગેય ગોળમેજી પરિષદમાં મુક્ત ચર્ચા થાય તેવી ખાતરી માગી; તથા એક નિષ્પક્ષ અદાલતી પંચ માગ્યું. જવાબમાં વાઈસરૉયે સામેથી એવો આરોપ મૂક્યો કે કોંગ્રેસે દેશમાં અરાજકતા ફેલાવી છે. આથી વાટાઘાટો તૂટી પડી. કોંગ્રેસ માટે ગોળમેજી પરિષદમાં ભાગ લેવાનું ન રહ્યું.

કેવી વિચિત્રતા કે એક બાજુ જ્યારે ભારતમાં હિંસક ઉત્પાતો વધી રહ્યા હતા, અને અહિંસક કાનૂન ભંગની લડત સામે સરકારેય હિંસક દમનદોર અખત્યાર કર્યો હતો, ત્યારે બીજી બાજુ, લંડનમાં એ જ બ્રિટિશ સત્તાએ કોંગ્રેસને અવગણીને ભારતના ભાવિ બંધારણની વિચારણા માટે ગોળમેજી પરિષદ બોલાવી હતી ! ૧૨મી નવેમ્બર ૧૯૩૦થી ૧૯૩૧ના જાન્યુઆરીની ૧૯મી સુધી ચર્ચાનું વલોણું ચાલ્યું. બ્રિટિશ સરકાર સંરક્ષણ અને વિદેશનીતિ પોતાની પાસે રાખીને પ્રાંતો અને કેન્દ્રમાં 'જવાબદાર શાસન' સ્થાપવા તૈયાર હતી; પણ એને માટે પણ કોઈ સમય મર્યાદામાં બંધાવા તૈયાર ન હતી. વળી, દલિતો, મુસલમાનો, શીખો, ખ્રિસ્તીઓ, કામદાર સંઘો, વેપારી સંઘો, હિંદુમહાસભા બધાંએ અલગ પ્રતિનિધિત્વની માગણી કરી હતી. **કોઈને સમગ્ર ભારતનો કે ભારતીય એકતાનો ખ્યાલ યા ગરજ હોય તેવું દેખાતું ન હતું. ભારતીય જનતાનું સમગ્ર રીતે પ્રતિનિધિત્વ કરી શકે તેવી કોંગ્રેસની ગેરહાજરીમાં પ્રથમ ગોળમેજી પરિષદ એકડા વિનાનાં મીંડાં જેવી નિષ્ફળ બની રહી.**

# લંડનમાં મહાત્માની હળવી પળો

(૧૩–૯–૩૧ થી ૫–૧૨–૩૧)

* લંડન ઊપડતી વખતે સામાન તપાસનાર જકાતી અમલદારને ગાંધીજીએ કહ્યું : "હું તો ગરીબ ભિખારી છું. મારા સરંજામમાં છે—છ રેંટિયા, જેલનાં તાંસળાં (તેય, છેલ્લી જેલ વખતે માગી લીધેલાં), બકરીના દૂધનો ડબ્બો, છ લંગોટીઓ અને ટુવાલ...અને મારી આબરૂ—જેની બહુ કીમત હશે નહિ.

**પ્રશ્ન** : તમે આ લંગોટી પહેરીને લંડનમાં ફરશો ?

**જવાબ** : તમે તમારા દેશ (વિલાયત)માં 'પ્લસ ફોર્સ' પહેરો છો, હું 'માઈનસ ફોર્સ' પસંદ કરું છું (૨૯-૮-૩૧)

* દુનિયાને આધ્યાત્મિક સંદેશો આપતું પ્રવચન ગ્રામોફોન કંપનીએ રેકર્ડ કર્યું; ગાંધીજીએ અર્ધા કલાકના પાંચ હજાર પાઉ કમાઈ લીધા (૧૭–૧૦–૩૧).

* ગાંધીજી માટે જોઈતું દૂધ જે બકરીઓનું મોકલવામાં આવતું તેમાંની શ્રેષ્ઠનું નામ 'મહાત્મા ગાંધી' પાડવામાં આવ્યું.

* 'ગ્રોવનર હાઉસ' હોટલમાં 'શાકાહારી' સંસ્થા તરફથી આપવામાં આવેલ દારૂના નહિવત્ અર્કવાળા સફરજનનો રસ પીધો (૩૦—૧૦—૩૧).

* સમ્રાટ જ્યોર્જ પાંચમાએ ગોઠવેલા સત્કાર સમારંભ માટેની આમંત્રણ પત્રિકામાં 'મોર્નિંગ ડ્રેસ' પહેરીને આવવું એમ જણાવેલું. ગાંધીજીએ જવાબમાં લખ્યું : "અમે અમારા ચાલુ પોશાકમાં આવીશું". ખરે જ, ગાંધી ઉઘાડા માથે અને લંગોટી (કચ્છ)માં જ હતા, અને શરીરે શાલ ઓઢેલી (૫–૧૧–૩૧).

* રેવ. ફ્રેડ ફિશર નામના એક પાદરીએ અમેરિકાની મુલાકાત લેવા ૧૨૦ ડોલર ખર્ચીને ગાંધીજીને તાર કર્યો. ગાંધીજીએ જવાની અશક્તિ દર્શાવી. કરેલા ખરચ અંગે જણાવ્યું : "આ ઠીક નથી, આટલા પૈસા એટલાંટિક મહાસાગરમાં નાખવાને બદલે એનો વધુ સદુપયોગ થઈ શક્યો હોત (૧૭–૧૧–૩૧).

## બીજી ગોળમેજી પરિષદ

પહેલી ગોળમેજીનો ઉપસંહાર કરતી વેળાએ (૧૯૩૧ની ૧૯મી જાન્યુઆરીએ) હિંદને 'સાંસ્થાનિક સ્વરાજ' આપવાની ઈચ્છા બ્રિટનના વડાપ્રધાને જાહેર કરી. આ અંગે વિચારણા કરવાની તક મળે તે હેતુથી, ગાંધીજીને અને કોંગ્રેસની કારોબારીના સભ્યોને ૨૬મી જાન્યુઆરીના રોજ બિનશરતે છોડી મૂકવામાં આવ્યા. સર તેજબહાદુર સપ્રુ અને જયકરના પ્રયાસોને લીધે ગાંધીજી અને લોર્ડ ઇરવિન વચ્ચે મંત્રણા થઈ. તેના અંતે ગાંધીજીએ સવિનય કાનૂનભંગનું આંદોલન મુલતવી રાખવાનું અને બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જવાનું સ્વીકાર્યું. પરંતુ વિદેશી કાપડના બહિષ્કારનું રાજકીય સ્વરૂપ દૂર કરવું અને જરૂર લાગે તો આર્થિક ઉન્નતિનાં પગલાં તરીકે એનો ઉપયોગ કરવો, દારૂ અને કાપડ સામેનું પિકેટિંગ કાયદાની મર્યાદામાં રહીને કરવું — આટલી બાબતોનું 'સ્વાતંત્ર્ય' સાચવ્યું. વધુમાં સરકારે દમન બંધ કરવામાં આવશે, જ્યાં મીઠું બનતું હોય ત્યાં પોતાના ઉપયોગ માટે કે પોતાના ગામમાં જ વેચવા માટે બનાવવાની છૂટ આપવામાં આવશે, સરકાર જપ્ત કરેલી મિલકતો પાછી આપશે, સત્યાગ્રહીઓને છોડવામાં આવશે (હિંસક આરોપો હેઠળના કેદીઓને છોડવામાં નહીં આવે)—એ પ્રકારે સ્વીકાર્યું.

*પરંતુ ઉપર મુજબના ગાંધી–ઇરવિન કરારમાં મહાત્મા ગાંધી કે કોંગ્રેસને કોઈ મોટી નક્કર સિદ્ધિ પ્રાપ્ત નથી થઈ, કોંગ્રેસે લગભગ 'આત્મસમર્પણ' કર્યું છે, તેવું કોંગ્રેસના ઉદ્દામોને લાગ્યું.

વધુમાં, વાઈસરોયના અધિકારમાં હતું તેય ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ જેવા દેશના પ્રથમ પંક્તિના ક્રાંતિવીર રાષ્ટ્રભક્તોને ફાંસીથી બચાવવાનું ગાંધીજી ન કરાવી શક્યા. ગાંધી–ઇરવિન કરારના ૧૮ દિવસ બાદ, અને કરાંચી કોંગ્રેસના અધિવેશનના ફક્ત બે દિવસ પહેલાં, આ રાષ્ટ્રભક્તોને ફાંસી આપવામાં આવી ! નવી પેઢીમાં આથી ખૂબ રોષ જન્મ્યો. બીજી બાજુ, ગાંધીજીએ લોર્ડ ઇરવિન સાથે સમજૂતી કરીને મેળવ્યું હોય તો તે એક જ : કોંગ્રેસનો રાજકીય દરજ્જો માન્ય કરી કોંગ્રેસના પ્રતિનિધિને સમોવડિયો ગણીને, વાઈસરોયે તેની સાથે કરાર કર્યા એ જેવી તેવી પ્રતિષ્ઠા ન ગણાય. સરકાર સામે લડતમાં ઊતરેલી સંસ્થાનો આવો સ્વીકાર પહેલી જ વાર થયો હતો.

૧૯૩૧ ના માર્ચને અંતે કરાંચીમાં સરદાર વલ્લભભાઈના પ્રમુખપદે કોંગ્રેસના અધિવેશનમાં ગાંધી–ઇરવિન કરારને મંજૂરી આપતો ઠરાવ પસાર થયો અને ગાંધીજીને કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે બીજી ગોળમેજી પરિષદમાં મોકલવાનું સ્વીકારાયું. જો કે કોંગ્રેસના કેટલાક યુવાનોએ કરાંચીમાં 'ગાંધી પાછો જા, અમારે ભગતસિંહનો ખૂની ન જોઈએ' વગેરે સૂત્રો પોકાર્યાં.

★

ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં ગયા (ઑગસ્ટ, ૨૯, ૧૯૩૧), ત્યારે બ્રિટનમાં મજૂર પક્ષની સરકાર મટી ગઈ હતી અને મિશ્ર સરકારના વડા તરીકે એના એ જ વડાપ્રધાન રામ્સે મેકડોનાલ્ડ હતા. ગોળમેજી પરિષદમાં સફળતાની આશા ન હતી. એક બાજુ, રાષ્ટ્રની વાતો કરનાર ગાંધીજી અને બીજી તરફ પોતાની કોમ–જાતિ કે સંપ્રદાયના હિતો માટે બોલનારા પ્રતિનિધિઓ વચ્ચે મેળ ખાય તેમ ન હતું. લઘુમતીઓ અને હરિજનો માટે અલગ બેઠકોના પ્રશ્ને ગોળમેજી પરિષદમાં ભંગાણ પડ્યું. ઠાલા હાથે ગાંધીજી પાછા ફર્યા (૨૮–૧૨–૧૯૩૧). પરિષદ નિષ્ફળ જાય તે અને ગાંધીજી ભારતમાં પાછા આવે ત્યારે તેઓ કંઈ જ કરી ન શકે તે રીતની યોજના સામ્રાજ્યવાદીઓએ કરી રાખી હતી. ગાંધીજીની ગેરહાજરીમાં દેશમાં દમનનો દોર ચલાવ્યો હતો. બારડોલીના ખેડૂતોના પ્રશ્નમાં સહાનુભૂતિપૂર્વક વર્તવાનું સરકારી વચન પળાયું ન હતું. ઉત્તર પ્રદેશમાં કિસાનો પરના કરવેરામાં કશી રાહત અપાઈ ન હતી. એટલું જ નહીં,

માટેના આંદોલનકારોની તાકાત તોડવા માટે જવાહરલાલ નહેરુ, પુરુષોત્તમદાસ ટંડન અને શેરવાનીની ધરપકડો કરી હતી. આ અરસામાં સરહદ પ્રાંતમાં ખાન અબ્દુલ ગફારખાન અને ડૉ. ખાન સાહેબે 'ખુદાઈ ખિદમતગાર' નામની અલગ સંસ્થા સ્થાપી હતી. પાછળથી તેઓ સત્યાગ્રહી બનીને કોંગ્રેસ સાથે જોડાઈ ગયા હતા. તેમની પર પણ જુલમ કરવામાં આવ્યો હતો; અને બન્ને ભાઈઓની ધરપકડ કરવામાં આવી હતી.

ગાંધીજીએ ભારત આવતાં જ લૉર્ડ ઇરવિનના અનુગામી વાઇસરોય લૉર્ડ વિલિંગ્ડનની મુલાકાત માગી. કડક નીતિના હિમાયતી લૉર્ડ વિલિંગ્ડને મુલાકાત ન આપી. કોંગ્રેસ કારોબારીએ લડત ચાલુ રાખવા ઠરાવ્યું. ગાંધીજીએ રાષ્ટ્રને અગ્નિ–પરીક્ષાનો સામનો કરવાની હાકલ કરી.

બીજી બાજુ, જે લીગે ૧૯૨૮માં કોંગ્રેસની જેમ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો હતો, તેણે હવે સરકારને સાથ આપ્યો. આમેય, સવિનય ભંગની લડતના આરંભથી જ મોટા ભાગના મુસલમાનો આંદોલનથી અળગા રહ્યા હતા. મહંમદઅલી ઝીણાએ આનું કારણ આપતાં જૂનું જ ગાણું ગાયું : "અમે મિ. ગાંધી (હવે, 'મહાત્મા' નહિ) સાથે સામેલ થવા નથી માગતા; કારણ **ગાંધીનું આંદોલન ભારતની 'પૂર્ણ સ્વતંત્રતા' માટે નહીં, પણ સાત કરોડ મુસલમાનોને હિંદુ મહાસભાના આશ્રિત બનાવવા માટે છે**". (ટા. ઑ. ઈ. ૨૪–૪–૧૯૩૦)

* મુસ્લિમ લીગના સહકારથી અંગ્રેજોની દમન કરવાની હિંમત વધી. ૧૯૩૨ના પ્રથમ ચાર માસમાં ૮૦,૦૦૦ માણસોને કેદમાં પૂર્યા અને ૧૯૩૩ના અંત સુધીમાં એ આંકડો એક લાખ અને વીસ હજારે પહોંચ્યો. પરંતુ છ અઠવાડિયામાં આંદોલન કચડી નાખવાનો નિર્ણય કરનાર વિલિંગ્ડન ૨૯ માસ સુધી આંદોલનને ન કચડી શક્યા !

૧૯૩૨ના જાન્યુઆરીમાં સરકારે ગાંધીજી અને સરદારને પકડી લીધા, જો કે પછીય લોકલડત બંધ પડી ન હતી. પરંતુ **નેતાઓની ગેરહાજરીમાં 'ત્રાસવાદી' પ્રવૃત્તિ વળી વધી** પડી. ટપાલના ડબ્બાઓમાં ફોસ્ફરસ નાખીને પત્રો બાળી મૂકવાના, ગમે ત્યારે સાંકળ ખેંચીને ગાડીઓ થોભાવવાના કાર્યક્રમો થતા રહ્યા. શાંતિમય લડતને વેગ આપવા માટે ૧૯૩૨ના એપ્રિલમાં રણછોડલાલ અમૃતલાલ શોધનના પ્રમુખપદે દિલ્હીમાં ભરાયેલા કોંગ્રેસના અધિવેશનમાં અહિંસક લડત આગળ ચલાવવાનો ઠરાવ કરવામાં આવ્યો. અલબત્ત, સરકારે બેઠક ભરવાની ના પાડી હતી. બેઠકમાં ભાગ લેનારા સૌની ધરપકડ કરી.

બીજી બાજુ, સરકારે ગોળમેજી પરિષદનો દોર ચાલુ રાખ્યો હતો. તેમના ભાષણમાં વડાપ્રધાન મેકડોનાલ્ડે કહ્યું હતું : "જો સાંપ્રદાયિક સમસ્યાનો પરિષદમાં નીવેડો નહિ આવે તો સરકાર પોતે યોગ્ય નિર્ણય લેશે"—જો કે ત્યારે જ ગાંધીજીએ હરિજનોને અલગ લઘુમતી જૂથ ગણીને અલગ મતાધિકાર આપવાનો નિર્ણય લેવાશે તો તેઓ તેમના પ્રાણના ભોગે પડકાર આપશે એવી સ્પષ્ટ ચેતવણી આપી હતી. પણ અંગ્રેજોને તો ભાગલા પાડીને રાજ કરવામાં જ રસ હતો. આથી વડાપ્રધાન રામ્સે મેકડોનાલ્ડે હરિજનો માટે અલગ મતદાર મંડળોની યોજના જાહેર કરી દીધી જ. ગાંધીજી માનતા હતા કે આથી હિંદુ જાતિ અને હિંદ દેશ છિન્નભિન્ન થયા વગર નહીં રહે. તેથી તેમણે, પોતે જેલમાં હોવા છતાં, પોતાની બધી **નૈતિક અને આધ્યાત્મિક** શક્તિ તેની સામે મૂકી દીધી. ચુકાદો ન બદલાય ત્યાં સુધીના આમરણાંત ઉપવાસ શરૂ કર્યા (તા. ૨૦–૯–૩૨).

ગાંધીજીના ઉપવાસથી દેશમાં હલચલ મચી ગઈ. પંડિત મદનમોહન માલવિયાએ સમસ્યાનો રસ્તો શોધી કાઢવા 'હિંદુ સંમેલન' બોલાવ્યું. આમાં ડૉ. ભીમરાવ આંબેડકર, જે હરિજનો માટે અલગ મતદાર મંડળના આગ્રહી હતા તેઓ, તથા પુરુષોત્તમદાસ ટંડન, ઘનશ્યામદાસ બિરલા, સર ચુનીલાલ મહેતા,

તેજબહાદુર સપ્રુ, એમ. સી. રાજા, રાજગોપાલાચારી વગેરે હાજર રહ્યા. પાંચ દિવસના આ સંમેલનને અંતે સૌ એકમત થયા.

અસ્પૃશ્યતા હિંદુધર્મનું લાંછન હોઈને, તેને સદંતર દૂર કરવાનો નિર્ણય લીધો; અને રાજકીય પ્રતિનિધિત્વની બાબત એવું ઠરાવ્યું કે — હરિજનોને અલગ બેઠકો આપવી, પરંતુ અલગ મતાધિકાર નહિ. અલબત્ત, આથી બ્રિટિશ કોમી ચુકાદા મુજબ આપવાની ૭૧ બેઠકોને બદલે હરિજનોને ૧૪૮ બેઠકો આપવાનું આવ્યું. બ્રિટિશોએ પણ હિંદુઓ, આંબેડકર તથા ગાંધીજી— સર્વને માન્ય થયેલો ચુકાદો સ્વીકારી લીધો અને ગાંધીજીએ ઉપવાસ છોડ્યા (૨૬—૯—૩૨). હિંદુઓના સવર્ણ આગેવાનો અને હરિજન નેતાઓ વચ્ચે થયેલી આ સમજૂતી 'પૂના–કરાર' તરીકે જાણીતી થઈ. આ પછી જેલમાં રહી હરિજનોની સેવા થઈ શકે તેને અંગેની સગવડ સરકારે પાછી ખેંચી લેતાં, ગાંધીજીએ વળી પાછા ઉપવાસ શરૂ કરવાની વાત કરી. તેમાં સમાધાન થતાં ગાંધીજીએ, સરકારની રજા લઈને, હરિજન–પત્રો શરૂ કર્યાં. ગાંધીજીનાં ઉપવાસ અને સમજૂતીને કારણે દેશભરમાં જાણીતાં એવાં મંદિરો હરિજનોના પ્રવેશ માટે ખુલ્લાં મુકાયાં અને અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિએ જોર પકડ્યું.

## કલકત્તા કોંગ્રેસ અને સત્યાગ્રહ મોકૂફી

નેતાઓ જેલમાં હતા, છતાં લડત ચાલુ હતી. આ અરસામાં ૧૯૩૩ના એપ્રિલમાં કોંગ્રેસના અધિવેશનના પ્રમુખ માલવિયાજીને કલકત્તા પહોંચતાં પહેલાં રસ્તામાં જ પકડી લેવાયા અને પ્રતિનિધિઓનેય કલકત્તા પહોંચતાં રોકવા માટે સરકારે બધું જ કર્યું, છતાં ૨૨૦૦ પ્રતિનિધિઓ કલકત્તા પહોંચવા નીકળી ચૂકયા હતા, જેમાંથી ૧૦૦૦ તો કલકત્તા પહોંચ્યા જ. શ્રીમતી નલિની સેનગુપ્તાની અધ્યક્ષતામાં આ બેઠકમાં 'પૂર્ણ–સ્વરાજ'નું ધ્યેય ફરીથી જાહેર કરાયું. સત્યાગ્રહ ચાલુ રાખવા અને 'બહિષ્કાર' અમલી બનાવવા લોકોને અપીલ કરી. અધિવેશનમાં પોલીસે ભારે લાઠીમાર કર્યો અને ત્યાં હાજર રહેલા અનેક આગેવાનોની ધરપકડ કરી.

બીજી બાજુ, જેલમાં પડેલા ગાંધીજીએ તો હરિજન પ્રવૃત્તિને જ કેન્દ્રમાં રાખી. એને લીધે સવિનય ભંગની લડત ઠંડી પડી. લડતની શિથિલતા માટે એક બીજું કારણ પણ ઉમેરાયું હતું. સરકારના અપાર દમનને કારણે ગુપ્ત યોજનાઓ દ્વારા લડત ચલાવવાનું વલણ વધ્યું હતું. તે સત્યાગ્રહના મૂળભૂત સિદ્ધાંતથી વિરોધી હતું. ગાંધીજીને જેલવાસ દરમ્યાન આની જાણકારી થતાં, તેમની સૂચના અનુસાર, બહારના નેતાઓએ પરિપત્ર દ્વારા ગુપ્ત પ્રવૃત્તિઓ બંધ કરવાની ઇષ્ટતા જણાવી.

આમ, એકંદરે લડત ઢીલી પડી. બીજી બાજુ, ગાંધીજીએ અસ્પૃશ્યતા–નિવારણ માટે, પોતાની વિશેષ આત્મશુદ્ધિ માટે જેલમાં ૨૧ દિવસના ઉપવાસ આરંભ્યા (૮—૫—૧૯૩૩). સરકારે તે જ દિવસે 'ઉપવાસનું સ્વરૂપ' અને તે વિષેની 'ગાંધીજીની દષ્ટિ' લક્ષમાં લઈને તેમને છોડી મૂકયા.

આ પછી ગાંધીજીએ સત્યાગ્રહની લડત છ અઠવાડિયાં મોકૂફ રાખવાની કોંગ્રેસના કા. ચ. પ્રમુખને સલાહ આપી અને નિવેદનમાં સરકારને ઉદ્દેશીને જણાવ્યું કે જો તે આજની પરિસ્થિતિમાં રસ્તો કાઢવા માગતી હોય તો લડતની મોકૂફીનો લાભ લઈ સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકે, જેથી મધ્યમ માર્ગ નીકળી શકે, સત્યાગ્રહ 'મોકૂફ' થઈ શકે. પરંતુ હિંદી વજીરે સામેથી એમ જણાવ્યું કે "સવિનય ભંગ 'મોકૂફ' જ નહિ, ફરી શરૂ ન કરવાની ચોક્કસ રીતે ખાતરી આપવામાં આવે એ જરૂરી છે."

* બીજી બાજુ, વિઠ્ઠલભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝે સંયુક્ત નિવેદનમાં નવા નેતા અને નવી

પદ્ધતિની લડતની જરૂર હોવાનું જણાવીને કોંગ્રેસની અંદર જ ઉગ્રમતવાદીઓનો જુદો પક્ષ સ્થાપવા ઉપર ભાર મૂકયો.

વારંવારના પ્રયત્ન છતાં, સુલેહ માટેની કોઈ તૈયારી સરકારની નથી, એવી ખાતરી ગાંધીજીને થઈ; સ્વમાનની રક્ષા ખાતર રાષ્ટ્રને લડત ચાલુ રાખવાની ફરજ પડી, જો કે 'સામુદાયિક સવિનય ભંગ' મોકૂફ રાખવામાં આવ્યો; પરંતુ જેઓ સત્યાગ્રહ કરી શકે– કરવા તૈયાર હોય તેમને બધાને 'વ્યક્તિગત કાયદાભંગ' કરવાની સલાહ આપી.

ગાંધીજીએ પોતે વ્યક્તિગત સત્યાગ્રહનું મંગલાચરણ કર્યું. 'સત્યાગ્રહ આશ્રમ' જેવી પોતાની કીમતીમાં કીમતી વસ્તુનું વિસર્જન કરી, બીજી બધી પ્રવૃત્તિઓ છોડી દઈને, તેમણે લડતમાં ઝંપલાવ્યું. તેમને એક વરસની સજા થઈ. (૪–૮–૩૩)

આ પછી લડત બધા પ્રાંતોમાં શરૂ થઈ ગઈ. બીજી બાજુ, ગાંધીજીને 'હરિજન પ્રવૃત્તિ' અંગે અગાઉ જેલમાં આપવામાં આવેલી સગવડો આપવાનો ઈન્કાર થતાં તેમણે ૧૧મા દિવસે ઉપવાસ શરૂ કર્યા. પાંચ દિવસમાં તેમની તબીયત ગંભીર બનતાં તેમને પૂનાની હોસ્પિટલમાં ખસેડ્યા. ત્રીજા દિવસે તેમના જીવને જોખમ હોવાનું જણાતાં સરકારે તેમને વિના શરત મુક્ત જાહેર કર્યા. ગાંધીજીએ પોતાની એક વરસની સજાની મુદત પૂરી થતાં સુધી સ્વૈચ્છિક રીતે તે ગાળો માત્ર હરિજન પ્રવૃત્તિમાં ગાળવાનો નિર્ણય કર્યો. ૧૯૩૪માં તેઓ કોંગ્રેસના સભ્ય મટી ગયા, જો કે ૧૯૩૪ માર્ચ સુધી 'વ્યક્તિગત સત્યાગ્રહ' ચાલુ રહ્યો.

૧૯૩૪ના આરંભમાં બિહારમાં ધરતીકંપથી ભારે ખુવારી થઈ. ગાંધીજી અને જવાહરલાલ બિહારમાં રાહત કામ માટે પહોંચ્યા. ત્યાર પછી જવાહરલાલ કલકત્તા ગયા. ત્યાં તેમણે સરકારી જુલમોની ઝાટકણી કાઢતાં તેમને બે વર્ષની સજા થઈ.

## સ્વરાજ પક્ષનો પુનર્જન્મ

ગાંધીજીના ઉપવાસના દિવસોમાં જ ડૉકટર અન્સારીને લાગતું હતું કે 'સવિનય કાનૂનભંગ'નું આંદોલન ઠંડું પડતું જાય છે. અગાઉના સ્વરાજ-પક્ષની હવે ફરીથી કંઈક કામ કરવું જોઈએ. આથી ૧૯૩૩ માર્ચમાં દિલ્હીમાં ડૉકટર અન્સારીના નેતૃત્વમાં 'અખિલ ભારતીય સ્વરાજ પક્ષ'ની પુનઃ સ્થાપના થઈ. ૧૯ મે, ૧૯૩૪માં ગાંધીજીએ પત્ર લખીને ડૉ. અન્સારીને આ માટે સંમતિ આપી. કોંગ્રેસ મહાસમિતિની પટણામાં મળેલી બેઠકમાં સત્યાગ્રહની લડત બંધ કરવાનો નિર્ણય કરાયો (૨૦–૫–૧૯૩૪), જેમને ધારાસભામાં જવું હતું અને સ્વરાજ પક્ષ બનાવવાની ઇચ્છા હતી તેમનો સમાવેશ કરીને કોંગ્રેસે સંસદીય બોર્ડની રચના કરી, પોતાને મજબૂત બનાવી.

ગાંધીજીએ જે રીતે આંદોલન કર્યું તેથી કોંગ્રેસીઓમાંના કેટલાક ખૂબ નારાજ થયા હતા. વળી, જેલમાં રહીને જેમણે અવકાશના સમયે કાર્લ માર્કસનું સાહિત્ય વાંચ્યું હતું, તેમને લાગ્યું હતું કે ગાંધીજીનો રસ્તો દેશને 'સંપૂર્ણ આઝાદી' તરફ લઈ જશે નહીં. આવા લોકોએ ૧૯૩૪ મેની સત્તરમીએ આચાર્ય નરેન્દ્રદેવના પ્રમુખપદે પટણામાં **કોંગ્રેસ સમાજવાદી પક્ષની** સ્થાપના કરી. સંપૂર્ણાનંદ, જયપ્રકાશ વગેરે જાણીતા આગેવાનો એમાં જોડાયા. શરૂઆતમાં એનું નામ 'કોંગ્રેસ સમાજવાદી પક્ષ' રાખ્યું; એટલે કોંગ્રેસીઓ જ એમાં જોડાઈ શકે, અથવા એમ કહી શકાય કે સમાજવાદી પક્ષ અલગ-સ્વતંત્ર હોવા છતાં તે કોંગ્રેસમાં રહી કામ કરવા માગતો હતો.

કૉંગ્રેસે બિનશરતે લડત પાછી ખેંચતાં સરકારે મોટા ભાગના રાજકીય કેદીઓને છોડી મૂક્યા. કૉંગ્રેસની પ્રવૃત્તિ પરનાં બંધનો પણ આપોઆપ દૂર થયાં.

૧૯૩૪ના ઑક્ટોબરમાં મુંબઈમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપદે કૉંગ્રેસનું ૪૯મું અધિવેશન ભરાયું. તેમણે 'કૉંગ્રેસની નિષ્ફળતા' સ્વીકારી, છતાં 'ભવિષ્યમાં સફળતા'ની આશા રાખી. આ અધિવેશનમાં કૉંગ્રેસના પ્રતિનિધિઓની સંખ્યા વધારીને બે હજારની કરવામાં આવી, જેથી તે વધારે સારી રીતે પ્રતિનિધિત્વ કરી શકે. પ્રમુખને કારોબારીના સભ્યો નીમવાનો અધિકાર અપાયો.

સાયમન કમિશન (૧૯૨૮)ના હેવાલ અને ત્રીજી ગોળમેજી (ઑક્ટોબર–ડિસેમ્બર, ૧૯૩૨) પરિષદના નિષ્કર્ષ રૂપે ૧૯૩૩ના માર્ચમાં બ્રિટિશ સંસદમાં બંને ગૃહોની પ્રવર સમિતિએ તેનો અભ્યાસ કરી, ફેરફાર કરીને તેને '૧૯૩૫ના કાયદા'નું અંતિમ રૂપ આપ્યું.

ગાંધીજી રાજકારણી નેતા મટીને લોકહૃદયમાં સંતનું સ્થાન પામી ચૂક્યા હતા. તેમનો મોટા ભાગનો સમય રચનાત્મક પ્રવૃત્તિમાં અને તેમ વર્ધામાં જ વીતતો હતો. '૧૯૩૫ના કાયદા' સામે નહેરુ અને સુભાષબાબુનો વિરોધ હોવા છતાં, ગાંધીજીની ભલામણથી કૉંગ્રેસ તેના તરફ વળી, 'સંસદવાદ' તરફ ઢળી; અને ગાંધીજી કૉંગ્રેસમાંથી રીતસર મુક્ત થયા.

૧૯૩૫માં કૉંગ્રેસનું કોઈ અધિવેશન ન થયું. ૧૯૩૬માં લખનૌમાં પંડિત જવાહરલાલના પ્રમુખપદે ઍપ્રિલ માસમાં કૉંગ્રેસનું અધિવેશન થયું. આ અધિવેશનમાં કૉંગ્રેસે આગામી ચૂંટણીઓમાં ભાગ લેવા માટે સંસદીય બોર્ડની રચના કરી. ચૂંટણી માટેના જાહેરનામામાં કૉંગ્રેસે મજૂરોનું લઘુતમ વેતન ઠરાવવા અને ખેડૂતોને બધી રીતે સ્વતંત્ર બનાવવાના કૉંગ્રેસના ધ્યેયની જાહેરાત કરી. આ પછી કૉંગ્રેસનું અધિવેશન

## ૧૯૩૭ની ચૂંટણીઓ

૧૯૩૭ ફેબ્રુઆરીમાં ચૂંટણીઓ થઈ. કૉંગ્રેસને મળેલી અને લીગને મળેલી બેઠકોની ટકાવારી નીચે આપેલા બે કોઠા મુજબ હતી :

કોઠા (૧)

| ક્રમ | પ્રાંત | કુલ બેઠક | કૉંગ્રેસને મળેલી બેઠક | | બેઠકોના ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | મદ્રાસ | ૨૧૫ | ૧૫૯ | | ૭૪ |
| ૨. | બિહાર | ૧૫૨ | ૯૮ | | ૬૫ |
| ૩. | બંગાળ | ૨૫૦ | ૫૬ | | ૨૨ |
| ૪. | વરાડ અને મધ્યપ્રદેશ | ૧૧૨ | ૭૨ | | ૬૨.૫ |
| ૫. | મુંબઈ | ૧૭૫ | ૮૬ | | ૪૯ |
| ૬. | સંયુક્ત પ્રાંત | ૨૨૮ | ૧૩૪ | | ૫૬ |
| ૭. | પંજાબ | ૧૨૫ | ૧૮ | | ૨૦.૫ |
| ૮. | સરહદ પ્રાંત | ૫૦ | ૧૯ | | ૩૮ |
| ૯. | સિંધ | ૬૦ | ૭ | | ૧૧.૭ |
| ૧૦. | આસામ | ૧૦૮ | ૩૩ | | ૩૧ |
| ૧૧. | ઓરિસ્સા | ૬૦ | ૩૮ | | ૬૦ |
| | | ૧૫૩૫ | ૭૨૦ | સરેરાશ | ૪૮ (ટકા) |

૧૯૩૬ના ડિસેમ્બરમાં મહારાષ્ટ્રના ગ્રામપ્રદેશ ફૈજપુરમાં મળ્યું. ગામડાંની પ્રજા સાથે સંપર્ક સાધવાના ભાગરૂપે આ નવી પ્રણાલી હતી.

કોંગ્રેસને ૧૯૩૭ની ચૂંટણીમાં ૧૧ પ્રાંતોમાંથી પાંચ પ્રાંતોમાં સ્પષ્ટ બહુમતી મળી હતી. મુંબઈમાં ૪૯ ટકા આવતાં કોંગ્રેસ બહુમતી લાવવામાં સહેજમાં ચૂકી ગઈ હતી. કુલ સરેરાશ ૪૮ ટકા બેઠકો કોંગ્રેસને મળી હતી.

કોંગ્રેસ પછીનો દેશનો બીજો મોટો પક્ષ હતો મુસ્લિમ લીગ. 'ભારતના મુસલમાનોનો એકમાત્ર પ્રતિનિધિ' હોવાનો દાવો કરનારા તે પક્ષને આ ચૂંટણીમાં નહીં જેવી મુસ્લિમ બેઠકો મળેલી.

**૧૯૩૭ની ચૂંટણીમાં મુસ્લિમ બેઠકો**

**(કોઠો બે)**

| ક્રમ | પ્રાંત | કુલ મુસ્લિમ બેઠક | મુસ્લિમ લીગને મળેલી બેઠકો |
|---|---|---|---|
| ૧ | મદ્રાસ | ૨૮ | ૧૦ |
| ૨ | મુંબઈ | ૨૯ | ૨૦ |
| ૩ | બંગાળ | ૧૧૭ | ૩૯ |
| ૪ | સંયુકત પ્રાંતો | ૬૪ | ૨૭ |
| ૫ | પંજાબ | ૮૪ | ૧ |
| ૬ | બિહાર | ૩૯ | ૦ |
| ૭ | મધ્યપ્રદેશ | ૧૪ | ૦ |
| ૮ | આસામ | ૩૪ | ૯ |
| ૯ | સરહદપ્રાંત | ૩૬ | ૦ |
| ૧૦ | ઓરિસ્સા | ૪ | ૦ |
| ૧૧ | સિંધ | ૩૩ | ૩ |
| કુલ | | ૪૮૨ | ૧૦૯ |
| | | | (સરેરાશ ૨૨.૬ ટકા) |

મુસ્લિમ અલગ મતદાન છતાં, મુસ્લિમ બેઠકોમાંથી, ઘણી ઓછી બેઠકો મેળવનાર મુસ્લિમ લીગનો મુસ્લિમોની 'એક માત્ર સંસ્થા' હોવાનો દાવો ભ્રામક સાબિત થયો. ચૂંટણીમાં કોંગ્રેસ છ પ્રાંતોમાં સહેલાઈથી પ્રધાનમંડળ બનાવી શકે તેમ હતી. મુસ્લિમ લીગની ક્યાંય એવી સ્થિતિ ન હતી.

## કોંગ્રેસી પ્રધાનમંડળોનું નમૂનેદાર કાર્ય

કોંગ્રેસ કારોબારીએ ચૂંટણીઓમાં બહુમતી મળ્યા પછી નિર્ણય કર્યો કે પ્રાંતોના ગવર્નરો તેમના 'વિશેષાધિકાર'નો ઉપયોગ નહીં કરે તેવી ખાતરી મળે તો સરકાર રચવી. ઘણી વાટાઘાટોને અંતે વાઈસરૉયે જણાવ્યું કે કાયદા મુજબનાં કાર્યો કરવાનો પ્રધાનમંડળનો અધિકાર રહેશે. આવી ખાતરી મળતાં કોંગ્રેસે પ્રધાનમંડળોની રચના કરી. કરાંચી અધિવેશન (૧૯૩૧) ના નિર્ણય મુજબ પ્રધાનોએ

માસિક રૂપિયા ૫૦૦નું વેતન લેવાનું ઠરાવીને 'વચન પાલન'નો અને 'કરકસર'નો નમૂનો પૂરો પાડયો. ચૂંટણીના વચન મુજબ રાજકીય કેદીઓને કોંગ્રેસે છોડી દીધા.

સંયુક્ત પ્રાંતોમાં કાકોરીના કેદીઓને, જે બાર બાર વર્ષથી કેદમાં હતા તેમને, મુકત કરતાં બધે આનંદ છવાયો. પરંતુ સંયુકત પ્રાંત અને બિહારમાં બધા રાજકીય કેદીઓ છોડી મુકાયા ન હતા., ગવર્નર અમુક કેસમાં વિરુદ્ધમાં હતા. મુંબઈમાં કોંગ્રેસી પ્રધાનમંડળે 'દારૂબંધી' અને 'ગણોત ધારો' જેવાં પ્રગતિશીલ પગલાં લઈને લોકકલ્યાણનો પાયો નાખ્યો. ૧૯૩૦માં જેમની જમીનો નાકરની લડતમાં જપ્ત થઈને વેચાઈ ગઈ હતી, તે મૂળ ખેડૂતોને પાછી અપાવી. આમ, કોંગ્રેસી સરકારોએ લોકપ્રિયતા પ્રાપ્ત કરી. મદ્રાસ સરકારે 'હિંદી પ્રચાર' અને ગાંધીજીની 'વર્ધા શિક્ષણ'ની યોજનામાં સારું કામ કર્યું, તો સંયુકત પ્રાંતોની સરકારે 'ગ્રામવિકાસ'ની યોજનાઓ અમલી બનાવી. પરંતુ કોંગ્રેસી સરકારોએ મજૂરો માટે કોઈ પ્રગતિશીલ યોજના કરી ન હતી.

## કોંગ્રેસનું ચર્ચાસ્પદ વલણ

દેશમાં ખેડૂતો અને મજૂરોમાં અસંતોષ વધતો જતો હતો. કોંગ્રેસમાં પણ સુભાષચંદ્ર બોઝ અને માનવેન્દ્રનાથ રૉય (એમ. એન. રૉય) જેવા ડાબેરી વિચારો ધરાવતા આગેવાનો હતા. પ્રાંતોમાંની કોંગ્રેસી સરકારો સામે ખુદ કોંગ્રેસી 'ડાબેરીઓ' ખેડૂત કે મજૂરમોરચા કાઢે તો મુશ્કેલી થાય; સરકારોની કામગીરી ઠપ થઈ જાય; આ કારણે ૧૯૩૯માં કોંગ્રેસ કારોબારીએ ઠરાવ કર્યો કે **પ્રાંતીય કોંગ્રેસ સમિતિની પરવાનગી વિના કોઈ કોંગ્રેસી સત્યાગ્રહ નહીં કરી શકે. આથી કિસાન અને મજૂર સભાઓની સ્વતંત્ર અસ્મિતા જોખમાઈ.** વળી, કોંગ્રેસી પ્રધાનમંડળોને પ્રાંતીય કોંગ્રેસ સંસદીય સમિતિને જવાબદાર બનાવ્યાં, જેના વડા સરદાર વલ્લભભાઈ પટેલ હતા. 'ડાબેરીઓ'એ આ ઠરાવોને તેમની સામેનાં પગલાં તરીકે લેખીને વળતાં પગલાં વિચારવા ૯મી જુલાઈ ૧૯૩૯ના રોજ સભા બોલાવી અને જાહેર સભાઓના આયોજનની જાહેરાત કરી. એની સામે રાજેન્દ્રપ્રસાદ અને કૃપલાણીએ શિસ્તભંગનાં પગલાં ભરવાની ધમકી આપી. આથી ડાબેરીઓનો મોટો ભાગ આ સભાના કાર્યક્રમથી અલગ રહ્યો.

---

વ્યક્તિસ્વાતંત્ર્યના મુદ્દા પર ઓક્ટોબર, ૧૯૪૦થી આરંભાયેલ

સવિનય કાનૂનભંગ અંગે મહાત્મા ગાંધીનું ઉદ્‌બોધન

### ઈશ્વરે સુઝાડેલી વસ્તુ

"આ લડાઈ લડવા માટેનો વ્યક્તિસ્વાતંત્ર્યનો મુદ્દો સ્પષ્ટ છે. વાણીસ્વાતંત્ર્ય પણ ન મળે તો (દેશની) સ્વતંત્રતા મેળવવા માટેનો મુખ્ય ઉપાય આપણે ખોઈ બેસીએ. એ જવાહર મેળવીને એનું રક્ષણ કરો. એ નાની વસ્તુ નથી. એ મહત્ત્વની વસ્તુ છે. એ વસ્તુ મારી બુદ્ધિમાંથી નથી નીકળી. હું જ્યારે મહા-મૂંઝવણમાં હતો અને ઈશ્વર પાસે રસ્તો સુઝાડવાનું માગતો હતો ત્યારે તેણે એ બતાવી છે." (૧૬-૯-૧૯૪૦)

# મહાત્મા ગાંધીનો એડોલ્ફ હિટલરને પત્ર

(થોડોક ઉતારો)

વર્ધા,

ડિસેમ્બર ૨૪, ૧૯૪૦

પ્રિય મિત્ર,

આ પત્ર હું તમને મિત્રતાને દાવે લખી રહ્યો છું, એ કેવળ શિષ્ટાચાર નથી. હું કોઈને મારો શત્રુ નથી લેખતો. છેલ્લાં તેત્રીસ વરસથી જાતિ, વર્ણ કે ધર્મના કશાયે ભેદભાવ વિના સમગ્ર માનવજાત સાથે મૈત્રીના સંબંધ બાંધવાનું મારું જીવનકાર્ય રહ્યું છે.

***તમારી વીરતાને વિશે તથા તમારી પિતૃભૂમિ પ્રત્યેની તમારી ભક્તિ વિશે અમને લવલેશ શંકા નથી. તેમજ તમારા દુશ્મનો વર્ણવે છે તેવા તમે राक्षस છો એમ પણ અમે નથી માનતા. પરંતુ તમારાં પોતાનાં તેમજ તમારા મિત્રો અને તમારા પ્રશંસકોનાં લખાણો તથા જાહેરાતો પરથી એ વિશે લવલેશ શંકા નથી રહેતી કે તમારાં ઘણાં કાર્યો दानवता ભર્યાં અને માનવી ગૌરવને ન છાજે એવાં છે. *** હું જાણું છું કે જીવન વિશેની તમારી દૃષ્ટિ આ પ્રકારની લૂંટોને સારાં કાર્યો તરીકે લેખે છે. પરંતુ અમને તો બાળપણથી જ તેમને માનવતાનો અધઃપાત કરનારાં કાર્યો તરીકે લેખવાને શીખવવામાં આવ્યું છે. એથી કરીને, तमने युद्धमां विजय मळे एवी इच्छा अमे न राखी शकीए.

પણ અમારી સ્થિતિ અનન્ય છે. અમે નાઝીવાદનો કરીએ છીએ એટલો જ બ્રિટિશ સામ્રાજ્યવાદનો પણ વિરોધ કરીએ છીએ. એમાં કશો તફાવત હોય તો તે પ્રમાણનો છે. અનુચિત સાધનો દ્વારા માનવજાતના લગભગ પાંચમા ભાગના લોકોને બ્રિટિશરોની એડી નીચે ચગદવામાં આવ્યા છે. પણ અમે અંગ્રેજોના પ્રભુત્વનો વિરોધ કરીએ છીએ. એનો એવો અર્થ નથી કે બ્રિટિશ પ્રજાને હાનિ પહોંચે એમ અમે ઇચ્છીએ છીએ. અમે તેમનો हृदयपलटो કરવાને તાકીએ છીએ, રણક્ષેત્ર પર તેમનો પરાજય કરવાને નહીં. બ્રિટિશ અમલની સામે અમારો નિઃશસ્ત્ર બળવો છે. પરંતુ અમે તેમનો हृदयपलटो કરીશું કે નહીં એ તો કોણ જાણે, પણ अहिंसक असहकार દ્વારા તેમનો રાજ્ય અમલ અશક્ય કરી મૂકવાનો અમે નિરધાર કરેલો છે. એ એવા પ્રકારની પદ્ધતિ છે જેમાં પરાજયને માટે અવકાશ જ નથી.

(ગાંધીજીનો અક્ષરદેહ ગ્રંથ-૭૩)

તા. ક. : નાગરી લિપિ સંપાદકીય

# ૧૦ : આખરી લડત

૧૯૩૯માં વિશ્વયુદ્ધમાં બ્રિટને ભારતને હોમ્યું. ભારતનાં જન–ધનને યુદ્ધમાં વાપરવાની મુશ્કેલી ના પડે માટે ફક્ત અગિયાર મિનિટમાં જ બ્રિટિશ સંસદે 'ભારત–સુરક્ષા ધારા'માં જરૂરી સુધારા કરી દીધા. તેની સામે કોંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં. ૧૯૧૪–૧૮ના પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતના બધા લોકમાન્ય નેતાઓ બ્રિટનના ટેકેદાર હતા, બીજા વિશ્વયુદ્ધમાં પરિસ્થિતિ એથી ઊલટી હતી. ૧૯૩૯ના સપ્ટેમ્બરથી ૧૯૪૦ના અંત સુધીમાં કોંગ્રેસની કારોબારી પાંચ વાર મળી. દરેકમાં ભારતીય જનતાનો અભિપ્રાય લીધા વગર ભારતને સંડોવેલા યુદ્ધમાં સાથ–સહકાર ન આપવાની વાત દોહરાવી. પરંતુ ગાંધીજીનું વલણ આરંભથી ભિન્ન હતું. યુદ્ધમાં અંગ્રેજોના પક્ષે એમની સહાનુભૂતિ હતી. પરંતુ યુદ્ધમાત્ર હિંસક હોઈને, તેમાં સક્રિય સહાય કરવાની પોતાની અશક્તિ દર્શાવીને નૈતિક ટેકો આપ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે **હિંદે બ્રિટનને જે કોઈ પ્રકારની મદદ કરવી હોય તે બિનશરતી હોવી જોઈએ.** યુદ્ધકાળની એની વિકટ પરિસ્થિતિનો લાભ કોંગ્રેસે નહિ ઉઠાવવો જોઈએ. (૧૬–૯–૧૯૩૯).

ગાંધીજી અને વાઈસરોય વારંવાર મળ્યા. વાઈસરોયે યુદ્ધ દરમિયાન કે યુદ્ધ પૂરું થયા પછી પણ કોંગ્રેસની પૂર્ણ સ્વરાજની માગ સ્વીકારવા વચન આપવાનો ઈન્કાર કર્યો. ગાંધીજીએ આ મુલાકાતને પરિણામે 'માગી રોટી અને મળ્યો પથ્થર' એવા આકરા શબ્દો વાપર્યા; છતાં તેમનું વલણ ઘણા લાંબા સમય સુધી બ્રિટિશ વિરોધી ન હતું. તેમણે કહ્યું હતું કે "હું મિત્રરાજ્યોને મદદ ન કરી શકું, તોય તેમનો સર્વનાશ પણ ઝંખતો નથી. બ્રિટિશ સરકારે કોંગ્રેસની આશા પર પાણી ફેરવ્યું છે તો પણ એને હેરાન કરવાથી કોઈ લાભ દેખાતો નથી". –એમ કહીને, ગાંધીજી પોતાથી બને તે પ્રકારે બ્રિટન પર અસર પહોંચાડવા મથ્યા. પરંતુ સરકારે મોડરેટ ગણાતી સંસ્થાઓ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલા લોકમતની પણ અવગણના કરી.

*** એકંદરે બ્રિટિશ સરકારનું વલણ હિંદની સ્વતંત્રતાનું વિરોધી જ રહ્યું.**

અબુલ કલામ આઝાદના પ્રમુખપદે રામગઢમાં મળેલા કોંગ્રેસના ત્રેપનમા અધિવેશનમાં (૧૯–૨૦ માર્ચ, ૧૯૪૦) 'યુદ્ધની કટોકટી' ઉપરના ઠરાવમાં ઉપર જણાવ્યા મુજબનો અભિગમ રજૂ થયો અને તેમાં ઉમેરાયું કે હિંદના લોકો હવે 'સંપૂર્ણ સ્વરાજ'થી ઓછું કંઈ પણ સ્વીકારશે નહિ. શાહીવાદના ચક્રમાં હિંદનું સ્વાતંત્ર્ય સંભવી શકે નહિ. હિંદના લોકો પોતે પુખ્ત મતાધિકારના ધોરણે ચૂંટાયેલી લોકપ્રતિનિધિ સભા મારફતે પોતાનું બંધારણ ઘડશે, અને દુનિયાના બીજા દેશો સાથેનો સંબંધ પોતે નક્કી કરશે. × × × કોઈપણ જાતના ધર્મ કે કોમના ભેદભાવ વગર સર્વ વર્ગો અને કોમોની સેવા કરવા અને તેમનું પ્રતિનિધિત્વ ધરાવવા કોંગ્રેસ માગે છે, કેમકે હિંદની આઝાદીની લડત સમસ્ત પ્રજાની આઝાદી માટે છે.

આ પછી, ૧૫-૧૬ સપ્ટેમ્બર, ૧૯૪૦ની કોંગ્રેસની મહાસમિતિની બેઠકમાં 'સત્યાગ્રહ' અંગે ઠરાવ થયો. તેમાં જણાવાયું કે મહાત્મા ગાંધી તો યુદ્ધની પરિસ્થિતિમાંય बाह्य आक्रमण के आंतरिक अव्यवस्था સામેય પોતાનું રક્ષણ કરવા હિંદને સશસ્ત્ર ફોજની જરૂર નથી, એવું માને છે. એમની આ માન્યતાને બાજુ પર રાખીને, આજના સંક્રાંતિ કાળમાં રહેલાં સંભવિત જોખમોને લક્ષમાં લઈને, કોંગ્રેસ રાષ્ટ્રીય રક્ષણ માટે અહિંસાને પૂરેપૂરી સ્વીકારવાની અશક્તિ દર્શાવે છે.

વળી, તેમાં ઉમેરાયું કે યુદ્ધમાં સંડોવાયેલા દેશો અને બ્રિટિશ પ્રજા સાથેય કોંગ્રેસની સહાનુભૂતિ છે. જોખમ અને ભયની સામે બ્રિટિશ પ્રજાએ જે બહાદુરી અને ધીરજ બતાવી છે તેની પ્રશંસા પણ કોંગ્રેસ કરે છે.

કોંગ્રેસે બ્રિટનના સામ્રાજ્યવાદી વ્યૂહના ભાગીદાર બનવું ન હોઈ, તેનાં તમામ પ્રધાનમંડળોએ પખવાડિયા દરમ્યાન (૨૮–૧૦–૩૯) રાજીનામાં આપી દીધાં. હવે દમનચક્ર ચલાવવામાં અંગ્રેજ સરકારને કોઈ અવરોધ ન રહ્યો. તેણે 'યુદ્ધ વિરોધીઓ' સામે કડકાઈ બતાવવા માંડી. બીજી બાજુ એમ કહ્યું કે ભારતમાં શક્તિશાળી તત્ત્વો (મુસ્લિમ લીગ) જેનો વિરોધ કરે તેવી કોઈ બંધારણીય યોજના સરકાર સ્વીકારી ના શકે. યુદ્ધ દરમિયાન બ્રિટિશ ભારત અને દેશીરાજ્યોના પ્રતિનિધિઓની 'યુદ્ધ-મંત્રણા-પરિષદ' રચવા અંગે તૈયારી બતાવી, જેમાં કોંગ્રેસ ભાગ લઈ શકે. યુદ્ધ બાદ ભારતીય જીવનનાં મુખ્ય તત્ત્વોને આવરી લઈને બ્રિટિશ સરકાર બંધારણસભા રચશે જે નવા બંધારણનો ઢાંચો તૈયાર કરી શકે, એમ જાહેર કર્યું. આમ, વાઈસરૉયે કોંગ્રેસની એકે વાત ન સ્વીકારી.

બીજી બાજુ, કોંગ્રેસમાંના સમાજવાદી જૂથનું વલણ સંપૂર્ણપણે બ્રિટિશ વિરોધી હતું. 'કોંગ્રેસ સમાજવાદી પક્ષ'ની કારોબારીએ એક યુદ્ધ ઉપસમિતિ બનાવીને તેનું કાર્યાલય મુંબઈમાં શરૂ કર્યું. લખનૌ, કાનપુર, લાહોર, અલ્હાબાદ, કલકત્તા અને મદ્રાસમાં તેની શાખાઓ શરૂ કરી. યુદ્ધ-ઉપસમિતિનો હેતુ બ્રિટિશ યુદ્ધપ્રયાસોમાં વિઘ્નો નાખવાનો હતો. આ માટે વટહુકમો અને ભારત સુરક્ષા ધારાનો છડેચોક ભંગ કરવો, સૈનિક-ભરતી વિરોધી પ્રચાર કરવો, યુદ્ધ વિરોધી પ્રચાર કરવો, બ્રિટિશ માલનો બહિષ્કાર કરવો, કિસાન આંદોલનો વધારવાં અને મજૂરોની હડતાલો પડાવવી વગેરે કાર્યક્રમો યોજવાનો તેણે નિર્ણય કર્યો. આ યુદ્ધ-ઉપસમિતિએ પક્ષનું બંધારણ હાલના સંજોગોમાં સ્થગિત કરીને 'ગુપ્ત આંદોલનો' તરફ જવાનો અભિપ્રાય પણ આપ્યો હતો.

સુભાષચંદ્ર બોઝે 'ફોરવર્ડ બ્લૉક' વતી બોલતાં જણાવ્યું કે, "અમારી નીતિ બ્રિટનને યુદ્ધમાં સાથ નહિ આપવાની છે. બ્રિટન જીતે તેમ અમે ઈચ્છતા નથી. બ્રિટનની હાર થાય અને બ્રિટિશ સામ્રાજ્ય છિન્નભિન્ન થાય પછી જ ભારત માટે સ્વતંત્ર થવાની શકયતા રહે છે." સુભાષે તેમની આ નીતિ હરિપુરા કોંગ્રેસ (૧૯ થી ૨૧ ફેબ્રુઆરી, ૧૯૩૮)ની નીતિના પાયા પર રચાયેલી હોવાનો દાવો કર્યો.

ગાંધીજીએ પણ કશો રાહ ન દેખાતાં, ૧૭ ઓકટોબર ૧૯૪૦ના રોજ 'વ્યક્તિગત સત્યાગ્રહ' શરૂ કર્યો. વિનોબાજી પ્રથમ સત્યાગ્રહી બન્યા. પછી એ પરંપરા ૧૪ માસ સુધી લંબાઈ.

## ક્રિપ્સ મિશન

જાપાન યુદ્ધમાં ઝંપલાવીને અગ્નિ એશિયાના દેશો જીતીને છેક ભારતનાં બારણાં ઠોકતું થઈ ગયું હતું. આવા વખતે કોંગ્રેસનો સાથ મેળવવા બ્રિટનના કેબિનેટ પ્રધાન સર સ્ટેફર્ડ ક્રિપ્સ ભારત આવ્યા (૨૨–૩–૧૯૪૨). તેમણે કોંગ્રેસ સમક્ષ પ્રસ્તાવ રજૂ કર્યો. તે મુજબ કોંગ્રેસે યુદ્ધમાં ટેકો આપવો અને યુદ્ધ પૂરું થયેથી ભારતનો એક સંયુક્ત રાજ્ય–સંઘ બનાવવામાં આવે. આમાં દેશી રાજયો કે કોઈ પ્રાંતોને ન જોડાવું હોય તો ન જોડાવાની કે છૂટા પડવાની છૂટ હતી. આનો અર્થ તો મુસ્લિમ લીગ જે ૧૯૪૦માં પાકિસ્તાન માગી ચૂકી હતી, તેને ખુશ કરવાનો પ્રયત્ન હતો. ગાંધીજીએ આ પ્રસ્તાવને 'ભવિષ્યની તારીખ નાખેલો અને તેય દેવાળિયા બૅંક પરનો ચેક' કહીને અસ્વીકાર્યો.

દેશમાં બીજી તરફ હજારો લોકો કેદમાં હતા. સરકારી અત્યાચારો અને બંધનો ચાલુ હતાં. આથી કોંગ્રેસીઓમાં પણ આંદોલનની માંગ જોર પકડતી જતી હતી.



રાષ્ટ્રીય કૉંગ્રેસના કેટલાક ઘડવૈયા

(રાજા રામપાલ સિંગ, વ્યોમેશચંદ્ર બેનરજી, એલન ઓક્ટેવિયન હ્યુમ, અયોધ્યાનાથ અને મદનમોહન માલવિયા)



મહમદઅલી ઝીણા, સરદાર બલદેવ સિંગ, લૉર્ડ પેથિક લૉરેન્સ, જવાહરલાલ અને વી. કે. કૃષ્ણમેનન (૧૯૪૬)

બીજી બાજુ જર્મની અને જાપાન જીત ઉપર જીત મેળવતાં જતાં હતાં; તોય અંગ્રેજો ભારતને આઝાદ કરવા તૈયાર ન હતા. આથી અંગ્રેજો જીતે તો તો ભારતને આઝાદી ન જ આપે, માટે એ યુદ્ધમાં રોકાયેલા હોય ત્યારે જ કંઈક કરવું જોઈએ એવી સામાન્ય લાગણી પ્રજામાં પ્રવર્તતી જતી હતી.

★

હવે તો સૌને એ સ્પષ્ટ વરતાઈ રહ્યું હતું કે બ્રિટન ગમે તેટલાં મોટાં વચનો આપે, એથી પરિસ્થિતિમાં ફેર પડવાનો નથી, કેમકે ફાસિસ્ટ સત્તાવાદથી નિરાળો પાડી ન શકાય એવા અહંકારી શાહીવાદને, સ્વેચ્છાએ અને ખુશીથી પરાધીન હિંદ સહાયતા આપી શકે નહિ.

એપ્રિલ–મેના દિવસોમાં હિંદ પર જાપાની આક્રમણનો તાત્કાલિક ભય વધી જતાં, બ્રિટિશ પ્રત્યે અવિશ્વાસ અને કડવાશ વધ્યાં.

કોંગ્રેસે જણાવ્યું : "આજે જ્યારે હિંદના સીમાડે કે હિંદની ભૂમિ ઉપર પરદેશી લશ્કરો વચ્ચે લડાઈ થવાની શરૂઆત થઈ છે ત્યારે પણ સરકારને દેશના રક્ષણ માટે હિંદની અખૂટ માનવશક્તિનો ઉપયોગ કરવાનો વિચાર થતો નથી! બલ્કે, પરદેશી સરકાર હિંદના લોકોને 'સરસામાન'ની માફક આક્રમક વિદેશી સત્તાના હાથમાં સોંપી દે એવો ભય વર્તાય છે."

આવા કટોકટીના વખતે કોંગ્રેસના મોવડીઓ લોકોની ફરજ સમજાવે છે—

* કોઈ પણ પરદેશી સત્તા (અહીં જાપાનનો સંકેત છે.) હિંદ પર ચઢી આવવાથી—તે ગમે તેવા ઈરાદાઓ જાહેર કરે તોય—હિંદને આઝાદી મળી શકે એ વિચારને કોંગ્રેસ ત્યાજ્ય ગણે છે. જો ખરેખર દેશ પર આક્રમણ થાય તો તેનો સામનો કરવો જોઈએ. અને આજે જ્યારે બ્રિટિશ સત્તાએ રાષ્ટ્રીય રક્ષણની બીજી કોઈ વ્યવસ્થા પ્રજાને કરવા દીધી નથી, ત્યારે અહિંસક અસહકારના રૂપમાં જ એ થઈ શકે......××હુમલાખોર સામે આપણો અસહકાર દર્શાવવાનો એકમાત્ર ઉપાય એ છે કે બ્રિટિશ લશ્કરના માર્ગમાં કશી મુશ્કેલીઓ ઊભી ન કરવી.××× **આપણી પાસેથી બ્રિટિશ સરકાર ગુલામો તરીકે જ મદદ માગે છે તે આપણે આપી શકીએ તેમ નથી.**

અંતે, ધ્યેય સિદ્ધ કરવા માટે 'કરેંગે યા મરેંગે'ની હાકલ કરવામાં આવી (૮–૮–૧૯૪૨). કોઈપણ રીતે અંગ્રેજોને 'ભારત છોડો'નો આ પડકાર હતો, જો કે આઠમી ઑગષ્ટના રોજ ઠરાવ પસાર થયો અને નવમી ઑગષ્ટની સવારે કોંગ્રેસ કારોબારીના બધા સભ્યો અને અનેક નેતાઓની ધરપકડ કરવામાં આવી. કોંગ્રેસને 'ગેરકાયદે' જાહેર કરવામાં આવી. આ સમાચારો ફેલાઈ જતાં, ઉત્તર પ્રદેશમાં બલિયામાં ઉશ્કેરાયેલા લોકોએ ભાંગફોડ કરી; રેલ્વે સ્ટેશન બાળ્યું; ટપાલ કચેરી લૂંટી; સરકારી કચેરી લૂંટી. તાર–ટેલિફોનની લાઈનો કાપીને બલિયા જિલ્લાને દેશના બીજા ભાગોથી અલગ પાડયો; અને ત્યાં આઝાદ સરકારની સ્થાપના કરી. અંતે, લશ્કરે આવી પહોંચી બલિયા પર કબજો કર્યો. ઘાતકી રીતે વેર વાળવામાં આવ્યું. સેંકડો માણસોને જેલમાં પૂરવામાં આવ્યા અને તેમાંથી ૬૩ જેટલા તો જેલમાંની અમાનવીય યાતનાઓથી મરણ પામ્યા.×××ગાઝીપુર, નંદગંજ, બનારસ, જોનપુર, મધુબન, વૃંદાવન, આગ્રા, અલ્હાબાદ, અજયગઢ, બિજનોર, લખનૌ એ બધે સ્થળે લોકોએ સભા-સરઘસ કાઢયાં. પોલીસો પર હુમલા થયા અને એ બધાં સ્થળોએ અનેક માણસો 'શહીદ' થયા. જોનપુર જિલ્લામાં ત્રાસનું સામ્રાજ્ય એવું ફેલાયું કે સ્ત્રીઓને પોલીસ ચોકીમાં લાવીને તેમના પતિ, પુત્ર, પિતા કે ભાઈની રૂબરૂ પોલીસોએ તેમના પર બળાત્કારો કર્યા. ઉત્તર પ્રદેશમાં ઠેર ઠેર હિંદી અને ઉર્દૂ અને અંગ્રેજીમાં સેંકડો પત્રિકાઓ નીકળતી, જેમાં 'આઝાદી', 'ગદ્દર,' 'ફ્રી ઈન્ડિયા', 'જન્મભૂમિ' મોખરે હતી.

**૧૮૫૭ પછી ૧૯૪૨માં પહેલીવાર આવી લોકજાગૃતિ અને દમન બંને ઉત્તર પ્રદેશમાં સાથે દેખાયાં હતાં.**

બંગાળમાં મિદનાપુરમાં લોકોએ સમાંતર સરકાર (પેરેલલ ગવર્નમેન્ટ) સ્થાપી. ઓરિસ્સામાં બાલાસોર, આસામમાં નવગાંવ, બંગાળમાં હુગલી, હાવરા, મેમનસિંગ, બર્દવાન, બિલપુર, બાંકુડા, બાલુરઘાટ, ટિટિયા વગેરે લોકક્રાંતિનાં કેન્દ્રો હતાં; બિહારમાં પૂર્ણિયા, માનભૂમ, રાંચી, હજારીબાગ, મુંગેર, જમશેદપુર ક્રાંતિ–કેન્દ્રો હતાં.

---

જમશેદપુરમાં રામાનંદ તિવારીએ ૭૦૦ સૈનિકોને સભ્ય બનાવીને 'ઈન્કિલાબી સિપાઈદળ' રચ્યું હતું. રામાનંદ પોતે હવાલદાર હતા. તેમણે ૧૨,૦૦૦ જેટલી પત્રિકાઓ છપાવીને બિહાર–બંગાળની લશ્કરી છાવણીઓમાં 'ગુપ્ત રીતે' વહેંચાવી હતી. તેમાં સૈનિકોને આંદોલન ન કચડવા અને બગાવત કરવા અપીલ કરી હતી.

---

નાગપુરમાં ખજાનો લૂંટીને ક્રાંતિકારીઓએ ૧૧ લાખ રૂપિયા મેળવ્યા હતા. નાસિક, અહમદનગર, અમરાવતી, અકોલા, પૂના, સતારા, મુંબઈ એ બધામાં મોટા પાયા પર 'ગુપ્ત–ક્રાંતિકારી' પ્રવૃત્તિઓ ચાલી હતી. સિંધના કરાંચીમાં સભા સરઘસો મોટા પાયા પર ચાલ્યાં અને ૪૫ લાખની વસતિ ધરાવતા સિંધ પ્રાંતમાંથી ૨૫૦૦ જણની ધરપકડ કરવામાં આવી. ગ્વાલિયર અને ઈંદોર જેવાં રજવાડાંય આમાં પાછળ ન રહ્યાં.

દિલ્હીમાં મજૂરો અને વિદ્યાર્થીઓએ હડતાલ પાડી હતી. અને સરકારી કર્મચારીઓ પણ તેમાં જોડાયા. તાર ટેલીફોનની લાઈનો કાપી નાખવામાં આવી. **ડેપ્યુટી કમિશ્નરને સરઘસમાંથી કોઈ કે પથ્થર મારતાં, ગોળીબારોથી ૧૫૦ માણસોને 'શહીદ' બનાવી દેવાયા !** બિરલાની મિલ અને ચાંદની ચોક બંને સ્થળે મોટા વિસ્ફોટ થયા.

ગુજરાતમાં ૪૨ની લડત લોકલડત બની ગઈ. અમદાવાદમાં મિલ કામદારોએ ત્રણ માસ સુધી હડતાલ પાડી. સરઘસો કાઢવાં, પોલીસ પર પથ્થરમારો કરવો, સૂત્રો પોકારવાં, દીવાલો પર 'અંગ્રેજો ચાલ્યા જાવ' લખવું—એ બધું સમગ્ર ગુજરાત માટે રોજિંદી ઘટના જેવું હતું. અમદાવાદમાં ૯મી ઓગષ્ટે એક બાજુ ઝનૂની આંદોલનકારો અને બીજી બાજુ કાળઝાળ સરકારી દમન બંનેને શાંત પાડવાના પ્રયાસમાં યુવાકાર્યકર ઉમાકાંત કપડિયા પહેલા શહીદ થયા; ૧૦મી ઓગષ્ટે નીકળેલા સરઘસ પર ગૂજરાત કોલેજમાં પોલીસ ગોળીબાર થતાં વિનોદ કિનારીવાલા બીજા શહીદ બન્યા. પછી ડાકોર, ચકલાસી વગેરેમાં અન્ય શહીદો થયા. અડાસ આગળ રેલ્વેના પાટા ઉખાડવા મથતા વિદ્યાર્થીઓને એક હરોળમાં બેસાડીને નજીકથી ગોળી છોડીને ચાર જણને વીંધી નાખ્યા અને બાકીના ઘાયલોને પણ રાત્રે બાર વાગ્યા સુધી સ્થળ પર જ રાખીને પોલીસે નિર્દયતાનો પરચો આપ્યો.

* ૪૨ની આ લોકલડતમાં નવી પેઢીમાં ભારે રોષ વરતાયો હતો. ઢાકાથી દિલ્હી સુધી અને લાહોરથી મદ્રાસ સુધીની બધી યુનિવર્સિટીઓ બંધ હતી. બનારસ હિંદુ યુનિવર્સિટી પર આંદોલનના આરંભથી જ પોલીસનો કબજો હતો. ૧૯૪૨ની લડતમાં જયપ્રકાશ નારાયણનું પ્રદાન નોંધપાત્ર છે. તેમણે હજારીબાગ જેલમાંથી ભાગીને નેપાળ જઈને ક્રાન્તિકારીઓની સભા બોલાવી. નેપાળમાં તેમણે ભારતીય ક્રાન્તિકારીઓને ગેરિલા યુદ્ધની તાલીમ આપવાની વ્યવસ્થા કરી. 'આઝાદદસ્તા' નામે રાષ્ટ્રીય ગેરિલા જૂથ ઊભું કર્યું. નેપાળ પોલીસે તેમને પકડયા અને તેમને જ્યારે બ્રિટિશ પોલીસને સોંપવા માટે તે વિચારતી હતી, ત્યારે ગેરિલાઓએ જેલ તોડીને તેમને છોડાવ્યા. જેપીની યુવા નેતાગીરીએ કોંગ્રેસ રેડિયોનું ગુપ્ત રીતે મહિનાઓ

## ૧૯૪૨ના છ માસનું સરકારી સરવૈયું

### સરકારી દમન

| | | |
|---|---|---|
| (૧) | પોલીસ તથા સૈનિકોની ગોળીથી હત્યા | ૯૪૦ |
| (૨) | પોલીસ તથા સૈનિકોની ગોળીથી ઘાયલ | ૧,૬૩૦ |
| (૩) | ગોળીબારની ઘટનાઓ | ૫૩૮ |
| (૪) | ગિરફતારી | ૬૦,૦૦૦ |
| (૫) | નજરકેદ | ૧૮,૦૦૦ |
| (૬) | બંડ-શમન માટે લશ્કરી મદદના પ્રસંગો | ૬૦ |
| (૭) | વિમાન મારફતે બૉંબમારાની ઘટના | ૬ |
| (૮) | પોલીસ મથકો પર હલ્લા-હત્યા- નુક્સાન | ? |
| (૯) | ૧૯૪૨ના ડિસેમ્બર સુધી રેલ્વે સ્ટેશનોનો નાશ | ૩૧૮ |
| (૧૦) | રેલ્વેમાં ભાંગફોડથી નુકસાન | ૧૮ લાખ રૂપિયા |
| (૧૧) | મોટર-ટ્રકોને નુકસાન | ૯ લાખ રૂપિયા |
| (૧૨) | રેલવે સ્ટેશનની ઈમારતોને નુકશાન | ૬૫ લાખ રૂપિયા |
| (૧૩) | ટપાલ કચેરીઓ પર હુમલા | ૯૫૮ |
| (૧૪) | ટેલીફોનના તાર કાપ્યા | ૧૨,૦૦૦ સ્થળે |

સુધી સફળ સંચાલન કર્યું. આ રેડિયો પરથી રાષ્ટ્રીય સમાચારો, નેતાઓનાં ભાષણો અને અપીલો, ક્રાન્તિના સમાચાર, સરકારી દમન, મિદનાપુર અને બલિયાની સમાંતર સરકારના સમાચારો બધું પ્રસારિત થયું હતું.

અચ્યુત પટવર્ધન, રામમનોહર લોહિયા, અરુણા અસફઅલી, છોટુભાઈ પુરાણી એ બધાંએ ૪૨ની લોકલડતમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.

દેશના બધા નેતાઓ જ્યારે જેલમાં હતા ત્યારેય જનતાએ આપમેળે સરકારને હંફાવવાનું કામ કોઠા-સૂઝથી કર્યું. અંગ્રેજોને ભારતનો વધારે સમય કબજો ન રાખવાના અને વહેલી તકે આઝાદી આપવાના વલણ તરફ દોરી જવામાં ૪૨નો તબક્કો ઘણો નિર્ણાયક છે.

### આઝાદ-હિંદ ફોજ

આઝાદીની લડતના આખરી તબક્કામાં ભારતે બે મોરચે લડાઈ કરી. એક મોરચો દેશની અંદર '૧૯૪૨નું સ્વાતંત્ર્ય યુદ્ધ'; તો બીજો મોરચો દેશ બહાર આઝાદીની લડતના પ્રયાસો. 'નજરકેદ'ની સજા ભોગવતા સુભાષબાબુ તેમના પહેરેગીરોને થાપ આપીને, ગુપ્ત રીતે-ગુપ્ત વેશે, દેશ બહાર ભાગી ગયા (૨૭–૧–૧૯૪૧). જર્મની પહોંચી જઈને હિટલર સાથે મળીને અંગ્રેજ વિરોધી પ્રવૃત્તિઓ દ્વારા દેશને આઝાદ કરવાની તેમની નેમ હતી. તેવી જ રીતે, રાસબિહારી બોઝે જાપાનમાં રહીને ભારતની તરફેણમાં પ્રવૃત્તિ કરી હતી. તેઓ જાપાની મહિલાને પરણીને જાપાની બન્યા હતા, છતાં ભારતની પરાધીનતા તેમને ડંખતી હતી. ૧૯૩૭માં જાપાને ચીન પર હલ્લો કર્યો ત્યારે એના સમર્થનમાં તેમણે ભારતમાં પત્રિકાઓ વહેંચી હતી. તેઓ જાપાની સરકારને મિત્ર તરીકે સ્વીકારવા પૂર્વ એશિયા અને અગ્નિ એશિયામાંના

હિંદીઓને પ્રેરતા રહ્યા. તેમણે 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્ટ લીગ' સ્થાપીને ભારતની આઝાદી માટેના સશસ્ત્ર પ્રયાસમાં જાપાન પાસેથી સુવિધાઓ મેળવી.

બીજી તરફ, ૧૯૪૧થી જાપાનના ભારતમાંના એલચી સોરેઈજીએ ભારતમાં વિપુલ પ્રમાણમાં શસ્ત્રો અને નાણાં ગુપ્ત રીતે લાવીને સુભાષબાબુ–સ્થાપિત 'ફોરવર્ડ બ્લોક' મારફતે બ્રિટન વિરોધી પ્રયાસ કરવા જાપાનના વિદેશી ગંત્રીને અવારનવાર લખ્યું હતું. અગ્નિ એશિયામાંની જાપાની જાસૂસી પ્રવૃત્તિના એક અધિકારી ફૂજીવારાને અગ્નિ એશિયામાં જાપાની હિતોને આગળ ધપાવવા સ્થાનિક હિંદીઓની ભારે ઉપયોગિતા જણાઈ હતી. વળી, આ હિંદીઓનો ઉપયોગ કરીને અગ્નિ એશિયામાંનાં ભારતીય સૈન્યોને બ્રિટિશ વિરોધી બનાવવાનું અને ભારતની આઝાદી માટે લડવા પ્રેરવાનું ફૂજીવારાને જાપાનના હિતમાં દેખાયું.

બૅંગકોકમાં સ્વામી સત્યાનંદ પુરી અને પ્રીતમસિંહનાં જૂથો ભારતની આઝાદી માટે મથતાં હતાં. નવેમ્બર ૧૯૪૧માં જાપાની પ્રધાનમંડળે અમેરિકા સામે જંગે ચઢવાનું અને ભારતીય જૂથોને સાથમાં લેવાનું નકકી કર્યું. ફૂજીવારાએ સતત એક અઠવાડિયા સુધી બંને જૂથો સાથે મંત્રણાઓ કરીને સમજૂતી કરી કે, જાપાન 'ઈન્ડિપેન્ડન્ટ લીગ ઑફ ઈન્ડિયા'ના સ્વાધીનતા સંગ્રામમાં પૂરતી મદદ આપશે. પ્રીતમસિંહનું જૂથ બધા ભારતીયોને પોતાની સાથે રાખીને યુદ્ધ સમયે સૈનિકોને આઝાદી માટે લડવા પ્રેરશે; જાપાની લશ્કર ભારતીય નાગરિકો કે પકડાયેલા ભારતીય સૈનિકોના જાનમાલ અને સ્વાતંત્ર્યનું ગૌરવ સાચવશે. બંને પક્ષે સમજૂતીના સહી-સિક્કા થયા. અને જાપાને ૧૯૪૧ની આઠમી ડિસેમ્બરે યુદ્ધ જાહેર કરતાં જાપાની વિજયી સેનાની પાછળ પાછળ કબજે લેવાયેલા વિસ્તારોમાં આ લીગના કાર્યકરો જતા; કેદ કરવામાં આવેલા સૈનિકોને જાપાની મૈત્રી માટે પ્રેરતા; ભારતીયોમાં પણ જાપાન તરફી પ્રચાર કરતા, અને ભારતની આઝાદી માટે તેમને સંગઠિત કરીને, તેમનો સાથ માગતા. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે અન્ય વિજેતા વિદેશી સૈન્યની રસમથી મુક્ત રહીને, જાપાનીઓએ કયાંય હિંદી સ્રીઓ પર બળાત્કાર ન કર્યો. મલાયામાંની હિંદી સેનાના પહેલી બેટેલિયનના કેપ્ટન મોહનસિંહ જેવાય જાપાનીઓને શરણે આવ્યા અને ભારતની આઝાદી માટે બ્રિટન સામે લડવા તૈયાર થયા.

**૧૯૪૨ના ફેબ્રુઆરીમાં સિંગાપુર જાપાનીઓને હાથ પડતાં ૪૦ હજાર જેટલા ભારતીય બ્રિટિશ સૈનિકો યુદ્ધકેદી બન્યા. આમાંથી 'આઝાદ હિંદ ફોજ' ઊભી થઈ.** જૂનમાં જાપાનના તાબામાં આવેલા બધા એશિયન પ્રદેશોમાં રહેતા ભારતીયોનું એક સંમેલન બૅંગકોકમાં બોલાવાયું. અગ્નિ એશિયામાંના હજારો ભારતીયો માતૃભૂમિની રક્ષા માટે આઝાદ હિંદ ફોજમાં જોડાઈ ગયા, બૅંગકોક સંમેલનમાં ગયા. આઝાદ-હિંદ ફોજનું સેનાપતિપદ મોહનસિંહને સુપરત થયું. વળી, એવું પણ ઠરાવાયું કે **ફોજના બધા અધિકારીઓ ભારતીય જ હશે અને ફક્ત ભારતની મુક્તિ માટે જ આ સેના લડશે.** યુદ્ધના સંચાલન માટે 'સંગ્રામ પરિષદ'ની રચના કરવામાં આવી. પરિષદના પ્રમુખ રાસબિહારી ઘોષ થયા.

મોહનસિંહનો રસ્તો કપરો હતો. જાપાનીઓના વલણમાં મોહનસિંહને શંકા હતી. આથી તેમનો કશો સહકાર મળતો ન હતો. મોહનસિંહ આ બધું સહી લેવા તૈયાર ન હતા. તેમણે આ બધાની સ્પષ્ટતા માગતો પત્ર જાપાન સરકાર પર લખ્યો. એથી રાસબિહારી ઘોષે ગુસ્સે થઈને તેમને બરતરફ કર્યા; તો મોહનસિંહે આખી ફોજ વિખેરી નાખી અને રેકર્ડ સળગાવી મૂક્યું. અંતે મોહનસિંહની ધરપકડ કરવામાં આવી.

મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢવા સુભાષચંદ્ર બોઝને આમંત્રણ આપવામાં આવ્યું. આમ તો, જર્મનીમાં તેમણે 'આઝાદ હિંદ ફોજ' રચી જ હતી. એક સબમરીનમાં તેઓ માડાગાસ્કર ગયા અને ત્યાંથી

ટોકિયો પહોંચ્યા. ટોકિયોમાં જાપાનના વડાપ્રધાને તેમને આવકાર્યા; તેમની સાથે મંત્રણા કરી. વડાપ્રધાન ટોજોએ ભારતની આઝાદીમાં બધા પ્રકારની મદદ આપવાની ખાત્રી આપતું ત્યાંની સંસદમાં નિવેદન કર્યું. સુભાષબાબુ જુલાઈના આરંભમાં સિંગાપુર પહોંચ્યા. તેઓને 'ભારતીય સ્વાતંત્ર્ય આંદોલન'ની નેતાગીરી લેવા રાસબિહારી ઘોષે જણાવ્યું. સિંગાપુરમાં તેમણે 'આઝાદ હિંદની કામચલાઉ સરકાર' સ્થાપી. ૧૯૪૩ની ૨૩મી ઑક્ટોબરે સુભાષબાબુએ બ્રિટિશ અને અમેરિકા સામે યુદ્ધની જાહેરાત કરી. 'આઝાદ હિંદ સરકાર'ને જર્મની, ઈટાલી અને જાપાને માન્યતા આપી. તે ઉપરાંત, બ્રહ્મદેશ, ફિલિપાઈન, ચીન, થાઈલૅન્ડ, મંચુરિયા વગેરેમાં જાપાને ઊભી કરેલી સરકારોએ પણ માન્યતા આપી. જાપાને જીતેલા આંદામાન અને નિકોબાર ટાપુઓનો વહીવટ ૧૯૪૩ના અંતે 'આઝાદ હિંદ સરકારે' સાંભળી લીધો. તેણે તેમનાં નામ બદલીને 'શહીદ' અને 'સ્વરાજદ્વીપ' રાખ્યાં.

૧૯૪૪ના જાન્યુઆરીમાં 'આઝાદ હિંદ સરકાર'નું કાર્યાલય રંગૂનમાં લાવવામાં આવ્યું. ભારતને અંગ્રેજોની નાગચૂડમાંથી છોડાવવા માટે સુભાષબાબુએ જાપાનીઓ સાથે મળીને યોજના કરી. 'આઝાદ હિંદ ફોજ'ની નાની નાની ટુકડીઓ બનાવીને દરેકની નેતાગીરી હિંદીઓને સોંપવામાં આવી. જાપાની સેનાએ પણ એ સાથે જ ભારત તરફ આગળ વધવું એવી યોજના કરવામાં આવી; જો કે જે ભૂમિ કબજે કરવામાં આવે તેનો વહીવટ આઝાદ હિંદ ફોજને સોંપવામાં આવે અને ફક્ત ભારતનો જ રાષ્ટ્રધ્વજ ત્યાં ફરકાવવામાં આવે એવી જાપાન સાથે સમજૂતી પણ કરવામાં આવી.

* ખાસ નોંધપાત્ર વસ્તુ એ છે કે, જાપાની સેનાપતિઓનો અભિપ્રાય કલકત્તા પર ભારે બૉંબમારો કરવાનો હતો. સુભાષબાબુએ ભારતની ભૂમિ પરનાં ઉદ્યોગો, મકાનો કે ભારતીય સપૂતોનો વિનાકારણ નાશ કરવાનો વિરોધ કર્યો અને એ યોજના પડતી મૂકવામાં આવી.

માર્ચની અધવચ્ચે આઝાદ હિંદ ફોજે બ્રહ્મદેશની ભૂમિ ઓળંગીને ભારતની ધરતી પર પગ મૂક્યો. હજારો સૈનિકોએ દંડવત પડીને ધરતીને ચૂમી, ધરતીની રજ માથે ચઢાવીને ભારત મૈયાની જય પોકારી.

આ બધું છતાં આઝાદ હિંદ ફોજ ભારતમાં ઝાઝું આગળ વધી ન શકી. જાપાનીઓ હારતા જતા હતા. પરિણામે જાપાનને પીછેહઠ કરવાની ફરજ પડી. તેમની સાથે આઝાદ હિંદ ફોજને પણ પીછેહઠ કરવાની ફરજ પડી—જો કે નાગા લોકોએ આઝાદ હિંદ ફોજને ટકી રહેવા આગ્રહ કર્યો હતો. નાગા સરદારોએ સભા ભરીને કહ્યું હતું કે અમારા વિસ્તારમાં અમને અંગ્રેજો કે જાપાનીઓ એકેય ખપના નથી. અમારા રાજા સુભાષચંદ્ર બોઝ અમને મળે એવી અમારી ઝંખના છે.

૧૯૪૪ના સપ્ટેમ્બરમાં ઈમ્ફાલ મોરચે પીછેહઠ કરવા નેતાજીએ હુકમ આપ્યો; ૧૯૪૪ના ૧૧મી ઑક્ટોબરે નેતાજી રંગૂન પહોંચી ગયા. રંગૂનમાંથી જાપાનીઓ હઠી ગયા પછી ય, છેક ૧૯૪૫ના મે ના આરંભના દિવસો સુધી આઝાદ હિંદ ફોજે રંગૂનનો કબજો ટકાવી રાખ્યો.

અંતે, અર્ધભૂખ્યા, અપૂરતાં વસ્ત્રો અને અલ્પ શસ્ત્રો ધરાવતા આઝાદ હિંદ ફોજના દેશપ્રેમી સૈનિકો અંગ્રેજોની મોટી સૈનિક સંખ્યા, સાધનો અને શસ્ત્રો સામે ન ટકી શક્યા. તેમણે અંગ્રેજોની શરણાગતિ સ્વીકારી લીધી. પરિસ્થિતિ કળી જઈને, વ્યૂહ બદલીને, નેતાજી સિંગાપુરથી બેંગકોક થઈને સાઈગાંવ પહોંચ્યા. ત્યાં પણ તાત્કાલિક જોખમ વધતાં, ત્યાંથી 'અજ્ઞાત' સ્થળે જવાના ઈરાદે તેમણે ખાસ વિમાનમાં પોતાના એકમાત્ર સાથી કર્નલ હબિબુર રહેમાન સાથે ટોકિયો તરફ પ્રયાણ કર્યું. પરંતુ ફૉર્મોસા (તાઈવાન) મથકે વિમાનમાં એકાએક આગ લાગતાં નેતાજી થોડાક સમયમાં જ રામશરણ થયા. તેમના સાથી હબિબુર ભયંકર દાઝેલી હાલતમાં બચી ગયા...

# સ્વાતંત્ર્ય પ્રાપ્તિમાં 'આઝાદ હિંદ ફોજ'નું પ્રદાન

આઝાદ હિંદ ફોજની હાર એ નેતાજીની નેતાગીરી, સૈનિકોની ફનાગીરી કે શૌર્યના અભાવે થઈ ન હતી. આંતરરાષ્ટ્રીય સંજોગો જ એવા હતા કે આઝાદ હિંદ ફોજ જીતી ન શકી. જર્મની અને ઈટાલી પરાજિત થઈ ચૂકયાં હતાં. જેના પર સુભાષબાબુ અને આઝાદ હિંદ ફોજનો મુખ્ય આધાર હતો તે જાપાન મિત્ર રાજ્યોના હાથે માર ખાતું હતું. તેને પીછેહઠ કરવી પડી, ત્યારે ટાંચાં સાધનો અને મર્યાદિત સંખ્યાવાળી 'આઝાદ હિંદ ફોજ'નું સ્વપ્નું રોળાઈ ગયું. આઝાદ હિંદ ફોજે કમ સે કમ, તેની ફનાગીરી મારફતે, બ્રિટિશરોની નોકરી કરી રહેલા નૌકા સૈનિકો કે હવાઈ સૈનિકોમાં રાષ્ટ્રપ્રેમનાં બી વાવ્યાં હતાં.

*

યુદ્ધ પતી જતાં, કેદ પકડાયેલા આઝાદ હિંદ ફોજના સરસેનાપતિ શાહનવાઝ અને તેમના મુખ્ય સાથીઓ પર 'લશ્કરી દગાખોરી' માટે કેસ ચલાવાયો. આ દેશભક્ત સૈનિકોને મુક્ત કરાવવા દેશભરમાં 'આઝાદ હિંદ ફોજ દિન'ની ઉજવણી થઈ. કલકત્તામાં કોંગ્રેસ, હિંદુ મહાસભા, ફોરવર્ડ બ્લૉક, મુસ્લિમ લીગ વગેરેના સંયુક્ત નેજા નીચે ૧૯૪૫ના નવેમ્બરમાં સરઘસ નીકળ્યું. પોલીસ અને લશ્કરની ગાડીઓને જનતાએ બાળી મૂકી. પોલીસના ગોળીબારમાં ૩૨ શહીદો થયા. ૧૯૪૬ના ફેબ્રુઆરીનાં ૧૮મી અને ૧૯મીના રોજ મુંબઈમાં નૌકાસેનાના જવાનોએ ગોરા અમલદારોની તુમાખી, અસમાન વર્તાવ, અને આઝાદ હિંદ ફોજના સૈનિકો સામે કામ ચલાવવાનાં કારણોસર બંડ કર્યું. ૨૦ હજાર નૌકા સૈનિકો, ૨૦ મોટાં જહાજો, ૧૦૦ જેટલાં નાનાં જહાજો હડતાલમાં સામેલ થયાં. **કોંગ્રેસનો ત્રિરંગો તથા મુસ્લિમ લીગનો ઝંડો જહાજો પર ફરકયો.** આ સૈનિકોએ પોતાની માગના ટેકામાં મુંબઈના રાજમાર્ગો પર સૂત્રો પોકારતું સરઘસ કાઢ્યું. કરાંચીથી માંડીને સિંગાપુર સુધીના ભારતીય નૌકાસૈનિકોમાં હડતાલ ફેલાઈ ગઈ. ૨૧ અને ૨૨મી ફેબ્રુઆરીએ બળવો ચરમ સીમાએ પહોંચ્યો. કરાંચીમાં ભારતીય નૌકા-સૈનિકો અને ગોરા અમલદારો વચ્ચે ગોળીઓની રમઝટ ચાલી... અંતે, બંડ સાવ નિર્દયતાપૂર્વક કચડાઈ જવાની સ્થિતિ આવે તે પહેલાં સરદાર પટેલની સમયસૂચક દરમિયાનગીરી અને સલાહને વશ થઈ વિદ્રોહીઓએ બળવો સંકેલી લીધો

બંડ તો શમી ગયું; પરંતુ અંગ્રેજોને પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ. એકલા નિ:શસ્ત્ર નાગરિકો સામે જ હવે તેમણે લડવાનું નથી; પણ સશસ્ત્ર સૈનિકોય વીફરી બેસે તેમ છે એનું એમને ભાન થયું. નૌકા સૈનિકો એકલાનું બંડ શમાવી શકાયું; પણ હવાઈ સેના અને ભૂમિસેના એમાં ભળે ત્યારે એ બંડ શમાવવું ભારે પડે એમ સમજાયું... એમને થયેલી આ પ્રતીતિએ **ભારતની આઝાદીની ગતિ તેજ બનાવી.**

## બારણાં ખૂલ્યાં

ભારતમાં લૉર્ડ લિનલિથગોની જગાએ આવેલા વાઈસરોય વેવેલ સાથે ગાંધીજીનો પત્રવ્યવહાર થયો. તેમાં ગાંધીજીએ સાફ સાફ લખ્યું કે, 'કોંગ્રેસ કશું પગલું ભરે તે પહેલાં જ નેતાઓની એકાએક ધરપકડ કરીને સરકારે પ્રજાને ઉશ્કેરી મૂકી હતી. ૧૯૪૨ની હિંસા માટે કોંગ્રેસ નહીં પણ સરકાર જવાબદાર છે...'

જેલમાં ગાંધીજીની તબિયત લથડતાં સરકારે તેમને મુક્ત કર્યા (૬–૫–૧૯૪૪).

ગાંધીજીએ છૂટયા પછી ઝીણા સાથે મંત્રણાઓ કરીને ઉકેલ શોધવા પ્રયાસ કર્યો. કેટલીય વાર ગાંધી-ઝીણા મંત્રણાઓ થઈ, પણ પરિણામ કંઈ જ ન આવ્યું. ૧૯૪૫ના જૂન માસ સુધીમાં કોંગ્રેસ કારોબારીના

બાકીના સભ્યોને છોડી મૂકવામાં આવ્યા. સિમલામાં કોંગ્રેસ અને સરકાર વચ્ચે વાટાઘાટો ચાલી, જે 'સિમલા પરિષદ' નામે જાણીતી છે. લોર્ડ વેવલે કોઈ એક ધર્મની માગણીને કારણે વાટાઘાટો તોડી પાડવામાં નહીં આવે તેમ કહ્યું; પરંતુ ઝીણા સાહેબે આગ્રહ રાખ્યો કે મુસ્લિમ લીગ જ મુસ્લિમોની પ્રતિનિધિ હોઈને તેના વિનાના કોઈ મુસ્લિમ સાથે વાટાઘાટો કરવાનો સરકારને અધિકાર નથી. આ મુદ્દા પર જ અંતે વાટાઘાટો તૂટી પડી.

૧૯૪૫ જુલાઈમાં બ્રિટનમાં ચૂંટણીઓ થઈ. 'રૂઢિચુસ્ત (કોનઝરવેટિવ) પક્ષ' હાર્યો અને 'મજૂર પક્ષ' ફરી બહુમતીમાં આવતાં વડાપ્રધાન તરીકે એટલી આવ્યા.

વડાપ્રધાન એટલીએ ભારતને મુક્તિ આપવાના ધ્યેયની જાહેરાત કરી અને ભારતને શી રીતે આઝાદ બનાવવું એની વિચારણા માટે બ્રિટનના ત્રણ પ્રધાનોવાળું કેબિનેટ મિશન ભારત રવાના કર્યું.

આ અરસામાં, ભારતમાં ચૂંટણીઓ થતાં જનરલ બેઠકો પર કોંગ્રેસનો અને મુસ્લિમ બેઠકો પર મુસ્લિમ લીગનો વિજય થયો, જોકે આ ચૂંટણીઓમાં કેન્દ્રીય ધારાસભા માટે મત આપવાનો અધિકાર માત્ર અડધા ટકાને અને પ્રાંતીય ધારાસભાઓ માટે મત આપવાનો અધિકાર માત્ર ૧૧ ટકાને હતો.

ચૂંટણીનાં પરિણામો નોંધપાત્ર હતાં : કોંગ્રેસને બિન-મુસ્લિમ મત વિસ્તારોમાં ૯૧.૩ ટકા મત મળ્યા હતા; અને મુસ્લિમ લીગને મુસ્લિમ મતવિસ્તારોમાં ૮૬.૬ ટકા મત મળ્યા હતા. કુલ ૧૦૨ બેઠકોમાંથી કોંગ્રેસે ૫૭, મુસ્લીમ લીગે ૩૦, અપક્ષોએ ૫, અકાલી શીખોએ ૨, યુરોપિયનોએ ૮ બેઠકો મેળવી હતી.

## કેબિનેટ મિશનની ભલામણો

કેબિનેટ મિશને કોંગ્રેસ અને મુસ્લિમ લીગના નેતાઓ સાથે વારંવાર મંત્રણાઓ કરી, પણ કોઈ ઉકેલ ન નીકળ્યો. અંતે, તેણે નીચેની ભલામણો કરી—

(૧) બ્રિટિશ ભારત અને દેશી રાજ્યોનો એક સમવાયી (ફેડરલ) સંઘ બને. સંઘ પાસે વિદેશનીતિ, સંરક્ષણ, વાહનવ્યવહાર અને જરૂરી કરવેરા દ્વારા નાણાં મેળવવાની સત્તા રહે.

(૨) સંઘની કારોબારીમાં દેશી રાજ્યો અને બ્રિટિશ ભારતનું પ્રતિનિધિત્વ હોય. કોઈ પ્રશ્નમાં સાંપ્રદાયિક મતભેદ ઊભો થાય તો સંસદમાંના કોંગ્રેસ અને મુસ્લિમ પક્ષ બંનેની અલગ અલગ બહુમતીએ અને પછી સંસદની કુલ બહુમતીએ જે નિર્ણય લેવાય તે સ્વીકાર્ય ગણાય.

(૩) સંઘ હસ્તકના વિષયો સિવાયની સર્વ સત્તા પ્રાંતોને આપવામાં આવે.

(૪) સંઘને સોંપેલા વિષય સિવાય દેશી રાજ્યો પાસે તેમના પૂરતી બાકીની સત્તા રહે.

(૫) પ્રાંતોને ભેગા થઈને એવું જૂથ બનાવવાનો હક રહે કે જે જૂથને પોતાની કારોબારી અને ધારાસભા હોય.

(૬) કોઈ પણ જૂથ કે સંઘમાં એવી જોગવાઈ રહે કે આરંભે કે ત્યાર બાદનાં દશ દશ વર્ષે તે જૂથ બંધારણની જોગવાઈઓ પર ફેરવિચારણા કરવાની માગ કરી શકે.

(૭) ૩૮૯ સભ્યોની બંધારણ સભા રાખવામાં આવશે અને તેમાં ૨૯૨ સભ્યોની બ્રિટિશ ભારતની પ્રાંતીય ધારાસભાઓના ૨૧૦ 'જનરલ' (હિંદુ આદિ) સભ્યો, ૭૮ મુસ્લિમ તથા ૪ શીખોને (વસતિના પ્રમાણમાં) અલગ બેઠકો આપવામાં આવશે. બાકીના ૯૩ સભ્યો દેશી રાજ્યો પોતે પોતાની રીતે મોકલશે.

(૮) પ્રાંતોનાં ત્રણ જૂથો રહેશે : હિન્દુ બહુમતીવાળા પ્રાંતો, મુસ્લિમ બહુમતીવાળા પશ્ચિમોત્તર પ્રાંતો અને મુસ્લિમ બહુમતીવાળા પૂર્વીય પ્રાંતો. પ્રાંતોને ચૂંટણીઓ પછી જૂથમાંથી નીકળી જવાની છૂટ રહેશે.

(૯) મોટા રાજકીય પક્ષોના સમર્થનવાળી વચગાળાની સરકાર રચાશે.

કેબિનેટ મિશનની આ યોજનાનો મુસ્લિમ લીગે અસ્વીકાર કર્યો. કોંગ્રેસે ભારે ગડમથલ પછી, યોજના સ્વીકારી (અર્થઘટનના મતભેદ સાથે), પણ વચગાળાની સરકારમાં રહેવાનું ન સ્વીકાર્યું. બીજી તરફ, બંગાળમાં કોમી તોફાનો શરૂ થયાં. હિંદુઓની માલમિલ્કતની લૂંટ, અપહરણો અને બળાત્કારોની પરંપરા ચાલી. બંગાળમાં પ્રાંતિક સરકાર મુસ્લિમ લીગની હતી, તેણે તોફાનો દાબવા હુકમો ન આપ્યા. દેશની આવી બગડતી દશા જોઈને કોંગ્રેસે અંતે, 'વચગાળાની સરકાર'માં જોડાવાનું સ્વીકાર્યું (૧૬-૮-૧૯૪૬). તે જ દિવસે મુસ્લિમ લીગે 'સીધાં પગલાંની' હાકલ કરતાં તોફાનો વધ્યાં.

પંડિત જવાહરલાલ નેહરુ વચગાળાની કેન્દ્ર સરકારના વડાપ્રધાન બન્યા. પાછળથી મુસ્લિમ લીગને લાગ્યું કે લટકી જવાશે, આથી સરકારમાં જોડાવાનું તેણેય સ્વીકાર્યું. પરંતુ આથી તો દેશમાં ચાલતાં તોફાનો હવે પ્રધાનમંડળ સુધી પહોંચ્યાં. મુસ્લિમ લીગના ચાર પ્રધાનો હમેશાં કોંગ્રેસી પ્રધાનો કે વડાપ્રધાનના નિર્ણયનો વિરોધ કર્યા જ કરે. કોંગ્રેસ માટે સરકાર ચલાવવા અંગે મુશ્કેલ અને કઢંગી પરિસ્થિતિ ઊભી થઈ. નાણાં ખાતું મુસ્લિમ લીગી લિયાકતઅલીના હસ્તક હોઈ, તેમણે અંદાજપત્રમાં કોંગ્રેસના ટેકેદાર ઉદ્યોગપતિઓને મુશ્કેલી પડે એ રીતે ભારે કરવેરા નાખ્યા, જેથી તેઓ કોંગ્રેસનો સાથ છોડી દે. બીજી બાજુ, આવા આકરા કરવેરા ન ભરવા માટે પણ લીગ ધનિકોને પ્રેરતી રહી ! કોંગ્રેસ અને લીગના પ્રધાનો વચ્ચે વધતી કડવાશ દૂર કરીને સમજૂતી પર લાવવા લંડનમાં એક પરિષદ બોલાવવામાં આવી. જવાહરલાલ નેહરુ અને મહમદઅલી ઝીણાએ તેમાં ભાગ લીધો. પરંતુ આમાં કોઈ ઉકેલ ન આવ્યો. બ્રિટિશ સરકારે દેશના ભારત અને પાકિસ્તાન એવા ભાગલા કરવા માટેની ગોઠવણી કરી.

૧૯૪૬ના ડિસેમ્બરમાં 'બંધારણ સભા'ની બેઠક મળી. તેના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્રપ્રસાદની વરણી થઈ. મુસ્લિમ લીગ અને દેશી રાજાઓના સંઘે એનો બહિષ્કાર કર્યો. આવી પરિસ્થિતિમાં બ્રિટનના વડાપ્રધાન એટલીએ સંસદમાં જાહેરાત કરી (૨૦-૨-૧૯૪૭) કે ૧૯૪૮ જૂન સુધીમાં ભારતની જવાબદારી ભારતીઓના હાથમાં સોંપી દેવાશે. સર્વસંમત ઉકેલ ન નીકળે તો પણ બ્રિટન વધારે વખત થોભશે નહીં.

એટલીની જાહેરાતના અનુસંધાનમાં કાર્યવાહી કરવા માટે વાઈસરૉય તરીકે લૉર્ડ માઉન્ટબેટનની નિમણૂક કરવામાં આવી. કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બંનેએ વડાપ્રધાન એટલીની જાહેરાતને વધાવી લીધી. લીગને હવે ખાતરી થઈ કે પાકિસ્તાન મળવાનું જ છે તો જેટલો બને તેટલો વધુ વિસ્તાર મળે એવી પ્રવૃત્તિ કરવી. આસામમાં તોફાનો કરાવીને તેણે તે પ્રદેશ પાકિસ્તાનમાં ભળે તેમ કરવા પ્રયાસ કર્યો. પંજાબમાં પણ તેણે એવા પેંતરા રચ્યા, તો શીખોના અલગ રાજ્યની હિમાયત કરતા સરદાર તારાસિંહ સાથે તેને અથડામણમાં આવવું પડ્યું. ખુદ લાહોરમાં પાકિસ્તાન વિરોધી તોફાનો થયાં. આ પછી અમૃતસર, તક્ષશિલા, રાવલપિંડી, પેશાવર વગેરેમાં ખૂનામરકી આરંભાઈ.

માઉન્ટબેટને ભારતમાં આવીને કુનેહથી કામ લીધું. સૌ પ્રથમ સરદાર વલ્લભભાઈને તેમણે ભાગલાની તરફેણમાં સમજાવ્યા. ગૃહપ્રધાન હોવા છતાં સરદાર વલ્લભભાઈ પટેલને પોતાના વિભાગમાં એક પટાવાળો નીમવો હોય તો પણ નાણાંપ્રધાન લિયાકતઅલીખાનની સંમતિ સિવાય નીમી ના શકે તેવી દશા હતી ! આથી તેઓ લીગ સાથેની સંયુક્ત સરકારથી કંટાળેલા હતા જ.

માઉન્ટબેટને જવાહરલાલ નેહરુને સમજાવ્યા. મદ્રાસના કોંગ્રેસી અગ્રણી રાજાજી અને ત્યાંની કોંગ્રેસ તો અગાઉથી જ ભાગલાની તરફેણનો ઠરાવ કરી ચૂકયાં હતાં.

*ગાંધીજીએ પણ અંતે દેશના હિતમાં ભાગલા અંગેનો તેમનો વિરોધ છોડયો. બ્રિટિશ સરકાર વતી માઉન્ટબેટને ૩ જૂન ૧૯૪૭ના રોજ ભાગલાનાં દરખાસ્ત વિગતવાર રજૂ કરી અને કોંગ્રેસ કારોબારીએ તે જ દિવસે તેનો સ્વીકાર કર્યો. પરંતુ છેક સુધી કોંગ્રેસની સાથે રહેલા સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાનને તેથી ભારે આઘાત લાગ્યો. ભાગલાનો સ્વીકાર કરતાં પહેલાં તેમના અભિપ્રાય લેવાયો ન હતો કે તેમને જાણ પણ કરવામાં આવી ન હતી !

મુસ્લિમ લીગની કારોબારીએ ૧૦ મી જૂન ૧૯૪૭ના દિવસે ભાગલાનો ઠરાવ સ્વીકાર્યો, તેથી હવે ભાગલા સામે કોઈ આડશ ન રહી. ૧૮ મી જુલાઈએ ભારતના ભાગલાને અને આઝાદીને મંજૂર રાખતા બ્રિટિશ પાર્લમેન્ટના ઠરાવ પર બ્રિટનના શહેનશાહની સહી થઈ. તે મુજબ ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત સ્વતંત્ર થયું – જો કે તત્કાલ **સાંસ્થાનિક સ્વાયત્તતા** (ડુમિનિયન સ્ટેટસ) પ્રાપ્ત થઈ હતી. બાદ ૨૬, જાન્યુઆરી ૧૯૫૦ના દિને બંધારણ સભાએ ભારતને 'સંપૂર્ણ સ્વતંત્ર પ્રજાસત્તાક' તરીકે જાહેર કર્યું.

ગાંધીજી માનતા હતા કે, અહિંસક હિંમત ખીલવવા માટે શસ્ત્રોની તાલીમ સર્વથા બિનજરૂરી છે. xxx અબ્દુલ ગફારખાનની સરદારી અને પ્રેરણા નીચે સરહદ પ્રાંતમાં પઠાણોએ એ કરી બતાવ્યું છે. બ્રિટિશરોને પરાણે કબૂલ કરવું પડ્યું હતું કે, શસ્ત્રધારી પઠાણ કરતાં અહિંસક પઠાણ વધારે જોખમકારક છે.

કોંગ્રેસના મોવડીમંડળે આખરે ભારતના ભાગલા પાડવા અંગે સંમતિ ભણી. આ નિર્ણયની જાણ થતાં, સરહદના ગાંધીએ કારમો આઘાત અનુભવ્યો.

આ અગાઉ તેમણે વારંવાર પોતાની નીતિ કોંગ્રેસ અને દેશ સમક્ષ રજૂ કરી હતી : કોઈ પણ કારણે દેશના ભાગલા થવા ન જોઈએ. એમ છતાં, જો ભાગલાના નિર્ણય પર પહોંચવાનું થાય તો સરહદ પ્રદેશને તેમાં સંડોવવો નહિ, પઠાણોના આ પ્રદેશને સ્વાયત્ત-પખ્તુનીસ્તાન તરીકે જાહેર કરવો;

ગાંધીજીએ પણ ખાન સાહેબના આ અભિગમનું સમર્થન કર્યું હતું. આમ છતાં આખરે, અન્ય બહુમતી–મુસ્લિમ પ્રદેશોની જેમ, સરહદ પ્રદેશ અંગેય લોકમત દ્વારા નિર્ણય કરવાનું સ્વીકારીને કોંગ્રેસે કાંડું કાપી આપ્યું.

હકીકતે, સરહદી પ્રદેશ વર્ષો થયાં અબ્દુલ ગફારખાન અને તેમના વડીલ બંધુ ડૉ. ખાન સાહેબના વર્ચસ્વમાં રહ્યો હતો. વળી, આ ખાન બંધુઓએ ગાંધીજીના પ્રભાવમાં આવીને કોંગ્રેસની નેતાગીરી પણ સ્વીકારી હતી. આ ઉપરાંત, છેલ્લી પ્રાદેશિક ચૂંટણીમાં (૧૯૪૬) અદ્વિતીય વિજય મળતાં, ડૉ. ખાનના નેતૃત્વમાં ત્યાંનું પ્રધાનમંડળ કામ કરતું થઈ ગયું હતું.

આ બધું છતાં જ્યારે કોંગ્રેસે ખાનબંધુઓને પૂછ્યા-ગાછ્યા વિના સરહદ પ્રાંતને માથે ભાગલાનો નિર્ણય ઝીંક્યો ત્યારે સરહદના ગાંધીને મુખે ભારે વેદનાભર્યા શબ્દો નીકળ્યા હતા :

**"કોંગ્રેસે અમને વરુઓના હવાલે ધરી દીધા છે."**

## ટિળક મહારાજ : વિરલ વ્યક્તિત્વ

### 'સ્વરાજ અમારો જન્મસિદ્ધ અધિકાર છે'

સ્વતંત્રતા માટેનો અદમ્ય સંકલ્પ, સ્વતંત્રતા માટેની એક અવિચળ ભક્તિભરી તપસ્યા ટિળકના જીવનનો કુલ સાર છે. આ કારણે જ ટિળક લોકોનાં હૃદય ઉપર આજેય ગજબનો કાબૂ ધરાવી રહેલા છે. અગાઉના આપણા દેશનેતાઓની પ્રવૃત્તિનાં મૂળ આપણી પ્રજાના ઠેઠ ભૂતકાળ સુધી કે આપણી પ્રજાની અંતરતમ ભાવના સુધી પહોંચેલાં ન હતાં. ટિળકે પ્રથમ વાર આ વિષવર્તુળને ભેદી આપ્યું.

હિંદના ભૂતકાળ અને વર્તમાન વચ્ચે પુલ બાંધી આપનાર પ્રથમ રાજકીય નેતા ટિળક હતા. ટિળકે એક એવી ભાષા, એવી ભાવના ઉત્પન્ન કરી આપી, તેમજ એક એવી કાર્યપદ્ધતિ સરજી આપી કે જેને લીધે આપણી રાજકીય પ્રવૃત્તિ પૂરેપૂરી ભારતીય બની રહી, અને આપણી આમજનતા એમાં ભાગ લેતી બની. આપણા ભવિષ્યના ગૌરવની રચના આપણે આપણા ભૂતકાળના મહાન ગૌરવ ઉપર જ માંડવાની રહે છે; હિંદના રાજકારણને આપણે હિંદની પ્રખર ધર્મભાવના અને આધ્યાત્મિકતાથી ઓતપ્રોત કરી દેવાનું રહે છે; હિંદના રાજકીય પુનરુત્થાન માટે આવો અભિગમ અનિવાર્ય છે.

આ સત્ય હિંદમાં અન્ય લોકોને, લેખકોને, વિચારકોને, આધ્યાત્મિક નેતાઓને દેખાયું તો હતું, પરંતુ **એ સત્યને ખરેખરા વ્યવહારુ રાજકારણના ક્ષેત્રમાં લઈ આવનાર પ્રથમ નેતા ટિળક જ રહ્યા છે.**

*

ટિળકનો આત્મા લોકોના આત્મા સાથે અત્યંત નિકટપણે સંકળાયેલો છે. તેથી તેઓ માત્ર શિક્ષિતોના જ નહિ, આમવર્ગના, વેપારીઓ અને દુકાનદારોના, ખેડૂતોના અને ગામડિયાઓના પણ નેતા બની શક્યા છે. ટિળક (હિંસક) વિપ્લવવાદી નેતા છે એવી માન્યતા પણ ખોટી છે. ટિળકના ચારિત્ર્યમાં તેમજ રાજકીય માનસમાં આવી વિપ્લવવાદિતા છે જ નહિ. ખરું જોતાં તો હિંદના જનસમાજના માનસમાં પણ સામાન્ય રીતે વિપ્લવવાદી તત્ત્વ જેવું કાંઈ જ નથી, અથવા હોય તો પણ તે બહુ જ ઓછું છે – કદાચ લાગણીપ્રધાન અને આદર્શવાદી બંગાળનો એક અપવાદ થઈ શકે.

ભારતીય પ્રજા સ્વાભાવિક રીતે જ હરેક પ્રવૃત્તિ વિચારી વિચારીને કરનારી પ્રજા છે.

ટિળક પોતે એક પ્રખર સંકલ્પશાળી, લડાયક પ્રકૃતિની વ્યક્તિ છે. હિંદના હાડમાં રહેલાં આ લક્ષણો તેમનામાં છે જ, ટિળક કોઈ જડસુ પ્રત્યાઘાતી માણસ નથી.

ટિળકની પીઢ દૃષ્ટિએ બંગાળમાં જન્મેલા આંદોલનની મુખ્ય ચાર બાબતોને–સ્વરાજ, સ્વદેશી, રાષ્ટ્રીય કેળવણી અને બહિષ્કારને વ્યવહારુ સ્વરૂપ આપવાનો આરંભ કરેલો; તે કાર્યક્રમને ઝડપી લઈ, તેમણે તેને એક વધુ ચોક્કસ પ્રકારનું રૂપ આપ્યું.

ટિળકમાં વાસ્તવિકતાનું સચોટ ભાન હતું, પ્રજાનું નેતૃત્વ કરવાની સરસ શક્તિ હતી, પોતાનું લક્ષ્ય જરા પણ ન ચૂકે તેવી મુત્સદ્દીગીરીય હતી.... ગમે તેટલા પલટા આવતા રહ્યા; પણ એ બધામાં થઈને તેઓ લક્ષ્ય પ્રત્યે ધપ્યે જતા હતા. આ બધી ઘટનાઓ પાછળની પ્રેરણા સમી મહા એકાગ્ર દેશભક્તિ તેમનામાં હતી. [શ્રી અરવિંદકૃત 'બાળગંગાધર ટિળક']


રાષ્ટ્રીય એકતાનો અહાલેક





દેશભૂષણ ફકીર મઝરુલ હક (૧૮૬૬-૧૯૩૦)

"આપણે હિંદુ હોઈએ કે મુસલમાન—સૌ એક જ હોડકામાં છીએ. આપણે ભેગા જ ડૂબવું કે તરવું રહ્યું."



શૌકતઅલી, શંકરાચાર્ય, મહમદઅલી, ડૉ. કિચલુ

# ૧૧ : બ્રિટિશ યુગના આરંભે

## પૂર્વભૂમિકા

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામનું એક અતિ જટિલ પાસું છે ભારતીય મુસ્લિમોના અભિગમ. હકીકતે, ભારતીય મધ્યયુગી ઇતિહાસમાં તેનાં મૂળિયાં પડેલાં છે– ખાસ કરીને ૧૧મી સદીથી ૧૮માં સદીમાં. આપણે આ ગ્રંથમાળાના 'ભારત–દર્શન' : મધ્યયુગી ખંડ (ગ્રંથ–૨૧)માં તેનું અવલોકન કરી ગયા છીએ. તદનુસાર નવા યુગના આરંભ પૂર્વે, મુસ્લિમ શાસકો અને ઇસ્લામ સંપ્રદાયના અગ્રણી ચિંતકો–નેતાઓના વિચાર અને વ્યવહારની ભૂમિકા – ખાસ કરીને, ૧૮૫૭ના વિદ્રોહની પૂર્વભૂમિકા–ની સ્મૃતિ તાજી કરીને આગળ ચાલીશું.

૧૮મી સદીમાં બ્રિટિશ કંપનીના હસ્તક દેશની સત્તા સરકી જતી હતી, ત્યારે ભારતમાં 'ઇસ્લામનું પતન' થયાનું માનીને તેમાંથી ઊગરવા માટે વલીઉલ્લા દહેલવીએ (૧૭૦૩–૬૨) અફગાન સુલતાન અબ્દાલીને હિંદુસ્તાન પર આક્રમણ કરવા આમંત્રણ આપેલું. તે મુજબ અબ્દાલીએ આક્રમણ તો કર્યું, પરંતુ ભારતનો કબજો લઈને ઇસ્લામને ઉગારવાને બદલે, લૂંટ કરીને તે પાછો ફર્યો હતો.

૧૭૬૪માં બંગાળ, બિહાર અને ઓરિસ્સાના પ્રદેશો અંગ્રેજોના કાબૂમાં આવી જતાં, તેમણે 'પૈશાચિક' કહી શકાય એવી દારુણ લૂંટ ચલાવી. તેની સામે કમાન્ડર મંજુશાહની રાહબરી નીચે બંડનો પ્રથમ ઝંડો ફરકાવાયો હતો. તેનું સૈન્ય મુસ્લિમોમાં 'ફકીર' અને હિંદુઓમાં 'સંન્યાસી' કહેવાતી ટુકડીનું બનેલું હતું. તેઓ મુસ્લિમોના 'મદારીઆ' પંથ અને હિંદુઓના 'સાંઈબા' પંથના હતા અને 'હિંદુસ્તાનના 'જનાબાર' (પ્રતિકારવાદીઓ) તરીકે પંકાયા હતા. મંજુશાહના હાથ નીચેના સાત લેફ્ટેનન્ટોમાં ત્રણ મુસ્લિમ હતા. મંજુશાહનો પ્રભાવ બંગાળ-બિહારના ખેડૂતો તથા કારીગરો (સુથાર–કુંભાર–લુહાર ઇત્યાદિ) ઉપર પણ હતો. ૧૭૭૬ સુધીમાં તેણે બ્રિટિશ સૈન્યોને પરાજિત કર્યાં હતાં. પરંતુ પોતાના જ લશ્કરમાં 'સંન્યાસીઓ' અને 'ફકીરો' વચ્ચે અણબનાવ વધી જતાં, તેની કમજોરીનો લાભ ઉઠાવવાનું બ્રિટિશ સેનાએ કર્યું જ. અલબત્ત, મંજુશાહ પોતે મરણિયો પ્રતિકાર કર્યા બાદ રણભૂમિ પર જ પોઢી ગયો હતો.

મંજુશાહના મૃત્યુ બાદ તેના ભાઈ મુસાશાહે અંગ્રેજો સામેનો યુદ્ધમોરચો સંભાળી લીધો. ભવાની પાઠક તથા બીજા અનેક સાથી–સહાયકોના સહકારમાં તેનેય ઉપરાઉપરી વિજયો મળ્યા હતા. પરંતુ વળી પાછો 'સંન્યાસીઓ' અને 'ફકીરો' વચ્ચેનો કલહ નડયો. આમ છતાં એ પછીય એક દાયકા સુધી બંડનો ઝંડો ટકાવી રાખવાનું શક્ય બન્યું હતું.

### વહાબી બંડ (૧૮૨૦–૧૮૭૦)

હિંદુસ્તાનમાં વલીઉલ્લાના પુત્ર શાહ અબ્દુલ અઝીઝે આ 'અપવિત્ર દેશ' (દર–ઉલ–હર્બ)માં 'જેહાદ' (ધર્મયુદ્ધ) આદરીને પવિત્ર ઇસ્લામી રાજ્ય (દર–ઉલ–ઈસ્લામ) સ્થાપવાનો આદેશ આપેલો. તેમના વારસદાર અને ભારતમાંના વહાબી આંદોલનના પ્રણેતા મહમદ ઈશાહે તુર્ક સુલતાનની મદદ લઈ હિંદુસ્તાન પર ચઢાઈ કરવાનો બેત ગોઠવેલો. પરંતુ તેમના મરણના કારણે એ સ્વપ્નું રોળાઈ ગયેલું.

## વહાબી આંદોલન

### (ઉદ્‌ભવ)

મધ્ય અરબસ્તાનમાં જન્મેલા અબ્દુલ વહાબ (૧૭૩૦–૧૭૮૭) 'પરિશુદ્ધ ઇસ્લામ'ના સમર્થક હતા. સૂફીઓ અને સંતોએ જે 'ઉદાર' (લિબરલ) મત–વલણો દાખલ કર્યાં હતાં, તેમાં તેમને ઇસ્લામ પૂર્વેની ટોળીઓના નાસ્તિકવાદની ગંધ આવી હતી. તેમણે પવિત્ર કુરાન અને પ્રશિષ્ટ ધર્મગ્રંથોને વળગી રહીને ચુસ્ત ઇસ્લામની પુનઃસ્થાપના માટે કટ્ટર આંદોલન જગાવ્યું હતું. એમના આ આંદોલનને લોકોનું સારું એવું સમર્થન મળ્યું હતું. તેમના અનુયાયીઓએ સાઉદી અરબિયામાં સત્તા જમાવી હતી. તેમણે ૧૮૦૧માં કરબલા કબજે કરીને, 'ઉદાર' મતવાદી મુસ્લિમ સંત ઈમામ હુસેનની ભવ્ય દરગાહ સુદ્ધાં તોડી પાડી હતી. ૧૮૦૩માં મક્કા અને મદીના પર તેમણે વિજય મેળવ્યો હતો. આ વહાબી શાસનકાળમાં અબ્દુલ વહાબે પુરસ્કારેલા ચુસ્ત ધર્મ–પ્રણીત કાનૂનોનો અમલ કરવામાં આવ્યો હતો.

તે પછી શાહ ઈસ્માઈલ શહીદે વાયવ્ય સરહદી પ્રાંતને મુસ્લિમોની 'જેહાદ' માટેનું થાણું બનાવવાનો હેતુ સેવેલો. પણ ત્યાંના પઠાણોએ દાદ ન આપતાં તે સાહસ પણ એળે ગયેલું.

હિંદુસ્તાનમાં વહાબી પંથના વ્યવસ્થિત પુરસ્કર્તા તરીકેનું માન તો વલી ઉલ્લાના શિષ્ય 'ફકીર' સૈયદ અહમદ બરેલવી (રાયબરેલીમાં જન્મ હોઈને)ને જતું હતું. તેઓ તથા તેમના સાથીદાર હાજી શરીઅત ઉલ્લા બંને પ્રખર વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓ મક્કાની હજ પર ગયેલા ત્યારે ત્યાં વહાબીઓના સંસર્ગમાં આવેલા. ત્યાંથી પાછા ફર્યા બાદ શરીઅત ઉલ્લાએ કુરાનમાં સૂચવેલ 'ફર્ઝ' (કર્તવ્ય) ઉપરથી 'ફર્ઝિયા' સંગઠન ઊભું કરેલું. તેમણે કુરાનપ્રણીત ન્યાયયુક્ત સમાનતાના કાર્યક્રમથી મુસ્લિમો ઉપરાંત હિંદુ ખેડૂતોનેય આકર્ષેલા. આથી સૈયદ અહમદે ધર્મયુદ્ધ માટે સૈનિકોની ભરતી કરતાં તેમને ખેડૂતોનો સારો સહકાર મળ્યો હતો. એકંદરે તેઓ ૮૦,૦૦૦ ની ફોજ ઊભી કરી શકેલા—ખાસ કરીને ફરીદપુર જિલ્લામાં તો તેમણે કરવેરા ઊઘરાવવા માંડેલા, શુદ્ધ ઇસ્લામી ધોરણે સામાજિક સુધારા અમલમાં મૂકવા માંડેલા. પરંતુ પેશાવરના પઠાણોને આ વ્યૂહ અનુકૂળ ન આવતાં, એક વરસના ગાળામાં 'ઇસ્લામી રાજ્ય' ડૂલ થઈ ગયું હતું. શરીઅત ઉલ્લાના મરણ બાદ તેમના પુત્ર મહમદ મહાશિન દુદુમિયાંએ ક્રાંતિનો દોર આગળ ચલાવેલો. તેમણે ચોવીસ પરગણા અને નાદિયામાં આ આંદોલન વિસ્તાર્યું હતું. પરંતુ તેય પાછળથી નિષ્ફળ નીવડ્યું હતું.

આમ, અંગ્રેજો સામેના સશસ્ત્ર મોરચાઓનો જુવાળ નીચે ઊતરતાં મૌલવી નઝર અહમદે કુરાનને નામે, અંગ્રેજોની વફાદારીને આપદ્ ધર્મ ગણાવીને 'બહુદેવવાદી–મૂર્તિપૂજક' હિંદુઓ સામે મોરચો ઊભો કરવાનો ખેલ રચેલો.

* આ બધી હકીકતો પરથી એટલું સ્પષ્ટ થાય છે કે (૧) ૧૮–૧૯મી સદીમાં હિંદુસ્તાનમાંની પરદેશી–'ફિરંગી' (તે વખતે અંગ્રેજો માટેય વપરાતો શબ્દ) સત્તાને મુસ્લિમો 'અપવિત્ર' માનતા હોવાને કારણે, યેનકેન ઉપાયે દેશમાંથી તેને હાંકી કાઢવાના મરણિયા પ્રયાસો એક પૂરી સદી લગી (૧૭૬૩ થી ૧૮૭૦) ચાલ્યા હતા. (૨) આ પ્રયાસો વિદેશી ગુલામીમાંથી મુક્ત થવાના હોઈને તે ખરેખરા દેશદાઝભર્યા હતા. (૩) આ દાઝભર્યા પ્રખર પુરુષાર્થનો હેતુ, હિંદુસ્તાનમાં ગુમાવેલું 'મુસ્લિમ રાજ' પાછું સ્થાપવા માટેનો હતો—દેશની પ્રચંડ હિંદુ વસતી ઉપર મુસ્લિમ શાસન લાદવાનો હતો. આથી તે સાચા અર્થમાં રાષ્ટ્રીય મુક્તિ

આંદોલનથી ઊલટી દિશાનો બની રહ્યો હતો; અને અંતે તેમાં નાસીપાસ થતાં, તેમણે અંગ્રેજોની વફાદારી સ્વીકારીને, હિંદુઓ સામે મોરચો માંડવાનું આયોજન વિચાર્યું હતું.

* પરંતુ ૧૮૫૭ પછી મુસ્લિમોમાં પ્રવર્તેલી હતાશા બાદ, અંતિમવાદી વહાબી પ્રભાવને બદલે દેશભરમાં ઉદારમતવાદી સૂફી ચિશ્તિયા અને નક્ષબંદી શાખાઓનો પ્રભાવ વધ્યો હતો.

**દેવબંદ**

૧૮૫૭ પછી તરતના સમયમાં હાફિઝ સૈયદ આબિદ હુસેન, મૌલાના મહતાબ અલી અને શેખ નિહાલ અહમદે દેવબંદ (ઉ. પ્રદેશ)ની જામા મસ્જીદમાં 'મહતાબ' (પાઠશાળા) શરૂ કરી હતી. આ સંસ્થા એક દાયકા બાદ 'દર–ઉલ–ઉલુમ' નામે ખ્યાતિ પામી હતી. તે સંસ્થામાં ઉચ્ચ કક્ષાના મુસ્લિમ વિદ્વાનો જોડાયા હતા.

મૌલાના મુહમ્મદ કાસિમ નાનોટવીની હિંમત અને શક્તિના પ્રતાપે આ સંસ્થાનો વિકાસ થવા પામ્યો હતો. આખા ઉત્તરપ્રદેશમાં 'મહતાબ'નો પ્રસાર કરવાની તેમની હોંશ હતી, જે સહરાનપુર અને મુરાદાબાદ પૂરતી ફળી હતી.

* દર–ઉલ–ઉલુમનું મુખ્ય ધ્યેય બ્રિટિશ અને પશ્ચિમી સંસ્કારોના પ્રભાવ સામે પ્રતિકાર કરવાનું હતું.

આ સંસ્થાના સહાયકોમાં સરકારી શિક્ષણ ખાતામાંના કેટલાક મુસ્લિમ આગેવાનો હતા. આથી અંગ્રેજી શિક્ષણ પદ્ધતિનાં કેટલાંક લક્ષણોનો સ્વીકાર થઈ ચૂકયો હતો. પરંતુ વલી ઉલ્લાની જેમ પોતાની સંસ્થાને સરકારી આધિપત્યથી તથા રાજકીય દબાણોથી સ્વતંત્ર રાખવાની નેમ હોઈને, આર્થિક જરૂરિયાતને પહોંચી વળવા તેણે તમામ સ્તરના મુસ્લિમોનો સાથ લીધો હતો.

આ ઉપરાંત, કાનૂની ક્ષેત્રે ઇસ્લામી આદેશ (ફતવા) અનુસાર શુદ્ધ મુસ્લિમ સમાજની નવરચના કરવા તેણે 'ન્યાયતંત્ર વિભાગ'ની રચના પણ કરી હતી. વધુમાં, ઉર્દૂ સાહિત્યના વિકાસને અગત્યનું સાધન લેખ્યું હતું. પરંતુ નોંધપાત્ર તો એ છે કે, દેવબંદીઓ પશ્ચિમી સંસ્કાર–પ્રભાવ અને સત્તાથી સ્વતંત્ર રહેવા માગતા હોઈને, આ બાબતમાં દુશ્મન (અંગ્રેજો)ના દુશ્મન હિંદુઓનો, જરૂર પડતાં, સહકાર લેવાનું વલણ ધરાવતા હતા.

તેના મુખ્ય સ્થાપક અને વહીવટદાર મૌ. મુહમ્મદ કાસિમ નાનોટવીના અવસાન (૧૮૮૦) બાદ દેવબંદી સંસ્થાના મોટા ભાગના સંચાલકોમાં ઉલેમાઓ હતા. તેમાંય 'કાદીરી' અને 'નક્ષબંદી' પંથના સૂફીઓ વિશેષ હતા. આથી 'ગુરુ–શિષ્ય' પરંપરાનો વિકાસ થતાં તેનો પ્રભાવ ઘણો વિસ્તર્યો હતો.

---

## અજબ 'અવતારી' આદમી !

### મિરઝા ગુલામ અહમદ (૧૮૩૭)

કાદિયાનામાં જન્મેલા આ નેતા અરબી અને પર્શિયન ભાષાઓ તથા ઇસ્લામી ધર્મશાસ્ત્રોના મહા-પંડિત હતા. તેમનું મુખ્ય કેન્દ્ર પંજાબ હતું. ખ્રિસ્તી મિશનરીઓ (સ્કોટિશ ચર્ચ) અને આર્ય સમાજીઓની અસર મુસ્લિમ વિચાર–વર્તન ઉપર વધી રહેલી જોતાં, તેમણે **નવા જમાનાને અનુકૂળ** પ્રકારે ઇસ્લામના આચાર–વિચારનું સંમાર્જન કરવા બીડું ઝડપ્યું હતું. તેમનો 'અહમદિયા' ગ્રંથ પ્રગટ થતાં (૧૮૮૦) તેને સારો આવકાર મળ્યો હતો. પરંતુ આ ધૂની આદમીએ **પોતાને જ પયગંબર તરીકે, અરે, કૃષ્ણના અવતાર તરીકેય,** જાહેર કરી દેતાં, મુસ્લિમ સમાજ રૂઠયો હતો. ૧૯૦૮માં તેમનું મૃત્યુ થયું હતું... પરંતુ આ પંથની તાજગી અને મિશનરી પ્રવૃત્તિના પ્રતાપે દેશ-વિદેશમાં તેને આવકાર મળ્યો હતો.

---

. નાનોટવી પછી 'સરપરસ્ત' (વહીવટદાર) તરીકે મહમુદ-અલ-હસને દેવબંદના તમામ સ્નાતકોનું જમિયત-અલ-અસાર) ઊભું કર્યું. અંગ્રેજી શિક્ષણ લીધેલા, પણ ધાર્મિક શિક્ષણ પૂરતું નહિ પામેલા, બો માટે દિલ્હીમાં કુરાન-શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી. આ બંને પાછળનો હેતુ તે સમયગાળામાં સૈયદ અહમદના પ્રભાવ અને પુરુષાર્થના પરિણામે અલીગઢ અંગ્રેજી શિક્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું. ઓનો પ્રયાસ તેની સામે પોતાનો પ્રભાવ દૃઢ કરવાનો હતો.

## સંસ્કાર-શિક્ષણ કેન્દ્રે નવો ચહેરો

### સૈયદ અહમદ ખાન (૧૮૧૭ – ૧૮૯૮)

બ્રિટિશ યુગના સર્વ પ્રથમ પ્રતિભાવાન મુસ્લિમ નેતા સર સૈયદે મુસ્લિમોના ઉત્કર્ષ માટે ધૂણી ધાવીને તેને માટે આયુષ્યનાં પાંચ દાયકાથી વધુ વરસો સમર્પ્યાં હતાં. અનેક સામયિકો, પુસ્તિકાઓ, તન ગ્રંથો તથા અનેક સંસ્થા-સંગઠનો દ્વારા, કોઈ પણ એક વ્યક્તિથી થઈ શકે એટલો ભગીરથ પુરુષાર્થ મણે ખેડયો હતો.

મુસ્લિમોની કેળવણી માટે તેમણે પોતાના વતન ઉત્તર પ્રદેશમાં જ નહિ, કલકત્તા સુદ્ધાંમાં મદ્રેસા ખોલી હતી; અને દિલ્હીમાં ઍંગ્લો એરેબિક સ્કૂલ (પાછળથી કોલેજ) સ્થાપી હતી. તેમની આ પ્રવૃત્તિમાં તેમને ખ્યાતનામ વિદ્વાનો ડૉ. નઝીર અહમદ તથા શમ્સ ઉલ ઉલેમા મૌલવી ઝિયા-ઉદ્-દીન જેવાઓનો સહકાર મળતાં સંસ્થાઓ ખીલી ઊઠી હતી. પરંતુ તેમની પ્રવૃત્તિનું મુખ્ય મથક અલીગઢ રહ્યું હતું. અલીગઢની કોલેજના પ્રિન્સિપાલપદે થીઓડર બેકે (૧૮૮૪ થી ૧૮૯૯) પંદર વરસ રહીને અને થીઓડર મોરિસને છ વરસ (૧૮૯૯ – ૧૯૦૫) રહીને તેના સ્થાપક સર સૈયદ અને અન્ય સંચાલકો ઉપર ખૂબ જ પ્રભાવ પાડયો હતો. તે જ રીતે, ૧૮૮૦ અને '૯૦ના બે દાયકા દરમ્યાન અલીગઢના કલેકટર જેમ્સ કેનેડીનો તેમના ઉપરનો પ્રભાવ પશ્ચિમની સંસ્કારિતા તરફના તેમના ઝોકમાં અને તેમની શૈક્ષણિક તથા સંસાર-સુધારાની પ્રવૃત્તિઓમાં સ્પષ્ટ જોવા મળે છે. પરંતુ સર સૈયદના આચાર-વિચારમાંના પશ્ચિમી ઝોકના કારણે કટ્ટર મુસ્લિમોએ 'કાફિર' (નાસ્તિક) તરીકે તેમની વગોવણી કરી હતી અને તેમના ઇંગ્લેન્ડના પ્રવાસ વખતે એવી અફવા પણ ફેલાવી હતી કે તેઓ પાછા ફરશે ત્યારે 'ખ્રિસ્તી' બની ચૂકયા હશે...

અલબત્ત, ૧૮૫૭ના બળવાનો સર સૈયદે વિરોધ કર્યો હતો, અંગ્રેજોને ખુલ્લી રીતે મદદ કરી હતી, તેમના જાન બચાવ્યા હતા; સરકારી નાણાં બગાવતીઓના હાથમાં ન પડે માટે કૂવામાં નાખી દીધાં હતાં. આમ છતાં, તેમણે ૧૮૫૭ની ઘટના ઉપરના તેમના ગ્રંથમાં અંગ્રેજોની કેટલીક ટીકા ભારે હિંમતપૂર્વક કરી હતી. દા. ત. તેમના મતે, ૧૮૫૭ના બળવાનું સૌથી મોટું અને સ્ફોટક કારણ એ હતું કે વેપારી પેઢી ઈસ્ટ ઈંડિયા કંપનીએ 'ખ્રિસ્તી અંતરાત્મા'ને સહજ રીતે ડંખે એવી કશી લાગણી વિના આ દેશની પ્રજાનું શોષણ કર્યે રાખ્યું હતું, તેમાંથી અસાધારણ રાજકીય પરિસ્થિતિ પેદા થઈ હતી.

તેમના મતે, બ્રિટિશ તાજ અને બ્રિટિશ પાલર્મિન્ટ હસ્તક સીધું શાસન હોત તો પરિસ્થિતિ કદાચ જુદી હોત !

* સર સૈયદ અંગ્રેજોના હાથે પોતાનું કે હિંદી પ્રજાનું અપમાન સાંખી લેવાય તૈયાર ન હતા; તથા પ્રજાનું ગૌરવ વધે તે જોવા મથતા રહ્યા હતા.

દૃષ્ટાંતો રૂપે : મહારાણી વિકટોરિયાના આગ્રા ખાતેના દરબાર (૧૮૭૭)માંની બેઠકોમાં ગોરા-કાળાનો ભેદ જોઈને તેઓ દરબાર છોડી ચાલ્યા ગયા હતા; ૧૮૮૪માં સિવિલ સર્વિસની પરીક્ષા અંગેની હિલચાલ દરમ્યાન તેમણે ચુસ્ત 'રાષ્ટ્રવાદી' સુરેન્દ્રનાથ બેનરજીના પ્રમુખપદે સભાનું આયોજન કર્યું હતું; વળી,

તેમણે પત્રકારત્વના ક્ષેત્રે 'પૂર્ણ સ્વતંત્રતા'ની ઘોષણા કરી હતી, અને તે ક્ષેત્રે અંગ્રેજો માટે અહિતકારી ગણાતા ઈલ્બર્ટ બિલને સૈયદ સાહેબે ખુલ્લી રીતે ટેકો આપ્યો હતો. ઉપરાંત, દુષ્કાળની પરિસ્થિતિનો લાભ લઈને ગોરા પાદરીઓ દેશની ગરીબ પ્રજાને ખ્રિસ્તી બનાવતા હતા, તેની સામે તેમણે ૧૮૩૭માં ઉગ્ર વિરોધ કર્યો હતો. આ ઉપરાંત, સર સૈયદનું એક ઉત્તમ લક્ષણ એ હતું કે, તેઓ 'ઇસ્લામ' ધર્મની ભારોભાર નિષ્ઠા ધરાવતા હોવા છતાં, તેમણે તુર્કીના ખલિફા અબુ હમીદ અંગે મુસ્લિમોને ઉદ્દેશીને જણાવેલું કે, તેઓ 'ખલિફા' હોવાને કારણે આપણી વફાદારી યા ભક્તિનું પાત્ર બનતા નથી; તેઓ એક મુસ્લિમ સમ્રાટ છે, એ જ કારણે તેઓ હિંદના મુસલમાનોના 'ખલિફા' (ધર્મગુરુ) બની જતા નથી. બલ્કે, તેમની ધાર્મિક સર્વોપરિતા તેમના પોતાના શાસનની અંદર રહેનારા મુસ્લિમો પૂરતી મર્યાદિત છે.

* મુસ્લિમ 'ખલિફા'ની બાબતમાં આવાં વેણ ઉચ્ચારવાં એ વિરલ હિંમતભર્યું પગલું હતું.

આ ઉપરાંત, સર સૈયદના રાષ્ટ્રવાદી વિચારો, છેલ્લો દોઢ દાયકો બાદ કરતાં, ખૂબ જ ચિંત્ય છે:

---

"યાદ રાખો કે 'હિંદુ' અને 'મુસ્લિમ' શબ્દો ધર્મવાચક છે; બલ્કે, હિંદુઓ અને મુસલમાનો અને ખ્રિસ્તીઓ સુદ્ધાં, જેઓ આ દેશમાં વસે છે, એ સૌ મળીને આ એક રાષ્ટ્ર બનેલો છે. હવે એ સમય ચાલ્યો ગયો છે કે જ્યારે જુદા જુદા ધર્મો પાળનાર વતનીઓને કારણે, એક જ દેશ બે જુદાં રાષ્ટ્ર બની રહે...."

*

એક જાહેર સભામાં પંજાબના હિંદુઓને ઉદ્દેશીને બોલતાં સર સૈયદે કહ્યું હતું :

"'હિંદુ' શબ્દ તમે તમારા માટે વાપર્યો છે; પરંતુ મને એમ લાગે છે કે તે બરાબર નથી; કેમકે 'હિંદુ' શબ્દ ધર્મવાચક નથી. આ હિંદુસ્તાનના દરેક રહેવાસી પોતાને 'હિંદુ' કહી શકે છે. હું દિલગીર છું કે, હિંદુસ્તાનનો વતની હોવા છતાં, તમે મને 'હિંદુ' ગણતા નથી..."

"હિંદુ અને મુસ્લિમ બે કોમ તો દેશની બે આંખો છે."

---

વધુમાં, હિંદુઓ સામેની વ્યર્થ દુશ્મની ઘટાડવા માટે 'ગૌવધ'નો ત્યાગ કરવા મુસ્લિમ પ્રજાને તેમણે સલાહ આપી હતી. સ્વાભાવિક રીતે જ સર સૈયદમાં એક ઊંચા ગજાના 'રાષ્ટ્ર પુરુષ' તરીકેની અપેક્ષા લોકોએ સેવી હતી. ઘણાંએ તેમને રાજા રામમોહન રોય સાથે સરખાવ્યા હતા.

* પરંતુ મહાદુર્ભાગ્યની હકીકત એ છે કે તેમના જીવન-કાળનાં પાછલાં વરસોમાં તેમના વિચારોમાં પાયાનો પલટો આવ્યો હતો. બ્રિટિશ પ્રિન્સિપાલોના રાષ્ટ્રવાદ વિરોધી કટ્ટર વલણના તેઓ ભોગ બન્યા હતા. ૧૮૮૫માં રાષ્ટ્રીય કોંગ્રેસનું પહેલું અધિવેશન મળ્યું ત્યારથી, 'બહુમતીવાળી લોકશાહી ભારતને લાગુ પડે એમ નથી', એવો પ્રચાર એમણે શરૂ કરી દીધો હતો. મુસ્લિમો કોંગ્રેસ તરફ ઘસડાઈ ન જાય, તે માટે તેમણે 'મહોમેડન એજ્યુકેશનલ કોન્ફરન્સ'ની સ્થાપના કરીને મુસ્લિમોને રાજકારણથી દૂર રહેવા સલાહ આપી હતી. રાષ્ટ્રીય કોંગ્રેસના ત્રીજા અધિવેશનના અધ્યક્ષ બદરુદ્દિન તૈયબજીને સંબોધીને તેમણે એક પત્ર લખ્યો હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે, "એમ માની લેવામાં આવે છે કે અનેક કોમો અને અનેક ધર્મોવાળું હિંદુસ્તાન 'રાષ્ટ્ર' છે, અથવા 'રાષ્ટ્ર' બની શકે એમ છે, અને તેમનાં ધ્યેયો અને આકાંક્ષાઓ

ાં છે, પરંતુ આમ બનવું અશક્ય છે." આમ કહીને, તેમણે અંતે જણાવ્યું કે—"રાષ્ટ્રીય કોંગ્રેસ કશું હોઈ જ ન શકે; અને બધા લોકોને સમાન લાભ મળવાનું શક્ય જ ન બને."
આ પછી તો, અલીગઢ કેન્દ્ર રાષ્ટ્રીય આંદોલનનું વિરોધી કેન્દ્ર બની રહ્યું હતું; અને ૧૮૮૮માં થિયોડર બેકના સહારે સર સૈયદે મુસ્લિમ નવાબો, હિંદુ રાજાઓ, ખિતાબધારીઓ અને કેટલાક ...ને સાથે લઈને, એક રાજકીય સંગઠન—'ઈન્ડિયન પેટ્રિયોટિક એસોસિએશન'—સ્થાપીને, રાષ્ટ્રીય કોંગ્રેસ બ્રિટિશ વફાદારોનો મોરચો ખડો કરી દીધો હતો.

આ હકીકતો એટલું તો સ્પષ્ટ કરે છે કે **સર સૈયદ કોમી ધોરણે મુસ્લિમ અલગતાવાદના પ્રથમ પુરસ્કર્તા બન્યા હતા.** નોંધપાત્ર હકીકત તો એ છે કે જ્યારે 'દેવબંદના મૌલવી ...લ્લમોએ દુન્યવી બાબતોમાં હિંદુઓનો સહકાર લઈને આગળ ધપવાનો ફતવો જાહેર કર્યો હતો, ત્યારે ...ર સૈયદે ભારે આવેશમાં આવીને, એવા સહકારને '**મુસ્લિમોના સર્વનાશ**' તરીકે લેખ્યો હતો. વળી, ...સિવિલ સર્વિસ માટે 'હરીફાઈયુક્ત પરીક્ષા'નું ધોરણ કોંગ્રેસે સૂચવ્યું હતું, તેનો વિરોધ કરતાં તેમણે જણાવ્યું હતું કે, એમ થતાં તો ભાગ્યે જ કોઈ મુસ્લિમ માટે તક રહેશે. તેમણે તો સ્થાનિક લોકલ બોર્ડ તથા મ્યુનિસિપાલિટીની ચૂંટણીનો બહિષ્કાર કરવાનુંય એલાન આપ્યું હતું!—કેમ કે, ચૂંટણીમાં મુસ્લિમોનો ગજ વાગવા વિષે તેમને સંદેહ હતો. હકીકતે, બંગાળમાં જ્યાં મુસ્લિમોની બહુમતી હતી ત્યાં પણ હિંદુઓની સરખામણીએ અડધી જ બેઠકો મુસ્લિમો મેળવી શક્યા હતા. આથી અકળાઈ જઈને તેમણે **મુસ્લિમોના છેલ્લા શાસક તરીકેનો ઐતિહાસિક દરજ્જો** ધ્યાનમાં લેવાનું સૂચન પણ કર્યું હતું!

* બીજી હકીકત એ પણ છે કે સર સૈયદને શિક્ષણ ક્ષેત્રે અંગ્રેજોનો પૂરેપૂરો સહકાર મળ્યો હોવા છતાં, ખુદ મુસ્લિમ કોમે તેમને સહકાર આપ્યો નહિ. કટ્ટર ધર્મવાદીઓએ તો પશ્ચિમી શિક્ષણ એ ઈસ્લામ-વિરોધી છે, માટે એ 'પાપકર્મ' છે, 'ગુનો' છે, એટલી હદે ઊહાપોહ જગાવ્યો હતો, જોકે સૈયદ સાહેબ આ બાબતમાં દઢ હતા. ભલે, તેમની હયાતીમાં મુસ્લિમોમાં શિક્ષણક્ષેત્રે કશી પ્રગતિ તેઓ જોઈ શકેલા નહિ, પરંતુ એ પછીનાં ચાર જ વરસમાં, ૧૮૯૮ થી ૧૯૦૨ દરમ્યાન, દેશભરમાં મુસ્લિમ ગ્રેજ્યુએટોની સંખ્યા ૧૮૮૪ ઉપર પહોંચી હતી. તેમાં અલ્હાબાદ અને કલકત્તાનો આંકડો અનુક્રમે માત્ર ૪૧૦ અને ૩૯૮ હતો, જ્યારે નાનકડા કસબા અલીગઢે ૨૨૦ ગ્રેજ્યુએટો આપ્યા હતા.

## અમીર અલી (૧૮૪૯ – ૧૯૨૮)

સર સૈયદ અહમદના સમકાલીન અન્ય પ્રભાવક નેતા બંગાળના અમીર અલી હતા. તેઓ ૧૮૯૦માં હાઈકોર્ટ—જજ હતા. ૧૯૦૨માં નિવૃત્ત થયા પછી તેમણે અંગ્રેજ પત્ની સાથે ઇંગ્લેન્ડમાં સ્થાયી નિવાસ કર્યો હતો. તેઓ પણ **આરંભકાળે રાષ્ટ્રીય નેતા** તરીકે નામના કમાયા હતા. તેમણે ૧૮૭૭માં 'સેન્ટ્રલ નેશનલ મોહમેડન એસોસિયેશન'ની સ્થાપના કરી હતી અને ૧૮૮૨ સુધીમાં તો આ સંસ્થાનો પ્રભાવ પેદા થયો હતો. તેમણે બ્રિટિશ છત્રછાયાનો લાભ લઈને મુસ્લિમોની શિક્ષણ અને સમાજસુધારાના ક્ષેત્રે આગેકૂચ કરવા ઉપર ખાસ ઝોક આપ્યો હતો.

પોતાની સંસ્થાની ૫૩ શાખાઓ સ્થાપીને નવું વાતાવરણ જમાવવા તેમણે મથામણ કરી હતી. તેમાં અનેક હિંદુ આગેવાનોનું ઉત્તેજન તેમને મળ્યું હતું. ૧૮૮૩માં તેમણે 'મોહમેડન સિવિલ એસોસિયેશન'ની સ્થાપના કરી હતી. તેમાં તેઓનો હેતુ સરકારી સ્થાનોની પસંદગી સરકારી અમલદારોના હાથમાં રહે એ હતો. વિશેષ નોંધપાત્ર તો એ છે કે, ૧૮૮૫માં રાષ્ટ્રીય કોંગ્રેસના સહકારમાં કામ કરવાની ભાવનાના પ્રતીક તરીકે 'સંયુક્ત હિંદ' (યુનાઈટેડ ઇન્ડિયા)નું ધ્યેય તેમણે સ્વીકાર્યું હતું. આમ છતાં, સર સૈયદની જેમ, ૧૮૮૬થી તેઓ '**કોમી નેતા**' તરીકે આગળ આવ્યા હતા! તેમના મતે, ભારતમાં પશ્ચિમી

પ્રાતિનિધિક પદ્ધતિ હિતકારી ન હતી. જો કે તેમણે એમ સૂચવ્યું હતું કે, આજ સુધીમાં બંને કોમોની સમાન પ્રગતિ ન થઈ હોઈને ખાસ લઘુમતીના હિતોની રખવાળી કરે એવા પ્રકારના પ્રાતિનિધિક સિદ્ધાંતનો અમલ થવો જોઈએ. બલ્કે હિંદુ મુસ્લિમ માટે સરખા સરખી (પેરિટી)ની પદ્ધતિ સ્વીકારવી જોઈએ. ખુલાસો કરતાં તેમણે જણાવ્યું હતું કે ભારતમાંની પ્રજાઓ અને જાતિઓ વચ્ચે 'ધાર્મિક' અને 'નૈતિક' ધોરણોની બાબતમાં જે ભેદ રહેલો છે, તેને કારણે રાષ્ટ્રીયતાનું સંપૂર્ણ સંમિલન બિનવ્યવહારુ છે– બલ્કે બીજી કોઈપણ કોમ માટે અશક્ય છે; તથા બીજી કોઈ પણ રાષ્ટ્રીયતાની છાયામાં રહીને પોતાના ઉદ્દેશો સફળ બનાવવાનુંય અશક્ય છે.

* અમીર અલી ૧૯૦૨ પછી તેમના ઈંગ્લેન્ડના નિવાસ દરમ્યાન મુસ્લિમ હિતો માટે સતત મથતા રહ્યા હતા. ૧૯૦૬માં લીગની સ્થાપના પાછળ તેઓ એક પ્રેરક બળ હતા; અને લંડનમાં મુસ્લિમ લીગના મુખ્ય પ્રતિનિધિ હતા. ત્યાં રહ્યાં રહ્યાં તેઓ હિંદને માર્ગદર્શન આપતા રહ્યા હતા.

### મુસ્તાક હુસેન

હુસેન સર સૈયદના સાથીદાર હતા. તેમણે ૧૯૦૭માં 'મોહમેડન એજ્યુકેશનલ કોન્ફરન્સ'ની કરાંચી ખાતેની બેઠકમાં સર સૈયદે સૂચવેલા ભયને દસ ગણો બિહામણો ચીતર્યો હતો :

"મુસ્લિમો હિંદમાં પાંચમા ભાગના છે. તેથી કરીને, બ્રિટિશ શાસન જતાં અમારા કરતાં હિંદુઓની ચાર ગણી વસતી હોઈને તેમના હાથમાં સત્તાનો દોર જવાનો. ત્યારે અમારી શી દશા ? અમારાં માન, જીવન, ધર્મ અને સંપત્તિ જોખમમાં મુકાતાં અમે તાબેદાર બનશું. એ કમનસીબ દિવસોમાં ઔરંગઝેબનાં 'દુષ્કૃત્યો' અમારે માથે ફટકારાવાનાં......"

### નવાબ વકર–ઉલ–મુલ્ક

સર સૈયદ અહમદ ખાનના બીજા સાથી–અનુયાયી વકર-ઉલ–મુલ્કે પણ, તેમના નેતા અને અન્ય સહકાર્યકરોની જેમ, હિંદુઓની બહુમતીવાળા દેશમાંથી જો બ્રિટિશો ચાલ્યા જાય તો મુસલમાનોને હિંદુઓના ગુલામ બનીને જીવવાનો વારો આવશે, એવો જ ભય સેવ્યો હતો. એના મૂળમાં પણ 'હિંદુ' અને 'મુસ્લિમ' બે અલગ 'રાષ્ટ્રો' હોવાની માન્યતા રહેલી હતી. એના ઉપાય રૂપે તેમણે બ્રિટિશ સરકાર ભારતમાં ટકી રહે એવી વાંછના સેવી હતી; અને રાષ્ટ્રીય કોંગ્રેસની સામે લગાતાર જેહાદ ચલાવી હતી. બીજી બાજુ, બ્રિટિશ સાથેના સંબંધમાં કશી આંચ–ઊણપ ન આવે તેની તેમણે પૂરી તકેદારી રાખી હતી.

* આપણને સ્પષ્ટપણે જોવા મળે છે કે અંગ્રેજી શાસનના આરંભ કાળે મુસ્લિમોના સર્વશ્રેષ્ઠ નેતાઓનાં માનસ અમુક રીતે ગંઠાઈ ગયેલાં હતાં. હિંદુસ્તાન એક રાષ્ટ્ર નથી; 'હિંદુ રાષ્ટ્ર' અને 'મુસ્લિમ રાષ્ટ્ર' વચ્ચે કોઈ પ્રકારે સામંજસ્ય સ્થપાય એમ નથી; હિંદુઓ જંગી બહુમતીમાં છે અને રહેવાના; એમના હાથમાં જ છેવટે સત્તા જવાની; ત્યારે મુસ્લિમોને પારાવાર સહેવું પડશે જ...એનો ઉપાય કાં તો હિંદમાં મુસ્લિમોનું શાસન સ્થપાય, જે દુષ્કર છે, અથવા તો બ્રિટિશ છત્રછાયા કાયમી રહે તેમાં છે; એટલે કે સદાકાળ પરદેશીની ગુલામી રહે તો ભલે, એ હદે મુસ્લિમ નેતાઓનું માનસ ગંઠાઈ ગયેલું હતું. તેમાં ભારતમાંના 'ઈસ્લામ'નું સ્વરૂપ અને શાસક તરીકેનો તાજેતરનો ઈતિહાસ વિશેષ કારણરૂપ હતાં. મુસ્લિમ નેતાઓ દ્વારા મુસ્લિમ આમપ્રજાનું માનસ પણ તે પ્રકારનું ઘડાયું હતું. આથી સર્વસાધારણ રોજિંદા જીવનમાં હિંદુઓ સાથે સલુકાઈભર્યો વ્યવહાર હોવા છતાં, 'ઈસ્લામ ખતરામાં છે' એવો મૌલવીઓ અને નેતાઓ દ્વારા પ્રચાર થતાં, મુસ્લિમ કોમ ઘસડાઈ જતી હતી. અલબત્ત, તેમાં ધર્મ પ્રત્યેની પરંપરાગત ઊંડી લાગણી ખસૂસ હતી.

# બ્રિટિશ શાસકોનો પ્રારંભિક ભાગલા વ્યૂહ

ભારતમાં બ્રિટનની ભાગલા નીતિનો આરંભ છેક ૧૮૨૧થી થયો હતો, જ્યારે એક બ્રિટિશ અમલદારે 'કોર્નાટિકસ' એવા ઉપનામથી બ્રિટિશ શાસનને એવી સલાહ આપી હતી કે આપણે ભારતમાંના રાજકીય, નાગરિક કે લશ્કરી ક્ષેત્રે 'ભાગલા પાડો ને રાજ કરો'નું સૂત્ર અમલમાં મૂકવું જરૂરી છે.

આ પછી ૧૮૫૭ની બગાવત પૂર્વે (૧૮૪૩ માં) વાઈસરોય એલનબરોએ બ્રિટન ખાતે ડ્યુક ઑફ વિલિંગ્ડનને પત્રમાં લખ્યું હતું કે "એ માન્યતા પરત્વે હું મારી આંખો બંધ રાખી શકતો નથી કે મુસલમાન કોમ મૂળભૂત રીતે આપણી વિરોધી છે. આથી આપણી સાચી નીતિ હિંદુઓ સાથે સલુકાઈ-ભર્યો સંબંધ રાખવામાં રહેલી છે."

અલબત્ત, ૧૮૫૭ના બળવાના અનુભવ સુધી આ છાપ ખોટી ન હતી. પરંતુ એક વાર બળવો દબાવી દીધા પછી મુસ્લિમોનું વલણ ઘણું બધું પલટાયું હતું. તેમાં મુંબઈના ગવર્નર એલફિન્સ્ટન સહિત અનેક બ્રિટિશ અમલદારોની 'ભાગલા પાડો અને રાજ કરો'ની દાનતે ખૂબ જ મોટો ભાગ ભજવ્યો હતો. તેમણે કોંગ્રેસના વિરોધી બળ તરીકે મુસ્લિમોનો મોરચો ઊભો કરવાના હેતુથી આ વ્યૂહ અપનાવ્યો હતો.

* આ વ્યૂહનો પહેલો દાવ એ હતો કે ક્યારેય કોઈ મુસ્લિમ સંગઠને અલગ પ્રતિનિધિત્વની માગણી કરી ન હતી, છતાં હિંદી કેન્દ્રીય કાઉન્સિલમાં ૧૮૯૨ના એકટમાં તે ઘુસાડી દેવાઈ હતી ! આ પછી ૧૯૦૫ માં અંગ્રેજોએ બીજો દાવ ખેલ્યો. પૂર્વ બંગાળના મુસ્લિમોનાં હિતોને નામે, રાષ્ટ્રવાદના શિરમોરસમા બંગાળાનું વિભાજન (બંગભંગ) કરીને, રાષ્ટ્રવાદીઓ ઉપર માથાવાઢ ફટકો ઝીંક્યો હતો.

—૧૯૦૬ માં બ્રિટિશે મુસ્લિમ લીગની જન્મધાત્રી તરીકે ભાગ ભજવ્યો હતો અને અલગ મતદાર મંડળ માટેની માંગનો, અગાઉ નહિ વિચારેલો, વ્યૂહ સાકાર બનાવ્યો હતો.

—૧૯૦૯માં તો, મુસ્લિમો માટે વસ્તીના પ્રમાણ કરતાં વધુ પ્રતિનિધિત્વ (વેઈટેજ)નો સ્વીકાર મોર્લે–મિન્ટો સુધારામાં કરીને, ભારતમાં પશ્ચિમી પ્રકારની બહુમતી આધારિત લોકશાહીની સ્થાપનાની સંભવિતતા જ નષ્ટ કરી હતી.

★

હવે, આપણે કેટલીક અતિ મહત્ત્વની રાષ્ટ્રીય ઘટનાઓ પરત્વે મુસ્લિમોએ ભજવેલા ભાગ અંગે વિચાર કરીએ.

# ૧૮૫૭નો બળવો

## નાના સાહેબને વફાદાર વીર મુસ્લિમ સેનાનીઓ

આ બંડમાં આશરે ૧૦,૦૦૦ નાગરિકોના જાન ગયા હતા, તેમાં ઘણી મોટી સંખ્યામાં મુસ્લિમો હતા. મુસ્લિમ ખેડૂતોનો તેમાં મોટો ફાળો હતો.

આ બંડના મોખરાના આગેવાનોમાં નાનાસાહેબ, તાત્યા ટોપે, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને કુંવરસિંહ ઉપરાંત, જેમનાં નામો મોટે ભાગે ચૂકી જવાયાં છે તેમાં, ફરિદાબાદના શેરીફ મૌલવી અહમદુલ્લા હતા. તેમને પકડીને અંગ્રેજોને સોંપી દેનાર માટે રૂ. ૫૦,૦૦૦ (એ જમાનામાં!)ની રકમ જાહેર કરવામાં આવી હતી. અને ખરે જ પોવેનના રાજાએ દગો દીધો!—એનું માથું વાઢીને બ્રિટિશ માલિકને તેણે મોકલી આપ્યું હતું...બીજા મુસ્લિમ આગેવાન તે નાનાસાહેબના વકીલ અઝીમુલ્લાખાન હતા. તેમણે પરદેશથી પાછા ફર્યા બાદ બ્રિટિશ વિરોધી લાગણી ફેલાવવામાં ઘણો ભાગ ભજવ્યો હતો. ધરપકડ થાય તે પહેલાં તેઓ નેપાલનાં જંગલોમાં નાનાસાહેબની સાથે જઈને રહ્યા હતા.

તો વળી, રાણી લક્ષ્મીબાઈને પગલે હજરતમહલ બેગમ (વજીદઅલી શાહની ઓરત), જેની અવધની ગાદી છીનવી લેવાઈ હતી તે, રણચંડી બની લખનૌ મોરચે ઝૂઝી હતી. લખનૌ અંગ્રેજોના તાબે પડતાં ફરિદાબાદના અહમદઉલ્લાના સૈન્યમાં જોડાઈને તેણે શાહજાનપુરની લડાઈમાં ઝંપલાવ્યું હતું. ત્યાંથી અંતે નેપાલ ભાગી જઈને નાનાસાહેબની નવી યોજનામાં તે સહભાગી બની હતી...; જો કે શરીરે સંપૂર્ણ તવાઈ ગયેલી એ વીર નારી નેપાળમાં જ મૃત્યુ પામી હતી...

## મુસ્લિમ પ્રતિભાવ

વસ્તુત:, ૧૮૫૭ના બળવામાં **મુસ્લિમોમાં, ધાર્મિક લાગણીના કારણે, ઉશ્કેરાટ ઘણો વધુ થયો હતો.** તેથી અંગ્રેજો સામે તેમનો રોષ ફાટી નીકળ્યો હતો. તેઓ હિંદુઓને સાથે લેવા ખૂબ જ આતુર હતા. તેમનાં કેટલાંક જાહેરનામાંમાં એવી અપીલ કરવામાં આવી હતી કે જો હિંદુઓ 'કાફર—અંગ્રેજો'ની કતલ કરવામાં અને દેશમાંથી તેમને હાંકી કાઢવામાં જોડાશે તો તેમની આ દેશભક્તિના **બદલામાં મુસ્લિમો ગાયની કતલ કરવાની પ્રણાલી સદંતર બંધ કરી દેશે.** પરંતુ સાથે સાથે એવી ધમકી પણ જોડવામાં આવી હતી કે જો આ ધ્યેયમાં જોડાવામાં હિંદુઓ પાછીપાની કરશે તો ગાયની કતલની પરંપરા પૂરજોશથી અમલી બનાવાશે!

*અવધ અને રોહિલખંડનાં જાહેરનામાંમાં કુરાન અને ઈસ્લામના નામે જેહાદ (ધર્મયુદ્ધ)નું એલાન હતું અને હિંદુઓની ધાર્મિક પરંપરામાં અંગ્રેજોએ, 'સતીપ્રથા' સામે પ્રતિબંધ મૂકીને તથા વિધવા પુનર લગ્નનો કાયદો કરીને, જે દખલ કરી હતી તેની યાદ આપીને, હિંદુઓને પણ જંગમાં ઝુકાવવા જણાવ્યું હતું; જે અનેક હિંદુ રાજાઓની ગાદીઓ છીનવી લેવાઈ હતી તે રાજવીઓને ધર્મને નામે લડતમાં જોડાવા અપીલ કરી હતી અને જો આ વખતે ચૂકી જશો તો અંગ્રેજો તમારું ને તમારા ધર્મનું નિકંદન કાઢ્યા વિના નહિ રહે, એમ ઉમેર્યું હતું. બીજા અનેક ફતવાઓમાં હિંદુ અને મુસ્લિમ નાગરિકોને ભડકાવવા લખ્યું હતું કે, અંગ્રેજો પ્રથમ હિંદુસ્તાનની સેનાનો ધર્મ ખતમ કરીને, બાદ આખી પ્રજાને ખ્રિસ્તી બનાવવાનું કરશે.

## બંગભંગ

૧૯૦૫ થી ૧૯૦૮ના સ્વદેશી આંદોલનમાં બંગાળી હિંદુઓ અગ્રેસર હતા, પરંતુ તેમાં બંગાળી સ્લિમોનોય ફાળો આરંભે નોંધપાત્ર હતો. વાસ્તવમાં આ આંદોલનનો જન્મ થયો તે પૂર્વે ૧૯૦૨ની ાલથી બંગાળમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે ઊજવાતા 'શિવાજી મહોત્સવ'માં મુસ્લિમો પણ ાગ લેતા થયા હતા. ૭મી ઑગસ્ટ ૧૯૦૫ના દિને 'સ્વદેશી' આંદોલનનો કલકત્તામાં આરંભ ા ત્યારે, અને આખા બંગાળમાં તે આંદોલન પ્રસરી રહ્યું હતું ત્યારેય, મુસ્લિમ કિસાનોએ ગ્રામવિસ્તારોમાં ગાળી હિંદુઓ સાથે ખભેખભો મિલાવીને દેશભક્તિભર્યાં ગામઠી ગીતો ગાતાં ગાતાં નિદર્શનોમાં ભાગ ધો હતો.

૧૯૦૬માં તો હિંદુઓ અને મુસ્લિમો ભેગા થઈને ઉચ્ચકંઠે 'वंदेमातरम्' ગીત ગાતા, 'અલ્લાહો કબર'નાં સૂત્રો પોકારતા, વંદેમાતરમ્‌ના ધ્વજ સાથે ઘૂમતા હતા અને સંમેલનોમાં દેશદાઝભર્યાં ભાષણો કરતા ા. ૧૯૦૬ના ઑકટોબરની ૧૬મીએ 'બંગભંગ'ની પ્રથમ સંવત્સરીના દિને પૂર્વબંગાળમાં અને આસામમાં સ્લિમ બહુમતીવાળા ગ્રામ વિસ્તારોમાં ૩૯ સ્થળોએ સંમેલનો થયાં, જેમાં મુસ્લિમોની હાજરી મોટી હતી. કત્તામાં તો મૌલવી મહમદ યુસુફ ખાનબહાદુરના પ્રમુખપદે ફેડરેશન હોલમાં જાહેરસભા મળી હતી.

* આ બધી ઘટનાઓથી ચોંકી ઊઠેલ બ્રિટિશ સત્તા તથા ઢાકાના નવાબ સલિમુલ્લાએ સ્થાનિક મૌલાનાએ ને મોલવીઓને આગળ ધરીને, તથા અલીગઢના અખિલ હિંદના મુસ્લિમ નેતાઓના ટેકાથી, આખ ંદોલનને 'હિંદુ કોમવાદી' ગણાવીને, ઇસ્લામને નામે તેની સામે ભારે ઊહાપોહ જગાવ્યો હતો.

આ જ વર્ષે, ડિસેમ્બર ૧૯૦૬માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. તેના સંયોજકોએ કેવળ બંગાળના ંદોલનને જ નહીં, રાષ્ટ્રીય કોંગ્રેસનેય 'હિંદુ–મેળો' તરીકે બદનામ કરતાં બ્રિટિશ વફાદારીવાળો રાજકીય રચો ઊભો કરી દીધો. વાસ્તવમાં, અલીગઢના મુસ્લિમ આગેવાનોને ભંભેરીને તથા નામદાર આગાખાનને ાગળ ધરીને બ્રિટિશરોએ યોજેલો આ મોરચો હતો.

મુસ્લિમ લીગના સમર્થનમાં બંગાળમાં 'મોહમેડન વિજિલન્સ એસોસિયેશન' પણ ઊભું થયું. એણે ગભંગ'ના આંદોલનમાં જોડાવા માટે હિંદુઓ દ્વારા મુસ્લિમો પર દબાણ તથા દમન થતું હોવાનો ક્ષેપ કરી 'જેહાદ' શરૂ કરી દીધી. જો કે કેટલાક રાષ્ટ્રવાદી મુસ્લિમોએ આની સામે હિંમતપૂર્વક 'બંગાળ હમેડન એસોસિયેશન' અને 'ઈન્ડિયન મુસલમાન એસોસિયેશન' શરૂ કર્યાં હતાં. પરંતુ મોટાભાગનું સ્લિમ માનસ હવે ઊલટી દિશામાં વળી ગયું હતું.

## બંગાળનું પુનર્સંયોજન અને પછી

૧૯૧૧માં બંગાળના ભાગલા રદ થવાની જાહેરાતે મુસ્લિમ આલમ ઉપર ભારે વજ્રઘાત કર્યો. તેમણે ના પર ઘણી મોટી આશાઓ બાંધી હતી અને જે ૧૯૦૯નાં મોર્લેમિન્ટો સુધારા મારફત ઘણી બધ ાઈ હતી, તે જાણે મૃગજળવત્ બની ગઈ! — 'અંગ્રેજી શાસન મુસ્લિમો તરફ કૂણું વલણ ધરાવતું ા છતાં, અંતે બહુમતી હિંદુઓના દબાણ આગળ ઢળી પડશે અને મુસ્લિમોને હથેળીમાં ચાંદ બતાવીને ામાં રાખવાની રમત રમશે' એવો ભય તેમને ઘેરી વળ્યો. તેમાં વળી ટ્રિપોલી અને ઈરાન જેવા અન્ય સ્લિમ દેશો સાથેની બ્રિટિશ નીતિ જાણ્યા પછી તો આ હતાશા ઘણી ઘેરી બની હતી – બલ્કે, નિરાશા ે કટુતામાં ફેરવાઈ ગઈ હતી. તેમના ચિત્તમાં એવી અવઢવ પેદા થઈ હતી કે હવે મુસ્લિમોએ કોંગ્રેસમાં ી જવું કે શું કરવું? 'સર સૈયદ અહમદ અલીગઢ શિક્ષણ કેન્દ્ર'ના એક આધારસ્તંભ સમા મુસ્તાક ને આ લાગણીને વાચા આપતાં કહ્યું કે —

# બંગભંગ વિરોધી વ્યાપક મુસ્લિમ મોરચો

* ઢાકાની નવાબ એસ્ટેટના ભાગીદાર ખ્વાજા અલિકુલ્લા : "હું તમને સ્પષ્ટ કહી દેવા ઈચ્છું છું કે એમ કહેવું કે 'પૂર્વબંગાળના મુસ્લિમો ભાગલાના તરફદાર હતા'–તે તદ્દન ખોટી વાત છે. કેટલાક આગળ-પડતા મુસ્લિમોએ પોતાના હિતમાં તેને ટેકો આપ્યો છે."

* સેંટ્રલ નેશનલ મોહમેડન એસોસિયેશન તરફથી નવાબ અમીર હુસેને પણ બંગાળના ભાગલાનું સમર્થન કરતું નિવેદન આપ્યું હતું.

* ભાગલાવિરોધી આંદોલન માટે ફંડ ભેગું કરવાની અપીલ ઉપર સેંકડો અગ્રણી મુસ્લિમ નાગરિકોએ સહી કરી હતી; તેમાં જણાવ્યું હતું કે ૬ ઑગસ્ટ ૧૯૦૫ના દિવસની સભા પછી વિદ્યાર્થીઓમાં આંદોલન પ્રસરી ચૂક્યું હતું. અબ્દુલ અહમદ યુસુફ જિલાનીની નેતાગીરીમાં બહેરામપુરમાં વિદ્યાર્થીઓનું પ્રખર આંદોલન શરૂ થયું હતું.

* ભાગલા વિરોધી ચળવળ અંગેના સરકારી હેવાલોમાં જણાવ્યા મુજબ, મુખ્ય મુસ્લિમ વસતી-વાળા પૂર્વ બંગાળના મોટા ભાગના જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં આંદોલન પ્રસર્યું હતું. દા. ત. માયમનસિંગમાં ૧૧૦, ઢાકામાં ૭૫, કોમિલ્લામાં ૬૫, બારિસાલમાં ૮૦, ચિતાગોંગમાં ૩૦, નોઆખલીમાં ૭૦, કલકત્તામાં ૨૦૦ અને ફરિદપુરમાં ૫૦ જાહેર સભાઓ થઈ હતી. તે દરેકમાં મુસ્લિમોની હાજરી હતી. તેમાં વકીલો, મુખ્તારો, શિક્ષકો અને તાલુકદારો મુખ્ય વકતાઓ હતા.

* કલકત્તાના ટાઉન હૉલની ૭ ઑગસ્ટ ૧૯૦૫ની જાહેર સભા તો ઐતિહાસિક હતી. તેના ઠરાવનું સમર્થન મૌલવી હસિબુદ્દિન અહમદે કર્યું હતું. કલકત્તામાં મળેલી અન્ય સભાઓએ તો રંગ રાખ્યો હતો. તેમાં બેરિસ્ટર અબ્દુલ રસુલને બારિસાલ પરિષદનું પ્રમુખપદ લેવા માટે ભારે શારીરિક-માનસિક ત્રાસ સહન કરવા પડ્યા; તો મુકુંદદાસે તેમનાં દેશદાઝભર્યાં ગીતોથી સભામંડપો ગજાવી મૂક્યા હતા. અશ્વિની કુમાર દત્તનાં ભાષણો યુવાનોને જબરજસ્ત સાહસ માટે થનગનાવી મૂકતાં હતાં; મૌલવી ઈસ્માઈલ સિરાજીને તેમની જુસ્સાદાર લડાયક વાણી માટે એક વરસ કારાવાસ વેઠવો પડ્યો હતો.

* આ આંદોલને મહારાષ્ટ્ર, પંજાબ અને તામિલનાડુના મધ્યમવર્ગી મુસલમાનોમાં એટલો જુસ્સો પેદા કર્યો હતો કે બ્રિટિશે ૧૯૦૬માં મુસ્લિમ લીગને ઊભી કરી દઈને તથા ૧૯૦૯ના બંધારણી સુધારા (મોર્લે–મિન્ટો રીફોર્મ્સ)માં કોમી ચુકાદા રૂપી એક 'બંધારણી કલમ' ઉમેરીને હિંદુ–મુસ્લિમ એકતા પર જ ફટકો માર્યો હતો.

---

"બ્રિટિશે અમારાં દિલ કટુતાથી ભરી દીધાં છે. અમારામાંના કેટલાકને એમ પણ લાગે છે કે અમે કૉંગ્રેસથી દૂર રહીએ એ લાભદાયી નથી; એના કરતાં મુસ્લિમ લીગને સમેટી લઈને કૉંગ્રેસમાં એક-સામટા ભળી જવું સારું હા, કૉંગ્રેસ આવું જ ઈચ્છતી રહી છે, પરંતુ અમે સંમત થયા નથી. પરંતુ લાંબા ગાળાનો વિચાર કરતાં અમારા પોતાના કોમી સંગઠનનો ભોગ આપવાનો કોઈ અર્થ નથી. એ તો આત્મઘાત જ છે. સમુદ્રમાં ઝરણું ભળી જાય પછી એનું અસ્તિત્વ રહેતું નથી. જો કે અમે કૉંગ્રેસના વિરોધી નથી; અને સરકાર પ્રત્યેની અમારી વફાદારી કંઈ પોતે અંતિમ ધ્યેય નથી. એ તો ઉદ્દેશ માટેનું સાધન છે, જે હમેશાં શરતી જ હોય છે".

*"બીજી બાજુ, એ પણ દીવા જેવી વાત છે કે મુસ્લિમો હવે પછી સરકારમાં વિશ્વાસ મૂકી શકે એમ નથી. જે કંઈ બન્યું છે તેમાંથી અમારે પાઠ શીખવો રહ્યો. સરકાર તો અમારાં ભાવિ વિષે અમારી સાથે વાત કરવાનીય જરૂર જોતી નથી... !"

તો વળી, કેટલાક મુસ્લિમ આગેવાનોએ બંગાળાના 'પુનર્સંયોજન' માટે કોંગ્રેસી હિંદુઓને મુખ્ય જવાબદાર ગણીને તેમના પર રોષ ઠાલવ્યો હતો.

ઢાકાના નવાબ ખ્વાજા સલિમઉલ્લાહે માર્ચ ૧૯૧૨માં કલકત્તા ખાતે મળેલા મુસ્લિમ લીગના અધિવેશનમાં પ્રમુખપદેથી જાહેર કર્યું હતું : "અમને બંગભંગના પરિણામે જે કંઈ લાભ મળ્યા હતા તે બહુ સાધારણ હતા, છતાં અમે જે કંઈ પામ્યા હતા, તેય અમારા વિરોધી 'દેશભક્તો' કોંગ્રેસી હિંદુઓએ ધરતી અને આભ એક કરીને છીનવી લેવાનું કર્યું છે ! એમણે હત્યાઓ અને લૂંટફાટના રાહે આ પતાવ્યું છે. પરંતુ સરકારને એની કંઈ અકળામણ નથી. ખેર, અમારે ધીરજપૂર્વક સહન કરવું રહ્યું."

આ પછી બીજે જ દિવસે બ્રિટિશ સરકારે સલિમઉલ્લાહને જી. સી. આઈ.નો ખિતાબ એનાયત કર્યો હતો. પરંતુ અત્યંત વ્યથિત બનીને તેમણે "આ તો લાંચ-લાલચ છે—મારા ગળે બદનામીનો ગાળિયો છે" એવું પણ ઉચ્ચારેલું.

ભાગલા–રદની બ્રિટિશ નીતિ સામે મૌ. મોહમ્મદઅલીએ, એમના સહજ આવેશમાં આવી જઈને, લલકાર્યું હતું : "દગાખોરીનું આનાથી વધુ શરમજનક દૃષ્ટાંત ઇતિહાસમાં શોધ્યું નહિ જડે. વફાદારીના બદલામાં અમારા હક્કો છીનવી લેવાયા છે અને અમારી સંતોષવૃત્તિને ઘોર ગુનેગારી ગણીને સજા ફટકારાઈ છે. મુક્તિ અપાયેલ ગુલામોને કેમ જાણે પાછા વેચી નાખવામાં આવ્યા છે...."

●

# ૧૨ : હિંદુ-મુસ્લિમ સામંજસ્ય

## આરંભનો નકશો

૧૯૧૨ થી ૧૯૧૬નો સમયખંડ હિંદુમુસ્લિમ-સામંજસ્ય માટેના અત્યંત આશાસ્પદ ઉઘાડ સમો હતો. ૧૯૧૧માં બંગાળનું પુનર્સંયોજન થયું, તે જ વરસે ઈટાલીએ તુર્કી પર યુદ્ધ ઝીંક્યું. ૧૯૧૨માં તુર્કી બાલ્કન યુદ્ધમાં સંડોવાયું; અને ૧૯૧૩માં તુર્કીને નામોશીભરી સંધિ સ્વીકારવી પડી. આ તમામ ઘટનાઓ પાછળ બ્રિટિશ રમત કારણરૂપ હોઈને ભારતીય મુસ્લિમોમાં બ્રિટન વિરોધી લાગણી પેદા થઈ હતી. તેમાં વળી, ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં તુર્કીએ બ્રિટન સામેની જર્મનીની છાવણીમાં જવાનું પસંદ કર્યું, તેથી બ્રિટિશ સત્તાએ તેને દાઢમાં રાખ્યું.

વિશ્વયુદ્ધની બ્રિટિશ નીતિથી કોંગ્રેસમાંય ભારે અસંતોષ પેદા થયો હતો. ૧૯૧૨થી કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બંને નિકટ આવી રહ્યાં હતાં. એક બાજુ, **લીગે પોતાનું બંધારણ લોકશાહી બનાવવા** પર ધ્યાન આપ્યું: અને ૧૯૧૨ના ડિસેમ્બરમાં બાંકીપુર ખાતે કોંગ્રેસનું અધિવેશન મળ્યું, ત્યારે લીગે કોંગ્રેસનો સહયોગ સાધ્યો : માતૃભૂમિના પુનરુત્થાન માટે હિંદુ-મુસ્લિમ ખભેખભા મિલાવીને કોંગ્રેસ જેવા 'રાષ્ટ્રીય મંચ' (નેશનલ પ્લેટફોર્મ) પર એકઠા થાય એવી ઈચ્છા એણે પ્રગટ કરી.

આથી પ્રોત્સાહિત બનીને કોંગ્રેસે ૧૯૧૩માં કરાંચી જેવી મુખ્યત્વે મુસ્લિમ વસતીવાળી ભૂમિ પર લીગના અધિવેશન સમયે પોતાનું અધિવેશન ભર્યું. આ બેઠકમાં મુસ્લિમ આગેવાનોએ અને મુસ્લિમ અધિવેશનમાં હિંદુ આગેવાનોએ ભાગ લીધો.

હજી, લીગના મંચ પરથી 'બ્રિટિશ-વફાદારીની જાહેરાત'—તે સૌથી વધુ મહત્ત્વનું પાસું રહી હતી. તેમ છતાં, હવે તેણે 'સાનુકૂળ સ્વ-શાસન' (suitable self-government)ના ધ્યેયનો ઠરાવ પણ પસાર કર્યો. જોકે લીગમાં આ નીતિના ટીકાકારો પણ હતા. તેમણે કોંગ્રેસ સાથેની મૈત્રીનાં 'ભયસ્થાનો' આગળ ધર્યાં હતાં. અલબત્ત, કોંગ્રેસે લીગના નિકટ આવવાના પગલાને હોંશપૂર્વક વધાવી લીધું (કરાંચી અધિવેશન ૧૯૧૩ : ઠરાવ-૪). પરંતુ આ સાથે તેણે લીગની અલગ મતાધિકારની માગણીનો વિરોધ ચાલુ રાખ્યો હતો (ઠરાવ-૧૬ (ખ)).

બીજી બાજુ, લીગમાં બ્રિટિશ વિરોધી વધતા જતા વલણનો ઈશારો કરીને, લીગની સ્થાપના (૧૯૦૬ થી ૧૯૧૩) સુધી લીગનું સુકાન ધારણ કરનારા નામદાર આગાખાને રાજીનામું આપ્યું. બ્રિટનમાંની લીગની શાખામાંથી અમીરઅલી પણ છૂટા થયા.

એકંદરે, **લીગની આંતરિક મૂંઝવણ વધી હતી. હિંદના** મુસ્લિમો તુર્કી પ્રત્યેના બ્રિટનના વલણ સામે ગમે તેટલો રોષ ધરાવતા હોય તો પણ એકંદરે તેઓ બ્રિટનની દુશ્મની વહોરી લેવાનું જોખમ ખેડવા તૈયાર ન હતા. તેઓ બ્રિટિશની છત્રછાયામાં રહીને પોતાની તરક્કી તાકતા હતા; ત્યારે મૌ. શૌકતઅલી-મહંમદઅલી, અબુલ કલામ આઝાદ, હઝરત મોહાની તથા જાફરઅલી જેવા ઉદ્દામો હિંમત કરીને બ્રિટિશ સામેનો મોરચો ઊભો કરવા કટિબદ્ધ બન્યા હતા. તેમનાં અખબારો — 'કોમરેડ' (મહમદઅલી સંપાદિત) અને 'અલ-હિલાલ' (આઝાદ સંપાદિત) – નાં લખાણોએ તથા જાફરઅલીના લેખોએ તેમાં મોટો ભાગ ભજવ્યો હતો. બૌદ્ધિક મુસ્લિમોની હમદર્દી તો તેમણે જીતી લીધી હતી; પરંતુ નવાબો અને જાગીરદારોના, જેઓ

.ટશ પ્રત્યં કૂણી લાગણી ધરાવતા હતા તેમના, દિલમાંય તુર્કી માટેની હમદર્દી તો જગાડી શકયા હતા.

## બ્રિટિશ સામે કાવતરાંની હારમાળા

આની સાથે સાથે, હિંદુસ્તાનમાં મુસ્લિમો દ્વારા બ્રિટન વિરોધી કાવતરાંની હારમાળા ચાલી–

(ક) વાયવ્ય સરહદ પ્રાંતમાંના મુજાહિદી આંદોલને આખા દેશના અનેક પ્રાંતોનો સંપર્ક સાધ્યો; (ખ) પંજાબમાં 'ટાઈમ બોમ્બ'ની પ્રવૃત્તિએ જોર પકડયું; (ગ) પરિસ્થિતિનો લાભ લઈને, અફઘાનના અમીરે તુર્કી સેનાપતિઓની મદદથી બ્રિટિશ સામેના હલ્લાની યોજના વિચારી. બ્રિટિશ સૈન્યમાંના પઠાણ અને આફ્રિદી સૈનિકો અફગાન–આક્રમણ સામે લડવા નાઈચ્છુક રહેશે, એવી માન્યતા હતી. (ઘ) ૫૦ વર્ષ પૂર્વે દેવબંદ કોલેજની સ્થાપના કરનારા મૌલાના મહમદ કાસિમના પુત્ર અને દેવબંદ શાખાના વડા મૌલવી મહમદ–ઉલ–હસને વ્યાપક કાવતરાનું આયોજન કર્યું. વાયવ્ય સરહદ પર, તેમના શિષ્ય મૌલાના ઓબિદુલ્લા સક્રિય હોઈને, બગાવતનો બેત રચ્યો, તુર્કી ગવર્નરને મક્કા મોકલીને તેમની મદદ મેળવવાની યોજના કરી; તેમાં પાછળથી રાષ્ટ્રીય કોંગ્રેસમાં અગ્રભાગ ભજવનારા ડૉ. અનસારી અને હકીમ અજમલખાન તરફથી નાણાંકીય સહાયનું વચન મળ્યું.

મૌલવી સાહેબે મક્કા પહોંચી જઈને કરેલી પૂર્વતૈયારીનો સંદેશો 'રેશમી કાપડ' પર લખીને મોકલ્યો, તે પકડાઈ જતાં મૌલવી સાહેબ યુદ્ધના અંત સુધી કેદમાં સબડતા રહ્યા (આ ઘટના 'રેશમીઆ કાવતરું' તરીકે ઓળખાય છે).

૧૯૧૫ના આરંભમાં અંગ્રેજ સરકાર માટે પરિસ્થિતિ વધુ બગડી. 'પરદેશોમાં વસતા શીખો પણ તોફાન ઊભું કરવા મથી રહ્યા છે'–એવા સમાચાર વાઈસરોય લૉર્ડ હાર્ડિંજે બ્રિટનમાંના હિંદી વજીરને પાઠવ્યા હતા; સાથે જ એવું આશ્વાસન આપ્યું હતું કે, ખૂબ સખત હાથે કામ લેવાઈ રહ્યું છે; જેમકે, પંજાબમાં જ ૫૦૦ જેટલાઓને સરેરાશ પાંચ–પાંચ વરસની સજા ફટકારાઈ હોઈને, બધું કબજામાં છે. પરંતુ બીજે જ મહિને (ફેબ્રુઆરીમાં) વાઈસરોયે હેવાલ મોકલતાં જણાવ્યું હતું કે, લશ્કરમાંના પઠાણોમાં અસંતોષ ઊભો થયો છે; લશ્કરી ભરતીમાં પણ મંદી આવી છે, જો કે વળી આશ્વાસન આપતાં ઉમેર્યું હતું કે પંજાબી મુસ્લિમો અને હિંદુસ્તાની (ઉત્તર પ્રદેશી) મુસ્લિમોની લશ્કરી ભરતીમાં કશી આંચ નથી આવી.

## ઐતિહાસિક લખનૌ કરાર

૧૯૧૧ થી ૧૯૧૩ દરમ્યાન, બંગાળના ભાગલા રદ કરાતાં તથા તુર્કવિરોધી બ્રિટિશ નીતિને કારણે મુસ્લિમોમાં બ્રિટિશ વિરુદ્ધ અસંતોષ એટલો વધી રહ્યો હતો કે મુસ્લિમ લીગ માટેય કેવળ 'વફાદારી'નું વલણ ટકાવવાનું શકય ન હતું. હવે, પોતાના બંધારણમાંના ધ્યેયમાં ફેરફાર કરી, કોંગ્રેસ સાથેનો સંબંધ નવેસરથી બાંધી, મુસ્લિમ લઘુમતીનાં હિત અંગે બાંહેધરી લઈને તેમ આગળ ધપવાનું મુનાસિબ માન્યું. આથી ૧૯૧૬માં જનાબ ઝીણાના પ્રમુખપદે લખનૌમાં મળેલા મુસ્લિમ લીગના અધિવેશનમાં બંધારણમાં સુધારો કરવામાં આવ્યો: હિંદુસ્તાનનો દરજ્જો બ્રિટિશ સામ્રાજ્યમાં 'ડીપેન્ડન્સી' એટલે કે 'તાબેદારી'નો હોવાનું ધ્યેય હતું તે બદલીને 'બ્રિટિશ સામ્રાજ્યમાંના અન્ય સંસ્થાનો (ડુમિનિયનો)ને મળતો 'જવાબદાર સ્વશાસન'–ધ રિસ્પોન્સિબલ સેલ્ફ ગવર્નમેન્ટ'નો હોવાનું ધ્યેય ઠરાવ્યું.

સાથોસાથ બીજું મહત્ત્વનું પગલું હતું હિંદુ–મુસ્લિમ કોમી એકતા સાધવાના હેતુથી કોંગ્રેસ અને લીગ વચ્ચે થયેલો કરાર, જે ઐતિહાસિક 'લખનૌ કરાર' તરીકે વરસો સુધી એક મહત્ત્વનો સ્થંભ બની રહ્યો. આ ખરડા ઉપર સહી કરનારાઓમાં દેશના ઊંચી કક્ષાના આગેવાનો હતા.

૧૯૧૬માં લખનૌ-કરાર થયો. તેમાં અલાયદા મતદારમંડળનો મુદ્દો સ્વીકારવામાં આવ્યો હતો ખરો; પરંતુ બિ. એન. પાંડે ('ધ બ્રેક ઓફ બ્રિટિશ ઈન્ડિયા') જણાવે છે તેમ, બ્રિટિશોએ અલગ

મતદાનનો નિર્ણય ૧૯૦૯માં મોર્લે-મિન્ટો સુધારા દ્વારા માથે ઠોકયો હતો, જેનો કોંગ્રેસે વરસો સુધી સખત વિરોધ કર્યો હતો (૧૯૧૦-૧૯૧૧-૧૯૧૨ના ઠરાવો). છતાં રાષ્ટ્રીય મવાળ નેતા જયકર તેમની જીવન-કથા ગ્રંથ-૧ માં જણાવે છે તેમ, ૧૯૧૬માં ટિળક મહારાજ અને જનાબ ઝીણાએ એમ સમજીને સંમતિ આપી હતી કે, એ અમુક સમય પૂરતી કામચલાઉ છૂટછાટો છે. આગળ જતાં, મુસ્લિમોને પોતાને લોકશાહી દષ્ટિએ આવો કોમી ભેદભાવ રાજકીય ક્ષેત્રે યોગ્ય નહિ લાગે.

## લખનૌ-કરાર (૧૯૧૬)

(કેટલીક જોગવાઈઓ)

૩ (૩) કેન્દ્રીય ધારાસભામાં ચૂંટાયેલા હિંદી સભ્યોમાં મુસ્લિમ સભ્યોનું પ્રમાણ ⅓નું રાખવું; અલગ મુસ્લિમ મતદારમંડળો દ્વારા ચૂંટણી કરવી.

૫ (૩) પ્રાંતિક ધારાસભાઓમાંના મુસ્લિમ સભ્યોને મુસ્લિમોનાં બનેલાં અલગ મતદાર મંડળો દ્વારા ચૂંટવા;

ચૂંટાયેલા સભ્યોનું પ્રમાણ અનુક્રમે પંજાબમાં ૫૦%, બંગાળમાં ૪૦%, મુંબઈમાં ૩૩%, ઉત્તર પ્રદેશમાં ૩૦%, બિહારમાં ૨૫%, મધ્ય પ્રદેશમાં ૧૫%, મદ્રાસમાં ૧૫%નું રાખવું.

(૪) સામાન્ય મતદાર મંડળમાં કોઈ પણ મુસ્લિમ ઉમેદવારી નોંધાવી શકશે નહિ.

(૫) કોઈ પણ કોમને લગતા ધારાસભાના ઠરાવનો જો તે કોમના ¾ ભાગના સભ્યો વિરોધ કરે તો તે ઠરાવની કાર્યવાહી આગળ ચલાવવી નહિ અને તેને રદ થયેલો જાહેર કરવો.

## ખિલાફત-પ્રકરણ : ઉદ્ભવ અને આંદોલન

### આવેગભર્યો ઊભરો

૧૯૧૬ પછી મુસ્લિમોને રાષ્ટ્રીય મોરચા તરફ ધકેલવામાં તુર્કીની ખિલાફત-ઘટનાએ જબરજસ્ત ફાળો આપ્યો.

આ પ્રકરણના આરંભે ઉલ્લેખ કર્યા મુજબ, બાલ્કન રાજ્યો — સરબિયા, બલ્ગેરિયા તથા ગ્રીસે તુર્કી સામે યુદ્ધ જાહેર કર્યું હતું. તેમાં તેમનો વિજય થતાં, લંડનમાં સંધિના જે કરાર થયા તેના પરિણામે ઉપર જણાવેલા પ્રદેશો ઉપરનો તુર્કીનો કબજો ચાલ્યો ગયો હતો — જો કે હજી તેની સલ્તનતમાં એશિયા-માઈનોર, આર્મેનિયા, મેસોપોટેમિયા, સિરિયા, પેલેસ્ટાઈન અને અરેબિયા કુલ મળીને ૭૦૦,૦૦૦ ચો. મા. નો પ્રદેશ રહ્યો હતો. પરંતુ વિશ્વયુદ્ધમાં તુર્કીએ તટસ્થતા જાહેર કરવાને બદલે, છેવટે મિત્રરાજ્યો સામેની જર્મન ધરી સાથે પોતાનું નસીબ જોડીને બ્રિટનને છંછેડયું હતું. આથી યુદ્ધમાં જર્મન-તુર્ક ધરીની હાર થતાં પરાજિત તુર્કીને સારી પેઠે સહન કરવાનો વારો આવ્યો હતો. બ્રિટન તેના પર દાઝ ઉતારવાની તક છોડે એમ ન હતું. પરાજિતોને દંડવા આંતરરાષ્ટ્રીય 'શાંતિ-પરિષદ' ૧૯૧૯માં વર્સેલ્સમાં અને બીજી વાર ૧૯૨૦ માં સેવર્સમાં મળી. આ બંને પરિષદોએ ઠરાવેલી સંધિએ તુર્કસ્તાનને છિન્ન-વિચ્છિન્ન કરીને, ઉપરથી તેના પર અપમાનકારી શરતો લાદી હતી. પરિણામે, તુર્કસ્તાનનું યુરોપીય તથા એશિયાઈ સામ્રાજ્ય લગભગ બરબાદ થઈ ગયું હતું.

આ આખી ઘટના ભારતના મુસ્લિમો માટે ભારે આઘાતરૂપ બની. પરંતુ મુસ્લિમ લીગ ઉપર હજી બ્રિટિશ–વફાદારોની અસર પડતી હોઈને, તે ખુલ્લંખુલ્લા આ પડકારને ઝીલી લેવા તૈયાર ન હતી. આથી 'ખિલાફત કમિટી'ની રચના કરવામાં આવી. તેણે બહુ કુનેહપૂર્વક, 'ખિલાફત'ના સવાલને તુર્કી સુલતાનના રાજકીય–શાસકીય દરજ્જાને મહત્ત્વ ન આપતાં, 'ખલિફા' તરીકેના તેના ધાર્મિક દરજ્જાને આગળ ધરીને, આ આંદોલનને 'ધર્મયુદ્ધ' તરીકે ઓળખાવ્યું હતું. અને તેની પહેલી જ જાહેરસભા (મુંબઈ)માં ૧૫૦૦૦ નો દેકારો ગાજતો થયો હતો (૨૦ માર્ચ ૧૯૧૯)

આ અરસામાં ગાંધીજીએ ખિલાફતની સમસ્યાને રાષ્ટ્રીય સમસ્યા તરીકે અપનાવી લઈને, તેમણે તેમાં સીધી દોરવણી આપી. પરિણામે, 'ખિલાફત કમિટી' અને તેના આંદોલનને ખૂબ જ પ્રોત્સાહન સાંપડ્યું. હિંદુસ્તાનના વિવિધ સ્તર અને જૂથના અગ્રણીઓની સહીઓ સાથે લખનૌમાં ખિલાફત આંદોલનનું પહેલું અધિવેશન થયું (સપ્ટેમ્બર, ૧૯૧૯). તેમાં ફઝલુલ હક (કલકત્તા), ડૉ. અન્સારી અને હકીમ અજમલખાન (દિલ્હી), સૈયદ રઝાઅલી (ઉ. પ્ર.) વગેરેએ આગળ પડતો ભાગ લીધો. પરંતુ આરંભે જ ઘર્ષણ જોવા મળ્યું. મહમુદાબાદના રાજા અને તેમનું જૂથ મવાળ વલણનું હતું; તો હઝરત મોહાની, અલી બિરાદરો તથા મૌ. અબ્દુલ બારી જહાલ જૂથના કાર્યકરો હતા. હાજર રહેલાં મુખ્ય જૂથોને ધ્યાનમાં રાખીને, છેવટે ઠરાવો પસાર કરવામાં આવ્યા—

(૧) તુર્કીના ખલિફા જેઓ ઈસ્લામમાં આધ્યાત્મિક પદ ધરાવતા હતા, તેઓ સાંસારિક ક્ષેત્રે ઓટોમન (તુર્ક) સામ્રાજ્યના અધિપતિ પણ હતા. આથી તે સામ્રાજ્યનું વિસર્જન કરવાનો પ્રયાસ આપોઆપ ઈસ્લામ ધર્મ ઉપરનો પ્રહાર બની જાય છે;

(૨) ઓટોમન સામ્રાજ્યમાંથી સિરિયા, પેલેસ્ટાઈન, મેસોપોટેમિયાને છૂટા પાડીને બિન–મુસ્લિમ છત્ર નીચે મૂકવાનો ઈરાદો ધર્મદષ્ટિએ માન્ય થઈ ન શકે તેવો છે;

(૩) તુર્ક સામ્રાજ્યની પાટનગરી કોન્સ્ટેન્ટિનોપલને અનેક સત્તાઓ હસ્તકની સહિયારી નગરી બનાવવાનો અને સાયપ્રસના ભાગલાનો વિચાર પણ માન્ય થઈ શકે એમ નથી.

આ માંગણીઓ સ્વીકારવા માટે બ્રિટિશ વડાપ્રધાનને અરજ ગુજારવાનો ઠરાવ પણ (મવાળ જૂથને રીઝવવા) પસાર થયો હતો. સાથોસાથ આંદોલનની દષ્ટિએ ૧૭ ઓકટોબર ૧૯૧૯નો દિવસ 'ખિલાફત દિન' તરીકે ઊજવવાનું એલાન કરવામાં આવ્યું. આ દિવસના કાર્યક્રમોમાં પ્રાર્થના, ઉપવાસ, હડતાલ, જાહેર સભાઓ અને હિંદુઓના સહકારની અપીલ મુખ્ય હતાં.

તે સમયે ઝીણા સાહેબ કોંગ્રેસના સભ્ય હતા તથા મુસ્લિમ લીગના પ્રમુખ હતા. તેમણે આવા અસહકારના કાર્યક્રમને નર્યું ગાંડપણ અને જોખમકારક 'સહરા' ગણાવ્યો હતો. જ્યારે મૌલાના અબુલ કલામ આઝાદે આંદોલનમાં ઝંપલાવ્યું હતું. દેશભરમાં ઘૂમીને તથા તેમના સાપ્તાહિક 'પયગામ' દ્વારા મુસ્લિમ અવામને ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે અસહકાર આંદોલનનો આરંભ કરવાનું માન ખિલાફત સમિતિને છે; (કોંગ્રેસે એ પછી ઠરાવ પસાર કરેલો) અને આપણે આ કાર્યક્રમ ઈસ્લામી ધર્મશાસ્ત્રને અનુસરીને અપનાવ્યો છે. આમ, મૌ. આઝાદે નવી ચેતનાને સંકોરી હતી.

* જમિયત–ઉલ–ઉલેમા તરફથી સમગ્ર અસહકારના કાર્યક્રમોનું પાલન કરવા આદેશ આપવામાં આવ્યો હતો. નોંધપાત્ર હકીકત એ છે કે ઈસ્લામના ૪૭૦ જેટલા નામાંકિત વિદ્વાનોએ આ અપીલ પર સહી કરી હતી.

મહાત્મા ગાંધી બહુ સાવધાનીપૂર્વક આગળ વધવા માગતા હતા. તેમના મતે, એક તો, આવો કાર્યક્રમ આખી પ્રજાને તત્કાલ સ્વીકાર્ય નહિ બને; ઉપરાંત ઉગ્ર કાર્યક્રમ સાધવા જતાં વાતાવરણ કાબૂમાં

## પંચવિધ બહિષ્કાર

(૧) શાળા-કૉલેજોનો બહિષ્કાર;

(૨) બ્રિટિશ માલનો બહિષ્કાર;

(૩) સરકારી નોકરીઓનો બહિષ્કાર;

(૪) લશ્કરમાંથી અને સિપાઈઓનાં રાજીનામાં;

(૫) પદવી અને ખિતાબોનો ત્યાગ.

નહિ રહે. આથી તેઓ અતિઉત્સાહી ખિલાફતી નેતાઓને આસ્તે કદમ આગે ધપવા સમજાવતા હતા. દા. ત. મુંબઈમાં અ. ભા. ખિલાફત પરિષદ મળી તેમાં અબ્દુલ બારી અને અલી બિરદારોએ એવો આગ્રહ સેવ્યો કે બ્રિટિશ લશ્કરમાં મુસ્લિમનું હોવું એ જ મજહબની ખિલાફ છે. આથી મુસ્લિમ સૈનિકોનો ઉપયોગ અન્ય મુસ્લિમ રાજ્યો–પ્રદેશો સામે થાય તે નર્યો અધર્મ છે.

(વાસ્તવમાં, દાયકાઓ થયાં મુસ્લિમ સૈનિકો બ્રિટિશ લશ્કરમાં ભરતી થતા રહ્યા હતા; અને ખુદ તુર્કી તથા અન્ય મુસ્લિમ પ્રદેશો સામેય તેમનો ઉપયોગ તાજેતરના વિશ્વયુદ્ધ દરમ્યાન થયો જ હતો; છતાં આ બધું બન્યું જ ન હોય તે રીતે ઇસ્લામના નામે 'આદેશો' ઉચ્ચારાઈ રહ્યા હતા !)

સ્વાભાવિક રીતે જ, મુંબઇના મુસ્લિમ વેપારીઓ અને વિનીત નેતાઓ આથી ચોંકી ઊઠયા. પરંતુ ઉલેમાઓએ તેમને ધર્મને નામે ચૂપ કરી દીધા.

### સંયુક્ત રાષ્ટ્રીય મોરચાનાં એંધાણ

એકંદરે, ૧૯૧૯ના અંત સુધીમાં રાજકારણ–ક્ષેત્રે એવું વાતાવરણ પેદા થઈ ગયું હતું કે મુસ્લિમ સંગઠનો અને કોંગ્રેસ પોતપોતાના હેતુસર સંયુક્ત રાષ્ટ્રીય મોરચો ઊભો કરીને, બ્રિટિશરોને હંફાવવાની બાબતમાં સમાન માનસ ધરાવતાં થઈ ગયાં છે.

૧૯૧૯ના ડિસેમ્બરમાં પંડિત મોતીલાલ નેહરુના અધ્યક્ષપદે અમૃતસરમાં કોંગ્રેસ અધિવેશન મળ્યું. તેમાં આ માનસ સ્પષ્ટ બન્યું. ખિલાફત અંગેના અને અલી બિરાદરોની મુક્તિ અંગેના ઠરાવો સારા આવકારને પાત્ર બન્યા.

* અલબત્ત, કેટલાક હિંદુ નેતાઓ, ખિલાફતના ધાર્મિક મુદ્દાને મહત્ત્વ આપવાને બદલે, તુર્કી સામ્રાજ્યના વિભાજનને એશિયાનાં સ્વતંત્ર રાજ્યો ઉપરના અઘટિત આક્રમણ રૂપે લેખતા હતા; અને રાજકારણી સમસ્યા તરીકે જ ખિલાફતનું મર્યાદિત મહત્ત્વ સ્વીકારતા હતા.

૧૯૧૯ના અંતમાં જેલમુક્ત થયા પછી અલી બિરાદરોએ ખિલાફત આંદોલનમાં પૂરેપૂરા જોશ અને જુસ્સાથી ઝંપલાવ્યું. આ અરસામાં (૧લી જાન્યુઆરી ૧૯૨૦) મૌલાના આઝાદ પણ જેલમુક્ત થયા બાદ, ખિલાફત આંદોલનને 'ધાર્મિક ફરજ' તરીકે આગળ ધપાવવાની ધૂનમાં, કુરાને શરીફનાં સૂત્રોનો ભરપટ્ટે ઉપયોગ કરતા હતા. વળી, ઇંગ્લૅન્ડમાં મળનારી 'શાંતિ પરિષદ' માટે ભારતના મુસ્લિમોના એક પ્રતિનિધિ તરીકે મુહમ્મદઅલીની વરણી થઈ હતી. તેમની મુરાદ બ્રિટિશરો પાસે કશી ભીખ માગવાની ન હતી; પરંતુ 'શાંતિ – પ્રતિનિધિઓ' ઉપર આંતરરાષ્ટ્રીય મુસ્લિમોનો પ્રભાવ પાડીને બ્રિટિશરોનું વલણ બદલાવવાની ધારણા હતી. આથી યુદ્ધ પૂર્વે આપેલાં વચનો બ્રિટિશ સરકારને યાદ કરાવીને, યુદ્ધ બાદના તેના વલણની તાતી ટીકા કરતાં મૌ. મુહમદઅલી અચકાયા ન હતા. પરંતુ બ્રિટિશરોના

તું પાણી હાલે એમ ન હતું. વડાપ્રધાન લોઈડ જ્યોર્જ અને અન્ય બ્રિટિશ આગેવાનોએ તે સમયની તેક રાજકીય ગૂંચોનો ખ્યાલ આપીને એવું ઠસાવવા પ્રયત્ન કર્યો કે, તુર્ક સામ્રાજ્યમાં અગાઉ ભેળવી દાયેલા અનેક પ્રદેશો – ઘટકો (દા. ત. અરબો) પણ આત્મનિર્ણયના અધિકારી હોઈને તુર્ક સામ્રાજ્યને અખંડ રાખવાનું સિદ્ધાંત–વિરોધી અને અવ્યવહારુ છે. અલબત્ત, સૌ કોઈ જાણતું હતું કે, આ સૈદ્ધાન્તિક ભૂમિકા રટનાર બ્રિટન પોતે પોતાના સામ્રાજ્યનું વિસર્જન કરવાનું, ભારત જેવા દેશને મુક્ત કરવાનું વિચારવાય તૈયાર ન હતું. બલ્કે, તુર્કવિભાજન પાછળનો તેનો હેતુ મુસ્લિમ પ્રદેશો બ્રિટન અને તેના સાગરિતોના પ્રભાવ નીચે રહે એ જ હતો.

બીજી બાજુ, મુહમ્મદઅલી પણ ગમે તેટલા સિદ્ધાન્તો આગળ ધરતા હતા; પરંતુ એ બધા પાછળ ભારતના મુસ્લિમોની તાકાત વધારવાની તેમની મુરાદ હતી. લાંબો ગાળો વિદેશમાં વીતાવીને તેઓ હિંદ પાછા આવ્યા તે દરમ્યાન ભારતમાં અસહકાર અને બહિષ્કારનું આંદોલન ચીલઝડપે ફેલાઈ રહ્યું હતું.

## સેવર્સની સંધિ (મે–૧૯૨૦)

(તુર્કીએ સહીસિક્કા કર્યા ૨૦ ઑગસ્ટે)

(૧) આરબપ્રદેશો તુર્કી સામ્રાજ્યથી સ્વતંત્ર થશે – સિરિયા, પેલેસ્ટિન, મેસોપોટોમિયાને ફ્રેન્ચ અને બ્રિટિશ અધિકાર (મૅન્ડેટ) નીચે મૂકયાં; થ્રેસનો પૂર્વ પ્રદેશ અને સ્મિર્ના (ઈઝમિર) ગ્રીસને સુપરત થયાં; ડોડકેની ટાપુઓ ઈટલીને હસ્તક ગયા;

(૨) તુર્કીની રાજધાની તુર્ક હસ્તક રહી, પરંતુ તેની જલસંયોગી (Straites) આંતરરાષ્ટ્રીય બની.

*

શાંતિ પરિષદની સેવર્સની સંધિ બહાર પડતાં મુસ્લિમોમાં ઘણી ઉશ્કેરણી વધી: મૌ. અબ્દુલ બારીએ પહેલો ધડાકો કર્યો. તેમણે મહાત્મા ગાંધીના પ્રિય શાગીર્દ બનેલા મૌલાના શૌકતઅલીને લખી નાખ્યું કે મહાત્માજી ઉપર આધાર રાખીને અમે હવે ખામોશ રહી નહિ શકીએ. અલબત્ત, એમની સહાનુભૂતિ માટે આભાર માનીને, અમે અમારી ધાર્મિક જવાબદારી પાર પાડીશું. બીજી બાજુ, હકીકત એ હતી કે મુંબઈ ખાતે મળેલી કેન્દ્રીય ખિલાફત કમિટીમાં ત્રણ દિશાની રસાકસી જોવા મળી. મવાળ વેપારીઓ અને મહાત્મા ગાંધીએ સુદ્ધાં લશ્કર અને પોલીસનાં તત્કાલ રાજીનામાંનો આગ્રહ છોડી દેવા ઘણું દબાણ આણ્યું. પરંતુ વાતાવરણ એટલું ગરમ હતું કે, એ સુધારો ઊડી ગયો. શ્રીમતી એની બિસેન્ટ અને માલવિયાજીએ 'અસહકાર' કાર્યક્રમનો વિરોધ દર્શાવ્યો. તેથી શૌકતઅલી અને તેમના સાથીઓ અકળાઈ ગયા. હઝરત મોલાનાંએ તો આવેશમાં આવી એવું જાહેર કરી દીધું કે જો બ્રિટિશ સત્તાને હઠાવવા અફગાન ફોજ હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરશે, તો પોતે તેમાં સામેલ થઈ જશે. લાલા લાજપતરાયે તુરત જ સ્પષ્ટતા કરી કે જો મુસ્લિમો આવો પેંતરો રચશે તો હિંદુઓ તેમને તેમાં મદદરૂપ નહિ બને. છેવટે, ગાંધીજીએ એવી સ્પષ્ટતા કરી કે, જ્યાં સુધી મુસ્લિમો અહિંસાના માર્ગે ચાલશે ત્યાં લગી જ તેઓ પોતે તેમને મદદ કરતા રહેશે.

# ૧૩. અલગતાવાદના ઓળા

## મુસ્લિમ-અસ્મિતાનો અતિરેક

એક બાજુ હિંસાનું વાતાવરણ વધી રહ્યું હતું; બીજી બાજુ ખિલાફત આંદોલન ઉદ્દામ રાહે વળી જતાં ઉશ્કેરાટ વધ્યો હતો, પરંતુ સંગઠન તૂટી રહ્યું હતું. કોંગ્રેસ તેમજ ખિલાફત કમિટી બંનેમાં તિરાડો વધી હતી. ખિલાફતના નામે 'બૃહદ ઇસ્લામવાદી' વલણનો પારો ઊંચો ચઢતાં આખી પરિસ્થિતિ અંગે હિંદુઓમાં ઈતરાજી પેદા થઈ હતી. બીજી બાજુથી સરકારેય મોટા ભાગના નેતાઓ અને કાર્યકર્તાઓને કારાવાસમાં ધકેલી દઈ, આંદોલનને પાંગળું બનાવી દીધું હતું. વધુમાં, જેના આધારે ખિલાફત આંદોલન ઊભું કરવામાં આવ્યું હતું, તે તુર્કીમાં જ ચિત્ર બદલાઈ રહ્યું હતું. તુર્ક સેનાધિપતિ કમાલ પાશાએ એનાટોલિયાનો વિજય મેળવી યુરોપીય સત્તાઓ પાસેથી લાભદાયી સંધી કઢાવી લીધી હતી. આ પછીની નોંધપાત્ર સત્ય ઘટના એ છે કે, કમાલ પાશાના જ હાથે તુર્ક-સુલતાન ૧૯૨૨માં પદભ્રષ્ટ કરાયા હતા. પણ હિંદુસ્તાનના મુસ્લિમોમાં જે હોબાળો થવો જોઈએ એવું કશું ત્યારે થયું ન હતું; અને તે પછી ૧૯૨૪માં જ્યારે ખિલાફતનું પદ પણ નાબૂદ કરવામાં આવ્યું ત્યારે તો તેઓ સાવ ડઘાઈ ગયા હતા. બ્રિટિશોએ આવું કોઈ પગલું ભર્યું હોત તો કદાચ પ્રત્યાઘાત ઘણો મોટો થાત. પરંતુ આ ઘટનાને તો 'ઇસ્લામની તલવાર' (વીર કમાલ પાશા)ની ધારે જ શક્ય બનાવી હતી!

સરકારે આંદોલનની કમજોરી જોઈને કરાંચી ખાતે કરેલી સાત જણાની ધરપકડોમાં અલી બિરાદરો, ડૉ. કિચલુ તથા ત્રણ મૌલાનાઓ ઉપરાંત સાતમા શારદાપીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય પણ હતા. ખિલાફત સમિતિએ નેતાઓની મુક્તિની માંગની સાથે સાથે મુસ્લિમ સૈનિકો અને સિપાહીઓને લશ્કરમાંથી રાજીનામાં આપી દેવા 'ફતવો' પણ કાઢ્યો હતો.

પાછળથી જે કેસ ચાલ્યો તેમાં શંકરાચાર્ય દરેક આરોપમાં બિન-ગુનેગાર ઠર્યા હતા. બાકીના મુસ્લિમ નેતાઓને 'તોફાનો' કરાવવાના આરોપસર બબ્બે વરસની સજા ફટકારવામાં આવી હતી.

* નિર્દોષ ઠરીને મુક્ત બનેલા શંકરાચાર્યે ખિલાફતના ધ્યેય પરત્વે પોતે તથા હિંદુઓ સહાનુભૂતિ ધરાવે છે, એવું કહેણ જેલમાં પડેલા તેમના મુસ્લિમ સાથીઓને મોકલ્યું હતું.

---

**બકરી ઈદના પ્રસંગે ગાયોની કતલ ન કરવા ગાંધીજી અને ખિલાફત સમિતિએ મુસ્લિમોને અપીલ કરી. (૮-૮-૧૯૨૧)**

આ અપીલની બહુ મોટા પાયા પર ભલે અસર ન થઈ પણ દેશના લગભગ દરેક પ્રાંતના કેટલાક પ્રદેશોમાં એને ફતેહ મળી હતી. મુંબઈના છોટાણી અને ખતરી જેવા આગેવાન મુસ્લિમ નાગરિકોએ પોતાના ધર્મબંધુઓના હાથમાંથી સેંકડો ગાયોને બચાવી લઈને, હિંદુઓને સોંપીને, તેમને ઓશિયાળા જેવા કરી મૂક્યા, એ હકીકત ખાસ નોંધપાત્ર છે.

*

**ગાંધીજી** : મારે મન હિંદુસ્તાન મારફત ખિલાફતનો બચાવ એ જ હિંદુસ્તાનનું સ્વરાજ છે. મહમદઅલી અને મારી વચ્ચે જેમ ધર્મનો પાયો પ્રેમ છે, તેમ અમારી મૈત્રીનો પાયો પણ પ્રેમ છે. હું પ્રેમના હકથી મુસલમાનોની મૈત્રી મેળવવા ઇચ્છું છું.

---

## ખિલાફત આંદોલન : સંપ્રદાયના સાણસામાં

ગાંધીજીના નેતૃત્વ હેઠળ વ્યાપક બની રહેલું અસહકાર અને બહિષ્કારનું આંદોલન, જેમાં ખિલાફતના આંદોલનનો સમાવેશ થઈ ચૂકયો હતો તે, ભારતના ગ્રામ વિસ્તારો લગી પહોંચી ગયું હતું. પરંતુ ખિલાફત આંદોલન કોંગ્રેસના ભાગ રૂપે નહિ પણ સ્વતંત્ર રીતે ચાલે, એ બધી રીતે હિતાવહ ગણીને અગમ બુદ્ધિથી ગાંધીજીએ ખિલાફત વોલંટિયરોનું સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવકોથી સાવ અલાયદું રાખ્યું હતું. અને ધાર્મિક પ્રતીકોવાળો અરબ–પરંપરા મુજબનો તેમનો અલગ ગણવેશ પણ નક્કી થયેલ હતો. ખિલાફત–ફંડ પણ અલગ રાખવામાં આવ્યું હતું.

*આ આંદોલન દરમિયાન નાના ખેડૂતો અને ખેતમજૂરો, કામદારો અને વિદ્યાર્થીઓની વિટંબણાઓ દૂર કરવાની લડતો પણ અવારનવાર જોવા મળી હતી. સાથોસાથ સરકાર દ્વારા સંચાલિત શાળા-કોલેજોના બહિષ્કારના વિધાયક પગલા તરીકે સૅંકડો રાષ્ટ્રીય શાળાઓ તથા કેટલીક યુનિવર્સિટીઓની સ્થાપના પણ થઈ હતી ( દા. ત. કાશી વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ, મુસ્લિમોની જામિયા મિલિયા યુનિવર્સિટી ) ઉપરાંત સ્વયંસેવકોની સૅનાઓ પ્રદેશે પ્રદેશે ઊભી થઈ ગઈ હતી. સરકારી કોર્ટોના બહિષ્કાર સાથે રચાયેલું 'રાષ્ટ્રીય લવાદ પંચ' તથા મુસ્લિમ ધર્મશાસ્ત્રો અનુસારની પોતાની અલગ કોર્ટોની સ્થાપના તો છેક ૧૯૨૦ના આરંભથી શરૂ થઈ ગઈ હતી.

અહીં, ખાસ નોંધપાત્ર મુદ્દો એ છે કે, ખિલાફત ઉપરાંત જલિયાંવાલામાંના અત્યાચારના મુદ્દા પરનું કોંગ્રેસનું સંયુક્ત આંદોલન ગાંધીજીની રાહબરી હેઠળ આવી ગયું હતું. પરંતુ મુસ્લિમો પર પોતાના સિવાય બીજા કોઈનોય પ્રભાવ ન પડે તેવી મુરાદ ધરાવનારા ઉલેમાઓને ગાંધીજીની સંપૂર્ણ રાહબરી સ્વીકારી લેવામાં ઘણું મોટું જોખમ દેખાતું હતું. એમાં વળી શૌકતઅલીએ ગાંધીજી પર ફિદા થઈ જઈને ગાંધીજીનો ઉલ્લેખ 'ઈમામ' (ધર્મગુરુ ) તરીકે કર્યો, એથી તો ઉલેમાઓ એકદમ ચમકી ઊઠયા હતા. વિશેષ નોંધપાત્ર બિના તો એ છે કે આ ઉલેમાઓ રાષ્ટ્રીય આંદોલનમાં ઝુકાવનારા શૌકતઅલી, મહમદઅલી, ડૉ. અન્સારી તથા હકીમ અજમલખાન જેવા મુસ્લિમ નેતાઓથીય સ્વતંત્ર એવી પોતાની પકડ મુસ્લિમો પર જમાવી રાખવા મથી રહ્યા હતા.

**આમ, રાષ્ટ્રીય આંદોલનના એક અંગ રૂપે ખિલાફત આંદોલન વિકસવાને બદલે, મુસ્લિમ ધર્મગુરુઓ સમા ઉલેમાઓના પ્રભાવ હેઠળ, રાષ્ટ્રીય આંદોલનની સમાંતર એવું અલાયદું ધાર્મિક આંદોલન બનવા લાગ્યું હતું.**

બીજી બાજુ, અંગ્રેજ સત્તાએ હિંદુ તેમજ મુસ્લિમ પ્રજાની શક્તિ એકત્રિત થાય જ નહિ, એ માટે ૧૯૧૯થી વધુ વ્યાપક દમનના માર્ગો અપનાવ્યા હતા, પરંતુ એમાં એના હાથ હેઠા પડયા હતા, જો કે બ્રિટિશોને મન, હિંદુ આગેવાનોની સંખ્યા ઘણી મોટી હોવા છતાં તેઓ વાણી ને વર્તનમાં મુસ્લિમો કરતાં કંઈક નરમ ને સંયમિત લાગતા હતા. તેઓએ ગાંધીજી જેવા નેતાની પૂરી આણમાં રહેવાનું સ્વીકારેલું હતું, જ્યારે મુસ્લિમ આગેવાનોમાંના કેટલાક, જેઓ ખિલાફત કમિટી તેમજ કોંગ્રેસ બંનેમાં પ્રવૃત્ત હતા. તેઓ, સરકારની નજરમાં વધુ ઝનૂની અને જોખમી હતા. શૌકતઅલી જેવા નેતાએ અબ્દુલ બારીને ધરપત બંધાવતાં લખ્યું હતું કે, "મુસ્લિમો અસહકારની બાબતમાં કેવળ ખુદાના આદેશને અનુસરી રહ્યા છે, નહિ કે ગાંધીને." તે ઉપરાંત શૌકતઅલીના પ્રમુખપદે મેરઠમાં મળેલી 'ઑલ ઈન્ડિયા ખિલાફત કોન્ફરન્સ'માં ( ૮મી એપ્રિલ : ૧૯૨૧ ) કેટલાક ઉલેમાઓએ **'હિંદુ-મુસ્લિમ એકતા' પણ ધર્મશાસ્ત્રની મર્યાદામાં જ – મુસ્લિમ વર્ચસ્ હેઠળ જ – હોઈ શકે એવું નિખાલસપણે સૂચવી દીધું હતું.... !**

બીજી બાજુ, સરકારે ૧૯૨૨ના માર્ચમાં જ ગાંધીજીની ધરપકડ કરી, દમનનો દોર વધુ સખ્ત બનાવી દીધો હતો; મૌલાના અબ્દુલ બારી, અલી બંધુઓ, અબુલ કલામ આઝાદ, ડૉ. અન્સારી વગેરે મુસ્લિમ નેતાઓનેય પકડી લઈ, એમને લાંબી મુદતની કેદની સજાઓ ફટકારી દીધી હતી.

★

સમય જતાં, ગાંધીજીને એપેન્ડીસાઈટીસનો હુમલો થતાં સરકારે તેમને જેલમાંથી મુક્ત કર્યા. (ફેબ્રુઆરી ૧૯૨૪). તેમણે જોયું કે, હિંદુ-મુસ્લિમ એકતા માટેના સૌના પ્રયાસો લગભગ નિષ્ફળ નીવડયા છે. આથી વ્યથિત બનેલા ગાંધીજીએ આત્મ-શુદ્ધિ માટે એકવીસ દિવસના ઉપવાસનો રાહ અપનાવ્યો હતો. તેમનું જીવન બચાવતા હિંદુ-મુસ્લિમ બેઉ જૂથના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી. અંતે તેમના ઉપવાસ છૂટયા. પરંતુ તે જ દિવસે (૮, ઓકટોબર) અલ્હાબાદમાં, અને ત્યારબાદ દેશભરમાં મોટા પ્રમાણમાં અને વધુ કાતીલ રમખાણોની પરંપરા ચાલી. આ બધી ઘટનાઓ પરત્વે ગાંધીજી અને અલીબિરાદરો વચ્ચેની તડ ઘણી વધી ગઈ હતી; અને ડૉ. કિચલુ જેવા રાષ્ટ્રવાદી પણ લાલા લાજપતરાય તથા પંડિત માલવિયાનાં વલણોથી વ્યાકુળ બન્યા હતા.

## આક્રોશશીલ પ્રત્યાઘાત

એક બાજુ આંદોલનનાં વળતાં પાણી, બીજી બાજુ ઉપરાઉપરી કોમી હુલ્લડો : આ બંને ઘટનાઓ કોંગ્રસ તેમજ મુસ્લિમ લીગ—બંને માટે ચિંતાનું કારણ બની હતી. કોંગ્રેસે તો એ સ્થિતિમાંય પોતાના 'રચનાત્મક' અને 'રાષ્ટ્રીય એકતા'ના કાર્યક્રમોને વળગી રહી, હતાશા અને આવેશથી પોતાની જાતને કમસેકમ બચાવી લેવાનું કર્યું. પરંતુ મુસ્લિમ લીગના નેતાઓ અંગ્રેજો સામે જંગે ચઢવાને બદલે ઊલટાના હિંદુઓ પ્રત્યે વધુ આક્રોશશીલ બન્યા. સર અબ્દુર રહીમે લીગના અધિવેશનમાં (૧૯૨૫) પ્રમુખપદેથી એવા ઉદ્ગાર કાઢેલા કે–

> "અગાઉ કરતાં હવે જ લીગની જરૂર છે—ખાસ તો, હિંદુઓના મુસ્લિમો પરના હલ્લાઓને કારણે. હિંદુઓએ તેમની ઉશ્કેરણીખોર ને આક્રમક વર્તણૂક દ્વારા અત્યંત સ્પષ્ટ કરી દીધું છે કે, હવે મુસ્લિમો તેમના હાથમાં પોતાનું નસીબ છોડી દઈ શકે તેમ નથી...એથી હવે પોતાના બચાવ માટેનો એકે એક શકય ઉપાય અખત્યાર કરવો જોઈએ."

સાથોસાથ 'સ્વશાસન' (સ્વરાજ) એ જાણે કેવળ હિંદુઓની જ ગરજની વસ્તુ હોય તેમ એમણે તાકીદ કરી દીધી કે–

> "મુસ્લિમોની મદદ વિના હિંદુઓ ક્યારેય સ્વ-શાસન હાંસલ કરી શકવાના નથી." વધુમાં એમણે એ બાબતનીય ચીમકી આપી કે, કેટલાક હિંદુઓ 'પરદેશી જમાતો' સાથે મળી કાવતરાં કરવામાં સક્રિયપણે રોકાયેલા છે !—બીજી બાજુથી, તેમણે બ્રિટિશ સત્તાની ખફાનજરથી બચી રહેવા, એમ પણ જાહેર કર્યું કે, કોઈ પણ મુસ્લિમ હિંદુસ્તાનના ક્રાંતિકારીઓ સાથે જોડાયો ન હતો. અંતે, 'અસહકાર' આંદોલન પ્રત્યેની પોતાની નફરત પ્રગટ કરતાં એમણે એટલે સુધી કહી નાખ્યું કે, "હિંદુસ્તાનના કલ્યાણ માટે અંગ્રેજોની સેવાઓ જરૂરી છે."

ફઝલૂલ હક જેવા ધીર બંગાળી મુસ્લિમ નેતાની નજર રાજકીય ક્ષેત્રે વધુ નક્કર બાબતો પર ઠરેલી હતી. હિંદુસ્તાન 'સ્વશાસન' તરફ આગળ વધી રહ્યું હોઈને, વધુ ને વધુ સત્તાઓ હિંદુઓ જ કબજે કરી લેશે, એની ચિંતા કરીને તેમણે મુસ્લિમોને હિંદુઓની જેમ જ પોતાનું સંગઠન મજબૂત કરવા માટે ખાસ આગ્રહ કર્યો.

આવાં બધાં ભંગાણોને સાંધી દેવા ગાંધીજીએ મુંબઈમાં સર્વપક્ષી પરિષદ ૧૯૨૪ના નવેમ્બરમાં બોલાવી. તેમનો હેતુ, વિવિધ પક્ષો તથા જૂથોના અલગ અલગ આગ્રહો છતાં, તેઓ બધા જ કોઈ સર્વમાન્ય કાર્યક્રમ પર સંયુક્ત રીતે અમલ કરવા કોંગ્રેસરૂપી રાષ્ટ્રીયમંચમાં જોડાય એવો હતો. પરંતુ હિંદુ મહાસભાના તે વખતના સર્વોચ્ચ નેતા લાલા લાજપતરાયે એવી એકતાની દરખાસ્તને બિલકુલ ટેકો ન આપ્યો; એ માટેની વાટાઘાટોનો સુદ્ધાં બહિષ્કાર કર્યો. હવે કોઈ પણ પ્રકારની વધુ પડતી છૂટછાટો આપીને મુસ્લિમોને રીઝવવાના તેઓ કટ્ટર વિરોધી હતા. આમ, ગાંધીજીની યોજના પડી ભાંગી.

આ પછી ૧૯૨૫ના એપ્રિલમાં કલકત્તા ખાતે મળેલા હિંદુ મહાસભાના અધિવેશનમાં પ્રમુખપદેથી લાજપતરાયે નીચે મુજબ મહાસભાનાં ધ્યેયો રજૂ કર્યાં* :

(૧) દેશભરમાં હિંદુ મહાસભાનું સંગઠન જમાવવું;

(૨) કોમી હુલ્લડમાં ભોગ બનેલા હિંદુઓને રાહત આપવાનો પ્રબંધ કરવો;

(૩) બળજબરીથી મુસ્લિમ બનાવાયેલા હિંદુઓની શુદ્ધિ કરી, તેમને હિંદુ ધર્મમાં પાછા લેવા;

(૪) અખાડાઓનું સંયોજન કરવું;

(૫) સેવા સમિતિઓ રચીને હિંદુઓને સામાજિક સહાય આપવી;

(૬) હિંદી ભાષાને લોકપ્રિય બનાવવી;

(૭) હિંદુઓના તહેવારો એવી રીતે ઊજવવા કે જેથી હિંદુઓની અંદરના વિભિન્ન પંથો એકતાને પ્રોત્સાહન મળે;

(૮) મુસ્લિમો તથા ખ્રિસ્તીઓ સાથે સારી લાગણી પેદા થાય તેવા કાર્યક્રમોને ઉત્તેજન આપવું;

(૯) તમામ રાજકીય વિવાદોમાં હિંદુઓનાં કોમી હિતોનું પ્રતિનિધિત્વ કરવું.

*'લાલ, બાલ અને પાલ'ની મશહૂર રાષ્ટ્રભક્ત ત્રિપુટીમાંના લાલાજીનું વલણ કોંગ્રેસમાંના રાષ્ટ્રીય-મુસ્લિમોને પણ સંકુચિત, કોમવાદી જણાયું; અને તેમનામાંના કેટલાક કોંગ્રેસમાંથી છૂટા થયા. આથી કોંગ્રેસની રાષ્ટ્રીય પ્રતિભા પર ફટકો પડયો; અને મુસ્લિમ જમાતના મન પર હવે મુસ્લિમ લીગ મુસ્લિમોની અને કોંગ્રેસ હિંદુઓની સંસ્થા હોવાની છાપ ગાઢી બની.

આમ છતાં, વાસ્તવમાં હિંદુઓએ મોટે ભાગે, હિંદુ મહાસભાને મજબૂત કરવાને બદલે, કોંગ્રેસમાં રહીને અથવા તેના સહકારમાં, રાષ્ટ્રીય હિતની સાથે સાથે કોમી હિતોની હિફાજત કરતા રહેવાનું વલણ રાખ્યું, જ્યારે મુસ્લિમોએ મુસ્લિમ લીગને જ મજબૂત બનાવી કોમી હિતને બલિષ્ઠ બનાવવા તરફ વળવાનું મુનાસિબ માન્યું.

---

**મૌલવી** : ઇસ્લામી કાનૂન અને ન્યાય ક્ષેત્રના નિષ્ણાત – વિદ્વાન

**મૌલાના** : વરિષ્ઠ મૌલવી

**ઉલેમા (ઉલમા)** : ઇસ્લામી ધાર્મિક ક્ષેત્રના શાસ્ત્રી-આચાર્ય

---

## બેઉ નેતૃત્વની ખાસિયતો

વ્યક્તિગત લાક્ષણિકતા બાજુ પર રાખીને એકંદરે વિચારતાં એમ કહી શકાય કે મુસ્લિમ અને હિંદુ નેતૃત્વની ઉછેર– વિકાસની ખાસિયતો તેમનાં રાજકીય –રાષ્ટ્રીય ક્ષેત્રનાં પરિણામો માટે ઘણી જવાબદાર

હતી. ૧૮-૧૯મી સદીમાં મુસ્લિમોએ બ્રિટિશ સત્તાને આ દેશમાંથી હાંકી કાઢવા અનેકવાર મરણિયા અને મક્કમ બગાવતો કરી હતી. તેમાં ઝુકાવનારાઓમાં ઉલેમા-મૌલવીઓએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. દા. ત., ૧૭૭૩માં થયેલ 'સંન્યાસી-ફકીર વિદ્રોહ'થી માંડીને 'વહાબી બગાવત' (૧૮૨૦ થી '૭૦), ૧૮૫૭નો 'બળવો' અને 'બંગભંગ' (૧૯૦૫) અને અન્ય સશસ્ત્ર વિદ્રોહો તથા બ્રિટિશ વિરોધી કાવતરાં સહિતનાં આંદોલનોમાં ઓછાવત્તા પ્રમાણમાં ફાળો આપનારા મુસ્લિમોમાં ઉલેમા-મૌલવીઓ મુખ્ય હતા એવું સ્પષ્ટ જણાય છે (જુઓ : શાંતિમય રોય કૃત 'ફ્રીડમ મુવમેન્ટ ઍન્ડ ઇન્ડિયન મુસ્લિમ્સ').

આ ઉલેમા-મૌલવીઓ ઇસ્લામી ધર્મશાસ્ત્રના કાનૂનોને કેન્દ્રમાં રાખીને, ખાસ્સી મર્યાદામાં રહીને, અર્થઘટનો કરતા આવ્યા હતા. પરિણામે, નવા યુગને સ્પર્શતી રાજકારણી બાબતોમાં ( દા. ત., પક્ષમાં ને શાસનમાં લોકશાહી, બિનસાંપ્રદાયિકતા આદિ અંગે ) ઉત્સાહી ન હતા. તેઓ પરંપરા-રક્ષાના વિશેષ હિમાયતી હતા. એ દિશામાં 'મર્યાદિત' પ્રગતિશીલતા પણ મોટા ભાગના ઉલેમા-મૌલવીઓની આંખમાં ખૂંચતી હતી. તેઓ સુધારકોના હાથમાં મુસ્લિમ લીગ તથા અન્ય રાજકારણી સંગઠનો તેમજ આંદોલનોની લગામ ન ચાલી જાય તેની ખાસ તકેદારી રાખતા અને રાજકારણી ક્ષેત્રે મંદી આવતાં લગામ પોતાના હાથમાં સજ્જડ કરી લેવા મથતા રહેતા.

કોંગ્રેસમાં પણ, આમ તો, લાંબા સમય સુધી હિંદુ-કાયદા નિષ્ણાતો(વકીલો-બૅરિસ્ટરો)એ તેના ઉદ્ભવ અને વિકાસમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. પરંતુ મુસ્લિમ ઉલેમાઓની સરખામણીએ તેમણે ભજવેલો રોલ 'ઊલટો' હોવાને કારણે ધ્યાન ખેંચનારો બન્યો હતો. તેમની પરંપરા જ ધાર્મિક ઝનૂન યા કટ્ટરતા ધરાવનારી ન હતી. વધુમાં પશ્ચિમી શિક્ષણસંસ્કારોની અસર તેમનાં માનસ પર ભારોભાર થયેલી હોવાને કારણે, પોતાનાં ધાર્મિક સંસ્કારનાં મૂળિયાં પ્રત્યે ઊલટા કંઈક ઉદાસીનતા સેવતા થયા હતા, જો કે આર્યસમાજની અસર હિંદુ સામાજિક ક્ષેત્રે ઘણી હતી. પરંતુ રાષ્ટ્રીય કોંગ્રેસમાંના કેટલાક આગેવાનોના માનસ પર તેની ઘેરી અસર હોવા છતાં, 'આર્યસમાજ' પણ કોંગ્રેસ પર કશી નિર્ણાયક અસર પહોંચાડી શક્યો ન હતો. અને 'હિંદુ મહાસભા' એક સંગઠનરૂપે તો મુસ્લિમ પ્રભાવના પ્રતિભાવ રૂપે જન્મ પામી હતી (૧૯૧૫). તેની અસર કોંગ્રેસમાંના હિંદુ નેતાઓ પર નહીંવત્ હતી, જો કે તાજેતરમાં (૧૯૨૨—૨૬ના અરસામાં) મુસ્લિમ પ્રતિકાર અને પ્રતિભાવની માત્રા વધી જતાં કોંગ્રેસમાંય તેની અસર વધવા પામી હતી.

એકંદરે, ૧૯૨૬માં રાજકીય ક્ષેત્રે દેશભરમાં વિશેષ ધૂંધળું વાયુમંડળ ફેલાતાં મુસ્લિમોના ક્ષેત્રે મૌલવીઓના હાથ મજબૂત બન્યા હતા. મુસ્લિમ લીગથી માંડીને અનેક મુસ્લિમ સંગઠનો અને વ્યક્તિઓ પર તેની અસર ચોખ્ખી વર્તાઈ હતી. ત્યારે, રાષ્ટ્રીય કોંગ્રેસની અંદરના તથા બહારના કેટલાક હિંદુ-રાષ્ટ્રીય નેતાઓનું માનસ મુસ્લિમવિરોધી પ્રતિકારનું સ્વરૂપ લેતું થયું હતું. પરંતુ રાષ્ટ્રીય કોંગ્રેસના માળખા પર હિંદુ ધર્મ સંગઠનોની કશી પ્રભાવક અસર પડી શકી ન હતી.

આ બંને નેતૃત્વોની ખાસિયતો માટે કેવળ જે તે વ્યક્તિની પોતાની ક્ષમતાઓ જરૂર જવાબદાર હતી. પરંતુ તેમને જેની સાથે સીધો પનારો પડયો હતો, તે હિંદુ-મુસ્લિમ જનતાનો ઉછેર અને વિકાસ જે પ્રકારે થતો આવ્યો હતો, તેણે ઘણીવાર નિર્ણાયક ભાગ ભજવ્યો હતો.

## બેઉ જમાતોની ખાસિયતો

મુસ્લિમ જમાતની સૌથી મોટી ખાસિયત એ હતી કે તેનામાં ધાર્મિક બાબતમાં ચુસ્ત એકમતી પ્રવર્તતી રહી હતી. આથી રાજકારણી ક્ષેત્રે જે જૂથ યા નેતા તેની ધાર્મિક કટ્ટરતાની લાગણી ઉત્તેજી શકે તે રાજકારણમાં પણ ફાવે, તેવું એક ચિત્ર ઊપસતું હતું. આથી ધાર્મિક સૂત્રોનાં જોરે, એક વાર

એક નિમિત્તે તો બીજી વાર બીજા નિમિત્તે, ઉત્તેજનાનું મોજું ઊછળતું રાખવામાં જે તે જૂથ યા નેતા. સફળતા રહેતી હતી.

આમ, બાહ્ય રીતે એક પ્રકારની 'જેહાદી એકતા' વર્તાતી હતી, તો બીજી બાજુ તેમની અં ભારે ઘમસાણો ચાલ્યાં કરતાં હતાં. દા. ત., ૧૯૨૨માં ખિલાફત આંદોલનનાં વળતાં પાણી થયાં તેવાં એમની વચ્ચેનાં આ આંતરિક ઘર્ષણો જે પ્રકારે બહાર ડોકાઈ આવ્યાં હતાં, તે પર નજર નાખતાં મુ વધુ સ્પષ્ટ થશે.

મુસ્લિમોમાં મુસ્લિમ લીગ, ખિલાફત સમિતિ, રાષ્ટ્રીય મુસ્લિમો, જમાતે અલ-હિંદ, જમિયત-ઉ ઉલેમા, લિબરલ બંધારણવાદી જૂથો (ઝીણાનું તથા સ્વરાજિસ્ટો) તથા બ્રિટિશ વફાદારો—એવા ઘણા ફ ઊપસી આવ્યા હતા. એમાં ખિલાફત સમિતિ તથા જમિયત-ઉલ-ઉલેમા જેવાં સંગઠનોએય કટ્ટર કોમ ને પ્રખર રાષ્ટ્રવાદ વચ્ચે ઝોલાં ખાધાં કર્યાં હતાં. ગમે તેમ, પણ જે સંગઠનો ૧૯૧૯થી રાષ્ટ્રવ આંદોલન ભણી આકર્ષાયેલાં, તેઓ એ સમય દરમિયાન મળેલી તાલીમને સદંતર અવગણી કે તરછે શક્યાં ન હતાં. ૧૯૨૫ પછીના ગાળામાં જોડાયેલાંની પણ 'સ્વશાસન' માટેની માંગ તો ચોક્કસ થઈ : હતી. પરંતુ તેનો લાભ હિંદુ તેમજ મુસ્લિમોને 'ન્યાયપુરઃસર (જ્યુડીશિયલી) મળવો જોઈએ એનો એ ખાસ આગ્રહ રહેતો.

## હિંદુ સમાજની ખાસિયત

કૉંગ્રેસના નેજા હેઠળ દેશ રાષ્ટ્રીય જાગૃતિની દિશામાં એક પછી બીજી ફાળ ભરતો આગળ ‹ રહ્યો હતો. તેને કારણે હિંદુ મહાસભાનો પ્રભાવ આમપ્રજાના માનસ પર નહીંવત્ હતો, જો કે ખ કરીને ૧૯૨૨ પછી ગાંધીજીના આંદોલનનો જુવાળ ઊતરતો ગયો, અને હિંદુ મુસ્લિમ વિખવાદ વ ગયો, તેમ તેમ હિંદુ મહાસભાની અસર વધવા લાગી હતી. મદનમોહન માલવિયા જેવા હિંદુ મહાસભ મોવડી અને કૉંગ્રેસમાંય મોભાનું સ્થાન ધરાવનારા પ્રૌઢ અને સ્વસ્થ નેતાએ ૧૯૨૩માં બનારસ ૧ હિંદુ મહાસભાના પ્રમુખપદેથી અસ્પૃશ્યતા જેવા કલંકને ધોઈ નાખવા સહિતના અન્ય સુધારા પરત્વે હિંદુઓનું ધ્યાન ખેંચ્યું હતું. તે ઉપરાંત, હિંદુ માનસને તત્કાલ સ્પર્શે એવા શુદ્ધિના મુદ્દા ભાર મૂકતાં એમણે જણાવ્યું હતું કે, "બળજબરીથી ધર્માંતર કરાવાયેલાઓ જો હિંદુ ધર્મમાં પાછા આ ઈચ્છતા હોય તો તેમને માટે દ્વાર ખુલ્લાં રાખવાં જોઈએ". વળી, ચુસ્ત ગાંધીપંથી, ઉચ્ચ સ્ત કૉંગ્રેસી નેતા રાજેન્દ્રબાબુએ સ્વામી શ્રદ્ધાનંદની 'શુદ્ધિ'ની પ્રવૃત્તિની ટીકા કરનારાઓને જવાબ આ પૂછ્યું હતું કે "ભલે ખ્રિસ્તીઓ અને મુસ્લિમો ધર્મપલટાને તેમના ધર્મમાં એક આ વા ફરજ રૂપ લેખતા હોય, પરંતુ જબરજસ્તી અથવા પ્રલોભનો દ્વારા થતા હિંદુઓના ધર્મપલટ પ્રતિકાર કાર્યક્રમો ('શુદ્ધિ', 'સંગઠન' આદિ) સામે ખ્રિસ્તીઓ તથા મુસ્લિમોથી તકરાર શી થઈ શકે?"

### કાંસાના પાત્રમાં સોનાની મેખ!

પરંતુ આશ્ચર્યની વાત તો એ હતી કે એક બાજુ કોમી હુલ્લડો ચાલતાં હતાં; મુસ્લિમો ને હિં વચ્ચે 'ધર્માંતર' અને 'શુદ્ધિ'ના કાર્યક્રમ પરત્વે સામસામું ઝનૂન પ્રવર્તતું હતું (સ્વામી શ્રદ્ધાનં હત્યા પછી તો હિંદુઓમાં કોમી ઉશ્કેરાટ વધ્યો હતો), અને છતાં આવા અતિ કઠોર અને ભ વાતાવરણમાં પણ રાષ્ટ્રીય સ્તરનાં આ સંગઠનોના નેતાઓ પોતપોતાની માગણીઓ યોગ્ય સ્થાને પ્રસંગે રજૂ કરતા રહી, પરસ્પરનાં અધિવેશનોમાં હાજરી આપતા હતા અને સામા પક્ષનાં મંતવ

ઘણીવાર તાતી વાણીમાં ઝાટકણી કાઢતા રહેવા છતાં, સ્વસ્થપણે એક બીજાના મતને સમજવા કોશિશ કરતા હતા.

★

* એકંદર ૧૯૧૬ પછીના એક દાયકા દરમિયાન આ સૌની ખેવના બ્રિટિશ પાસેથી સ્વશાસન (પોતપોતાનાં અર્થઘટન મુજબનું ને પોતાની પદ્ધતિએ) પ્રાપ્ત કરવાની બાબતમાં પ્રામાણિક હતી. આ ઉપરાંત, સૌથી મહત્ત્વની હકીકત એ હતી કે, ગાંધીજીના આંદોલનની તરફદારી ન કરનારાઓ પણ તેમની (ગાંધીજીની) વિલક્ષણ આધ્યાત્મિકતા માટે તથા હિંદુ મુસ્લિમ બિરાદરી દ્વારા રાષ્ટ્રીય એકતા માટેની તેમની તમન્નાથી અભિભૂત થયેલા હતા. એકંદરે જોતાં અતિ ક્ષુબ્ધ વાતાવરણમાંય મહાત્મા ગાંધીની ઉપસ્થિતિ એક મોટું વિધાયક બળ બની રહી હતી.

## 'મીઠા કરાર'નાં કડવાં ફળ

આ અતિ ક્ષુબ્ધ ગાળા દરમિયાન, ૧૯૨૬માં જે ચૂંટણી થઈ એનાં પરિણામોથી મુસ્લિમો ચોંકી ઊઠ્યા. હકીકતે, ૧૯૧૬માં કોંગ્રેસ-લીગ વચ્ચે જે 'લખનૌ કરાર' થયો હતો તેને કાગળ પર તો મુસ્લિમોને તેમની વસ્તીના પ્રમાણ કરતાં, તેમજ તેમની રાજકારણના ક્ષેત્રે પ્રવર્તતી લાગવગ યા અસર કરતાં ઘણો વધારે લાભદાયક માનવામાં આવ્યો હતો. આથી કરીને, મુસ્લિમ-બહુમતીવાળા પ્રદેશોને વસ્તીના પ્રમાણમાં ઓછું પ્રતિનિધિત્વ આપવાની દરખાસ્ત પણ તેમણે રાજીખુશીથી સ્વીકારેલી હતી તેની પાછળ એક વિશેષ કારણ પણ હતું. તે વખતે કેટલાક રાષ્ટ્રીય નેતાઓએ એવું સૂચન કર્યું હતું કે બંગાળ અને પંજાબમાં મુસ્લિમોની બહુમતી હોઈને, ત્યાં એમણે સંયુક્ત મતદાનનો સ્વીકાર કરવો જોઈએ. પરંતુ મુસ્લિમો જાણતા હતા કે એમ કરવા જતાં હિંદુઓ સામે હરીફાઈમાં ઊતરવાનું થાય ને તેમાં તેમને માંડ પંદર ટકા બેઠકો મળે. આથી બંગાળમાં ૪૦% તથા પંજાબમાં ૫૦% સ્વીકારીને તેમણે સંતોષ માન્યો હતો. પરંતુ નવી ચૂંટણીમાં તો વસ્તીના પ્રમાણની ગણતરીએ મુસ્લિમોને મોટો ફટકો પડ્યો હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે મતદાનનો અધિકાર જ બંધારણપુરઃસર ખિતાબ-પદ ધારીઓ, આર્થિક રીતે સંપન્ન સ્થાપિત હતો તથા શિક્ષિતોને હોઈને, મુસ્લિમોને આ બાબતમાં પછાત હોઈને, તેમના ઉમેદવારો બહુ અલ્પસંખ્ય હોય એ સ્વાભાવિક હતું. પરિણામે તેમને બંગાળમાં માત્ર ૩૦% અને પંજાબમાં ૪૦% બેઠકો જ મળી હતી. અલ્પસંખ્યક મુસ્લિમ પ્રદેશોમાં પણ જે 'વધારો' લખનૌ કરારમાં માન્ય થઈ ચૂક્યો હતો, તેનો લાભ પણ તેઓ નહીંવત્ લઈ શક્યા હતા. આથી મુસ્લિમોમાંથી જ 'લખનૌ કરાર'ને રદબાતલ કરવાની માંગ ઊઠી હતી.

અગાઉ ઝીણા સાહેબે અને પંજાબ લીગના નેતા બરકતઅલીએ 'લખનૌ કરાર' માન્ય કરાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. હવે તેમણે બેઉએ 'કરાર સુધારો'નું સૂત્ર પોકાર્યું, જો કે આ માગણી ઉઠાવતી વખતે પણ ઝીણા સાહેબ તથા બરકતઅલી એ વસ્તુ સ્વીકારતા હતા કે લખનૌ કરાર બાદ મુસ્લિમોને મળેલી નિષ્ફળતા બાબત હિંદુઓ કોઈ રીતે જવાબદાર ન હતા. પરંતુ સર્વસાધારણ મુસ્લિમોમાં તો આ બધા ગેરલાભ ને નિષ્ફળતાઓ બદલ 'હિંદુઓ—કોંગ્રેસ જ જવાબદાર છે' એવો પ્રચાર કરવામાં આવ્યો, ને નાહક દ્વેષ ઘોળાયો. બંગાળમાં સુહરાવર્દી અને ગઝનવી જેવા માજી પ્રધાનોએ એવી રજૂઆત કરી કે 'આ દેશમાં મુસ્લિમોને વસ્તીના પ્રમાણમાંય લાભ મળવાની શક્યતા જણાતી નથી.' તેમણે આ દુઃસ્થિતિ દૂર કરવા માટે મુસ્લિમોએ શિક્ષણ અને વેપાર વ્યવસાયોમાં આગળ આવવાની તથા મતદાનનો અધિકાર પુખ્તવયના ધોરણે અપાવાની પાયાની વાત કહેવાને બદલે એવું કહી નાખ્યું કે, "આ દેશમાં બહુમતીનું રાજ્ય જ ન હોવું જોઈએ." ઉપરાંત, એમણે એવુંય સૂચન કર્યું કે ચૂંટાયેલા પ્રધાનોને હસ્તક અમુક

જ ખાતાં સોંપાવાં જોઈએ અને સરકારે નીમેલા પ્રધાનોને હસ્તક અમુક ખાતાં રહેવાં જોઈએ. આવી 'દ્વિરાજ્ય પદ્ધતિ' 'હાયરાર્કી' ટકાવી રાખવાની હિમાયત પણ એમણે કરી!

*આમ, મુસ્લિમ માનસને વધુ પછાતપણામાં ધકેલવાનું કામ તેમના જ આગેવાનોને હાથે થયું. બંગાળના ત્રીજા માજી પ્રધાન નવાબ બહાદુર ચૌધરીએ વધુ મોટા પ્રમાણમાં કોમી પ્રતિનિધિત્વની માગણી કરી, અને બંગાળના લોકમાન્ય કોંગ્રેસી નેતા દાસબાબુ મુસ્લિમોની વહારે ધાયા: હિંદુ 'અલગ મતદાન' કાયમ રાખીને, બંગાળમાં ૬૦ % ટકા પ્રતિનિધિત્વ માટેની મુસ્લિમોની માગણી તત્કાલ સ્વીકારી લઈ, હિંદુ-મુસ્લિમ એકતાનો કરાર કરી નાખ્યો. તે જ રીતે, સરકારી નોકરીઓમાં ૫૫ % ટકા નિમણૂકોનો નિર્ણય પણ તત્કાલ લઈ લીધો. આ ઉતાવળા નિર્ણયોને કેવળ હિંદુ નેતાઓએ જ હિં, ખુદ કોંગ્રેસે અમાન્ય ઠરાવ્યા. પરંતુ દાસબાબુએ એવો ખુલાસો કર્યો કે ભવિષ્યમાં 'સ્વશાસન' મળતાં, મુસ્લિમોની પછાત સ્થિતિ દૂર કરવાની ગણતરીથી, તેમણે આવા નિર્ણયો લીધા હતા. ગમે તેમ પણ આના પરિણામે બંગાળના રાજકારણમાં હિંદુ-મુસ્લિમોના સંબંધો ઊલટા વધુ વણસ્યા.

છેવટે, ૧૯૨૬માં મુસ્લિમ લીગના અધિવેશનમાં ૧૯૧૬ના લખનૌ કરારમાં, લઘુમતી મુસ્લિમ પ્રાંતોને માટે માન્ય થયેલ, વસતી કરતાં વધુ બેઠકોવાળી કલમો કાયમ રાખીને, નવાં સૂચનો (૧) તમામ પ્રાંતોમાંની લઘુમતીનું 'પૂરતું અને અસરકારક' (વસ્તીથી ઓછું નહિ જ) પ્રતિનિધિત્વ જળવાય; (૨) અલગ મતદાન ચાલુ રાખવું—સિવાય કે, જે તે પ્રાંતની લઘુમતી પોતે સંયુક્ત મતદાનનો નિર્ણય લે; (૩) ભવિષ્યમાં પ્રાંતોના પ્રદેશો અંગે કોઈ પણ ફેરફાર એવો ન થવો જોઈએ કે જેથી પંજાબ, બંગાળ અને સરહદ પ્રાંતની મુસ્લિમ બહુમતીનાં હિતને આંચ આવે.

મુસ્લિમોનું "મારું મારું આગવું ને તારું મારું સહિયારું"નું આ વલણ હિંદુઓની લાગણી ઉશ્કેરનારું થઈ પડ્યું. તેમણે સૂચવ્યું કે ક્રમસેક્રમ બંગાળ અને પંજાબમાં લખનૌ કરારની કલમો જારી રહે તે જરૂરી છે, કેમકે જેમજેમ મુસ્લિમો પ્રગતિ કરશે તેમતેમ, અને મતદાનના પ્રતિનિધિત્વના ટકા વધશે તેમ-તેમ, વાજબી ફેરફાર થતા રહે તે ઇષ્ટ છે. બીજી બાજુ, મુસ્લિમ લઘુમતી વાળા પ્રાંતોમાં તો તેમને લખનૌ કરાર દ્વારા અપાયેલા લાભો ચાલુ રહે છે.

★

## હિંદુ-મુસ્લિમ સંઘર્ષોનાં નિમિત્તો

હિંદુ-મુસ્લિમ સંઘર્ષોમાં કેટલાંક નિમિત્તો વરસોથી પ્રગટ થતાં રહ્યાં હતાં—દા.ત., 'વંદેમાતરમ્'નું રાષ્ટ્રગીત, ત્રિરંગો રાષ્ટ્રધ્વજ, હિંદી રાષ્ટ્રભાષા, મસ્જિદો આગળ બૅન્ડવાજાં ને ગોહત્યા; આ ઉપરાંત 'તબલિઘ' અને 'શુદ્ધિ' તથા ૧૯૩૭માં કોંગ્રેસે આઠેક પ્રાંતોમાં પોતાનાં પ્રધાનમંડળો દ્વારા જે શાસન કર્યું તેની સામેના આરોપો. છેલ્લા બે મુદ્દા વિષે આપણે અન્યત્ર વિવેચન કર્યું હોઈને, અહીં બાકીના મુદ્દાઓ તપાસીએ.

(૧) 'વંદેમાતરમ્'ની ટીકાનાં કારણોમાં એવું કહેવાયું હતું કે તે ગીતમાં 'જન્મભૂમિ'ને માતા તરીકે વંદના કરી છે, એટલે કે એ 'મૂર્તિપૂજાનું પ્રતીક' બને છે; મુસ્લિમ ધર્મ મૂર્તિપૂજાનું ખંડન કરનારો ધર્મ છે. તે ઉપરાંત ગીતની ભાષા સંસ્કૃતપ્રચુર શબ્દોવાળી છે. આ બધાંને કારણે આ ગીત હિંદુવાદી બની જાય છે.

આ ગીત વાસ્તવમાં બંગાળના રાષ્ટ્રભક્ત સાહિત્યકાર બંકિમચંદ્રની 'આનંદ મઠ' નામની નવલકથામાં વિદેશી સત્તા સામેના હિંદુઓના પ્રતિકારની અત્યંત પ્રેરકકથામાં ક્રાંતિકારી દેશભક્તોને મુખે ગવાયેલ

એક ગીત છે. ૧૯૦૫ના બંગભંગ સામેના આંદોલનમાં તે હિંદુ-મુસ્લિમ સૌનાં મુખે લલકારાતું રહેલું. તે પછી જ એને 'રાષ્ટ્રગીત' તરીકેનું માનવંતુ સ્થાન પ્રાપ્ત થયું હતું. હકીકતે, ખુદ ઝીણા સાહેબની હાજરીમાં પંદરેક વરસ સુધી તે રાષ્ટ્રગીત તરીકે બાખુશાલ ગવાતું આવ્યું હતું. અલબત્ત, કોંગ્રેસના કોકોનાડા અધિવેશન(૧૯૨૩)ના પ્રમુખ મૌલાના મહંમદઅલીએ, તેમના જેવા નિષ્ઠાવાન ઇસ્લામીની હાજરીમાં, 'કોઈ પણ પ્રકારનું ગીત ગાઈ જ ન શકાય' એમ કહી 'વંદેમાતરમ્' ગાવા સામે વિરોધ દર્શાવ્યો હતો. પરંતુ ત્યારે એ ગીતના ગાનારા હતા ભારતના એક સર્વોચ્ચ કક્ષાના સંગીતકાર, પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર; તેમણે પ્રમુખ સાહેબને સોંસરો સવાલ કરેલો : "તમારાં જ સન્માન સમારંભમાં અને સરઘસોમાં રાષ્ટ્રીય ગીતો ગવાયાં હતાં, ત્યારે તમારો ધર્મ ક્યાં ગયો હતો ? ને આ અગાઉના અધિવેશનમાં તમારી જ હાજરીમાં આ 'રાષ્ટ્રગીત' ગવાયું, ત્યારે તમે મૂંગા કેમ રહ્યા હતા ?"

* અલબત્ત, 'વંદેમાતરમ્' ગીત આખું ગવાવાને બદલે, જેને બિલકુલ હિંદુનું જ ન ગણાવી શકાય એટલો ભાગ જ 'રાષ્ટ્રગીત' તરીકે ગાવાનું નક્કી થયું હતું. એટલું જ નહિ, મુસ્લિમો ન ઇચ્છે તો એ ગીત છોડી દઈને બીજું ગીત ગાવાની પણ છૂટ આપી હતી. એ પછી 'વંદેમાતરમ્'ને બદલે મહાકવિ રવીન્દ્રનાથનું 'જન, ગણ, મન' નવા 'રાષ્ટ્રગીત' તરીકે માન્ય થયું.

(૨) રાષ્ટ્રધ્વજ અંગેનો પાછલો ઇતિહાસ જોઈ લઈએ. 'સ્વરાજ' પૂર્વે રાષ્ટ્રીય કોંગ્રેસનો ધ્વજ રાષ્ટ્રધ્વજ તરીકે પ્રચલિત થયો હતો. અલબત્ત, તેના પ્રકારમાં રૂપાંતર થતું રહ્યું હતું. સર્વપ્રથમ ૧૯૦૬ના ઓગસ્ટની ૭મીએ બંગભંગના આંદોલનમાં કલકત્તામાં પારસી બાગાન સ્કવેર(ગ્રીન પાર્ક)માં લહેરાવાયેલા ધ્વજમાં લાલ, પીળો ને વાદળી 'મૂળ રંગો'ના ત્રણ આડા પટ્ટા હતા, જેના વચલા પીળા પટ્ટામાં वंदेमातरम् શબ્દ (દેવનાગરીમાં) આલેખાયેલો હતો. આ ધ્વજ ભારતના નિર્વાસિત ક્રાંતિકારી દળનાં નેતા માદામ કામાએ ૧૯૦૭માં પેરિસમાં લહેરાવેલો. બાદ, ૧૯૧૭માં શ્રીમતી એની બિસેન્ટ અને લોકમાન્ય ટિળકે 'હોમરૂલ' આંદોલન દરમિયાન 'સાંસ્થાનિક સ્વશાસન' (ડુમિનિયન રિપબ્લિક) સૂચવતો—ચાર આડા પટ્ટા અને ડાબા છેડે મથાળે મોટો તારક અને પટ્ટાઓમાં નાના તારકોવાળો 'યુનિયન જેક' ફરકાવેલો ! ૧૯૨૧માં આંધ્રના બેઝવાડા(હવે, વિજયવાડા)માં મળેલી કોંગ્રેસની મહાસમિતિના પ્રસંગે એક યુવાને તૈયાર કરેલા અને ગાંધીજીએ સૂચવેલા સુધારા મુજબના ધ્વજમાં લાલ, લીલો અને સફેદ ત્રણ આડા પટ્ટા હતા, જે હિંદુ, મુસલમાન અને અન્ય પ્રજાઓનું પ્રતિનિધિત્વ કરતા હતા; અને વચ્ચે ગરીબોના સાથી યા શ્રમના પ્રતીકરૂપે રેંટિયો હતો. આ પછી, ૧૯૩૧માં દેશના સાત પ્રતિનિધિઓની ધ્વજ સમિતિએ માત્ર કેસરી રંગ અને ડાબા હાથે લાલ-ભૂખરા રંગના રેંટિયાવાળો ધ્વજ સૂચવ્યો હતો, પણ તે નાપસંદ થયો હતો. આથી એ જ વરસે કોંગ્રેસના કરાંચી અધિવેશને ઠરાવ કરીને, જે ધ્વજને બહાલી આપી હતી તેમાં ત્રણ રંગના આડા પટ્ટા હતા; અને નીચલા પટ્ટાની ઉપર વચ્ચોવચ રેંટિયો આલેખાયો હતો. આ ત્રણ રંગ કોમી પ્રતીકોને બદલે કેસરી રંગ ત્યાગ સૂચક, સફેદ રંગ સત્ય અને શાંતિસૂચક તથા લીલો રંગ શ્રદ્ધા અને નિર્બળોના સન્માન(શિવલરી)ના પ્રતીક તરીકે હતા.

★

**સ્વરાજ્ય બાદ :** ત્રિરંગા રાષ્ટ્રીય ઝંડામાં કેસરી રંગ હિંમત અને ત્યાગનો સૂચક હતો; સફેદ રંગ સત્ય અને શાંતિનો સૂચક હતો, અને લીલો રંગ શ્રદ્ધા અને સ્રીસન્માનનો સૂચક હતો, એવું ધ્વજ સમિતિએ સ્પષ્ટ કર્યા પછીય મુસ્લિમોનું મન રીઝવી શકાયું ન હતું. તેમની કોમ અને ધર્મને અનુલક્ષીને કમસેકમ લીલો રંગ મુસ્લિમ કોમના પ્રતીક રૂપે સ્વીકારેલો હોવો જોઈએ, એવો એમનો મત પ્રવર્તતો રહ્યો.

(૩) હિંદી ભાષા વિષેનો ઝઘડો : હિંદી ભાષાને રાષ્ટ્રભાષા તરીકે સ્થાન આપવા સામે મુસ્લિમોનો વિરોધ હતો. સ્વામી દયાનંદ સરસ્વતી, વીર સાવરકર, બંકિમચંદ્ર અને ટિળક મહારાજ જેવા વિધવિધ ભાષાના વિશારદોએ એક રાષ્ટ્રીય ભાષા તરીકે હિંદીને પસંદગી આપી હતી. પરંતુ મુસ્લિમ લીગે તેને ઠેકાણે ઉર્દૂને રાષ્ટ્રભાષા બનાવવાની માંગ ઉઠાવી હતી, જો કે મોગલોનું શાસન હતું ત્યારે એ સત્તાએ પણ આવો કશો પ્રયત્ન કરવાને બદલે પર્શિયન ભાષાને જ રાજ્યભાષા તરીકે—રાષ્ટ્રભાષા તરીકે નહિ જ—સ્થાન આપ્યું હતું. યુક્ત પ્રાંતમાં બ્રિટિશ શાસનના આરંભ દરમિયાન દાયકાઓ સુધી પર્શિયન ભાષા જ સરકારી કચેરીઓ અને ન્યાયની કોર્ટોમાં ચાલુ રહી હતી. પાછળથી મુસ્લિમોએ પર્શિયન લઢણ અને લિપિવાળી ઉર્દૂને 'રાષ્ટ્રભાષા'નું સ્થાન અપાવવા રઢ લીધી હતી !

પરંતુ તે સમયે ઉર્દૂનું કોઈ વ્યવસ્થિત ભાષા તરીકેનું સ્વરૂપ ન હતું. કોઈ પણ ભાષાને માટે તેનું વ્યાકરણ અને શબ્દભંડોળ પાયાનાં તત્ત્વો હોય છે. આ કસોટીએ ઉર્દૂને પર્શિયનની પેટા ભાષા કે સ્વતંત્ર ભાષા એકેયનું સ્થાન પ્રાપ્ત થાય તેમ ન હતું. એ જમાનામાં ઉર્દૂ પર્શિયન અને દેવનાગરી બન્ને લિપિમાં લખાતી હતી. હવે એમણે એને પર્શિયન લિપિમાં જ લખવાનો આગ્રહ રાખવા માંડયો. પરંતુ મુસ્લિમો ધર્મભાષા તરીકે ઉર્દૂને સ્થાન આપી શકે એમ નથી, કારણ કે ઇસ્લામના ધર્મગ્રંથોની ભાષા અરબી છે. વળી હિંદુસ્તાનમાં રાષ્ટ્રીય સ્તરે કદી પણ ઉર્દૂનું એવું સ્થાન હતું નહિ. મુસ્લિમ શાસનકાળ દરમિયાન પણ બંગાળી મુસ્લિમો બંગાળીનો, મરાઠી મુસ્લિમો મરાઠીનો અને ગુજરાતી મુસ્લિમો ગુજરાતીનો પોતાની માતૃભાષા તરીકે ઉપયોગ કરતા. દેશ આઝાદ થયા બાદ 'પૂર્વ બંગાળ' પાકિસ્તાનથી છૂટું પડી સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વ ધરાવતું થયું, તેની પાછળ પણ બંગાળી ભાષાભાષી તરીકે તે પ્રજાનું કાઠું પશ્ચિમી પાકિસ્તાની પ્રજાથી જુદું જ હોવાનું સાબિત થાય છે. ખુદ પશ્ચિમી પાકિસ્તાનમાંય બલુચી, પંજાબી, સિંધી તથા પુશ્તુ ભાષા બોલનારી પ્રજાઓ પોતપોતાની ભાષા-અસ્મિતાને વળગી રહ્યાનું જોવા મળે છે.

*આ બધુ જોતાં ઉર્દૂને કોઈ એક પ્રદેશની 'આગવી' પ્રમુખભાષા કે સમસ્ત દેશની રાષ્ટ્રભાષા તરીકે સ્થાપવાનો આગ્રહ ન્યાયસંગત બની શકે એમ ન હતો.

*અલબત્ત, ગાંધીજીએ તો આ બાબતમાંય રાષ્ટ્રીય એકતા સ્થાપવાના ખ્યાલથી એક નવો ઉકેલ ચીંધ્યો : જેમાં સંસ્કૃત શબ્દોના ભારણવાળી દેવનાગરી લિપિમાં લખાતી પરંપરાગત પ્રશિષ્ટ હિંદીને બદલે દિલ્લી વગેરે સ્થળે બોલાતી પર્શિયન તથા દેવનાગરી બંને લિપિમાં લખાય એવી 'હિંદુસ્તાની' ભાષાને રાષ્ટ્રભાષા તરીકે પુરસ્કારી. તેમ છતાં મુસ્લિમોના વાંધાનું સમાધાન ન જ થયું...

આ પછી ૧૯૩૪માં નાગપુર ખાતે રાજેન્દ્રપ્રસાદની અધ્યક્ષતામાં હિંદી સાહિત્ય સંમેલન મળ્યું ત્યારે હિંદી કવિ ભૂષણનું પ્રખ્યાતિ પામેલ 'શિવબાવની' નામનું ગીત ગાવા સામે મુસ્લિમોએ વિરોધ નોંધાવ્યો. તેમાંની અમુક કડિકાઓ દૂર કરવી જોઈએ...એવો એમનો આગ્રહ હતો. ગાંધીજીએ મુસ્લિમોનું દિલ ન દુભવવા સારુ, ભારે આગ્રહ કરીને, સંમેલન પાસે એમની એ માગણી પણ સ્વીકારાવી. તે પછી 'રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતા રામ'ની ધૂન સામે હોબાળો ઊઠયો; અને ગાંધીજીએ એ જ ધૂનમાં એક નવી કડી ઉમેરાવી : 'ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સંમતિ દે ભગવાન.'

(૪) મસ્જિદો પાસે બેંડવાજાં વગાડવા સામેનો વિરોધ : આ એક નવું ઉપજાવી કાઢેલ ઉશ્કેરણીનું કારણ હતું. ખુદ મુસ્લિમ શાસનકાળ દરમિયાન દિલ્લીની હાજી મસ્જિદ સામે જ 'રામલીલા' રમાતી અને રાજકુટુંબ ત્યાં હાજર રહીને તેના નાયકને હારતોરાની નવાજેશ કરતું. કલકત્તામાં તો હજી આજેય કેટલાક મુસ્લિમ વરઘોડા મસ્જિદવાળાં કમ્પાઉન્ડમાંથી જ વાજતેગાજતે નીકળે છે. કેટલાય મુસ્લિમ અખાડા

મસ્જિદમાંથી રાતે નીકળે છે, અને મસ્જિદની નજદીક આવેલી 'મૌલવીની' દરગાહ સુધી પહોંચીને કલાકો સુધી, કોઈનીય રોકટોક વિના વાદ્ય-સંગીતના કાર્યક્રમો કરે છે.

બાબુ રાજેન્દ્રપ્રસાદે તેમના 'ઈન્ડિયા ડિવાઈડેડ' નામના ગ્રંથમાં લખ્યું છે કે ૧૯૨૬ના ઓગસ્ટમાં બંગાળ પ્રાંતિક મુસ્લિમ લીગના મંત્રી કુતુબુદ્દિન અહમદે તો એટલે સુધી સ્પષ્ટતા કરી હતી કે "આપણા પવિત્ર પયગંબર મુહમ્મદ સાહેબે પોતે ઈદના તહેવારને દિવસે મસ્જિદમાં વાદ્ય-સંગીતનો કાર્યક્રમ ઉજવાવ્યો હતો અને હજરત આયેશા( પયગંબર સાહેબનાં પત્ની )ને સામે ઉપસ્થિત રાખીને મક્કાનું મહમેલ સરઘસ તો હંમેશાં ઈજિપ્શીઅન બૅન્ડવાજાં સાથે જ નીકળતું હતું."

બાબાસાહેબ આંબેડકરે તો એમ પણ જણાવ્યું છે કે અફઘાનિસ્તાન ઇસ્લામી રાજ્ય હોવા છતાં ત્યાં પણ મસ્જિદ આગળ વાજાંનો કોઈ પ્રતિબંધ નથી.

(૫) હવે રહ્યો સવાલ મુસ્લિમ તહેવારોમાં ગોવધનો. હિંદુઓએ ગૌહત્યા-પ્રતિબંધનું આંદોલન શરૂ કર્યું હતું. એની સામેના પ્રત્યાઘાત રૂપે મુસ્લિમોએ પોકાર કરવા માંડયો કે 'ગૌહત્યા મુસ્લિમોનો ધાર્મિક અધિકાર' છે. ખરેખર શું ઇસ્લામમાં ગૌવધનો કોઈ ધાર્મિક આદેશ છે ખરો? આ સવાલના જવાબમાં બાબા આંબેડકરે 'પાકિસ્તાન' નામના પોતાના ગ્રંથમાં ખુલાસો કરતાં લખ્યું છે કે—

"ઇસ્લામમાં ધાર્મિક વિધિના ભાગ તરીકે 'ગોવધ'નો કોઈ આગ્રહ નથી. હજે જતો કોઈ મુસ્લિમ મક્કા કે મદિનામાં ગાયનું બલિદાન આપતો નથી." આ ગ્રંથમાં એમ પણ જણાવ્યું છે કે, 'મુસ્લિમ ઑલ પાર્ટીઝ કૉન્ફરન્સ' (૧૯૨૯ જાન્યુઆરી)માં ખુદ આગાખાને જણાવ્યું હતું કે, ઇસ્લામની જન્મભૂમિ અરબસ્તાનમાં ગૌહત્યા એ કોઈ ધાર્મિક વિધિનો અનિવાર્ય ભાગ ન હતો. બીજા કેટલાક મુસ્લિમ આગેવાનોએ એમ પણ જાહેર કરેલું કે અનેક મુસ્લિમ રાજ્યોમાં મસ્જિદો આગળ વાજાં વગાડવા સામે કોઈ ધાર્મિક પ્રતિબંધ નથી. મૌલવી મહમદ યાકુબે જાહેર કરેલું કે મસ્જિદમાં કરવામાં આવતી બંદગીમાં ખલેલ ન પડે એવા પ્રકારના ગીત-સંગીતનો ઇસ્લામમાં બાધ નથી. (આ બાબતના ગાંધીજીના વિચારો હવે પછીના ખંડ–૪માં)


## ગોવધ ૧

### ૧૯૧૯ ડિસેમ્બર (અમૃતસર અધિવેશન)

### ઠરાવ ૨૬

અખિલ હિંદ મુસ્લિમ લીગે બક્ર ઈદના તહેવારને દિવસે ગોવધ બંધ કરવા કરેલી ભલામણના ઠરાવને આ મહાસભા આભારપૂર્વક આવકારે છે. તેથી સાર્વત્રિક હિંદુ લાગણીને અતિશય માઠું લાગવાનું કારણ દૂર થશે. હિંદુ-મુસ્લિમ્ સંપૂર્ણ ઐક્યના પંથે હિંદના મુસલમાનોએ આ એક મોટામાં મોટું પગલું ભર્યું છે, એમ આ મહાસભા માને છે; અને આશા રાખે છે કે આ ઉદાર ઠરાવથી મુસ્લિમ ભાઈઓએ દર્શાવેલી ભલી લાગણીનો હિંદુઓ પણ પૂરેપૂરો પડઘો પાડશે.

મુસ્લિમ આલમના મહારથી



જનાબ મહમદઅલી ઝીણા

# ૧૪ : કાયદે આઝમ ઝીણાનો અભિગમ

## મહંમદઅલી ઝીણા

[હિંદુ-મુસ્લિમ એકતાના એલચી]

જન્મ–૨૫–૧૨–૧૮૭૬, કરાંચી :
મૃત્યુ–૧૧–૯–૧૯૪૮ કરાંચી

**પરિવાર :** મૂળ હિંદુ; દાદાએ આગાખાની ઈસ્લામ (ઈસ્માઈલી પંથ) સ્વીકારેલો. પિતાનું નામ ઝીણાભાઈ; તેમની અટક પૂંજા. પુત્ર મહમદઅલીએ પિતાના નામને અટક તરીકે અપનાવી લીધી. બૅરિસ્ટર થઈ ભારત આવ્યા (૧૮૯૬), ત્યારે કુટુંબ ગરીબીમાં આવી પડેલું; માતા તથા બાળ-પત્ની ગુજરી ગયેલ.

**વ્યવસાય :** કમાણીની દૃષ્ટિએ કરાંચી છોડી મુંબઈ પસંદ કર્યું. પ્રેસિડેન્સી મૅજીસ્ટ્રેટની ઑફિસમાં જોડાઈ જઈને આરંભ કરેલો. ન્યાયાધિશી નોકરી છોડીને બૅરિસ્ટરી શરૂ કરી અને પોતાનું સન્માન સાચવીને પોતાની કાબેલિયતના જોરે આગળ વધ્યા. બાહ્ય તોછડાઈ સાથે પ્રામાણિકતા માટે પંકાયા.

## ૧. પ્રશસ્ય રાષ્ટ્રવાદ

ઝીણા સાહેબના જીવનમાં લંડનના દિવસોથી આદર્શવાદ તેમની લાગણીઓ સાથે ગૂંથાઈ ગયેલો હતો. બલકે, હિંદુસ્તાનની રાજકીય રંગભૂમિ ઉપર તેમણે જે ભાગ ભજવવાનો હતો તે જ તેમને છેક ૧૯૦૬માં હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાઈ જવા સુધી લઈ ગયો હતો. તે જ વરસથી તેઓએ કોંગ્રેસના પ્રમુખ દાદાભાઈ નવરોજીના અંગત મંત્રી તરીકે કામગીરી શરૂ કરેલી; અને ૧૯૦૮માં લોકમાન્ય ટિળક ઉપર રાજદ્રોહના આરોપસર કેસ કરવામાં આવેલો ત્યારે એ બ્રાહ્મણ કુલીનના બચાવમાં લડનારા વકીલોમાંના તે એક હતા.

ઝીણા સાહેબ ૧૯૦૯માં ઇમ્પીરિઅલ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં મુંબઈના મુસ્લિમોના પ્રતિનિધિ તરીકે નિમાયા હતા. તેની પહેલી જ બેઠકમાં, દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ ઉપાડેલી લડત પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરતા ઠરાવના સમર્થનમાં તેમણે બ્રિટિશ નીતિ સામે કેટલાક કડક શબ્દો ('ક્રૂર' જેવા) ઉચ્ચાર્યા એ માટે વાઈસરૉય લૉર્ડ મિન્ટોએ પ્રમુખપદેથી તેમને રોકીને ઠપકો આપ્યો હતો. ત્યારે તેમણે કશા ભય કે સંકોચ વિના સંભળાવી દીધું હતું :

> "મહેરબાન સાહેબ, મારે હજી વધુ કડક ભાષા વાપરવી જોઈએ એવી મારી લાગણી હોવા છતાં, આ કાઉન્સિલના બંધારણથી હું પૂરેપૂરો વાકેફ છું, અને હું એક ક્ષણ માટેય એનું ઉલ્લંઘન કરવા ઈચ્છતો નથી; પરંતુ હું એટલું તો કહી જ દઉં કે હિંદીઓ પ્રત્યે જે વર્તન થઈ રહ્યું છે તે, થઈ શકે તેવી કલ્પનાથીય જ્યાદા કઠોર છે. અને મેં કહ્યું છે તેમ, સૌ (હિંદીઓ)ની આ એકસરખી લાગણી છે."

ભારતના પ્રતિભાવાન રાષ્ટ્રીય નેતા ગોખલેજીએ, વરસોના પરિચય બાદ, જનાબ ઝીણા માટે ઉચ્ચારેલા શબ્દો હતા : "આ આદમીમાં ખરાખરીનો દેશપ્રેમ ભરેલો છે. તેઓ તમામ પ્રકારના સાંપ્રદાયિક પૂર્વગ્રહોથી મુક્ત છે. આ ગુણો તેમને हिंदु-मुस्लिम एकताना उत्तम एलची (ઍમ્બેસેડર) બનાવશે." અને પાછળથી ઝીણા સાહેબેય કહ્યું હતું કે તેમની એકમાત્ર મહત્ત્વાકાંક્ષા 'મુસ્લિમ ગોખલે' બનવાની છે.

જનાબ મહમદઅલી ઝીણાએ ૧૯૧૦માં અલ્હાબાદ ખાતેના કોંગ્રેસના અધિવેશનમાં 'અલગ મતદાર મંડળનો 'સિદ્ધાંત', જિલ્લા બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓ સુધી લંબાવવાનો વિરોધ કર્યો હતો; અને બિહારના રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા મૌલવી ફઝલુલ હકે એ ઠરાવને ટેકો આપ્યો હતો.

---

૧૯૧૩માં તેઓ ઇંગ્લૅન્ડમાં હતા ત્યારે મુહમ્મદઅલી અને વઝીર હુસૈન સાથેના વિચાર-વિમર્શ બાદ, ઝીણા સાહેબે મુસ્લિમ લીગમાં પણ જોડાવાનું (કોંગ્રેસમાં સક્રિય સભ્ય હોવા ઉપરાંત) સ્વીકાર્યું હતું. ઝીણા સાહેબે ત્યારે ચોખવટ કરી હતી કે **મુસ્લિમ લીગ તરફની, અને એકંદરે મુસ્લિમ હિતો માટેની તેમની વફાદારી, જેને તેમણે સમર્પણ કર્યું છે તે વધુ વ્યાપક રાષ્ટ્રીય હિતથી વિરોધી નથી જ નથી.**

આ પછી વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. વાઇસરૉયની યુદ્ધસમિતિના એક સભ્ય તરીકે નિમાયેલા જનાબ ઝીણાએ સૈન્યભરતી અંગેની બ્રિટિશ પ્રવૃત્તિને આવકારવાની સાથે જ, યુદ્ધસમિતિમાં તથા જાહેર નિવેદનો દ્વારા, સ્પષ્ટતા કરી હતી કે, "**હિંદુસ્તાનને સ્વતંત્રતા આપવાની ખાતરી અપાશે,** તો જ અમારી પ્રજા યુદ્ધમાં ખુશીથી પૂરેપૂરો ત્યાગ-ભોગ આપવા તત્પર રહેશે; તમે અમારા પર વિશ્વાસ રાખો, અમે વિશ્વાસઘાત નહીં કરીએ."

આ દિવસોમાં ઝીણા સાહેબ શ્રીમતી એનીબિસેન્ટની 'હોમ-રુલ લીગ' સાથેય ગાઢ સંપર્કમાં હતા. આથી મુંબઈના ગવર્નર વિલિંગ્ડન તેમની પ્રવૃત્તિ વિષે સાશંક હતા. યુદ્ધસમિતિની મુંબઈની બેઠકમાં બાધેભારે આનો અણસારો કરવામાં આવ્યો હતો. ઝીણા સાહેબના સ્પષ્ટ ખુલાસા પછી પણ ગવર્નરનો અવિશ્વાસ ચાલુ રહ્યો હોવાનું જણાતાં, તેમણે યુદ્ધસમિતિમાં ભાગ લેવાનું માંડી વાળ્યું હતું. આ પછી વિલિંગ્ડનના વિદાયસમારંભ વખતે જનાબ ઝીણા અને તેમના અનેક અનુયાયીઓને ખંડમાં પ્રવેશતા રોકવામાં આવ્યા હતા; કેટલાકને બહાર હડસેલી કઢાયા હતા. ઝીણા સાહેબે બળજબરીથી ખંડમાં પ્રવેશવાનો તોફાની રાહ અપનાવવાને બદલે, તેમના સાથીઓ સાથે બહાર અડીખમ ઊભા રહીને, ભારે હિંમતપૂર્વક શાંત સત્યાગ્રહીને શોભે તેવું નિદર્શન કર્યું. (કોંગ્રેસે તેમના આ ખમીરવંતા પગલાને બિરદાવતાં મુંબઈમાં તેમના નામનો 'ઝીણા હૉલ' બંધાવ્યો.)

૧૯૧૫માં કોંગ્રેસના બે ધુરંધરો–મહામના ગોખલે અને 'બેતાજ બાદશાહ' ફિરોઝશાહ મહેતા અવસાન પામતાં, અને ટિળક મહારાજ માંડલે(બ્રહ્મદેશ)માં કારાવાસમાં પુરાયેલા હતા ત્યારે, કોંગ્રેસ અને લીગને નિકટ લાવવા સારુ બંનેના અગ્રણી તરીકે બંનેની વાર્ષિક પરિષદો એક જ સ્થળે અને પાસેપાસેના દિવસોમાં ભરાય તે પ્રકારે ગોઠવવામાં ઝીણા સાહેબે આગળ પડતો ભાગ ભજવ્યો હતો.

૧૯૧૬માં લખનૌ-કરાર થયા. તેને વધાવી લેતાં તેમણે કોમી એકતા પર ભાર મૂકતાં જણાવ્યું હતું–

**"નૂતન સાચુકલા હિંદના ઉત્થાન માટે તમામ નાનીનાની બાબતો છોડી દેવી જોઈએ. હિંદુ અને મુસ્લિમ સૌએ તેમની ભૂંડી બાબતોને–પરસ્પરના ધિક્કારો અને વિભાજનો, ખોટી મગરૂરીઓ અને કજિયાઓ તથા ગેરસમજોને–તિલાંજલિ આપી દેવી જોઈએ... આવો ત્યાગ ખુદાને વહાલો છે."**

આવી મુસલમાનોની એકતાએ બ્રિટિશ સત્તાની ઊંઘ ઉડાડી દીધી. બીજી બાજુ, સરોજિની નાયડુ અને અન્ય રાષ્ટ્રવાદીઓએ, સ્વર્ગસ્થ ગોખલેજીએ સેવેલી અપેક્ષા સાર્થક થતાં, જ. ઝીણાને हिंदु–मुस्लिम एकताना एलची तरीके નવાજ્યા.

★

કોંગ્રેસ અને લીગની સંયુક્ત માંગણીએ બ્રિટિશ સત્તાની ઊંઘ ઉડાડી દીધી. બીજી બાજુ, ૧૯૧૮માં અધવચ્ચે મોન્ટેગ્યુ-સુધારા અંગેનો હેવાલ પ્રગટ થતાં મુસ્લિમ લીગના અનેક આગેવાનો તથા અન્ય મોડરેટ નેતાઓ તેને એક પગથિયું ગણીને આગળ વધવા ઉત્સુક બન્યા હતા. પરંતુ 'સુધારા'ના ખભે ચઢીને 'રૉલેટ એક્ટ' આવ્યો. જનાબ ઝીણાએ અન્ય રાષ્ટ્રવાદીઓની જેમ, તેને 'કાળો કાનૂન' ગણાવીને વખોડી કાઢયો અને બ્રિટિશનીતિના વિરોધમાં કેન્દ્રીય સભામાંથી રાજીનામું આપી દઈને ગંભીર શબ્દોમાં ભવિષ્યવાણી ઉચ્ચારી : "તમને સૌને કહેવાની મારી ફરજ થઈ પડે છે કે જો આ ખરડો પસાર કરવામાં આવશે તો તમે દેશના આ છેડેથી બીજા છેડા સુધી એવું આંદોલન અને એવો અસંતોષ ફાટી નીકળેલાં જોશો કે જે તમે અગાઉ કદી નહિ જોયાં હોય. (જાન્યુઆરી ૧૯૧૯)."

આ પછી ગણતરીના દિવસોમાં (એપ્રિલ, ૧૯૧૯) એક બાજુ જલિયાંવાલા કાંડ બન્યો હતો, બીજી બાજુ ઉલેમાઓના પ્રભાવમાં આવેલા મુસ્લિમો ગાંધીજીની રાહબરીમાં 'ખિલાફત' આંદોલન દ્વારા બ્રિટન વિરોધી મંચ ઊભો કરી રહ્યા હતા. પરંતુ ત્યારે જનાબ ઝીણા આ પ્રકારનાં આંદોલનો સામેની સ્વભાવગત સૂગ પ્રગટ કરીને, તેમનાથી દૂર રહ્યા. સપ્ટેમ્બર ૧૯૧૯માં કલકત્તા ખાતેના મુસ્લિમ લીગના અધિવેશનમાં તેમણે તેમનું મંતવ્ય જાહેર કર્યું. અલબત્ત, તેમાં પ્રથમ તો, બ્રિટિશ પ્રગટ કરેલા 'સુધારાઓ'ની ઝાટકણી કાઢી; એટલું જ નહીં, અન્ય દેશોમાં સત્તાધીશોનાં એક પછી એક ખોટાં પગલાંનાં પરિણામો કેવાં આવ્યાં હતાં તેનાં દૃષ્ટાંત તરીકે રશિયામાં 'બોલ્શેવિઝમ' અને આયર્લૅન્ડમાં 'સિન-ફિન' આંદોલનની યાદ આપી અને અહીં પણ તેમની જેમ સ્વતંત્રતા મળવાનો સંભવ છે, એવો ઈશારો કર્યો. પરંતુ તે પછી તેમણે ગાંધીજીના આંદોલનના રાહે ધસી ન જવા અને ખૂબ વિચારીને જરૂરી પગલાં ભરવા અધિવેશનને સલાહ આપી.

આ પછી, ગાંધીજીએ 'હોમરુલ લીગ'ને સક્રિય બનાવવા વિચાર્યું. તેનાં સ્થાપક શ્રીમતી એની બિસેન્ટ તો તે અગાઉ તેનાથી મુક્ત બની ગયાં હતાં. ત્યાર બાદ જનાબ ઝીણાએ એની જવાબદારી ઉપાડી હતી. પરંતુ તેના સભ્યોમાં ગાંધીજીનો પ્રભાવ વધતાં, તેમણે તેની જવાબદારી ઊપાડી લઈને, નવું નામ-સંસ્કરણ કર્યું 'સ્વરાજસભા' તરીકે; તથા 'બ્રિટિશ સામ્રાજ્યની અંતરગત સ્વશાસન'નું હોમરુલ લીગનું જે ધ્યેય હતું, તે બદલીને 'પૂર્ણ સ્વરાજ'નું ધ્યેય પણ સ્વીકારાવ્યું. આ પગલું બિનબંધારણીય છે એવું દોષારોપણ કરીને જનાબ ઝીણા તેમાંથી છૂટા થઈ ગયા (ઓકટોબર, ૧૯૨૦), ત્યારે ગાંધીજીએ તેમને વાર્યા હતા. અને નવેસરથી સક્રિય બનવા આગ્રહ પણ કર્યો હતો. પરંતુ જાણે ઝીણા સાહેબને ગાંધીજીની 'એલર્જી' હતી! બૌદ્ધિક રીતે પણ તેઓ માનતા હતા કે ગાંધીજીની પદ્ધતિ અને તેમનો કાર્યક્રમ દેશને સત્યાનાશના માર્ગે ઘસડી જશે — દેશમાં ભાગલા વધશે અને અંતે તે અંધાધૂંધીમાં હોમાઈ જશે.

૧૯૨૦ના ડિસેમ્બરના કોંગ્રેસના નાગપુર અધિવેશનમાં ઉપસ્થિત રહેલા ૪૦,૦૦૦ નાગરિકોએ ભારે ઉત્સાહમાં આવીને અગાઉ 'હોમરુલ લીગ'માં ગાંધીજીએ પસાર કરાવેલ 'સંપૂર્ણ સ્વરાજ'ના ધ્યેયનો ઠરાવ પસાર કર્યો, એ પછી તો જ. ઝીણાની હતાશાનો પાર ન હતો. તેમણે કોંગ્રેસનો સદા માટે ત્યાગ કર્યો; અને મુસ્લિમ લીગમાંનાં અગ્રસ્થાનો પરથી પણ તેઓ હઠી ગયા....

★

૧૯૨૪માં ઝીણા સાહેબને એમ લાગતું હતું કે હવે જ્યારે ખિલાફત આંદોલન અને હિંદુ-મુસ્લિમ એકતા જેવું કંઈ રહ્યું નથી, ત્યારે મુસ્લિમોમાં વધુ વિશ્વાસ પેદા કરવા કશોક નક્કર વિચાર કરવો જરૂરી છે. હકીકતે, ૧૯૧૬ના લખનૌ કરારના 'લાભો' મિથ્યા ઠર્યા હતા, તેથી ધારાસભાઓમાંના મુસ્લિમ પ્રતિનિધિઓની અને મુસ્લિમો માટે અનામત સરકારી નોકરીઓની બાબતમાં મુસ્લિમોને ખરેખર લાભદાયી

થાય તેવો ફેરવિચાર કરવો જરૂરી છે, એવું લાગતાં તેમણે પોતાના પૂરતો ખુલાસો કરતાં જણાવ્યું કે 'પોતે રાષ્ટ્રવાદી છે' અને કોમી પ્રતિનિધિત્વના વિરોધી છે, પરંતુ તેના સાથી-સહકારીઓ કોમી ધોરણ માટે ખૂબ જ અડગ છે. જ. ઝીણાનો તત્કાલ મુખ્ય હેતુ મુસ્લિમોને 'માતૃભૂમિના ઉત્કર્ષ' ખાતર હિંદુ કોમ સાથે સહકાર કરવા પ્રેરવાનો હતો. તેમની માન્યતા એવી હતી કે એક વાર જો આ પ્રકારે બંને કોમ સંગઠિત બનશે, તો પછી ભવિષ્યમાં મુસ્લિમ કોમ વિશ્વાસપૂર્વક હિંદુ મહાસભા સાથેય હાથમાં હાથ મિલાવીને જગતને જણાવી દેશે કે 'હિંદુઓ અને મુસલમાનો બિરાદરો છે, એમનાં હિત એક છે.'

કૉંગ્રેસ, ગાંધીજી અને ઝીણાની શુભેચ્છાઓ છતાં, એકંદરે ૧૯૨૪નું વરસ કોમી એકતાનું નહીં પણ કોમી વિદ્વેષ અને રમખાણોનું બની રહ્યું હતું. મુસ્લિમ લીગી નેતાઓ વધુ આક્રોશશીલ બન્યા હતા.

**સત્યાગ્રહનું આંદોલન શરૂ થતાં, ઝીણા સાહેબે સક્રિય રાજકારણ તરફથી મોં ફેરવી લીધું હતું. ૧૯૨૪માં લડતનું વાતાવરણ વિખેરાઈ જતાં, તેઓ મુસ્લિમ લીગમાં સક્રિય બન્યા હતા. તેમ છતાં હિંદુ-મુસ્લિમ એકતાના અડગ પુરસ્કર્તા તરીકે તેઓ હિંદુ મહાસભા અને મુસ્લિમ લીગ (બંને કોમી સંસ્થાઓ)ના સહકાર દ્વારા દુનિયાને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા માગતા હતા.**

આપણે આગલા પ્રકરણમાં નોંધી ગયા છીએ તેમ, સર અબ્દુલ રહીમે મુસ્લિમ લીગના પ્રમુખપદેથી તથા બંગાળના ધીર નેતા ફઝલુલ હકે ૧૯૨૫માં ઉચ્ચારેલ ઉદ્ગારો આ વાતની સાક્ષી પૂરે છે : તેમાં હિંદુઓ સામે સ્વબચાવ માટે તમામ શક્ય ઉપાયો અખત્યાર કરવાની, તથા અંગ્રેજોની મદદથી આગળ વધતા રહી, શરીરબળમાં તેમજ સંગઠનમાં હિંદુ મહાસભાના બરોબરિયા બનીને, કૉંગ્રેસને બદલે હિંદુ મહાસભા સાથે હાથ મિલાવવાની ઉમેદ વ્યક્ત કરવામાં આવી હતી. કોઈ પણ ઉપાયે કૉંગ્રેસ સાથે હિંદુ-મુસ્લિમ એકતા સાધવા મથી રહેલ જનાબ ઝીણા માટે ઉક્ત નેતાઓની આ યોજના માથાવાઢ ઘા જેવી હતી. બીજી બાજુ, ૧૯૨૪ સુધીમાં ખિલાફત આંદોલન પણ ઓસરી ગયું હતું; તે કૉંગ્રેસની પકડ બહાર જઈ રહ્યું હતું. આમ, હવેનાં વરસો કૉંગ્રેસ તેમજ ગાંધીજી માટે પણ આકરી કસોટીનાં નીવડવાનાં હતાં. ઉતાવળે એક પણ પગલું ભરવા જતાં તેનાં માઠાં પરિણામો આવે તેમ હતાં, તેથી ચેતીને ધીરજ અને સ્વસ્થતાથી આગળ વધાય તેટલું વધતા રહેવું જરૂરી હતું. અલબત્ત, હાથ જોડીને બેસી રહેવાથી તો સંજોગો વધુ જટિલ બનતા જવાના હતા.

જનાબ ઝીણાએ પ્રાંતિક ધારાસભાના પોતાના જૂથના ૨૪ સભ્યોના આધાર પર 'સ્વરાજિસ્ટ પાર્ટી'ના (મોતીલાલ નહેરુ તથા દેશબંધુ દાસની પાર્ટીના) ૪૨ સભ્યોનો સહકાર મેળવી લઈ 'નૅશનાલિસ્ટ પાર્ટી' તરીકે ધારાસભામાં સબળ વિરોધ-મંચ ઊભો કરી દીધો. આ પછી વધુ ઉત્સાહિત થઈને તેમણે કેન્દ્રની ધારાસભામાં પણ આવો વિરોધ-મંચ ઊભો કરવાનો પ્રયોગ અજમાવ્યો. 'સ્થાનિક ક્ષેત્રે હિંદની સ્વતંત્રતા'ની નેમ ધરાવતો ખરડો તૈયાર કરીને તે માટે ઝુંબેશ ઉપાડી. વળી સરકાર ગમે તે નાગરિકની ખાનગી મિલકત ઉપર તથા તેની વ્યક્તિગત સ્વતંત્રતા પર આક્રમણ ન કરી શકે તેવા કાનૂની સુધારા માટેના ખરડા પણ તૈયાર કર્યા. સાથોસાથ હિંદનું સ્વરાજ્ય-સ્વશાસન સમવાયી (ફેડરલ) પ્રકારનું હોય અને તેમાં પ્રાંતોને પૂરી સ્વાયત્તતા મળે તેવા ભાવિ બંધારણની વાત આગળ ધરીને મુસ્લિમ જમાતને તે માટેની ઝુંબેશ માટે સાબદી કરવા પ્રયાસ આદર્યા. દરમિયાન અલાયદા મતદાનનું સૂત્ર આગળ ધરીને મુસ્લિમ લીગમાં ઝીણા સાહેબે પોતાનું આગવું સ્થાન દૃઢ કરી લીધું. આ બધો કાર્યક્રમ પાર ઉતારવા તમામ મુસ્લિમ સંગઠનોની એકતા સાધવા પર એમણે ભાર મૂક્યો.

★

૧૯૨૮ના ફેબ્રુઆરીમાં સાયમન કમિશન હિંદમાં આવતાં જ કોંગ્રેસ અને લીગે સાબદાં બની કમિશનને પડકારવાની તક ઝડપી લીધી, જો કે આ મુદ્દા પર લીગના ત્રણ ભાગલા પડી ગયેલા હતા :

(૧) બ્રિટિશ કમિશન તરફી શફી-જૂથ; (૨) કમિશન વિરોધી ઝીણા-જૂથ જેણે કલકત્તામાં પોતાનું અલગ અધિવેશન ભર્યું; (૩) પંજાબ પૂરતું રાષ્ટ્રીય જૂથ (૧૯૨૭–૨૮) જે લાહોરમાં ઊભું થયું હતું.

બીજી બાજુ, કોંગ્રેસે તો સાયમન કમિશન સામે આંદોલન જગાવી દીધું હતું જ. ગાંધીજીએ જનાબ ઝીણાની સાથે અને મોતીલાલે ડૉ. એની બિસન્ટની સાથે સંયુક્ત મોરચાની વાટાઘાટો શરૂ કરી હતી.

ઝીણા સાહેબે આગલા વરસે (માર્ચ, ૧૯૨૭) મુસ્લિમ લીગ અને કૉંગ્રેસનેય સ્વીકાર્ય બનેલી યોજનાનો દોર આગળ ચલાવવા વિચાર્યું. તે યોજના એટલે કે મુસ્લિમ લીગ સંયુક્ત મતદાનની દરખાસ્ત સ્વીકારી લે તેના બદલામાં મુસ્લિમોને બીજા ખાસખાસ લાભો આપવાની યોજના. પરંતુ કોંગ્રેસમાંના હિંદુવાદીઓ તથા હિંદુ મહાસભાને મુસ્લિમોને આપવાના લાભો વધારે પડતા લાગ્યા હતા. તેથી એમના તરફથી એનો સખત વિરોધ થતાં કોંગ્રેસ ઢીલી પડી ગઈ હતી. હવે કમિશનનો સવાલ આવતાં ફરીથી લીગે પોતાની ગઈ વખતની દરખાસ્તો અંગે દાણો ચાંપી જોવાનો મોકો ઝડપી લીધો. ૧૯૨૮માં ડૉ. અન્સારીનાં પ્રમુખપદે મળેલી સર્વપક્ષીય પરિષદમાં ભાવિ હિંદના ધ્યેય ને સ્વરૂપ વિષે ખૂબ રસાકસી ભરી ચર્ચાઓ થઈ. બ્રિટિશ કૉમનવેલ્થમાં સ્વતંત્ર સંસ્થાન તરીકેનો દરજ્જો ધરાવે તેવા હિંદની કલ્પનાનો નિર્ણય લેવાયો. પરંતુ કોમી એકતાના સવાલ પર સહમતી સાધી શકાઈ નહિ !

* આથી ઝીણા સાહેબને ખૂબ આઘાત થયો. હિંદુ મહાસભા તેમજ કોંગ્રેસ મુસ્લિમોની માગણીઓ માન્ય કરવાની દાનત જ ધરાવતાં નથી, એવી લાગણી મુસ્લિમોમાં દઢતર બની. ઝીણા સાહેબે પણ હવે કોંગ્રેસ તરફથી મોં ફેરવી લઈ, વાઈસરૉય ઇરવિન તરફ હાથ લંબાવ્યો. વાઈસરૉય પણ એ માટે રાજી જ હતા. પરંતુ બ્રિટનમાં બેઠેલ જડસુ માથાના હિંદી-વજીર બર્કનહેડને લાગ્યું કે જેની પાછળ કશું પીઠબળ નથી એવા મુફલિસ માણસના સહકારની બ્રિટિશ શહેનશાહતને વળી શી ગરજ હોઈ શકે? આમ, વાઈસરૉય તરફથી હાથ પાછો ઠેલાતાં ઝીણા સાહેબ જેવા ખામોશીવાળા અને ધીર આદમીની પણ ધીરજ ખૂટી ગયા જેવું થયું. અધૂરામાં પૂરું એ જ દિવસોમાં ઝીણા સાહેબ દિલ્હીથી મુંબઈ પાછા ફર્યા ત્યારે તેમનાં પત્ની ઘર છોડી ગયાં હતાં; દસેક દિવસ બાદ પેરિસ પહોંચી ગયાં હતાં (૧૦–૪–૧૯૨૮) ઝીણા સાહેબે પણ વિદેશની વાટ પકડી. લંડનમાં એમને જાણ થઈ કે પત્ની પેરિસમાં ગંભીર માંદગીમાં પટકાયેલ છે. ઝીણા સાહેબે પેરિસ પહોંચી જઈ પત્નીનાં શ્રેષ્ઠ ઉપચાર ને સારવારની ગોઠવણ કરી. તબિયત ઠીક થયે પોતે લંડન પાછા ફર્યા.

આ દરમિયાન હિંદમાં 'નેહરુ કમિટી' નિમાઈ ગઈ હતી અને તેનો અહેવાલ પણ સર્વપક્ષીય પરિષદે સર્વાનુમતે પસાર કરી દીધો હતો, જો કે ઝીણા સાહેબ વિદેશમાં હોઈને તેમની ગેરહાજરીને કારણે પાછળથી એમાં કશી મુશ્કેલી ઊભી ન થાય તે બાબતની કાળજી લઈ, મોતીલાલજીએ એમ. સી. ચાગલાને પરિષદમાં હાજર રહેવા (ત્યારે એમની ઉંમર માત્ર ૨૭ વર્ષની) આમંત્રણ આપ્યું હતું અને મુસ્લિમોની લાગણીનો વિચાર કરી, ઝીણા સાહેબને સાથે લઈ શકાય એ ગણતરીથી અહેવાલમાં મુસ્લિમોને માટે અલગ મતદાનનું આયોજન પણ કરેલું. પરંતુ ચાગલા તો સો ટકા સંયુક્ત મતદાનના આગ્રહી હોઈને તેમણે ખૂબ જ મહત્ત્વની ને પાયાની વાત કરી કે આ રિપોર્ટ કંઈ આજની પરિસ્થિતિના ઉકેલ માટેનો નથી. એ તો સ્વતંત્ર હિંદના ભાવિ બંધારણ અંગેનો છે. તેમાં મુસ્લિમોને પૂરતી સુરક્ષા આપ્યા પછી તો સંયુક્ત મતદાન જ હોઈ શકે અને આ વાત પોતે ઝીણા સાહેબને ગળે ઉતરાવી શકશે, એવી ધરપત બંધાવી ચાગલાએ મોતીલાલજીને નિશ્ચિત કર્યા; એટલું જ નહિ, મુસ્લિમ લીગ પાસે પણ ચાગલાએ

આ વાતનો સ્વીકાર કરાવ્યો. એટલામાં ઝીણા સાહેબ પરદેશથી પાછા ફર્યા. કોમી કોકડું ઉકલી જવાની જે આશા બંધાઈ હતી, તેમાં એકાએક વિઘ્ન આવી પડ્યું. કારણ ઝીણા સાહેબને ગળે પોતાની વાત ઉતારવામાં ચાગલાને સરિયામ નિષ્ફળતા સાંપડી અને ઝીણા સાહેબે પણ ઑક્ટોબર મહિના સુધી મૌન જાળવી, નવેમ્બરમાં લખનૌ ખાતે લીગની કાઉન્સિલની બેઠકમાં તેમણે સર્વપક્ષી પરિષદની લગભગ સર્વ-સંમત સમજૂતીના ખરડા બદલ આશ્ચર્ય વ્યક્ત કર્યું, જો કે કાઉન્સિલની એ બેઠકમાં પણ મુહમ્મદાબાદના રાજવી જેવા ચાગલાના સમર્થક નીકળી આવ્યા અને બહુમતી ચાગલાને મળી. આ પછી ડિસેમ્બરમાં ફરીથી મળેલી સર્વપક્ષીય પરિષદમાં પણ ઝીણા સાહેબના હાથ હેઠા પડ્યા. મોતીલાલજી સહિત સૌના જીવ હેઠા બેઠા. પરંતુ ડિસેમ્બરના અંતે એક રાષ્ટ્રીય સંમેલન કલકત્તામાં મળ્યું. તેના આખરી દિવસે ઝીણા સાહેબે પાછી પોતાની અલગ-મતદાન-અધિકારની રઢ શરૂ કરી. સપ્રુ, જયકર જેવા બંધારણીય નિષ્ણાત મોડરેટરોએ અને મૌલાના આઝાદ, ડૉ. અનસારી, સર અલી ઈમામ, મુહમ્મદાબાદના રાજવી જેવા અનેક મુસ્લિમ અગ્રણીઓએ ઘણું સમજાવ્યા છતાં ઝીણા સાહેબે ભારે દક્ષતાપૂર્વક પોતાના ભાષણમાં અંતે કહી નાખ્યું કે, "છૂટા પડીશું તોય આખરે મિત્રો તરીકે..."

એ પછી ૧૯૨૯ના ઊઘડતા દિને આગાખાનના પ્રમુખપદે મળેલ સર્વપક્ષીય મુસ્લિમ પરિષદમાં વળી અલગ મતદાન—બે સ્વતંત્ર સંસ્થાનોનું 'સમવાયતંત્ર'—જેવી યોજના વિચારવામાં આવી, જેમાં પાકિસ્તાનનાં બીજ પડેલાં હતાં. આ યોજના પરિષદમાં સ્વીકાર્ય બનતાં, ઝીણા સાહેબના મનનું સમાધાન થયું, એનો બધાંને સંતોષ થયો, જો કે આગાખાન, શફી અને સર ફઝલી હક જેવા બ્રિટિશ—વફાદારોની હરોળમાં બેસવાનું ઝીણા સાહેબને પસંદ ન જ હોય એ સ્વાભાવિક હતું.

છેવટે, માર્ચમાં નહેરુ અહેવાલ પર મુસ્લિમ લીગના અધિવેશનમાં આગાખાનના ચાર મુદ્દાઓને બદલે પોતાના ૧૪ મુદ્દાઓનો ખરડો ઝીણા સાહેબે રજૂ કર્યો. મૌલાના મહમદઅલીએ તેને ટેકો આપ્યો. પરંતુ આટલે સુધી જેમ તેમ કરીને પહોંચ્યા પછી બાજી પલટાઈ ગઈ.

* હવે કૉંગ્રેસ માટે ભાવિ બંધારણની ચર્ચામાં અટવાયા કરવાનો કશો અર્થ ન હતો. ૧૯૨૯ના અંત સુધીમાં સાંસ્થાનિક સ્વરાજનું આયોજન ન થાય તો સત્યાગ્રહ આંદોલન શરૂ કરવાનો નિર્ણય અમલમાં મૂકવાનો સમય આવી પૂગ્યો હતો, તો બીજી બાજુ, નજીકના ભવિષ્યમાં કશી આશા ન દેખાતાં, ઝીણા સાહેબે ૧૯૩૦ થી ૩૩નાં વરસો લંડનમાં વિતાવ્યાં.

## ૨. પલટાતો પ્રતિભાવ

૧૯૩૫ના કોમી ચુકાદા અનુસાર બ્રિટિશ પ્રાંતોમાં નવેસરથી ચૂંટણીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અલબત્ત, હજી કેન્દ્રમાં તો જૂની રસમ ચાલુ રહેવાની હતી. પ્રાંતિક ચૂંટણીઓની પૂર્વસંધ્યા સુધી મુસ્લિમ-લીગ સારી પેઠે અસ્તવ્યસ્ત હતી, છતાં ઝીણા સાહેબની એટલી ધારણા ખરી કે કૉંગ્રેસે જો દેશભરમાં સારો દેખાવ કરવો હશે તો તેણે જ્યાં મુસ્લિમ બહુમતી છે તેવા પ્રાંતોમાં તો લીગની સહાય લેવી પડશે; અને કૉંગ્રેસની આ કમજોરીનો લાભ લીગ ઉઠાવી શકશે. પરંતુ ૧૯૩૭ની ચૂંટણીનું પરિણામ લીગ અને ઝીણા સાહેબ માટે ભારે આઘાતજનક હતું. પંજાબમાં ૧૭૫ બેઠકોમાં માત્ર ૩૩ બેઠકો મુસ્લિમ લીગને મળી, જ્યારે યુનિયનિસ્ટ પાર્ટીના નેતા સિકંદર હયાતને ભારે વિજય મળ્યો હતો. તેઓ લીગમાં જોડાયા હોવા છતાં ત્યાં લીગ અને ઝીણા સાહેબની સીધી અસર જોવા મળતી ન હતી.

મુસ્લિમ બહુમતીવાળા બીજા પ્રાંત બંગાળમાં પણ લીગનું કશું ઊપજ્યું નહીં. ત્યાં મુસ્લિમ બેઠકો ત્રણ વિભાગોમાં વહેંચાઈ ગઈ હતી. ત્યાંના કર્તાહર્તા પ્રજાપાર્ટીના નેતા ફઝલુલ હક ૪૦ બેઠકો અને

મુસ્લિમ લીગ ૩૯ બેઠકો મેળવી શકયાં હતાં. આ સિવાયના મુસ્લિમોનાં અનેક સ્વતંત્ર સંગઠનોને ભાગે ૪૨ બેઠકો ગઈ હતી. આમ, મુસ્લિમોને કુલ ૧૨૧ બેઠકો મળી હતી. એકંદરે, બંગાળમાં પણ કુલ ૨૪૮માંથી તમામ મુસ્લિમો હસ્તક ૧૨૧ બેઠકો આવી હતી, જેમાં લીગની માત્ર ૩૯ હતી.

વાયવ્ય સરહદ પ્રાંતમાં વર્ષો થયાં 'રેડ શર્ટ' કોંગ્રેસ તરફી વલણ ધરાવતું સંગઠન હતું. તેના નેતા અબદુલ ગફારખાન ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતા. તેમના લઘુબંધુ ખાન સાહેબના હાથમાં ત્યાંની ધારાસભાની લગામ હતી. આમ છતાં, છેલ્લા થોડાક મહિનાઓ દરમિયાન ત્યાં પણ કોમી પ્રભાવ અને કોમી ઉશ્કેરણીએ ઠીકઠીક પ્રમાણમાં વાતાવરણ ડહોળ્યું હતું. પરિણામે કુલ ૫૦ બેઠકોમાંથી કોંગ્રેસ માત્ર ૧૯ બેઠકો જીતી શકી હતી, જો કે લીગ તથા ઝીણા સાહેબનો તો ત્યાં કશો જ ગજ વાગે એમ ન હતો. તેઓ એક પણ બેઠક જીતી શકયા નહિ. પરંતુ બિનપક્ષીય મુસ્લિમો ૨૧ બેઠકો જીતી ગયા અને સ્વતંત્ર મુસ્લિમો બે.

સિંધમાં ૭૨% મુસ્લિમ વસ્તી હોવા છતાં ત્યાં ઝીણા સાહેબ લીગનું પાર્લમેન્ટરી બોર્ડ ઊભું કરી શકયા ન હતા. ત્યાંના સ્થાનિક નેતા ગુલામ હુસેન તથા અબદુલ મજીદ સિંધીએ સ્વતંત્ર રીતે પોતાનું બળ જમાવ્યું હતું. ઝીણા એક પણ બેઠક મેળવી શકયા ન હતા.

આ તો બહુમતી મુસ્લિમોના પ્રદેશોની વાત થઈ. પરંતુ આખા દેશની દષ્ટિએ, ઉ. પ્રદેશ, એક રીતે કહીએ તો, નિર્ણાયક બની શકે એવો મોટો અને પ્રભાવક પ્રદેશ ગણાય. હકીકતે વર્ષો થયાં કોંગ્રેસની નેતાગીરી(મોતીલાલ નહેરુથી માંડી જવાહરલાલ, ગોવિંદ વલ્લભપંત વગેરે)નો ત્યાં ઘણો બધો પ્રભાવ હતો. પરિણામે, કુલ ૧૬૪ બેઠકોમાંથી કોંગ્રેસ ૧૩૪ જીતી ગઈ, જ્યારે મુસ્લિમ લીગ માત્ર ૩૦ અને સ્વતંત્ર મુસ્લિમો ૩૪ એમ કુલ ૬૪ બેઠકો મેળવી શકયાં.

* એકંદરે, કોંગ્રેસ છ પ્રાંતોમાં પોતાની સરકારો સ્થાપી શકી હતી, જ્યારે લીગ સર્વત્ર લગભગ નિષ્ફળ પુરવાર થઈ હતી. અલબત્ત, પંજાબમાં સિકંદર હયાત ફરી પાછા સત્તા સ્થાને આવ્યા હતા; તે જ રીતે બંગાળમાં પ્રજાકૃષક પક્ષના નેતા ફઝલુલ હક આ બંને સ્થળે સંયુક્ત પક્ષોની 'મિશ્ર સરકાર' રચાઈ હતી.

આ બધું છતાં, નોંધપાત્ર એ છે કે કોંગ્રેસે ઝીણા સાહેબને 'જીતી લેવા' ફરી એક વાર મનસુબો સેવ્યો–અલબત્ત, 'શુદ્ધ રાષ્ટ્રવાદી' તરીકે તેમનું સ્વાગત કરવા કોંગ્રેસ આતુર હતી. પરંતુ ઝીણા સાહેબે પોતાનું ભાવિ સ્વતંત્ર રીતે અજમાવી લેવાનું અને જરૂર પડતાં વનવાસ સેવવાનુંય વધુ પસંદ કર્યું.

ઝીણા સાહેબ એ વાત સારી રીતે સમજતા હતા કે મુસ્લિમ લીગની કાયાપલટ થાય—તેના બંધારણમાં અને તેની કાર્યપદ્ધતિમાં મૂળભૂત સુધારા થાય—અને કેવળ ઉપલા સ્તરના મુસ્લિમો નહિ, પરંતુ સમગ્ર મુસ્લિમ સમુદાયનું નેતૃત્વ લીગ સાધે તો જ તેમનું પોતાનું સ્થાન સુદઢ રહેશે. પરંતુ સાથેસાથે તેઓ એ પણ જાણતા હતા કે લીગ માટે આવો કોઈ પાયાનો ફેરફાર નજીકના ભાવિમાં શકય નથી, કેમકે મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતોમાં, જે લીગને સાચું બળ પૂરું પાડી શકે એમ હતા તે પ્રદેશોમાં, જમીનદારો અને ઉપલા વર્ગના કાર્યકર્તાઓનું પ્રભુત્વ હતું. આથી તેમણે તત્કાલ તો એક નવો નુસખો અજમાવ્યો. લીગની કાઉન્સિલના સભ્યોની સંખ્યા ૩૧૦ હતી તે લગભગ દોઢી એટલે કે ૪૬૫ની કરી. તેમાં મુસ્લિમ બહુમતીવાળા પંજાબ, સિંધ, સરહદ પ્રાંત, બલુચિસ્તાન તથા બંગાળમાં થઈ ૧૩૪ બેઠકો હતી તે વધારીને ૨૪૦ની કરી. પરંતુ બીજી બાજુ જે પ્રદેશમાંથી પોતે જ વારંવાર ચૂંટાઈને આવતા હતા તે મુંબઈ પ્રાંત તથા આખા દેશના એક અગ્રણી પ્રદેશ સંયુક્ત પ્રાંતની સંખ્યા પણ લગભગ દોઢી કરી.

આમ, મુસ્લિમ લીગ અને ઝીણા સાહેબ હજી હવામાં હાથ ઘુમાવતા હતા! ત્યારે સુપ્રસિદ્ધ શાયર ઇકબાલે ઝીણા સાહેબને સલાહ આપી કે તમે બે ઘોડે સવાર થવાનું હમણાં પડતું મૂકો અને પંજાબ,

ધ, સરહદ પ્રાંત, બલુચિસ્તાન તથા બંગાળ જેવા મુસ્લિમ વસ્તીવાળા મોટા પ્રદેશોને 'સ્વતંત્ર સ્વાય· ાષ્ટ્ર' તરીકે રજૂ કરો, અને તેના જોરે સ્વનિર્ણયના અધિકારનું સૂત્ર ગાજતું કરે ામ, સ્વતંત્ર મુસ્લિમ રાષ્ટ્રોની માંગણી આગળ ધરવાથી કેવળ બહુમતી મુસ્લિમ પ્રદેશો નહીં પણ લ ાતી મુસ્લિમ પ્રદેશો પણ તેને વધાવી લીધા વિના નહિ રહે. અલબત્ત, પૂરતી તાકાત મેળવવા માટે લી ુસ્લિમોની ગરીબી હટાવવાનું બીડું ઝડપવું જોઈશે અને તે સાધ્ય કરવા માટે 'ઇસ્લામી કાનૂન' ઉ ુસ્તાક બનવું જોઈશે, જો કે આ ઇસ્લામી કાનૂન શું છે અને ગરીબી હટાવવા તેનો કેવી રીતે વિનિયો ઈ શકે તે બાબત કશી જ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી, કેમકે ઝીણા સાહેબ જાણતા હતા ઇસ્લામી કાનૂનનું અર્થઘટન કરવાનું કામ તો ઉલેમાઓના હાથમાં જ પડવાનું—પરંપરાગત રીતે તેઓ ાનૂનના રખેવાળ અને પુરસ્કર્તા મનાતા આવ્યા છે.

ઝીણા સાહેબ એટલું કળી જવા જેટલા ચતુર હતા જ કે ઇસ્લામી કાનૂનના અર્થઘટનનો ઊહાપે એક વખત શરૂ થઈ જશે તો મુસ્લિમોની અંદર જ ઉલેમાઓ અને પ્રગતિશીલો વચ્ચે વૈચારિક યુ જામ્યા વિના નહિ રહે. અત્યારની પરિસ્થિતિમાં તે ઊલટું જોખમ રૂપ જ બની રહેશે. સાથોસાથ, જેમ ટેકે લીગ ઊભી છે તે જમીનદારી સ્થાપિત હિતો અને વેપારી મુસ્લિમ આગેવાનોનો સદાને માટે સ તેણે ગુમાવવો પડશે.

આ બધાં કારણોસર ઝીણા સાહેબ બહુ ધીરજપૂર્વક અને કુનેહપૂર્વક આગળ વધવા માગતા હત અને સંજોગો જ એમની વહારે ધાયા. સૌથી પહેલાં તો, કોંગ્રેસ અગમચેતીપૂર્વક એવું વિચારી રહી હ કે નજીકના ભવિષ્યમાં પણ મુસ્લિમ અવામ લીગની પાછળ ઘસડાઈ ન જાય તે દષ્ટિએ પોતે મુસ્લિ આમજનતાનો સંપર્ક સાધવાનું આંદોલન શરૂ કરી દેવું જોઈએ. પરંતુ આવું આંદોલન શરૂ થતાં, ચો ઊઠેલા મુસ્લિમ નેતાઓએ એવો પ્રચાર શરૂ કર્યો કે પ્રાંતોમાંની કોંગ્રેસી સરકારો 'હિંદુ સરકારો' છે અ કોંગ્રેસ ખુદ 'હિંદુ સંગઠન' છે, જેમકે તેનું રાષ્ટ્રગીત 'વંદેમાતરમ્', તેમની શિક્ષણ પદ્ધતિ (વર્ધાસ્કીમ) બંને હિંદુઓને કેન્દ્રમાં રાખનારાં છે. તેમનો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ધાર્મિક પ્રતીકો વાળો છે. ટૂંકમ કોંગ્રેસ અને તેની સરકારો મુસ્લિમોનું અને તેમની સંસ્કારિતાનું નિકંદન કાઢવા માગતી સંસ્થાઓ ;

આ બધા આક્ષેપોમાં તથ્ય ન હોવા છતાં, કોંગ્રેસને, તેણે ઉતાવળે લીધેલાં (મુસ્લિમ સંપર્ક—આંદોલ અંગેનાં) પગલાંની પ્રતીતિ તેને બહુ ટૂંકા સમયમાં થઈ અને તેણે એ આંદોલન સમેટી લીધું. બીજી બાજુ, ઝી સાહેબને મનાવી લઈ શકાય તો તેમ કરવાનું પણ કોંગ્રેસે સુભાષચંદ્ર બોઝ દ્વારા કરી જોયું. પરંતુ ઝીણા સાહેબ જોરમાં હતા. હવે તેઓ મુસ્લિમ લીગનો, 'હિંદના સમસ્ત મુસ્લિમોના અધિકૃત પ્રતિનિધિરૂપ સંગઠન' તરી કોંગ્રેસ પાસે સ્વીકાર કરાવવા માગતા હતા. પરંતુ સૌ જાણતા હતા કે મુસ્લિમ લીગ હજી બાળકની જે ભાખોડિયાં ભરે છે—મુસ્લિમોમાં જ કાંઈ નહિ તોય પાંચ સાત સંગઠનો છે અને પંજાબ, બંગાળ, સિં આદિ પ્રદેશોમાં એવા પ્રભાવશાળી નેતાઓ છે, જેઓ લીગમાં જોડાયા પછી પણ ઝીણા સાહેબને બા પર રાખીને પોતાના પ્રદેશ પૂરતા સ્વતંત્ર રહેવા માગે છે, અને શક્તિમાન પણ છે. લીગની આવી નિર્બ સ્થિતિ, ઉપરાંત તે કોમી સંસ્થા હોવાને કારણે, કોંગ્રેસ તેને રાષ્ટ્રીય સંસ્થા તરીકે સ્વીકારવા તૈયાર ન હતં બલકે, કોંગ્રેસે તેના જન્મથી છેક હમણાં સુધી, રાષ્ટ્રીય સંસ્થા તરીકે, હિંદુ-મુસ્લિમ તથા ઇતર કોમો· ઐક્યનો પોતાના પાયાના ધ્યેય તરીકે સ્વીકાર કર્યો હતો, જો કે જરૂર પડતાં, મુસ્લિમોને રીઝવી લે· ખાતર તેણે ઘણી બાંધછોડ કરી હતી.

ખેર, ઝીણા સાહેબ હવે પોતાનું સ્થાન પાકું કરી લેવા મક્કમ બન્યા હતા. તેમણે તે સમય વાઈસરૉય લૉર્ડ બ્રેબોર્નનો સંપર્ક સાધ્યો, અને સ્વમુખે એટલી હદે કહી નાખ્યું કે "બ્રિટિશે મુસલમાનો

પોતાના તરીકે સ્વીકારવા જોઈએ; એમ થશે તો તેઓ રાક્ષસનીય દોસ્તી કરવા તૈયાર થશે.'' અલબત્ત, પાછળથી ઝીણા સાહેબે ખુલાસો કરતાં ઉમેર્યું કે "આમાં શાહીવાદ પ્રત્યેનો પ્રેમ નથી. રાજકીય રમતનો આ એક ભાગ છે.'' બીજી બાજુ, બ્રિટિશ વાઈસરૉયે, અગાઉની જેમ જ, તત્કાળ કશો ઉમળકો બતાવવાને બદલે જેની પાછળ કશું વજન નથી એવા ફાલતુ દુશ્મનને વધારે પડતું મહત્ત્વ આપવાનું જરૂરી લેખ્યું નહિ.

ગમે તેમ પણ ઝીણા સાહેબને અનુકૂળ થાય તેવા સંજોગો ઊભા થયા. યુરોપમાં બીજા વિશ્વયુદ્ધના ભણકારા સંભળાતા થયા. પરિસ્થિતિ ગંભીર બનતાં ભારત એક યુદ્ધમથક બની શકે તેવી કલ્પના પણ બ્રિટિશ સરકારે કરી લીધી. તેવી સ્થિતિમાં કોંગ્રેસ તથા લીગ બંનેની ગરજ પડશે એમ તેને લાગ્યું. પરંતુ કોંગ્રેસને તો રીઝવવાનું શક્ય દેખાતું ન હતું. ઊલટું એમ બને કે પ્રાંતોમાંની કોંગ્રેસી સરકારો રાજીનામાં આપી દે અને પરિસ્થિતિનો લાભ લઈ નવી લડત ઉભારવાનું વિચારે. બીજી બાજુ, વાઈસરૉય લિનલિથગોએ ઝીણા સાહેબને બોલાવીને તેમની નીતિ યુદ્ધકાળમાં કેવા સ્વરૂપે રચનાત્મક અને સહાયરૂપ બનવાની છે તેનો લેખિત ખરડો સુપરત કરવા જણાવ્યું. પરંતુ ઝીણા સાહેબ કશો સ્પષ્ટ અને નિશ્ચિત જવાબ આપવામાં ઉતાવળ કરવા માગતા ન હતા. આગળ જણાવ્યું તેમ, હજી તેઓ મુસ્લિમોના સર્વેસર્વા બન્યા ન હતા. તેમની અંદરઅંદરનાં ઘર્ષણ અને હરીફાઈઓ જોતાં તેઓ કશો સ્પષ્ટ ખુલાસો કરે એ તેમને માટે સલાહભર્યું પણ ન હતું. ઝીણા સાહેબની માન્યતા એવી હતી કે સ્વતંત્ર હિંદુસ્તાનના બંધારણમાં મુસ્લિમ હિતો અંગે ગમે તેટલી બાંયધરીઓ અપાય તોપણ અંતે તો મુસ્લિમો બિન-મુસ્લિમ કોમોના પ્રમાણમાં નહિવત્ હોવાના. બલકે, તેઓ લઘુમતી મટીને બહુમતી કદી બનવાના નહિ. આથી તેમણે એક જ સૂત્ર રટવાનું હતું : "મુસ્લિમ પ્રજા હિંદમાંની એક 'મોટી લઘુમતી' નથી; તે એક 'અલગ રાષ્ટ્ર' છે. આથી બ્રિટિશ સત્તા તેને કોંગ્રેસના સમોવડિયા તરીકે સ્થાન આપે, એ માટે જ તેણે મથવાનું છે.''

* ૧૯૪૦માં લીગ અધિવેશનમાં દેશના બે ભાગલા પાડવાનો (હિંદુસ્તાન અને પાકિસ્તાન) જે ઐતિહાસિક ઠરાવ પસાર થયો, તેમાં આ હેતુ સ્પષ્ટ થયો.

"જ્યાં સુધી નીચે જણાવેલ મૂળભૂત સિદ્ધાંતોના ધોરણે બંધારણીય આયોજન નહિ કરવામાં આવે, ત્યાં સુધી આ દેશની અંદર કોઈ પણ યોજના કશી ગરજ સારશે નહિ, તથા તે મુસ્લિમોને સ્વીકાર્ય થશે નહિ—

"ભૌગોલિક રીતે નિકટ આવેલા પ્રદેશોનું એ પ્રકારે સંયોજન કરવું રહે કે જેમાં મુસ્લિમોની બહુમતી સંખ્યાવાળા પ્રદેશો દા. ત., ઉત્તર પશ્ચિમી તેમજ પૂર્વના પ્રદેશોની જૂથરચના એ રીતે થાય કે તેઓ સ્વતંત્ર રાજ્યો તરીકે આકાર લઈ શકે; અને આ પ્રકારનાં જૂથોમાંના ઘટકો સ્વાયત્ત અને સાર્વભૌમ હોય.''

જો કે અહીં 'પાકિસ્તાન'નો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરાયો નથી. વળી, એ પણ સ્પષ્ટ થતું નથી કે એક જ મુસ્લિમ રાજ્ય હશે કે ઉત્તર પશ્ચિમનું એક અને પૂર્વનું બીજું', જો કે ઠરાવ રજૂ કરનાર 'શેર-એ બંગાળ' (બંગાળના વાઘ) ફઝલુલ હકના મનમાં પશ્ચિમ અને પૂર્વનાં અલગ રાજ્યની કલ્પના છે, જ્યારે ઝીણા સાહેબે તો પત્રકારોના પ્રશ્નોના જવાબમાં સ્પષ્ટપણે એક જ હોવાનું જાહેર કરી દઈ, બંગાળના મુસ્લિમોનું ભવિષ્ય સીલ કરી દીધું. વળી, આ ઠરાવ ખરેખર દેશના ભાગલાની વાત કરે છે કે કેમ એ પણ સ્પષ્ટ ન હતું. સિકંદર હયાત ડિસેમ્બર ૧૯૪૨માં ગુજરી ગયા, ત્યાં લગી તેઓ આ ઠરાવને કોંગ્રેસ તથા બ્રિટિશ ઉપરના દબાણનું હથિયાર ગણતા હતા. એટલે કે અતિ-મર્યાદિત સત્તાશીલ કેન્દ્રવાળા હિંદના સમવાયી તંત્રમાં હિંદુસ્તાન અને મુસ્લિમ-સ્તાન સ્વતંત્ર, સાર્વભૌમ રાજ્યો તરીકે જોડાયેલાં હશે, એવી

કલ્પના ધરાવતા હતા, જ્યારે ઝીણા સાહેબ હવે સંપૂર્ણ અલગ સાર્વભૌમ રાજ્યના રાહ પર ચઢી ગ
હોવાનું જણાયું હતું.

જો કે ઝીણા સાહેબે ૧૯૩૮ પૂર્વે સંપૂર્ણ સ્વતંત્ર સાર્વભૌમ અલગ મુસ્લિમ રાજ્યની કોઈ હિમાય
કરી ન હતી. અને ધીમેધીમે કરતાં તેમના જેવો લિબરલ અને દૂરંદેશી આદમી, હવે કટ્ટર ઉગ્રતાવાદ
રાહે વળે, તોય તે કંઈ દોટ મૂકતો થઈ જવાનો ન હતો. મુસ્લિમોના એકમાત્ર નેતા બની રહેવા
મહત્ત્વાકાંક્ષા તેમને બધી બાજુનો વિચાર કરી પગલું ભરવાની ફરજ પાડવા માટે પૂરતી હતી.

★

## બે અલગ રાષ્ટ્રોની હિમાયત

**લાલા લાજપતરાય (૧૯૨૫)**

કોમી વૈમનસ્ય અને રમખાણોના કાયમી ઉકેલ તરીકે ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વના મુસ્લિ
બહુમતીવાળા પ્રદેશોમાં અલગ પ્રાંતો રચવા.

**પ્રખ્યાત ઉર્દૂ શાયર ઇકબાલ (૧૯૩૦)**

(અલ્હાબાદ ખાતે ૧૯30ના ડિસેમ્બરમાં મળેલ મુસ્લિમ લીગના અધિવેશનમાં પ્રમુખપદેથી આપે
વ્યાખ્યાનમાં)

"હિંદના કોમી પ્રશ્નનો નિકાલ મુસ્લિમોને 'મોટી લઘુમતી' ગણીને થોડીક રીઝવવાથી આવવાનો નથ
પરંતુ વાયવ્ય સરહદી પ્રાંત, બલુચિસ્તાન, સિંધ તથા પંજાબના પ્રદેશોના અલગ મુસ્લિમ રાજ્યની રચ
કરવામાં રહેલો છે. તે હિંદના સમવાયી તંત્રમાં એક સ્વાયત્ત ઘટક તરીકેનું સ્થાન ભોગવતો હશે."

**ચૌધરી રહમતઅલી (૧૯૩૧ ડિસેમ્બર)**

ચૌધરી સાહેબે પહેલવહેલી વખત 'પાકિસ્તાન' શબ્દ પ્રયોજીને સ્વતંત્ર સાર્વભૌમ રાજ્યની હિમાય
કરી હતી. તે મુજબ

**P** પાકિસ્તાન – **Pakistan** એટલે **P** પંજાબ પ્રદેશ, **A** એટલે અફઘાનિસ્તાનની સરહદવાળ
પ્રદેશ, **K** એટલે કશ્મીર, **S** એટલે સિંધ અને છેલ્લે બલુચિસ્તાનનો **STAN** ઉમેરતાં 'પૂર્ણ પાકિસ્તા
થતું હતું.

**જાન્યુઆરી ૧૯૩૩**

ધર્મ, સંસ્કૃતિ, ઈતિહાસ, પ્રણાલિકા, સાહિત્ય, અર્થવ્યવસ્થા, લગ્ન તથા વારસાના કાનૂનો, આહા
પોશાક વગેરે જીવનને લગતી લગભગ બધી બાબતોમાં હિંદુઓ અને મુસ્લિમો મૂળભૂત રીતે અલગ છે
માટે '**હિંદુ રાષ્ટ્ર**' અને '**મુસ્લિમ રાષ્ટ્ર**' એમ બે અલગ સાર્વભૌમ રાજ્યો હોવાં જોઈએ.

૧૯૩૫ : બંગાળ અને આસામના બનેલા 'બંગે-ઇસ્લામ' તથા હૈદરાબાદ-નિઝામ રાજ્ય
'ઉસ્માનિસ્તાન'નો પ્રદેશ પણ અલગ પાકિસ્તાનમાં ઉમેરવાની સિફારસ પણ રહમતઅલીએ કરેલી.

★

કોંગ્રેસે યુદ્ધ દરમિયાન રાષ્ટ્રીય સરકાર રચવાની તથા યુદ્ધ પૂરું થતાં બંધારણસભા આપવાની માગણી કરી હતી. તે માટે બ્રિટિશ-સત્તા ઉપર શકય એટલું દબાણ આણ્યું હતું. એના પ્રતિભાવ રૂપે લિનલિથગોએ એક ઑફર જાહેર કરી (ઑગસ્ટ—૧૯૪૦). તેમાં યુદ્ધ પત્યા બાદ સાંસ્થાનિક સ્વરાજ આપવાનું જાહેર કર્યું અને એને અનુકૂળ પ્રતિનિધિ-સરકાર રચવાનું વચન આપ્યું. પરંતુ તત્કાળ રાષ્ટ્રીય સરકાર રચવાની વાત તેમાં ન હતી. તેને બદલે માત્ર વાઈસરૉયની યુદ્ધ સલાહકાર સમિતિમાં અને તેમની કારોબારીમાં હિંદીઓને સ્થાન આપવાનું જાહેર કરાયું હતું. આવી જાહેરાતમાં ન તો કોંગ્રેસ, ન તો લીગ—એકેને સંતોષ થયા એવું કશું ન હતું. બંનેએ તેનો અસ્વીકાર કર્યો. પરંતુ બ્રિટનને કે ઝીણા સાહેબને કશી ઉતાવળ ન હતી. ઉતાવળ કેવળ કોંગ્રેસને હતી. કોંગ્રેસે બીજો કોઈ રસ્તો ન દેખાતાં ૧૯૪૧ના મધ્યમાં સવિનય કાયદા ભંગનું આંદોલન શરૂ કરી દીધું. એનો લાભ લઈ વાઈસરૉયે પોતાની કારોબારી અને રાષ્ટ્રીય રક્ષણ સમિતિમાં પોતાને અનુકૂળ વ્યક્તિઓ લઈ લીધી. ખાતાંઓ બ્રિટિશ અથવા પોતાના અતિ-વિશ્વાસુ હિંદી સભ્યોના હસ્તક રાખ્યાં. તેમાં ફઝલુલ હક, સિકંદર હયાત અને મહમદ સાદુલ્લા (આસામના મુખ્ય પ્રધાન) જેવા મુસ્લિમ લીગના નેતાઓને ઝીણા સાહેબની સંમતિ વિના જ લેવામાં આવ્યા હતા. લીગના પ્રમુખ માટે આ પદ્ધતિ ચલાવી લેવાય તેવી ન હતી. અલબત્ત, સિકંદરે પરિસ્થિતિ ગૂંચવાય નહિ તે હેતુથી 'રક્ષણ સમિતિ'માંથી રાજીનામું આપી દીધું, જ્યારે બંગાળના મુખ્ય પ્રધાન ફઝલુલ હકે પોતાનું હિત વિચારીને રાજીનામું આપવાનો ઈન્કાર કર્યો. એટલું જ નહિ, તેમણે ઝીણા સાહેબને 'આપખુદ સત્તાધીશ' તરીકે વગોવ્યા. જવાબમાં ઝીણા સાહેબે સુહરાવર્દી અને નઝમુદ્દીનને પોતાની પડખે ખેંચી લઈને વળતો ફટકો માર્યો. તેના નક્કર પ્રતિકાર રૂપે હકે હિંદુ મહાસભાના વડા શ્યામપ્રસાદ મુકરજી અને બિનલીગી આગેવાનોને સાથે લઈને, 'પ્રોગ્રેસિવ કોએલિશન પાર્ટી' સ્થાપીને બંગાળની સત્તા પોતાના હાથમાં રાખી.

સિંધમાં પણ અલાબક્ષે કોંગ્રેસ તરફી જૂથ સુધ્ધાંને સાથે લઈને સત્તા કબજે કરી. સરહદી પ્રાંતમાં તો ૯૩મી કલમ લાગી ગઈ હતી. 'એકંદરે, ઝીણા સાહેબનું સિંહાસન હજી નક્કર ભૂમિ પર ઊભું ન હતું.

બીજી બાજુ, કોંગ્રેસે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરી દીધો અને તેના મોટા ભાગના નેતાઓ કારાવાસમાં પડયા. બ્રિટન માટે એકલા ઝીણા સાહેબની ઠૂંઠી લાકડીના ટેકે આગળ વધવાનું શકય ન હતું. બીજી બાજુ, યુદ્ધની સ્થિતિ વણસી રહી હતી.

# ઝીણા માઆન મળેલા માથાનો માનવી !

૧૯૪૪માં પંજાબમાં મુખ્ય પ્રધાન સર સિકંદર હયાતના એકાએક થયેલ અવસાન બાદ તેના સ્થાને મલિક ખિઝર હયાત તિવાના આવતાં ઝીણા સાહેબે તેમને ફરમાવ્યું કે તેમના પક્ષનું નામ 'યુનિયનિસ્ટ પાર્ટી' છે તે બદલીને 'મુસ્લિમ લીગ કોએલિશન પાર્ટી' રાખવું. અરધો ડઝન વાર લાંબી ચર્ચાઓ છતાં ઝીણા સાહેબનું કશું ઊપજ્યું નહિ. છેવટે તેમણે લેખિત ખરડો મોકલી આપ્યો (૨૭ એપ્રિલ), અને તે જ રાતે વળતો જવાબ આપવા જણાવ્યું. તિવાનાએ કશો જવાબ ન આપ્યો. ઝીણા સાહેબે ટેલિફોન કર્યો. તિવાનાએ જણાવ્યું કે તેમણે મોઢામોઢ કરેલી વાતોથી વિશેષ તેમને કશું ઉમેરવાનું નથી. તે પછી તો ઝીણા સાહેબે હાથોહાથ જુદાજુદા ઈસમો (પંજાબ મુસ્લિમ લીગના પ્રમુખ મામદોતના નવાબ તથા લીગી ધારાસભ્ય મુમતાઈ દોલતાના દ્વારા પત્રો પહોંચાડયા અને પહોંચ મંગાવતા રહ્યા. પણ તિવાનાએ કોઈને કશી દાદ ન જ આપી ! પછી તો, ઝીણા સાહેબે પણ 'સૂર' બદલ્યો—બહુ અદબપૂર્વક અમુક મુદ્દા પર જવાબની આશા રાખતા હોવાનું જણાવ્યું; અને અંતે વધુ વિલંબ શકય નથી એમ પણ ઉમેર્યું. બીજી બાજુ, તિવાના પણ મૂંઝવણમાં હતા. એક બાજુ, લીગ સાથે છેડા ફાડવાના હતા, તો બીજી બાજુ જે હિંદુ અને શીખ પ્રધાનોના સહારે પ્રધાનમંડળ સલામત હતું તેને જોખમમાં મૂકવાનું હતું. આ સમયે જ પ્રધાનમંડળના બે હિંદુ અને એક શીખ પ્રધાને જાહેર નિવેદન કરીને જણાવ્યું કે જો તેમની શરતો સ્વીકારાશે તો, તેઓ મુ. લીગની કોએલિશનવાળી ટીમમાં પણ જોડાવા તૈયાર થશે. આ શરતો સારરૂપે એ હતી કે મુ. લીગે યુદ્ધ દરમિયાન પાકિસ્તાનની યોજનામાં પંજાબ અંગે જે કંઈ જોગવાઈ વિચારી છે તેને તે મુલતવી રાખે અને યુદ્ધમાં સહાય કરવાનું બિનશર્ત સ્વીકારે.

* સ્પષ્ટ જ છે કે સૌને આદેશો આપનારને જ આદેશ અપાયો હતો ! આનો લાભ લઈ તિવાનાએ પણ જાહેર નિવેદનમાં યુનિયનિસ્ટ પાર્ટી છેક ૧૯૨૩માં કેવા સંજોગો અને કેવા હેતુ સાથે સ્થપાઈ હતી તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે મીઆં સર ફઝલી હુસેને સંપૂર્ણ બિનકોમી ધોરણ રાખ્યું હતું. સમગ્ર પંજાબનું આર્થિક-રાજકીય જીવન ઊંચું લાવવાનો તેમનો ઉદ્દેશ હતો. ખાસ તો ખેતી અને વેપાર એ બે ક્ષેત્રે—બલકે, ગ્રામપ્રદેશો અને નગરો વચ્ચે—જે અસંતુલતા હતી તે દૂર કરવાની તેમની નેમ હતી. વળી, આ બંને પ્રદેશોમાં પણ 'પછાત' અને 'રંક'—એવી જે અસંતુલતા હતી તે પણ તેઓ હઠાવવા માગતા હતા. હા, આ 'પછાત' અને 'રંક' સમૂહોમાં મુસ્લિમો મોટા પ્રમાણમાં હોઈ આ આખી પ્રવૃત્તિ મુસ્લિમોનાં હિતની હતી. આથી તેના ઉપર તેમનો ઝોક પણ જરૂર હતો. તેથી તેઓ મુસ્લિમોના ઉદ્ધારક તરીકે બિરદાવાયા હતા.

હિંદની વડી સરકારની નોકરીમાંથી નિવૃત્ત થઈ તેઓ પંજાબ આવીને વસ્યા (એપ્રિલ ૧૯૩૫) કે તુરત પંજાબના તે સમયના તમામ મુસ્લિમ નેતાઓએ (સર શાહબુદ્દીન, સર ફિરોઝખાન નૂન, મર્હુમ સર સિકંદર હયાત તથા મર્હુમ મામદોતના નવાબ અને મર્હુમ મીઆં દોલતાના સિકકેએ) મીઆં સાહેબને સક્રિયપણે રાજકારણમાં પ્રવેશવા અને યુનિયનિસ્ટ પાર્ટીને પુન: સુવ્યવસ્થિત બનાવવા દબાણ કરતા રહ્યા હતા. પરંતુ ત્યારેય તેમણે **કોમી ધોરણે** કશું જ ન કરવાનો પોતાનો સંકલ્પ જારી રાખ્યો હતો.

આ પછી ઝીણા સાહેબે ૧૯૩૫માં મીઆં ફઝલી હુસેન સાથે લાહોરમાં ઠીકઠીક સમય ગાળ્યો અને તેમને લીગને નામે બધી પ્રવૃત્તિ કરવા ઘણો આગ્રહ કર્યો. પરંતુ ફઝલી મીઆંએ કહ્યું કે પંજાબની આર્થિક-સામાજિક પરિસ્થિતિમાં આ પ્રકારનો કોમી પ્રયાસ યુનિયનિસ્ટ પાર્ટી માટે સ્વાભાવિક જ નથી. આથી તેઓ પંજાબના મુસ્લિમો માટેની બધી પ્રવૃત્તિઓમાં મુ. લીગનેય સહાયરૂપ થવા માટે થાય એટલું જરૂર કરશે, પરંતુ તેથી વધુ નહિ.

આ પછી, છેવટે ૧૯૩૭ની ચૂંટણી ઝીણા સાહેબે મુ. લીગના નામે કેટલાક ઉમેદવારો ઊભા કર્યા. પરંતુ તેમાંથી બે જ જીત્યા હતા અને તેમાંનો એક પાછળથી યુનિયનિસ્ટ પાર્ટીમાં જોડાઈ ગયો. હવે સાત વરસે ફરી એનો એ સવાલ ઊભો થયો હતો અને આ જ કારણે તિવાનાએ કશું નમતું જોખવા ઇન્કાર કર્યો હતો.

# ૧૫ : પૂર્ણાહુતિ–પાકિસ્તાન ?

પર્લ હાર્બર (બંદર) પડ્યા પછી હોંગકોંગ, મલાયા અને સિંગાપુરનુંય જાપાનને હાથે પતન થયું. અને માર્ચ ૧૯૪૨માં રંગૂનનું પતન થતાં દેશની સલામતી જોખમાઈ ગઈ હતી. બીજી બાજુ, બ્રિટનમાં જ મિશ્ર સરકારમાંના 'મજૂર પક્ષ' કશું ગંભીર જોખમ ઊભું થાય એ પહેલાં હિંદને પોતાની સાથે રાખવાની દૃષ્ટિએ, બ્રિટનના ચર્ચિલવાળી સરકાર વતી સ્ટેફર્ડ ક્રિપ્સને હિંદ મોકલ્યા. તેમને પરિસ્થિતિ અનુસાર નિર્ણય લેવા બાબત સત્તા આપવામાં આવી હતી : એક તો યુદ્ધ બાદ હિંદને બ્રિટિશ કૉમન-વેલ્થના એક સંસ્થાન (ડુમિનિયન સ્ટેટ્સ) આપવાની અને પાછળથી કૉમનવેલ્થમાંથી નીકળી જવું હોય તો તેવીય બાંયધરી આપવાની; તથા બીજી, યુદ્ધ દરમિયાન તત્કાલ પડખે ઊભા રહેવાનો વિશ્વાસ હિંદની પ્રજામાં પેદા કરવા માટે વચગાળાની સરકાર રચવાની. આ બેઉ બાબતો કોંગ્રેસને સંતોષ થાય એ પ્રકારની હતી. તો ઝીણા સાહેબને લક્ષમાં રાખીને તેમને અનુકૂળ થવા સારુ ક્રિપ્સની યોજનામાં યુદ્ધ બાદ નવી ચૂંટાયેલી બંધારણસભા દ્વારા હિંદનું જે બંધારણ થાય તે મુજબ એક વાર 'સંસ્થાન' તરીકેની રચના થઈ ગયા પછી, તેમાંથી જે કોઈ પ્રાંતને નીકળી જવું હોય તેને નીકળી જવાનો અધિકાર પણ આપવામાં આવ્યો હતો. એટલે કે આ યોજનામાં દેશના ભાગલા પાડવાની–પાકિસ્તાન માટેની તક રહેલી હતી. આમ છતાં, આ યોજનામાં કોંગ્રેસ તથા લીગ બંનેને લાભોનું સામ-સામું ઉચ્છેદન કરવા જેવું પણ દેખાતું હતું.

ગાંધીજીએ પરિસ્થિતિની ગંભીરતા દર્શાવતાં જણાવ્યું હતું તેમ; પ્રજામાં આક્રમણખોર જાપાન તરફ કૂણી લાગણી પેદા થઈ હતી. જાપાન સાથે સંધિ કરીને બ્રિટિશને હાંકી કાઢવા રણે ચઢેલા સુભાષબાબુ માટેની પ્રશંસા વધી રહી હતી. વિષ વર્તુળ જેવી આ સ્થિતિમાંથી બહાર નીકળવાના હેતુથી મહાત્માએ 'ભારત છોડો'નું આંદોલન ઉપાડ્યું. ઝીણા સાહેબે ધૂંધવાટમાં એવું જાહેર કર્યું કે, "ભારત છોડો'ની લડત દેશની સ્વાધીનતા માટે નથી; કોંગ્રેસ હસ્તક સત્તા ઝડપી લઈને તત્કાલ હિંદુરાજ સ્થાપવા માટે બ્રિટિશ ઉપર બેહદું દબાણ લાવવાનો આ વ્યૂહ છે."

બ્રિટિશ સત્તાને જાપાનના જોખમ કરતાં ગાંધીજીની અહિંસક લડત વધારે જોખમી લાગી. તેણે દેશના નેતાઓ અને સેંકડો કાર્યકરોને જેલમાં ધકેલી દીધા. પરંતુ એનો અવળો પ્રત્યાઘાત પડ્યો – દેશભરમાં અનેક સ્થળોએ પોતાને 'સ્વાધીન' જાહેર કરવા સુધીની હિંમત દાખવી. સરકારે લડતને કચડી નાખવા આરંભમાં જ છસો જેટલા દેખાવકારોને ગોળીઓથી ઠાર કર્યા. અલબત્ત, પારાવાર જુલમોના જોરે બંડ દાબી દેવાયું. પરંતુ બ્રિટિશ સરકારને કબૂલ કરવું પડ્યું કે–૧૮૫૭ના બળવા પછી બ્રિટિશ સત્તાને માથે આ મોટામાં મોટી આફત હતી.

અલબત્ત, લડતના ધમાકા જોઈને એક વાર ઝીણા સાહેબ પણ હેબતાઈ ગયા હતા. પરંતુ સાબદા બની ગાંધીજી તથા કોંગ્રેસના નેતાઓની ગેરહાજરીનો લાભ લેવા મચી પડ્યા. પરિણામે લીગની સભ્ય-સંખ્યા ૨૦ લાખ પર પહોંચી ગઈ. ૧૯૩૭થી ૧૯૪૩ દરમિયાન થયેલી પેટા ચૂંટણીઓમાં લીગે ૬૧ મુસ્લિમ બેઠકોમાંથી ૪૭ જીતી લીધી. અલબત્ત, એક નાનકડું જૂથ એવું હતું જે બ્રિટિશ સામેના મોરચામાં ઝીણા સાહેબને 'દગાખોર' માનતું હતું. એમાંના એક જણે (રફિક સાબિર) ઝીણા સાહેબના

ઘરમાં ઘૂસી જઈને છરા સાથે હુમલો પણ કરેલો. પરંતુ ૬૬ વરસના ઝીણાએ હુમલાખોરનો છૂરાવાળો હાથ હિંમતભેર પકડી લેતાં તેઓ બચી ગયા હતા.

ઝીણા સાહેબનું રાજકારણ હવે બહુ સાદું હતું : હિંદુ-મુસ્લિમ એકતા અશક્ય છે. જેલમાં પડેલા ગાંધી માત્ર હિંદુ નેતા છે....××× પાકિસ્તાન સૂત્ર વિના મુસ્લિમોનો કોઈ ઉગાર નથી. પરંતુ પાકિસ્તાનના ખરેખરા સ્વરૂપ વિષે કશી સ્પષ્ટતા ન કરવી, જેથી મુસ્લિમોમાં એને અંગે મતમતાંતરો ઊભાં ન થાય. આમ છતાં, અપ્રિલ ૧૯૪૪માં રાજાજીએ લીગ-કોંગ્રેસ સંયુકત સરકાર શકય બને તે માટે એક ફૉર્મ્યુલા તૈયાર કરી. તેમાં મુસ્લિમોના સંલગ્ન પ્રદેશોના છૂટા પાડવાના અધિકારનો પણ સમાવેશ હતો. રાજાજીએ જેલમાં મહાત્મા ગાંધીની મુલાકાત લઈને, તેમની પણ સંમતિ મેળવી લીધી. પરંતુ ઝીણા સાહેબનું માથું હવે ઘણું મોટું થઈ ગયું હતું. તેમણે એ ફૉર્મ્યુલા મુજબના 'પાકિસ્તાન'ને 'ઉધેઈ ખાધેલું' અને 'ખંડિત' ગણાવીને દરખાસ્ત ફગાવી દીધી. રાજાજીએ જણાવ્યું કે ગાંધીજી ઈચ્છે છે કે આ દરખાસ્તો જાહેર કરવી અને ઝીણા સાહેબે જાહેર કરવાનો ઈન્કાર કર્યો છે એમ પણ જણાવવું. ઝીણા સાહેબે વાત ઉલટાવી નાખતાં રાજાજીને તારથી જણાવ્યું કે જો ગાંધી સીધી વાટાઘાટ કરવા તૈયાર હોય તો તેઓ (ઝીણા) લીગની કાઉન્સિલની સંમતિ મેળવી જણાવે.

બીજી બાજુ, જેલમાં બીમારીને લીધે મહાત્માની તબિયત ચિંતાજનક બની. બ્રિટિશ સરકાર ઇચ્છતી ન હતી કે ગાંધી આ રીતે 'શહીદ' થાય. તેથી તેમને મુક્ત કરવામાં આવ્યા (૬ મે, ૧૯૪૪). આ પછી અઢીએક મહિને (૧૭ જુલાઈ, ૪૪) તબિયત સારી થતાં, ગાંધીજીએ ઝીણા સાહેબને ગુજરાતીમાં પત્ર લખ્યો, સાથે અંગ્રેજી નકલ પણ બીડી...તેમાં વહેલી તકે મળવાની ઇંતેજારી દર્શાવી હતી. છેવટે મુલાકાત ગોઠવાઈ ત્યારે મહાત્માની ઉંમર ૭૫ની હતી અને ઝીણા સાહેબની ૬૮ની. બંનેની તબિયત લથડી હતી. મહાત્માએ ઝીણાને બંગલે ૧૪ વાર આંટાફેરા કર્યા. દરમિયાન પત્રવ્યવહાર પણ ખાસ્સો ચાલ્યો. લાંબા દિવસો સુધીની મુલાકાતોએ-વાટાઘાટોએ દેશભરમાં ભારે આશા જગાડી. ખુદ વાઇસરૉય સુધ્ધાંએ એવો જ અંદાજ બાંધ્યો. પરંતુ અંતે વાટાઘાટો નિષ્ફળ ગઈ. મહાત્માએ બંનેને માન્ય એવા લવાદ પર નિર્ણય છોડવાનું સૂચન કર્યું. ઝીણા મીઆંએ એનો પણ ઈન્કાર કર્યો! ગાંધીજીની દરખાસ્ત અગાઉ રાજાજીએ રજૂ કરેલી દરખાસ્તને લગભગ મળતી હતી : મુસ્લિમ બહુમતીવાળા આખા પ્રાંતો નહિ, પરંતુ તેવા જિલ્લા, બહુમતીથી અલગ થવાનો નિર્ણય કરે તો થઈ શકે. બલકે, પંજાબ અને બંગાળના હિંદુ બહુમતીવાળા જિલ્લાઓ જે અલગ થવા ન ઇચ્છતા હોય તેમનો બળજબરીથી સમાવેશ ન થઈ શકે. બીજો મુદ્દો હતો : અલગ થવા છતાં બંનેને સાંકળી રાખે એવો મૈત્રીનો દોર ચાલુ રહેવો જોઈએ-એટલે કે કોઈક પ્રકારનું સમવાયીતંત્ર હોવું જોઈએ.

*ગાંધીજી, મુસ્લિમ કોમને બદલે જે-તે પ્રદેશો(જિલ્લાઓ)ની સમગ્ર પ્રજાને સ્વ-નિર્ણયનો અધિકાર આપવા માગતા હતા. અને વધુમાં ઇચ્છતા હતા કે પહેલાં અખંડ હિંદની સ્વતંત્રતા જાહેર થઈ જાય, તે સ્વતંત્ર રાજ્ય બની જાય, તે પછી ઉપર જણાવ્યા મુજબ અલગ થવા માગતા જિલ્લાઓ સ્વનિર્ણયના અધિકારની રુએ પોતાનો નિર્ણય કરે.

પરંતુ ઝીણા સાહેબને વિશ્વાસ જ ન હતો કે એક વાર હિંદુસ્તાન સ્વતંત્ર બની જાય પછી, લગભગ કોંગ્રેસના હાથમાં પડેલું હિંદ પાકિસ્તાન અંગેનું વચન પાળશે જ, જો કે લાંબી વાટાઘાટોના અંતે ઝીણા સાહેબે એવુંય કારણ આપ્યું કે ગાંધીજી કોંગ્રેસના અધિકૃત પ્રતિનિધિ નથી; અને વ્યક્તિગત વાટાઘાટોની કિંમત નથી.

મહાત્માએ ઝીણા સાહેબને સૂચવ્યું કે તમે રજા આપો તો તેઓ પોતે લીગની કાઉન્સિલને સંબોધી તેને ગળે વાત ઉતારવા પ્રયત્ન કરે. આ તો ઝીણા સાહેબને છંછેડવા જેવી માગણી લાગી... ખેર મહાત્માએ

-ઝીણાને 'ભલા આદમી' ગણાવ્યા અને ઝીણા મીઆંએ ગાંધીને 'ઘણા ખુલ્લા મનના' ગણાવ્યા. પરંતુ હકીકતે બંને વચ્ચે મેળ ન જ ખાધો !

રાજમોહન ગાંધી એવું સૂચવે છે કે 'પહેલાં ભાગલા, પછી સ્વતંત્રતા' ની બાબતમાં ઝીણા સાહેબની માગણી સાવ અકારણ ન હતી. બ્રિટનની હયાતીમાં બ્રિટનને હાથે તત્કાલ નિર્ણય લેવાઈ જાય એવા આગ્રહ પાછળનું કારણ તો કોંગ્રેસ વિષેનો (અલબત્ત, ગાંધી વિષેનો નહિ) ઝીણા સાહેબનો અવિશ્વાસ જ હતો. એ અવિશ્વાસ દૂર કરવા મહાત્માએ કોંગ્રેસના અધિકૃત પ્રતિનિધિ તરીકે મળવાની અને બ્રિટનની હાજરીમાં આખરી નિર્ણય લેવાઈ જાય તેવી માગણી સ્વીકારી લીધી હોત, તો એથી કંઈ ખાસ ગુમાવ્યું ન હોત પરંતુ કોંગ્રેસના મોવડીઓ જેલમાં હતા, તેમને છોડે અને ગાંધીજીને પ્રતિનિધિ તરીકેની સત્તા આપે એ તાત્કાલિક શકય ન હતું—ગાંધીજીની દૃષ્ટિએ જરૂરી પણ નહિ હોય અને બ્રિટનના હાથે નિર્ણય અમલી બને એવી માગણી, અલબત્ત, ગાંધીજીની રાષ્ટ્રવાદી પરિકલ્પનાને આઘાતજનક લાગી હશે.

* વેવેલે આ બધામાંથી જે એક મર્મ સમજી લીધો તે એ કે ગાંધી અને ઝીણા બંનેને વિશાળ પ્રજાજનોનું પીઠબળ છે, અને બંને (કોંગ્રેસ અને લીગ) બ્રિટિશને હઠાવી દેશનુ સુકાન પોતાના હાથમાં લેવા ઉત્સુક છે. ઉપરાંત, યુદ્ધ પૂરું થયા પછી બ્રિટિશ લોકમત પણ હિંદને મુક્ત કરવા દબાણ કરે તે પહેલાં કોકડું ઉકેલવાની ઇચ્છાએ સમજદાર વાઈસરૉયે 'નવી ઑફર' આપવા બ્રિટિશ વડાપ્રધાન ચર્ચિલની સંમતિ માગી. ચર્ચિલે ભારે નારાજગી દર્શાવ્યા બાદ એટલું સ્વીકાર્યું કે વાઈસરૉયે જેલમાં પડેલા કોંગ્રેસી નેતાઓને મુક્ત કરવા; અને સિમલામાં કોંગ્રેસ તથા લીગના પ્રતિનિધિઓની પરિષદ બોલાવવી. તેમાં વાઈસરૉયે નવી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ(એટલે કે પ્રધાનમંડળ)ની રચના અંગે વાટાઘાટો કરવી. વાઈસરૉયે આ બંને વાનાં પતાવ્યાં. પરંતુ ઝીણા સાહેબે સિમલા પરિષદની વાત પર ધ્યાન આપતાં પહેલાં એવી માગણી કરી કે નવી કેન્દ્રીય સરકારમાં મુસ્લિમ અને હિંદુ સભ્યોની 'પેરિટી' હોવાની વાત નક્કી થવી જોઈએ. તેનો સ્વીકાર વાઈસરૉય વેવેલે અને કોંગ્રેસે કર્યો. પરંતુ મુસ્લિમ સભ્યોનાં બધાં નામો માત્ર લીગના પ્રમુખ જ આપે એવી ઝીણા મીઆંની હઠનો સ્વીકાર ન તો વેવેલે કર્યો ન તો કોંગ્રેસે. આ બાબતમાં વેવેલે લવાદ તરીકે ભાગ ભજવવા ઇન્કાર કર્યો. તેમણે મંત્રણા નિષ્ફળ ગયાની જાહેરાત કરી. આવા સંજોગોમાં કેટલાક પ્રાંતોના ગવર્નરોએ વાઈસરૉયને એવી સલાહ આપી કે તેમણે કોંગ્રેસના સહકારમાં પ્રધાનમંડળ રચી લેવું. તેમાં લીગ પાછળથી સામેલ થઈ શકે તે પૂરતી કેટલીક બેઠકો ખાલી રાખવી. પરંતુ તે તો કોંગ્રેસના વર્ચસ વાળી સરકાર બને, જે માટે વાઈસરૉય તૈયાર ન હતા......!

ઝીણા સાહેબેના ૧૯૪૫ના અંતમાં ભારે આવેશપૂર્વક જાહેર કર્યું કે **"હું કદી મુસ્લિમોને હિંદુઓના ગુલામ નહીં બનવા દઉં...જ્યારે યાતનાઓ સહન કરવાનો સમય આવશે ત્યારે હું મારી છાતીમાં ગોળી ઝીલનાર સૌથી પ્રથમ હોઈશ."**

ઝીણા સાહેબના આ શબ્દોએ મુસ્લિમ કોમનું હૈયું જીતી લીધું. અલબત્ત, ઝીણા સાહેબ અંગ્રેજીમાં બોલતા હતા. પરંતુ મુસ્લિમ જનતાના હૈયે વસી જતા હતા. એટલું જ નહિ, ઝીણા સાહેબ એમની પ્રજા અને પોતાની વચ્ચે જાણીને અંતર રાખતા. પરંતુ તેથી અકળાવાને બદલે મુસ્લિમ જમાત એનાં પણ વખાણ કરતી હતી ! અને ઝીણા સાહેબને મોંઢે તેઓ ઘરડેઘડપણ—નાદુરસ્ત તબિયત છતાં શ્રીમંત મુસ્લિમો માટે નહિ પણ ગરીબોની ખાતર શ્રમ વેઠી રહ્યાનું કહેતા ત્યારે મુસ્લિમ અવામ ફીદા પુકારતી. બીજી બાજુ, ઝીણા સાહેબ પણ કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં રાખતા; જેમકે તેમનાં બહેન કદી બુરખો

[illegible]

★

[illegible] … પહેલી વાર … વિજય હાંસલ કર્યો. … મુસ્લિમ બેઠકોમાંથી … અને પ્રાંતોમાંની ૫૦૩ મુસ્લિમ બેઠકોમાંથી … કબજે કરી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

બંનેના મુસ્લિમ ગ્રૂપને છૂટા પાડવાનો હક ન હોઈ શકે. તેમાંય, આસામ થોડાક જિલ્લા બાદ કરતાં હિંદુ બહુમતીવાળો પ્રાંત હોઈને, તથા ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત, જ્યાં 'પાકિસ્તાન'ના સવાલ પર જ છેલ્લી ચૂંટણી થઈ હતી અને લીગનો પરાજય થયો હતો તે બંને પ્રાંતોને પાકિસ્તાની મુસ્લિમ ગ્રૂપમાં જોડાવું હોય તો ફરજ નહિ પાડી શકાય. પરંતુ ઝીણા સાહેબે એ પ્રદેશો માટેય 'મુસ્લિમ જૂથ'માં ફરજિયાત જોડાવાનો આગ્રહ રાખ્યો.

આમ, સિમલા-દિલ્હીમાં ચાલેલી લાંબી ચર્ચા-વિચારણા નિષ્ફળ નીવડી. આ પછી મિશન તરફથી જે યોજના રજૂ કરવામાં આવી તેમાં ભારોભાર આંતરવિરોધો હતા; તેમાં એક બાજુ, સમવાયી સ્વરૂપના સંઘ રાજ્યના કેન્દ્રને હસ્તક મર્યાદિત છતાં, વિદેશ સંબંધ, સંરક્ષણ અને સંચાર (કૉમ્યુનિકેશન) જેવાં અતિ મહત્ત્વનાં ખાતાં રહેશે. બીજી બાજુ, પ્રાંતો અને તેમનાં જૂથોને હસ્તક 'શેષ સત્તા' મુકાશે. તેમાં એ બાબત પણ સ્પષ્ટ કરવામાં આવી કે સંપૂર્ણ વિભાજન હિતાવહ નથી, અને હયાત પ્રાંતિક ધારાસભાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી બંધારણી સભા હશે. પરંતુ એ વાત અસ્પષ્ટ રાખવામાં આવી કે આસામ અને ઉત્તર-પશ્ચિમી સરહદ પ્રાંત માટે પાકિસ્તાનમાં જોડાવું ફરજિયાત હશે કે કેમ. દા.ત., ૧૫મા ફકરામાં એવું વિધાન હતું કે પ્રાંતોને તેમની કારોબારી અને ધારાસભાઓ ધરાવતાં જૂથો રચવાની સ્વતંત્રતા હોવી જોઈએ; તો ૧૯મા ફકરામાં એવું વિધાન હતું કે ગ્રુપ્સમાંના પ્રતિનિધિઓ તેમનું પ્રાંતિક બંધારણ નક્કી કરવા આગળ વધશે; તથા એનો પણ નિર્ણય કરશે કે એ પ્રાંતો માટે કશું 'ગ્રુપ બંધારણ' હશે કે કેમ.

અલબત્ત, મુસ્લિમ લીગે, અસંતોષ છતાં, ૬ જૂને આ યોજનાનો સ્વીકાર જાહેર કર્યો. તેની સાથે જ સ્પષ્ટતા કરી કે 'ફરજિયાત ગ્રૂપિંગ-ને કારણે તેમાં પાકિસ્તાનનો પાયો અંતરગત રહેલો છે. અને એ વાતનો પુનરુચ્ચાર કર્યો કે "સંપૂર્ણ સાર્વભૌમ પાકિસ્તાન"નું લીગનું નિશ્ચિત ધ્યેય વણબદલાયેલું રહે છે. ઉપરાંત, એવો પણ દાવો કર્યો કે આ યોજનાનો સૂચિતાર્થ જોતાં તે મુસ્લિમ ગ્રુપને છૂટા પાડવાની તક તથા હક આપે છે. વળી, કેબિનેટ મિશનના સહાયક વૂડ્રો વ્યાટે ખાનગીમાં એવી સલાહ આપી કે કેટલીક અણગમતી બાબતો છતાં પાકિસ્તાનની પ્રાપ્તિના માર્ગે 'પહેલું પગલું' સમજીને તેમણે યોજનાનો સ્વીકાર કરવાનું યોગ્ય ગણ્યું છે.

કૉંગ્રેસ ભારે દ્વિધામાં હતી. આ યોજનામાં પાકિસ્તાનનો સ્પષ્ટ ઇન્કાર હોઈને તેને તે ગમી; અને તેને ૧૫મો ફકરો પણ ગમ્યો. પરંતુ મિશને તેની દરખાસ્ત (તા. ૧૬ મે) બાદ, ૨૫મી મે એ કરેલા ખુલાસાથી કૉંગ્રેસ વ્યગ્ર બની હતી. તેણે ગ્રુપિંગની બાબતમાં કરેલું અર્થઘટન 'મિશનના ઇરાદા' સાથે બંધબેસતું ન જણાયું !

આ પછી, વાઇસરૉયે ૧૬ જૂનના દિવસે જાહેર કર્યું કે 'રાષ્ટ્રીય સરકાર'ની રચના માટે વિચારેલી ૧૪ વ્યક્તિઓને તેઓ આમંત્રણ આપનાર છે; ઝીણા સાહેબ અને તેમના ચાર લીગી સાથીઓ; જવાહરલાલ (કૉંગ્રેસ પ્રમુખ) અને પાંચ વધુ હિંદુ કૉંગ્રેસીઓ — તેમાં એક હરિજન; ઉપરાંત એક શીખ, એક પારસી, એક ખ્રિસ્તી. વળી લીગ કે કૉંગ્રેસ કે બંને આ વચગાળાની સરકારમાં જોડાવા તૈયાર ન હોય તો ૧૬મી મેની લાંબાગાળાની બંધારણ(દરખાસ્તો)નો જેમણે સ્વીકાર કર્યો હશે અને સરકારમાં જોડાવા તૈયાર હશે તેમની બનેલી વધુમાં વધુ પ્રતિનિધિત્વવાળી સરકારની રચના કરી તેઓ આગળ ચાલશે. (આ છેલ્લી કલમ કૉંગ્રેસ અને લીગ 'બંનેને ચુકાદો' સ્વીકારી લેવા દબાણ કરવા માટે સ્ટેફર્ડ ક્રિપ્સે ઉમેરાવી હતી).

ઝીણા સાહેબને 'નવી સરકાર' માટેની આ દરખાસ્ત ગમી નહિ. તેમાં લીગને પાંચ અને કોંગ્રેસને (એટલે હિંદુઓને) હરિજન સહિતની છ બેઠક આપવામાં આવી તે રુચ્યું નહિ. વળી, શીખ, પારસી અને ખ્રિસ્તી સભ્યો કોંગ્રેસ-તરફી હતા. છતાં, તેમણે એક એવી ધારણાએ ખૂબ જ સંતોષ લીધો કે **તમામ મુસ્લિમ સભ્યો લીગના સભ્યો હોઈને** આ જ મુદ્દા પર કોંગ્રેસના પાંચે સભ્યોમાં એક પણ મુસ્લિમ ન હોય એ મુદ્દા પર કોંગ્રેસ તેનો ઇન્કાર કર્યા વિના નહિ રહે. આમ, કોંગ્રેસ ઇન્કાર કરે, અને લીગ સ્વીકાર કરી લે, તો વાઇસરૉયે જાહેર કર્યા મુજબ, કોંગ્રેસ પડતી મુકાશે અને લીગ હસ્તક (ઝીણા સાહેબ હસ્તક) સરકાર આવી પડવાની.

બીજી બાજુ, કૅબિનેટ મિશનના નેતા સર પેથિક લૉરેન્સ અને તેના અતિ કાબેલ સભ્ય સ્ટેફર્ડ ક્રિપ્સે લીગ હસ્તક સત્તા સુપરત કરવામાં અત્યંત ગેરડહાપણ લેખીને, ભારે ઉસ્તાદી કરી. તેમણે મિશનના ત્રીજા સભ્ય એલેક્ઝાન્ડર તથા વાઇસરૉયને ય કશી જાણ સુદ્ધાં કર્યા વિના જ, કોંગ્રેસના ત્રણ અધિકૃત પ્રતિનિધિઓ (જવાહરલાલ, સરદાર પટેલ અને મો. આઝાદ)ને ખાનગીમાં એવી 'સલાહ' આપી (વેવેલના શબ્દોમાં 'ચઢવણી' કરી) કે કોંગ્રેસે બંધારણી દરખાસ્ત અંગે જે અસ્પષ્ટતા રાખી છે તે દૂર કરી તેનો સ્વીકાર કરી લેવો (જેથી પાયાની દરખાસ્તનો સ્વીકાર કર્યા હોવાની શરત પળાઈ ગણાય)... તેમને એમ પણ જણાવવામાં આવ્યું કે તેઓ વાઇસરૉયે વચગાળાની સરકાર માટે સૂચવેલાં નામોને કારણે તે પૂરતી સરકારમાં જોડાવાની દરખાસ્તનો અસ્વીકાર કરે, તોય તેમણે બંધારણીય દરખાસ્તનો સ્વીકાર કરેલો હોઈને, ક્રિપ્સની કલમના જ આધારે, તેમને પ્રધાનમંડળમાં પ્રતિનિધિ કરવાને હકદાર બનાવે છે; એટલું જ નહિ, તેમને તેમનાં નામો પસંદ કરવાની સ્વતંત્રતા પણ રહે છે.

લીગના હાથમાં સરકાર સોંપાઇ જાય એ તો કોંગ્રેસ મોવડીઓ માટે કેમેય સહી ન જાય એવી વાત હતી... તેમણે પેથિક લૉરેન્સ અને ક્રિપ્સની સૂચના મુજબ બંધારણી દરખાસ્ત(મે-૧૬)નો સ્વીકાર જાહેર કરી દઈ પોતાનો રાહ મોકળો કર્યો. પરંતુ 'સ્વીકાર' કરવાની સાથે જ ૧૫મી કલમનું પોતાનું અર્થઘટન કર્યું કે "આ કલમ પ્રાંતોને પાકિસ્તાનમાં જોડાવા -- ન જોડાવાની બાબતમાં વિકલ્પ આપે છે (ફરજિયાત નથી). વળી, જણાવ્યું કે કોંગ્રેસને લાગેવળગે છે ત્યાં લગી મિશને પાછળથી (તા. ૨૫ મે) પોતાનો ઇરાદો જાહેર કર્યો તે અપ્રસ્તુત છે. મુખ્ય તો મૂળ દરખાસ્તોમાંના ૧૫મો ફકરો છે.

જો કે, એક બાજુ કોંગ્રેસના મહારથીઓ આવી બધી ધાલમેલમાં પડ્યા હતા; ત્યારે **મહાત્મા ગાંધીએ તો ૧૬ મેની દરખાસ્તોનો જ અસ્વીકાર કરવા સલાહ આપી હતી. પરંતુ મહારથીઓની અધિરાઈનો પાર ન હતો. તેમણે મહાત્માની સલાહ ન સ્વીકારી.**

વેવેલે વચગાળાની સરકાર અંગે કરેલી જાહેરાતનો કોંગ્રેસે અસ્વીકાર કર્યો; અને કૅબિનેટ મિશનની લાંબા ગાળાની યોજના(૧૬ મે)નો સ્વીકાર જાહેર કર્યો (૨૫મી જૂન). ઝીણા સાહેબે વળતું કદમ ઉઠાવતાં, સરકાર રચવા અંગેની વેવેલની દરખાસ્તનો સ્વીકાર કરી લઈ સરકારમાં જોડાવા સંમતિ આપી. (તેમણે અગાઉ પોતાના અર્થઘટન સાથે, મૂળ બંધારણી દરખાસ્તનો સ્વીકાર કર્યો જ હતો). પરંતુ સાથોસાથ તેમણે લાંબા ગાળાની દરખાસ્ત માટેના કોંગ્રેસના સ્વીકારને અપ્રામાણિક ગણાવીને, તેનો અસ્વીકાર કરવા જણાવ્યું. આમ, પોતે બંને બાબતોનો સ્વીકાર કર્યાથી, અને કોંગ્રેસે મૂળ બંધારણી બાબતનો જ **દેખાવ પૂરતો દંભી** સ્વીકાર અને સરકાર રચનાની દરખાસ્તનો સદંતર અસ્વીકાર કર્યો હોઈને, પોતાના હસ્તક સત્તાનાં સૂત્ર સોંપાશે એવો ભરોસો ઝીણા સાહેબ સેવ્યો હતો. પરંતુ તેમનું અણધાર્યું જ બન્યું.

વાઇસરૉય વેવેલ પણ ઢીલા પડ્યા, જો કે પોતે માનતા હતા કે કોંગ્રેસનો લાંબા ગાળાની દરખાસ્તનો સ્વીકાર **અપ્રામાણિક** છે. પરંતુ તેને **ઔપચારિક** સ્વીકાર તરીકે માનવો રહ્યો. આ પછી તો વેવેલે

સરકાર અંગે કરેલી ઑફરનો ફેરવિચાર કરવાનો મુદ્દો જોર કરતો થયો... વેવલની ૧૬ જૂનની દરખાસ્ત રદ થઈ.

લાંબી માંદગી ભોગવી રહેલા ઝીણા સાહેબ માટે આ અતિ કઠોર આઘાત હતો. અલબત્ત, "સંપૂર્ણ સાર્વભૌમ પાકિસ્તાન"ના ધ્યેયને દૃઢપણે વળગી રહેવા છતાં, છેલ્લે, પોતે જ 'સમવાયતંત્ર'ના સ્વીકાર સુધી પાછા ફર્યા હતા...તે એ ગણતરીએ કે કોંગ્રેસ એની જીદમાં જકડાઈ રહેશે...પોતાના હાથમાં તત્કાલ સત્તાનું પાકું ફળ આવીને પડશે...પરંતુ, અંતે, એ જ છિનવાઈ ગયું! ધૂંવાંપૂંવાં થઈને તેમણે કૉંગ્રેસને 'અપ્રામાણિક', પેથિક લૉરેન્સ અને ક્રિપ્સને તથા વેવેલનેય 'દગાખોર' ગણાવ્યા. (વેવલની બાબતમાં ઝીણા સાહેબ પહેલી જ વાર આટલા કઠોર બન્યા હતા). બીજું–

* ગમે તે હો, પણ એ સાચું છે કે કોંગ્રેસની અપ્રામાણિકતા અને કૅબિનેટ મિશનના બે ભારે વગદાર સભ્યોએ કોંગ્રેસ સાથે ભળી જઈને કરેલી ગુપ્ત કારવાઈ માટે ઝીણા સાહેબનો રોષ અસ્થાને ન હતો; પરંતુ મૂળ ખરડામાંનો ૧૫મો ફકરો કોંગ્રેસનું અને ૧૯મો લીગનું સમર્થન કરનારો હતો. નોંધવા જેવી વાત તો એ છે કે ક્રિપ્સે પોતે જ કહ્યા મુજબ, આ વિસંગતિ ઇરાદાપૂર્વકની હતી. એટલે કે કોંગ્રેસ અને લીગ કોઈનીય સ્વીકૃતિ સાચુકલી હોવાની જરૂર જ ન હતી!—બલકે, આવી કરામત અજમાવી ન હોત તો બંનેની સંમતિ મળી ન હોત! છેવટે, વચગાળાની સરકારનો સ્વીકાર બંને પક્ષ થઈ ગયો છે—એવું બ્રિટિશ પાર્લમેન્ટને જણાવી વધાઈ ખાવાની કૅબિનેટ મિશનની આતુરતાનું આ પરિણામ હતું.

કોંગ્રેસે પાઘડી ફેરવી લઈને લાંબા ગાળાની યોજનાનો ઔપચારિક સ્વીકાર કરી લીધો હોઈ તેને પાછળથી મુખ્ય પક્ષ તરીકે સરકાર રચવા આમંત્રણ આપ્યું, જો કે તેમાં મુસ્લિમ લીગના સભ્યો માટે ભવિષ્યમાં જોડાવા પૂરતી સગવડ રાખવાય સૂચવ્યું. આમ, પોતાની તરફેણમાં બધું પતી જતાં જવાહરલાલે બિલકુલ કસમયનું આક્રમણાત્મક નિવેદન કર્યું. તેમાં તેમણે જાહેર કર્યું કે મિશને સૂચવ્યા કરતાં કેન્દ્ર વધુ મજબૂત–બલિષ્ઠ હશે; ગ્રુપની યોજના ભવિષ્યમાં ક્યારેય ફળીભૂત નહિ થાય. અને છેવટે તો જે બંધારણીય સભા રચાશે તેને કમિશનની દરખાસ્તો બદલવાની સત્તા હોવાની જ.

જવાહરલાલની આ જાહેરાત પછી, ઝીણા સાહેબ ઘડી ભર તો ગમ ખાઈ ગયા જેવું લાગ્યું. પરંતુ એને બદલે તેમણે કૅબિનેટ મિશનની દરખાસ્ત અંગેની લીગની સંમતિ પાછી ખેંચી લઈને, 'પાકિસ્તાન લે કે રહેંગે'ની ગર્જના કરી. પોતાના કાર્યક્રમમાં, મહાત્મા ગાંધીના આરંભના કાર્યક્રમની જેમ, ઝીણા સાહેબે બ્રિટિશ ખિતાબ પરત કરવાની હાકલ કરતાં ઉમેર્યું : "આજે હવે લીગ બંધારણી પદ્ધતિઓનો ત્યાગ કરે છે. આજ લગી બ્રિટિશ અને કોંગ્રેસ આપણી સામે પોતપોતાની રીતે 'પિસ્તોલ' તાકતાં રહ્યાં છે. હવે આજે આપણે પિસ્તોલ દાખવવાની સ્થિતિએ ધકેલાયા છીએ." અને ઉમેર્યું કે લીગે સમાધાન થાય એ દૃષ્ટિએ, બલકે, આખા હિંદુસ્તાનને સ્વતંત્રતા મળે તે હેતુથી, પોતાના સંપૂર્ણ સાર્વભૌમત્વવાળા પાકિસ્તાનનો ભોગ આપવા સુધીની ઉદારતા દાખવી હતી...એનો બદલો તુચ્છકાર અને અવગણનાભર્યો વાળવામાં આવ્યો છે...

આ પછી લીગની(રેલી)માં તેમણે જાહેર કર્યું કે તેઓ પોતે જેલ જવા તૈયાર છે. પરંતુ પંચોતેરમે વરસે જેલના અનુભવનો ખ્યાલ આવતાં, તેમણે સિફતપૂર્વક સુધારી લીધું કે કાયદે-આઝમ જેલ નહિ જાય, જીવન પાથરી દેવાનું કરશે—પોલિસની ગોળીએ સૌથી પ્રથમ વીંધાઈ જવા પોતાની છાતી ધરી દેશે. (૧૬–૮–૧૯૪૬)

'સીધાં પગલાં'ની આ પ્રકારની આવેશમય જાહેરાતે મુસ્લિમોમાં ઉશ્કેરણી ફેલાવી દીધી. કલકત્તામાં આગ, ખૂનામરકી, અત્યાચારો(સ્ત્રી-બાળકો સહિત)નો શુમાર ન રહ્યો. બંગાળમાં સુહરાવર્દીની સરકારે

એની તરફ આંખ આડા કાન કર્યા. લીગ તરફ સહાનુભૂતિ રાખનારા અંગ્રેજી માલિકીવાળા 'સ્ટેટસ્મેન'એ સુધ્ધાં લખ્યું કે હિંદુસ્તાનના ઇતિહાસમાં આવું કોમી દંગલ કદી બન્યું ન હતું. અને એની જવાબદારી મુસ્લિમ લીગની હોવાનુંય તેણે જણાવ્યું. બીજી બાજુ, સરદાર પટેલે રાજાજીને લખ્યું : "મુસ્લિમોના મરણનો આંકડો જોતાં લાગે છે કે આ કલકત્તાનો હત્યાકાંડ લીગને માટે એક સારા પાઠરૂપ બનશે."

આ દિવસો દરમિયાન વેવેલે જવાહરલાલને વચગાળાનું પ્રધાનમંડળ રચવા જણાવ્યું હતું. તેમણે એક કોંગ્રેસી મુસ્લિમ અને બે સ્વતંત્ર મુસ્લિમોવાળી ટીમ સાથે સત્તા ગ્રહણ કરી (૨–૯–૧૯૪૬).

બીજી બાજુ, ભોપાલના નવાબના પ્રયાસથી ગાંધીજી અને ઝીણા સાહેબ વચ્ચે બે-એક વરસના ગાળા બાદ મસલતો શરૂ થઈ (ઓક્ટોબર ૧૯૪૬). હવે ગાંધીજીએ સ્વીકાર્યું કે હિંદુસ્તાનના મુસ્લિમોનું પ્રતિનિધિત્વ માત્ર લીગ જ કરે છે અને ઝીણા સાહેબે કોંગ્રેસ-લીગની મિશ્ર સરકારનો વિચાર આવકાર્યો. પરંતુ સંપૂર્ણ સાર્વભૌમ અખંડ 'પાકિસ્તાન' અને ગ્રુપિંગના મુદ્દા પર મેળ ન ખાધો. આ પછી, વચગાળાની સરકાર બાબત વાઇસરૉય સાથે વાતચીત કર્યા બાદ ઝીણા સાહેબે સરકારમાં જોડાવા સ્વીકાર કર્યો (૧૫—૧૦—૧૯૪૬), અને એ ટીમમાં એક કોંગ્રેસી મુસલમાન હોવા છતાં તેને અંગે કશો ઝઘડો ન કર્યો. એની સામે તેમણે હરિજન નેતા જોગેન્દ્રનાથ મંડલનું નામ મૂકીને હિંદુઓમાં પોતાની ફાચર મારી પરંતુ મુદ્દાની વાત બીજી જ હતી. લીગ આ વચગાળાની સરકારમાં એટલા માટે સામેલ થઈ હતી કે, 'પાકિસ્તાન' માટેની લડત માટે આ પણ એક મોરચો બનશે. તેના પહેલા પગલારૂપે તેણે પ્રધાનમંડળની ટીમ તરીકેની પ્રણાલી હડસેલી કાઢી. જવાહરલાલ તેમના વડાપ્રધાન છે અને બાકીના બધા તેમની ટીમના સભ્યો છે એવું કશું તેમને માન્ય ન હતું. પ્રધાનમંડળમાં બે સમાંતર સત્તાઓ પોતપોતાની રીતે ચાલતી હોય એવું બન્યું—બલકે, મિશ્ર સરકારના આરંભથી જ પ્રધાનમંડળ યુદ્ધનું મેદાન બની ગયું.

૧૯૪૬ના અંતમાં કોંગ્રેસે એવો આગ્રહ રાખ્યો કે લીગે ભવિષ્યના સંઘ રાજ્યનો સ્વીકાર કરવો જોઈએ; તો સામેથી ફરજિયાત ગ્રુપિંગનો આગ્રહ થયો. કશોક મેળ ખવડાવવાની ધારણાએ બ્રિટનની સરકારે ઝીણા સાહેબ, જવાહરલાલ અને વેવેલને લંડન બોલાવ્યા. પરંતુ ત્યાંય કશો ભલીવાર ન થયો. પેથિક લૉરેન્સ અને ક્રિપ્સનું વલણ કોંગ્રેસ તરફ ઝૂકતું હતું, જ્યારે વાઇસરૉય તથા એલેક્ઝાન્ડરનું લીગ તરફ. છેવટે, એની એ વિષમ પરિસ્થિતિ રહી : પ્રાંતોએ તેમના ગ્રુપમાં જોડાવું જ રહ્યું અને તેના ગ્રુપે બનાવેલા બંધારણને વશ થવું જ રહ્યું. જવાહરલાલ હતાશ થઈને પાછા આવ્યા; અને ગુસ્સે ભરાયેલા સરદાર પટેલે ક્રિપ્સને લખ્યું :

> "તમે જાણો જ છો કે ગાંધીજી આ પ્રકારની ખટપટના વિરોધી હતા; છતાં, મેં મારું વજન એની તરફેણમાં નાખ્યું હતું... હવે દગો રમાઈ રહ્યો છે. દા. ત. આસામના અમુક જ જિલ્લામાં મુસ્લિમ બહુમતી છે, છતાં આખા આસામને મુસ્લિમ બહુમતીવાળા બંગાળના ગ્રુપમાં મૂકવાથી તો તેણે બંગાળી મુસ્લિમોએ ઘડેલા ગ્રુપ બંધારણને તાબે થવું રહે! તમે શું એમ માનો છો કે આસામી હિંદુઓ આવો હળાહળ અન્યાય સાંખી લેશે ?"

આમ, બ્રિટિશ શહેનશાહનો ગમે તેવો ફેંસલો હોય, કોંગ્રેસ એ બાબતમાં સ્પષ્ટ છે કે આસામ અને ઉત્તરી સરહદ પ્રાંતને પોતા અંગેનો નિર્ણય પોતે જ કરવાનો અધિકાર રહેશે.

*આ પછી તો ઝીણા સાહેબે મિશન યોજના ફગાવી દેવાની, બંધારણ સભા વિખેરી નાખવાની અને 'પાકિસ્તાન'ની રચના કરવાની માગણી કરી.

છેવટે, ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૪૭ના દિવસે, બ્રિટિશ વડાપ્રધાન એટલીએ ધડાકો કર્યો; : શહેનશાહની સરકાર મોડામાં મોડું જૂન ૧૯૪૮ સુધીમાં સત્તાનું હસ્તાંતર પતાવી દેશે. એ દિવસે બ્રિટિશ હિંદના પ્રદેશોની (રજવાડાં નહિ !) લગામ કોના હાથમાં સુપરત કરવી — આખો પ્રદેશ કોઈ એક પ્રકારની કેન્દ્રીય સરકારના હાથમાં કે અમુક પ્રદેશો હાલના પ્રાંતોના હાથમાં કે પછી બીજી કોઈ વધુ વાજબી લાગે તે રીતે તેનો નિર્ણય પોતે તે વખતે કરશે. વળી, વાઇસરૉય વેવેલ નિવૃત્ત થશે અને તેમની જવાબદારી બ્રિટનના રાજાના પિતરાઈ ભાઈ માઉન્ટબૅટન સંભાળશે.

આના પ્રત્યાઘાત રૂપે ગાંધીજીએ જવાહરલાલને જણાવ્યું કે જો બ્રિટન જ ભાગલાનો નિર્ણય લઈ લેશે તો તેનો પ્રતિકાર કરવાનો કોંગ્રેસનો સંકલ્પ મિથ્યા ગણાશે. બીજી બાજુ, જવાહરલાલ અને સરદાર પટેલને 'સહિયારા પ્રધાનમંડળ'નો જે ભૂંડો અનુભવ થઈ ચૂક્યો હતો તે પછી લાગ્યું હતું કે નબળા કેન્દ્રવાળા સમવાયતંત્રી સ્વરૂપના અખંડ ભારત કરતાં ખંડિત વિભક્ત ભારત વધુ પસંદ કરવું સારું—કમ સે કમ ત્યાં મુક્ત રીતે કારભાર કરી શકાશે...અને સરદાર પટેલે વેવેલને એમ પણ જણાવ્યું કે મુસ્લિમોને પશ્ચિમ પંજાબ, પૂર્વ બંગાળ, સિંધ અને ઉત્તરી સરહદી પ્રાંત ભલે અપાય.

આમ, અંતિમ નિર્ણય નજીક આવતો જોઈને સૌએ પોતાનો ગઢ મજબૂત કરવા માંડયો. લીગ માટે તો "ઇસ્લામ ભયમાં છે" અને "પાકિસ્તાન ઝિંદાબાદ"નાં સૂત્રો પૂરતાં હતાં. તેનું અણધાર્યું પરિણામ ઉત્તરી સરહદ પ્રાંતમાં દેખાયું — ડૉ. ખાન સાહેબનું પ્રધાનમંડળ, 'બે-અદબી'નું આંદોલન શરૂ થતાં જ, ઊથલી પડયું ! પંજાબમાં ખિઝર હયાતખાને 'ઇસ્લામને દગાખોર' ગણાવાના ભયે રાજીનામું આપી દીધું; અને પંજાબની ધારાસભામાંના લીગી નેતા મામદોતના ખાનના હાથમાં સરકાર ચાલી ગઈ (૨ માર્ચ–૪૭). ખિઝર પ્રધાનમંડળને ટેકો આપી રહેલ શીખ નેતા તારાસિંગે શીખ યુવાનોને સક્રિય બનવા હાકલ કરી. પણ 'મુસ્લિમ રક્ષકો'એ લાહોર, અમૃતસર, રાવલપિંડી અને મુલતાનમાં કાળો કેર વરતાવ્યો.

૧૯૪૬ના ઑગસ્ટમાં કલકત્તાની કતલ પછી પૂર્વ બંગાળમાં હિંદુઓની, બિહાર અને યુક્ત પ્રાંતમાં મુસ્લિમોની કતલ થતાં દેશભરમાં આંતરવિગ્રહની આગ ભભૂકવા લાગી હતી તે હવે બેકાબૂ બની જવાની દહેશતથી ધાક ખાઈ ગયેલી કોંગ્રેસની કારોબારીએ, વળી મહાત્મા ગાંધીને કશી જાણ કર્યા વિના, હિંદુ-શીખ પ્રદેશોને બચાવી લેવા ખાતર પંજાબ અને બંગાળના ભાગલા પાડવાની દરખાસ્ત પસાર કરી; અને એવીય સ્પષ્ટતા કરી કે બંધારણસભા જે બંધારણ ઘડી રહી છે તે જેમને માન્ય હોય તેટલા પ્રદેશોને જ લાગુ પડશે. ટૂંકમાં, 'પાકિસ્તાન' આપીનેય વિપવર્તુળમાંથી બહાર આવવાનો આ ઉધામો હતો. પરંતુ હજી ઝીણા સાહેબની પેરવી તો આખેઆખાં પંજાબ અને બંગાળ ફરજિયાત પાકિસ્તાનમાં આવે તે પ્રકારની જ હતી. તો વળી, મહાત્મા ગાંધીએ અખંડ અને અખિલ ભારતના આદર્શની તેમની ભાવનાને કારણે પ્રાંતોના ભાગલા વિષેનાં કોંગ્રેસનાં સૂચનો નાપસંદ કર્યાં—ઇતિહાસની કેવી કરામત કે એક જ નિર્ણય એકે કોમી સ્વાર્થ માટે, તો બીજાએ સિદ્ધાંતની ખાતર કર્યો હતો !

આ અરસામાં માઉન્ટબૅટને વાઇસરૉય તરીકેનો હવાલો લઈ લીધો. અને વળી ગાંધી-ઝીણા ગુફ્તેગો ઝીણા સાહેબના દિલ્લીમાંના નિવાસે શરૂ થઈ. સરદાર પટેલને આ તબક્કે આવા પ્રકારની ગુફ્તેગો ઝીણા સાહેબનું માથું મોટું કરવા બરાબર લાગી. મહાત્માએ જણાવ્યું કે જરૂર લાગતાં તેઓ બે-પાંચ-સાત નહિ સિત્યોતેર બેઠકો યોજીને કાયદે આઝમને સમજાવવાની કોશિશ કરશે. અલબત્ત, સૌએ ધાર્યા મુજબ ત્રણ કલાકની આ મસલતો નિષ્ફળ નીવડી. અગાઉની જેમ, બંનેએ ફરી શાંતિ માટેની સંયુક્ત અપીલ કરી.

ભારતના ભાગલા ટાળવાના હેતુથી ગાંધીજીએ છેલ્લો પુરુષાર્થ કર્યો. તેમણે માઉન્ટબૅટનને સૂચવ્યું કે હાલની (નામની) સંયુક્ત સરકાર વિખેરી નાખો; ઝીણા સાહેબને પોતાની સરકાર રચવાની અને

પાકિસ્તાન માટે કામ કરવાની પૂરેપૂરી છૂટ આપો. તેમણે કોંગ્રેસ વતી એવીય ખાતરી આપં
કેન્દ્રીય ધારાસભામાં બહુમતી હોવા છતાં, કોંગ્રેસ ઝીણા સાહેબની સરકારનો રાહ નહિ રોકે
લવાદ તરીકે માઉન્ટબેટનને તે સરકાર દેશના હિતમાં કામ કરે છે એવું લાગે ત્યાં સુધી તે ભલે રાજ ક

રાજમોહન ગાંધી જણાવે છે કે દસ વરસ પૂર્વે, મહાત્મા, જવાહરલાલ અને સરદાર પટેલ ભોગે, ઝીણા સાહેબને છૂટો દોર આપવા તૈયાર ન હતા. હવે તેઓ જવાહરલાલ, સરદાર અને કોંગ્રે: આખીનો ભોગ આપવા તૈયાર થયા હતા.

પરંતુ 'ઝીણા-માઉન્ટબેટન'ની જોડીને કામ કરવા દેવાનો મહાત્માનો ખ્યાલ કોંગ્રેસના મોવ: મંડળને માન્ય ન હતો. મૌ. આઝાદે જણાવ્યા મુજબ, જવાહરલાલ અને સરદારે મહાત્માના આ સૂચનને સખત વિરોધ કર્યો—એટલી હદે કે **મહાત્માને એ નિવેદન પાછું ખેંચી લેવાની ફરજ પડી** અલબત્ત, ઝીણા સાહેબ એનો સ્વીકાર કરત કે કેમ એ વિષે મતભેદ છે. સ્ટેનલી વોલપર્ટ (ઝીણા સાહેબનં જીવનકથાના લેખક)ના મતે, કદાચ સ્વીકારત. હકીકતે, આ સૂચન ઝીણા સાહેબને મોકલાયું જ ન હતું શાથી ? ગાંધીજીનો સંદેશો તેમના સાથીઓએ જ દબાવી રાખ્યો હશે ? કોંગ્રેસ વતી વચન આપવાને ગાંધીજીનો અધિકાર ઝીણા સાહેબે અગાઉ પડકાર્યો હતો. હવે તેમના નિકટતમ સાથીઓ દ્વારા પડકારાયો —મહાત્માના જીવનની એક વધુ કરુણતા ! બીજી બાજુ, માઉન્ટબેટને કોંગ્રેસ અને લીગ બંનેના નેતાઓને વિશ્વાસ જીતી લીધા—જો કે, એકની આગળ બીજાને ઉતારી પાડવાની તરકીબથી !—વિષવર્તુળનો જલદી અંત આણવા સૌ કોઈ અધીરા ને ઇંતેજાર હતા. માઉન્ટબેટનનો આખરી ફેંસલો સૌએ સ્વીકારી લીધો.

*** આ અંત પણ ઓછો નામોશીભર્યો ન ગણાય. પરંતુ મહાત્મા ગાંધીએ અનેકવાર કહ્યું છે તેમ, આ ઘટનાઓ તેમને માટે ઉદ્વેગની કરતાં ઈશ્વરનિર્મિતની વધુ બની હતી, કેમકે એની પાછળ કોઈ વ્યક્તિની ખરાબ દાનત ન હતી. ગાંધીજીએ સૂચવેલી તક ઝીણા સાહેબ અને માઉન્ટબેટનની જોડીને અપાઈ હોત, તો એનાં જે દુષ્ટ પરિણામો આવત એના ખ્યાલે જ જવાહરલાલ-સરદારની બેલડીએ તેમના એકમાત્ર રાહબર અને આદરણીય મહાપુરુષના વચનનું અવમૂલ્યાંકન કર્યું હતું એમ ઇતિહાસની આંખે કહી શકીએ.**

મો. ક. ગાંધીથી મહાત્મા ગાંધી



બૅરિસ્ટર મો. ક. ગાંધી

# ૧૬ : હુલામણા દેશભક્તનું સ્વાગત

ગાંધીજી ભારત પાછા ફર્યા (મુંબઈ બંદરે ઊતર્યા : ૯—૧—૧૯૧૫) તે અગાઉ દ. આફ્રિકામાં તેમણે ત્યાંના કાળા ભારતવાસીઓને ગોરા શાસકો અને માલિકોને હાથે સહેવા પડતા અન્યાયો અને અપમાનિત ભેદભાવો દૂર કરાવવા વરસો સુધી અહિંસક સત્યાગ્રહની બેનમૂન વિજયી લડત આપી હતી. તેનાથી પ્રભાવિત થયેલા ભારતના દેશભક્તો અને નેતાઓએ તેમને ત્યાગી, નિડર તથા બાહોશ સુકાની તરીકે બિરદાવ્યા હતા. કોંગ્રેસે અને અન્ય સંસ્થાઓએ પોતાનાં પ્રતિનિધિ મંડળો ત્યાં મોકલ્યાં હતાં અને તેમનાં સંગઠનોમાં લડતને બિરદાવતા ઠરાવો પણ કર્યા હતા.

## કોંગ્રેસના ઠરાવોમાંથી

૧૯૦૯માં લાહોર ખાતે મળેલા કોંગ્રેસના ચોવીસમા અધિવેશનમાં મોહનદાસ કરમચંદ ગાંધીએ ટ્રાન્સવાલ (દ. આફ્રિકા)માં હિંદુસ્તાનના તમામ કોમોના વતનીઓને સંગઠિત કરીને, તેમના ઉપર ત્યાંની અંગ્રેજ હકૂમત તરફથી ગુજરાતા ભેદભાવો, અન્યાયો અને અપમાનો સામે જે શાંતિમય અને સફળ લડત (અસહકાર) ચલાવીને વિજય મેળવ્યો હતો તે માટે ખાસ ઠરાવ કરવામાં આવ્યો હતો. શ્રી ગાંધી અને તેમના બહાદુર અને વફાદાર સાથીઓની દેશભક્તિ, હિંમત અને આપભોગની ખૂબ તારીફ કરીને, તેમની હવે પછીની ત્યાંની પ્રવૃત્તિ માટે પ્રોત્સાહન આપવા કોંગ્રેસે પોતાના ફંડમાંથી રૂા. ૨૫,૦૦૦ની ઉદાર સખાવત આપીને, સર્વ હિંદીઓને નાણાંની મદદ કરવા અપીલ કરી હતી. ૧૯૧૧માં હદપ્રવેશ વિષેના એશિયાવાસી વિરુદ્ધના કાયદાઓ રદ કરાવ્યા તે માટે ગાંધીજી અને તેમના સાથીઓનું હૃદયપૂર્વક અભિનંદન કર્યું. ૧૯૧૩માં ગિરમિટિયા મજૂરોની પદ્ધતિ રદ કરવાનો જૂનો ઠરાવ કોંગ્રેસે ફરી પસાર કર્યો. એ પ્રશ્નનું અંશતઃ સમાધાન કરાવી આપવા માટે લૉર્ડ હાર્ડિંજ પ્રત્યે આભાર પ્રદર્શિત કર્યો. ૧૯૧૩ના કરાંચી અધિવેશનમાં ગાંધીજી અને તેમના અનુયાયીઓએ આપેલા અસાધારણ બલિદાનની તેમજ તેમના વીરતાભર્યા પુરુષાર્થની કોંગ્રેસે પ્રશંસા કરી.

* હિંદને ગાંધીજીનો પરિચય આ રીતે થયો હતો.

આમ, ગાંધીજીનું ભારતમાં આગમન થતાં દેશભરનાં જાગ્રત અને દેશાભિમાની સંગઠનો, નેતાઓ—કાર્યકર્તાઓને હૈયે એક નવી અભિલાષા પેદા થઈ હતી, તો ખુદ ગાંધીજી પણ, જેમને તેમણે રાજકીય ક્ષેત્રે પોતાના ગુરુ તરીકે વંદ્યા હતા તે પીઢ દેશભક્ત ગોખલેની સલાહને અનુસર્યા હતા. સલાહ એ હતી કે દેશમાં આવતાં એકદમ સીધા રાજકારણમાં ઝંપલાવવું નહિ. એક આખું વરસ મૂંગેમૂંગા એટલે કે જરૂર પૂરતો વિચાર-વિનિમય કરતા રહીને દેશમાં ઘૂમી આવી, પરિસ્થિતિનો તાગ મેળવવો. ગાંધીજીએ તે અનુસાર આરંભેલા પ્રવાસ દરમિયાન તેમને તમામ પ્રદેશોમાં તમામ વર્ગો અને કોમો તરફથી જે પ્રેમ અને આદર પ્રાપ્ત થયેલાં તેનું દર્શન ઊડતી નજરે કરી લઈએ.

ગાંધીજી મુંબઈના બંદરે ઊતરતાં જ તેમનું ઠેરઠેર ઉમળકાભર્યું સ્વાગત થયું હતું, તેમાં લોકમાન્ય ટિળક તથા સર ફિરોઝશાહ મહેતા પણ સામેલ હતા. સામેથી ગાંધીજી પોતે બુઝર્ગ વડીલ નેતા દાદાભાઈ નવરોજી તથા નામદાર ગોખલેને મુંબઈમાં ઊતરતાં જ મળવા ગયા હતા, અને જનાબ ઝીણાનેય મળવાનું

તેમના પ્રમુખપદે યોજાયેલા મેળાવડામાં થયું હતું. સાથોસાથ ગર્વનર લૉર્ડ વિલિંગ્ડનની મુલાકાત લેવાનું ચૂકયા ન હતા. આ પછી પોતાના નિવાસસ્થાન રાજકોટ પહોંચતાં ત્યાંના રાજ્યના દીવાને તેમને માન પત્ર આપ્યું હતું; અને ગાંધીજી પોતે ઠાકોર સાહેબને મળવા ગયા હતા. સામેથી એ સાંજે ઠાકોરસાહેબે પોતે ગાંધીજીને તેમના નિવાસે મળવા જઈને, કૌટુંબિક આત્મીયતા (ગાંધીજીના પિતા રાજકોટના દીવાન હતા) પ્રગટ કરી હતી. તે જ રીતે ગોંડળના સ્ટેશને ભવ્ય સત્કાર થયો હતો; તેમાં ત્યાંના ઠાકોર સાહેબ હાજર હતા અને સરઘસ નીકળવાના સ્થળે બંને ભેટયા હતા. પોરબંદરમાં તો દીવાનને ત્યાં જ ઊતર્યા હતા અને ઠાકોર સાહેબને ત્યાં ભોજન લીધું હતું. ત્યાંથી અમદાવાદ પાછા ફરતાં રાજકોટમાં સ્થાનકવાસી સાધુ નાગજી સ્વામીની મુલાકાતે પોતે ગયા હતા. અમદાવાદમાં પગ મૂકતાં શરૂ થયેલાં સરઘસ, સભા અને માનપત્રો તથા સ્થાનિક અગ્રેસરો સાથેની વાતચીતના ભરચક કાર્યક્રમમાં તેઓ રોકાયેલા રહ્યા હતા સર ચીનુભાઈ, શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ મંગળદાસ જેવા ધનાઢયો અને સ્વામી અખંડાનંદ જેવાએય તેમના ભારતઆગમનને વધાવી લીધું હતું; તો સામેથી ગાંધીજી આ બધાં નગરોમાંની મહત્ત્વની સંસ્થાઓની મુલાકાતો લેવાનું ચૂકયા ન હતા.

આમ, ગુજરાત-સૌરાષ્ટ્રની મુલાકાતો પતાવી, ગાંધીજી સીધા પૂના પહોંચ્યા. સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના (જેના સ્થાપક મહામના ગોખલે હતા) મહેમાન બન્યા. ત્યાંની ડેક્કન સભા તથા અન્ય જાહેર સંસ્થાઓએય તેમને વધાવ્યા હતા, જેમાં લોકમાન્ય ટિળકે આગળ પડતો ભાગ હતો. ત્યાંથી મુંબઈ થઈને ગાંધીજી ગુરુદેવ રવીન્દ્રનાથના સંસ્કારકેન્દ્ર શાંતિનિકેતન પહોંચ્યા. પરંતુ ત્યાં તેમને મહામના ગોખલેના અવસાનનો તાર મળતાં જ તેઓ પૂના પાછા ફર્યા. પોતાના 'રાજકીય ગુરુ'ને જાહેર સભામાં ભારે આદરભરી અંજલી આપીને, વળી ગાંધીજી ગુરુદેવના 'શાંતિનિકેતન' પહોંચી ગયા. (કાકા સાહેબ કાલેલકર તથા આચાર્ય કૃપલાનીનો પ્રથમ પરિચય તેમને અહીં થયેલો.) ત્યાંથી કલકત્તા પહોંચતાં, લોકોએ ભારે ઉત્સાહમાં આવીને, ઘોડા છોડી નાખી તેમની ગાડી ખેંચીને શહેરમાં ફેરવ્યા હતા. કલકત્તામાં 'સાધારણ બ્રહ્મસમાજ' અને ગુજરાતી મંડળે તેમનું બહુમાન કર્યું હતું. આ સમારંભોમાં ભૂપેન્દ્રનાથ બસુ (૧૯૧૪માં કોંગ્રેસ પ્રમુખ), મોતીલાલ ઘોષ ('અમૃતબજાર' પત્રિકાના તંત્રી) તથા રાષ્ટ્રમાન્ય પુરુષ સુરેન્દ્રનાથ બેનરજીએ અને કાસીમ બજારના મહારાજાએ સુદ્ધાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. ત્યાંથી રંગૂન પહોંચતાં ડૉ. પ્રાણજીવનદાસ મહેતાએ યજમાન ધર્મ બજાવ્યો હતો. ત્યાં એક સ્થળે તો તેમને મોતીથી વધાવ્યા હતા; અને લોકોએ ગાડી ખેંચી હતી; તથા અનેક જાહેર સમારંભોમાં તેમને બિરદાવ્યા હતા. રંગૂનથી પાછા ફરતાં તેમણે કલકત્તામાં દેશબંધુ ચિત્તરંજનદાસના નિવાસસ્થાને સ્નેહસંમેલન માણ્યું; અને હિંદુસભાનું માનપત્ર સ્વીકાર્યું. વળી, શાંતિનિકેતનમાં કવિવરને મળીને હરદ્વાર, કાંગડી ગુરુકુળ, ઋષિકેષ આદિ તીર્થક્ષેત્રો ખેડયાં. હરદ્વારમાં કુંભમેળામાં સ્વયંસેવક તરીકે પોતે કામ પણ કર્યું, તો સ્વામી શ્રદ્ધાનંદ (ત્યારે 'મહાત્મા મુનશીરામ')ના પ્રમુખપદે ગુરુકુળ તરફથી માનપત્ર સ્વીકાર્યું; ત્યાંની અખિલ ભારત હિંદુ પરિષદમાં હાજરી આપી. રામકૃષ્ણ મિશન આદિ સંસ્થાઓની મુલાકાત લીધી. આવો ખાસો સ્નેહાદરભર્યો પ્રવાસ આગળ ચાલ્યો : દિલ્હી, મદ્રાસ, વેલુર વગેરે સ્થળોએ પરિભ્રમણ કરી, મુંબઈ થઈ ગાંધીજી અમદાવાદ પાછા ફર્યા.

૧૯૧૫ની સાલનું આ પરિભ્રમણ ગાંધીજીને પોતાની ભાવિ પ્રવૃત્તિ માટે પૂર્વ ભૂમિકારૂપ નીવડયું હતું. તત્કાલ તેમણે અમદાવાદને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવવાનો નિર્ણય કરી લીધો. ત્યાંના પહેલા વર્ષનું તેમનું એક મહત્ત્વનું સર્જન તે કોચરબ(અમદાવાદ)માં તેમના આશ્રમનો આરંભ છે. તેનું વાસ્તુ કશ્મીરી ટોપી પહેરીને ગાંધીજીએ કર્યું હતું-(૨૦–૫–૧૯૧૫). આશ્રમનો ઉદ્દેશ હતો : 'જન્મ પર્યંત દેશસેવા કરતાં શીખવાનો', જો કે તેમાં નૈતિક જીવન-વિકાસને અનુલક્ષીને ત્રણ મુખ્ય વ્રતો, ઉપરાંત ત્રણ ઉપવ્રતોના પાલન પર ભાર મૂકયો હતો. ધ્યાન ખેંચે એવું તો એ છે કે તેમાં સ્વદેશી વ્રત નો ખાસ સમાવેશ કરવામાં આવ્યો હતો.

બીજા નિયમોમાં સ્વભાષા તથા જાતમહેનત ઉપર ભાર મૂકીને, 'રાજ્યનીતિ' સંબંધમાં ગાંધીજીની મૌલિકતા જોવા મળે છે : "રાજનીતિ, આર્થિક ઉન્નતિ વગેરે નોખા વિષયો નથી, પણ તે બધાંનું મૂળ ધર્મમાં જ રહેલું છે, એમ સમજીને રાજકારણી વિષયો, આર્થિક વિષયો, સંસાર-વ્યવહારના વિષયો વગેરેનો અભ્યાસ આશ્રમવાસી કરશે, કરાવશે અને આ વિષયોમાં યથાશક્તિ સંપૂર્ણ ઉત્સાહપૂર્વક ભાગ લેશે."

આ પહેલા વરસ દરમિયાન ગાંધીજી માટે અને આખા દેશ માટે બનેલી બે ઘટનાઓ નોંધપાત્ર છે : એક નામદાર ગોખલે અને ફિરોજશાહ મહેતા—બેઉ રાષ્ટ્રભક્તોના અવસાનની છે. ગાંધીજીનો આ બેઉ રાષ્ટ્રભક્તો માટેનો આદરભાવ એમણે આપેલાં અનેક ભાષણોમાં વ્યક્ત થયો હતો. ઉપરાંત, ગાંધીજી પોતે પણ આ બેઉ મહાનુભાવોની જેમ ૧૯૧૮ લગી એવી શ્રદ્ધા ધરાવતા હતા કે બ્રિટિશ મુત્સદ્દી શાસકોમાં ન્યાય-બુદ્ધિ અને મનની ઉદારતા હોઈને, સ્વશાસન પ્રાપ્ત કરવામાં ભારતને ઝાઝી મુશ્કેલીઓ—અવરોધો આડે નહિ આવે; એમના ઉપર લોકમતનું પૂરતું દબાણ લાવવાથી વિશેષ કશું નહિ કરવું પડે. તેમના આવા વલણને લક્ષમાં લઈને હિંદ સરકારે પણ દ. આફ્રિકામાંના હિંદીઓના આ નેતા(ગાંધીજી)ને 'કૈસરે હિંદ' ચાંદ આપીને નવાજ્યા. (૪–૬–૧૯૧૫)

ગાંધીજીએ વરસના અંતમાં કોંગ્રેસના મુંબઈ અધિવેશનમાં હાજરી આપી (૨૭ થી ૨૯ ડિસે. '૧૫), અને મુસ્લિમ લીગના મુંબઈ અધિવેશનમાંય તેઓ હાજર રહ્યા. (૩૦ ડિસે. '૧૫)

## પ્રથમ ગ્રાસે મક્ષિકા?

ગાંધીજીની એક વિચક્ષણતાનું દૃષ્ટાંત બનારસ (હિંદુ) યુનિવર્સિટીના ઉદ્‌ઘાટન પ્રસંગે (૬–૨–૧૯૧૬) તેમણે આપેલા વ્યાખ્યાન નિમિત્તે થયેલ ઊહાપોહમાં પ્રગટ થયું હતું. આ સંસ્થાના સ્થાપક હતા મદન મોહન માલવિયા. તેમણે ગાંધીજીને આ પ્રસંગે બોલવાનો આગ્રહ કર્યો હતો. તેના પ્રમુખ સ્થાને દરભંગાના મહારાજા હતા અને શ્રીમતી એની બિસાંટ તે સંસ્થાનાં એક અગ્રણી સંયોજક હતાં. ઉપસ્થિતોમાં અનેક રાજા-મહારાજાઓ તથા ઊંચી કક્ષાના અમલદારો હતા. વળી, આ અવસરે ખાસ બનારસ આવેલા વાઇસરૉય એમની સુરક્ષા અને મોભાને અનુરૂપ લાવલશ્કર સાથે બનારસમાં આવેલા હતા. આવા અવસરે ગાંધીજીએ તેમના વ્યાખ્યાનમાં શિક્ષણ ઉપરનાં પોતાનાં કેટલાંક મૌલિક સૂચનો કર્યાં હતાં. પરંતુ સાથોસાથ તે દિવસોમાં દેશની અંદર આતંકવાદીઓનું એક કેન્દ્ર બનારસ પણ હોઈને, ગાંધીજીએ એ બાબત બહુ

## ગાંધીજીની બે રાષ્ટ્રવીરોને અંજલિ

હું ભારતમાં એક એવા વીરપુરુષને શોધતો હતો જે ખરેખરો सत्यनिष्ठ હોય. એ વીરપુરુષ મને ગોખલેના રૂપમાં મળી આવ્યો. ભારત પ્રત્યેનો એમનો પ્રેમ અને સદ્‌ભાવ ખરેખર શુદ્ધ હતો. દેશની સેવાને ખાતર એમણે બધા પ્રકારનાં સુખોનો અને સ્વાર્થનો ત્યાગ કર્યો હતો. માંદગીને બિછાને પડ્યાં પડ્યાં પણ તેમનું ચિત્ત ભારતના હિતનું ચિંતન કરવામાં રોકાયેલું રહેતું.

તેઓ અંત લગી કહેતા : મૃત્યુ સિવાય બીજું કોઈ પણ મને કામકાજથી અલગ કરી શકશે નહિ. (૨૦–૨–૧૯૧૫) ગોખલે એક આત્મત્યાગી મનુષ્ય હતા. તે માટે તેઓ ऋषि નામને યોગ્ય હતા. (૧૫–૧૧–૧૫) તો વળી, ગાંધીજી ફિરોજશાહને અંજલિ આપતાં જણાવે છે : સર ફિરોજશાહ મુંબઈના શહેરી મંડળના એક સિંહ હતા, અને એ સિંહની ગર્જના સાંભળવાની કેટલીક તકો મને પણ મળી હતી. હિંદના જુદાજુદા વાઇસરૉયો તથા ગવર્નરો સામે તેમણે ઘણી વખત બાથ ભીડી હતી.

સર ફિરોજશાહ મુંબઈના, બલકે હિંદના તાજ વગરના રાજા હતા. (૧૫–૧૧–૧૫)

નિખાલસ રીતે વિવરણ કર્યું. તેમાં આ બંડખોરોના દેશપ્રેમ માટે, તેમના તે દિશાના શૌર્ય માટે પ્રશંસા કરીને, તેઓ કેવા ખોટા રાહે ચઢી ગયા હતા તે સમજાવ્યું હતું; ઉપરાંત વાઇસરૉય જેવા દેશના સર્વોચ્ચ અધિકારી પોતાના રક્ષણ માટે મોટું લાવલશ્કર લઈને ફરે, એના બદલે તેઓ નિર્ભયતાનું ઉદાહરણ બેસાડે એવી અપેક્ષા વા ટકોર પણ ગાંધીજીના વ્યાખ્યાનમાં સાંભળવા મળતાં, આગંતુક રાજવીઓ ઊંચાનીચા થઈ ગયા હતા. એની બિસેન્ટે પરિસ્થિતિ સમજી જઈને, ગાંધીજીને સૂચવ્યું કે તેઓ આ વિષય છોડી દઈ બીજા મુદ્દાઓ ઉપર બોલે. સમારંભના પ્રમુખે પણ ટકોર કરી. પરંતુ ગાંધીજી માનતા હતા કે આવી બાબતો અંગે નિખાલસ પણે વિચારો પ્રગટ થાય તેમાં કશું ખોટું નથી. એવી તેમણે ખુલાસો કર્યો કે કલકત્તા જેવી, આતંકવાદીઓના મુખ્ય કેન્દ્ર જેવી, નગરીમાંય જાહેરસભામાં તેઓ આ બાબત અગાઉ બોલ્યા હતા. અને પછી એમણે પોતાનું વ્યાખ્યાન આગળ ચલાવ્યું: "આપણને સ્વરાજ્ય જોઈતું હશે તો આપણે તે લેવું પડશે. આપણને કદી પણ સ્વરાજ્ય આપવામાં નહીં આવે. બ્રિટિશ સામ્રાજ્ય અને બ્રિટિશ પ્રજાનો ઇતિહાસ તપાસીએ તો જણાશે કે તે બ્રિટિશ પ્રજા સ્વતંત્રતાને ચાહનારી છે; છતાં જે પ્રજા પોતાની મેળે જ સ્વતંત્રતા નહિ મેળવે, તેને આપવામાં કદી ભાગ નહીં લે..."

—આટલું બોલાઈ રહેતાં મંચ ઉપરથી તમામ દેશી રાજાઓએ સભાત્યાગ કર્યો. (આ પ્રસંગે શ્રીમતી બિસેંટે પણ વિરોધમાં સભાત્યાગ કરેલો એવી ગાંધીજીની પોતાની માન્યતા હતી, જે ખોટી હતી.)

તે પછી ગાંધીજીએ વ્યાખ્યાન સમેટી લીધું; અને બીજે દિવસે સમારંભના પ્રમુખને પત્ર લખી પોતાની દિલગીરી વ્યક્ત કરી; પોતાના કથનનો હેતુ સ્પષ્ટ કર્યો... અને એની નકલ એની બિસેંટને તારથી પહોંચાડી. એની બિસેંટે, ગાંધીજી માટે અનહદ માન હોવા છતાં (જુઓ જુદું ચોકઠું), જણાવ્યું કે જે સભામાં રાજાઓ અને બીજા ઘણા લોકો, જેમને સરકારની નાખુશીથી હાનિ થવાનો સંભવ હતો તેમાં, શ્રી ગાંધીએ અંગ્રેજોને ગાંસડાં-પોટલાં બાંધીને કાઢવાની સંભાવનાનો ઉલ્લેખ નહોતો કરવો જોઈતો. વળી, તેમણે પોતાને 'અરાજકતાવાદી' તરીકે ઓળખાવ્યા તે પણ ગેરડહાપણનું કામ હતું, કેમકે આ દેશમાં તો અરાજકતાવાદ એટલે 'બૉમ્બવાદ' એવો (ખોટો) અર્થ થાય છે. વળી, આવાં વિધાનો છૂપી પોલીસના રિપોર્ટોમાં ગેરવાજબી રીતે રજૂ કરાતાં હોઈને, મિ. ગાંધી માટેય ખોટું જોખમ વહોરવા જેવું હતું.

આ ઉપરાંત, તા. ૧૯–૨–૧૯૧૬ના 'ન્યૂ ઇન્ડિયા' પત્રમાં શ્રીમતી બિસેંટનો એક લેખ : 'મો. ક. ગાંધીના બચાવમાં' છપાયો હતો. તેમાં બિસેંટે આ સમારંભના આગલા દિવસોમાં પોલીસે અનેક વિદ્યાર્થીઓ અને અનેક પ્રતિષ્ઠિત પુરુષો તથા નાગરિક સ્ત્રીપુરુષો સાથે નઠોર વર્તાવ કર્યાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે "ધૂંધવાયેલા વાતાવરણમાં મિ. ગાંધીના શબ્દો અમને ગેરડહાપણભર્યા લાગ્યા હોય, તેમ છતાં એમનું જીવન અને એમના ઉચ્ચ આદર્શોને કારણે અમને એમના પ્રત્યે માન અને પૂજ્યભાવ છે." અને પછી ભારે હિંમતપૂર્વક ઉમેર્યું હતું કે "આથી જો ઍંગ્લો-ઇન્ડિયનો અગર નોકરશાહી એમના પર કોઈ પણ પ્રકારનું આક્રમણ કરશે તો અમે અને અમારામાંના લાખો લોકો એક બનીને મિ. ગાંધીને પડખે ઊભાં રહીશું". ગાંધીજી અને એની બિસેંટના નિખાલસ છતાં પરસ્પર આદરભર્યા વ્યવહારનું નિદર્શન કરતી આ એક કમાલ ઘટના છે.

*

## લશ્કરભરતી આવશ્યક અનિષ્ટ ?

૧૯૧૮ના વરસની ગાંધીજીની અનેક પ્રવૃત્તિઓમાં એક અજુગતી લાગે તેવી પ્રવૃત્તિ 'લશ્કર-ભરતી'ની છે.

* ગાંધીજી પોતે ચુસ્ત અહિંસાવાદી હોવાનો દાવો કરતા; એટલું જ નહિ, દ. આફ્રિકાની આખી લડતમાં તેમણે અહિંસક સત્યાગ્રહનો અમલ ચીવટપૂર્વક કરી બતાવ્યો હતો. પરંતુ જ્યારે બ્રિટિશ શાસન જર્મની સાથે મહાહિંસક યુદ્ધમાં ઊતર્યું ત્યારે તેમણે હિંદુસ્તાનમાં 'લશ્કર ભરતી'નું કામ હોંશે-હોંશે ઉપાડી લીધું; એટલું જ નહિ, અન્ય સાથીઓને--શ્રીમતી એની બિસેંટ તથા જનાબ ઝીણા જેવાનેય—તેમાં ઉત્સાહપૂર્વક જોડાવા આગ્રહ કર્યો. આ બાબત તેમના દ. આફ્રિકાના સાથી અને ઉમદા અંગ્રેજ મિત્ર એન્ડ્રુઝ ચાર્લી જેવાનેય આશ્ચર્ય થયું—ગાંધીજીનું આ પગલું અજુગતું લાગ્યું.

(૧) બ્રિટિશ કાળમાં હિંદની પ્રજાનું ફરજિયાત નિ:શસ્ત્રીકરણ થયું છે, પણ દિલમાંથી મારવાની ઇચ્છા જરાય ગઈ નથી. × × × અહીં કેટલીક વ્યક્તિઓએ બીજા દેશો કરતાં અહિંસાને લોકપ્રિય બનાવવા માટે વધારે ભારે પ્રયાસો વધુ સફળતા સાથે કર્યા છે; પણ તે ઉપરથી એવો મત બાંધવાને કારણ નથી કે, લોકોમાં અહિંસાના સિદ્ધાંતે ઊંડાં મૂળ ઘાલ્યાં છે.

## ગાંધીજી અને તોલ્સતોય

### શ્રીમતી એની બિસેંટના ઉદ્‌ગારો : ('ન્યૂ ઇન્ડિયા' ૧૯-૨-૧૯૧૬)

શ્રી ગાંધી તોલ્સતોયની માફક 'ફિલસૂફ અરાજકતાવાદી' છે. તે અર્થમાં પ્રિન્સ ક્રોપોટકિન, એડવર્ડ કાર્પેન્ટર, વોલ્ટર-વ્હિટ્‌મેન : આ બધા એ ક્ષેત્રના લોકો છે. તેઓ સાચા ઓલિયા છે. અને એમનું માર્ગ-દર્શન એમના અંતરમાં બેઠેલો ભગવાન કરે છે; એમને કોઈ બહારના કાનૂનની જરૂર પડતી નથી...

ગાંધીજી અને તોલ્સતોયને દેખીતી રીતે જ સાથે સરખાવ્યા છે. પરંતુ સાહિત્યિક સર્જનની વાત છોડી દઈએ તો, ગાંધી વધારે મહાન છે. તોલ્સતોય ખેડૂતનું જીવન જીવતા હતા, અને જોડા બનાવીને પોતાનું ગુજરાન કરતા હતા. ગાંધીનું જીવન પણ એવું જ છે. વળી, જેવી રીતે દ. આફ્રિકાની સરકાર ગાંધીને ધિક્કારતી, તેવી જ રીતે રશિયાની સરકાર તોલ્સતોયને ધિક્કારતી હતી. પરંતુ ગાંધીએ તો પોતાનાં લોકોને માટે દુ:ખો વેઠયાં છે, તેવાં તોલ્સતોયે કદી વેઠયાં ન હતાં.

* બંને મનુષ્યો પયગંબર કોટિના છે, અને મોટા ભાગના લોકો દૂર રહીને તેમની પ્રશંસા કરે છે.

પયગંબરનો અરાજકતાવાદ એટલે કોઈ ખૂબ દૂરના ભાવિ સુવર્ણયુગમાં 'સરકાર રહિત' અવસ્થા; તેમાં કોઈ કોઈને ઉપદેશ આપશે નહિ, પણ સૌ કોઈ ઈશ્વરનું જ્ઞાન પામેલા હશે.××× પરંતુ રોજિંદા વ્યવહારની દુનિયા એને માટે તૈયાર નથી; અને બીજાં હજારો વર્ષ સુધી પણ તે તૈયાર થઈ શકે એમ નથી. માણસ જ્યારે માત્ર તેના અંતરની પ્રેરણાથી—અંતરમાં રહેલા દિવ્યકાનૂનથી—માર્ગદર્શન મેળવતો થાય, ત્યારે જ તે બહારના કાનૂનના બંધનને ફગાવી દઈ શકે છે.

જે ગાંધી સંપૂર્ણ સ્વાર્થત્યાગ, પવિત્રતા, સાદાઈ અને રોજરોજના આત્મવિલોપનનું જીવન જીવી રહ્યા છે, એમને ક્યા બાહ્ય કાનૂનની જરૂર રહે છે? આવા મનુષ્યોને જે રાષ્ટ્ર જન્મ આપે છે, તે રાષ્ટ્રને માટે તેઓ અમૂલ્ય થાપણ બની રહે છે.

આ બાબતના ગાંધીજીના ખુલાસા એન્ડ્રુઝ ઉપરના એક પત્રમાં મળી રહે છે

(૨) દ. આફ્રિકાની લડતમાં જોડાયેલા મોટા ભાગના લોકોમાં અહિંસાનો રાહ લેવાની હિંમત ન હતી. એટલા જ ખાતર તેમણે, 'શુદ્ધ અહિંસક સત્યાગ્રહ' તરીકે નહિ, 'પેસિવ રેઝિસ્ટન્સ' (માત્ર શાંતિ-પૂર્ણ પ્રતિકાર) તરીકે જ તેમાં ભાગ લીધો હતો. ખેડાના અનેક ખેડૂતોએ પણ નિ:સંકોચ આવું જ કહેલું. અને ગાંધીજી એમ પણ માને છે કે ચંપારણના ગણોતિયા ખેડૂતો પણ પોતાની ન્યાયી લડતમાં નિર્ભયપણે ફાંસીએ ચઢી જવા કે ગોળીઓની ઝડી સામી છાતીએ ઝીલવા તૈયાર ન હતા.

અહિંસાને પૂરેપૂરી પચાવવા માટે શારીરિક હિંમતનો પૂરો વિકાસ થયેલો હોવો જોઈએ. પ્રાણવાન શરીર મારફત મન બરાબર ખીલીને પરિપક્વ બને ત્યાં સુધી રાહ જોવી જોઈએ. જ્યાં સુધી દેશમાં સ્વતંત્રતા અને નિર્ભયતાનું વાતાવરણ ન વ્યાપે, ત્યાં સુધી આવી અહિંસાની તાકાત આવી શકવાની નથી.

(૩) હું જ્યારે દરેક હિંદીને લશ્કરમાં જોડાવાનું કહું છું, ત્યારે સાથેસાથે સતત એને કહેતો રહું છું કે એ લશ્કરમાં જોડાય છે તે લોહીની તરસ છિપાવવા માટે નહિ, પણ મરણનો ભય ન રાખવાનું શીખવા માટે......નિર્ભય માણસોનું લશ્કર ઊભું કરવામાં હું સફળ થાઉં અને એ લોકો ખાઈઓમાં પહોંચી જાય અને પોતાની બંદૂકો મૂકી દઈ જર્મનીને પ્રેમપૂર્ણ પડકારે કે તમારા માનવબંધુ જેવા અમારા ઉપર ગોળીઓ ચલાવો, તો જર્મન-હૃદય પણ પીગળી જશે.

(૪) ગાંધીજી આ પછી સાધ્ય-સાધન-શુદ્ધિના સિદ્ધાંતને બદલે એમ કહે છે કે, "અપવાદરૂપ સંજોગોમાં, હેતુ શુદ્ધ હોય તો, એક આવશ્યક અનિષ્ટ તરીકે જો યુદ્ધનો આશ્રય લેવો પડે—જેમ આપણા શરીરનો આપણે લઈએ છીએ તેમ—તો યુદ્ધને પણ માનવજાતના ભલામાં ફેરવી શકાય. અહિંસાવાદી માણસ કશું જ કરવાને બદલે, યુદ્ધ પ્રત્યે તટસ્થતાથી જોતો બાજુએ ઊભો રહી શકે નહિ. એણે પોતાની પસંદગી કરી લેવી જ જોઈએ. કાં તો યુદ્ધમાં સક્રિય સહકાર આપે કાં તો યુદ્ધનો સક્રિય વિરોધ કરે.

આ ખુલાસો લખ્યા પછી ગાંધીજી, ભારે નિખાલસ દિલે, આગ્રહપૂર્વક એન્ડ્રુઝને સૂચવે છે કે "તમારો અભિપ્રાય આપશો અને મારા જે વિચારો તમને ખોટા લાગે તેને નિર્દય થઈને ચીરશો." (અક્ષર દેહ-ગ્રંથ-૧૪)

## પરમાર્થ સાથે સ્વાર્થ

ઉપર જણાવ્યા તે પ્રકારના વૈચારિક ખુલાસા ઉપરાંત, આ આખા પ્રશ્નમાં એક પ્રકારના 'સ્વાર્થ'નીય ગણતરી છે, એવું ગાંધીજીએ પોતે જનાબ ઝીણા તથા શ્રીમતી બિસેંટ ઉપરના પત્રમાં ફોડ પાડીને લખ્યું છે: "જો દરેક હોમરુલ લીગર લશ્કર ભરતીનો એજંટ બને અને તેની સાથે જ બંધારણી હકો માટે લડતો રહે તો આપણે—ખાસ કરીને કોંગ્રેસ-લીગના 'લખનૌ કરાર પછી—અસરકારક રીતે બોલી શકીએ. હું તમારી પાસે જોરદાર નિવેદન માગું છું, ખચકાતું ખચકાતું નહિ."

(જ. ઝીણા ઉપરના તા. ૪-૭-૧૮ ના પત્રમાંથી)

"આપણે જો રંગરુટો પૂરા પાડીશું તો આપણી શરતો આપણે કબૂલ કરાવી શકીશું; પણ સરકારની શરતોની રાહ જોતા બેસીશું તો ત્યાં સુધીમાં લડાઈ પૂરી થઈ જશે અને **હિંદુસ્તાન સાચી લશ્કરી તાલીમ વિનાનું રહી જશે** અને આપણા ઉપર લશ્કરી સરમુખત્યારી આવી પડશે." પત્રને અંતે ગાંધીજી સ્પષ્ટપણે કબૂલે છે કે—"પરિસ્થિતિનો આ રીતે વિચાર કરવો તે અતિશય સ્વાર્થી છે, પણ સ્વાર્થ જ સૂચવે છે કે દેશ આગળ જે વસ્તુ મૂકવાની મેં હિંમત કરી છે, તે એકમાત્ર અકસીર ઉપાય છે."

(શ્રીમતી બિસેંટ ઉપરના તા. ૪-૭-૧૮ ના પત્રમાંથી)

## ગાંધીજી આંદોલનના માર્ગે

ગાંધીજી ભારતમાંના તેમના પ્રથમ ત્રણ વર્ષના (૧૯૧૬ થી ૧૯૧૮) કર્મઠ જીવનપ્રવાહમાં, શાંત પાણીમાં માછલી તરે તેમ, સહજતાથી તરતા જોવા મળે છે. ૧૯૧૮ ના વરસનો આરંભ જ ખેડાના ખેડૂતોની અને અમદાવાદના મિલકામદારોની લડત સાથે આગળ વધે છે. આ અરસામાં જ 'યુદ્ધપરિષદ' અંગે વાઈસરૉયના બેહૂદા વલણવાળી એક ઘટનાથી પાણી ડહોળતાં દેખાય છે.

વાઈસરૉયે દિલ્હીમાં બોલાવેલી (૨૬-૪-૧૯૧૮) યુદ્ધપરિષદમાં લોકમાન્ય ટિળક, એની બિસેંટ તથા અલીભાઈઓને બોલાવ્યા ન હોઈને, ગાંધીજીએ પરિષદનો ત્યાગ કર્યો. આમ છતાં બીજે દિવસે વાઈસરૉય સાથેની વાતચીત પછી તેમણે 'સૈન્ય ભરતી સમિતિ'માં સક્રિય ભાગ લીધો; અને ચોથે દિવસે તો "અમ સહકાર આપશું" એમ પણ જાહેર કર્યું. અને દિલ્હી નહિ બોલાવાયેલ નેતાઓને પ્રાંતિક પરિષદમાં નિમંત્રીને થયેલી ભૂલ સુધારી લેવા વાઈસરૉય પર પત્ર લખ્યો. તે પછી તા. ૧૦મી જૂને પ્રાંતિક પરિષદમાં ટિળક, કેળકર વગેરે વાઈસરૉયના નિમંત્રણથી હાજર રહ્યા; પરંતુ તેમને પોતાના વિચારો પ્રગટ કરતાં ગવર્નરે રોકયા. આથી અપમાનિત થયેલા નેતાઓ પરિષદ છોડી ચાલ્યા ગયા. જ. ઝીણાએ પણ એનો વિરોધ કર્યો, પરંતુ સભા-ત્યાગ કર્યો નહિ. ગાંધીજીએ તો ન વિરોધ કર્યો, ન સભાત્યાગ કર્યો તેમનું આ વર્તન કઠે એવું હતું, જો કે એનો બદલો વાળતા હોય તેમ, તા. ૧૬મીએ મુંબઈમાં હોમરૂલ લીગના આશ્રયે મળેલી જાહેર સભામાં પ્રમુખપદેથી બોલતાં, સરકારે દાખવેલા વલણ પ્રત્યે ગાંધીજીએ નાપસંદગી દર્શાવી; એટલું જ નહિ, તેઓ આગળ વધ્યા : અમદાવાદમાં આ અપમાન સામે વિરોધ દર્શાવવા બોલાવાયેલી જાહેર સભામાં તેમણે પ્રમુખપદ લીધું. પરંતુ સભામાંય પ્રજાને લશ્કરમાં જોડાવાની એમણે જાહેર વિનંતી કરી.

---

## ગાંધીજી : સરકારની નજરે

### (સરકારી વાર્ષિક પ્રકાશન 'ઇન્ડિયા-૧૯૧૯')

"મિ. ગાંધી સામાન્ય રીતે ઊંચા ધ્યેયવાળા અને પૂર્ણ નિ:સ્વાર્થી એવા તોલ્સતોયના અનુયાયી ગણાય છે. દ. આફ્રિકામાં હિંદીઓ વતી લડત લડયા બાદ, તેમના દેશબંધુઓમાં તેમને ઉગ્ર તપસ્યાવાળા ધર્મ પુરુષોને જે માન આપવામાં આવે છે તેવું માન (महात्मा) પ્રાપ્ત કરેલું."

"અમદાવાદમાં નિવાસસ્થાન બનાવ્યા પછી દલિતો અને પીડિતોની મદદે પહોંચી જઈને તેમના દેશના લોકોનાં દિલ જલદી હરી લીધાં. મિ. ગાંધી પોતે આત્મબળને પશુબળ કરતાં વધુ બળવત્તર માને છે. દ. આફ્રિકામાં સત્યાગ્રહનું જે શસ્ત્ર અસરકારક રીતે વાપરેલું તેનો ઉપયોગ અહીં રૉલેટ કાયદા સામે કરવાની તેમણે ફરજ માની છે, જો કે તે અંગેની તેમની જાહેરાત સરકારને અને મોટા ભાગના હિંદી રાજદ્વારી નેતાઓને તથા ધારાસભાના કેટલાક વિનીત સભ્યોને સુધ્ધાં તે ગંભીર પ્રકારની લડત લાગી છે અને તેમણે તેનાં અનિષ્ટ પરિણામો વિષે પોતાની બીક પ્રગટ કરી છે. મિસિસ એની બિસેંટ જેવાંએ તો એવી ચેતવણી આપી છે કે સત્યાગ્રહને પરિણામે અતિશય વિનાશક બળો પેદા થશે."

આટલું જણાવ્યા પછી હેવાલમાં એવી સ્પષ્ટતા કરાઈ છે કે "ગાંધીજીની જાહેરાતમાં સરકારને એવું કંઈ જણાયું નથી કે તે હિલચાલ શરૂ થવા પહેલાં મિ. ગાંધી પર હાથ નાંખે -સત્યાગ્રહ એ તો 'નકારાત્મક ક્રિયા' છે. અને મિ. ગાંધીએ પણ હિંસાને પ્રથમથી વખોડી કાઢી છે. વળી, સત્યાગ્રહનો અમલ થતાં સરકાર ઉપર દબાણ લાવી શકાશે અને રૉલેટ બિલને કાનૂન બનાવવાનું પડતું મુકાવાશે એવી મિ. ગાંધીની ખાતરી છે."

---

ા અરસામાં જ (૧૯–૭–૧૮) રૉલેટ કમિટીનો હેવાલ બહાર પડયો. દેશમાં એના વિરોધની ચા જામવા લાગી. બીજી બાજુ, ગાંધીજીએ મોન્ટફર્ડ સુધારા વિષે અને 'હોમરુલ' મેળવવા માટે .હતને મદદ કરવા અંગે ભાષણ કર્યું. (૧–૮–૧૮)

આ પછી તેઓ માંદગીમાં પટકાયા. તે ઠીક થતાં, હરસનું ઓપરેશન કર્યું. માથેરાન આરામ લઈને મુંબઈ, દિલ્હી, લખનૌની દોડા-દોડી ચાલુ કરી દીધી.

૧૯૧૮નું વરસ પૂરું થતાં થતાંમાં તો રૉલેટ રિપૉર્ટ સામે દેશભરમાં અસંતોષ વધતો ગયો. ગાંધીજી એની સામે સત્યાગ્રહનો વિચાર કરતા થઈ ગયા. ૩૦મી માર્ચના દિવસે (પાછળથી તા. ૧લી ιલની રાખેલી) ઉપવાસ અને હડતાલથી લડતનો આરંભ કરવાની એમણે હાકલ કરી.

* જે ગાંધીજીએ છેક છેલ્લે સુધી રંગરુટ-ભરતી માટે અતિ ઉત્સાહિત થઈને, શ્રીમતી બિસેંટ જ. ઝીણા ઉપર લગભગ દબાણની ભાષામાં આગ્રહ કરેલો; અને જો 'અંગ્રેજો ઉપર દબાણ થાય તેઓ ન્યાયની બાબતમાં પગલું ભરશે જ', એવી આસ્થા રાખેલી અને સત્યાગ્રહી લડતનો રાહ નહીં પડે એવું પણ જાતે આશ્વાસન લીધેલું તે જ ગાંધી હવે ખુલ્લંખુલા મેદાને પડે છે! એટલું જ , પ્રજા પણ ભારે ઉત્સાહભેર, બલકે આવેશમાં આવી લડતના કૉલને ઝીલે છે. આનું રહસ્ય ખુદ ર તરફથી પ્રગટ થતા 'ઇન્ડિયા ૧૯૧૯' (વાર્ષિક હેવાલ)માં જોવા મળે છે. (જુઓ પૃ. ૧૬૫ ચોકઠામાં)

## ની ખરી, પણ રાગદ્વેષ વિનાની

ગાંધીજીએ શાંતિપૂર્ણ સત્યાગ્રહ શરૂ કરવાનો ઇરાદો જાહેર કર્યો. (૨૪–૨–૧૯૧૯) એ પછી રૉલેટ ι કાયદાના સ્વરૂપે માન્ય થયો. (૧૮-૩–૧૯૧૯) ગાંધીજીએ ૩૦ માર્ચ (પાછળથી ૬ એપ્રિલ)નો દિવસ

---

### ગાંધીજીનું નિવેદન

(૨૧–૭–૧૯૧૯)

"મેં હાલ પૂરતો સત્યાગ્રહ ફરી ન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.××× પંજાબના બનાવો વિષે તપાસ-તિ નિમાઈ રહી છે એવી મને માહિતી મળી છે. આ સંજોગોમાં સત્યાગ્રહ શરૂ કરવો એ મને ાણભર્યું લાગતું નથી. વસ્તુત: **સરકારની સલાહ મંજૂર રાખીને, હું સત્યાગ્રહનો જ વધુ પ્રજાને આપી રહ્યો છું. સરકારને કફોડી સ્થિતિમાં મૂકવાનો સત્યાગ્રહીનો ઇરાદો ન શકે.** મને લાગે છે કે હાલ તુરત સત્યાગ્રહ મોકૂફ રાખીને હું દેશની, સરકારની તથા પંજાબમાં ાયી રીતે ક્રૂર સજાઓ પામેલા નેતાઓની ઊંચા પ્રકારની સેવાઓ કરી રહ્યો છું." પરંતુ સરકારે ι પર કરેલા વાહિયાત આક્ષેપનો તેઓ જડબાતોડ જવાબ આપે છે : "ઘાસની ગંજીમાં એક સળગતી સળી નાખવાનો મારા ઉપર આરોપ છે, પરંતુ **મારો અન્યાયી કાયદાઓનો વિરોધ જો સળગતી .સળી રૂપ હોય, તો રૉલેટ એક્ટ અને તેને કાયદાપોથીમાં રાખવાનો સરકારનો** ગ્રહ એ દેશભરમાં ફેંકેલી હજારો દીવાસળી રૂપ છે. સવિનય ભંગને સમૂળગો બંધ રખાવવો તો તે કાયદાને દૂર કરવો જોઈએ, એ જ એકમાત્ર માર્ગ છે..."

નિવેદનના અંતમાં, પોતાના સાથી સત્યાગ્રહીઓને શુદ્ધ સ્વદેશીનો પ્રચાર કરવા તથા હિંદુ-મુસલમાન ત્ર કાયમ થાય તે માટે સઘળા પ્રયત્નો કરવા તેમણે આગ્રહ કર્યો...

---

શોક દિન' તરીકે પાળવા માટે ઉપવાસ, હડતાળ, સભા-સરઘસનો કાર્યક્રમ આપ્યો. તેમાંથી આંદોલન શરૂ થઈ ગયું. સરકારે દમન ઝીંક્યું—નેતાઓની ધરપકડો કરી; અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં એકઠી થયેલી મેદની ઉપર કાળો કેર વર્તાવ્યો; માર્શલ લૉનો કારમો અમલ કર્યો. પ્રજા ઉશ્કેરાઈ ગઈ. એણે અનેક શહેરોમાં સરકારી કચેરીઓ બાળી, સ્ટેશનો બાળ્યાં, અંગ્રેજ અમલદારોના જાન લીધા, અનેકને ઘાયલ કર્યા. ગાંધીજીએ આંદોલન મોકૂફ રાખ્યું. અમદાવાદમાં કલેક્ટરને મળીને, જે અંગ્રેજોના જાન ગયા હતા અને જે ઘવાયા હતા તેમને રાહત આપવાની ફરજ સમજીને એમણે જણાવ્યું : "હું તો શુદ્ધ સત્યાગ્રહી તરીકે શાંતિ સ્થાપવામાં સરકારને બધી રીતે મદદ કરીશ." એટલું જ નહિ, પોતાના કાર્યક્રમોમાં ફેરફાર કરવા જેવું લાગે તો તે જણાવવાનું પણ સરકારને સૂચવ્યું ! વળી, જેમને હિંસક કૃત્યો માટે જેલમાં પૂરવામાં આવ્યા હતા, તેમને કલેક્ટરની હાજરીમાં મળીને, ગુનો કર્યો હોય તો કબૂલ કરવાનીય સલાહ આપી.

* આ જ દિવસોમાં ગાંધીજી તાબડતોબ મુંબઈ જઈ ગવર્નરને મળ્યા. (૧૯–૪–'૧૯) ગવર્નરે તેમને શાંતિથી સાંભળવાને બદલે, મિજાજપૂર્વક ધમકી આપી. ગાંધીજીએ સંભળાવી દીધું : 'થાય તે કરી લેજો.' પરંતુ દશ જ દિવસ બાદ, તેઓ ગવર્નરને ફરીથી મુલાકાતે મળવા ગયા જ. ખુદ ગવર્નરે આગલી મુલાકાત વખતના પોતાના વર્તન અંગે "અમદાવાદના બનાવોને લીધે હું બહુ ઊકળેલો હતો એટલે મને બોલવામાં ભાન ન રહ્યું"...એમ કહી માફી માગી. (દિનવારી : ૨૯–૪–૧૯૧૯)

★

ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમોમાંથી સ્વદેશી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે સ્વદેશીનો પ્રતિજ્ઞાપત્ર ગવર્નર તથા વાઇસરૉયને મોકલી આપી તેમનીય સહી માગી ! (અનુક્રમે ૩૦–૪–૧૯ તથા ૫–૫–૧૯) હિંદમાં વસતા ગોરાઓ પણ હિંદી વસ્તુઓ માટે આગ્રહ રાખે એવી ગાંધીજીની અપેક્ષા હશે ? આ પછી તો સ્વદેશી અંગેની અમદાવાદની સ્ત્રીઓની એક સભામાં કલેક્ટરનાં પત્ની હાજર રહ્યાં હતાં; અને રાતની એક જાહેર સભામાં ખુદ કલેક્ટરે પ્રમુખપદ સ્વીકારેલું. (અમદાવાદ ૧૪–૮–૧૯)

આ દિવસોમાં જ 'બૉમ્બે ક્રૉનિકલ' (મુંબઈનું અંગ્રેજી દૈનિક) ઉપર પ્રતિબંધ મૂકવા માટેના અને તેના તંત્રી હૉર્નિમેનને દેશપાર કરવાનાં સરકારી પગલાંના પરિણામથી ગાંધીજીએ ગવર્નરને ચેતવ્યા હતા. (૨૪–૪–૧૯) તે જ રીતે, 'ટ્રિબ્યૂન'ના તંત્રી કાલીનાથને કરેલી સજાની અયોગ્યતા વિશે વાઇસરૉયને લખ્યું. (૧૧–૬–૧૯)

તેમણે અલીભાઈઓ (શૌકત અલી–મહમદ અલી)એ પ્રગટ કરેલ એક નિવેદનની ભાષા ઉદ્ધતાઈ ભરી જણાતાં તેમને ઠપકો આપ્યો. (૨૩–૫–૧૯) આ પછી તે નિવેદન માટે તેમની ધરપકડ થઈ હતી. (૧૨–૬–૧૯)

★

ગાંધીજીએ સત્યાગ્રહ કંઈ 'બંધ' કર્યો ન હતો, 'મોકૂફ' રાખ્યો હતો. આથી વાતાવરણ અનુકૂળ લાગતાં તેમણે ખૂબ જ સંયમ-શિસ્ત જળવાય તે હેતુથી હાલ તુરત તો પોતે એકલા સત્યાગ્રહ કરશે (૧૮–૬–'૧૯) એવી વાઇસરૉયને ખબર આપી. પરંતુ મહિના એક બાદ (૨૨ જુલાઈ) વાઇસરૉયને તેમણે જણાવ્યું કે 'તમારી સલાહ અનુસાર સત્યાગ્રહ હજી મોકૂફ રાખું છું...પરંતુ પંજાબમાં હજુ થઈ રહેલી સજાઓની ક્રૂરતા વિશે તમારે વિચાર કરવો પડશે...' આમ છતાં, તેઓ જલિયાંવાલા બાગના અત્યાચારો અંગે નિમાયેલ સરકારી હંટર કમિટી સમક્ષ (જે સાચો ન્યાય તોળવાની નથી એમ જાણીને, કોંગ્રેસની

તપાસ સમિતિનું કામ બરાબર ચાલતું હોવા છતાં) જુબાની આપવા સંમત થયા (નવે.-ડિસે.-
અને તેના સભ્યોને સાબરમતી આશ્રમની મુલાકાતેય નોતર્યા...

આમ, ગાંધીજી એક સાથે સહકાર અને અસહકાર, ફકત અને મોકૂફીના વ્યૂહ અજમાવતા રહ્યા છે. પરંતુ અગાઉ 'દુશ્મની'ની વાત ન હતી તે હવે પાકી બની હતી. પોતાના આ બદલાઈ વલણની વાત સમજાવતાં ગાંધીજી કહે છે : જ્યાં સુધી મને સરકારની ન્યાયબુદ્ધિ વિષે જરા પણ હતી ત્યાં સુધી હું સહકાર કરતો હતો ને પ્રજાને તેવી સલાહ આપતો હતો. અમૃતસર કોંગ્રેસમાં ૧૯) મેં સહકાર માટેની સલાહ ઘણી જ દ્રઢતાપૂર્વક આપી હતી, કેમકે હું અંતઃકરણપૂર્વક માનતો હતો જાબને અને મુસલમાન ભાઈઓને ઇન્સાફ મળશે. મારી માન્યતા મૃગજળી ઠરી એટલે હું અસહકાર ી થઈ ગયો.

★

૧૯૧૯ના અંતથી શરૂ કરી ૧૯૨૦નું આખું વરસ ગાંધીજી માટે બધી રીતે અનુકૂળ નીવડ્યું. રમ તો, ખુદ હિંદ સરકારે પંજાબ, દિલ્હી અને મદ્રાસની સરકારોને જણાવ્યું કે ગાંધી ઉપર મુકાયેલા નિબંધો પાછા ખેંચી લેવા. (૧-૧૦-૧૯૧૯) આ વલણના અમલરૂપે સરકારે ગાંધીજીની ભક્ત-શિષ્યા ડેસ્થર ફેરિંગ ઉપર લાદેલો પ્રતિબંધ દૂર કરી, તેને ગાંધીજીના આશ્રમમાં રહેવાની છૂટ આપી. મુંબઈના ગવર્નરે 'સ્વદેશી'ની ચળવળને અધિકૃત મંજુરી આપતો પત્ર લખ્યો, અને ગાંધીજી પર ગયા એપ્રિલમાં પંજાબ જવા સામે મુકાયેલ પ્રતિબંધ દૂર કર્યો. (૧૫-૧૦-૧૯૧૯) ગાંધીજીએ પણ એ તક ઝડપી લીધી. પંજાબમાં પહોંચતાં તેમણે સરકારી તપાસ કમિશનના વડા લૉર્ડ હંટર અને બીજા અધિકારીઓને મળી તેમની તપાસ બાબતની માહિતી મેળવી.

સ્વદેશી આંદોલનને તો સરકારે વધાવી લઈને પ્રતિષ્ઠા આપી હતી. બીજી બાજુ, હિંદુસ્તાનના મોટા ભાગના મુસ્લિમોએ-મૌલવીઓએ સુધ્ધાં—ગાંધીજીની રાહબરીમાં ખિલાફત આંદોલને બહિષ્કારના કાર્યક્રમો ઉત્સાહભેર ઉપાડી લીધા હતા. આ અરસામાં એક હિંદુ-મુસ્લિમ સહિયારું અને બીજું મુસ્લિમોનું પ્રતિનિધિમંડળ લંડન જવાની તૈયારીમાં હતું.

ગાંધીજીને હિંદુ-મુસ્લિમ એકતાનું સ્વપ્નું જાણે સાકાર થતું લાગ્યું. ૧૯૨૦નો આરંભ થતાં થતાંમાં ગાંધીજીએ 'ખિલાફત'ના સવાલ ઉપર જ સત્યાગ્રહ આંદોલન શરૂ કરવાનો વિચાર રમતો કર્યો (૨-૧ ૧૯૨૦); અને 'અસહકાર'ના વિચાર તથા આયોજન બાબતનો ખરડો તૈયાર કરી લોકશિક્ષણનું નક્કર પગલું ભર્યું. (૧૦-૩-૧૯૨૦)

બે જ મહિના બાદ અસહકારનો ઢંઢેરો પ્રસિદ્ધ કર્યો.

આ અરસામાં જ જલિયાવાલા અંગેનો હંટર કમિટીની તપાસનો હેવાલ પ્રગટ થયો. (૨૮-૫-૧૯૨૦) કોંગ્રેસની દૃષ્ટિએ એ હેવાલમાં દેખીતા અપરાધીઓના અપરાધો પર ઢાંકપિછોડો કરવાની દાનત ચોખ્ખી દેખાઈ આવતી હતી; સ્વાર્થબુદ્ધિથી ભેગા કરેલા પુરાવાઓ ઉપર તે રચાયેલો હતો. બીજી બાજુ, પ્રત્યક્ષ રજૂ થયેલા પુરાવાઓ તરફ સાવ દુર્લક્ષ કરાયું હતું. એકંદરે ન્યાયની બાબતમાં બ્રિટિશ પાર્લમેન્ટ અંગે હિંદની પ્રજામાં જે વિશ્વાસ હતો તે આ હેવાલે સમૂળો ખતમ કર્યો.

ગાંધીજીએ ખિલાફત સમિતિને સત્યાગ્રહ માટે તૈયાર કરીને, 'વાઇસરૉયને ખુલ્લો પત્ર' લખી તેમને સાબદા કર્યા. (૨૫-૬-૧૯૨૦) આમ, વાતાવરણ તૈયાર થયાનું જણાતાં ૧૯૨૦ના ઑગસ્ટને પહેલે દિવસે (એ દિવસે ટિળક મહારાજનું અવસાન થયું.) અસહકાર આંદોલનનો આરંભ કરી દેતાં, પોતાના બેઉ ચાંદ 'કૈસરે હિંદ' તથા 'બોઅર યુદ્ધ'ના ચાંદ...સરકારને પરત કર્યા.

પરંતુ તત્કાલ સત્યાગ્રહ આંદોલન શરૂ કરવા સામે કોંગ્રેસના ખાસ કલકત્તા અધિવેશનના પ્રમુખ લાલા લજપતરાયનો વિરોધ થતાં, ગાંધીજીએ એ ઠરાવ નાગપુર અધિવેશન સુધી (ડિસેમ્બર ૧૯૨૦) મુલતવી રાખ્યો. નાગપુર અધિવેશનમાં પણ બિપિનચંદ્ર પાલ, મદનમોહન માલવિયા, એની બિસેંટ તથા મહમદઅલી ઝીણાએ એનો વિરોધ કર્યો, પરંતુ મોટી બહુમતીથી પસાર થયો.

## બ્રિટનથી શાહેનશાહી મહેમાનોની પધરામણી

૧૯૨૧ના આરંભે (૯ જાન્યુઆરી) રાણી વિક્ટોરીઆના પુત્ર પ્રિન્સ જ્યૉર્જના કાકા ડ્યૂક ઑફ કોનાટ ભારત આવ્યા. પરંતુ મુંબઈ બંદરે ઊતરવાની એમની હિંમત ન ચાલી અને મદ્રાસ ઊતર્યા; પરંતુ ત્યાંય તેમનું સ્વાગત થવાને બદલે ૫૦,૦૦૦ની મેદનીએ જાહેરસભામાં બહિષ્કાર પોકાર્યો. ડ્યૂકે વાતાવરણ કળી જઈને, ગઈ ગુજરી ભૂલી જવાની અપીલ કરી, કલકત્તામાં વડી ધારાસભા તથા રાજસભાનું ઉદ્ઘાટન કરતાં પંજાબના અત્યાચારો અંગે ખેદ પ્રગટ કર્યો અને બંધારણી સુધારાની બાબતમાં મૉન્ટફર્ડ સુધારાના અમલની વાત કરી જાણે કે તેમને પુષ્ટિ આપવા લંડનથી **'શહેનશાહનો સંદેશો'** મોકલાવાયો :

"વર્ષોથી અને પેઢીઓથી સ્વદેશાભિમાની અને વફાદાર હિંદીઓ પોતાની માતૃભૂમિ માટે સ્વરાજ્યનાં સ્વપ્નાં સેવતા આવ્યા છે. આજે તમને મારા સામ્રાજ્યમાં તે સ્વરાજ્યના પ્રારંભ સમી તથા બીજાં સંસ્થાનો જે સ્વતંત્રતા ભોગવે છે તેના તરફ પ્રગતિ કરવાની સૌથી ઉત્તમ સગવડ અને તક પ્રાપ્ત થઈ છે..."

આ શબ્દોનું ખોખલાપણું પણ સ્પષ્ટ હતું. પંજાબના અત્યાચારોથી ઘવાયેલી પ્રજાની લાગણીને તથા સ્વરાજ માટેની તેની તમન્નાને સંતોષે તેવું કશું જ તેમાં ન હતું. મદ્રાસ અને કલકત્તાની જેમ દિલ્હી અને મુંબઈમાં પણ તેમની સામે પ્રચંડ દેખાવો થયા–તીવ્ર લોકલાગણીઓ પ્રગટ થઈ.

---

## પયગંબરી આંતરદર્શન

ગાંધીજી લગભગ પયગંબરી વાણીમાં પોતાનું આંતરદર્શન રજૂ કરે છે : "મને અંગ્રેજો પ્રત્યે દ્વેષ નથી, મને કોઈ સરકાર પ્રત્યે દ્વેષ નથી, પણ અસત્યની જોડે, આંખમિચામણાંની જોડે, અન્યાયની જોડે હાડવેર છે. **જ્યાં સુધી સરકારે અન્યાય કરવો છે ત્યાં સુધી એ મને પોતાનો દુશ્મન–હાડવેરી ગણી શકે છે....** પરંતુ એમ કરતાં મારું મરણ થાય તોપણ તે, જીવીને મારે મોઢે મારા સિદ્ધાંતનો ઇન્કાર કરવા કરતાં બહેતર બનશે. ઈશ્વર હિંદુસ્તાની પ્રજાને સત્ય માર્ગે દોરીને, કઠણ છતાં સહેલો એવો આ આત્મયજ્ઞનો માર્ગ પાર પાડવા દૃષ્ટિ, શક્તિ અને સાહસ આપો..." (૧૧–૮–'૨૦)

"આવું ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવું હોય તો તેવું ઉચ્ચ સાધન અનિવાર્ય છે. તે કેવળ અહિંસક જ હોઈ શકે" પોતાની આ નિષ્ઠા તેમણે ભારે પ્રાણવાન શૈલીમાં પ્રગટ કરી : "હિંસા જેમ પશુ જગતના કાનૂન છે, તેમ अहिंसा आपणी मानव जातिनो कानून छे". (૮–૯–'૨૦) અને પછી તેઓ ખાસ ઉમેરે છે :

* "ભારતવાસીને માટે તો અહિંસા વારસાગત મળેલો લ્હાવો છે. **હિંદુસ્તાનને આ દુનિયામાં પ્રભુના ઘરનો વિશેષ આદેશ છે...** એથી જ હિંદના પ્રાચીન ઋષિઓએ સેંકડો વર્ષોના અનુભવ પછી, પશુબળ ઉપર ખડો થયેલો ન્યાય નહિ, પણ आत्मभोग ઉપર यज्ञ (કુરબાની ઉપર ઊભો થયેલો ન્યાય) મનુષ્યને માટે ખરી વસ્તુ છે, એ મહાન સત્યને શોધી કાઢ્યું છે. તેથી જ હું એ સિદ્ધાંતને વળગી રહ્યો છું, અને મરણની ઘડી સુધી વળગી રહીશ". (૧૨–૮–'૨૦)

---

# બેધારી તલવાર

૧૯૨૧ના આરંભથી ગાંધીજીએ, તાજેતરમાં શરૂ થનારા અસહકારના આંદોલનનાં બેઉ પાસાં પર મૂકયો : (૧) રચનાત્મક (૨) આક્રમાત્મક.

૧લા પ્રકારમાં સ્વદેશી, ખાદી, હાથવણાટ આદિ ગૃહ-ઉદ્યોગોની પુનઃ સ્થાપના; હિંદુ-મુસ્લિમ ઐકય, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબંધી, ૧ કરોડ સભ્યોની નોંધણી તથા ટિળક-સ્મારક માટે ૧ કરોડ રૂપિયાનો સમાવેશ થતો હતો.

૨જા પ્રકારમાં ધારાસભા, અદાલતો, સરકારી શિક્ષણ સંસ્થાઓના બહિષ્કારો, સરકારી ખિતાબો-માનચાંદ, હોદ્દા, સરકારી-અર્ધસરકારી સંસ્થાઓનું સભ્યપદ તથા સરકારી દરબારોનો અને સરકારી નોકરીઓનો ત્યાગ; પરદેશી કાપડ અને ચીજોનો બહિષ્કાર—વગેરેનો સમાવેશ થતો હતો.

૧૯૨૧ના લગભગ અંતમાં (૧૭–૧૧–૧૯૨૧) શાહજાદા (પ્રિન્સ ઑફ વેલ્સ)ની હિંદમાં પધરામણી થઈ. પ્રજાને હિંદની ઘવાયેલી લાગણી ઉપર મીઠું ભભરાવવા જેવું લાગ્યું. જો કે, કેટલાક આગેવાનો એમ માનતા હતા કે શાહજાદા હિંદમાં આવતા હોય ત્યારે તેમનો મોભો સાચવીને, બીજું બધું ભૂલીને, તેમનો આદર કરવો જોઈએ. ત્યારે ગાંધીજી કહેતા હતા કે: "શાહજાદા આપણા દેશની મુલાકાતે આવે એમ હું જરૂર ઈચ્છું છું. પરંતુ તે પછી આ દેશની પ્રજાની લાગણી જે બાબતો પર ઘવાઈ છે તે દૂર કરીને તેઓ જરૂર આવે તો તેમને ઉમળકાભેર સત્કારીએ. પરંતુ આ મુલાકાત પાછળનો હેતુ રાજદ્વારી લાભ ઉઠાવવાનો છે. જ્યારે આપણે જીવનમરણનો ખેલ ખેલી રહ્યા હોઈએ ત્યારે આપણી પાસે શાહજાદાના સત્કારની આશા ન રાખવી જોઈએ. વાસ્તવમાં, શાહજાદા પોતાની ઈચ્છાથી નહિ, પરંતુ પ્રધાનોના મોકલ્યા–એક ઓઠા તરીકે આવે છે. આથી શોકના દિવસ તરીકે આપણે એ દિવસ પાળીએ એ યોગ્ય છે."

ગાંધીજી માટે ભારે વિકટ ઘટના એ બની કે શાહજાદા મુંબઈ બંદરે ઊતરતાં જ ઉશ્કેરાયેલાં ટોળાંઓએ ચાર દિવસ લગી બેફામ હુમલા, તોડફોડ, બાળજાળ કરીને પરિસ્થિતિ એટલી વણસાડી દીધી કે ગાંધીજી સરોજિનીદેવી તથા થોડાક અન્ય સાથીઓ સાથે, ટોળાંની વચ્ચે ઘૂસીને લોકોને શાંત પાડવા મથ્યા, પરંતુ કશું નીપજ્યું નહિ. ગાંધીજીના મુખમાંથી શબ્દો સરી પડયા : "સ્વરાજની મને સૂગ ચઢી છે." અને લોકોના અત્યાચારોના પ્રાયશ્ચિત્ત તરીકે તેમણે પાંચ દિવસના ઉપવાસ કર્યા.

બીજી બાજુ ગાંધીજીએ બહિષ્કારનું આંદોલન ચાલુ રાખ્યું હતું. ચોપાટી પરની વિરાટ સભાને તેમણે પોતે જ સંબોધીને પરદેશી કાપડની પ્રચંડ હોળી સળગાવી હતી. પરંતુ તોફાનો શમી જતાં કોંગ્રેસ કારોબારીની બેઠકમાં તેમણે (૧) સત્યાગ્રહ શરૂ કરવાની મંજૂરી તત્કાલ પૂરતી મોકૂફ રાખવાનો, (૨) તોફાનોનો વ્યવસ્થિત સામનો થઈ શકે તે માટે સ્થાયી સેવાદળ ઊભું કરવાનો નિર્ણય લીધો.

(થોડા જ મહિનામાં દેશભરમાં કુલ ૨૦,૦૦૦ સ્વયંસેવકોની ભરતી થઈ હતી.)

આમ, ફરી પાછું વાતાવરણ લડતને માટે અનુકૂળ થયાનું ગાંધીજીને જણાયું. વ્યક્તિગત અથવા સામુદાયિક સવિનય કાનૂનભંગની લડતના નિર્ણય સુધી તેઓ કોંગ્રેસને લઈ ગયા. (૨૭–૨૮ ડિસેમ્બર ૧૯૨૧). તેને માટે શિસ્તબદ્ધ સ્વયંસેવક દળ તૈયાર કર્યું અને તેમની પાસે પ્રતિજ્ઞાપત્ર ભરાવ્યું. ગાંધીજી એ પણ જાણતા હતા કે લાખો એવા નાગરિકો છે જેઓ અસહકારમાં જોડાવા તૈયાર ન હોય, પરંતુ રાષ્ટ્રીય સ્વમાન સારુ ખિલાફત અને પંજાબનાં દુઃખોના નિવારણ માટે સ્વરાજ્યની સ્થાપના કરવાનો આગ્રહ સેવતા હોય, તેવા સૌને કોમી એકતા, ખાદી, દારૂનિષેધ તથા અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિમાં

મદદ કરવાનું પણ સૂચવ્યું. આવી ખૂબ સાવચેતીપૂર્વક ઠીક-ઠીક તૈયારીઓ કરીને ગાંધીજીએ સત્યાગ્રહનો નિર્ણય કરી લીધો, અને તેની જાણ કરતો પત્ર વાઈસરૉયને લખ્યો. (તા. ૧—૨—'૨૨)

સત્યાગ્રહ શરૂ કરવાની પૂર્વસંધ્યાએ ઉત્તર પ્રદેશના ચૌરીચૌરા ગામમાં લોકોએ અમાનુષી વર્તન કર્યું (સરકારી મકાનો બાળ્યાં, પોલીસોની હત્યા કરી ઇત્યાદિ). ગાંધીજીને તેની જાણ થતાં (૮—૨—'૨૨) આક્રમક સવિનયભંગ મોકૂફ રાખ્યો, પરંતુ જણાવ્યું કે ગમે તે ભોગે સંરક્ષણાત્મક સવિનયભંગ—એટલે સરકારી અન્યાય અત્યાચારના કિસ્સા પરત્વે ચાલુ રહેવો જોઈએ. અને 'પ્રાયશ્ચિત્ત' તરીકે ગાંધીજીએ પાંચ દિવસના ઉપવાસ કર્યા. ગાંધીજીના હાથ હેઠા પડેલા જોઈને વાઈસરૉયે, લાંબા ગાળા માટે નિરાંત કરવાની ગણતરીએ, અગાઉ પ્રગટ થઈ ગયેલા લેખો માટે, ગાંધીજી પર રાજદ્રોહનો કેસ ચલાવી છ વર્ષની કારાવાસની સજા ફરમાવી.

---

## મોહનદાસ ગાંધી અને મહમદઅલી ઝીણા

### (આરંભે એક છતાં અંતે...)

મોહનદાસ ગાંધી અને મહમદઅલી ઝીણા બેઉની ઉંમરમાં સાત વરસનો ફેર. મોહનદાસનો જન્મ પોરબંદર (સૌરાષ્ટ્ર)માં ૧૮૬૯માં; મહમદઅલીનો જન્મ કરાંચીમાં ૧૮૭૬માં. મોહનદાસ હિંદુધર્મી ચુસ્ત વૈષ્ણવ કુટુંબના. અટક ગાંધી. મહમદઅલીના દાદાએ હિંદુ ધર્મ છોડી દઈ ઈસ્લામ અંગીકારેલો—આગાખાની ઈસ્માઈલી, એટલે કે ખોજા. મહમદઅલીના પિતા 'ઝીણાભાઈ' જેવું હિંદુ નામ ધરાવતા હતા. એમની અટક પૂંજા. માતા પણ હિંદુ નામ ધરાવતાં હતાં—મીઠુબાઈ. મોહનદાસે વંશગત ગાંધી અટક ચાલુ રાખી. મહમદઅલીએ કુટુંબની અટક 'પૂંજા'ને બદલે પિતાના નામ ઉપરથી 'ઝીણા' અટક અપનાવેલી. મોહનદાસ ગાંધી 'શ્રીમાન—મિસ્ટર' ગાંધીને બદલે 'ગાંધીજી' અને ૧૯૧૯માં 'મહાત્મા' કહેવાતા થઈ ગયા હતા. મહમદઅલી ઝીણા મિસ્ટર—જનાબ ઝીણામાંથી જિંદગીના અંતિમ ખંડમાં 'કાયદે આઝમ' કહેવાતા થયા હતા. બંનેનાં લગ્ન નાનપણમાં થયેલાં—મોહનદાસનું ૧૨ની વયે, મહમદઅલીનું ૧૫ની વયે.

મોહનદાસે બેરિસ્ટર થઈ દેશમાં પાછા ફર્યા બાદ, મુંબઈ જઈ પ્રેક્ટિસ શરૂ કરી, પરંતુ ફાવ્યા નહીં. ત્યાંથી દ. આફ્રિકાનું તેડું આવતાં તેઓ ત્યાં પહોંચી ગયા અને નામ કમાઈ દેશ પાછા ફર્યા.

મહમદઅલી બેરિસ્ટર થઈ ભારત પાછા ફર્યા ત્યારે તેમનાં માતા અને બાળપત્ની બેઉ અવસાન પામ્યાં હતાં. પિતા ગરીબીમાં આવી પડયા હતા. પાછા આવતાં જ મહમદઅલીએ કમાણીની દષ્ટિએ કરાંચીને બદલે મુંબઈ શહેર પસંદ કર્યું. ત્રણેક વરસની જહેમતભરી કાનૂની કામગીરી પછી મહમદઅલી ૨૩ની વયે, તે સમયના ન્યાયતંત્રીય ખાતાની કચેરીના વડા ચાર્લ્સ ઓલિવરની ઓફિસે હિંમતભેર પહોંચી ગયા અને 'પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ'ની કામચલાઉ ખાલી પડેલી જગ્યાએ ગોઠવાઈ ગયા.

---

# ૭ : કોમી સમસ્યા : મહાત્માનું મંથન

મહાત્મા ગાંધીનો હિંદુ-મુસ્લિમ કોમી સમસ્યા અંગેનો અભિગમ વિલક્ષણ છે. તેમનાં આ વિષય અંગેનાં સ્વરાજ્યપ્રાપ્તિ પૂર્વેનાં શ્રેણીબંધ લખાણોમાં બે સૂત્ર વારંવાર વાંચવા મળે છે :

(૧) સ્વતંત્રતા પ્રાપ્ત થવા પૂર્વે હિંદુ-મુસ્લિમ વચ્ચે એકતા સ્થાપવી શક્ય નથી—પહેલાં સ્વતંત્રતા પછી એકતા;

(૨) હિંદુ-મુસ્લિમ એકતા વિના સ્વતંત્રતા-સ્વરાજ પ્રાપ્ત થઈ નહિ શકે. હિંદુ-મુસ્લિમ એકતાનો જ અર્થ સ્વરાજ છે.

ગાંધીજી માટે આ બે સૂત્રો પરસ્પર વિરોધી નથી—પૂરક છે. પહેલું સૂત્ર સૂચવે છે કે પરદેશી શાસન પોતાનું હિત ટકાવી રાખવા માટે હિંદુ-મુસ્લિમ એકતા સ્થપાય એવું થવા દેશે નહિ. ઊલટું, બને એટલું વૈમનસ્ય વધારવાના એ ખેલ ખેલશે.

આ ધારણાનું સમર્થન છેક ૧૮૫૭ના બળવાથી શરૂ કરીને ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત થઈ, તે નવ દાયકા દરમિયાન બ્રિટિશે ખેલેલા દાવપેચમાં જોવા મળે છે. જેમકે ૧૮૫૭ના બળવાના દિવસોમાં બ્રિટિશ સત્તાએ હિંદુઓને જીતી લઈ, મુસ્લિમોને જેર કરવાની નીતિ અપનાવી હતી. બંગભંગ આંદોલનનો જુવાળ ૧૯૦૫માં ઊંચો ચઢયો, ત્યાર બાદ ૧૯૦૬માં અંગ્રેજ અધિકારીઓની ચઢવણીએ, નવાબોના નેતૃત્વમાં મુસ્લિમ લીગની સ્થાપના કરવામાં આવી હતી. તે પછી ૧૯૦૯માં 'સુધારા'ના નામે મુસ્લિમોને 'માગ, માગ, તું માગે તે તને આપું'ની રૂએ અલગ મતદાનની બક્ષિસ એનાયત કરવામાં આવી. ૧૯૧૬માં સ્વશાસનના ધ્યેય પર હિંદુ-મુસ્લિમ એકતાનો 'લખનૌ કરાર' થતાં, બ્રિટિશે ૧૯૧૯માં નવા સુધારાના આકર્ષક નુસખાઓનો દાવ ખેલ્યો.

આમ, ૧૯૦૬થી ૧૯૧૯ના સવા દાયકામાં બ્રિટિશે મુસ્લિમ લીગ રૂપે પોતાને માટેનો એક આધાર-સ્થંભ દઢ બનાવી લીધો હતો, જે ખિલાફત આંદોલનની (૧૯૧૯ થી ૧૯૨૨ દરમિયાન) ગરમીમાં કંઈક ઓગળવા લાગ્યો હતો.

ખિલાફત સાથે કોંગ્રેસનું અસહકારનું આંદોલન પ્રભાવક બનવા લાગ્યું, તેથી બ્રિટિશોને હિંદુસ્તાનમાંની પોતાની સત્તાની ઇમારત જોખમાવાની ચિંતા થવા લાગી. તે પછી ૧૯૨૮માં સાયમન કમિશન દ્વારા કોંગ્રેસને અલગ-અટૂલી પાડવાની પોતાની મકસદ બ્રિટિશે અજમાવી જોઈ, પણ તેમાં તેને સફળતા મળી નહિ. પરંતુ એ પછી કોંગ્રેસે નહેરુ સમિતિ દ્વારા ભાવિ સ્વતંત્ર હિંદના બંધારણનો જે ઢાંચો તૈયાર કર્યો, એમાં તે પૂર્વે સ્વીકારાયેલ મુસ્લિમો માટેની વિશેષ સગવડો (દા. ત., અલગ મતાધિકાર, તથા વસતી કરતાં વધુ બેઠકો આપવાની સમજણ) છીનવાઈ ગયેલી લાગતાં લીગે સંપૂર્ણપણે કોંગ્રેસ તરફથી મોં ફેરવી લીધા જેવું કર્યું.

૧૯૪૨માં ગાંધીજીએ લડત ઉપાડવા અગાઉ ઝીણા સાહેબની મુલાકાત માટે પ્રયાસ કર્યો, પણ તેમના તરફથી એનો પડઘો ન પડયો. પરંતુ ગાંધીજીને સરકારે જેલમાં પૂર્યા ત્યાર પછી પોતાનો હાથ ઉપર છે એમ સમજીને ઝીણા સાહેબ પહેલી જ વાર, જાતે કરી, ગાંધીજી સાથે હિંદુ-મુસ્લિમ એકતા બાબત મસલત

કરવા માટેનો સંદેશો મોકલ્યો. ગાંધીજી તો ઝીણા સાહેબ 'નૈત નમે, તો પોતે હાથ નમવા' તૈયાર જ હતા. તેમણે તેમને જીતી લેવાની પોતાની ઇંતેજારી વ્યક્ત કરતો ઉત્તર આપ્યો. પરંતુ ઝીણા સાહેબ અને ગાંધીજી વચ્ચે કંઈક સમાધાન થઈ જવા બાબતની ધાસ્તી લાગતાં, બ્રિટિશ સત્તાધીશોએ ગાંધીજીનો એ પત્ર દબાવી દીધો, અને તે પત્રમાંના મુદ્દા એવા વિકૃત કરીને ઝીણા સાહેબને પહોંચાડયા કે જેથી તેમના ચિત્ત પર ગાંધીજીના વલણ બાબત ઊલટી જ અસર થઈ...ને ઝીણા સાહેબે વળી મોં ફેરવી લીધું. ત્યાર બાદ ગાંધીજી ૧૯૪૪ના મે ની ૬ઠ્ઠી તારીખે જેલમાંથી છૂટયા. એ પછી એમની ઝીણા સાહેબ સાથે મુલાકાત થાય, તે પહેલાં જ બ્રિટિશે પોતાની 'નવી ઑફર' જાહેર કરી. તેમાં મુસ્લિમોની સંમતિ ઉપરાંત અસ્પૃશ્યો તેમજ દેશી રાજ્યોની સંમતિ મળે તો જ પોતે એ યોજનાને અમલી બનાવાશે એવી ખાતરી આપવામાં આવી હતી. વાસ્તવમાં, આથી ત્રણે વિશિષ્ટ હિતોને સબળ કરવા જેવું બન્યું!

અલબત્ત, ગાંધીજી તો ઝીણાના ઘરનાં પગથિયાં ઘસવા ઇંતેજાર જ હતા. લાંબા દિવસો સુધી બંને વચ્ચે વાટાઘાટ માટેની બેઠકો ચાલી. છેવટે, એકાદા ક્ષુલ્લક કારણે તે રદ બાતલ થઈ. ત્યારેય ગાંધીજીનો આશાવાદ અનૂટ હતો. પરંતુ મોડરેટ નેતા જયકરે રમત સમજી જઈને જણાવ્યું કે, 'હવે કોંગ્રેસ સાથે સમાધાન કરવાથી જે કંઈ મળશે તેના કરતાં ઝીણા સાહેબ બ્રિટિશો સાથે સીધી સમજૂતી કરી લેવાનું વધુ પસંદ કરશે. બલકે, ગાંધીજી તથા રાજાજીની દરખાસ્તોના જોર પર બ્રિટિશ પાસેથી તેઓ વધુ લાભ મેળવવાનું દબાણ કરશે'—ને આમ જ બન્યું.

આમ, પહેલું સૂત્ર સાચું પડતું લાગે છે; તો બીજું સૂત્ર એમ સૂચવે છે કે મુસ્લિમોનો પૂરો સહકાર નહિ જીતાય ત્યાં લગી સ્વરાજ માટેની લડત નબળી અને નિષ્ફળ રહેવાની. છતાં માની લઈએ કે સ્વતંત્રતા માટેની રાષ્ટ્રીય લડત જોર પકડે અથવા અન્ય સંજોગોવશાત્ બ્રિટિશોને સમાધાન કરવાનું આવે; અથવા બ્રિટનમાં જ સામ્રાજ્યવાદી પરિબળો સામેનાં લોકશાહી પરિબળો (કૉન્ઝરવેટિવ—ટોરી પક્ષોની સામે લિબરલ પક્ષ તથા સમાજવાદી મજૂર પક્ષ)નું વર્ચસ હોય ત્યારે, હિંદને સ્વતંત્રતા આપવાની દિશામાં પગલું ભરવાનું આવેય ખરું... પરંતુ બદદાનતને કારણે અથવા પોતાની માની લીધેલ ફરજ અને જવાબદારીના ખ્યાલે, બ્રિટિશ પહેલાં એવું પણ વિચારશે કે હિંદુ-મુસ્લિમો વચ્ચે દ્વેપ-દુશ્મની હોય તેવી સ્થિતિમાં બેમાંથી એકેના હાથમાં સત્તા સુપરત કરીને ખસી જવાનું પોતાનું પગલું 'ગેરવાજબી' અને 'ઉતાવળિયું' બની રહેશે. બલકે, દોઢસો-પોણા બસો વરસ ઠીક ઠીક પ્રમાણમાં વ્યવસ્થિત કહેવાય એવો રાજકારભાર છોડીને, દેશને આંતરિક યુદ્ધમાં—અંધાધૂંધીમાં નાખવાનું પગલું દુનિયાની દષ્ટિએય શોભાસ્પદ નહિ ગણાય; અને હિંદુસ્તાન માટે તો એ ખતરનાક બનશે. આમ, બ્રિટનની ભાગલા નીતિનું જ આ બીજું પાસુંય સાચું પડયું હતું.

આમ, બંને સૂત્રો હજી લગી તો નિષ્ફળ નીવડયાં હતાં. **પહેલાં** સ્વતંત્રતા મળી નહિ ને એકતા સ્થપાઈ નહિ; અથવા **પહેલાં** એકતા સ્થપાઈ નહિ ને સ્વતંત્રતા મળી નહિ. ઉપરનાં બંને સૂત્રોમાં જે એક સળંગ ધાગો છે, તે ઘણે અંશે ઐતિહાસિક છે. હિંદુઓનું માનસ એવું સૂચવે છે કે મુસ્લિમ આક્રમણ-ખોરો—ઘોરી-ગઝનીના જમાનાથી શરૂ થઈ, ઔરંગઝેબના શાસનકાળ સુધીના—હિંદુ ધર્મ તથા હિંદુ સંસ્કારિતા ઉપર આઘાત કરતા રહ્યા છે. આ આઘાતોને કારણે, હિંદુઓના ચિત્તમાં જન્મેલો 'ગ્રહ' હજી દૂર થઈ શકયો નથી. એણે રજનું ગજ પણ કર્યું છે. બીજી બાજુ, પોતાની અંદરના 'શૂદ્રો' માટેનો તેમનો તુચ્છકાર અને અવિશ્વાસ મુસ્લિમો માટેના મ્લેચ્છ (અનાર્ય) શબ્દમાં વ્યકત થયો છે.

મુસ્લિમોના માનસ પર પણ કેટલીક બાબતો જડ જમાવી બેઠેલી છે. એક તો, અંગ્રેજોનું શાસન આવ્યું, તે અગાઉની છ-છ સદીઓ—તેરમી સદીથી માંડીને ઓગણીસમી સદી—સુધી મુસ્લિમો આ દેશના

તો રહ્યા હતા, એ બાબત એમના માટે હજી ભારે મગરૂરીની છે. બીજી બાબત તેમના પરંપરાગત બોના મતે, તેમના ધર્મશાસ્ત્રે જણાવ્યા મુજબ, જે દેશમાં મુસ્લિમ બહુમતી ન હોય તે દેશ મુસ્લિમ મુસ્લિમ વતનીઓ માટે 'અપવિત્ર યુદ્ધ ભૂમિ' (દર-ઉલ-હર્બ) લેખાય; અને તે ભૂમિને ત્ર ધર્મભૂમિ' (દર-ઉલ-ઈસ્લામ)માં પલટાવી નાખીને 'શાંતિની ભૂમિ' (દર-ઉલ-અમન) બનાવવી એ ' છે. આ મૂળ સિદ્ધાંતની રૂએ હિંદુસ્તાન અપવિત્ર ભૂમિ છે, તેને પવિત્રભૂમિ બનાવવાની કોઈ પણ ાશ અહીંના સર્વ સાધારણ ધાર્મિક મુસ્લિમને આવકાર્ય લાગે. ત્રીજી વાત એ કે હિંદુસ્તાનમાં ઘણી ી વસતી હિંદુઓની છે. મુસ્લિમોની વસતી એનાથી વધી જવાની કોઈ શકયતા નથી. તેથી ધર્મનિષ્ઠ સ્લમોના મતે 'અપવિત્ર ભૂમિ'ને 'પવિત્ર' બનાવવી હોય તો મુસ્લિમ શાસન સ્થપાય એ જ એક ાય છે. ચોથી વાત : મહાન ઉર્દૂ શાયર કવિ ઈકબાલે છેક ૧૯૩૦માં યાદ કરાવેલી 'બૃહદ-ઈસ્લામવાદ' ાન-ઈસ્લામિઝમ)ની છે. એમણે કહેલું : "ઈસ્લામ કોઈ પ્રાદેશિક સત્તા હોવાનો ખ્યાલ ગલત છે. તે વશ્વના મુસ્લિમોની બિરાદરી તથા તેમના 'ઈમાન'(ધર્મ) ની એકતા પર રચાયેલ છે." આનું એવું અર્થઘટન થયું કે, જન્મ હિંદુસ્તાનમાં થયો હોવા છતાં, વતન-પરસ્તીનું સ્થાન ઇમાન પરસ્તી પછી બીજા નંબરનું છે. એટલી હદે કે હિંદુસ્તાનમાંના બિન-મુસ્લિમો કરતાં દેશ-વિદેશના આક્રમણ-ખોર મુસ્લિમો સાથેની બિરાદરી ઊંચા પ્રકારની છે.

હિંદુઓ તેમજ મુસ્લિમોની આ પ્રકારની માન્યતાઓનો લાભ રાજકારણી ક્ષેત્રે વારંવાર લેવાતો રહ્યો છે. "હિંદુઓ તેમજ મુસ્લિમો અલગ રાષ્ટ્ર છે" એવો પ્રચાર હિંદુ-મુસ્લિમ એકતાની આડે સતત આવતો રહ્યો છે. તો વળી, આ સાંકડાં કુંડાળાંઓમાંથી બહાર નીકળનારા લિબરલોએ એવું અર્થઘટન કર્યું છે કે બિન-મુસ્લિમ બહુમતીવાળા દેશમાં જો ત્યાંના મુસ્લિમોના 'ઈમાન' પર ત્યાંની સરકાર તરફથી કશા પ્રકારનું આક્રમણ થતું ન હોય તો એવા પ્રદેશને 'યુદ્ધભૂમિ' લેખવાની જરૂર નથી. આવા અર્થઘટનનો સ્વીકાર કરનારા અનેક મુસ્લિમ આગેવાનોએ અંગ્રેજોના અમલ હેઠળના હિંદુસ્તાનને 'યુદ્ધભૂમિ' નહિ લેખવાનું વલણ અપનાવ્યું છે. પરંતુ બીજી બાજુ, તેમાંના ઘણાનો આ દેશના હિંદુઓ સામેનો અભાવો જારી રહ્યો છે. તેમની દષ્ટિએ તે સ-કારણ છે, કેમકે પોતાના ધર્મની પાયાની બાબતો—એક દેવ (અલ્લા), એક ગ્રંથ (કુરાન), એક પયગંબર (મુહમ્મદ)–ની નિષ્ઠા સાથે સરખાવતાં, હિંદુઓમાં અનેક દેવ (બ્રહ્મા-વિષ્ણુ-મહાદેવ), અનેક ગ્રંથ (વેદો-રામાયણ-ગીતા આદિ), તથા પયગંબરો એટલે કે અલ્લાના દૂતોને બદલે ખુદ ઈશ્વરના અવતારો (રામ, કૃષ્ણ આદિ)ની પરંપરા તેમને ભારે અરુચિકર લાગે છે. તેમાંય વળી બુત-પરસ્તી(મૂર્તિ-પૂજા)નો રિવાજ તેમને સાવ નિંદ્ય લાગતો હોઈ તેઓ હિંદુઓને કાફર (અધર્મી-નાસ્તિક) તરીકે ઓળખાવે છે. ઈસ્લામમાં અધર્મી હોવું એ મોટું પાપ છે.

પરંતુ અહીં નોંધવા જેવી બાબતો એ છે કે મૂળ મુસ્લિમ અરબો-તુર્કો-અફઘાનો સદીઓ અગાઉ હિંદુસ્તાન આવી વસેલાઓનું પ્રમાણ ખૂબ નાનું હોવા છતાં હજી તેઓ અલગ ઈતિહાસ, અલગ ભાષા, અલગ સંસ્કાર—બલકે અલગ સંસ્કૃતિનો ભાવ અનુભવે છે તથા દાવો કરે છે. અને આથીય વધુ વિચિત્રતા તો એ છે કે આ દેશની મોટા ભાગની મુસ્લિમ પ્રજા આગલી અનેક સદીઓ દરમિયાન હિંદુમાંથી ધર્મપલટો કરેલાઓની છે; તેમનાં રોજિંદાં જીવન વ્યવહારો, માન્યતાઓ અને રીતરિવાજોમાં પણ જૂની હિંદુ પરંપરા જોવા મળે છે; ખાસ કરીને ગામડાંઓમાં વસનારાં આવા કરોડો મુસ્લિમો હિંદુઓ સાથે હળીમળીને પોતાનો વ્યવહાર ચલાવતા હોવા છતાં, કોમી ઉશ્કેરણી થતાં, બંને કોમના આ સમૂહો તેમાં ઘસડાઈ જાય છે; અને 'ધર્મ'ની રક્ષાને નામે હીન કૃત્યો કરતાં શરમાતા કે ખચકાતા નથી!

* આમ, એક બાજુ, ૧૭૫૭ થી ૧૮૭૦ સુધીના ગાળા દરમિયાન, અને તે પછીના અનેક તબક્કા—૧૯૦૫નું બંગભંગનું આંદોલન, ૧૯૧૬નો 'લખનૌ કરાર', ૧૯૧૯ થી '૨૨ ગાંધીજીના નેતૃત્વ હેઠળના

ખિલાફત-જલિયાંવાલા બાગના અત્યાચારો સામેનું આંદોલનના તબક્કા – દરમિયાન, બ્રિટિશ સત્તા સામે રાષ્ટ્રીય મોરચે, કૉંગ્રેસની સાથે ખભેખભો મિલાવી મુસ્લિમો લડતા જોવા મળ્યા છે. પરંતુ આંદોલનોમાં ઓટ આવતાં પુરાણા પૂર્વગ્રહો વળી પાછા ઉપર તરી આવતાં, ભાગલા પાડીને રાજ કરવાનો બ્રિટિશ વ્યૂહ જ વધુ સફળ થતો રહ્યો છે. ૧૯૪૦ પછી તો ઝીણા સાહેબના નેતૃત્વમાં મુસ્લિમ લીગ રાષ્ટ્રીય હિતોને જોખમાવીનેય, બ્રિટિશ ઉપર વધુમાં વધુ દબાણ આણીને મુસ્લિમ-હિતોને નામે આગળ વધતી રહી છે.

★

અતિ જટિલ કોમી સમસ્યાના સૈદ્ધાંતિક અને વ્યાવહારિક ઉકેલ માટે મહાત્મા ગાંધીએ દાયકાના દાયકાઓ સુધી સતત જે મથામણ કરી હતી તે ખરેખર ભગીરથ હતી. તેમણે ૧૯૩૦માં જણાવ્યું હતું : 'કોમી એકતા બાબત હું છેલ્લાં ૪૦ વરસથી (૧૮૯૦થી) જે વિચાર ધરાવતો રહ્યો છું તે જેમનો તેમ કાયમ છે.'

(યંગ ઇન્ડિયા : ૨૪—૪—૧૯૩૦)

૧૯૩૦ પછીનાં, મહાત્માના અંતિમ દિન સુધીનાં બીજાં ૧૭ વરસ ઉમેરતાં, ૫૭ વરસના અતિ ભગીરથ પુરુષાર્થ છતાં, અંતે ભારતના કોમવાદી ધોરણે ભાગલા પડ્યા—આ હકીકત મહાત્મા માટે જેવી તેવી આઘાતજનક ન હતી. મહાત્માની મથામણો ઉપર એક ઊડતી નજર નાખી લઈએ :

★

હિંદુ-મુસ્લિમ રમખાણો પાછળ તત્કાલીન રાજકીય કારણો ઉપરાંત ખાસ તો પરંપરાગત બે કારણો જવાબદાર બન્યાં હતાં : (૧) ગોવધ, (૨) વાજાં અને મસ્જિદો. આને વિષે વિવેચન કરતાં ગાંધીજી કહે છે કે "ગોરક્ષા હિંદુધર્મનું પ્રધાન અંગ છે; પરંતુ ગાયને માતા માનનારા હિંદુઓ પોતે ગાયોની જે રીતે રિબામણી કરે છે તે અને વસૂકી ગયેલી ગાયને કસાઈને હાથ વેચી દેવાની વાત તો નરદમ શરમજનક છે. આ પછી જેમને માટે ગાય કોઈ વિશેષ પવિત્ર પ્રાણી નથી, અને અમુક તહેવારના દિવસે તેનું માંસ ખાવાની પરંપરા હોય, તેમના પર ગોવધબંધી પરાણે લાદવાનું તો વિચારી જ ન શકાય." મહાત્મા લખે છે : "જો હિંદુઓ મુસલમાનોને હાથે થતો ગોવધ અટકાવી ન શકતા હોય તો તેમાં કંઈ તેમને માથે પાપ નથી ચડતું; પણ જ્યારે ગાયને બચાવવા ખાતર મુસલમાનની સાથે તેઓ કજિયો કરે છે, રમખાણ મચાવે છે ત્યારે અવશ્ય ભારે પાપ કરે છે. આમાં દોષ હિંદુઓનો છે."

ગાંધીજી પોતાના જાન અને માલમિલકતના રક્ષણના અથવા સ્ત્રીની લાજ લૂંટાવાના સંજોગોમાં ભયના માર્યા કાયર બની જતા હિંદુઓ સામે ઊકળી ઊઠે છે : "મારા અહિંસા ધર્મમાં સંકટ વેળાએ પોતાનાં વહાલાંઓને વીલાં મેલી નાસી છૂટવાને સ્થાન નથી. 'મારવું' અગર 'નામરદાઈપૂર્વક નાસી છૂટવું'–જ્યાં એ બે વચ્ચે જ પસંદગી કરવાની હોય ત્યાં મારો માર્ગ હિંસા માર્ગ પસંદ કરવા કહેનારો છે."

"જો અમુક બાબતો ધર્મની અને સિદ્ધાંતની મનાતી હોય તો તેના આચરણમાં કમજોરી કે તાબેદારીને ઉત્તેજન આપ્યાનો આક્ષેપ રખે કોઈ કરે. એવી બાબતમાં તો વીરતાપૂર્વક લડી લેવું જ રહે—અહિંસક રીતે શક્ય ન બને તો હિંસક રીતેય."

મહાત્મા ગાંધી, તેમના જેવા અહિંસાનિષ્ઠ પુરુષની આવી સલાહના ગેરલાભ લેવાવાની દહેશતે, તરત જ ચેતવે છે : "આનો રસ્તો અખાડા કાઢીને બલિષ્ઠ બનીને 'જેવા સાથે તેવા' થવામાં નથી. તેવો ઉપાય તો વધુ ઉશ્કેરણી કરનારો જ બનશે." શારીરિક તાલીમ સારી વસ્તુ છે, પરંતુ

નામરદાઈનું ઓસડ નથી. એ માટે તો ભય અને સંકટ ખેડવાનો શોખ કેળવવો જરૂરી છે—એકાદ નજીના શરીરમાં પણ શેરદિલ વસી શકે છે." વળી, ગાંધીજી એ પણ ધ્યાન પર લાવે છે કે "જો ઓ પોતાના રક્ષણને સારુ હિંદુ ગુંડાઓને સંગઠિત કરશે તો તે ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થશે."

બીજી બાજુ, ગાંધીજી મુસલમાનોને ય ચેતવે છે : "મસ્જિદો આગળ વાજા વગાડવા સામે અથવા સ્જિદની પાસેના મંદિરમાં આરતીના ઘંટારવ વગેરે પ્રકારની હિંદુ વિધિઓ અટકાવવા માટે મુસલમાનો ળજબરી કરશે તો તે ખોટું જ છે. એકબીજાને ચીડવવાના નુસખા તરીકે તો આવો આગ્રહ બેવકૂફી-ર્યો જ ગણાય."

ગાંધીજી આગળ વધીને એમ પણ કહે છે કે "જો મુસ્લિમો ગોવધ બંધ કરે તો હિંદુઓ વાજાં-ારતીનું બંધ કરે, આ પ્રકારની વૃત્તિ પણ સારી નથી. આવી બાબતમાં શરત ન જ થઈ શકે. બંને ોમોએ બદલાના હિસાબે નહિ, અન્યનું દિલ ન દુભાવવાનું પોતાનું કર્તવ્ય સમજીને વર્તવું જોઈએ. કેવળ વેચ્છાથી બંને પક્ષોએ પોતાના તરફથી આ દિશાના પ્રયત્નો કરીને, સામાને જીતી લેવાની જ વાત હોવી ોઈએ. એમ થશે તો એ હૃદયપરિવર્તનનું નિમિત્ત બની જશે. એટલે કે, બંને કોમોએ પોતાની વચ્ચેનો ાઈ પણ કજિયો માથાં ભાંગીને નહિ, મન મેળવીને પતાવવો જોઈએ—સુધરેલા સમાજનું આ અવશ્યં-ાવી લક્ષણ છે."

*વધુમાં, ગાંધીજી એવું સૂચવે છે કે "રાજદ્વારી ક્ષેત્રે લઘુમતી વધુ લાભ લઈ જશે એવો ભય ખાય ત્યારે બહેતર છે કે બહુમતી ધરાવનાર હિંદુઓ નેક ન્યાયનિષ્ઠ મુસ્લિમ આગેવાનના હાથમાં નિર્ણય ાડી દે; અથવા નિષ્પક્ષ લવાદ નીમી બંને પક્ષ ચુકાદો સ્વીકારે..."

## 'પ્રાયશ્ચિત્ત'

૧૯૨૪ના વરસની ગાંધીજીની સૌથી મોટી માથાશૂળ કોઈ હોય તો તે ખૂબ મોટા પાયા પર થયેલાં મખાણોની હતી. તેમના હાથ બધી રીતે હેઠા પડયા હતા. દિલ્હીની છેલ્લી ઘટનાઓ અંગે તપાસ કરતાં ાતાના મુસ્લિમ સાથીઓ હકીમ સાહેબ (અજમલ ખાન) અને મૌલાના મહમદ અલીના જવાબો પણ મને પૂરતા સંતોષકારક લાગ્યા ન હતા. ગુલબર્ગાનાં તોફાનોમાં હિંદુઓએ અને દિલ્હીમાં મુસલમાનોએ ામી કોમનાં ધર્મસ્થાનો સુધ્ધાં ભ્રષ્ટ કર્યાના હેવાલો હતા.

ગાંધીજીથી આ બધું સહન થયું નહિ. તેમણે દિલ્હીમાં મહમદઅલીને ઘેર રહીને ૨૧ દિવસના પવાસ દ્વારા બંને કોમ વતી 'પ્રાયશ્ચિત્ત' આદર્યું. (૧૭–૯–૨૪ થી ૭–૧૦–૨૪) ઉપવાસના આરંભે મણે પોતાની અપેક્ષા પ્રગટ કરી કે "મારું આ પ્રાયશ્ચિત્ત આજ સુધી એકસંપીથી કામ કરતા આવેલા ંદુ-મુસલમાનોને આત્મહત્યા ન કરવાની એક અસરકારક યાચનારૂપ બની રહે. × × × આજે તો ખાય છે કે ઈશ્વરને આપણા ઘરમાંથી કાઢી મૂકયો છે, તેને ફરીથી આપણા હૃદયના સિંહાસન ઉપર ્થાપીએ." (નં. ઈ. ૨૫—૯—૧૯૨૪)

ગાંધીજીના આ ઉપવાસ પૂર્વે તેની જાણ થતાં, ઉતાવળે ઉપવાસ આરંભી ન દેવા અનેક લોકોની ઃનંતીઓ આવી. જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે "આ ઉપવાસની પાછળ જેટલો ઊંડો વિચાર રહેલો તેટલો ઊંડો વિચાર ભાગ્યે જ અગાઉના ઉપવાસો વિષે થયો હશે. આવો ઉપવાસ તો અસહકાર ૂ થયો તે દિવસનો મેં કલ્પી રાખેલો. અત્યાર સુધીના ઉપવાસોનો ઉદ્દેશ મર્યાદિત હતો; આ વેળાનો પવાસ તો વિશ્વવ્યાપી છે. આમાં પારાવાર પ્રેમ રહેલો છે; અને આજે એ સાગરમાં હું નાહી ો છું."

ઉપવાસના બીજા દિવસે, ઉપવાસ છોડાવવાના ઇરાદે શૌકતઅલી દિલ્હીથી દોડી આવ્યા. તે પ્રસંગે ગાંધીજીએ કાઢેલા ઉદ્ગારો તેમના આ ઉપવાસ સમજવા માટે મહત્ત્વના છે :

"મારા ઉપવાસમાં એક ખામી હોય તો તે એ કે એમાં (નિકટના સાથીઓ પર) આડકતરું અસર ઉપજાવવાપણું રહેલું છે. લોકો મને કહે કે શૌકત-મહમદે તમારી સાથે વિશ્વાસઘાત કર્યો છે, તો મારાથી એ સહન ન થઈ શકે. મારે એને માટે મરવું જ જોઈએ. હું તો મારું દિલ સાફ કરી રહ્યો છું. તાકાત મેળવી રહ્યો છું. × × × રખે ગેરસમજ થાય. હું તો એક રીતે, ઘડીભર મુસલમાન બનીને જ જાણે મુસલમાનોને આ સંભળાવી રહ્યો છું, એમ માનજો. મેં તો ઇસ્લામને માટે મારામાં જેટલી લાગણી થાય તેટલી ઉત્પન્ન કરી. કારણ મારે માટે તો દરેક ધર્મની અદ્ભુતતા લેવી રહી. હવે હું મારા દિલને હજી વધારે સાફ કરવા અને વધારે મજબૂત કરવા બેઠો છું. જો એ બંને વસ્તુ થઈ શકશે તો બંને કોમો ઉપર અસર પડશે."

ઉપવાસના પાંચમા દિવસે (તા. ૨૨) ગાંધીજીએ 'પ્રજાજોગ' લખેલા લેખમાં જણાવ્યું કે, "મેં જે ઉપવાસ લીધા છે તે ઊંડો વિચાર કર્યા વિના નથી લીધા. ખરું જોતાં, અસહકારનો જન્મ થયો તે દિવસથી જ મારી જિંદગી સોગઠી બની રહી છે. મેં આંધળિયાં નથી જ કર્યાં. મનુષ્ય નબળાઈઓથી ભરેલો જીવ છે. પોતાનાં કાર્યોને વિષે નિર્ભ્રાન્ત બનવું એને સારુ કદણ છે. જેને તે પ્રાર્થનાના ઉત્તર તરીકે માને તે ઘણીવાર અહંકારનો પડઘો હોય છે. હું સંપૂર્ણ નિર્દોષતાનો દાવો કેમ કરું ? હું તો એક પડતો-આખડતો-મથતો-ભૂલતો અને ફરી ફરી પ્રયત્ન કરતો અપૂર્ણ જીવ રહ્યો. મારે તો મારી ઉપર અને મારાંઓની ઉપર અખતરાઓ કરીને જ ચડવું રહ્યું. હું ઈશ્વરની અને તેથી માનવજાતની સંપૂર્ણ એકતામાં માનું છું. ઘટઘટમાં વ્યાપી રહેલો આત્મા એક જ સૂત્રરૂપે સૌ કોઈમાં વિરાજી રહ્યો છે. એક જ સૂર્યનાં કિરણો પરાવર્તન પામીને અસંખ્ય બને છે; અને છતાં, એ બધાંનું ઊગમસ્થાન એક જ છે. તેથી હું પાપીમાં પાપી જીવથી પણ પોતાને અલગ કરી શકતો નથી; તેમ પાકમાં પાક આત્માઓ જોડે તો અભેદભાવનો પણ હું ઇન્કાર કરી શકતો નથી. આથી હું ઇચ્છું કે ન ઇચ્છું તોપણ મારા અખતરાઓમાં મારી જાતિ-કોમને હું અનાયાસે સંડોવવાનો જ. તેમ એ અખતરા છોડવા પણ મને પાલવે નહીં. જીવન જ અખતરાઓની એક અનંત માલા નહીં તો બીજું શું છે ?"

"–જે હિંદુ-મુસલમાન હજુ બે જ વર્ષ ઉપર હાથમાં હાથ મિલાવીને, દેખીતી રીતે, મિત્રભાવે ભેગા કામ કરી રહ્યા હતા, તેઓ જ આજે કેટલીક જગ્યાએ એકબીજાનાં ગળાં વાઢી રહ્યા છે. આ નિ:સંશય પુરવાર કરે છે કે એમણે ચલાવેલો અસહકાર (આંદોલન) અહિંસા ભાવથી ઓતપ્રોત ન હતો. અત્યારનો આ દાવાનળ તો કલ્પનાતીત હતો. કોહાટની ખબર સાંભળ્યા પછી તો તેની યાતનાઓ મને અસહ્ય થઈ પડી. શું લોકોમાં આવેલ વિશાળ ચેતનાનું 'નિમિત્તકારણ' હું ન હતો બન્યો ? અને એ જ ચેતનશક્તિ જો આજે આત્મઘાતી બનીને પોતાનું જ અંગ બાળી રહી હોય, તો તેનો ઇલાજ પણ મારે જ શોધવો રહ્યો. ખાલી પ્રાર્થના તો નિરર્થક જ છે. મારા અંતરની વ્યથા બૂઝવવાને ૨૧ દિવસનો ઉપવાસ બસ નથી જ. શું હું ચાતર્યો છું ? અધીરો બન્યો છું ? મેં પાપની જોડે માંડવાળ તો નથી કરી ? આ બધા દોષ મારા હાથે થયા હોય કે ન થયા હોય, હું તો અત્યારે જે ભાળી રહ્યો છું તેટલું જ જાણું છું. ક્યાંક ને ક્યાંક આ વસ્તુસ્થિતિને સારુ મારી જવાબદારી રહેલી છે જ. મારું આ પ્રાયશ્ચિત્ત, અજાણ્યે થયેલા અપરાધની ક્ષમા માટે, લોહી ટપકતા હૃદયની પ્રાર્થના છે. હિંદુ-મુસલમાન બંનેએ જો મને ખરેખર ચાહ્યો હોય અને હું તેમના પ્રેમને પાત્ર નીવડયો હોઉં તો

ા પણ પોતાના અંતરમાંથી ઈશ્વરને પદભ્રષ્ટ કર્યાના આ મહાપાપને સારુ મારી જોડે પ્રાયશ્ચિત્ત કરે. દુ-મુસલમાનોને સારુ આ બધાંનું પ્રાયશ્ચિત્ત એ નથી કે ઉપવાસ કરવા; પણ એ છે કે પોતાનાં ગલાં પાછાં લેવાં. મારી અભિલાષા તો એ છે કે જરૂર હોય તો મારા લોહીથી બંને કોમોને હું ાંધું. ××× મારા ઉપવાસ બીજી વસ્તુઓની જોડે, આવા સમત્વયુક્ત અને અપાર્થિવ ેમને સારુ મને સમર્થ બનાવવાને યોજાયેલ છે." (યંગ ઇંડિયા, ૨૫-૯-૧૯૨૪)

ઉપવાસના ૯મા દિને હિંદુ-મુસલમાનની પરિષદમાં એકતા અંગેના ઠરાવનો એક ખરડો તૈયાર ાામાં આવ્યો. તે મોટે ભાગે ગાંધીજીએ પોતે તૈયાર કર્યો હતો એવું અનુમાન છે. તે ઠરાવ એકતા ંષદમાં પસાર કરવામાં આવ્યો. તેના અંતે લઘુમતી કોમના હકોનું રક્ષણ કરવા લવાદપંચ નીમવાનો ્ણય થયો. ઉપરાંત, આ પરિષદે ગાંધીજીએ આદરેલા ઉપવાસ પ્રત્યે ઊંડું દુઃખ અને ચિંતા વ્યક્ત ર્યાં; અને વિનાવિલંબે ઉપવાસ છોડવાની વિનંતી કરી. ગાંધીજીએ એના જવાબમાં પોતાની સારી ાબિયતની ખાતરી કરાવીને સાંત્વન આપ્યું કે "મારે મૃત્યુ અને ખોરાક વચ્ચે પસંદગી કરવી પડે તો હું જરૂર ઉપવાસ છોડીશ."

છેવટે (૮—૧૦—૧૯૨૪ના રોજ બપોરે), ઉપવાસ છોડતાં પહેલાં કરેલા નિવેદનમાં ગાંધીજીએ જણાવ્યું કે "મારા તપ ની કથા લખવા જેટલી આજે મારી શકિત નથી પણ એટલું કહી જાઉં કે તપ વિના મારું જીવન અશક્ય હતું. હવે, મારે નસીબે ફરી તોફાની સમુદ્રમાં ઝંપલાવવાનું રહ્યું છે. પ્રભુ મને દીન જાણીને તારજે."

★

અલબત્ત, ગાંધીજી એટલા વિચક્ષણ પુરુષ તો છે જ કે એમના ઉપવાસથી વાયુમંડળમાં જે તાજગી અને સ્વચ્છતા આવી છે તે ચિરંજીવી નથી જ એમ સમજે. પરંતુ એનો ઇલાજ, અગાઉ તેમણે પોતે ઉલ્લેખ કર્યો છે તેમ, પોતાની જાત અને પોતાનાં લોકોનાં—પોતે જેને માટે ગૌરવ લે છે તે હિંદુ ધર્મના અનુયાયીઓનાં—દિલ સ્વચ્છ અને ઉદાર બને નહિ ત્યાં લગી તેમને માટે નિરાંત સેવવાનું શક્ય નથી. અને મુસ્લિમોના દોષો કે તેમની ઊણપો પર ભાર દેવાને બદલે, તેમનાં દિલમાં હિંદુઓ પ્રત્યેનો જે અવિશ્વાસ અને તેમની જંગી બહુમતીને કારણે સતત સતાવતો જે ભય છે તે દૂર કરવાની જવાબદારી હિંદુઓની છે. તેમનાં દિલમાં જે 'એકાંગી ગ્રહ' બંધાઈ ગયેલો છે તે દૂર કરવા તે કોમનું એક ઉમદા પાસું ગાંધીજી યાદ કરાવે છે: "મુસલમાનો શૂરા છે, ઉદાર દિલના છે અને જે ક્ષણે તેમના હૃદયમાંથી શંકા નિર્મૂળ થઈ જશે તે જ ક્ષણે વિશ્વાસ રાખનારા છે." અને ઉમેરે છે કે "ઈસ્લામની તવારીખ તેના નૈતિક ઊંચાણમાં કોઈ કોઈ જગાએ સ્ખલન દેખાડે છે તો સાટે એનાં ઉજજ્વળ પૃષ્ઠોની સંખ્યા પણ કંઈ નાની નથી. વળી, ઇસ્લામ એના જશના દિવસોમાં પરમત-અસહિષ્ણુ ન હતો. જ્યારે પશ્ચિમ અંધકારમાં ડૂબેલું હતું ત્યારે પૂર્વ દિશાના આકાશમાં એક ઝગહળતો તારો ઊગ્યો અને તેણે દુઃખપીડિત દુનિયાને રોશની આપી, દિલાસો આપ્યો."

હિંદુઓના ચિત્તમાં આવો વિશ્વાસ પેદા થવામાં આડે આવે એવી એક બાબતમાં ગાંધીજી ખુલાસો કરે છે અને ચીમકી પણ આપે છે: "ઈસ્લામ ભલે આ દેશમાં અસભ્ય અને ઝનૂની બની ગયો હોય, તોપણ આપણે કબૂલ કરીએ કે તેની એવી વિકૃતિ કરવામાં આપણો (હિંદુઓનો) પોતાનો હિસ્સો કંઈ નાનોસૂનો નથી. જો હિંદુઓ પોતાનું ઘર રીતસર કરે (અસ્પૃશ્યો અને દલિતો તરફનો વ્યવહાર બદલે અને પોતાની નામરદાઈ ખંખેરી નાખે) તો ઇસ્લામ પણ એની પુરાણી ઉદાર પરંપરાઓને છાજે તેવી જ ઢબે તેનો જવાબ વાળશે, એ વિષે મારા મનમાં લેશમાત્ર શંકા નથી."

અને પછી ગાંધીજી હિંદુઓને પ્રોત્સાહિત કરે છે : "જંગી બહુમતી અને ઉદાર પરંપરાને કારણે આજની સ્થિતિની ચાવી હિંદુઓના હાથમાં છે."

* ગાંધીજીની બહુ ઊંચા ગજાની આ વાત હતી. પહેલાં હિંદુઓ અસ્પૃશ્યતા રૂપી પોતાનું પાપ ધૂએ, ઊંચનીચની અપરંપાર પાયરીઓ ગોઠવેલા વાડા દૂર કરી પોતાનું ઘર સરખું કરે, તે પછી જ સામાની કમજોરી અને વિકૃતિ તરફ આંગળી ચીંધવાનું કરશે, તો તે અચૂક ફલદાયી નીવડશે એવી તેમની શ્રદ્ધા હતી.

ગાંધીજી હિંદુઓનું એ બાબત પર પણ ધ્યાન ખેંચે છે કે આ દેશના મુસલમાનોનો મોટો ભાગ મૂળ હિંદુઓનો છે. તે જોતાં તેમનામાં મૂળભૂત જુદાઈ નથી. અલબત્ત, બંને કોમો અલગ ધાર્મિક વાતાવરણમાં ઉછરી હોઈને તેમની પ્રકૃતિ જુદી બની છે.

આ પછી વ્યવહારની વાત ઉપર આવતાં ગાંધીજી સમજાવે છે કે મુસ્લિમો અલગ મતાધિકારનો આગ્રહ એટલા માટે રાખે છે કે જેથી પોતાના સાચા પ્રતિનિધિઓને ધારાસભાઓ અને અન્ય ચૂંટણી સંગઠનોમાં મોકલવાનો તેમનો હેતુ અમલી બને. પરંતુ ગાંધીજી ઇચ્છતા હતા કે આવી જોગવાઈ કાનૂની રીતે નહિ, ખાનગી રાહે, સ્વેચ્છાએ થાય. તેમના મતે, કાનૂનથી જે લદાય છે તે વરસો જતાં જડ બની જાય છે; અને પછી તેમાં આવશ્યક સન્માન અને શુભનિષ્ઠા જળવાતાં નથી.

ગાંધીજીનો મુખ્ય હેતુ એક બાજુ અલગ મતાધિકાર હઠાવવાનો હતો; બીજી બાજુ, જ્યાં સંયુક્ત ટિકિટ ઉપર ઉમેદવારો ઊભા રહેતા હોય તેવા મતદાર વિભાગોમાં મુસલમાનોના ઉમેદવારો ઇષ્ટ અને યોગ્ય સંખ્યામાં ચૂંટાય એવું આયોજન કરવાનો હતો. આ માટે મુસ્લિમ ઉમેદવારો જાણીતાં મુસ્લિમ સંગઠનો દ્વારા નિમાવા જોઈએ.

અંતે ગાંધીજી એવી સ્પષ્ટતા કરે છે કે જો "'કોમવાદ' નહીં, 'સ્વરાજ' અંતિમ ધ્યેય અને રાષ્ટ્રીય દૃષ્ટિકોણ હોય તો જ તેમની આ દરખાસ્તો ઉપયોગી બનશે. એવું નહીં હોય તો કોઈ પણ ખાનગી જોગવાઈ તૂટી જ પડવાની. હા, કાનૂને એવા પ્રકારની જોગવાઈ કરવી જોઈએ કે જેથી દરેક કોમની જનસંખ્યાના પ્રમાણમાં મતદારો નોંધાયેલા હોય." (યંગ ઇંડિયા, ૧૯–૨–૧૯૨૫)

## 'સંગસારી'નો આઘાત

### ગાંધીજીની ટીકા

અફઘાનિસ્તાનમાં અહમદિયા સંપ્રદાયના બે માણસોને ધર્મત્યાગની સજા તરીકે 'સંગસારી' કરીને મારી નાખ્યાના સમાચાર મળતાં ગાંધીજીએ લખ્યું : "મેં સાંભળ્યું છે કે કુરાનમાં અમુક સંજોગોમાં પથ્થર મારીને મારી નાખવાની સજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે (જો કે, તેની અંદર આ બનાવનો સમાવેશ નથી થઈ શકતો). છતાં, ઈશ્વરથી ડરીને ચાલનારા માણસ તરીકે આ સજાની નૈતિક યોગ્યતા સામે હું સવાલ ઉઠાવી શકું છું... આ બુદ્ધિયુગમાં દરેક ધર્મની કોઈ પણ કલમને વિશ્વમાન્ય ઠરાવવી હોય તો તે તર્કની અને ન્યાયની આકરી કસોટીમાંથી પસાર કરવી જોઈએ. ભૂંડી બાબતોને દુનિયામાં કોઈ પણ શાસ્ત્રનો ટેકો હોય તોપણ તેનો અપવાદ ન સ્વીકારી લેવાય." (૨૬–૨–૧૯૨૫)

ગાંધીજીના સંગસારી અંગેના નિવેદન સામે મુસ્લિમોમાં ખાસો ખળભળાટ મચી ગયો. પંજાબ ખિલાફત કમિટીના અધ્યક્ષે સુધ્ધાં લખ્યું કે 'આપે આપના લાખો મુસ્લિમ પ્રશંસકોના દિલમાં મુસલમાનોને દોરવાની આપની શક્તિમાં જે શ્રદ્ધા હતી તે ડગમગાવી દીધી છે. (૫–૩–૧૯૨૫)

ગાંધીજીએ ખુલાસો કર્યો કે તેમણે કુરાનની ટીકા નથી કરી; માત્ર કુરાનના ભાષ્યકારોની ટીકા કરી .ને પછી વધુ સ્પષ્ટતા કરી કે, "હું તો હિંદુ ધર્મ વિષે લખતાં તેના મોભાની જેટલી કાળજી રાખું ટલી જ ઈસ્લામના મોભાની રાખું છું. કુરાનની પેઠે જ હિંદુ ધર્મશાસ્ત્રોમાંના સુધ્ધાં, કોઈ પણ નો બચાવ હું કેવળ તે શાસ્ત્રના પ્રામાણ્યથી જ કરતો નથી. દરેક વચને (ન્યાયયુક્ત) બુદ્ધિની કસોટી ચડવું રહ્યું છે" (૨૬-૩-૧૯૨૫).

પરંતુ ગાંધીજીના અપરંપાર પ્રયાસો છતાં, બંને કોમો વચ્ચેનું વૈમનસ્ય વધુ ઉગ્ર બનતું રહ્યું. તેમણે કરાર કર્યો કે આ પ્રશ્નની બાબતમાં પોતે નિષ્ણાત નથી. બંનેમાંથી એકે પક્ષને ગળે પોતાની વાત ારી શકયા નથી – જો કે પોતા પૂરતા એ વિચારો સાચા હોવાનું આશ્વાસન તેમણે લીધું. (૨-૪-૧૯૨૫)

૧૯૨૫ના અંતે તો તેમને એમ પણ જણાયું કે તેઓ જે દષ્ટિકોણ ધરાવે છે તે ઊંચી કોટીના મનેક દેશભક્તોનેય ગળે ઊતર્યો નથી—પોતે ઉતારી શકયા નથી. આમ છતાં, કોંગ્રેસમાંના પોતાના હિંદુ અને મુસ્લિમ સાથીઓમાં તેમને વિશ્વાસ છે કેમકે તેઓ લડાકુ નથી; પરંતુ બહારના લડાકુઓની પાછળ જે અદૃશ્ય વ્યક્તિઓ કામ કરે છે તેઓ કોંગ્રેસની અસરમાં આવે તથા જે અખબારો ઉશ્કેરણી કરે છે તેમના તંત્રીઓ એકતાના સિદ્ધાંતને અપનાવતા થાય, અથવા તો એમની અસર અટકી જાય, ત્યાં સુધી કોંગ્રેસ એકતાની દિશામાં કશું ઉપયોગી કાર્ય કરી શકશે નહિ.

ગાંધીજીના લાંબા અને વારંવારના વિવરણનો બોધ એ હતો કે બંને કોમ લડવાની પ્રકૃતિ છોડશે તો જ આપણે સુખે સ્વરાજ લેવાના છીએ; તે વિના અશકય છે. **અને તલવારના ન્યાયથી સુલેહ મેળવવી હશે તો બ'ને કોમોએ ખૂબ લડી લેવું રહ્યું... તેમ થતાં ખૂનની નદીઓ વહેશે.**

ગાંધીજી મૌલાના આઝાદ ઉપરના પોતાના પત્રનો ઉલ્લેખ કરી જણાવે છે : "મારે નિખાલસપણે એકરાર કરવો જોઈએ કે કોંગ્રેસ કારોબારી પણ સમસ્યાનો ઉકેલ શોધી શકે એવી મને આશા નથી.××× છેવટે, શુદ્ધ સ્વાર્થને ખાતર પણ બંને પક્ષ ભેગા થશે તોપણ તેને પોતે આવકારશે. એ માર્ગેય જે સાચા પ્રયત્નો થશે તેની સફળતા પ્રાર્થનાપૂર્વક તેઓ ઇચ્છશે." આ પત્રના અંતમાં ગાંધીજીની કલમે જે શબ્દો વાંચવા મળે છે તેમાં તેમની એક વધુ લાક્ષણિકતા પ્રગટ થઈ છે : "હાલની સ્થિતિમાં મારા વચ્ચે પડવાથી ઘા રુઝાવાને બદલે વધુ બગડવાનો સંભવ હોય ત્યારે આઘે ઊભા રહી રાહ જોવાનું મારામાં ડહાપણ છે."

ભારોભાર વ્યગ્રતા વચ્ચે ગાંધીજીની આ સ્વસ્થતાનું રહસ્ય તરત જ વાંચવા મળે છે :

* "ઈશ્વર બાજીગરોનો શિરોમણિ છે. આપણને દિગ્મૂઢ કરતાં, આપણા રંગમાં ભંગ પાડતાં, આપણાં કૂંડાળાંઓને કચરી નાખતાં તેને આવડે છે. અને જ્યારે જીવનનું કશું ચિહ્ન ન હોય ત્યારે તે જીવન મોકલે છે. આપણે આપણી સંપૂર્ણ અશક્તિ, સંપૂર્ણ હાર સ્વીકારી લઈએ, આપણે રજકણ જેવા નમ્ર થઈશું, તો તેમાંથી છેવટે ઐકયનો અભેદ્ય કિલ્લો ચણાશે એવી મને ખાતરી છે." (૨૬-૧૧-૧૯૨૫)

૧૯૨૬ના જૂન સુધીના ગાળામાં દેશમાં પ્રવર્તતા કોમી અવિશ્વાસે અને કુસંપે ગાંધીજીને વધુ ને વધુ દુઃખી કર્યા. બે મોટી કોમો વચ્ચેની વધતી જતી ખાઈને પોતે પૂરી શકે એમ નથી એનો એમને ભારે રંજ હોવા છતાં તેઓ લાચારી અનુભવતા રહ્યા.

૧૯૨૬નું બાકીનું વરસ પણ ગાંધીજીએ ધારાસભાના કાર્ય તથા હિંદુ-મુસ્લિમ ઝઘડા અંગેના મૌનમાં વિતાવ્યું, એમ કહીએ તો ખોટું નથી. પરંતુ હવે એમને એમ જણાતું થયું હતું કે હિંદુ-મુસ્લિમ ટંટા-ફિસાદમાં, પરદેશી સરકારની ભાગલાનીતિ **અમુક અંશે** જવાબદાર હોવા છતાં, બંને કોમના

ચોકોનો વધુ દોષ છે. અને કોમી એકતા વિના (સાચું) સ્વરાજ શક્ય બનવાનું નથી એવી તેમની પ્રતીતિ પણ વધી હતી.

ગાંધીજીએ વરસો થયાં ગીતા-પ્રણીત અનાસક્તિની ઈશ્વરાર્પણ ફિલસૂફી અંગીકારી હતી અને તેને સદૈવ વ્યવહારમાં ઉતારવા તેઓ મથતા રહ્યા હતા. તેનું આ અનેરું દૃષ્ટાંત છે.

ખાસા નવ-સાડા નવ મહિના પછીનો 'એકશન ઈન ઈન-એકશન' (યંગ ઈંડિયા, તા. ૯-૯-૧૯૨૬) નામનો ગાંધીજીનો એક લેખ કોમી સમસ્યા પર ખાસો પ્રકાશ પાડનારો છે. આ પ્રસંગ છે ડૉ. સૈયદ મહમુદ અને અન્ય મિત્રોની એકતા માટેની જાહેર અપીલનો. ગાંધીજી કહે છે કે "એને આવકારવા કરતાં અદકો આનંદ બીજો કયો હોઈ શકત ? પરંતુ એમાં જણાવેલ બાબતો શક્ય હોત અથવા સલાહભરી હોત તો તેમણે જરૂર ક્યારનું એમ કર્યું હોત." વધુમાં ગાંધીજી ઉમેરે છે કે "હિંદુ-મુસ્લિમ વિખવાદોમાંય દખલ કરવાનું આ તબક્કે નુકસાનકર્તા નીવડશે એવી મારી પ્રતીતિ થતાં હું નિષ્ક્રિય રહ્યો છું. બલકે, મિત્રોને જે મારી અક્રિયતા દેખાય છે, તે વાસ્તવમાં एकाग्र (मौन ?) कर्म છે. એનો અર્થ એવો નથી કે મિત્રો માને છે કે એવી હતાશા મને છે." 'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે'-એવી શ્રદ્ધા સેવનારા આ સંત રાજદ્વારી તાજેતરમાં વધેલા કોમી વૈમનસ્યમાંય કશુંક શુભ લક્ષણ જોવા લલચાય છે:

"આજ પૂર્વે, તમામ નિર્બળોએ કર્યું છે તેમ આ લડાઈ-ઝઘડા, ગમે તેટલા કમનસીબ હોય તોપણ, 'વિકાસની નિશાની રૂપ' છે. xxx અલબત્ત, ૧૯૨૦માં બહેતર માર્ગ ખૂલ્યો હતો, પરંતુ આપણે એ પચાવી ન શક્યા."

ગાંધીજીને કોંગ્રેસના અને દેશના ઉચ્ચકક્ષાના નેતાઓ વચ્ચેનું કોમી સમસ્યા બાબતનું 'દંગલ' અકળાવે છે, દા. ત. મોતીલાલ નેહરુ અને લાલા લાજપતરાય વચ્ચેનું. પરંતુ તેમને વિશ્વાસ છે કે આ દેશભક્તો એક જ ધ્વજ (રાષ્ટ્રીય કોંગ્રેસ) નીચે કામ કરતા રહેશે, કેમકે એ બંને આ દેશના ચાહકો છે. પરંતુ લાલાજીને કોમવાદમાંથી પસાર થયા વિના છુટકારો દેખાતો નથી; તો પંડિતજી એવો વિચાર સુદ્ધાં કરી શકતા નથી. કોણ કહેશે કે અમુક એક જ સાચા છે ? વાસ્તવમાં, આ બંને વલણો પ્રચલિત વાતાવરણના જવાબ રૂપે છે. એવું જ સર અબ્દુલ રહીમ અને હકીમ અજમલખાન વિષે છે. ગોખલેના સહકાર્યકર રહીમ સાહેબને કોઈ દેશના દુશ્મન નહીં કહી શકે. જો તેઓ એવું વિચારતા હોય કે મુસલમાનો હિંદુઓની હરીફાઈ કરી સમાન દરજ્જો ભોગવતા નહીં થાય ત્યાં લગી દેશની પ્રગતિ થવાની નથી તો કોણ તેમનો વાંક કાઢશે ? એ સિદ્ધ કરવાની એમની પદ્ધતિ ખોટી હોઈ શકે છે. પરંતુ તેઓ દેશની સ્વતંત્રતાના ઓછા ચાહક નથી.

આટલી ભૂમિકા પછી પોતાની વાત કરતાં ગાંધીજી કહે છે કે "આ બધાં મંતવ્યોનેય તેઓ પોતાના ચિત્તમાં સ્થાન આપે છે; છતાં પોતાને માટે તો એક જ રસ્તો છે." તેઓ ઉમેરે છે : "મને વચલા પગથિયા તરીકેય કોમવાદમાં વિશ્વાસ નથી. બલકે, એ સ્તરે કામ કરવાની મારી લાયકાત જ નથી. આથી કરીને, વાવંટોળ પૂરો થાય અને પુનર્રચનાનું કાર્ય આરંભાય ત્યાં સુધી મારે તે દરમિયાન સલામતપણે સ્થિર પગે ઊભા રહેવાનું કરવું રહ્યું."

* આમ, એક પરમ સંન્યાસીની અદાથી ગાંધીજી શુદ્ધ અકર્મની તીવ્ર કર્મણ્યતા, ઉપરાંત અનાસક્ત ભાવે દ્રષ્ટા બની રહેવાના વલણ પરત્વેની પોતાની અભિરુચિ સમજાવે છે. અને છેલ્લે, ઉપસંહાર કરતાં, વધુ ફોડ પાડે છે : "આજે વિવિધ પક્ષોમાં વહેંચાઈ ગયા છે એ હિંદના શિક્ષિતોને ભેગા કરવાની મારી ગેરલાયકાત કબૂલું છું. એમની પદ્ધતિ તે મારી પદ્ધતિ નથી. હું 'તળિયેથી ટોચ' પર જવાવાળો છું.

જંથા કરનાર માટે એ થકવી નાખે એટલી ધીમી પદ્ધતિ છે. ત્યારે આ શિબિરનો 'ટોચથી તળિયે
ાએ કામ કરનારા છે. આગલી પ્રક્રિયા કરતાં આ વધુ દુષ્કર અને જટિલ છે. આથી જ તો જેવા
ી ડૉ. સૈયદ મહમુદ વગેરેએ દાવો કરીને અપીલ કરી છે એ કરોડો માનવીઓને તેમાં રસ ન હોવા,
પણીય ગૂંચળાં તેમના માથા પરથી પસાર થઈ જતાં હોય છે." (યંગ ઇંડિયા, ૮–૯–૧૯૨૬)

આ પછી, બીજા ચારેક મહિના વીતી ગયા. પરંતુ દિવસે દિવસે પરિસ્થિતિ વધુ બગડતી રહી
ધીજી લખે છે : "હિંદુ-મુસ્લિમ એકતાના સવાલને સ્પર્શવાની મારી હિંમત નથી. મે
વાલ મનુષ્યના હાથમાંથી સરકી ગયો છે.—કેવળ ઈશ્વરના હાથમાં જઈ પડ્યો છે. આ
ાપદીની જેમ ભગવાનની મદદ માગવી રહી." અને ગાંધીજી બેહદ નમ્રભાવે ઉમેરે છે : "રજા-
ામાં આપણે જે સાધવા માગીએ છીએ તેમાં નિષ્ફળ ગયા છીએ. આપણે પરસ્પર દ્વેષ-ધિક્કાર કરવા,
અવિશ્વાસ કરવા અને ગળું ઘૂંટવા તૈયાર છીએ. અરે, હત્યારા પણ બની ચૂકયા છીએ. હવે, આપણા
હૈયાની આરજુ ઈશ્વરને પહોંચે અને આપણે લોહીનાં આંસુથી એના પગ ધોઈએ અને આપણાં હૃદય
ધિક્કારથી મુક્ત થાય એવી અરજ ગુજારીએ. આપણે પરસ્પરના અવિશ્વાસ અને ભયથી ઈશ્વરની
ધરતીને, એના નામને અને આ પવિત્ર દેશને લાંછન લગાડી રહ્યા છીએ. હવે કેવળ દીનતારક
ભગવાન પાસે આપણે યાચીએ કે આપણને તે બુદ્ધિ સાથે શાણપણ આપે." (યંગ ઈંડિયા, ૧૩–૧–૧૯૨૭)

ગાંધીજીની આ દીનતા સુશિક્ષિત અહંકારને ઓગાળી નાખવા જેટલી સમર્થ ન પુરવાર થઈ.
ગાંધીજી તેમના કડક ટીકાકારોનાં તીરથી વીંધાતા જ રહ્યા; અને તેઓ હિંદુઓ તથા મુસલમાનોને પોતાના
'અંતરનાદ' પહોંચાડતા રહ્યા.

ગાંધીજીની આવી અનાસક્ત અક્રિયાના ઊંડાણનો તાગ તે દિવસોમાં ભલભલાને નહોતો આવ્યો.
એ દિવસોમાં ગાંધીજીને મન એવું વસી ગયું હતું કે કોમી એકતા નહીં સધાય ત્યાં સુધી હિંદની
સ્વતંત્રતા પાછી ઠેલાયા કરશે. એટલે કે જેટલો સમય એમાં વીતશે, જેટલો વિલંબ થશે, એટલી
ગુલામી વધુ ને વધુ કાતિલ બનશે. આ કારણે આ બાબતમાં ભલે ગાંધીજી થોડોક સમય 'મૌન-[illegible]'
(ઍક્શન ઇન ઇન-ઍક્શન)ની અવસ્થામાં કાઢી નાખે. એ પરમાર્થી જીવ માટે લાંબો ગાળો એ નિ
ગાળવાનું શક્ય જ નહીં બને એવી ધારણા પણ હતી. પરંતુ હકીકતે એવું બન્યું કે ગાંધીજીએ [illegible]
આખો દાયકો એ દિશામાંથી પોતાનું દિલ નહીં, દિમાગ પાછું વાળી લીધું હતું—એક રીતે, સામાન્ય
મનાય એવી આ હકીકત ભારે આશ્ચર્યકારક લાગે એવી છે. પરંતુ આ દાયકા (૧૯૨૪ થી ૧૯[illegible])
દરમિયાન ગાંધીજી કંઈ 'ઈશ્વરાર્પણ અવસ્થા'માં પલાંઠી વાળી કોમી ઐક્યની રાહ જોતા બેઠા ન હતા.
આથી ઊલટી હકીકત એ છે કે આ દાયકો હિંદુસ્તાનના રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામનો પાયો સુદૃઢ બનાવવા
પાછળ ગાંધીજીએ સમર્પિત કર્યો હતો.

એક રીતે કહીએ તો, આ પ્રકરણના આરંભે આપણે જે બે સૂત્રો રજૂ કર્યાં છે તેમાંના બીજા
ઉપર વરસો સુધી ઝૂઝયા બાદ, ગાંધીજી પહેલા સૂત્ર પર જાણે પાછા ફર્યા હતા. પરંતુ ઇતિહાસ
અતિ ક્રૂર બનીને આ બીજા અભિગમને અનુકૂળ થયો—વિદેશીના પંજામાંથી દેશ સ્વતંત્ર બન્યો. પણ
ભારતને આડું ઊભું ચીરીને જ—અને તે પછીય કોમી વિખવાદ તો માથું ઊંચકતો જ રહ્યો!

★

૧૯૩૭ના સપ્ટેમ્બરની છેલ્લી તારીખે મુસ્લિમો અને કોંગ્રેસના સંબંધ અંગે કેટલીક મહત્ત્વની
ગેરસમજો દૂર કરતાં ગાંધીજીએ સર સૈયદ બશીર અહમદને પત્રમાં લખ્યું : "હું તમારા આડેધડ કરેલા
વિધાન સાથે સહમત થઈ શકતો નથી કે જે મુસલમાન કોંગ્રેસમાં જોડાય છે તે મુસ્લિમોના હિતને [illegible]

દે છે. એથી ઊલટું હું એમ માનું છું કે જે મુસલમાનો હિંદુસ્તાન માટે સંપૂર્ણ સ્વતંત્રતા ઈચ્છતા હોય તેઓને માટે એ જ ઉત્તમ છે કે તેઓ સ્વતંત્રતા માટેની કપરી લડતમાં કૉંગ્રેસને સાથ આપે." આમ જણાવીને, આપણને અતિ ભાવુક લાગે એવાં વેણ મહાત્મા ઉમેરે છે: "જો મુસલમાનો હજારોની સંખ્યામાં (!) કૉંગ્રેસમાં જોડાય તો કૉંગ્રેસની આખી નીતિ તેઓ ઘડી શકે, કેમકે કૉંગ્રેસમાં કંઈ વસ્તીના પ્રમાણ મુજબનું પ્રતિનિધિત્વ નથી. કૉંગ્રેસ તો પૂરેપૂરી લોકશાહી સંસ્થા છે, અને એમાં કોઈ 'કોમી પ્રતિબંધો' નથી.××× આથી હું એ નથી સમજી શકતો કે કૉંગ્રેસ એકેએક માનભર્યા માર્ગે, બને તેટલા મુસ્લિમોને પોતાના પક્ષમાં લેવાને મથે એ સામે તમને (સૈયદ બશીરને) શો વાંધો હોઈ શકે. ઊલટું, મને તો એમ લાગે છે કે કૉંગ્રેસ જો હિંદુ-સંસ્થાઓની પેઠે મુસલમાનો અને બીજા વર્ગોનું (સહિયારું) પ્રતિનિધિત્વ કરવાનો પ્રયત્ન ન કરે તો અખિલ ભારતીય સંસ્થા કહેવડાવવાનો પોતાનો અધિકાર ખોઈ બેસે. છેક શરૂઆતથી જ કૉંગ્રેસની એ નીતિ રહી છે અને એ જ એનું બળ છે."

* આપણે અગાઉ જોઈ ગયા છીએ તેમ, મહાત્મા ગાંધીએ બીજી ગોળમેજી પરિષદમાં (૧૯૩૧) પણ આવો દાવો કર્યો હતો. આથી 'મુસ્લિમો તથા અસ્પૃશ્યોના પ્રતિનિધિ' તરીકે બ્રિટિશ સરકારે આમંત્રેલા આગેવાનોને રોષ ચઢ્યો હતો. પરંતુ તે જ દાવો ૧૯૩૭ની ચૂંટણીનાં પરિણામોએ સાચો ઠેરવ્યો હતો.

# : મહાત્મા : આહુતિનો સ્વધર્મ !

૧૯૩૮ સુધીમાં કોમી મડાગાંઠ ઊકલી ન હતી અને કોંગ્રેસે પ્રાંતોમાં સત્તા ગ્રહણ કર્યા પછી તો લમો તરફથી કોંગ્રેસી સરકારની તેમના ઉપરની કિન્નાખોરીના હાઉ ઊભા કરવામાં આવ્યો. અલ્લાહાબાદમાં ી રમખાણ પણ ફાટી નીકળ્યું. કોંગ્રેસી સરકારે કડક રીતે તેને દબાવી દેવા લશ્કરનોય ઉપયોગ કર્યો. હાત્માને આથી ભારે આઘાત લાગ્યો. તેમણે કહ્યું : ૧૭ વરસ લગી અહિંસાનું પાલન કર્યા પછી, મહાભામાં એટલું બળ આવેલું હોવું જોઈતું હતું કે તે થોડાક હજાર નહીં, લાખો સ્વયંસેવકોની અહિંસક સેના ડી કરી શકે. જ્યાં જ્યાં પોલીસ અને લશ્કરની જરૂર પડે એવે દરેક સ્થળે આ સેના પહોંચી જાય. એટલે કે શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કરતાં પ્રાણની આહુતિ આપનારા સેંકડો પેદા કરવા જોઈએ. આ સેનાનું વર્તન શાંતિના તેમજ અશાંતિના કાળમાં, સશસ્ત્ર માણસો કરતાં જુદી જાતનું હોય. અલબત્ત, શાંતિના કાળમાં રમખાણોને અશક્ય કરી મૂકે એવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેણે સતત મચી રહેવું જોઈએ.

આ પછી તરતમાં મળેલી ગાંધી સેવા-સંઘની બેઠકમાં બે દિવસ (૨૨ તથા ૨૬ માર્ચ ૧૯૩૮)ની ચર્ચાને અંતે ત્રીજે દિવસે (તા. ૨૭) મહાત્માએ સમાપન કરતાં ઉચ્ચાર્યું : 'કેટલાક કહે છે કે આપણા હાથમાં સ્વતંત્રતા આવશે ત્યારે રમખાણો વગેરે નહીં થાય. મને તો આવી આશા ઝાંઝવાનાં નીર જેવી લાગે છે.' એનાં અનેક કારણોમાં મહાત્મા એક વધુ નિમિત્ત-કારણ પણ ચીંધે છે – 'જેટલે અંશે મહાસભાવાદી પ્રધાનોને પોલીસ અને લશ્કરનો ઉપયોગ કરવો પડ્યો છે એટલે અંશે આપણે આપણી નિષ્ફળતા કબૂલ કરવી જોઈએ.' આદર્શવાદી તરીકે ગાંધીજીનું આ કથન ગમે તેટલું સાચું હોય, પરંતુ પ્રજાની આંતરિક ખૂનામરકી સરકારે તો તત્કાલ રોકવી જ રહે એ પણ તેમના ધ્યાન બહાર ન હતું. મહાત્માએ તરત જ સ્વીકાર્યું કે 'પ્રધાનોએ જે કર્યું એથી બીજું તેઓ ન કરી શક્યા હોત એ પણ દુર્ભાગ્યે તદ્દન સાચી વાત છે.' પરંતુ સાથે સાથે તેઓ ભવિષ્યનો માર્ગ પણ ચીંધે છે : 'વધુમાં વધુ શાંતિ-સેવકોએ—જરૂર પડતાં દરેક મહાસભાવાદી કાર્યકરે—જાન ન્યોછાવર કરવા તૈયાર રહેવું જોઈએ. પરંતુ આ ઉકેલ પણ આ બેઠકમાં હાજર રહેલા તેમના જ નિકટના અનુયાયી—સાથીઓનેય અગાઉના વિધાન જેટલો જ આદર્શવાદી લાગ્યો.

આચાર્ય કૃપાલાનીએ તાજેતરના અલ્લાહાબાદનું દષ્ટાંત આપી, ચર્ચાનો આરંભ કરતાં જણાવ્યું કે ત્યાં પોલીસ ઉપરાંત કોંગ્રેસવાળા પણ પહોંચી ગયા હતા. પરંતુ અગાઉ કંઈ નહીં તો હિંદુઓ કોંગ્રેસવાળાની વાત માનતા હતા. **હવે** તેવું રહ્યું નથી. બલકે, કોંગ્રેસવાળાઓને ભાવુકતાથી જાન ખોતા જોઈને તેઓ ઊલટા વધુ રોષે ભરાય છે. શું કોંગ્રેસની નીતિમાં કોઈ હિમાલય સ્થાન છે કે નહીં, તેવા પ્રશ્ન સાથે કૃપાલાનીજીએ ચર્ચાને નક્કર પાટે ચઢાવવા કોશિશ કરી.

**કૃપાલાની** : આપણે જાન આપવા માગીએ છીએ હિંદુ-મુસ્લિમ એકતા માટે. પરંતુ શમાવવા ગયેલા આપણા મોટા મોટા નેતાઓને જો મુસલમાનો કાપી નાખે તો તેમની પ્રત્યે હિંદુઓના દિલમાં ઘૃણા વધશે કે ઘટશે ? મોટા માણસના આવા બલિદાનનું પરિણામ બરાબર ઊલટું જ નહીં આવે ? કાલે બાપુ (મહાત્મા ગાંધી) આ રીતે પોતાનું બલિદાન આપે તો મને ખાતરી છે કે એને आसुरी हत्या માની, હિંદુઓ મુસલમાનોને કદી માફ નહીં કરે. બે હજાર વર્ષ સુધી હિંદુ-મુસ્લિમ એકતા નહીં સ્થપાય. યહૂદીઓના હાથે ઈશુની હત્યા થતાં તેમના શા હાલ થયા ? ××× બાપુને મારી પ્રાર્થના છે કે તેઓ

વિચારે કે એમનું પોતાનું બલિદાન આપવામાં કોઈ હિસાબ કરવાની જરૂર છે કે નથી? પરિણામોનો વિચાર કર્યા વિના કરીશું—ખોવાઈ જઈશું તેથી आपणो कोमी एकतानो ज उद्देश कदी सफळ नहीं थाय.

**બાપુ :** કૃપાલાનીની મૂંઝવણનો ઉત્તર તો છે—પછી ભલે તેનાથી તેમને કે તમને સૌને સંતોષ ન થાય. આ જે વાત છે તે કંઈ નવી નથી. કેટલાંય વરસોથી એ ચાલી આવે છે ××× હુલ્લડને કારણે ભયનું વાતાવરણ આખા શહેરમાં વ્યાપી જાય છે, ત્યારે લોકો પોતપોતાના મહોલ્લામાં પુરાઈ રહે છે. આથી જેઓ છૂપી રીતે ખૂન કરવા માગે છે એમને માટે, એમ સમજો ને કે આ નિમંત્રણ રૂપ બની જાય છે. આવી સ્થિતિ હોય ત્યારે કોંગ્રેસના એકેએક માણસે—તાલીમ પામેલા સ્વયંસેવક દળે ખાસ—જ્યાં માણસો છરી મારીને ભાગી જતા હોય તેવા મહોલ્લામાં પહોંચી જવું જોઈએ. આ જ તેનો ઇલાજ છે.

**કૃપાલાની :** બાપુજી, એ તો શક્ય છે...કોંગ્રેસવાળા બંને મહોલ્લામાં જાય પણ છે. અલ્લાહાબાદમાં પણ ગયા હતા. મરવાની हिंमत તો અમારામાં છે, પણ અમારી સંખ્યા બહુ ઓછી છે. અલ્લાહાબાદમાં જે લોકો મુસ્લિમોના મહોલ્લામાં ગયા હતા, તેમને 'કોંગ્રેસના છે' કહી મુસ્લિમોએ જવા તો ન દીધા. ××× મારો મુખ્ય સવાલ તો એ છે કે કોંગ્રેસવાળાઓના આ રીતે मरवायी હિંદુઓના દિલમાં મુસલમાનો પ્રત્યેનો દ્વેષ વધશે કે ઘટશે?

**બાપુ :** મારે તો એટલું બતાવવું હતું કે કોમી હુલ્લડોનો ઇલાજ આપણી પાસે છે. આ રીતે આપણા બેચાર કે પચીસ (માણસો) મરી જાય તો એથી આખરે લાભ જ થશે. હા, એમાં મુશ્કેલી છે—મોટી સંખ્યાવાળી સેનાની હજી તૈયારી નથી. તેથી શું આપણે ત્યાં સુધી બેસી રહેવું? અથવા શું આપણે એવા નિર્ણય પર આવીએ છીએ કે અહિંસાની નીતિ પહેલાં (૧૯૨૦ ના અરસામાં) કામની હતી, પણ હવે કામની રહી નથી? તો પછી, આપણે સાફ સાફ એવી જાહેરાત કરી દેવી જોઈએ. ખરે વખતે ભયનો સામનો કરવાને બદલે પોતાને ઘેર ભરાઈ રહીશું તો કરોડો લોકોનું આથી વધુ બૂરું આપણે શું કરી શકવાના હતા? ટૂંકમાં, આપણી પાસે इलाज છે, પણ એની પૂરી માત્રામાં અજમાયશ નથી થઈ. ××× આપણી સફળતાની પરીક્ષા એ જ છે કે બીજાની જેમ આપણેય એવું ન કહીએ કે રાજકીય ઝઘડામાં અમે શાંતિથી કામ લઈ શકીએ છીએ; પરંતુ હિંદુ-મુસ્લિમ ઝઘડામાં નહીં. આપણી આગળ તો આ પ્રશ્ન સ્વરાજ મેળવવા જેટલો જ મહત્ત્વનો છે—જો આવાં હુલ્લડોને પ્રસંગે અહિંસા કામ ન આવવાની હોય તો આપણે તો અહિંસાનું નામ જ ભૂલી જવું જોઈએ. પણ મને એવો વિશ્વાસ છે કે એ જરૂર કામ આવી શકશે.

××× આ પછી, તેઓ સ્પષ્ટતા કરે છે: દેશમાં જ ત્રીજી શક્તિ (પરદેશી સત્તા) છે. તેને કારણે આપણે આ પ્રશ્નને ઉકેલી શકતા નથી. તેથી એમ કહેવામાં આવે છે કે પહેલાં એ ત્રીજી શક્તિને હઠાવવી જોઈએ. તે દરમિયાન આપસમાં સમજૂતી કરી લઈએ, અને ત્યાર પછી હિંદુ-મુસલમાન આપસમાં લડવું પડે તો લડીને ફેંસલો કરી લેશે. આ ત્રીજી શક્તિનું અસ્તિત્વ એક ખાસ કારણ છે. પરંતુ હું એમ નથી માનતો કે કેવળ ત્રીજી શક્તિને હઠાવ્યાથી ઝઘડો મટી જશે ××× મારી પાસે સ્વરાજ મેળવવા માટે અને હિંદુ-મુસલમાન એકતા માટે—બંને માટે सत्याग्रह એકમાત્ર ઇલાજ છે. સરકાર સામે આપણે એની અજમાયશ કરી (૧૯૨૦-૩૪ ની લડતો) અને તેમાં થોડી સફળતા પણ મળી. પણ આ કોમી એકતા માટે તો આપણે (બહુ બહુ તો) 'યુનિટી કૉન્ફરન્સ' કરી ઝીણા સાહેબ સાથે વાટાઘાટો કરી, અલીબિરાદરો સાથે વાત કરી, એકાદ સમજૂતી પણ કરી. પરંતુ એ કંઈ અહિંસાનો માર્ગ નથી. એ બધી બાબતો તો 'રાજકારણની' છે. એની પાછળ કોઈ પ્રત્યક્ષ (સત્યાગ્રહી) શક્તિ ન હોઈને, એ વાતો બહુ ચાલી પણ નહીં.

મહાત્માની દષ્ટિએ સાચી સફળતા તો એ કે હુલ્લડનો પ્રસંગ આવે અને બંને બાજુના ગુંડા કહે ળી ટોપીવાળાને અમે નહીં મારીએ.' પરંતુ આવી ભૂમિકા ઊભી ક્યારે થઈ શકશે, એ બાબત ા કહે છે : हजार-बेहजार साचा अहिंसक सैनिको मळे तो पूरतुं छे.' પરંતુ તત્કાલ આવી સંખ્યામાં ન મળવાના ખ્યાલે કરી તેઓ વળી પાછા પોતાનું શ્રદ્ધાવાક્ય ઉચ્ચારે છે : 'सत्याग्रही माटे ा आधार केवळ संख्या नथी.'

આમ, ફરી પાછી આદર્શવાદી પાયા પર માંડણી કરીને, મહાત્મા हिसाबની વાત પર આવતાં દાવો છે : "હું તો હિસાબ વગર કશું નથી કરતો; કેમકે હું તો આદર્શોને વ્યવહારમાં અજમાવવાવાળો ्टिकल विझनरी छुं." પરંતુ એ પછી પણ મહાત્મા જાણે 'વિઝનરી' તરીકે જ આગળ ચલાવે છે : ‌વળ કર્તવ્ય ખાતર મરવું એ પણ એક વસ્તુ છે; પણ એ તો હિંસક સિપાઈ પણ કરી શકે છે. પણ મારો હિસાબ' બીજો છે. માનો કે હું દોડીને ગયો, કિશોરલાલ ગયા, કૃપાલાની ગયા અને માનો કે હું મરી ગયો"...આમ કહી નાખ્યા પછી મહાત્મા માણસ જાત પરની તેમની આસ્થાના જોરે એમ પણ માને છે કે "કદાચ બધા ગુંડા બદલાઈ જાય." પરંતુ મહાત્માનો कदाच શબ્દ સહેતુક છે, કેમકે આવું પરિણામ ન આવવા વિષે પણ સજાગ છે. આથી તો તેઓ તત્કાલ પૂરક પદ ઉમેરે છે કે "એવું ન થવાની ધારણા હોય ત્યાં હું ન પણ જાઉં."

આમ, કૃપાલાનીજીના મૂળ મુદ્દા પર મહાત્મા સંમત થતા હોવાનો ભાસ થાય છે. તેઓ બેધડક આગળ વધે છે: "શ્રદ્ધાવાળા કહેશે કે ગાંધી તો 'હિસાબ' કરે છે. હા, એક મામૂલી હિસાબ પણ આપણી આગળ રહેલો છે જ. જેમકે વલ્લભભાઈ બહુ કામ કરે છે તો એમને કપાવા માટે હું નહીં જવા દઉં. મણિલાલને મોકલીશ." મહાત્મા આમ બહુ કામના અને ઓછા કામના એવો ભેદ કરે છે. પણ પછી ઉમેરે છે કે "બને .યાં લગી વલ્લભભાઈને નહીં મોકલું." આમ કહીને તરત ઉમેરે છે:"જ્યાં વલ્લભભાઈ જેવાનેય જવું પડે એમ હશે ત્યાં એય જશે." મહાત્મા બંને હેતુ સાધવાનું સૂચવે છે : "આપણે કામ પણ કરવું છે અને હિસાબ પણ કરવો છે." પરંતુ છેવટે તો તેઓ તેમના મૂળ 'હિસાબ' પર પહોંચે છે. "सारा सारा बे हजार कोंग्रेसीओए फना थई जवु पडे તો હું એમ નહીં સમજું કે આપણે હિસાબ નથી કર્યો." મહાત્માનું હિસાબ પાછળનું લેખું અવશ્ય અટળ શ્રદ્ધા પર જ મંડાયેલું છે. તેથી જ તેઓ કહે છે : "મને વિશ્વાસ છે કે ઇતિહાસ એમ જ કહેશે કે 'અહિંસા બળવાનોનું શસ્ત્ર છે'—એવી આ સિદ્ધાંત પર બલિદાન આપનારાઓની શ્રદ્ધા હોઈને, તેને ખાતર તેમણે પોતાના જાન પણ કુરબાન કરી દીધા." (આ તબક્કે આ વિવાદમાં સ્વામી આનંદ, કાકા સાહેબ કાલેલકર, જમનાલાલ બજાજ જેવા મહાત્માના અંતેવાસીઓ જોડાય છે.)

સ્વામી આનંદ : છૂપા હુમલાને રોકવા માટે આપણે શું કરી શકીએ?

બાપુ : આ એક ખૂબ ગૂંચવણભર્યો સવાલ છે. એવા હુમલાઓથી આપણે બીજાઓને નહીં બચાવી શકીએ. એટલે आपणे पोते ज एमां कपाई जवु जोईए ××× આપણે સમજી કરીને મુસલમાનોના મહોલ્લામાં—ખાસ જેમના ઉપર શક હોય ત્યાં પહોંચી જવું જોઈએ. ××× તેમને કહેવું કે અમારી સાથે ચાલો—ગુંડાઓ વિરુદ્ધ નિવેદન બહાર પાડો.

આમ કહીને મહાત્મા મુસ્લિમ જનતાના સંપર્ક(કાર્યક્રમ)નો અર્થ સમજાવે છે : 'આપણે તેમના પરિચયના અને સેવાના પ્રસંગો શોધતા રહીએ, કેમકે અંતે તો, મુસ્લિમ જનતાની निरपेक्ष सेवा ज तेमनां दिल जीतवानो सौथी उत्तम अने कारगत उपाय छे.' આ 'હૃદય જીતવા'ની વાત પર જોર આપતાં મહાત્મા કહે છે : "હું રાજકારણને રોકીને પણ એ પહેલું કરવા ઇચ્છું છું. પણ રાજકારણને

રોકવાનીય જરૂર નથી. મુસલમાનોની સેવા અને પરિચયના પ્રસંગો આપણને અનાયાસે જ કેટલાય મળી જાય છે. ××× હું મુસ્લિમોને અપનાવવા માગું છું. મુખ્ય વાત તો આપણા હૃદયપલટાની છે. ××× હા, ઘણા મુસલમાનો હિંદુઓને 'કાફર' માને છે અને તેમની સાથે હળવામળવા નથી ઇચ્છતા. પણ બધા જ મુસલમાનોના મનમાં છૂરી નથી હોતી. ઘણા હિંદુઓ (સાથે) હળીમળીને સાથે રહેવામાં બંનેનું ભલું માનનારા છે, જો કે આપણે તો જેમના હાથમાં અને દિલમાં છૂરી હોય એવા મુસલમાનોથી પણ ન ડરવું જોઈએ. આપણે તેમનાં પણ દિલ જીતી લેવાં જોઈએ. માનવતાની કદર તેઓ પણ જરૂર કરશે." આ પ્રકારની શ્રદ્ધા સાથે મહાત્મા સ્પષ્ટતા કરે છે : "આ સવાલ હૃદયની એકતાનો છે. રાજકારણી સોદાબાજીથી થોડા સમય માટે ઝઘડા ભલે બંધ થાય, પણ દિલ એક નહીં થાય." એમ કહી મહાત્મા વળી પાછા તેમના નવતર 'હિસાબ'નાં લેખાં પર આવે છે : "એક હજાર માણસોની સેના હોય તો જ મારા કામની શરૂઆત થશે એવું હું નથી કહેતો." અને છેવટે કૃપાલાનીજીની મૂળભૂત વાત પર મહાત્મા પહોંચી જાય છે તેઓ પોતાનું જ દષ્ટાંત આપે છે. : "હું સેગાંવમાં પડયો છું. ત્યાં એવો કોઈ બનાવ બને તો મારે ત્યાં જઈ કૂદી પડવું જોઈએ." વધુ ચોટદાર દષ્ટાંત આપતાં તેઓ ઉમેરે છે : "સેગાંવથી પાંચ માઈલ પર વર્ધા છે. ત્યાં ઘણા મુસલમાનો છે. ત્યાં જો આવું કોઈ દંગલ થયું તો, અને માની લો કે (ત્યાંના જ રહીશ) જમનાલાલજી સુસ્ત બેસી રહ્યા તો, મારે ત્યાં જઈને કૂદી પડવું જોઈએ."

અંતે મહાત્મા શબ્દોની ગૂંથમાંથી નીકળીને, નીતર્યો હિસાબ કરે છે : "હવે જો કૃપાલાની મને એમ પૂછે કે કંઈ 'હિસાબ' કર્યો છે ? તો હું કહીશ કે આજ મારો હિસાબ છે. હા, હું એકલો હોઉં તોયે – તોપણ આવે વખતે મારો ધર્મ થઈ પડશે કે હું મરી જાઉં. આ રીતે એકેએક માણસનો એ જ ધર્મ છે."

આમ, મહાત્મા મનુષ્યમાત્રના સ્વધર્મ પર પહોંચી ગયા હોઈને, સવાલો–દલીલો–શંકાઓની જંજાળ ખંખેરી નાખી ઉચ્ચારે છે : "હિંદુ-મુસલમાન હુલ્લડમાં સ્વેચ્છાએ અધર્મ રૂપે મરવાથી સ્વ-રાજ્ય મળશે કે નહીં, એ સવાલ આપણા દિલમાં ઊઠવો જ ન જોઈએ. આપણી પાસે તો અહિંસાના આવા રસ્તા સિવાય સ્વરાજ્યનો બીજો રસ્તો નથી." અને વળી પાછા આદર્શવાદી 'વિઝનરી'ની આશાના સૂરે ઉચ્ચારે છે : "હું તો આશા રાખું છું કે આપણામાં એ તાકાત પેદા થઈ રહી છે...." પરંતુ આમ કહી નાખ્યા પછી મહાત્મામાંનો 'પ્રેકટિકલ' પુરુષ તરત ઉમેરાવે છે : "વીસ વરસથી જે કામ થયું છે તે જો અકારથ ન ગયું હોય તો."

આ બધા પછીય, કૃપાલાનીજીની અમૂંઝણનો જવાબ તો બાકી જ રહે છે. તેથી તેઓ તેનું પુનરાવર્તન કરે છે : "મુસલમાનો જો એવા પાગલ થઈ જાય કે આપને પણ મારી નાખે તો હિંદુ એ વાતને બે હજાર વર્ષ સુધી નહીં ભૂલે. અને મુસલમાનોને આખી માનવજાતના દુશ્મન સમજશે. જ્યાં સુધી આપનો સંબંધ છે ત્યાં સુધી એટલું તો કહેવું પડશે કે આ રીતે જાન આપવામાં આપે સમાજની દષ્ટિએ ખોટો હિસાબ કર્યો છે."

**કાકા સાહેબ** : યુવરાજના આગમન વખતે મુંબઈમાં (નવેમ્બર ૧૯૨૧) હુલ્લડ થયું ત્યારે તો આપે હિસાબ કર્યો હતો ને ? આપ તે વખતે એવા ખ્યાલથી જ લોકોને સમજાવવા દોડી ગયા ન હતા કે એની અસર સારી નહીં પડે.

**બાપુ** : હું કબૂલ કરું છું કે મેં હિસાબ કર્યો હતો; અને એ વાતનો હિસાબ તો હું કરું પણ છું. પરંતુ કોઈ કોઈ વાર ખોટો હિસાબ પણ થઈ જાય. ભૂલ કરવાનો અધિકાર તો મને છે ને ?

કૃપાલાની : અધિકાર નહીં, આપનો સ્વભાવ છે. આપ કુદરત ઉપર જબરદસ્તી કરવા માગો છો; જ નથી રાખવા માગતા. હું જાણું છું કે હું જે કંઈ કરી રહ્યો છું એ દલીલની પાછળ કેટલાય ાસો પોતાની કાયરતા છુપાવશે. પરંતુ એટલા ખાતર આપણે કેટલાય બહાદુરોના પ્રાણ નાહક વેડફી નવાની મૂર્ખતા શા માટે કરીએ ? આપણે તો આ બાબતોમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ હિસાબ કરવો જ જોઈએ.

કાકા સાહેબ : પણ હિસાબ તમે (કૃપાલાની) કરશો કે સમાજ કરશે કે બાપુ કરશે ?

જમનાલાલજી : હિસાબ રાષ્ટ્ર કરશે. એટલે કે (ગાંધી સેવા સંઘની) કારોબારી સમિતિ કરશે.

કૃપાલાની : મારા કહેવાની મતલબ એ છે કે કોઈ હુલ્લડને પ્રસંગે આપ એકલા હો અને ત્યાં જઈને કૂદી પડવાનો આપનો ધર્મ બની જાય તો મારી પ્રાર્થના છે કે કૃપા કરીને આપ આપની આહુતિ ન આપી દેતા.

પરંતુ આ પ્રકારનો હિસાબ મહાત્માને મન અપ્રસ્તુત છે. તેઓ કહે છે : "તમે મને કે જવાહરલાલને ભૂલી જાવ. આગેવાનો પોતપોતાનું જોઈ લેશે. પરંતુ કોંગ્રેસવાળાઓનું જે કર્તવ્ય છે તે હું તમારી આગળ મૂકી રહ્યો છું. વ્યક્તિગત રૂપે વિચાર કરો. સામાજિક શક્તિ તો પાછળથી આવનારી વસ્તુ છે." અને પછી પોતા પૂરતી વાતનો ફોડ પાડે છે; "મેં મારું ઉદાહરણ આપીને ફોડ પાડયો. હું જ્યારે નેતા કે સેનાપતિના સ્થાને હતો, જ્યારે મારે માથે આંદોલન ચલાવવાની જવાબદારી હતી, ત્યારે મેં હિસાબ કર્યો છે (દા. ત. મુંબઈના હુલ્લડો વખતે). લોકો બૂમ મારતા હતા કે એ બહાર કેમ નથી નીકળતો ? કદાચ મને 'ડરપોક' પણ કહ્યો હશે. હું ગુપચુપ બેઠાંબેઠાં સાંભળ્યા કરતો હતો. બીજા શું કહે છે એનો વિચાર સેનાપતિ નથી કરતો."

આમ કહીને મહાત્મા એક મહત્ત્વનો ખુલાસો કરે છે; અને તેના સંદર્ભમાં એવો તર્ક લગાવે છે કે, હવે એમને માથે સેનાપતિ તરીકેની જવાબદારી નથી. આથી બીજા કોઈ સત્યાગ્રહીની જેમ, પોતે એક સત્યાગ્રહી નાગરિક હોઈને, બીજાઓની જેમ એમણેય મરી છૂટવાનો પ્રયોગ કરવાનો રહે છે. (ધર્મ બજાવવાનો રહે છે.) આ તંતુ આગળ ચલાવતાં તેઓ કહે છે કે "હજી સુધી મેં એવો પ્રયોગ કરીને નથી જોયું કે મોટા પાયા પર આ પ્રકારે મરી જવાથી શું પરિણામ આવે. આમ, મારી પાસે એનો કોઈ અનુભવસિદ્ધ ઉપાય નથી. મારી સમજ અને બીજાં ક્ષેત્રોમાંનો મારો અનુભવ મને નુસખો સુઝાડે છે, જે હું માનું છું કે કારગત નીવડશે." પરંતુ આવા વ્યાપક અને મોટી સંખ્યાવાળા ઉપાયની શક્યતા નજીકના ભવિષ્યમાં કોંગ્રેસી નેતાઓને દેખાતી ન હતી.

મહાત્મા બીજા મુદ્દા પર આવે છે. કોમી હુલ્લડો દબાવી દેવા કોંગ્રેસી પ્રધાનોએ ગોળીબાર જેવા ભીષણ ઉપાય અખત્યાર કરવા બદલ તેમની ટીકા કરે છે. પણ તરત ઉમેરે છે : 'એ બિચારા કરેય શું ?'– એમ કહીને પ્રધાનોની નિંદા કરવાનો તેમનો આશય નથી. એવી સફાઈ કરે છે : આખરે તો, પોતે પણ વ્યાવહારિક સમસ્યાઓને ઉકેલતાં ઉકેલતાં અહિંસા પાસે કામ લેવા માગે છે, એમ કહીને ઉમેરે છે : "હુલ્લડ જેવી કટોકટી પ્રસંગે ઓછામાં ઓછી હિંસા કરીને વ્યાપક હત્યાને રોકવાનો હુકમ મારે ય આપવો જ પડે." છતાં આ રસ્તો બંધ કરવા માટેની તેમની ઉતાવળ– અધિરાઈનું કારણ સમજાવે છે : "તાજેતરમાં હરિપુરા અધિવેશન(૧૯–૨–'૩૮)માં જે કંઈ જોયું તેના પરથી મેં ખોટું તારણ કાઢયું કે આપણે હવે પછીના એક વર્ષમાં જે ઇચ્છીએ છીએ તે લઈ શકવાની શક્તિ આપણામાં આવી ગઈ છે."

# એક આદમીની સેનાનો ચમત્કાર

ગાંધીજીએ કોંગ્રેસની મહાસમિતિએ 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કર્યો તેના ચાર દિવસ અગાઉ (૪–૮–૪૨) કોંગ્રેસ-લીગ સમજૂતી માટે નીચેની દરખાસ્તવાળો મુસદ્દો તૈયાર કર્યો હતો —

૧. કોઈ પણ પ્રકારની વાઇસરૉય યા ગવર્નર હસ્તકની અનામત સત્તા વિનાની તત્કાળ સ્વતંત્રતા માટેની કોંગ્રેસની માગણી સાથે મુસ્લિમ લીગ સહકાર આપે. અલબત્ત, યુદ્ધ દરમિયાન ધરી રાજ્યોને ખાળવા માટેની મિત્ર રાજ્યોની લશ્કરી પ્રવૃત્તિઓને છૂટ હશે જ.

૨. બ્રિટિશ સરકાર આજે ધરાવે છે તે સઘળી સત્તા દેશી રાજ્યો સહિત સમગ્ર હિંદના વતી મુસ્લિમ લીગને સુપરત કરે; અને મુસ્લિમ લીગ તેનો સ્વીકાર કરી, સ્વતંત્ર રાજ્યોનું તંત્ર ચલાવવા કોંગ્રેસનો સહકાર માગે તો તે સરકારમાં પણ જોડાશે.

પરંતુ ગાંધીજી આ બાબત માટે ઝીણા સાહેબને મળે તે અગાઉ તો તેમની ધરપકડ થઈ ગઈ હતી. ગાંધીજી અટકાયતમાં હતા, તે દરમિયાન ૧૯૪૩ના એપ્રિલમાં ઝીણા સાહેબે ભારે હિંમત અને કુનેહપૂર્વક જાહેર કર્યું કે "મિ. ગાંધી મુસ્લિમ લીગ સાથે સમાધાન પર આવવા ઇચ્છતા હોય તો હું એ વસ્તુ સૌથી વધારે આવકારીશ. ××× જો કંઈક હૃદયપલટો (!) થયો હોય તો તેમણે મને માત્ર બે લીટી લખાવવી રહી; પછી મુસ્લિમ લીગ પાછી નહીં પડે." ઝીણા સાહેબનો આવો ઉત્સાહી પ્રતિભાવ જોઈ ગાંધીજીએ જેલમાંથી પત્ર લખ્યો (૪–૫–૪૩) : "કોમી એકતાના મહાન સવાલ અંગે ઉભયને માન્ય એવો ઉકેલ શોધી કાઢવાને કૃતનિશ્ચયી માણસો તરીકે આપણે બંને શાને હાથ ન ધરીએ? અને તેની સાથે જેમને લેવાદેવા હોય અથવા તેમાં જેમનું હિત સમાયેલું હોય તે સૌની પાસે તેનો સ્વીકાર કરાવવાને આપણે શાને સાથે મળીને કાર્ય ન કરીએ?"

મહાત્મા ગાંધી અને કાયદે આઝમ ઝીણા એક થાય તો પોતાની શી વલે થાય એનો ખ્યાલ કરી સરકાર રમત રમી ગઈ. આપણે આગળ જોઈ ગયા છીએ તેમ, ગાંધીજીનો પત્ર ઝીણા સાહેબને પહોંચાડવાને બદલે તેનો સાર એ રીતે અપાયો કે ઝીણા સાહેબને ઊલટું જ લાગ્યું કે ગાંધીજી મુસ્લિમ લીગની પાકિસ્તાનની માગણી ઉડાવી દેવા માગે છે...અને આ પત્ર તો જેલમાંથી પોતાના છુટકારાના હેતુ માટે અને મુસ્લિમ લીગને બ્રિટિશ સરકાર સાથે અથડાવી મારવાના એક દાવ તરીકે જ છે. ઝીણા સાહેબે આ પ્રકારનું નિવેદન છાપાજોગું પ્રસિદ્ધ કર્યું. (૨૮–૫–૧૯૪૩)

વાસ્તવમાં, ૧૯૪૨ના ઑગસ્ટમાં ગાંધીજી અને કોંગ્રેસના નેતાઓની ધરપકડ થઈ તે પછીય રાજાજી એકલપંડે રાજકીય મડાગાંઠનો ઉકેલ લાવવા, કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે સમજૂતી કરાવવા, માગતા હતા. તેઓ માનતા હતા કે આવી સમજૂતી શક્ય છે. આથી તેમણે બંનેને સ્વીકાર્ય થાય એવી એક યોજના તૈયાર પણ કરી. તેની મુખ્ય બાબતો આ હતી : (૧) મુસ્લિમ લીગે સ્વતંત્રતા માટેની કોંગ્રેસની માગણીને ટેકો આપવો; (૨) વચગાળાના સમય માટે કામચલાઉ સરકાર રચવામાં સહકાર કરવો; (૩) વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ મુસલમાનોની ચોખ્ખી બહુમતી હોય એવા હિંદના ઉત્તર-પશ્ચિમના તથા ઉત્તર-પૂર્વના એકબીજાને અડોઅડ આવેલા પ્રદેશોની સીમા નક્કી કરવા સારુ એક પંચ નીમવામાં આવે અને તેવા પ્રદેશોમાં પુખ્તવયના મતાધિકારને ધોરણે લોકમત લેવાય. તેની બહુમતી જો હિંદથી અલગ સાર્વભૌમ રાજ્ય સ્થાપવાની તરફેણ કરે તો એવા નિર્ણયનો અમલ કરવો; (૪) એ રીતે, જો તે પ્રદેશોનું અલગ રાજ્ય રચવામાં આવે, તો સંરક્ષણ, વેપાર-રોજગાર, તાર-ટપાલ અને બીજી મહત્ત્વની બાબતોના વહીવટ અંગે પરસ્પર સમજૂતી કરવામાં આવે.

અંતે, સ્પષ્ટ કરવામાં આવ્યું કે બ્રિટન હિંદના શાસન માટેની પૂરેપૂરી સત્તા અને જવાબ-
l સુપરત કરે તો જ આ શરતો બંધનકર્તા રહેશે.

ગાંધીજીએ આ યોજનાને જેલમાંથી સંમતિ મોકલી. બાદ રાજાજી ઝીણાને મળ્યા; પણ તેમણે એ બાસ્તને 'પડછાયા અને કુશકા' સમાન 'પાંગળા–અપંગ અને ઉધઈથી ખવાઈ ગયેલા' પાકિસ્તાન .કે ગણાવી !

બીજી બાજુ, લોકોના મનમાં એવો સવાલ ઊભો થયો કે અગાઉ ગાંધીજીએ જ ભાગલાની .રખાસ્તને અસત્ય (અનટ્રૂથ) કહેલી; અને 'હિંદનું દેહછેદન પાપ છે'--એમ પણ જાહેર કર્યું હતું; તો નછાં રાજાજીની યોજનાને તેઓ પોતાની સંમતિ કેવી રીતે આપી શકે? ગાંધીજીએ એનો ખુલાસો કર્યો કે પોતે જેમાં સંમત થયા હતા તે કોંગ્રેસની કારોબારીએ માન્ય રાખેલ (૨–૪–૧૯૪૨) આત્મનિર્ણયના અધિકારથી જુદી વસ્તુ નથી. મારી દરખાસ્તમાં કોઈ પણ (ધર્મના લોકોની વાત નથી) નિશ્ચિત પ્રાદેશિક ઘટકના લોકોને, તેમની દૃઢ અને જાહેર કરેલી ઇચ્છા વિરુદ્ધ, હિંદના રાજ્યસંઘ(ઇંડિયન યુનિયન)માં રહેવાની ફરજ પાડવાની હોઈ ન શકે. જુદા જુદા પ્રાદેશિક ઘટકોને સર્વસામાન્ય અને સહકારમૂલક રાષ્ટ્રીય જીવન વિકસાવવામાં મદદરૂપ થાય એવી પરિસ્થિતિ પેદા કરવાનો પૂરેપૂરો પ્રયાસ કરવો જોઈએ.

* ગાંધીજીએ સમજાવ્યું કે લીગની માગણી જેટલા પ્રમાણમાં સાચી છે તેટલા પ્રમાણમાં રાજાજીની યોજનામાં તેના તત્ત્વનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેને 'પાકિસ્તાન' નામ આપવામાં આવે તોય તેમને કશો વાંધો નથી. એ છતાં, ઝીણા સાહેબે તેને પાકિસ્તાનની મશ્કરી યા તેના ઇન્કાર તરીકે, ૧૯૪૦ માર્ચના લીગના લાહોરના ઠરાવને સુરંગ ચાંપવાના પ્રયાસ તરીકે, વર્ણવી હતી. આથી ગાંધીજી ઝીણાને મળીને તેમનો વાંધો સમજવા માગતા હતા. પરંતુ રાજાજીની યોજના મુજબ, કેવળ પરસ્પર યુદ્ધ ન કરવું અથવા સમગ્ર રીતે વિચારતાં (એક જ રાજ્યસંઘમાંના) બંને ભાગને હાનિકારક પગલાં ન ભરવાં, એ બે બાદ કરતાં લીગની માગણી મુજબ પાકિસ્તાન સંપૂર્ણ સાર્વભૌમ રાજ્ય નહીં તો બીજું શું હતું? પરંતુ જો હિંદ સામે હિંદમાં જ વિરોધી દળ ઊભું કરવાના સાધન તરીકે પાકિસ્તાનનો ઉપયોગ કરવાની એ તરકીબ હોય તો, અલબત્ત, રાજાજીની યોજના કામ આપે એવી ન હતી.

★

ગાંધીજી ૬–૫–૪૪ના રોજ જેલમાંથી છૂટયા તે પછી તેમણે કાયદે આઝમ ઝીણાને પત્ર લખ્યો (સંબોધન કર્યું 'ભાઈ ઝીણા' અને સહી કરી 'તમારો ભાઈ ગાંધી') : 'મને હિંદના મુસલમાનોનો શત્રુ ન ગણશો, હું તમારો તથા માનવજાતનો સદા સેવક જ રહ્યો છું. મને નિરાશ ન કરશો.'

આ પછી ગાંધીજી અને ઝીણા વચ્ચે મુલાકાત થઈ (નવેમ્બર, ૪૪). તે દરમિયાન બ્રિટિશ સત્તા સિવાય સૌ કોઈ રાજકીય મડાગાંઠથી થાકયાં હતાં. સ્વાતંત્ર્ય માટેનો માર્ગ મોકળો કરવા માટે કોંગ્રેસ સાથે સમજૂતી પર આવવાને ઝીણા સાહેબ પર લીગની અંદરથી તેમજ તેની બહારથી દબાણ વધતું જતું હતું. ઝીણા સાહેબે છાપાંજોગા તેમના નિવેદન (૫–૮–૧૯૪૪)માં ઘણે લાંબે વખતે ગાંધીજીને 'વહાલા મિ. ગાંધી' તરીકે સંબોધ્યા હતા. આપણે આગળ જોઈ ગયા છીએ તેમ, સમજૂતી થવાની શકયતાથી બ્રિટિશ સરકાર સાચે જ ખળભળી ઊઠી. મુલાકાત થાય તે પહેલાં જ વાઇસરૉયે જાહેર કર્યું કે હિંદુઓ તથા મુસલમાનો તેમજ બીજાં મહત્ત્વનાં તત્ત્વો (હરિજનો, દેશી રાજ્યો) વચ્ચે સિદ્ધાંતમાં સમજૂતી થાય પછી જ બ્રિટિશ સરકાર મર્યાદિત સત્તા ધરાવતી વચગાળાની રાષ્ટ્રીય સરકાર રચવા વિષે વિચાર કરી શકે.

બીજી બાજુથી, હિંદુ મહાસભાના સભ્યો ક્રોધે ભરાયા અને મહાત્મા ગાંધી રખેને ઝીણા સાહેબ આગળ શરણાગતિ કરે એવા ભયે, તેઓ મુલાકાત અટકાવવા કટિબદ્ધ થયા. ગાંધીજી જે ઝૂંપડીમાં રહેતા હતા તેને

ઘેરીને તેમને કેમે કરી બહાર જતા અટકાવવાનો તેમણે પ્રયાસ કર્યો. ગાંધીજીની અનિચ્છા છતાં પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે એ પિકેટરોની ધરપકડ કરી. તેમાંથી દરેકની પાસેથી એક એક મોટું ખંજર નીકળ્યું. અને તેમાંના એક જણે 'ભવિષ્યમાં અમારા જમાદાર કામ પતાવશે'—એવો સ્પષ્ટ અણસારો કર્યો. આ 'જમાદાર' તે તે વખતનો એક પિકેટર નાથુરામ વિનાયક ગોડસે. સાડાત્રણ વરસ બાદ તેણે એ કઠોર ભવિષ્યવાણી સાચી પાડી !

ઝીણા સાહેબ સાથેની મહાત્માની વાટાઘાટો લાંબી ચાલી (૯-૯-૪૪ થી ૨૬-૯-૪૪; જેનો ઉલ્લેખ આગલા પ્રકરણમાં થઈ ગયો છે). વાટાઘાટોના અંતિમ દિવસે ગાંધીજીએ ઝીણા સાહેબને લખ્યું કે "જે લાહોર ઠરાવને પાયાનો મૂળભૂત સિદ્ધાંત કહો છો અને મારે તેનો સ્વીકાર કરવો જોઈએ એમ તમે કહો છો તે ઠરાવમાં કરવામાં આવેલી માગણીની સ્પષ્ટ રૂપરેખા દોરવામાં આવે અને આપણને બંનેને સંતોષકારક થાય એ રીતે એમાં સુધારાવધારા કરવામાં આવે એ સારામાં સારો રસ્તો છે." પરંતુ ઝીણા સાહેબ એવો કશો ફોડ પાડીને બંધાઈ જવા હજી તૈયાર ન હતા. તેમણે છેવટે ગાંધીજી કોંગ્રેસના અધિકૃત પ્રતિનિધિ ન હોઈને વાટાઘાટોનો અંત આણ્યો.

ગાંધીજીએ બીજે દિવસે પત્રકારોને જણાવ્યું કે "કાયદે આઝમને ત્યાં જઈને મેં તેમનું દ્વાર ખખડાવ્યું, પણ મને નિષ્ફળતા મળી છે. પરંતુ હું નિરાશ કે નાસીપાસ થયો નથી." અને પછી ઉમેર્યું કે "ઝીણા સાહેબ સજ્જન છે, પ્રામાણિક છે એવી મને પાકી ખાતરી થઈ છે. પરંતુ હિંદના અકુદરતી ભાગલા પડવાથી લાગતાવળગતા લોકોને સુખ અથવા સમૃદ્ધિ લાધશે એવી કલ્પના તેઓ કરે છે, ત્યારે તેઓ કંઈક મોહજાળમાં ફસાયા હોય એમ મને લાગે છે. મને આશા છે કે અમે પાછા મળીશું. દરમિયાન પ્રજાએ પરિસ્થિતિનો બરાબર કયાસ કાઢીને પોતાના અભિપ્રાયનું દબાણ અમારા પર લાવવું જોઈએ."

* ગાંધીજીથી સાવ ઊલટું કહી શકાય તે પ્રકારનું મંતવ્ય અગ્રગણ્ય ધારાશાસ્ત્રી તથા એક અગ્રણી વિનીત નેતા ડૉ. જયકરનું હતું (જે તેમણે ગાંધીજીને લખી જણાવ્યું હતું) કે જનાબ ઝીણા પોતાના દેશવાસીઓ સાથે નહીં, પણ કયારેક બ્રિટિશરો સાથે સમજૂતી પર આવવાનું વધારે પસંદ કરશે...તથા તેઓ ગાંધીજી અને રાજાજીની યોજનાનો બ્રિટિશ સરકાર સાથે સોદો કરવામાં ઉપયોગ કરશે; તેમ જ હિંદના નેતાઓ સાથે ભવિષ્યમાં થનારી વાટાઘાટોના આરંભિક મુદ્દા તરીકે પણ તેને આગળ ધરશે. ઈતિહાસે ડૉ. જયકરને સાચા ઠેરવ્યા, પરંતુ ગાંધીજીને પોતે ખોટા પડયાનો અફસોસ ન હતો.

★

બ્રિટિશ કૅબિનેટ ડેલિગેશન લંડનથી કરાંચી થઈ દિલ્હી આવી પહોંચ્યું (૨૪-૩-૪૬). તે પ્રતિનિધિ મંડળના નેતા લૉર્ડ પૅથિક-લૉરેન્સ હિંદીવજીરનું સ્થાન ધરાવતા હતા. એમનો ગાંધીજી સાથેનો પરિચય ૧૯૦૬થી (ચાળીસ વરસ પૂર્વે) હતો. બીજા સભ્ય સર સ્ટેફર્ડ ક્રિપ્સ હતા. તેઓ તો અગાઉ (૧૯૪૨) બ્રિટિશ કૅબિનેટના પ્રતિનિધિ તરીકે વાટાઘાટો કરવા હિંદ આવી ગયેલા હતા. તેઓ પં. નેહરુના પણ મિત્ર હતા અને મહાત્મા ગાંધી માટે તેમને ભારે આદરભાવ હતો. છતાં ત્યારે તેમને બ્રિટિશ સત્તાના દોરીસંચાર મુજબ નાચવું પડતું હોઈને, તેઓ પોતે આપેલ વચન પાળી ન શકવાની સ્થિતિમાં મુકાતાં દોષનો ટોપલો કોંગ્રેસ ઉપર નાખીને વિદાય થઈ ગયા હતા, જો કે એ પછીય હિંદના હિતેચ્છુ તરીકે પોતાનો ફાળો આપતા રહ્યા હતા. ત્રીજા સભ્ય એ. વી. એલેક્ઝાન્ડર હતા. તેઓ બ્રિટિશ પાર્લમેન્ટના સભ્ય હતા. આ પ્રતિનિધિ મંડળ મે તથા જૂન દરમિયાન પ્રવાસો કરીને નેતાઓને મળીને જે હેવાલ પ્રગટ કર્યો હતો તે બ્રિટિશ સરકારને સુપરત કરવા જૂનના અંતે ઈંગ્લૅંડ ઊપડી ગયા હતા. એ પછી વાઈસરૉય વેવેલે પોતાની કારોબારી સભાને બદલે વચગાળાની રાષ્ટ્રીય સરકાર રચવાની જાહેરાત કરી (૧૩-૮-૧૯૪૬). તેના પ્રમુખપદે વાઈસરૉય અને ઉપપ્રમુખપદે એટલે કે વડાપ્રધાન તરીકે કોંગ્રેસના તે સમયના પ્રમુખ પં. જવાહરલાલની નિમણૂક કરી. પરંતુ નવા પ્રધાનમંડળના બધા મુસ્લિમ સભ્યો નીમવાનો અધિકાર મુસ્લિમ લીગને ન આપવામાં આવ્યો હોઈને, લીગે

જોડાવાનો ઇન્કાર કર્યો; અને ૧૬મી ઓગસ્ટે 'સીધાં પગલાં દિન' પાળવાની જાહેરાત કરી. આ વચગાળાની સરકારે કામગીરી શરૂ કરી (૨-૯-૧૯૪૬).

મહાત્મા ગાંધીએ સાંજની પ્રાર્થના સભામાં હૃદયસ્પર્શી પ્રવચન કરતાં કહ્યું કે "જે મંગળ દિવસની ણે લાંબા વખતથી રાહ જોતા હતા તે આજે આવ્યો છે." હિંદ અને બ્રિટન વચ્ચેના ઝગડાનું ધાન કરવા માટેના નિર્ણય બદલ તેમણે બ્રિટિશ સરકારને ધન્યવાદ આપ્યા અને ઉમેર્યું કે "જૂના ચાયો યાદ કરવાનો કે કડવી સ્મૃતિઓ તાજી કરવાનો આ અવસર નથી... પરંતુ મુસ્લિમ લીગ કારમાં જોડાઈ ન હોઈને તે આજે શોકદિન પાળે છે. તેથી કરીને, આપણે પણ આજે આનંદોત્સવ માણીએ; ઉપવાસ કરીને, **આ ગંભીર પ્રસંગે વધુ અંતર્મુખ થઈને, આપણા અંતરાત્માને છીએ કે આપણા મુસલમાન ભાઈઓને આપણે ખરેખર અન્યાય તો નથી કર્યો ને?** ં જ રીતે, મુસલમાનોએ પણ હિંદુઓને પોતાના દુશ્મન ન લેખવા ઘટે. જેઓ આ દેશમાં જન્મ્યા અને જેઓ તેને પોતાની માતૃભૂમિ લેખે છે તે સૌ ભાઈઓ છે."

૧૫, ઓક્ટોબર (૧૯૪૬)ના દિને મુસ્લિમ લીગ વચગાળાની સરકારમાં જોડાયાની જાહેરાત કરવામાં આવી. પરંતુ આ પછી શાંતિ સ્થપાઈ જવાને બદલે તે જ દિવસે પૂર્વ બંગાળના મુસલમાનોની બહુમતીવાળા નોઆખલી જિલ્લામાં વિશાળ પાયા પર મુસલમાનોનું હિંદુવિરોધી કોમી રમખાણ ફાટી નીકળ્યું. હિંદુઓનાં હજારો આલીશાન ઘરો બાળીને ભસ્મીભૂત કરી નાખવામાં આવ્યાં. મોટા પાયા પર બળજબરીથી ધર્માંતર કરાવવાની તથા હિંદુ સ્ત્રીઓનાં મુસ્લિમો સાથે બળજબરીથી લગ્નો કરવા ઉપરાંત, પારાવાર બળાત્કારોની અને અપહરણોની યાતનાઓ ગુજરી (આ પાગલ ઝંઝાવાત પંદર મહિના—સ્વરાજ મળ્યા પછીય પાંચ મહિના સુધી ચાલ્યો હતો!) તેનો પ્રત્યાઘાત બિહારમાં મુસ્લિમો ઉપરના બર્બર અત્યાચારોમાં પડ્યો. (૨૬-૧૦-૧૯૪૬)

★

## મહાત્માની મનોવેદના

જૂન ૧૯૪૭ના અરસામાં કોંગ્રેસના પ્રમુખ આચાર્ય કૃપાલાનીજીએ કહ્યું હતું કે બ્રિટિશરો સામેની લડતમાં, ગાંધીજીએ અહિંસા દ્વારા જે કર્યું છે તે અહિંસા દ્વારા કોમી તોફાનોનો મુકાબલો કરવાનો રસ્તો તેઓ બતાવી શકયા નથી. ગાંધીજી પોતે જ કહે છે તેમ, એ બાબતમાં તેઓ અંધારામાં ફંફોસી રહ્યા છે. નોઆખલી તથા બિહારમાં પદયાત્રાઓ કરીને હિંદુ-મુસ્લિમ પ્રજાના ઊંડા ઘા રુઝાવીને નવેસરથી સલુકાઈભર્યા સંબંધો શરૂ કરાવવા ભગીરથ પ્રયાસ કરી રહ્યા છતાં, સવાલ ઉકેલી શકાયો નથી.

ગાંધીજીનો જવાબ એ હતો કે માર્ગ તો તેમને મળી ગયો છે. પરંતુ લોકોને એમનું દષ્ટિબિંદુ જોતા કેવી રીતે કરવા એ અંગે તેઓ હજી અંધારામાં ફંફોસે છે. **અહિંસાનું હથિયાર બ્રિટિશરોની સામે જેટલું સફળ નીવડયું હતું, તેટલું જ કોમી તોફાનો સામેની લડતમાં પણ નીવડે એ વિષે એમના મનમાં શંકા ન હતી.** આમ છતાં, જે ફરક દેખાય છે તે સમજાવતાં ગાંધીજી સૂચવે છે કે—**અંગ્રેજો સામેની અહિંસાય સાચી પૂર્ણ અહિંસા ન હતી. એ તો નિ:શસ્ત્ર પ્રજાની—દુર્બળોની અહિંસા—એટલે કે નિ:શસ્ત્ર શાંતિપૂર્ણ પ્રતિકારની—પેસિવ રેઝિસ્ટન્સ કક્ષાની કહેવાતી અહિંસા હતી.**

હવે ભાંડુ-ભાંડુ વચ્ચેનો અતિ વિષમ અને અતિ જટિલ કોયડો ઉકેલવો હોય તો ખરા અર્થમાં અહિંસાનું આચરણ કરી બતાવવું રહે છે. એ તો 'વીરોની અહિંસા' થકી જ સિદ્ધ થઈ શકે એમ છે. અને દુ:ખની વાત એ છે કે આગલા ત્રણ દાયકા દરમ્યાન 'વીરોની અહિંસાનો રસ્તો સુકાઈ ગયો હોઈને, હવે

જ્યારે જરૂર જણાય છે ત્યારે, તેની માનસિક તૈયારી પણ નહિવત્ છે. આજની હતાશાના મૂળમાં આ પાયાની ત્રૂટિ રહેલી છે...જો હજી કોંગ્રેસ અને જાગ્રત નાગરિકો સંકલ્પ કરે તો કોમી સમસ્યાના ક્ષેત્રેય ચમત્કાર કરી બનાવવાનું અશક્ય નથી.

અલબત્ત, આ ચર્ચાઓ દરમ્યાન એવો પ્રશ્ન ઊઠયો જ હતો કે તમે હિંદુઓને જે રીતે ઢંઢોળો છો તેવું મુસલમાનો માટે કેમ નથી કરતા? ગાંધીજીએ ખુલાસો આપતાં કહ્યું હતું: "મુસલમાનો મને તેમના શત્રુ માને છે. એમના મિત્ર અને હિતસ્વી તરીકેની આસ્થા મારામાં જાગે નહીં ત્યાં સુધી એમના પર જોર કરવાનું થાય નહીં. ત્યારે હિંદુઓ મને શત્રુ માનતા ન હોઈને, આ પ્રકારનું દબાણ શક્ય છે." – એમ કહી છેવટે ઉમેર્યું કે "હિંદુઓ મારે રસ્તે ચાલે તો હું ચમત્કાર કરી આપવા તૈયાર છું."

પરંતુ ગાંધીજી જ્યારે આ શબ્દો ઉચ્ચારતા હતા ત્યારે જ તેઓ પોતાની જાતને પૂછી રહ્યા હતા: આવું સત્ય રજૂ કરવા માટે શું હું પોતે યોગ્ય સાધન ખરો? અને પછી પોતે જ જવાબ આપતા: "આવું સત્ય લોકોને ગળે ઉતારવા સારુ મારે પોતે પૂર્ણ સાક્ષાત્કાર કરવો જોઈએ."

પોતાની આ શ્રદ્ધાનો આધાર સૂચવવા માટે ખિલાફતના આરંભના દિવસો મહાત્મા યાદ કરાવે છે. પરંતુ પછી પોતે જ ઉમેરે છે કે ત્યારે મુસ્લિમો માટે 'ખિલાફત' અને કોંગ્રેસ માટે 'સ્વરાજ' રૂપી નક્કર આદર્શો સામે હતા. તે નવો જ અનુભવ હતો. આજે તો એવું કશું પ્રજાને દેખાતું નથી.

આમ છતાં અંતે, મહાત્મા નવી શક્યતાના શુભ ઇશારા તરફ આંગળી ચીંધે છે. સ્વરાજની પૂર્વ સંધ્યાએ જ (૧૪ ઓગસ્ટે) બનેલી એક ઘટનાનો ઉલ્લેખ કરે છે. તેઓ અને સુહરાવર્દી જ્યાં મુસલમાનોને નુકસાન થયું હતું એ બેલાઘાટા ઘાટમાં સાથે ગયા, ત્યારે તેમણે જોયું કે ઘણી મોટી સંખ્યામાં ત્યાંના મુસલમાનો હિંદુઓને મસ્જિદમાં લઈ જતા હતા. બંને કોમો 'જયહિંદ' તથા 'હિંદુ–મુસલમાન એક હો'નો ઉદ્ઘોષ કરતી હતી...

ગાંધીજી આને અકસ્માત કહેવાને બદલે ચમત્કાર કહેવાનું વધુ પસંદ કરતા હતા. ઘડીભર તો તેમને લાગ્યું કે બચપણથી જ તેમણે જે સ્વપ્નું સેવ્યું હતું તે હવે ઉત્તરાવસ્થામાં ખરું પડશે.

એકલપંડે ગાંધીજીએ નોઆખલીમાં જે અદ્ભુત કામગીરી બતાવી તેને બિરદાવતાં લોર્ડ માઉન્ટબેટને ગાંધીજીને લખ્યું હતું કે "પંજાબમાં અમારી પાસે પંચાવન હજાર સૈનિકો છે,...છતાં ત્યાં વિશાળ પાયા પર રમખાણો ચાલી રહ્યાં છે. ત્યારે બંગાળમાં, અમારું દળ એક જ આદમી (મહાત્મા)નું છે છતાં, ત્યાં રમખાણ બિલકુલ બંધ છે."

# ૮ : મહાત્માની અનોખી શૈલી

## થોડાંક પાસાં

### મૂળભૂત અભિગમના ભેદ છતાં સત્યાગ્રહી શિસ્ત

ગાંધીજી પોતાને જન્મજાત ચુસ્ત લોકશાહીવાદી તરીકે ઓળખાવતા હતા. વ્યવહારમાં અનેકવાર એવા પ્રસંગો આવ્યા હતા કે જ્યારે તેઓ કોંગ્રેસના સર્વેસર્વા તરીકેનું સ્થાન ધરાવતા હતા ત્યારેય પોતાના નિશ્ચિત અભિગમ કરતાં ભિન્ન અભિગમ ધરાવતા અને તે માર્ગે કટિબદ્ધ બનેલા સાથી અનુયાયીઓની આગળ તેઓ નમતું મૂકતા હતા. અલબત્ત, તેમ કરવા પહેલાં વ્યક્તિઓને તેઓ એક જ કસોટીએ ચકાસતા કે તેઓ સાચા દેશભક્ત છે કે કેમ, અને દેશની મુક્તિની અહિંસક લડતમાં તેઓ ભોગ આપવા દુઃખ સહન કરવા તૈયાર છે કે કેમ. આ કસોટીએ પાર ઊતરનારાં આગળ તેઓ લગભગ શરણાગતિની જેમ વર્તતા, તે એટલે સુધી કે પોતાના ચુસ્ત અનુયાયીઓને દુભવીનેય વિરોધી ભિન્નમાર્ગીઓનો રાહ મોકળો કરી આપતા, જો કે આવે પ્રસંગે તેમના ચુસ્ત અનુયાયીઓ મહાત્માજીએ સિદ્ધાંત–શિસ્તમાં ઢીલા પડી જઈને ગેરવાજબી પક્ષપાત કર્યાનુંય માનતા. દષ્ટાંત રૂપે, ૧૯૨૪માં ધારાસભાનો બહિષ્કાર ચાલુ રાખવામાં માનનારા ચુસ્ત નાફેરવાદીઓ અને ધારાસભા–પ્રવેશના આગ્રહી સ્વરાજ પક્ષવાળા ફેરવાદીઓ વચ્ચે ઘર્ષણ વધી ગયું હતું. એ વરસોમાં દેશબંધુ ચિત્તરંજન દાસ જેવા મહાન દેશભક્તની આગેવાનીમાં ઘણા કોંગ્રેસી કાર્યકરો ધારાસભાની અંદર જઈને बहिष्कार आंदोलनना एक भाग तरीके ज લડત ચલાવવા માગતા હોઈને, ગાંધીજીના શુદ્ધ રચનાત્મક કાર્યથી અળગા થઈ ગયા હતા. આથી અકળાઈ ગયેલા નાફેરવાદીઓએ લડત ફરીથી શરૂ કરી દઈ ધારાસભા પ્રવેશના વિવાદનો અંત આણવા ગાંધીજીને સૂચવ્યું હતું.

આ સંજોગોમાં ગાંધીજીએ પોતાના નાફેરવાદી અનુયાયીઓને સમજાવ્યું હતું કે સરકાર સામેના વ્યવહારમાં સ્વરાજ પક્ષવાળા નબળા પડે એવું કશુંય તેઓ ન કરી શકે. વળી, સવિનયભંગને માટે જરૂરી વાતાવરણનો પણ અભાવ હતો. એ સ્થિતિમાં સ્વરાજ પક્ષની જરૂરિયાત વધુ જણાતી થઈ હતી. આથી ગાંધીજીએ તો, સ્વરાજ પક્ષવાળાઓ સામે લડવાને બદલે, પોતાના રચનાત્મક કાર્યક્રમને ટેકો આપવા રચાયેલા નાફેરવાદી પક્ષને જ વિખેરી નાખ્યો અને તેમને રચનાત્મક કામમાં વળગી જવા આદેશ આપ્યો. એટલું જ નહીં, દેશબંધુના અવસાન બાદ તેઓ એક ડગલું આગળ વધ્યા. પટણામાં મળેલી મહાસમિતિની બેઠક (૧૯૨૫)માં આખી કોંગ્રેસ સ્વરાજ પક્ષવાળાઓને સુપરત કરીને, તેમના હાથ મજબૂત કરવાનો નિર્ણય કર્યો, અને પોતે માત્ર સલાહ સૂચનો તથા દોરવણી આપવાનું ચાલુ રાખ્યું.

**બીજું દૃષ્ટાંત** : મહાત્માને ૧૯૩૪ના ઓક્ટોબરમાં એમ લાગવા માંડ્યું કે પોતાનું વ્યક્તિત્વ કોંગ્રેસના મોવડીમંડળ ઉપર ઓથારસમું બની ગયું છે, કોંગ્રેસમાં વિચારસ્વાતંત્ર્ય રૂંધી રહ્યું છે, તથા તેના સ્વાભાવિક વિકાસને રોકી રહ્યું છે; પરિણામે કોંગ્રેસ સૌથી વ્યાપક પ્રતિનિધિત્વ ધરાવતી અને લોકશાહી સ્વરૂપની સંસ્થા મટી જઈને, જેમાં મતમતાંતરોને અવકાશ ન હોય એવી એક વ્યક્તિત્વના પ્રભુત્વવાળી સંસ્થાની કક્ષાએ ઊતરી જાય એવું જોખમ વધ્યું છે; ત્યારે એમણે ૧૪ વરસના પોતાના

સભ્યપદનો ત્યાગ કરીને, કોંગ્રેસના કાર્યમાં કોઈ પણ પ્રકારની ડખલરૂપ ન થવાના આશયે, અને સત્યાગ્રહના ક્ષેત્રમાં વધુ સંશોધન કરવા અર્થે, કોંગ્રેસમાંથી નીકળી જવાનું શ્રેયસ્કર લેખ્યું હતું.

ઉપરાંત, ૧૯૪૫માં કોંગ્રેસના મહારથીઓએ, ગાંધીજીની સલાહની અવગણના કરીને, ઝીણાની કોમી ધોરણવાળી હિંદુ-મુસ્લિમ (એટલે કે કોંગ્રેસ-લીગ) સમતુલા (પેરીટી)ના મુદ્દા પર નમતું મૂક્યું, ત્યારેય ગાંધીજીએ એમના પર કશું દબાણ આણ્યું નહિ. એથી અકળાઈને એક જણે 'ગાંધીજીની સંમતિ વિના કોંગ્રેસ કોઈ પગલું ભરી ન શકે'—એવું વલણ પ્રગટ કર્યું, ત્યારે ગાંધીજીએ ખુલાસો કરતાં જણાવ્યું કે "સામાન્યત: કોંગ્રેસનું મોવડીમંડળ મારી સલાહ સ્વીકારતું આવ્યું હોવાથી, તેઓ સદાકાળ માટે સલાહ લેવા બંધાઈ ગયા છે, એમ કહેવું સૈદ્ધાંતિક દૃષ્ટિએય ખોટું છે. હું એમની પાસે મારું ધાર્યું જ કરાવવાનો પ્રયાસ કરું તો એકાદવાર કદાચ મને સફળતા મળે, પરંતુ મારા પ્રભાવને વળગી રહેવાનો પ્રયાસ કરું તે જ પળે મારું જ પતન થયું ગણાય; ને મારો એવો સ્વભાવ પણ નથી".

## કોંગ્રેસની ગંભીર ક્ષતિ છતાં બંડનો ઈન્કાર

ગાંધીજીએ આશા રાખી હતી કે કોંગ્રેસી મોવડીમંડળ નીતિ(પોલિસી) તરીકેય અહિંસાની શિસ્તનું સાચા દિલથી પાલન કરશે, તોય અહિંસાને વિષે શ્રદ્ધા પેદા થશે. તેમની આ અપેક્ષા પાર પડી ન હતી. નિષ્ફળતાનું કારણ તેઓ પોતે જ સમજાવે છે : "હું માનતો હતો કે આપણી લડત **'સક્રિય અહિંસા'** (પોઝિટિવ નોનવાયોલન્સ)ના પાયા પર નિર્ભર છે, પણ વસ્તુત: એ પાયો કેવળ **નિ:શસ્ત્ર પ્રતિકાર** (પેસિવરેઝિસ્ટન્સ) જ હતો. આથી એમાં, ક્યારેક શક્યતા ઊભી થતાં, તે સ્વાભાવિક રીતે જ **સશસ્ત્ર પ્રતિકાર**માં પરિણમે તો નવાઈ નહીં." (૨૭-૭-૧૯૪૭)

ગાંધીજી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની વાત તાજી કરાવીને ભારપૂર્વક જણાવે છે કે, ત્યાંના હિંદીઓ પાસે શસ્ત્રો ન હોવાને કારણે જ કંઈ નિ:શસ્ત્ર પ્રતિકારનો આશરો લેવાનું તેમને કહેવામાં આવ્યું ન હતું. ટ્રાન્સવાલમાંની તેમની એ લડત દુર્બળોના હથિયાર તરીકે કેવળ 'નિ:શસ્ત્ર પ્રતિકાર' ન હતી. અહિંસા એટલે કે આત્મબલ પર તેનું મંડાણ હતું, જે પશુબળથી સર્વથા વિરુદ્ધ છે, અને અનેકગણું ચડિયાતું છે.

ગાંધીજી કહે છે કે "દ. આફ્રિકામાં મળેલી સફળતાના નશા સાથે હું હિંદ આવ્યો હતો. અહીં પણ લડત સફળ નીવડી હોવાનું લાગ્યું હતું. **પણ હવે હું સત્ય સમજ્યો છું એટલે તો હિંદના ભાગલાની સામે હું લાચારી અનુભવી રહ્યો છું.** આવી ઘોર નિરાશા મેં અગાઉ કદી પણ અનુભવી નથી". આગળ જતાં મહાત્મા એવીય શક્યતા જુવે છે કે **"સંભવ છે કે આમાંથી લશ્કરી સરમુખત્યારશાહી પણ ઉદ્ભવે."** આટલી હદે સમજ્યા પછીય, મહાત્મા દેશના ભાગલા નિવારવા માટે કોંગ્રેસની સામે બળવાનો ઝંડો ઉઠાવવાનો ઈન્કાર કરતા હતા. તેમના વિવિધ ખુલાસાઓનો સાર એ હતો કે (૧) હિંદના મુખ્ય પક્ષો (કોંગ્રેસ અને લીગ) વચ્ચે સમજૂતી થયા વિના, બ્રિટિશ સરકારે હિંદ પર ભાગલા ઠોકી બેસાડયા હોત, તો તેમણે એકલાએ પણ બ્રિટિશ સરકારને લડત આપી હોત. પરંતુ વસ્તુસ્થિતિ એવી પેદા થઈ કે ખુદ કોંગ્રેસના વરિષ્ઠ નેતામંડળને સંજોગોનું દબાણ લાગતું હતું. આથી તેને વશ થઈને તેમને નાછૂટકે ભાગલા માટેય સંમત થવું પડ્યું; (૨) હિંદના ભાગલાનો વિરોધ કરનારાઓ પૈકીના મોટા ભાગના લોકો, તે વખતે દેશમાં વ્યાપેલી કોમી લાગણીથી દોરવાઈને, એમ કરવા પ્રેરાયા હતા. ગાંધીજી અને કટ્ટર હિંદુવાદીઓ તથા શીખવાદીઓ વચ્ચે તો, કોંગ્રેસના આગેવાનો

ગાંધીજી વચ્ચે હતું તેના કરતાં, બહુ ઓછું વિચારસામ્ય હતું. બલ્કે, કોંગ્રેસના આગેવાનો ગાંધીજીના માં માનતા હતા, પરંતુ ગાંધીજીના જેટલી તેમનામાં શ્રદ્ધા ન હોવાથી, દેશના જવાબદાર આગેવાનો ગાંધીજીનો માર્ગ અપનાવવાનું તેમને મુનાસિબ નહોતું લાગ્યું.

વધુ સફાઈ કરતાં ગાંધીજી ઉમેરે છે કે તે વખતે જો દેશ અહિંસા દ્વારા અરાજકતા અને અંધેરનો લો કરી શકે એમ હોત તો તેમણે પોતે પ્રજાને એમ કરવાને સલાહ આપી જ હોત. પરંતુ એવી તિ ન હોય ત્યારે, ભાગલા રદ કરાવવા માટે 'કોમવાદીઓ' સાથે એટલે કે અહિંસા જેમણે ફગાવી ી છે તેમની સાથે જોડાઈ જઈને ઇરાદાપૂર્વક દેશને અરાજકતા અને અંધેરના ખાડામાં નાખવાનું તો ા ન જ કરે; (૩) પોતાના સાથીઓના નિર્ણયને અવગણીને તેઓ ભાગલા અટકાવી શક્યા હોત. પરંતુ ંગ્રેસને તેમ જ આઝાદી માટેની પચીસ વરસથી ચલાવાતી અહિંસક લડતને છિન્નભિન્ન રી નાખીને જ તેઓ એમ કરી શક્યા હોત. દરદીની જિંદગીના ભોગે દરદીને સાજો કરવામાં તેઓ ાનતા ન હતા.

આનો અર્થ એવો નથી કે ગાંધીજી દેશના ભોગે કોંગ્રેસને બચાવવા માગતા હતા. તેઓ પોતાનું જ દૃષ્ટાંત આપીને વધુ ફોડ પાડે છે. તેમણે પોતે અગાઉ એવું ઉચ્ચાર્યું હતું કે "હિંદના ભાગલા કરવા પહેલાં મારા દેહના ભાગલા કરવા જોઈએ." પરંતુ વાસ્તવમાં તેમને એમ જણાયું કે લોકમત – કંઈ નહીં તો 'વાચાળ' વિભાગનો લોકમત – અરાજકતા કે અંધેરનું જોખમ ખેડવા કરતાં ભાગલાને વધુ પસંદ કરે છે. કોંગ્રેસના આગેવાનો પોતેય એવી માન્યતા ધરાવતા હતા કે ભાગલા દ્વારા અંધેર અને અરાજકતા ટાળી શકાશે. આથી તેમણે હારીથાકીને અનિચ્છાએ ભાગલાનો માર્ગ બહેતર માન્યો હતો.

ગાંધીજી જણાવે છે તેમ, આવા બધા સંજોગોમાં કોંગ્રેસના આગેવાનોની સામે લડવાનો ઝંડો ફરકાવવો એમાં ન હતી 'લોકશાહી', ન હતી 'અહિંસા' (સહિષ્ણુતા) કે ન હતો 'સત્યાગ્રહ'; તે કેવળ 'ભાંગફોડ' થઈ પડત; (૪) એ વખતે પ્રવર્તતી પરિસ્થિતિમાં અરાજકતા યા અંધેરનો મુકાબલો કેવળ શુદ્ધ અહિંસા દ્વારા જ થઈ શકત; તે જ ભાગલા અટકાવી શકત. પરંતુ તેવી શક્તિનો અભાવ હતો, જે રાતભરમાં ખીલવી શકાય એમ ન હતું.

* આમ, પ્રાપ્ત પરિસ્થિતિમાં બીજો કોઈ ઉપાય ન હતો. દેશની રહીસહી એકતા કોઈ રીતે જાળવી રાખવી જરૂરી હતી. આ બધાં છતાં, મહાત્મા કહી નાખે છે : જે तत्त्वतः दूषित હતું તે ભાગલાનું પગલું श्रेयस्कर બની શકે એમ તો ન જ હતું.

ઇતિહાસની એ કેવી કરામત છે કે, અંતે મહાત્મા પોતે સૌને સલાહ આપે છે : "દેશના ભાગલા એ હવે સિદ્ધ વસ્તુ થઈ ચૂકી હોવાથી વહેવારકુશળ માણસો તરીકે, ઉચિત વર્તાવ દ્વારા, એનું અનિષ્ટ ઓછું કરવાની, અને આખરે તેમાંથી સારું પરિણામ લાવવાની, તમારી ફરજ થઈ પડે છે." પોતાના એક આદરપાત્ર આશ્રમવાસીને મહાત્મા લખે છે કે "ભૌગોલિક રીતે જોતાં હિંદના ભાગલા પડ્યા એમ ભલે કહેવાય. એ બાબતમાં કોંગ્રેસને સંમત થવાની ફરજ પડી એટલે હવે આપણે નવો રસ્તો લેવો પડશે. પ્રદેશ અને માલમિલકતના ભાગલા થતાં આપણા दिलना भागला પણ ન થાય, એ અંતે તો જોવું પડશે. આપણા દિલમાં સચ્ચાઈ હોય, તો હિંદ જાણે વિભક્ત થયું જ નથી એ રીતે આપણે વર્તી શકીએ". આમ, જેટલી દૃઢતાથી ગાંધીજીએ ભાગલાનો વિરોધ કર્યો હતો તેટલી જ દૃઢતાથી હવે, તેઓ ભાગલા પડ્યા છતાં, दिलनी एकताना યુદ્ધમાં વિજય કેવી રીતે મેળવી શકાય એની શોધમાં લાગી ગયા

તેમાં સૌથી પહેલી વાત પોતાના સાથીઓના હૃદયપલટાની હતી. પરંતુ આ વચગાળામાં મહાત્માએ અનહદ વેદના અનુભવી હતી, કેમ કે બીજી અનેક બાબતો કરતાં ભાગલાની બાબત તેમને માટે અધિક વિદારક હતી. બ્રિટિશરોને હાથે ભાગલા સ્વીકારવા કરતાં તો તેમણે પોતે સમગ્ર દેશને ભસ્મીભૂત થવા દીધો હોત, કેમ કે તેમને માટે એ અહિંસક જીવન ધર્મ હતો. (તા. ૩ જૂન ૧૯૪૭)

ગાંધીજીએ રાજેન્દ્રબાબુને કહ્યું હતું : "આજે દિવસ દરમ્યાન ભાગલાની યોજના પર ઘણું કરીને સહીસિક્કા થઈ જશે. હું ફરીથી કહું છું કે હિંદના ભાગલા દેશના ભાવિને નુકશાન કર્યા વિના નહિ રહે. જો કે એવો વિચાર ધરાવનાર કદાચ હું એકલો હોઈશ". અને પછી જાણે ભવિષ્ય ભાખતા હોય તેમ ઉચ્ચાર્યું : "દોઢસો વરસની ગુલામીનો અંત આવશે, પરંતુ પરિસ્થિતિ જોતાં એ સ્વતંત્રતા લાંબી ટકશે એમ નથી દેખાતું."

× × × "ભાગલાની યોજનામાં અનિષ્ટ સિવાય બીજું કશું હું જોઈ શકતો નથી, એમ વિચારતાં મને દુ:ખ થાય છે. સંભવ છે કે જેમ ઈશ્વરે ત્યારે મને આંધળો કરી નાખ્યો અને હવે આજે હું જોઉં છું કે 'દુર્બળની અહિંસા' ખોટો શબ્દ છે, વદતોવ્યાઘાત છે. હું ખોટી રીતે, તેને સાચી અહિંસા તરીકે સમજી બેઠો. તે જ પ્રમાણે ઈશ્વરે મને ફરીથી આંધળો બનાવી દીધો હોય એવું પુરવાર થશે તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય." અને તે ક્ષણથી પોતાની તાત્કાલિક ફરજ વિચારીને સાંજની પ્રાર્થનાને અંતે તેમણે પ્રજાને ઉદ્દેશીને એમ કહ્યું કે "તમારી બુદ્ધિ તથા તમારા અંતરાત્માના અવાજ પ્રમાણે કોંગ્રેસ અથવા મુ. લીગનાં વખાણ કરવાં કે તેને વખોડી કાઢવી નક્કી કરવા તમે પૂરેપૂરા હક્કદાર છો; પ્રજાનો એ અધિકાર છે".

પરંતુ આ પછી તરત જ પોતાની વ્યવહારુ ફરજને કેન્દ્રમાં રાખી ભારપૂર્વક એવી શિખામણ આપી કે "તમારા આગેવાનોએ જે કંઈ નિર્ણયો લીધા છે તે તેમણે તમારા પ્રતિનિધિ તરીકે લીધા છે, એટલે તો નિર્ણયો વિષે તમારીય પૂરેપૂરી જવાબદારી રહેલી છે." સાથોસાથ જે કંઈ બની ચૂક્યું છે તેને માટે સંતાપ ન કરતાં, ઊંડા ઊતરીને આત્મનિરીક્ષણ કરવા સૂચવ્યું.

અલબત્ત, કોંગ્રેસના મહારથીઓ ખોટા માર્ગે છે એવું કહ્યા પછી પણ તેમની આડે આવવાનો ઈન્કાર કર્યો. ગાંધીજી ખુલાસો કરતાં કહેતા હતા કે "મારી ભૂમિકા સાચી હોવા વિશે હું જેટલો નિ:શંક હોઉં તેટલા જ નિ:શંક રાજાજી, જવાહરલાલ કે સરદાર પોતાની ભૂમિકા માટે હોઈ શકે. તેમને ગળે હું મારી વાત ઉતારી ન શકતો હોઉં, તો ઘણીવાર તો તેમની દષ્ટિએ વિચારતાં સ્પષ્ટપણે હું સમજી લેતો હતો કે મારી ભૂમિકા સ્વીકાર્ય ન હોય તો તેમની ભૂમિકા જ એકમાત્ર સાચો વિકલ્પ છે."

કોંગ્રેસમાં ભાગલા પડે વા ગોધળ પ્રવર્તે એવું કશું ગાંધીજી કરવા માગતા ન હતા. રાજકીય વાતાવરણને ડહોળી નાખવા ઇચ્છતા ન હતા. તેઓ જણાવે છે કોંગ્રેસમાં ભંગાણ પાડવાનું પગલું મોટી ભૂલ થશે...એ લગભગ હિંસા થઈને રહેશે." ગાંધીજી આ વિધાનને સમજાવતાં લખે છે કે અહિંસાનું શીલ જ પરમ સહિષ્ણુતામાં છે.

* ગાંધીજીની અદ્ભુત લાક્ષણિકતા એ છે કે પોતાના અતિનિકટના કાર્યકર્તાઓ સાથે ઉગ્ર મતભેદો હોવા છતાં, તેઓ તેમની વફાદારી, શ્રદ્ધા અને મૈત્રી છેક સુધી જાળવી શકયા હતા. તેથી સમયે સમયે સંજોગો ઉપસ્થિત થતાં તેમના મતભેદોનો પણ સુમેળ સાધીને સ્વરાજ માટેની અહિંસક લડતમાં તેમને પોતાની પડખે રાખી શકયા હતા.

## થોડીક વિશેષ લાક્ષણિકતાઓ

### મનોરાજ્ય નહીં, સંસદીય સ્વરાજની હાકલ

"હિંદસ્વરાજ પુસ્તકમાં નિરૂપેલું સ્વરાજ્ય મેળવવા પછવાડે હું હિંદુસ્તાનની પ્રજાને આજે નથી દોરી રહ્યો. તેમાં બતાવેલી પદ્ધતિઓ અખત્યાર કરવા હું અત્યારે પ્રજાને નથી સમજાવી રહ્યો. એ માર્ગ પકડી શકે તો તો પ્રજા એક વરસમાં નહીં, પણ એક જ દિવસમાં સ્વરાજ ઘેર કરે એ વિષે મને તલમાત્ર શંકા નથી. એટલું જ નહીં પણ એ આદર્શ પ્રાપ્ત કરીને તો હિંદુસ્તાન આખી દુનિયામાં સર્વોપરી બને. પણ હાલ તુરત માટે તો એ આદર્શની વાત એક મનોરાજ્ય માત્ર છે × × × આજે તો હું પાર્લામેન્ટરી (સંસદીય) ઢબનું સ્વરાજ મેળવવા લોકોને સમજાવી રહ્યો છું.

"જો આમપ્રજા એવા અસહકારના આખા કાર્યક્રમને માટે તૈયાર છે એમ મેં જોયું હોત તો હું તેને તત્કાળ અમલમાં મૂકવાનું દેશને કહેતાં અચકાત નહીં. પણ હજુ અત્યારે કાયદાનો અમલ કરવા આવનાર સરકારી કર્મચારીઓ ઉપર આમપ્રજાને ગુસ્સાની મારી તૂટી પડતી અટકાવી શકાય એવું નથી; હજુ અત્યારે લશ્કરમાં આપણા ભાઈઓ કોઈ પણ જાતનો દંગોફિસાદ કર્યા વગર પોતાનાં હથિયાર હેઠાં મૂકી દઈ ઊભા રહે એવું નથી. જો એ સંભવનું હોત તો આજે–આજ ઘડીએ હું અસહકારનો આખો કાર્યક્રમ કરવેરા બંધ કરવા સહિતનો એકીવારે અમલમાં મૂકવાની પ્રજાને સલાહ આપત પણ હજુ આપણે આમવર્ગ ઉપર એટલો કાબૂ નથી મેળવ્યો.

હવે તમે જોઈ શકશો કે શાં કારણોથી મેં અસહકારના ઠરાવમાં (૧૯૨૦ કલકત્તા અધિવેશન) ક્રમે ક્રમે વધનારો' એવા શબ્દો દાખલ કર્યા હતા". ગાંધીજીનું મંતવ્ય સમજીએ -

**સ્વરાજ : નિરર્થક વિવાદ :**

**મહાસભાનું ધ્યેય :** "હિંદી પ્રજાએ શાંતિનાં અને સચ્ચાઈનાં સાધનોથી સ્વરાજ મેળવવું એ છે." આ ઠરાવ અંગે બે મત પ્રવર્તતા હતા : એક 'સ્વરાજ' એટલે બ્રિટિશ સામ્રાજ્યમાંથી નીકળી જવું; અને બીજો અર્થ સામ્રાજ્યમાં રહેવા છતાં 'સ્વાધીનતા' અને 'સન્માન'પૂર્વક જીવવાનો અધિકાર

ગાંધીજીએ આ વિવાદ નિષ્પ્રયોજન જણાવીને બંનેને સ્વીકાર્ય રહસ્ય સમજાવ્યું હતું કે---

"અંગ્રેજી સલ્તનતને મિટાવીને જ સ્વરાજ મેળવવું એમ આમાં (ઠરાવમાં) નથી. એ જ સલ્તનત જો આપણને ન્યાય દેવા તૈયાર હોય, અધિકાર દેવા તૈયાર હોય, તો આપણે તેની અંદર રહેવાને તૈયાર છીએ. આને હું ન્યાયપંથ કહું છું. એ પંથે જતાં આપણને બાધા કે વિઘ્ન નથી.

"મારે પોતાને માટે તો એ જ ધર્મ છે કે હિંસા કરીને મારે સ્વરાજ મળતું હોય તો તે નથી જોઈતું, મોક્ષ મળતો હોય તો તે પણ નથી જોઈતો. ઈશ્વરની ભક્તિ પણ હિંસા કરીને થતી હોય તો મારે તે નથી જોઈતી. તમારે માટે આજે આ ઠરાવમાં બતાવ્યાં છે તેવાં શાંતિનાં અને સચ્ચાઈનાં સાધનો જ યોગ્ય છે. તેવાં સાધનોથી જ તમારી પર થયેલા અન્યાયોને તમે દુરસ્ત કરી શકશો.

"હું જાણું છું કે તમારો નિશ્ચય જેમ બને તેમ વહેલું સ્વરાજ મેળવવાનો છે અને તમારી ઇચ્છા એ સ્વરાજ કાયદેસર, ખાનદાનીભર્યા, અહિંસાત્મક અને શાંતિમય સાધનોથી જ મેળવવાની છે. હથિયારથી આપણે સરકારનો મુકાબલો કરી શકીએ એમ નથી, પણ જેને હું આત્મબળ કહી રહ્યો છું તેનાથી આપણે સરકારની સામે ઝૂઝી શકીએ એમ છીએ. આ આત્મબળ કોઈ એક જ માણસના — પછી તે સંન્યાસી હોય કે કહેવાતો

મહાત્મા હોય—અધિકારીની વાત નથી. આત્મબળ સ્ત્રી કે પુરુષ સર્વ મનુષ્યના અધિકારની વાત છે." (નાગપુર અધિવેશન : ૨૮–૧૨–૧૯૨૦)

## મુ. લીગને શાબાશી, કોંગ્રેસને ટોણો—

૧૯૨૦ના સપ્ટેમ્બરમાં કોંગ્રેસના કલકત્તા ખાતેના ખાસ અધિવેશનમાં ગાંધીજીએ અસહકારનો ઠરાવ રજૂ કર્યો હતો. તેમાં અધિવેશનના પ્રમુખ જહાલ નેતા લાલા લજપતરાય, અતિ બુઝર્ગ નેતા પં. મદન મોહન માલવિયા, બંગાળના લાડીલા દેશબંધુ દાસ, વિદુષી એની બિસેંટ અને ઝીણા મીઆં વગેરે આગલી હરોળના નેતાઓએ એને 'અવ્યવહારુ' અને 'કસમયનો' ગણાવ્યો હતો.

ગાંધીજીએ કોંગ્રેસી નેતાઓના આ વલણને અંગે અનેક બીજી દલીલો કર્યા પછી, ભારે અદબપૂર્વક તેમના ધ્યાનમાં આણ્યું હતું કે મુસ્લિમ લીગે ખિલાફત અંગે અસહકારની લડતનો નિર્ણય લઈ લીધો છે; દેશની વસતીના ચોથા ભાગના મુસ્લિમોએ એક રસ્તે જવાનો સંકલ્પ કર્યો છે ત્યારે તેનાથી ત્રણ ગણા બિન-મુસ્લિમો (મુખ્ય હિંદુઓ) એથી ઊલટી દિશાએ ખેંચે એ શું સારું છે? × × × મુસલમાનો તો ધાર્મિક દષ્ટિએ ધારાસભામાં જઈ વફાદારીના સોગંદ લેવાને પાપ માને છે. (તે કારણે જ મહમ્મદઅલીએ સોગંદ લીધા ન હતા) અને લીગે તેવા સોગંદ લેવાની મનાઈ કરતો ઠરાવ પણ કર્યો છે.

મુસ્લિમોના નિર્ણય અંગે શંકાની દષ્ટિએ જોનારાઓને ઉદ્દેશીને ગાંધીજી કહે છે : "મુસલમાનો ખિલાફત અંગેના અન્યાયથી ઊકળી રહ્યા છે અને દિવસ જાય છે તેમ એ અન્યાયની લાગણીઓ મોળી પડવાને કે ભુલાઈ જવાને બદલે વધુ ને વધુ તીવ્ર થતી જાય છે—હિંદુઓ મદદ કરે કે ન કરે, તેઓ તો આગળ વધ્યે જ જવાના..."

ગાંધીજી કોંગ્રેસને એનું એક પાયાનું કર્તવ્ય યાદ કરાવે છે : "હિંદુ–મુસ્લિમ વચ્ચે કાયમની એકતા કરવી હોય, તો જ્યાં સુધી મુસલમાનો ખાનદાનીના રસ્તે, ખૂનામરકી વગર, ગેરવાજબી માગણીઓ ન કરતાં ન્યાયની માગણી કરી રહ્યા હોય ત્યાં સુધી હિંદુઓએ સંપૂર્ણ રીતે તેમની પડખે ઊભા રહ્યા વિના છૂટકો નથી. (અક્ષરદેહ ગ્રંથ–૧૮)

## ખિલાફત : અલ્લાનું સર્જન

મહાત્મા ગાંધી માટે ખિલાફત આંદોલન પણ કોઈ રાજકીય હેતુ પૂરતો મુસલમાનોને સ્વરાજ્યના આંદોલનમાં જોતરવા પૂરતો વ્યૂહ ન હતો. તેમને એ બાબતની પ્રતીતિ હતી કે તે એક આધ્યાત્મિક સંસ્થા હતી. અને ઈસ્લામી કાનૂનના આદેશો એવા સ્પષ્ટ અને બંધનકર્તા છે કે જેમ ખુદ મુસલમાનોની ઐહિક આકાંક્ષાઓ સંતોષવા એમાં વધારો થઈ શકતો નથી, તેમ મિત્રરાજ્યો અને સાથી દેશોની મરજી મુજબ એમાં જરા પણ ઘટાડો થઈ શકતો નથી. આ મર્યાદાઓ ખુદ અલ્લાએ નક્કી કરેલી છે, એટલે કોઈ એનું ઉલ્લંઘન કરી શકે નહિ. (અક્ષરદેહ ગ્રંથ–૧૬)

આ જોતાં, એ આધ્યાત્મિક આવેગ સાથે પ્રજાની આત્મીયતા સધાતાં મુસ્લિમો તરફથી હિંદની સ્વાધીનતાની લડતનેય પુષ્ટિ મળવાની છે એવી ધારણા ગાંધીજીને અવશ્ય હતી. પરંતુ તે ન ફળે તોય મહાત્માને પસ્તાવો થવાનો સવાલ જ ન હતો. આથી તેમણે બીજા અનેક કાર્યક્રમો કરતાં તેમાં વધારે તમન્નાથી ઝંપલાવ્યું હતું.

ખિલાફત અંગેના ખાસ 'ભીંતપત્ર' પર દેશના મુસ્લિમ નેતાઓની સહી હતી, અને વાઈસરૉય સમક્ષ અપાયેલ નિવેદન ઉપર દેશના હિંદુ-મુસ્લિમ નેતાઓની સહીઓમાં ગાંધીજીએ પ્રથમ પોતાની સહી કરી હતી...

શેષ નોંધપાત્ર તો એ છે કે આ મુસ્લિમ કોમની ગણી કઢાયેલી સમસ્યા ઉપર ચુસ્ત હિંદુ નેતા સ્વામી દ્ધાનંદ અને પં. મદનમોહન માલવિયા જેવાની તથા ચુસ્ત બંધારણવાદી મોડરેટ મનાયેલા મહમદઅલી ણાની સહી પણ ગાંધીજીએ મેળવી લીધી હતી.

## મોપલાઓની જેહાદ : અછડતો બચાવ

૧૯૨૧નાં તોફાનો દરમ્યાન મુસ્લિમ મોપલાઓએ મલબારમાં હિંદુઓ પર અત્યાચાર કર્યા હતા. પરંતુ અમદાવાદમાં મળેલી મુસ્લિમ લીગના અધ્યક્ષપદેથી મૌલાના હઝરત મોહાનીએ તેમની વર્તણૂકને 'વેરની યોગ્ય વસૂલાત' તરીકે વાજબી ઠરાવી હતી. ગાંધીજી જણાવે છે કે મૌલાનાના મતે, મોપલાઓએ જેહાદ (ધર્મયુદ્ધ) કરી હતી. જેહાદનો નિયમ એ છે કે જે દુશ્મનને મદદ કરે તે દુશ્મન બને. હિંદુઓએ સરકારી અમલદારને ખબર કરી તેથી તે 'દુશ્મન' બન્યા ××× મોપલાઓએ જે કર્યું છે તેમાં નથી પડોશી ધર્મ સાચવ્યો કે નથી લડાઈનો કાયદો સાચવ્યો; મોપલાનો બચાવ કરવો એ યથાર્થ નથી અને તેથી હિંદુઓના મનમાં શક પેદા થવાનો સંભવ છે. પરંતુ મૌલાના પોતાના મનમાં છે તે કહે છે. તે સાચો માણસ છે, હિંમતવાન છે. સહુ જાણે છે કે તેમના મનમાં હિંદુઓને વિષે દ્વેષ નથી. ને જે બોલે છે તે હિંદુ પ્રત્યેના દ્વેષથી નહીં પણ અંગ્રેજી રાજ્ય પ્રત્યેના રોષથી બોલે છે.

દુ:ખની વાત તો એ છે કે મુસ્લિમ નેતાઓમાંના એક અબ્દુલ બારી સિવાય બીજા કોઈએ મોપલાઓનાં દુષ્કૃત્યો અંગે કે મૌ. હઝરત મોહાનીના તદ્દન ગેરવાજબી બચાવ અંગે ટીકા કરવાની તસ્દી લીધી ન હતી.

આ છતાં, મહાત્મા ગાંધી આ આખી ઘટનાને હિંદુઓ માટેય તેમની રાષ્ટ્રીયતાની કસોટી કરનારી લેખે છે. તેઓ લખે છે : "મુસલમાનોએ મોપલાને વખોડયા ન હોય તેથી શું? **હિંદુમુસ્લિમ મિત્રાચારી એ કંઈ સોદો નથી. ખુદ 'મિત્રાચારી' શબ્દ જ આવા કોઈ ખ્યાલને બાતલ રાખે છે.** આપણે રાષ્ટ્રીય વૃત્તિ કેળવી હોય તો એક હિંદુની માફક મોપલા પણ સંપૂર્ણપણે આ દેશના રહેવાસી છે. હિંદુઓ હિંદુના ધર્મઝનૂન કરતાં મોપલાના ધર્મઝનૂનને વધારે મહત્ત્વ ન આપે. એક હિંદીએ બીજા હિંદી પ્રત્યે અનિષ્ટ આચરેલું ગણાય. **રાષ્ટ્રવાદ સંપ્રદાયવાદ કરતાં મોટો છે. અને એ દૃષ્ટિએ આપણે સૌ પ્રથમ હિંદી છીએ, અને ત્યાર પછી જ હિંદુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી છીએ.** આપણે વસ્તુઓ તરફ કોમી દૃષ્ટિએ જ સતત રીતે જોવું પડતું હોય તો એકતા રહેવાની નથી. હિંદુ-મુસ્લિમ એકતાએ જો માત્ર અન્યોન્ય ભાવ પર આધાર રાખવો પડતો હોય તો તે ખૂબ જ સસ્તી અને છેલ-બટાઉ બાબત થઈ પડશે. **એકતા લગ્ન જેવી છે.** પત્ની પતનની તૈયારીમાં હોય ત્યારે પતિએ તેની વધારે નજીક આવવું જોઈએ. ત્યારે જ બેવડો પ્રેમ રેડવાનો સમય હશે. એટલા માટે જ **મોપલા અને મુસલમાનો હિંદુને હાનિ પહોંચાડે તેમ હોય અથવા તેમણે હાનિ પહોંચાડી દીધી હોય ત્યારે પણ હિંદુએ તે બંનેને વધારે ચાહવા જોઈએ.**"

સાચી એકતાએ તો તૂટયા વિના, કપરીમાં કપરી કસોટીનો સામનો કરવો રહ્યો. એ સંબંધ અતૂટ હોવો જોઈએ. છેવટે તો ગાંધીજી બંને કોમોને (વિશેષે હિંદુઓને) ચેતવે છે : "અત્યાર સુધી હિંદુઓએ મોપલા પ્રત્યે કાં તો 'ગુલામ' જેવું વર્તન કર્યું છે કે તેનાથી ડરતા રહ્યા છે. તેમણે તેના પ્રત્યે સુધારી શકાય અને આદરને પાત્ર બનાવી શકાય એવા મિત્ર કે પડોશી જેવો વર્તાવ રાખ્યો નથી. એટલા માટે અત્યારે મોપલાઓ કે મુસલમાન પ્રત્યે હિંદુઓએ રોષ કરવાનો કંઈ અર્થ નથી. હિંદુઓને મુસલમાનોની સહાય અને સહાનુભૂતિ મેળવવાનો અધિકાર જરૂર છે, પરંતુ સવાલ સ્વાશ્રયનો એટલે આંતરિક તાકાત કેળવવાનો છે." (તા. ૨૬–૧–૧૯૨૨)

"હિંદુ–મુસલમાન વચ્ચે કૃત્રિમ સુલેહ પોતાની તલવાર વતી અંગ્રેજ સરકાર જાળવે તેના કરતાં હિંદુ-મુસલમાન તલવારથી મુકાબલો કરી હિસાબ ચોખ્ખો કરી લે એ હું વધારે પસંદ કરું. પણ જો આપણે મુસલમાનો સાથે તલવારથી મુકાબલો ન કરવા ઇચ્છતા હોઈએ, જો આપણે તેઓની સાથે સગા ભાઈની માફક રહેવા માગતા હોઈએ, જો આપણે તેઓનાં દિલ ચોરી લઈને મિત્રભાવે ગાયની, આપણાં મંદિરોની અને આપણી સ્ત્રીઓની રક્ષા કરવા ઇચ્છીએ, તો આજે પ્રાપ્ત થયેલો સુયોગ આપણે વધાવી લેવો જોઈએ. પાછો તેવો યોગ સો વર્ષ લગી નહીં આવે. મિયાં અને મહાદેવને કદી ન જ બને એવું માનવું અયોગ્ય છે. મુસલમાનના અન્યાયના દાખલા જરૂર તવારીખમાં મળશે. પણ મુસલમાન ધર્મ ખાનદાન ધર્મ છે. મુસલમાનો ખાનદાન છે. ××× આજ લગી આપણે એકતા મેળવવાના ખાનદાન પ્રયત્ન કર્યા નથી. ખાનદાન પ્રયત્નમાં બદલાની આશા ન હોય. ખાનદાની કંઈ વાણિયાનો હિસાબ નથી. મુસલમાનોની સાથે શરતો કરીને તેમને મદદ આપવી એ ન આપવા બરોબર છે. સાત કરોડનું દિલ શરતોથી ન બદલી શકાય. તેમનો વિશ્વાસ, તેમનું માન તો તેમને અણીને સમયે મદદ કરીને જ મેળવી શકાય.

હવે, માનો કે કેટલાક કહે છે તેમ, હિંદુએ પોતાની ખાનદાની બતાવી છતાં મુસલમાને દગો દીધો તો શું હિંદુ નામર્દ રહેવાના ? પોતાના ધર્મનો બચાવ કરવાની તેમની તાકાત નથી ? તે શક્તિ પણ તેઓ મુસલમાનોને સહાય આપતાં મેળવી લેશે." (અક્ષરદેહ ગ્રંથ–૧૬) ખિલાફત આંદોલનમાં "મુસલમાનો ન્યાયને રસ્તે છે, તેમણે યોજેલાં સાધનો પણ ન્યાયી છે; તેથી તેમને મદદ કરવાની તેમના પડોશી તરીકેની ફરજ ઉત્પન્ન થઈ છે. તે ફરજ હિંદુઓ અદા નહીં કરે તો પોતાની ગુલામી વધારે સજ્જડ કરશે ને મુસલમાનોની મિત્રતા હમેશાંને માટે મેળવવાની તક ગુમાવશે; મદદ કરીને ગુલામી હઠાવશે ને મુસલમાનોને પોતાના કરી લેશે. ××× આવું શુભ અને મહાન પરિણામ લાવવા માટે મહાયજ્ઞ હોવો જોઈએ." (અક્ષરદેહ ગ્રંથ–૧૮)

# ૯૦ : અંતિમ અધ્યાય

## મહાત્માની વિચક્ષણ યુદ્ધનીતિ

૧૯૩૯ના સપ્ટેમ્બરમાં યુરોપમાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ત્યારે ત્યાંની અનેક સ્વતંત્ર પ્રજાઓ નાઝીવાદી-ફાસીવાદી સત્તાનો ભોગ બની ચૂકી હતી. મહાત્મા નાઝી-ફાસીવાદની સામે ઝૂઝનારાં મિત્ર રાજ્યોનો વિજય ઇચ્છતા હતા અને તેમણે પોતાની સૈદ્ધાંતિક ભાવનાત્મક સહાનુભૂતિ બિનશર્ત પ્રકટ પણ કરી. સાથોસાથ, પોતે ચુસ્ત અહિંસાવાદી હોઈને હિંસક યુદ્ધમાં સક્રિય ભાગ લેવાનો સવાલ જ ન હોઈ શકે એમ પણ જણાવ્યું. તેઓ તમામ સંજોગોમાં અહિંસાને વફાદાર રહીને વર્તવાના આગ્રહી હતા. પરદેશી આક્રમણ થાય ત્યારેય શુદ્ધ અહિંસક સત્યાગ્રહ દ્વારા દુશ્મનને હંફાવવાની શક્યતામાં તેઓ માનતા હતા. એટલું જ નહીં, એ ઉપાય સફળ થયા વિના રહે જ નહીં એવી તેમની શ્રદ્ધા હતી. બલ્કે, તે સિવાયનો કોઈ પણ પ્રકારનો હિંસક પ્રતિકાર આજની ચાલુ ગુલામી (બ્રિટનની)ને મજબૂત કરનારો અથવા નવી ગુલામી (દા. ત. જાપાનની) સ્થાપન કરનારો જ નીવડશે એવી તેમની માન્યતા હતી.

કોંગ્રેસ ગાંધીજીની જેમ સંપૂર્ણ અહિંસાને વરેલી ન હતી. એથી કરીને, યુદ્ધ હિંસક હોવાને જ કારણે તે સક્રિય મદદ ન જ કરવાનું વલણ ધરાવતી ન હતી. પરંતુ અગાઉના પ્રથમ વિશ્વયુદ્ધનો હેતુ જર્મનીને દબાવી પોતાના સામ્રાજ્યને સલામત રાખવાનો અને વિસ્તારવાનો રહ્યો હતો; આ વખતે પણ જો એવો હેતુ હોય તો તેવા અનૈતિક પ્રયાસમાં કોંગ્રેસ ભાગીદાર થવા માગતી ન હતી. વળી તેને એમ પણ લાગ્યું કે જે યુદ્ધ સાથે હિંદને કશું જ લાગતું વળગતું નથી, એમાં એની સંમતિ વિના સંડોવવાનું કર્યું છે, તેમાં પણ સામ્રાજ્યવાદી વલણ જ પ્રગટ થયું છે. આ બધું છતાં આ યુદ્ધમાં દુનિયાને ઓહિયાં કરી જવા કટિબદ્ધ બનેલા નાઝી-ફાસીવાદી આક્રમણખોરોનો વિજય થાય એવું તો કોંગ્રેસ બિલકુલ જ ઇચ્છતી ન હતી. એટલું જ નહિ, ઈંગ્લેન્ડ, ફ્રાન્સની લોકશાહી પ્રજાઓનો વિજય થાય એમ પણ તે ઇચ્છતી હતી. તેથી કરીને, એવી ઓફર કરેલી કે અમારા મુદ્દાઓ લક્ષમાં લઈને, બ્રિટન સંતોષકારક ખુલાસા કરે તો અમે ફાસીવાદ વિરોધી યુદ્ધમાં સક્રિય રીતે સહાય રૂપ થવા ઇંતેજાર છીએ. અમે અમારી પ્રજાને તે માટે કોલ આપવા પૂર્વે સરકારને નીચેની બાબતોના ખુલાસા કરવા જણાવીએ છીએ :

(૧) યુદ્ધનું નિશ્ચિત ધ્યેય શું છે? (૨) જો તે દુનિયાની લોકશાહીના રક્ષણનું હોય તો તે ધ્યેય હિંદને કેવી રીતે લાગુ પાડવા માગે છે? (૩) લોકશાહી સુરક્ષાનો હેતુ હોય, તો હિંદની પ્રજાની મુક્તિનો તેમાં સમાવેશ બ્રિટને કરવો જોઈએ; બ્રિટને બહારના કોઈની પણ ડખલ વિનાની રાષ્ટ્રીય બંધારણ સભાની જોગવાઈ કરવી જોઈએ; (૪) બ્રિટને હિંદને 'સ્વતંત્ર રાષ્ટ્ર' તરીકે જાહેર કરીને તે દિશાના પહેલા કદમ તરીકે 'વચગાળાની રાષ્ટ્રીય સરકાર'ની રચના કરવી જોઈએ. (પૂના મહાસમિતિ–જુલાઈ, ૧૯૪૦)

આ દરખાસ્ત મુજબ હિંદીઓની સરકાર રચવા બ્રિટન તૈયાર ન હોઈ કોંગ્રેસે સપ્ટેમ્બર (૧૯૪૦)માં જ પૂનાની ઓફર રદ થયેલી જાહેર કરી. તેમને પણ ખાતરી થઈ કે બ્રિટિશે આ યુદ્ધમાં જોડાતાં જે નેમ જાહેર કરી હતી તે દંભી હતી.

લગભગ વરસેક વહી જતાં, ઑગસ્ટ ૧૯૪૧માં વાઈસરૉય વેવેલે મિત્રરાજ્યોના યુદ્ધ પ્રયાસોમાં હિંદનો સહકાર મેળવવા સારુ પોતાની કારોબારી સભા (પ્રધાનમંડળ)ને વિસ્તારીને તેમાં કેટલાક હિંદીઓને દાખલ કર્યા. પરંતુ સાચી રાષ્ટ્રીય સરકાર રચવાની બ્રિટિશની દાનત ન હોઈને, તેની અને કોંગ્રેસ વચ્ચે કશો મેળ ન ખાધો.

આમ, આપણે જોઈ શકીએ છીએ કે શું મહાત્મા ગાંધી કે શું રાષ્ટ્રીય મહાસભા બંનેમાંથી એકેની એવી ટૂંકી સ્વાર્થી ગણતરી ન હતી કે બ્રિટન યુદ્ધમાં ફસાયું છે ત્યારે તેનો કેવળ લાભ લઈ લેવો. કોંગ્રેસની વાત પણ સાવ 'શરતી સહાય'માં ન હતી. તેમાં હિંદ જેવું રાષ્ટ્ર સ્વતંત્ર થતાં દુનિયાની સ્વતંત્રતા અને શાંતિ માટેના એક નવા યુગનો આરંભ થવાની ઉન્નત ભાવના પણ હતી. ગાંધીજીએ પોતે આવા ઉન્નત ધ્યેયલક્ષી નિર્ણય માટે કોંગ્રેસને ધન્યવાદ આપ્યા.

* કોંગ્રેસનું દૃષ્ટિબિંદુ સૈદ્ધાંતિક રીતે સંપૂર્ણપણે પોતાના દૃષ્ટિબિંદુથી ઊલટું હોવા છતાં, મહાત્માએ તેને અનુકૂળ થઈને દુનિયા સાથે સુસંગત બનાવીને, પોતાનો અભિગમ ધરાવનારા કોંગ્રેસીઓને તેમણે ઊલટું એમ કહ્યું કે "તમે શુદ્ધ અહિંસક માર્ગે તમારું હીર પુરવાર કરી બતાવશો તો આખરે બધા એક વિચારના થઈ જાય એવો પૂરો સંભવ છે." અને બન્યું પણ એમ જ. ઓગસ્ટ ૧૯૪૨માં 'હિંદ છોડો'ની લડતને પ્રસંગે બધા જ કોંગ્રેસીઓ એક મોરચે ખડા થઈ ગયા અને ગાંધીજીએ જ સેનાપતિ તરીકે જવાબદારી ઉપાડી લીધી. એક રીતે જોતાં, ગાંધીજીના હસ્તક અહિંસક યોજનાની કસોટી કરવાની અને તેની અસરકારકતા દર્શાવી આપવાની ઐતિહાસિક તક ઊભી થવાની સંભવિતતા પેદા થઈ હતી. પરંતુ સરકારે તાબડતોબ વરિષ્ઠ નેતાઓને કારાવાસમાં ગોંધી દેતાં આખી પરિસ્થિતિ અટવાઈ ગઈ.

## ગાંધીજીનો હિટલરને પત્ર (૨૩–૭–૧૯૩૯)

"તમને ઘણા મંથન પછી, છતાં સંકોચ સાથે લખું છું. માનવને જંગલી બનાવતા યુદ્ધમાંથી આજે જો કોઈ બચાવી શકે એમ હોય તો તે તમે છો. તમારું ધ્યેય ગમે તેટલું ઉમદા હોય, પણ એ મેળવવા માટે માનવજાતનું આ પતન થવા દેવું એ યોગ્ય છે ? અહિંસાના માર્ગે જનાર અને એમાં થોડીઘણી પણ સફળતા મેળવનાર મુજ ગરીબનું કાંઈક સાંભળશો ? અવિનય થયો હોય તો માફ કરશો." (જો કે આ પત્ર હિંદી સરકારે જવા દીધો ન હતો).

★

ગાંધીજીએ બ્રિટનની પ્રજાને ઉદ્દેશીને લખેલા પત્રમાંય હિટલરના આક્રમણ સામે અહિંસક સત્યાગ્રહી અસહકારનો કીમિયો સૂચવ્યો હતો. ભારત પર જપાની આક્રમણના ઓળા ઊતરી ચૂક્યા હતા ત્યારે ગાંધીજીએ કેવળ અહિંસક અસહકારનું શસ્ત્ર બીજા કોઈ પણ પ્રતિકાર કરતાં વધુ કારગત નીકળવાની શ્રદ્ધા પ્રગટ કરી હતી...

## દ્વિધાભરી કોંગ્રેસ-નીતિ ?

૧૯૪૫–૪૬ની સામાન્ય ચૂંટણીઓને પરિણામે કોંગ્રેસે પ્રાંતોમાં સત્તા હાથમાં લીધી તે પહેલાં ખાદી, મદ્ય-નિષેધ, ગૃહઉદ્યોગો તથા અસ્પૃશ્યતા નિવારણમાં, જે કોંગ્રેસના કાર્યક્રમનાં અવિભાજ્ય અંગ હતાં તેમાં, શિથિલતા દાખલ થઈ ચૂકી હતી. છેક એપ્રિલ ૧૯૪૭માં મહાત્માએ તેમનું દુઃખ ઠાલવ્યું હતું : "જુદી જુદી રચનાત્મક પ્રવૃત્તિઓ અત્યાર સુધી રાજકીય ક્ષેત્રની બહાર ચલાવવામાં આવતી

ી. કોંગ્રેસે (વચગાળાની સરકાર) હાથમાં લીધા બાદ, પ્રધાનો તેમના આજ લગીના અનુભવાનો પયોગ કરીને અત્યાર સુધી જે પ્રવૃત્તિઓ તેઓ પ્રયોગને ધોરણે કરતા હતા તે વિસ્તારીને દેશવ્યાપી ારણે કરી શકત. દુર્ભાગ્યે, સરકારે **એમ કર્યું નથી** ××× હું સરકારને દોષ દેતો નથી. વારસામાં મળેલા ંત્ર દ્વારા તેમણે કામ કરવાનું છે. **હું પ્રધાન હોત તો કદાચ મેં પણ એમ જ કર્યું હોત.**"

છેવટે ધીર માર્મિક વાણીમાં ઉમેર્યું : "પરસ્પર વિરોધી વિચારો અને આદર્શોના આ શંભુમેળામાં શુદ્ધ વિચારના પાયા પર રચાયેલા શુદ્ધ કાર્યમાં આગેવાન બનવાનું હિંદના નસીબમાં લખાયું હશે, તો ઈશ્વર આ બધા 'મોટા મોટા માણસોના ડહાપણ'ને જૂઠું ઠેરવીને, હિંદુસ્તાનનાં ગામડાંને ઘટતી રીતે પોતાની વાત જાહેર કરવાની તેમજ તેનો અમલ કરવાની તાકાત આપશે."

પ્યારેલાલજી જણાવે છે તેમ, કોંગ્રેસની નીતિ દ્વિધાયુક્ત યા સંકલ્પ-વિકલ્પવાળી હતી, જેમ કે બંગાળ અને બિહારની અત્યંત ઘાતકી કતલોના બનાવોની તપાસમાં, સુહરાવર્દી તો ઠીક પણ કોંગ્રેસના પ્રધાનો પણ અવઢવમાં રહ્યા હતા. અલબત્ત, એની જવાબદારી કેન્દ્રના ગૃહપ્રધાન સરદાર પટેલને માથે આવી. ગાંધીજીએ તો **ઠપકાના પત્રો** પણ લખ્યા. અને જો કમિશન નહિ નિમાય તો પોતાનો બિહાર ગયે જ છૂટકો એમ પણ જણાવ્યું. જવાહરલાલે પણ આશ્ચર્ય બતાવી ઉતાવળ કરવા સરદાર પટેલને સૂચવ્યું.

*સરદારે દુભાયેલા દિલે જણાવ્યું કે એવું કમિશન નિમવાથી **ગેરલાભ** જ થવાનો છે, છતાં તેમના તરફથી કશી રુકાવટ થઈ નથી–પોતાથી એવું થઈ જ કેમ શકે? હકીકતે, એની આડે આવનાર ગવર્નર છે, વાઈસરોય પણ છે. વળી, બંગાળ અંગેય જે રીતે લંબાયું છે તે જોતાં હજી બાર મહિને હેવાલ આવશે ! આ બધા પછી મારા પર જવાબદારી મૂકવાનું કારણ હું સમજી શકતો નથી. (આખરી સત્તા સ્થાનિક ગવર્નર અને વાઈસરોયના હસ્તક હોઈને ગૃહપ્રધાન પણ લાચાર હતા !)

આખરે બિહાર માટે એક-વ્યક્તિ-કમિશન પટણા હાઈકોર્ટના ન્યાયાધીશ રૂબેનનું નિમાયું. પરંતુ ત્યાંના ગવર્નરે ઢાળિયા નાખ્યા. ખુદ મુસ્લિમ લીગ આવું કમિશન ઇચ્છતી ન હોઈને, તે અસહકાર કરે તો કમિશનનો કશો અર્થ નથી. વધુમાં સુલેહશાંતિના ભંગનો ભય પણ રહેલો હતો.

*વાસ્તવમાં સરદાર પટેલ જે ભય ધરાવતા હતા તે આ જ કે **સુલેહશાંતિના ભંગ માટે કમિશન નિમિત્ત બનશે.**

આમ, મહાત્મા અને જવાહરલાલ બંને કરતાં સરદાર વધુ દીર્ઘદષ્ટિવાળા અને વ્યવહારુ સાબિત થયા હતા.

## મહાત્માની સંવેદના

'પાકિસ્તાન'નું અલગ રાજ્ય બનતાં, તે પ્રદેશોના હિંદુઓ ઉપર ભારે ત્રાસ-જુલમ ઝીંકાશે, એવું માનનારા કોંગ્રેસીઓને ગાંધીજીએ સલાહ આપી કે – "સરહદની પેલેપાર (પાકિસ્તાનમાં) ચાલે તે બને તેની પરવા કર્યા વિના, ભારતમાં રહેલા પોતાના મુસલમાન ભાઈઓ સાથે સંપૂર્ણપણે ન્યાયી અને યોગ્ય વર્તન રાખજો. **અલબત્ત, મુસલમાનોને કેવળ રીઝવવા માટે, તત્ત્વત: જે ન્યાયી ન હોય એ તેમને આપવાની વાત નથી. દા. ત. અલગ મતાધિકાર.** ××× પરંતુ મુસ્લિમ રાજ્યમાં બિનમુસ્લિમો પર **ઇસ્લામી કાયદો** ઠોકી બેસાડવામાં આવે એ જેમ ઉચિત નથી, તે જ પ્રમાણે હિંદુબહુમતીવાળા રાજ્યમાં બિનહિંદુઓ પર **હિંદુ કાયદો** લાદી ન શકાય. હિંદી રાજ્યસંઘ બિનસાંપ્રદાયિક હોઈને તેમ થઈ જ ન શકે. દા. ત. હિંદુ ધર્મ ગાયની કતલનો નિષેધ કરે છે; પરંતુ એ 'મનાઈ' હિંદુઓ

પૂરતી જ છે. બીજું દૃષ્ટાંત, રાજ્યભાષાની લિપિ કેવળ હિંદી અને દેવનાગરી જ રાખવાનો આગ્રહ ન થઈ શકે. હિંદની રાષ્ટ્રભાષા સાદી હિંદી અને સાદી ઉર્દૂના મિશ્રણરૂપ ભાષા હોવી જોઈએ અને ઉર્દૂલિપિનો પણ સ્વીકાર કરવો જોઈએ".

વળી, 'પાકિસ્તાન' અલગ રાષ્ટ્ર બની ગયા પછીય, ભારતમાં રહેલા મુસ્લિમોમાં ઘણાને 'પાકિસ્તાન' અધિકતર પોતાનું લાગતું હતું. આ બધું જાણ્યા પછીય મહાત્મા ભારતના હિંદુઓને સલાહ આપતા હતા કે અહીં રહેલા મુસલમાનો અહીંની વફાદારીનું વચન આપે તો તેના પર ભરોસો રાખીને ચાલવું ઘટે– શંકાથી દોરવાઈને ભેદભાવયુક્ત તથા આક્રમણાત્મક પગલાં ન ભરવાં જોઈએ. છેવટે તો વિશ્વાસ વિના દુનિયાનો વહેવાર ચાલી શકતો નથી.

અલબત્ત, સાથે સાથે ઉમેર્યું કે સાવધાની રાખવી જોઈએ અને જોખમની સામે અહિંસક રીતે લડવા તૈયાર રહેવું જોઈએ. છેવટે તો, બીજો પક્ષ કશું કરે કે ન કરે તે લક્ષમાં લીધા વિના, બહુમતી કોમ સાચો વર્તાવ રાખે એની હું હિમાયત કરું છું.

૧૯૪૭ના જુલાઈના અંતમાં ગાંધીજીએ એક પત્રમાં લખ્યું હતું : "સ્વતંત્રતા આવી છે, પણ મને એનો ઉત્સાહ નથી. મને લાગે છે કે હું પાછળ ધકેલાઈ ગયો છું. હું એવા નિર્ણય પર આવ્યો છું કે आपणो रस्तो उपर उपरथी ज अहिंसक हतो. હા, પરદેશી સત્તાને દૂર કરવા માટે એ પૂરતું હતું. પરંતુ દિલમાં સેવેલી હિંસા કોમી સમસ્યાની બાબતમાં અણધારી રીતે ફાટી નીકળી છે. એ આપણને ક્યાં લઈ જશે એ ભગવાન જાણે !" xxx

'સ્વરાજ ક્યાં છે' લેખમાં લખ્યું : "બ્રિટિશરો તો ચાલ્યા જાય છે. પરંતુ સત્તાની ફેરબદલીના સંબંધમાં તથા પાકિસ્તાનના સંબંધમાં દેશમાં જે ચાલી રહ્યું છે એથી મને ભારે કલેશ થાય છે– લાંબો વખત જીવવાની મારી શક્તિ વિષે હું વિશ્વાસ ગુમાવી બેઠો છું.xxx વર્તમાન સંજોગોમાં હવે વધુ જીવવાની ઇચ્છા નથી".

ગાંધીજીની ફિલસૂફીના અભ્યાસી રિચાર્ડ ગ્રેગ અને ઇંગ્લૅંડના કવેકર આગેવાન તથા હિંદના મિત્ર કાર્લહીથને ગાંધીજીના આ શબ્દો લગભગ શ્રદ્ધાના અભાવ સમાન લાગ્યા. હીથે તો તે માટે ગાંધીજીને ઠપકો પણ આપ્યો, કારણ કે તેમના મતે "શ્રદ્ધાવાન માણસમાં આશા હોવી એ ઈશ્વરને વિષે શ્રદ્ધા હોવા બરાબર છે. માનવી હેતુઓની સફળતા વિષેના કશા આત્મવિશ્વાસને કારણે નહીં, પણ ઈશ્વર વિષેની અને શાશ્વત હેતુ વિષેની તેની અગાધ શ્રદ્ધાને કારણે આશા સેવતો હોય છે" xxx આમ, સિદ્ધાંતની માંડણી કરીને હીથે ઉમેર્યું કે, "દેશના ભાગલા અને કોમી હિંસાને કારણે આપને થયેલા દુ:ખને લઈને, આપને દિલની બીમારી લાગુ પડી છે, એમ મને લાગે છે. પરંતુ માનવીની સઘળી યોજનાઓ क्षणने अधीन હોય છે. शाश्वत श्रेयनो संकल्प છેવટે ફળે છે, કેમ કે જગતમાં ઈશ્વરનું સામ્રાજ્ય પ્રવર્તે છે..."

હીથના લાંબા પત્રનો જવાબ આપતાં મહાત્માએ એવી મતલબનું જણાવ્યું કે, "બેશક ઈશ્વર સનાતન છે. અનિષ્ટ ક્ષણિક છે xxx પરંતુ કલહથી ભરેલા સમાજમાં શાંતિપરાયણ માણસને માટે સ્થાન નથી, એટલું જાણ્યા છતાં એવા સમાજમાં તેણે કાર્ય કરતા રહેવું જોઈએ".

ગાંધીજીએ અન્ય પત્રવ્યવહારોમાં સ્પષ્ટતા કરી કે મારું વલણ નિરાશાનું નથી. "મારી ગ્લાનિ અનિષ્ટથી દૂર ભાગવાની ઇચ્છા દર્શાવતી નથી. મારી હતાશા, ગ્લાનિ અથવા નિરાશાના મૂળમાં એક જ વસ્તુ રહેલી છે– અત્યાર સુધી જે બાબતો અહિંસાને નામે ખપી તથા અહિંસાને નામે આપણે જે આચરી તે હિંસા હતી; તેમાંથી સાચી અહિંસા કેવી રીતે વિકસાવવી ? ૩૦ વરસના લાંબા ગાળાના

મોટા અમલ પછી પ્રજાને સાચે માર્ગે ફરીથી કેવી રીતે વાળવી ? – મારી સામે આ સવાલ છે. આ વસ્તુ મને ખાતી રહી છે. તમે તેને ચાહો તે નામ આપો". અને પછી ઉકેલની સાથોસાથ કારમી વાસ્તવિકતાય ચીંધે છે : "હા, આપણી ભૂલને વિશે જાગ્રત બનીને તથા સાચાં પગલાં ભરીને, ખોટો ભૂતકાળ ભૂંસી નાખી શકાય છે. પરંતુ સાંભળે છે કોણ ? અને કોઈએ સાંભળવું જોઈએ પણ શાને ? ચોતરફ પથ્થરની દીવાલ ખડી થઈ ગઈ, એને ભેદવી રહી... દૂર રહ્યા રહ્યા મારી મનોવેદનાનો વધારે પડતો ક્યાસ ન બાંધશો. હું ખુશી આનંદમાં છું." (૩૦–૭–૪૭)

## મહાત્માનું અંતિમ હૃદયવલોણું

ગાંધીજીએ પ્રાર્થના સભામાં 'કુરાને શરીફ'માંથી આયાતો પઢવા માંડી. તેની સામે હિંદુ કોમવાદીઓ છંછેડાયા હતા. તેમણે વિરોધ ઉઠાવ્યો હતો. કાળા વાવટાની ધમકી આપી હતી. મહાત્માએ તેની પરવા ન કરતાં ૨૮મી (મે ૪૭)ની સાંજે જાહેર કર્યું કે વિરોધ કરનારા માત્ર કાળા વાવટાઓ નહીં પણ લાઠીઓ લઈનેય આવે તો પણ હું પ્રાર્થના-સભા ભરીશ અને તેઓ મને ફટકા મારે તોય તેમની સામે મારા દિલમાં લેશ પણ બૂરી લાગણી રાખ્યા વિના ભગવાનનું નામ છેવટ સુધી જપ્યા કરીશ. હું પોલીસને નહીં બોલાવું. કદાચ મારું મરણ પણ થાય, પરંતુ ત્યારે મને મારી નાખનારાઓને પોતાની સફળતા માટે મનમાં રાખવાને પૂરતું કારણ હશે. (૨૮–૫–૧૯૪૭)

પાકિસ્તાનની રચનાની વાત લગભગ નિશ્ચિત બની ચૂકી ત્યારે ગાંધીજી અતિશય ચિંતાતુર બનેલા દેખાતા હતા. તેમણે ખેદપૂર્વક કહ્યું "મારું જીવનકાર્ય સમાપ્ત થયું હોય એમ લાગે છે. ભગવાન મને હવે વધુ નામોશીમાંથી ઉગારશે, એવી આશા રાખું છું." આ પછી ૨ જી જૂને પ્રાતઃપ્રાર્થનાના સમય પૂર્વે જાગી જતાં, પથારીમાં પડયાં પડયાં ધીમે સાદે બોલતા રહ્યા : "જવાહરલાલ અને સરદાર સુદ્ધાં માને છે કે પરિસ્થિતિની મારી સમજ ખોટી છે અને ભાગલાની બાબતમાં સંમતિ સ્થપાય તો સુલેહશાંતિ ખસૂસ ફરીથી પ્રવર્તશે. તેમને થાય છે કે ઘડપણને લીધે મારી બુદ્ધિ બહેર તો નથી મારી ગઈને ? તેમ છતાં હું કોંગ્રેસ અને બ્રિટિશ પ્રજાનો સાચો મિત્ર છું એ પુરવાર કરવા મને સાચું લાગે તે મારે કહેતા રહેવું જોઈએ. સૌના વિરોધની વચ્ચે પણ અડગ રહેવાનું તથા પૂર્ણ સત્ય કહેવાનું બળ અને શાણપણ ઈશ્વર મને આપે એ માટે શુદ્ધિ આપી શકે તેવા બધા બળની મારે જરૂર છે. xxx લોકો મને કાશી અથવા હિમાલયમાં ચાલ્યા જવાનું કહે છે એ સાંભળી હું હસું છું; અને તેમને કહું છું કે જ્યાં દુઃખ અને વિટંબણાઓ દૂર કરવાનાં હોય, અને દમન હળવું કરવાનું હોય ત્યાં મારી તપશ્ચર્યાનો હિમાલય છે. મારે માટે આરામ હોઈ શકે જ નહીં". થોડીવાર થંભ્યા પછી તેઓ બોલ્યા, "પરંતુ એ બધા જ ખરા હોય અને હું એકલો જ અંધારામાં ગોથાં ખાતો હોઉં એ બનવાજોગ છે..." છેલ્લે મહા પ્રયત્ન કરીને તેમણે કહ્યું : "એ જોવાને હું કદાચ જીવતો નહીં હોઉં. પરંતુ મને જે ભીતિ રહે છે તે અનિષ્ટ (દેશના વિભાજનનું) હિંદ પર આવી પડે અને તેની સ્વતંત્રતા જોખમાય, તો ત્યારે આ ડોસાએ શી શી વેદના ભોગવી હશે એ ભવિષ્યની પ્રજા જાણી લે. **એમ ન કહેવાઓ કે 'ગાંધી હિંદના દેહછેદનનો પક્ષકાર હતો.'** પણ આજે તો સૌ 'સ્વતંત્રતા'ને માટે અધીરું બન્યું છે એટલે બીજો કશો ઉપાય નથી. પરંતુ આ 'સ્વતંત્રતા' તો લાકડાના લાડુ જેવી જ હોવાની. ખાશે તો મરડાથી મરશે અને છોડી દેશે તો ભૂખે મરશે, એવી એની સ્થિતિ છે."

સાંજની પ્રાર્થના સભામાં (૨–૬–૪૭) ગાંધીજી કુરાનની આયાતો બોલવાની તૈયારીમાં હતા ત્યાં પાશ્ચાત્ય પદ્ધતિનો પોશાક પહેરેલો એક જુવાન ઊભો થઈને બરાડવા લાગ્યો : "ઝીણાને કેદમાં પૂરો, કુરાનની આયાતો પઢવાનું બંધ કરો. મુ. લીગ સામે લડાઈ જાહેર કરો." તેના જવાબમાં પ્રાર્થના પૂરી થયા પછી

ગાંધીજીએ કહ્યું : "જો ઝીણા સાહેબ પ્રત્યે તથા સામાન્ય રીતે મુસલમાનો પ્રત્યે તમારી શુભેચ્છા અને મૈત્રી જાળવી રાખીને, બળાત્કારે પાકિસ્તાનની સ્થાપના કરવા સામે તમે અડગ રહેશો, તો ઝીણા સાહેબને તમે તમારા પ્રેમના 'કેદી' બનાવી શકશો અને એક દિવસ ઝીણા સાહેબને મારી સામે મોરચો માંડવાને બદલે મારી સાથે ખભેખભા મિલાવીને ઊભેલા પણ કદાચ તમે જોશો." મહાત્માએ અંતમાં પોતાના પૂરતી જાહેરાત કરી : "હું ભાગલામાં માનતો નથી, હું પાકિસ્તાનમાં જવા પાસપોર્ટ નહીં કઢાવું. પાકિસ્તાન થશે તો મારું સ્થાન પાકિસ્તાનમાં હશે."

## સ્વરાજની પરોઢે : પહેલી ચોટ

રાવલપિંડી તથા મુલતાનના હત્યાકાંડો બાદ, પૂર્વ પંજાબમાં એક જ મહિનામાં ૭ થી ૮ હજાર મુસ્લિમોની અને પશ્ચિમ પંજાબમાં ૪ થી ૫ હજાર હિંદુઓની હત્યા થઈ હતી. આગ, લૂંટફાટ ને મારફાડ ઉપરાંત હજારો સ્ત્રીઓનાં અપહરણ થયાં હતાં. અનેક સ્ત્રીઓએ શિયળની રક્ષા માટે આત્મહત્યાઓ કરી હતી. મોટા પાયા પર વસ્તીની ફેરબદલીઓ શરૂ થઈ જતાં નિરાશ્રિતોની છાવણીઓથી આ પ્રાંતોની ભૂમિ ઊભરાઈ ગઈ હતી. પૂર્વ બંગાળ અને પશ્ચિમ પંજાબ બંને પ્રાંતો ખેદાનમેદાન થઈ ગયા હતા. એમાં અકાલી શીખોએ વળી 'ખાલિસ્તાન' (શીખ-રાજ્ય)ની માગણી શરૂ કરી હતી. એમની ધારણા તો વળી એવી હતી કે હિંદને જો પાકિસ્તાનના વિરુદ્ધ યુદ્ધે ચઢાવી શકાય તો તેમાં પાકિસ્તાન અવશ્ય હારશે, ને તો પછી તેમાંથી ખાલિસ્તાન અવશ્ય ઉદ્ભવશે. ગાંધીજી પંજાબ દોડી પહોંચે, એવો ઘણાનો આગ્રહ હતો. તેમ છતાં તેઓ તો નોઆખલી અને બિહાર અંગેની પોતાની કામગીરીને જ વધુ મહત્ત્વની ગણાવી રહ્યા હતા. જવાહરલાલ તેમજ સરદાર તેમને પંજાબ અંગેના અહેવાલો મોકલતા રહ્યા હતા.

ઓગસ્ટના અંતમાં આ બંને નેતાઓ પરિસ્થિતના ગલત અંદાજથી દોરવાઈને એવું પણ માનતા થઈ ગયા હતા કે ગાંધીજીએ તત્કાલ પંજાબ દોડી આવવાની જરૂર નથી. ને એથી જ ગાંધીજીનું પણ એમ માનવું હતું કે જો વડાપ્રધાન તથા ગૃહપ્રધાનને હાલ મારી એ પ્રદેશમાં આવવાની જરૂર ન જણાતી હોય. તો નાહક એ બધાંને અગવડમાં મૂકવાની પોતે જરૂર જોતા નથી. છતાં સરદારના અહેવાલોમાં 'આત્મસંતોષ'નો ધ્વનિ વંચાતાં તેઓ કંઈક અસ્વસ્થ બન્યા હતા ને એમને એ બાબત તાકીદ પણ આપી હતી.

વાસ્તવમાં, તે પછી થોડા જ વખતમાં જવાહરલાલે માઉન્ટ બેટનની સલાહ માગતાં તેમણે પંજાબમાં ગાંધીજીની હાજરી આવશ્યક હોવાનું જણાવ્યું હતું. આથી વળી ગાંધીજીને પંજાબ દોડી આવવા તાર પર તાર કરવા પડયા હતા. (૩૧ ઓગસ્ટ તથા ૨જી સપ્ટેમ્બર ૧૯૪૭) આ દરમિયાન ગાંધીજી માટે નોઆખલી છોડવું લગભગ અશકય બન્યું હતું. તા. ૧૪–૧૫મી ઓગસ્ટે તેમણે જોયેલી સુલેહ શાંતિ ચપટીમાં ચોળાઈ ગઈ હતી. બંગાળના મુખ્યપ્રધાન ડૉ. પ્રફુલ્લ ઘોષના મતે, હિંદુ મહાસભા ઉશ્કેરણીના કારણરૂપ બની હતી. તેના આગેવાનોની ધરપકડ કરવાના સૂચનને જોરહુકમીભર્યું ગણાવીને ગાંધીજીએ એવી સલાહ આપી કે, સુલેહ શાંતિ જાળવવાની જવાબદારી જ એમને શિરે નાખો –'સુલેહ શાંતિ સ્થાપવાના કામ માટે અમને તમારા સહકારની જરૂર છે એમ કહો...' આ બાબતના પ્રયાસો આરંભાય ત્યાં વળી કલકત્તાની શાંતિ તૂટી. ગાંધીજીએ આત્મબલિદાનની ભાવનાથી પ્રેરાઈ ૧લી સપ્ટેમ્બરથી ઉપવાસ પર ઊતરવાનો વિચાર કર્યો. રાજાજીએ ગાંધીજીને સવાલ કર્યો : શું ગુંડાઓની સામે કોઈ ઉપવાસ આદરી શકે ખરું? ગાંધીજીએ જવાબ આપ્યો : "ગુંડાઓનાં હૃદય પર અસર થાય કે ન પણ થાય, પરંતુ એ ગુંડાઓની પાછળ જેઓ કામ કરી રહ્યા છે, તેમનાં હૃદયોને હું સ્પર્શવા માગું છું."

મહાત્માએ દુ:ખિત થઈ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. (૧–૯–૧૯૪૭) ઉપવાસ દરમિયાન લીગના નેતા સુહરાવર્દીએ તેમજ હિંદુ મહાસભાના નેતા ડૉ. શ્યામાપ્રસાદ મુકરજીએ શાંતિની પુન:સ્થાપના માટે ભગીરથ પ્રયાસો આદર્યા. પોતાને ઉપવાસ છોડી દેવાનું કહેનારાઓને ગાંધીજીનો એક જ સવાલ હતો :

લકત્તામાં બધું શાંત છે, એવો અહેવાલ ડૉ. મુકરજીએ મને આપશે, ત્યાર પછી જ ઉપવાસ છોડવાનો થાર હું કરીશ.'' ત્યારે એમને એવુંયે પૂછવામાં આવ્યું : 'ધારો કે અત્યારે શાંતિ સ્થપાય, પણ આપના પવાસ પત્યા પછી ફરીથી શાંતિનો ભંગ થાય તો ?

ગાંધીજીએ કહ્યું કે, એ સંજોગોમાં હું **બિનશરતી આમરણાંત ઉપવાસ** પર ઊતરીશ. શાંતિ સ્થપાયા પછી પણ મારા ઉપવાસ છૂટશે નહિ. એ સંજોગોમાં હું પાણીનું ટીપું સુદ્ધાં મોંમાં નહિ લઉં, કારણ હું સત્ય તથા અહિંસા બંનેની થતી ઠેકડીનો **જીવતો પ્રેક્ષક** બનવા નથી ઇચ્છતો. આથી તેમણે ભાર મૂકીને કહ્યું કે, હિંદુઓ તેમજ મુસલમાનોને સાચો પસ્તાવો થાય, અને તેમની વચ્ચે હૃદયની એકતા સ્થપાય તે પછી જ હું ઉપવાસ છોડીશ.

હિંદુઓ તેમજ મુસલમાનોના પીઢ નેતાઓની સાથે બંને કોમોનું એક સરઘસ ગાંધીજીના મુકામે પહોંચ્યું. મુસ્લિમ નેતાઓએ ગાંધીજીને હૈયાધારણ બંધાવતાં કહ્યું કે "આપની હસ્તી જ અમારે માટે સલામતીની ખોળાધરી છે...'' ગાંધીજીએ એમની પાસેથી વચન માગ્યું : "**હિંદુઓ પાગલ બને તોય એનો બદલો વાળવાની વૃત્તિ હૃદયથી દૂર કરી, મુસ્લિમ આગેવાનો મુસ્લિમ ગુંડાઓનેય વશ કરશે.**" ને આવી જ ખાતરી તેમણે હિંદુ આગેવાનો પાસેથીય માગી. અને બંનેની પાસે સચ્ચાઈની ખાતરી અંગે ટકોર કરતાં ઉમેર્યું કે, "તમે સૌ ચોક્કસ સમજી લે જો કે મન મનાવવાની શાંતિ मने मंनोषी नहि शके."


બરાબર પાંચમે દિવસે તોફાની ટોળીઓના એક હિંદુ આગેવાને આવીને પશ્ચાત્તાપની લાગણી સાથે શાંતિ માટે મથવાનો એકરાર કર્યો ને પાછલાં કૃત્યો બદલ ગાંધીજી ઇચ્છે તે સજા ખમવાની તત્પરતા દાખવી. ગાંધીજીએ તેમને મુસલમાનો પાસે જઈને તેમને પૂરા રક્ષણની ખાતરી આપવાનું જણાવ્યું. ને કહ્યું કે, "આ પ્રકારનો તમારો હૃદયપલટો થયાનું મને દેખાશે, તે જ ક્ષણે હું મારા ઉપવાસ છોડીશ.'' ××× સુહરાવર્દી પાસે પણ ગાંધીજીએ આ જ શરત રજૂ કરી ને એમની પાસે ખાતરી માગી કે, "બંને કોમના આગેવાનો, આખા દેશમાં ગાંડપણ ફેલાઈ જશે તો પણ, કલકત્તામાં પોતાનું મગજ ગુમાવી નહિ બેસે, એટલી વાત તો પાકી થવી જ જોઈએ.''

છેવટે રાજાજીએ તૈયાર કરેલ પ્રતિજ્ઞાપત્ર ઉપર હિંદુ મહાસભાના નેતા રાધાકુમુદ મુકરજી, પશ્ચિમ બંગાળના મુસ્લિમ નેતા સુહરાવર્દી તેમજ શીખ આગેવાન નિરંજનસિંહે સહી કરી. પ્રતિજ્ઞાપત્રમાં લખ્યું હતું કે, "અમે નીચે સહી કરનારાઓ ગાંધીજીને વચન આપીએ છીએ કે, કલકત્તામાં ફરીથી સુલેહ શાંતિ સ્થપાઈ છે. અમે આ શહેરમાં કદી પણ કોમી હુલ્લડ થવા નહિ દઈએ. અને થશે તો તેને ખાળવા માટે અમે મરણ પર્યંત ઝૂઝીશું."

આ આગેવાનોએ પોતાના પ્રસ્તાવની સચ્ચાઈ અંગે ખાતરી કરાવવા એક ખટારો ભરાય એટલા હાથ બોમ્બ અને બીજાં શસ્ત્રો ગાંધીજીને શરણે ધરી દીધાં.

બીજા દિવસની (તા. ૬ સપ્ટેમ્બર) પ્રાર્થના સભામાં ગાંધીજીએ કરેલા પ્રવચન બાદ સુહરાવર્દીએ જાહેર કર્યું કે, "ગાંધીજીના પંજાબના મિશનમાં હું પણ તેમની સાથે જોડાવાનો છું. મેં મારી જાતને મહાત્માજીની હકુમતમાં સમર્પી દીધી છે." બંગાળ મુસ્લિમ લીગના પ્રમુખ નઝીમુદ્દીને પણ આ પૂર્વે નોઆખલીથી કલકત્તાની યાત્રા દરમિયાન ગાંધીજીને ખંતપૂર્વક અનુસરવાનું કર્યું હતું.

●


भारत (ब्रिटिश समयका १९४७
ब्रिटिश भारत तथा आधिपत्य प्रदेश
देशी राज्य
विदेशी थाने
सिक्किम
भूटान
कश्मीर
जयपुर
जोधपुर
कच्छ
मध्य भारत
गोआ
पोंडिचेरी
पुडुकोट्टाई

# અંતિમકાળની વિશેષ વિટંબણાઓ

## ભાગલા નિશ્ચિત : પરિસ્થિતિ ડામાડોળ

બ્રિટિશ વડાપ્રધાન એટલીએ પાર્લમેન્ટમાં તા. ૨૦-૨-૪૭ના રોજ જાહેરાત કરી કે શહેનશાહની સરકાર જૂન ૧૯૪૮ સુધીમાં જવાબદાર હિંદીઓને હસ્તક સત્તા સોંપી દેશે. આ જાહેરાતના મૂળમાં ભાગલાની વાત ગર્ભિતપણે હોય તોપણ જવાહરલાલે એ જાહેરાતને 'શાણા ને હિંમતભર્યા પગલા' તરીકે આવકારી લીધી. મુસ્લિમ લીગનેય આ જાહેરાત એટલા માટે અનુકૂળ લાગી કે જેઓ બંધારણસભામાં દાખલ જ નહિ થાય તેમને તેના નિર્ણયો બંધનકર્તા નહિ રહે; એટલે કે ભાગલાની વાત સ્પષ્ટ જ બની ગઈ! અલબત્ત, સરકારી યોજનામાં એક પ્રકારના **સમવાયતંત્રની** — અર્થાત્ નબળું નબળું પણ કેન્દ્ર રહેશે એ પ્રકારની — વાત હતી. સંપૂર્ણ ભાગલા સૂચવનારી કોઈ દરખાસ્ત ન હતી. આમ, લીગ તથા કોંગ્રેસ બંનેએ પોતપોતાનાં દૃષ્ટિબિંદુથી સરકારી જાહેરાતને આવકારી લીધી હતી. કોંગ્રેસને એમ હતું કે બંગાળ અને પંજાબના આખા પ્રાંતોની પ્રજા હિંદથી અલગ થઈને પાકિસ્તાનમાં જોડાવા નહિ જ ઇચ્છે. સરકાર જો આ વાત પર દૃઢ રહેશે તો ઝીણા સાહેબ માટે કટોકટી સર્જાશે. ઝીણા સાહેબ ખંડિત જર્જરિત પાકિસ્તાનનો સ્વીકાર નહિ કરે. આથી કરીને તેમણે બેમાંથી એક વિકલ્પ સ્વીકારવો પડશે : કાં તો તેમણે હિંદી સંઘરાજ્યમાં અમુક ખાસ શરતોએ જોડાવું પડશે, કાં તો ખંડિત પાકિસ્તાનનો સ્વીકાર કરવો પડશે. એમ પણ બને કે દેશી રાજ્યોમાંનાં ઘણાં પાકિસ્તાનમાં નહિ જોડાય. જો કે દેશી રાજ્યોની સ્થિતિ વિષે સરકારી જાહેરાતમાં પૂરી ચોખવટ ન હતી. આ બધી બાબતો અંગેનું ચિત્ર સ્પષ્ટ ન થાય, ત્યાં લગી કોંગ્રેસે આ બાબતો વિષે મૌન રાખીને એટલું જ જાહેર કર્યું કે **સત્તાની ફેરબદલી સરળ રીતે થાય એટલા માટે પહેલાં હાલની વચગાળાની સરકારને રાજ્યવહીવટ તથા સરકારી તંત્ર પર અસરકારક કાબૂ ધરાવનાર સાંસ્થાનિક સરકાર ( ડુમિનિયન ગવર્નમેન્ટ ) તરીકે માન્ય રાખવી જોઈએ** તથા વાઈસરૉયે (ગવર્નર જનરલે) માત્ર સરકારના બંધારણીય વડા તરીકે કાર્ય કરવું જોઈએ. એટલે કે મધ્યસ્થ સરકારને પૂરેપૂરા અધિકાર સાથે અને જવાબદારીવાળા પ્રધાનમંડળ તરીકે આવશ્યક કાર્યો કરવાની જોગવાઈ કરી આપવી જોઈએ.

આ પછી ૬ઠ્ઠી ડિસેમ્બરે (૧૯૪૬) કૅબિનેટ મિશનની ૧૬મી મે ની યોજનામાંની 'ગ્રુપ્સ અંગેની જોગવાઈઓ' બાબતમાં બ્રિટિશ સરકારે જે અર્થઘટન કર્યું તે જોયા પછી તો ગાંધીજીએ પણ કડવો ઘૂંટડો ગળી જઈને બ્રિટિશ સરકારની જાહેરાત બાબત પોતાનો પ્રત્યાઘાત જણાવતો પત્ર (૨૪ ફેબ્રુઆરી ૧૯૪૭) જવાહરલાલ પર લખ્યો. તેમાં કહ્યું કે જે પ્રાંતોને અથવા પ્રદેશોને પાકિસ્તાન જોઈતું હશે, તેમને તે મળશે. કોઈની પણ ઉપર એક યા બીજી રીતે કશું પણ દબાણ કરવામાં નહિ આવે. કોંગ્રેસી પ્રાંતો શાણા હશે તો તેમને જોઈતું મળશે. પરંતુ છેવટે ઉમેરેલું કે **બ્રિટિશ સરકારના દિલમાં સચ્ચાઈ હોય, ને તે સચ્ચાઈને જાળવી રાખી શકે, તો જાહેરાત સારી છે, અન્યથા એ જોખમકારક છે.**

એકંદરે, એ સમયની વાસ્તવિકતા એ હતી કે માત્ર બંગાળ અને સિંધ એ બે જ પ્રાંતોમાં લીગની સરકારો હતી. એમાં ય સિંધની સરકારની સ્થિતિ ડામાડોળ હોવા છતાં ત્યાંના ગવર્નરે પ્રાંતની ધારાસભા નહિ બોલાવીને એને ટકાવી રાખી હતી. બંગાળમાં જો 'સમગ્ર સાર્વભૌમ બંગાળ' રચવાની હિલચાલ જોર પકડે

તો મુસ્લિમ બહુમતી ધરાવતો પૂર્વ બંગાળનો મોટો પ્રદેશ પણ પાકિસ્તાનમાં નહિ જાય, એવી ધારણા હતી. પંજાબમાં યુનિયનિસ્ટ (બિન-લીગી મુસ્લિમ) પક્ષ તેમજ કોંગ્રેસ અને શીખોની મિશ્રસરકાર હતી. આમ, ત્યાંય કોમી વલણનો છેદ ઊડી જાય એવી સ્થિતિ હતી. એકંદરે, ત્યાં પાકિસ્તાન-વિરોધી લાગણી પ્રબળ થતી જતી હતી. આસામમાં એકાદ જિલ્લા સિવાય કયાંય બહુમતી હતી જ નહિ. વળી, શકયતા એવી પણ દેખાતી હતી કે, બ્રિટિશ પ્રાંતોના ત્રા વિભાગ સાથે મોટાં દેશીરાજ્યોના પ્રતિનિધિઓ બંધારણ-સભામાં જોડાઈ જાય તો પંજાબ જેવો આખો પ્રાંત પાકિસ્તાનમાં જતો રોકાય, એવું હતું. પરંતુ લીગે તો હવે દ્વિરાજ્યના ધોરણે જ વિચાર પાકો કરી લીધો હતો. પણ સરહદપ્રાંતની સ્થિતિ ઘણી ગૂંચવણભરી બનતી હતી. સરહદપ્રાંત જો પાકિસ્તાનમાં પડે તો ભૌગોલિક રીતે એ ભાગ હિંદી રાજ્યસંઘમાંથી અલગ પડી જાય એમ હતું. આવો જ સવાલ બલૂચિસ્તાન માટે પણ ઊભો થઈ જતો હતો. આથી લીગ માટે ડામાડોળ પરિસ્થિતિમાં તેની જ લોકમત (પ્લેબિસાઇટ)ની માગણી સ્વીકારી લેવી હિતાવહ હતી. બ્રિટિશ સરકાર પણ આ બાબતમાં અમુક અંશે બંધાઈ ચૂકી હતી.

## સરહદપ્રાંતની માથાશૂળ

૧૬મી મેના નિવેદન બાદ ખાનભાઈઓએ (ખાન અબદુલ ગફારખાન 'સરહદના ગાંધી' તથા તેમના લઘુ બંધુ ડૉ. ખાન જેઓ સરહદપ્રાંતના મુખ્ય પ્રધાન હતા તે બંનેએ) જણાવી દીધું હતું કે જૂથ-રચના(ગ્રુપિંગ)ની રાજકીય બાજુની સાથે અમારે ઝાઝી નિસ્બત નથી. અમારી પોતાની રીતે, પઠાણોનો ઉત્કર્ષ સાધવાને પૂરેપૂરી સ્વતંત્રતાની બાંયધરી આપવાની તૈયારી હોય, તેવા કોઈ પણ ગ્રુપમાં અથવા વિભાગમાં જોડાવાનો અમને વાંધો નથી. × × અમે પંજાબ, સિંધ તથા બલૂચિસ્તાન સાથે મળીને સ્વતંત્ર જૂથ પણ રચી શકીએ. પરંતુ લીગને માટે આવો પઠાણીસ્તાનનો ખ્યાલ જ જોખમકારક હતો. તેણે પઠાણોને સમજાવી લેવાનો પ્રયાસ કરવાને બદલે તેમને દમદાટી આપી વશ કરવાનો પ્રયાસ કર્યો; પરંતુ એમાં તેમને નિષ્ફળતા મળી. છેવટે 'ઇસ્લામ ખતરામાં છે' એવો હોબાળો મચાવી, પઠાણોને સાથે લેવાનો તેમનો વ્યૂહ કામિયાબ થયો. આ અરસામાં બિહારમાં (નોઆખલીના બદલા રૂપે) હિંદુઓએ મુસ્લિમો પર જે જંગલી અત્યાચારો ગુજાર્યા હતા, તેના પ્રચાર દ્વારા પઠાણોમાં ભીતિ તથા ઉશ્કેરણી ફેલાવવામાં આવી. પરિણામે સરહદપ્રાંતના કેટલાક પ્રદેશોમાં હિંદુઓ તેમજ શીખોનાં ઘરબાર લૂંટાયાં, મકાનો જલાવી દેવામાં આવ્યાં. મોટા પાયા પર નાસભાગ થઈ. ૩૧ હજારની ત્યાંની વસતીમાંથી વીસેક હજાર હિંદુઓ તથા શીખો નાસી છૂટયા. આ પછી તો ૧૯૪૭ના એપ્રિલમાં ડેરા ઇસ્માઇલખાન ભડકે બળ્યું, સરહદપ્રાંતના હજારા જિલ્લામાં અરેરાટી છૂટે એવી ઘટનાઓ બની.

* આમ, હવે અકલ્પ્ય રીતે પલટાઈ ગયેલા સંજોગોનો લાભ લેવા મુસ્લિમ લીગે જોરશોરથી 'લોકમત' (પ્લેબિસાઇટ) લેવાની માગણી કરી. જવાહરલાલ તથા સરદાર પટેલ જેવાની ધારણા હતી કે આજની પરિસ્થિતિમાં લોકમતનું પરિણામ પોતાની વિરુદ્ધ નહિ આવે, કેમકે એક તો, આ મુદ્દા પર જ લેવાયેલી છેલ્લી ચૂંટણીએ આ વાત સિદ્ધ કરી હતી; બીજું, તેના અંતે વરિષ્ઠ મંડળે ચૂંટણી અગાઉ બે પૂર્વશરતો રજૂ કરી હતી : (૧) મુસ્લિમ લીગનું આંદોલન સંપૂર્ણ પણે પાછું ખેંચાઈ જાય; (૨) પ્રાંતિક સરકારની સંમતિ લેવામાં આવે; કેમકે–

સાર્વભૌમ અને સ્વતંત્ર 'પઠાણીસ્તાન' થાય અને ભારત સંઘ-રાજ્યથી સાવ જ કપાઈ જાય, પછી તેની જે હાલત થાય, તેના કરતાં નવેસરથી લોકમત દ્વારા સંઘ રાજ્યમાં રહેવાની શકયતા જાણી લેવાનું જોખમ ખેડવું કોંગ્રેસી નેતાઓને વધુ વાજબી લાગ્યું. લોકમત લેવાની પ્રક્રિયાને કારણે હિંસાખોરીનું

ખમ પણ ઘટશે એવોય એમની ધારણા હતી, જોકે ગાંધીજીને કોંગ્રેસી મોવડી મંડળની આ ધારણા ડહાપણવિહોણી' લાગી હતી. તેમનું માનવું હતું કે, પાકિસ્તાનનું ચિત્ર સ્પષ્ટ થાય તે પહેલાં લોકોને આ કે તે રાજ્યસંઘ સાથે જોડાવા ન જોડાવા બાબત પોતાની પસંદગી જાહેર કરી દેવા કહેવું, તે બરાબર નથી – ડહાપણભર્યું નથી. **સ્થાનિક વાતાવરણમાં જે હિંસક ઉશ્કેરાટ વ્યાપેલો છે તે સંપૂર્ણ રીતે શમી ન જાય, તે પહેલાં સાચો લોકમત મેળવી જ નહિ શકાય. બલકે મુલકમાં શાંતિ નહિ સ્થપાય તો આખીય ઇમારત તૂટી પડશે.**

જો કે ગાંધીજીએ તો, અંતે આ બાબતનો નિર્ણય બાદશાહખાન લે તેવું પણ સૂચવ્યું. જવાબમાં બાદશાહખાને સ્પષ્ટ જણાવ્યું કે, ૩જી જૂનની યોજનાના ચોથા પેરામાંના મુદ્દાઓ પર લોકમત લેવાની બાબતમાં અમે સંમત થઈ શકીએ એમ નથી. વળી, પ્રાંતમાં અત્યારે એવી પરિસ્થિતિ પ્રવર્તે છે કે લોકમત લેવાની પ્રક્રિયા દરમિયાન જ ગંભીર સ્વરૂપની હિંસા ફાટી નીકળવાની વકી છે. × × × **અમે પાકિસ્તાનમાં જોડાવાની વિરુદ્ધ છીએ. અમારે તો હિંદી રાજ્ય-સંઘની અંદર જ 'સ્વાધીન પઠાણીસ્તાન' જોઈએ છે.**

આ ગૂંચવાયેલી પરિસ્થિતિમાંથી તોડ કાઢવા માટે ગાંધીજીએ એવું સૂચન કર્યું હતું કે, બાદશાહખાને સામે જઈને, નીચેની શરતોએ પાકિસ્તાનમાં જોડાવા પોતે તૈયાર થશે એવી ઓફર આપવી : (૧) જોડાવાની શરતો માનભરી હોવી જોઈએ; (૨) સ્વતંત્રતા મળ્યા પછી પાકિસ્તાન બ્રિટિશરોના પ્રભુત્વ હેઠળ રહેવાનો નિર્ણય કરે તો, 'સેટલ્ડ ડિસ્ટ્રિક્ટ્સ' તથા 'તાયફાવાળાઓ'ના વિસ્તારોમાં વસતા પઠાણોને પોતાનું અલગ–સ્વતંત્ર રાજ્ય રચવાની સત્તા હોવી જોઈએ; (૩) તાયફાવાળાઓને લગતી સઘળી બાબતોનો નિવેડો બિનપઠાણોની દરમિયાનગીરી તથા લાગવગ વિના કેવળ પઠાણો પોતે જ લાવે.

પરંતુ આ પ્રકારે **લીગ સાથે માનવંતા સમાધાન** પર આવવાનો બાદશાહખાનનો પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. તેના પરિણામની કલ્પનાથી ગાંધીજી ખૂબ જ ઉદ્વિગ્ન થયા. બાદશાહખાન અને ડૉ. ખાનના ભાવિની કંપાવનારી કલ્પનાએ ગાંધીજીની ઊંઘ હરામ કરી દીધી.

બીજી બાજુ, લીગનાં છાપાંમાં બાદશાહખાન ઉપર ગલીચ આક્ષેપો શરૂ થઈ ગયા. બાદશાહખાને પ્રાંતની પ્રાંતિક સમિતિના સભ્યોની કોંગ્રેસ પાર્લમેન્ટરી બોર્ડના સભ્યોની તેમજ ખુદાઈ ખિદમતદારો તથા પખ્તુનોની બેઠકો બોલાવી. એ સભાઓમાં સર્વાનુમતે એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો કે, "**સઘળા પખ્તુનોનું બનેલું સ્વાધીન પઠાણ-રાજ્ય સ્થાપવામાં આવવું જોઈએ** ને એ રાજ્યનું બંધારણ લોકશાહી, સમાનતા તથા સામાજિક ન્યાયના **ઇસ્લામી** ખ્યાલના ધોરણે ઘડવામાં આવે."

* ખાસ તો ઉપરના ધોરણે અભિપ્રાય દર્શાવવાની તક હોય, તો જ લોકમતમાં ભાગ લેવા, એવું પણ ઠરાવવામાં આવ્યું.

## વિભક્ત હિંદમાં અવિભક્ત બંગાળ વા બંગાળના ભાગલાની સમસ્યા

ગાંધીજી મુ. લીગને બંગાળના ભાગલા ટાળવાનો રસ્તો આ રીતે સૂચવતા હતા : "હું જો બંગાળનો મુખ્ય પ્રધાન હોત તો, પગે પડીને હું હિંદુઓને ભૂતકાળ ભૂલી જવાને વીનવત. હું તેમને કહેત કે હું યે તમારા જેટલો બંગાળી છું, ધર્મનો ફરક આપણને જુદા ન પાડી શકે. બંગાળમાં જે કંઈ છે તે આપણું સહિયારું છે. હું કહેવાની હિંમત કરું છું કે **છેવટે** બંગાળની એકતાનો વિરોધ કરનાર એક પણ હિંદુ રહેશે નહીં.

હું જો સુહરાવર્દી હોત તો, બંગાળના ભાગલા પડતાં પહેલાં હિંદુઓને હું મારા શરીરના ટુકડા કરવાને કહેત."

આ પછીની મુલાકાત વખતે જ્યારે ગાંધીજીએ સુહરાવર્દીને કહ્યું કે બંગાળમાં થયેલ પ્રત્યેક હત્યા માટે નૈતિક રીતે તમે જવાબદાર છો, ત્યારે સુહરાવર્દી મિજાજ ગુમાવી બેઠા હતા. એટલું જ નહીં, "બધીએ મુશ્કેલીના સર્જક તમે જ છો"—એવો એમણે સામો આરોપ મૂકયો હતો. ગાંધીજીએ તો એક વાર સુહરાવર્દીને એટલે સુધી કહી નાખ્યું કે "હિંદુઓ તથા મુસલમાનો પહેલાંની જેમ ભાઈભાઈ તરીકે રહેવા લાગે ત્યાં સુધી તમારા માનદ્‌મંત્રી તરીકે કામ કરવાને તથા તમારા ઘરમાં તમારી સાથે રહેવાને—જેથી ગાંધીજીની તમામ પ્રવૃત્તિઓ તેમની નજર નીચે થાય અને શંકાને માટે સ્થાન ઊભું જ ન થાય તે માટે—હું બિલકુલ તૈયાર છું. સુહરાવર્દી તો આ સાંભળી ડઘાઈ ગયા. તેમનાથી બોલાઈ જવાયું: "કેવી પાગલ ઑફર!" (અલબત્ત, એના ગર્ભિતાર્થો પામવા માટે દસ વાર વિચાર કરવો પડશે!)

હિંદુ મહાસભાના નેતા ડૉ. શ્યામપ્રસાદ મુકરજી આ અરસામાં જ (માર્ચ–૧૯૪૭) ગાંધીજીને મળ્યા. સાર્વભૌમ બંગાળના રાજ્યના તેઓ પ્રબળ વિરોધી હતા. તેમની માન્યતા એવી હતી કે સાર્વભૌમ બંગાળની માગણીની પાછળ યુરોપિયનોનાં સ્થાપિત હિતોની પ્રેરણા હતી. તેમને બીજી ભીતિ એવી પણ હતી કે એક વાર સાર્વભૌમ બંગાળ રચાઈ જાય પછી મુસ્લિમોની અતિ મોટી બહુમતી ધરાવતી તેમની ધારાસભામાં તેને પાકિસ્તાન સાથે જોડી નહિ દેવાની કશી બાંયધરી મળવી જોઈએ, જે શકય નથી.

ગાંધીજીએ જવાબમાં જણાવ્યું કે "'સાર્વભૌમ બંગાળ'માં હિંદુઓનું હિત સચવાય તે માટેના નિર્ણયો તથા તેના રાજ્યના બંધારણમાં ફેરફાર કરવા માટેના—પાકિસ્તાન સાથે જોડાવા સહિતના—નિર્ણયો માટે **હિંદુ કોમની ૨/૩ બહુમતી** જરૂરી હોવાની દરખાસ્ત સુહરાવર્દી સ્વીકારવા તૈયાર થાય એવો સંભવ છે. આ સ્વીકારાય તો પછી વિરોધ માટે કશું કારણ રહેતું નથી."

'વિભક્ત હિંદમાં અવિભક્ત બંગાળ સંભવી શકે ખરું?' —એના જવાબમાં ગાંધીજીએ કહ્યું: "સૌથી પ્રથમ તો **હિંદના ભાગલાનો નિર્ણય હિંદના હિંદુઓ અને મુસલમાનો ઉભયની ઇચ્છાથી જ કરી શકાય.** માનો કે હિંદના ભાગલા પાડવામાં આવે તોય બંગાળે વિભક્ત હિંદના કયા ભાગ સાથે જોડાવું કે પોતાનું અલગ સાર્વભૌમ રાજ્ય રચવું એનો નિર્ણય પણ બંગાળના હિંદુઓ અને મુસલમાનો પર જ છોડવો જોઈએ." છેવટે, ગાંધીજીને એમ પૂછવામાં આવ્યું કે માનો કે બંગાળમાં હિંદુઓની વધુમતી હિંદુસ્તાનમાં જોડાવા ઇચ્છે અને મુસ્લિમોની બહુમતી પાકિસ્તાનની તરફેણમાં હોય તો શું થાય? ગાંધીજીએ જવાબ આપ્યો "તો ભાગલા પાડવામાં આવશે, કેમ કે **કોઈ પ્રજાને બળજબરીથી પકડી રાખી શકાય નહિ.**"

## બંગાળની બેહાલી

ગાંધીજીની તો એવીય ધારણા હતી કે સમગ્ર બંગાળના લોકોની બેતૃતીયાંશ બહુમતીના એકતા માટેના સ્વીકારના પાયા પર જો સુહરાવર્દીની દરખાસ્ત રચાયેલી હોય તો ઝીણાની સંમતિથી બંગાળની મુસ્લિમ લીગ વહેવારમાં દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત ફગાવી દે એવું શકય છે. અંતે તો પછી, સાર્વભૌમ બંગાળમાં બંગાળના મુસ્લિમોની સંખ્યા સૌથી વધારે હોવાથી 'પાકિસ્તાન' જેવું કશું રહેશે નહીં. પરંતુ આ દરખાસ્ત સાથે સુહરાવર્દી સંમત થયા હોત તોપણ જ. ઝીણા સંમત થાત જ એમ માનવાનું કારણ ન હતું.

શરચ્ચંદ્ર બોઝ **સ્વતંત્ર સાર્વભૌમ બંગાળના** પ્રખર પુરસ્કર્તા હતા. તે દિશામાં તેમણે ગાંધીજીના સતત સંપર્કમાં રહીને બંગાળમાં સતત પ્રયાસો કર્યા હતા. એમની ધારણા એવી હતી કે કોંગ્રેસ અને બંગાળની મુસ્લિમ લીગ સમજૂતી પર આવશે તો ઝીણા આડા નહીં આવે.

ઝીણા સાહેબે એવું વલણ અખત્યાર કર્યું હતું કે આખું પંજાબ જો પાકિસ્તાનમાં આવતું હોય અને સરહદપ્રાંતને સાર્વભૌમતા આપવાની વાત નાબૂદ થતી હોય તો તેઓ બંગાળના સાર્વભૌમત્વ વિષે વિચાર કરવા તૈયાર છે.

આ પછી તો (૨૮, મે '૪૭) ખુદ બંગાળની પ્રાંતિક મુસ્લિમ લીગે જ બધી ભાંજગડ છોડી દઈને, મુસ્લિમ લીગની 'પાકિસ્તાન' માટેની માગણીને પોતાનો પૂરેપૂરો ટેકો છે એવું જાહેર કરી દીધું. બીજી બાજુ, કોંગ્રેસની મહાસમિતિના મહામંત્રીએ પણ બંગાળાના સ્વતંત્ર સાર્વભૌમ રાજ્યની રચનાનો વિરોધ કરતું નિવેદન બહાર પાડ્યું; અને લીગ તથા કોંગ્રેસે માઉન્ટબેટનની ૩જી જૂનની યોજના સ્વીકારી લીધી.

જવાહરલાલ અને સરદાર પટેલ સાર્વભૌમ બંગાળની દરખાસ્તના વિરુદ્ધ હતા, કેમકે તેમને ખાતરી હતી કે હિંદુઓ તથા વર્ગીકૃત જાતિઓ(હરિજનો)ના આગેવાનોમાં કેવળ ફાટફૂટ પડાવવા માટેની તે યુક્તિ હતી.

* આ જાણ્યા પછી મહાત્મા ગાંધીએ શરચ્ચંદ્રને આ બાબત છોડી દેવા જણાવ્યું હતું......

## કેબિનેટ મિશનની ધડાધડી

૧લી થી ૧૭ મી એપ્રિલ ૧૯૪૬ અને ૨૩ માર્ચ થી ૨૯ મી જૂન ૧૯૪૬ સુધીમાં વાઇસરૉય અને કેબિનેટ મિશનના ત્રણ સભ્યોએ ૧૮૨ બેઠકોમાં કુલ ૪૭૨ જેટલા હિંદી આગેવાનોની મુલાકાતો લીધી હતી. ક્રિપ્સ આ મિશનના મુખ્ય સૂત્રધાર હતા. તેમણે વ્યક્તિગત રીતે હિંદના કેટલાક ઉત્તમ કક્ષાના બૌદ્ધિકોને દા. ત. સર એન. ગોપાલસ્વામી આયંગર (જે ભવિષ્યમાં પંડિત નહેરુના પ્રધાનમંડળના સભ્ય બન્યા) જેવા સર્વોત્તમ ગણાયેલા નિવૃત્ત સરકારી (આઈ. સી. એસ.) અમલદારોનેય મળી લેવાનું કર્યું હતું. તેમની સાથેની વાતચીત દરમિયાન ક્રિપ્સે કહ્યું હતું કે જનાબ ઝીણા ગમે તેટલા હુંકારા-ફૂંફાડા મારે, હું એથી બિલકુલ અસ્વસ્થ થવાનો નથી. અમારા દેશમાંય આવા અનુભવ મને થતા રહ્યા છે.

પરંતુ ક્રિપ્સ ઝીણા વિષેના અંદાજમાં કદાચ ચૂક કરતા હતા, કેમકે અગાઉ તેઓ સમવાયતંત્રના (ફેડરેશનના) ધોરણે પ્રાંતોની અને કેન્દ્રની સત્તા અંગેના મતભેદને જ મુખ્ય સમજીને ચાલતા હતા. હવે, સમવાયતંત્રથી આગળ વધીને તે બૃહદ્ સમવાયતંત્ર અર્થાત્ કૉન્ફેડરેશનના ખ્યાલ સુધી પહોંચ્યા હતા. નિશ્ચિત સંબંધોનાં બંધનવાળાં બે અલગ સ્વતંત્ર રાષ્ટ્રો વચ્ચેના સંબંધની આ ભૂમિકા હતી. પરંતુ ઝીણા સાહેબને માટે તો આ બધાં જ વચગાળાનાં પગથિયાં હતાં. **હવે તેમની અંતિમ નેમ બે સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્રો રચાઈ જાય એ જ હતી.** પરસ્પર સંબંધની વાત તો એ પછી આવતી હતી; અને તેય બંનેની મુનસફી હશે તો કરાશે—એવી અધ્ધરતાલ સહકાર-સમજૂતીની વાત હતી. એ જોતાં કોઈ મેળ ખાય એવી શકયતા જ દેખાતી ન હતી.

પરંતુ ક્રિપ્સના મગજમાં અમેરિકાનું દૃષ્ટાંત હતું. પહેલાં અમેરિકા ઉત્તર અને દક્ષિણના કૉન્ફેડરેશન રૂપે હતું. બંનેએ માન્યતા આપી, ત્યારે તેમાંથી ફેડરેશન બન્યું હતું. આના પરથી તેમણે એવું માન્યું હતું કે, ભારતમાં દેશી રાજ્યોને પહેલાં છૂટાં પાડી દઈએ; પછી તેઓ કૉન્ફેડરેશન સ્વીકારે; તેમાંથી પછી ફેડરેશન રચાશે.

પરંતુ ભારત માટે આ વસ્તુ મૂળભૂત રીતે નર્યા ભાગલાવાદની જ પ્રક્રિયા બની રહેશે, એ તેમના ખ્યાલમાં જ ન રહ્યું. બલકે, કોમી ચુકાદાનું દૃષ્ટાંત આપીને એવું સૂચવવામાં આવ્યું કે એ વસ્તુ જેમ છેવટે માન્ય થઈ ગઈ તેમ આનું પણ થશે... પરંતુ એ જે સ્વીકારાયું છે, તે 'કોમી ચુકાદો' સાચા અર્થમાં માથે ઠોકાયેલ ચુકાદો હોઈને જ તે ટકયો છે; કોઈને એથી સંતોષ નથી. અને આ પણ જે બન્યું તે

બ્રિટિશ સત્તાની બળજોરીના કારણે જ. હવે તો હિંદુ-હિંદ ને મુસ્લિમ-હિંદ અને દેશી રજવાડી-હિંદ (ને તેમાંય અનેક રાજ્યો!) એવા ત્રણ વિભાગો પહેલાં લડીને છૂટા પડશે, પછી સૌને ગરજ લાગશે તો અને ત્યારે એમનું કૉન્ફેડરેશન થશે'; ત્યાર બાદ ફેડરેશન! અખંડ ભારત માટે આ તો ઊલટી ગંગા જેવું હતું.

ગાંધીજી આ આખી સમસ્યાનો એકમાત્ર ઉપાય એ સૂચવતા હતા કે પહેલાં પાકિસ્તાનની વાત જ નહિ—પહેલાં સ્વતંત્રતા પછી વિભાજન આ મુખ્ય મુદ્દો ચુકાઈ જશે તો આંતરવિગ્રહ જ સળગી ઊઠશે.

એક રોટલા માટે લડતી બે બિલાડીઓને સરખા ભાગે રોટલો વહેંચી આપનારની દાનત શુદ્ધ હોય તોપણ બંનેને સમાધાનકારક રીતે સંતોષી શકાશે ખરું? એ સવાલ તો રહેવાનો જ હતો. સાચો ઉકેલ તો ગુલામ દેશની સ્વતંત્રતા જાહેર કરી દેવામાં જ છે. તેમાં બે અલગ બંધારણસભા હોઈ જ ન શકે. સંયુક્ત બંધારણસભાની જાહેરાત બ્રિટિશ પાર્લમેન્ટે યા તો શહેનશાહે કરવી જોઈએ; વાઈસરૉયની સત્તા બહારની એ વાત હોવી જોઈએ. એ બંધારણસભા ભલે પછી જે કંઈ નિર્ણય લેવો હોય તે લે. એ નિર્ણય સાદી બહુમતીથી નહિ—અને ઘણી મોટી બહુમતીથી લેવાય.

* સ્વાધીનતા ચાહતી પ્રજાનો બ્રિટિશ પાર્લમેન્ટને સોંસરો સવાલ તો એ છે કે લઘુમતીઓના સંરક્ષણની જવાબદારી, દેશી રાજ્યોના સંરક્ષણની જવાબદારી કોણે તેમને આપી છે? એ તો તમે જ તમારા હિતમાં લઈ લીધેલી છે. હવે જવાની વેળાએ પ્રજાની બહુમતી ધરાવનારા રાષ્ટ્રીય નેતૃત્વના હાથમાં દેશની લગામ સોંપી દેવા સિવાય તમારી પાસે કોઈ ન્યાયી રસ્તો રહેતો નથી. **પ્રજાની જવાબદારી પ્રજાના પ્રતિનિધિઓને સોંપો; તે પછી પરિણામની જવાબદારી તમારી નથી.**


આયંગરનો મુખ્ય મુદ્દો જ એ હતો કે આજે જે બેફામ સ્વરૂપે કોમી તંગદિલી ઊભી થઈ ગયેલી છે, તેના મૂળમાં અલગ મતદાનનું દૂષણ રહેલું છે. એથી જ જ્યારે ક્યારેય સમાધાન અને શાંતિ સ્થાપવાં હશે; ત્યારે એ દૂષણને રદ કર્યા વિના એ બનવાનું નથી. (૧૯૨૯ના નહેરુ સમિતિના અહેવાલમાં આ પગલું સૂચવાયું હતું. પણ મુસ્લિમ લીગે છેવટે તેનો સ્વીકાર ન કરતાં, તે અહેવાલ ફેંકાઈ ગયો હતો!) પાકિસ્તાનની માગણી એ જ આજે તો મોટી સમસ્યા છે : એ જે ધોરણે મંગાય છે, એ ધોરણે પાકિસ્તાનમાં હિંદુઓને અલગ મતદાનનો હક આપવો પડે. જનાબ ઝીણા એ સ્વીકારે છે? વાસ્તવમાં હિંદ કરતાંય પાકિસ્તાન માટે આ મોટી માથાશૂળ બનવાની છે. ઝીણા સાહેબની કલ્પના મુજબના ભાગલા પછીની (દેશી રજવાડાં બાદ કરતાં) વસ્તીનો અંદાજ લેતાં આ ચિત્ર સ્પષ્ટ બનશે—

| | હિંદુ વસ્તી | મુસ્લિમ વસ્તી |
|---|---|---|
| **હિંદુસ્તાન** બ્રિટિશ પ્રદેશ | ૧૫ કરોડ | ૨ કરોડ |
| **પાકિસ્તાન** | ૪ કરોડ ૪૦ લાખ | ૭ કરોડ |
| આખો પંજાબ<br>આખો બંગાળ સહિત મુસ્લિમ<br>બહુમતીવાળા પ્રાંતો | | |

## મૌલાનાની વિઘાતક ઉદારતા!

* ગાંધીજીએ પ્રધાનમંડળ માટે કૉંગ્રેસ-લીગની કોમી સમતુલા(પૅરિટી)નો જ્યારે સંપૂર્ણ વિરોધ કર્યો હતો, ત્યારે મૌલાના અબુલકલામ આઝાદ કૉંગ્રેસના પ્રમુખ હતા. ગાંધીજીએ તેમને તે બાબત સ્પષ્ટતા કરી હતી, છતાં વાઈસરૉયે બોલાવેલી પ્રતિનિધિઓની પરિષદમાં સમતુલા (પૅરિટી) સહિતની વેવેલની દરખાસ્તમાં મૌલાના સંમતિ આપી આવ્યા હતા (૨૮—૪—૧૯૪૬).

★



भारत : १९६१
जम्मू काश्मीर
हिमाचल प्रदेश
पंजाब
चंडीगढ
नेपाळ
भूतान
उत्तर प्रदेश
आसाम
नागालँड
राजस्थान
बिहार
मणिपुर
त्रिपुरा
मध्य प्रदेश
उडीसा
दादरा
दीव
दमण
महाराष्ट्र
आंध्र प्रदेश
गोवा
म्हैसूर
मद्रास
अंदमान
निकोबार
आंतरराष्ट्रीय सरहद्द
राज्य सरहद्द

# પુરવણી

## ૧ : રાજા રામમોહન રોય
## (૧૭૭૨-૧૮૩૩)

ધર્મો અને તત્ત્વચિંતનોના ક્ષેત્રે પૂર્વ પશ્ચિમના સર્વપ્રથમ સમનાયક કોઈ હોય તો તે રાજા રામમોહન છે. આ ઉપરાંત તેઓ અદ્યતન સામાજિક જીવનનાં અનેક ક્ષેત્રોમાં—સમાજ સુધારણા, શિક્ષણ, પત્રકારત્વ, અર્થતંત્ર (કૃષિ અને મહેસૂલી પ્રથા સહિત) તથા ન્યાયતંત્ર અને બંધારણ સહિત રાજકીય આદિ ક્ષેત્રોમાં—નવાં પ્રયાણોના પ્રણેતા બની રહ્યા હતા. આથી તેઓ અર્વાચીન પુનર્જાગ્રતિ (રેનેસાં)ના પિતા તરીકે સર્વમાન્ય બન્યા છે

ધર્મના ક્ષેત્રે રોય 'એકેશ્વરવાદી અને સદાચારી વૈશ્વિક ધર્મ'ની સ્થાપના ઝંખતા હતા. તેમના સમસ્ત ચિંતનના પાયામાં ઉપનિષદોની એકેશ્વરવાદી પરંપરા હતી. આ હેતુ માટે તેમણે 'આત્મીય સભા' ઉપરાંત 'વેદમંદિર'ની સ્થાપના કરી હતી. ત્યાં વૈદિક મંત્રોચ્ચાર અને પ્રાર્થના વિધિ નિયમિત થતાં હતાં અને ધાર્મિક—સામાજિક ચર્ચા-વિવેચનાને પણ અવકાશ હતો.

રોયે પોતે સંસ્કૃત, અરબી, પર્શિયન અને અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું હતું; અને હિંદુ, ખ્રિસ્તી તથા ઈસ્લામ ધર્મનું ભારે આદરપૂર્વક ઊંડું ચિંતન કર્યું હતું. સાથોસાથ તમામ ધર્મોમાં પ્રવેશેલી વિકૃતિઓના તેઓ કઠોર ટીકાકાર હતા. આ રીતે, તેઓ ધર્મક્ષેત્રે 'પ્રોટેસ્ટંટ' વલણ ધરાવનારા લડવૈયા હતા.

રોય બ્રાહ્મણધર્મ વા હિંદુધર્મના વિરોધી ન હતા; પરંતુ 'બહુદેવવાદ' અને મૂર્તિપૂજા'ના વિરોધી હતા. તેઓ નિર્ગુણ-નિરાકાર પરમ શક્તિની આસક્તિ ધરાવનારા શુદ્ધ એકેશ્વરવાદી હતા. આ કારણે વૈદિક-ઉપનિષદીય એકેશ્વરવાદી તત્ત્વચિંતન ઉપરાંત ખ્રિસ્તી અને ઈસ્લામી એકેશ્વરવાદ પરત્વેય તેઓ આકર્ષાયા હતા. તેમની આ ધર્મનિષ્ઠાની ફલસ્વરૂપ પ્રવૃત્તિઓનો આરંભ ૧૮૧૫થી થયો હતો.

૧૮૧૫માં 'આત્મીય સભા' (મિત્રમંડળ)ની તેમણે સ્થાપના કરી હતી.

૧૮૧૫ થી ૧૮૨૦ દરમિયાન તેમણે ઉપનિષદોનું ભાષાંતર કર્યું હતું અને એકેશ્વરવાદની પ્રતિષ્ઠા કરી હતી. આ વરસોમાં તેઓ પંડિતો સાથે ભારે વાદવિવાદમાંય ઊતર્યા હતા.

૧૮૨૦ થી ૧૮૨૮નાં વર્ષોમાં તેમણે 'બ્રાહ્મિનિકલ મેગેઝિન' (૧૮૨૧—૨૩) દ્વારા વેદાંત ચિંતનની ભારતીય સાંસ્કૃતિક પરંપરા અંગે લેખો પ્રગટ કર્યા હતા. ખ્રિસ્તી ધર્મના ઉચ્ચ આદર્શોથી, ખાસ કરીને ઈસુના આધ્યાત્મિક જીવનનાં 'માનવપ્રેમ' અને 'નૈતિક' પાસાંથી, તેઓ આકર્ષાયેલા હોવા છતાં દેવળની

ા અને પાદરીઓ દ્વારા જે અનેક રૂઢ માન્યતાઓ ('ટ્રિનિટી' સહિત)નો પ્રચાર થઈ રહ્યો હતો
ા સામે તેમણે જેહાદ ચલાવી હતી. સાથે સાથે, ખ્રિસ્તી મિશનરીઓની હિંદુઓના ધર્માંતરની પ્રવૃત્તિનું
રૂપ ખુલ્લું પાડયું હતું.

૧૮૨૮માં 'બ્રાહ્મસભા'ની સ્થાપના કરીને તેમણે પોતાના સર્વધર્મ-ઐક્યના આધ્યાત્મિક આદર્શોને
ાર્યાન્વિત કરવાનું યુગવર્તી પગલું ભર્યું હતું.

રામમોહન રોયનું નૂતન શિક્ષણ અંગેનું પ્રદાન તથા સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રનું પ્રદાન અણમૂલ હતું :

૧૮૧૭માં 'હિંદુ કોલેજ'ની સ્થાપનામાં તેમણે મદદ કરેલી — જો કે આ કોલેજ કંઈ હિંદુઓની સાંપ્રદાયિક શિક્ષણસંસ્થા ન હતી. વળી તેના અભ્યાસક્રમમાં હિંદુ પરંપરિત શિક્ષણમાં સંકોડાઈ ન જતાં, અંગ્રેજી ભાષા-સાહિત્ય તથા યુરોપીય ઈતિહાસ અને વિજ્ઞાનના વિષયોને પણ આવરી લેવામાં આવ્યા હતા.

૧૮૨૨માં રોયે પોતે 'ઈંગ્લીશ સ્કૂલ' શરૂ કરીને, સંસ્કૃત, પર્શિયન, એરેબિક ભાષાઓના ભારણને દૂર કરીને, અંગ્રેજીના માધ્યમ દ્વારા અદ્યતનયુગી સાહિત્ય, ઈતિહાસ, વિજ્ઞાન, ગણિત વગેરે વિષયોના અધ્યયન ઉપર ખાસ ઝોક આપ્યો હતો.

જો કે અંગ્રેજી માધ્યમ ઉપરના તેમના અત્યધિક ઝોકને કારણે અને સંસ્કૃત-પર્શિયન ભાષાના શિક્ષણની બાબતમાં ઉપેક્ષાના તેમના વલણના પરિણામે, આગળ જતાં ભારતીય સમાજને ઘણું વેઠવું પડયું તે પણ નોંધવું જરૂરી છે.

૧૮૨૯ : અનેક વરસોથી તેમણે **સતીપ્રથા** (પતિનું મૃત્યુ થતાં બળી મરવાની ઘાતકી પ્રથા) સામે ઝુંબેશ ઉપાડી હતી. પરિણામે વાઈસરોય લોર્ડ બેન્ટિકે, કટ્ટરપંથી હિંદુઓનો ભારોભાર વિરોધ વહોરીનેય, ૧૮૨૯માં સતી પ્રથા પર કાનૂની પ્રતિબંધ મૂકયો હતો.

આ વરસોમાં રોયે સામાજિક ક્ષેત્રે ફરજિયાત વૈધવ્ય, બહુપત્નીત્વ, બાળલગ્ન તથા મિલકત ઉપરના સ્ત્રીઓના અધિકારો ઉપર ઘણો પ્રકાશ પાડયો હતો.

૧૮૧૯-૨૨ : અખબારી પ્રવૃત્તિમાં સંસ્કૃતમાં 'સંવાદ કૌમુદી' (૧૮૧૯) તથા બંગાળીમાં 'સંવાદ કૌમુદી' (૧૮૨૧) તથા પર્શિયન ભાષામાં મિરાત ઉલ અખબાર (૧૮૨૨) પ્રકટ કરીને નિર્ભીક પત્રકારત્વની પરંપરાની ઈમારત ઊભી કરી હતી. આ ક્ષેત્રે તેમનું વિશિષ્ટ અર્પણ એ હતું કે, ૧૮૨૩ માં 'પ્રેસ ઓર્ડિનન્સ' સામે અવાજ ઉઠાવીને તેમણે અખબારી સ્વાતંત્ર્ય આંદોલનનો આરંભ કર્યો હતો. રાજકીય ક્ષેત્રનું આ ઉપરાંત તેમનું બીજું અર્પણ ૧૮૨૭ના 'જ્યુરી એકટ'માં ગોરાકાળાના ભેદની સામે તથા ૧૮૩૦માં વેરામુક્ત જમીન ઉપરના કર સામે અવાજ ઉઠાવ્યો હતો તે હતું.

વળી ૧૮૨૭માં હિંદુ જ્ઞાતિપ્રથાની કડક ટીકા કરતા ગ્રંથ 'વજ્રસૂચિ'નું ભાષાંતર પ્રગટ કરતાં તેમણે જણાવ્યું હતું કે જ્ઞાતિપ્રથાએ સાચી રાષ્ટ્રીયતા અને નાગરિકત્વનું હીર હણી લઈને, રાજકારણને ક્ષેત્રે હિંદુઓનું ભારે અહિત કર્યું હતું.

૧૮૩૧-૩૩ : જીવનનાં આ અંતિમ વરસોમાં રાજા રામમોહને પરંપરાગત બહિષ્કારની પરવા કર્યા વિના વિદેશપ્રવાસ ખેડવાની હિંમત કરી હતી.

ઈંગ્લેન્ડવાસ દરમ્યાન તેમણે ભારતમાં મધ્યમ અને નબળા વર્ગોને સરકારી કાનૂનો અને વહીવટને કારણે વેઠવી પડતી હાડમારીઓ અંગે ત્યાંના શાસકોનું લક્ષ સારી પેઠે ખેંચ્યું હતું.

રામમોહન રાયે આખા યુરોપમાં પ્રવાસ ખેડીને, અદ્યતન સમાજનું અવલોકન કરીને, તેનાં સારાંનરસાં લક્ષણોનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો. આ પ્રવાસ દરમ્યાન તેમણે ક્રાંતિની ભૂમિ તરીકે સ્પેન, અમેરિકા તથા ફ્રેન્ચ ક્રાંતિનાં ઐતિહાસિક સ્થળોએ પહોંચી જઈને પોતાની સહૃદયતા પ્રગટ કરી હતી.

## રાજા રામમોહન રોયની આગાહી (૧૮૨૯)

"એમ ધારી લો કે આજથી સો વરસ પછી યુરોપિયનો સાથેના સતત પરિચયને કારણે અને પ્રજાનું સામાન્ય તથા રાજકીય જ્ઞાન, કળા, વિજ્ઞાન વગેરેના અભ્યાસનો લાભ થયે, એને લીધે ભારતની ઉન્નતિ થાય તો સરકારનાં અન્યાયી અને દમનકારી પગલાંઓને કારણે સમાજમાં તેની જે અવનતિ થઈ છે, તેની સામે થવા માટેનો પ્રાણ પ્રજામાં જાગ્રત થાય એ શું શક્ય નથી ?"

## ૨ : રાષ્ટ્રીય આંદોલનની પૂર્વભૂમિકા

(૨૮–૩૦ ડિસેમ્બર, ૧૮૮૫ થી ૬ એપ્રિલ ૧૯૧૯)

**૧૮૮૫** (૨૮–૩૦ ડિસેમ્બર – મુંબઈ) : ડબલ્યુ. સી. બોનર્જીના પ્રમુખપદે ગોકુળદાસ તેજપાળ સંસ્કૃત પાઠશાળાના મધ્યખંડમાં કોંગ્રેસનું પહેલું અધિવેશન ભરાયું ૧૮૮૭ (૨૭–૩૦ ડિસેમ્બર–મદ્રાસ) : કોંગ્રેસનું બંધારણ ઘડવા કમિટીની નિમણૂક થઈ. ૧૮૮૯ (૨૬–૨૮ ડિસેમ્બર–મુંબઈ : બ્રિટનના પાર્લામેન્ટ-સભ્ય બ્રેલોએ હિંદ માટેની લેજિસ્લેટિવ કૌંસિલ અંગેના સુધારાનો ખરડો તૈયાર કર્યો; તેને આધારે કોંગ્રેસ–અધિવેશને હિંદનો પ્રજામત રજૂ કરતી કેટલીક દરખાસ્તો તૈયાર કરી. ૧૮૯૦ (૨૬–૨૮ ડિસેમ્બર-કલકત્તા) : લોર્ડ સેલિસબરીનું નિવેદન કે પૂર્વની પ્રણાલિકાને તથા તેના માનસને પ્રતિનિધિ સરકાર અનુકૂળ નથી; તેના જવાબમાં અધિવેશનના પ્રમુખ સર ફિરોઝશાહ મહેતાએ મિ. ચિશોલ્મ એન્સ્ટેનું કથન ટાંક્યું : "પૂર્વ તો મ્યુનિસિપાલિટીઓ અને સ્થાનિક સ્વ-શાસનનું જનક છે. તેની એ પ્રણાલી પૂર્વના જેટલી જ પ્રાચીન છે."

××× રમેશચંદ્ર દત્તે કોંગ્રેસની વિરુદ્ધ થઈ રહેલી ટીકાના જવાબમાં ભારે હિંમતભેર જણાવ્યું કે રાજદ્રોહને જન્મ આપવા માટે કશું જવાબદાર હોય તો તે વર્તમાનપત્રો તથા મીટિંગોમાં મુક્ત ચર્ચા ઉપરનું રૂંધામણ છે. આ અધિવેશનમાં જ બ્રિટિશ પ્રજા સમક્ષ કોંગ્રેસનાં દૃષ્ટિબિંદુઓની રજૂઆત કરવા માટે એક પ્રતિનિધિમંડળની નિમણૂક કરવામાં આવી. **૧૮૯૧** (૨૮–૩૦ ડિસેમ્બર–નાગપુર) : દેશનાં ગરીબ અને નિરાશ્રિત પ્રજા માટે દેશની ખરાબાની ભૂમિ પર વસાહતો ઊભી કરવાનું સૂચન એક અંગ્રેજ જનરલ બૂથે કર્યું. **૧૮૯૭** (૧૪, સપ્ટેમ્બર–પૂના) : લોકમાન્ય ટિળકને શિવાજી મહારાજના કેટલાક 'કાલ્પનિક સંદેશા' તથા શિવાજી ઉત્સવ વખતનું તેમનું ભાષણ પ્રગટ કરવા માટે ૧૮ માસની સખત મજૂરી સાથેની કેદની સજા થઈ. ૧૮૯૮ (૬, સપ્ટેમ્બર) લોકમાન્ય ટિળકની કારાવાસથી મુક્તિ. આ સાલમાં જ મદ્રાસ અધિવેશનના પ્રમુખ આનંદ મોહન બોઝે બ્રિટિશ પાર્લામેન્ટમાં હિંદના સીધા પ્રતિનિધિત્વનું સૂચન કર્યું. **૧૮૯૯** (૧૭–૩૦ ડિસેમ્બર-લખનૌ) : દિનશા વાચ્છાએ ચલણ અંગે હિંદમાં સોનાનું ધોરણ દાખલ કરવા સામે પ્રહાર ચાલુ રાખ્યો. ટિળકે લોર્ડ સેન્ડહર્સ્ટના શાસનને ધુત્કારતો ઠરાવ રજૂ કર્યો, પણ અધિવેશનના પ્રમુખ આર. સી. દત્ત તથા અનેક અન્ય પ્રતિનિધિઓએ આ દરખાસ્તનો સજ્જડ વિરોધ કર્યો. **૧૯૦૦** (૨૭–૨૯ ડિસેમ્બર–લાહોર) : કોંગ્રેસના અધિવેશનમાં પહેલી વાર એક મહિલા પ્રતિનિધિ શ્રીમતી કાદંબિની ગાંગુલીએ ભાષણ કર્યું. **૧૯૦૧** (૨૬–૨૮ ડિસેમ્બર–કલકત્તા) : મો. ક. ગાંધીએ અધિવેશનમાં હાજરી આપી; હિંદમાં રોકાઈને ગોખલે અને અન્ય નેતાઓના સંપર્કમાં એક માસ ગાળ્યો. **૧૯૦૨**

૧૩–૨૬–ડિસેમ્બર–અમદાવાદ) : સુબ્રહ્મણ્યમ આયરે દેશની ગરીબી તરફ ખાસ લક્ષ ખેંચ્યું. ૧૯૦૩ (૨૬-૨૮ ડિસેમ્બર–મદ્રાસ) પ્રમુખપદેથી નિવૃત્ત આઈ. સી. એસ. સર હેન્રી કોટને હિંદ માટે સમવાયી રાજ્યતંત્રનો આદર્શ સૌથી પહેલી વાર સૂચવ્યો. ૧૯૦૪ (૨૪ મે) લૉર્ડ કર્ઝને કલકત્તા ભાષણમાં કહ્યું હિંદના વતનીઓ તેમના પર્યાવરણ, વારસા તથા ઉછેરને કારણે બ્રિટિશ શાસન નીચે ઊંચા દરજ્જાની જવાબદારી ઉઠાવવા લાયક નથી. કોંગ્રેસે તેની સામે વિરોધ પ્રગટ કર્યો. ૧૯૦૪ (૭ ઓગસ્ટ) : વિદેશી માલના બહિષ્કારની જાહેરપતાકા ચઢાવવામાં આવી. આ દિવસ ઘણાં વરસ સુધી ઉજવાતો રહ્યો. ૧૯૦૫ (૧૨ જૂન) : ગોખલેએ સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીની સ્થાપના કરી; મો. ક. ગાંધીએ એને વધાવી લીધી (૨૭–૩૦ ડિસેમ્બર બનારસ અધિવેશન) પ્રમુખ પદેથી ગોખલેએ સ્પષ્ટતા કરી કે બહિષ્કારનું શસ્ત્ર રાજકીય હથિયાર તરીકે નાછૂટકે નાઈલાજ તરીકે અને જ્યારે પ્રજામાં એને અંગે ખૂબ જ લાગણી હોય ત્યારે વાપરવું જોઈએ. ૧૯૦૬ (૨૬ થી ૨૯ ડિસેમ્બર–કલકત્તા અધિવેશન–દાદાભાઈ નવરોજીના પ્રમુખ પદે) : ગોખલે તથા લાલા લજપતરાયને હિંદના પ્રતિનિધિ મંડળ તરીકે ઈંગ્લૅંડ મોકલવાનો ઠરાવ થયો. ૧૯૦૭ (૨૬–૨૭–ડિસેમ્બર : સુરત ઐતિહાસિક અધિવેશન) : જમણેરી પાંખના નેતાઓ રાસબિહારી ઘોષ તથા ફિરોજશાહ મહેતા અને ડાબેરી પાંખના નેતાઓ લાલા લજપતરાય અને ટિળક–બેઉ પાંખ વચ્ચે ઉગ્ર સંઘર્ષ થયો. ૧૯૦૮ (૩૦ એપ્રિલ) મુઝફ્ફરપુરમાં બે બોમ્બ ધડાકામાં બે અંગ્રેજ મહિલાઓની હત્યા થઈ. ૧૮ વરસના ખુદીરામ બોઝને ફાંસી અપાઈ. ભૂપેન્દ્રનાથ દત્ત સંપાદિત 'યુગાન્તર'માં ખુલ્લી રીતે હિંસક પ્રવૃત્તિનો પ્રચાર કરાયો. આ જ વરસે ૧૮, જુલાઈના દિને ટિળકને છ વરસની કેદની સજા થઈ. આ વરસે (૨૮–૩૦ ડિસેમ્બર, મદ્રાસ અધિવેશન) બિપિનચંદ્ર પાલે આપેલાં ભાષણોને ઉશ્કેરનારાં ગણાવતાં તેમને મદ્રાસમાંથી તત્કાલ તડીપાર કરવામાં આવ્યા. ૧૯૦૯ (નવેમ્બર) : ગાંધીએ ૩૦,૦૦૦ શબ્દોવાળી 'હિંદસ્વરાજ'ની હસ્તપ્રત દ. આફ્રિકા જતી આગબોટમાં પૂરી કરી. આ વરસે ૨૭–૨૯ ડિસેમ્બરે લાહોરમાં અધિવેશનના પ્રમુખપદેથી મદનમોહન માલવિયાએ, લંડનમાં ૧૯૦૭ની સાલમાં મદનલાલ ઢિંગરાએ સર કર્ઝન વાયલીની હત્યા કરી હતી તે માટે તથા નાસિકના કલેક્ટર એ. એમ. ટી. જૅક્સનની હત્યા અંગે, ખેદ વ્યક્ત કર્યો. ગોખલેએ 'શાંતિમય પ્રતિકાર'નું તત્ત્વજ્ઞાન ગુણગ્રાહી પ્રેક્ષકો સમક્ષ રજૂ કર્યું. (૨૦, એપ્રિલ ૧૯૧૦) મહાત્મા તોલ્સતોયે ગાંધીજીના 'હિંદસ્વરાજ' અંગે પોતાની ડાયરીમાં નોંધ કરી બાદ, ૬ સપ્ટેમ્બરે તોલ્સતોયે ગાંધીજીના ટ્રાન્સવાલ ખાતેના 'શાંતિમય પ્રતિકાર'ની નોંધ પણ પોતાની ડાયરીમાં કરી. આ વરસના અંતે ૨૬-૨૯ ડિસેમ્બર અલ્હાબાદ અધિવેશન સર વિલિયમ વેડરબર્નના પ્રમુખ પદે મળ્યું. તેમાં મહમદઅલી ઝીણાએ રજૂ કરેલ અને મૌલવી મઝહર-ઉલ-હકે ટેકો આપેલ જે ઠરાવ રજૂ કર્યો તેમાં કોંગ્રેસના આ અધિવેશન માટે પ્રતિનિધિ તરીકે કોમી ધોરણ સ્વીકારાયું હતું તેની ઝાટકણી કાઢી. ૧૯૧૧ (૨૫, ઓગસ્ટ) : લૉર્ડ હાર્ડિંજે પોતાના એક ખરીતામાં હિંદી રાષ્ટ્રીય પુનરુત્થાનની કોઈ પણ યોજનામાં પ્રાંતિક સ્વાયત્તતાનો દાવો સર્વોચ્ચ ગણાવીને આવકાર્યો. ૧૨ ડિસેમ્બરે રાજાના ગાદીનશીન થવાના ઉત્સવ પ્રસંગે તેનો લાભ લઈને બંગાળના ભાગલા રદ કરવાનો અને પાટનગરી કલકત્તાથી દિલ્હી ખસેડવાનો નિર્ણય સરકારે કર્યો. ૧૯૧૩ (૨૬–૨૮ ડિસેમ્બર) : કરાંચીમાં નવાબ સૈયદ મહમદના પ્રમુખપદે મુસ્લિમ લીગે હિંદ માટે સ્વ-શાસનનું ધ્યેય અપનાવ્યું. ૧૯૧૪ (જૂન)માં લોકમાન્ય ટિળક માંડલેની જેલમાંથી મુક્ત થયા. કોંગ્રેસે લંડન મોકલેલ પ્રતિનિધિ મંડળમાં મૌલવી મઝહર–ઉલ–હકના નેતૃત્વમાં ભૂપેન્દ્રનાથ બસુ, મહમદઅલી ઝીણા તથા લાલા લજપતરાય વગેરે હતા. આ વરસે (૨૮–૩૦ ડિસેમ્બર–મદ્રાસ અધિવેશન) પહેલી જ વખતે એક મુસ્લિમ નવાબ મહમુદ બહાદુર કોંગ્રેસના મંત્રીમંડળમાં ચૂંટાયા. ૧૯૧૫માં ૫ ફેબ્રુઆરીએ ગોખલેનું અવસાન થયું. ગાંધીજીએ ૨૫મી તારીખે પચાસેક સાથીઓ સામે કોચરબમાં સત્યાગ્રહ આશ્રમની શરૂઆત ભાડાના એક

બંગલામાં કરી. આ વરસે ૨૬–૩૦ ડિસેમ્બરે મુંબઈમાંના અધિવેશનમાં વિષયવિચારણી સભા માટે ગાંધીજી ચૂંટાયા નહિ. તેથી કોંગ્રેસ પ્રમુખ સત્યેન્દ્રપ્રસાદ સિંહાએ તેમના અધિકારની રૂએ ગાંધીજીને કમિટીમાં ઉમેરી લીધા. ૧૯૧૬ : ૨૨, ૨૪ એપ્રિલે લખનૌ મુકામે હિંદુ–મુસ્લિમ એકતાનો ઐતિહાસિક ઠરાવ પસાર થયો. ૨૩, એપ્રિલે લોકમાન્ય ટિળકે મહારાષ્ટ્રમાં 'હોમરુલ લીગ ઈન ઈન્ડિયા'ની સ્થાપના કરી. ૧૨, જૂને એની બેસંટે લંડનમાં 'ઓક્ઝિલીઅરી હોમરુલ લીગ ઈન ઈન્ડિયા'ની સ્થાપના કરી.

૧૯૧૭ : ફેબ્રુઆરીએ ગાંધીજીએ ઈમ્પીરીઅલ સિટીઝનશીપ એસોસિએશનના મંચ પરથી ગળીના ગિરમિટિયા મજૂરો અંગેની અમાનુષી પદ્ધતિ સામેની જેહાદ શરૂ કરી. આ વરસે ૭, એપ્રિલે લંડનમાં કોંગ્રેસનું અધિવેશન બોલાવવાની તજવીજ અંગે ઈન્ગ્લૅન્ડના પ્રવાસ માટે એક પ્રતિનિધિ મંડળ નિમાયું. તેમાં સુરેન્દ્રનાથ, રાસબિહારી, ભૂપેન્દ્રનાથ બસુ, પં. માલવિયા, મુહમ્મદાબાદના રાજા, તેજબહાદુર સપ્રુ, વી. એસ. એસ. શાસ્ત્રી અને સી. પી રામસ્વામી આયર હતા. આ વરસે ૧૫ જૂને એની બિસંટ, સર. જી. એસ. અરુંડલે અને સર બી. પી. વાડિયા જેવા અતિ મવાળ ગણાય તેવા નેતાઓને ઉટાકામંડમાં નજરબંધ કર્યા. ૨૮ જુલાઈએ કોંગ્રેસ અને મુસ્લિમ લીગ તરફથી ઝીણા, શાસ્ત્રી, સપ્રુ, અને વજીરહુસેનનું પ્રતિનિધિમંડળ ઈંગ્લેંડ મોકલવાનું ઠરાવ્યું. ૨૯ જુલાઈ કોંગ્રેસની મહાસમિતિ (એ. આઈ. સી. એસ.) અને મુ. લીગની કાઉન્સિલની સંયુક્ત બેઠક મળી. ૧૪ મી ઓગસ્ટે મદ્રાસ પ્રાંતિક કોંગ્રેસ કમિટીએ શાંતિમય પ્રતિકારનો ઠરાવ પસાર કર્યો. ૨૦ ઓગસ્ટે બ્રિટનની પાર્લામેન્ટ વતી મોંટેગ્યુએ હિંદમાં જવાબદાર સરકાર નીમવાની છે, એવી જાહેરાત કરી. ૧૬ સપ્ટેમ્બરે એની બિસંટ તથા તેમના સાથીઓને સંપૂર્ણ મુક્તિ અપાઈ. ૮ નવેમ્બરે ગાંધીજી તેમના સ્વયંસેવકો સાથે ચંપારણ પહોંચ્યા. ૧૬ નવેમ્બરે ગાંધીજીએ ટિળક, ઝીણા, સપ્રુ અને મોતીલાલ નહેરુને સાથે લઈ લૉર્ડ ચેમ્સફર્ડની મુલાકાત લીધી. આ વરસે જ ૨૬ થી ૩૦ ડિસેમ્બર કલકત્તામાં કોંગ્રેસ અધિવેશન ઉપરાંત મુસ્લિમ લીગ, ઑલ ઈન્ડિયા કાઉ–કોન્ફરન્સ (ગૌ પરિષદ), સામાજિક સુધારણા પરિષદો મળી.

૧૯૧૮ (૧૮ ફેબ્રુઆરી) : ચંપારણના ગળી ઉત્પાદક ખેડૂતોએ સરકારી બિલ સામે વિરોધ કર્યો. ૨૭–૨૯ અપ્રિલે યુદ્ધપરિષદમાં ગાંધીજી અને માલવિયાજીએ હાજરી આપી. ૩૦ જૂન મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ રિપોર્ટ બહાર પડયો. ૧૦ જૂલાઈ હોમરુલના બે કાર્યકરો અસફઅલી અને નેકીરામની ધરપકડ થઈ. ૫ જુલાઈ રોલેટ કમિટીનો હેવાલ પ્રગટ થયો.

## ૩ : સત્યાગ્રહના શ્રીગણેશ

૨–૨–૧૯૧૯ : રોલેટ બિલ સામે વિરોધ વંટોળ જાગ્યો.

૧૮–૩–૧૯ : રોલેટ એક્ટ (કાળો કાયદો) પસાર થયો.

૨૫–૩–૧૯૧૯ : ગાંધીજીએ સત્યાગ્રહ લડતની તૈયારી કરવા માંડી.

૩૦–૩–૧૯૧૯ : (પાછળથી ૬–૪–૧૯૧૯) ઉપવાસ, પ્રાર્થના, હડતાલ–દિનથી સત્યાગ્રહનો આરંભ કરવાની જાહેરાત કરી.

૬–૪–૧૯૧૯ : મુંબઈ ચોપાટી પર પ્રતિબંધિત સાહિત્યનું ગાંધીજીએ વેચાણ કર્યું.

૭–૪–૧૯૧૯ : 'સત્યાગ્રહ' નામનું બિનનોંધાયેલું છાપું પ્રગટ કરીને ગાંધીજીએ કમિશનરને એની નકલ મોકલી.

મુંબઈ કલકત્તા અમદાવાદમાં તોફાનો થયાં. '**હિમાલય જેવડી ભૂલ**' કહી, ગાંધીજી ૭૨ કલાકના ઉપવાસ પર ઊતર્યા :

૧૩–૪–૧૯૧૯ : સરકારે અમૃતસરમાં જલિયાંવાલા બાગના કારમો હત્યાકાંડ કર્યો.

૧૮–૪–૧૯૧૯ : ગાંધીજીએ સામુદાયિક સત્યાગ્રહ મોકૂફ રાખ્યો.

૯-૧-૧૯૧૯ થી ૭-૬-૧૯૧૯ : ગાંધીજીએ નવેસરથી સત્યાગ્રહની તૈયારી કરી

૧૮-૬-૧૯૧૯ : ગાંધીજીએ પોતે એકલા સત્યાગ્રહ કરવાની વાઈસરૉયને જાણ કરી.

૨૭-૭-૧૯૧૯ : વાઈસરૉયની સલાહ મુજબ ગાંધીજીએ સત્યાગ્રહ મોકૂફ રાખ્યો.

૧-૮-૧૯૨૦ : ખિલાફત અંગેનો અન્યાય અને જલિયાંવાલાના અત્યાચારો સામે ગાંધીજીએ અસહકારનું આંદોલન શરૂ કર્યું. ગાંધીજીએ પોતે 'કૈસરે હિંદ' ખિતાબ અને યુદ્ધનો મેડલ પરત કર્યો.

૨૭-૧૨-૧૯૨૦ : નાગપુર અધિવેશનમાં અસહકારનો અધિકૃત ઠરાવ થયો.

૪-૧૧-૧૯૨૧ : પ્રાંતિક સમિતિની રજાથી સત્યાગ્રહની છૂટ અપાઈ.

૧૭-૧૧-૧૯૨૧ : મુંબઈમાં તોફાન થયાં.

૧૯-૧૧-૧૯૨૧ થી ૨૨-૧૧-૧૯૨૧ : ગાંધીજીએ ઉપવાસ કર્યા.

૨૩-૧૧-૧૯૨૨ : સત્યાગ્રહ માટે આપેલી છૂટ મોકૂફ રાખી.

૨૯-૧-૧૯૨૨ : સવિનય કાનૂન ભંગની શરૂઆત બારડોલીના ખેડૂતોની નાકરની લડતથી કરવાનો નિર્ણય કર્યો.

૧-૨-૧૯૨૨ અને ૪-૨-૧૯૨૨ : વાઈસરૉયને અલ્ટિમેટમ આપ્યું.

૫-૨-૧૯૨૨ : ચૌરાચૌરીમાં આંદોલનકારો અને પોલીસો વચ્ચેની અથડામણમાં પોલીસોની હત્યા થઈ.

૧૨-૨-૧૯૨૨ થી ૧૭-૨-૧૯૨૨ : ગાંધીજીએ ઉપવાસ કર્યા.

૯-૩-૧૯૨૨ : અગાઉ છપાયેલાં બે લખાણો માટે રાજદ્રોહનો ગુનો કરવા માટે ગાંધીજીની ધરપકડ કરી.

૧૨-૩-૧૯૨૨ : કોંગ્રેસ કારોબારી તરફથી સત્યાગ્રહ મોકૂફ કર્યાની જાહેરાત થઈ. સરકારે ગાંધીજીને છ વરસની કેદ ફટકારી.

## ૪ : પ્રાદેશિક સત્યાગ્રહો

* ચંપારણ (બિહાર) ૧૯૧૭ એપ્રિલ/જૂન/ઑક્ટોબર; ખેડા (ગુજરાત) ૧૯૧૮ ફેબ્રુ થી ૪ ઑક્ટોબર; અમદાવાદ (ગુજરાત) મિલકામદારોની હડતાલ (૧૯૧૮ માર્ચ ૭ થી ૨૭); નાગપુર (મધ્યપ્રદેશ) ધ્વજસત્યાગ્રહ (૧૨ મે ૧૯૨૩); બારડોલી (ગુજરાત ૧૯૨૮ ૧૨ ફેબ્રુઆરીથી ૧૯૨૯ એપ્રિલ ૧૨); રાજકોટ (સૌરાષ્ટ્ર : ૧૯૩૮ નવેમ્બર ૧૪ થી ૧૯૩૯ મે ૨૧); બોરસદ (ગુજરાત : ૧૯૨૩ના ડિસેમ્બરની ૨જી થી ૧૯૨૪ના જાન્યુઆરીની ૮મી).

* ચંપારણની લડત ખેડૂત-મજૂરની હતી; અમદાવાદની લડત શહેરી મિલકામદારોની હતી; તો બોરસદની લડત ગામડાના રહીશો ઉપર ગેરવાજબી નાખવામાં આવેલા કરવેરા સામે હતી. નાગપુરની લડત રાષ્ટ્રીય ધ્વજના સન્માન માટે અને રાજકોટની લડત દેશી રાજ્યોની પ્રજાની મુક્તિ માટેની હતી.

એ વસ્તુ ધ્યાનપાત્ર છે કે આ સાતમાંથી છ લડતો ગુજરાતમાં લડાઈ હતી. તેમાં ચંપારણ, ખેડા અને અમદાવાદના મજૂરોની લડતો ગાંધીજીએ ઉપાડી હતી અને જાતે સંચાલન કર્યું હતું, જે વલ્લભભાઈને માટે તાલીમરૂપ બની હતી. બોરસદ, બારડોલી અને નાગપુરની લડતો સરદાર વલ્લભભાઈએ ભારે હિંમત અને કુનેહથી ફત્તેહમંદ બનાવી હતી.

## ૫ : ગાંધીજીના ઉપવાસ

### (તા. ૧-૬-૧૯૧૫ થી તા. ૧૭-૧-૧૯૪૯ દરમિયાન)

(૧) ૧૯૧૫ : (જૂન ૧ થી સપ્ટેમ્બર ૧૧)
આશ્રમનાં બાળકોના જૂઠ તથા આશ્રમમાં એક હરિજનને દાખલ કરતાં આશ્રમવાસીઓએ કરેલા ઉપવાસ સામે.

(૨) ૧૯૧૮ : (માર્ચ ૧૫ થી ૨૭)
અમદાવાદના મિલમજૂરોના પગાર અંગે તથા એમણે મારેલાં મહેણાંના જવાબ અંગે

(૩) ૧૯૧૯ : (એપ્રિલ ૬)
સત્યાગ્રહની લડતનો પહેલો દિવસ. (ત્યારબાદ દર વરસે તે દિવસે ઉપવાસ)

(૪) ૧૯૧૯ : (એપ્રિલ ૧૩)
જલિયાંવાલા બાગમાં થયેલા હત્યાકાંડના કારણે. (ત્યાર બાદ હમેશાં તે દિવસે)

(૫) ૧૯૧૯ : (એપ્રિલ ૧૩ થી ૧૫)
મુંબઈ, અમદાવાદ વગેરે સ્થળોએ થયેલાં તોફાનોના કારણે.

(૬) ૧૯૨૧ : (નવે. ૧૯ થી ૨૧)
મુંબઈમાં પ્રિન્સ ઑફ વેલ્સના આગમન સમયે થયેલાં તોફાનોને કારણે.

(૭) ૧૯૨૧ : (નવે. ૨૮ સોમવાર)
મુંબઈમાં થયેલાં તોફાનોના કારણે (ત્યારબાદ દર સોમવારે).

(૮) ૧૯૨૨ : (ફેબ્રુ. ૧૨ થી ૧૬)
ચૌરીચોરાના હત્યાકાંડને કારણે.

(૯) ૧૯૨૪ : (સપ્ટે. ૧૭ થી ૩૦ તથા ઓકટો. ૧ થી ૭)
હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે.

(૧૦) ૧૯૨૫ : (નવે. ૨૪ થી ૩૦)
આશ્રમનાં બાળકોમાં પડેલી મલીનતાના કારણે.

(૧૧) ૧૯૨૮ : (જૂન ૨૨ થી ૨૪)
એક આશ્રમવાસીના નીતિદોષને કારણે.

(૧૨) ૧૯૩૨ : (સપ્ટે. ૨૦ થી ૨૫)
હરિજનો માટે અલગ મતદાર મંડળો રચવાના ચુકાદા સામે (જેલમાં આમરણ ઉપવાસ : ચુકાદો રદ થતાં ઉપવાસ છોડયા).

(૧૩) ૧૯૩૨ : (ડિસે. ૩)
સાથી કેદીને જેલમાં ભંગીકામ ન કરવા દેવાને કારણે.

(૧૪) ૧૯૩૩ : (મે ૮ થી ૨૮)
જેલમાં પોતાની અને સાથીઓની આત્મશુદ્ધિ અર્થે.

(૧૫) ૧૯૩૩ : (ઑગસ્ટ ૧૬ થી ૨૨)
હરિજનસેવા અંગે જેલમાં અગાઉ અપાયેલી છૂટછાટો બંધ કરવા સામે.

(૧૬) ૧૯૩૪ : (ઑગસ્ટ ૭ થી ૧૩)
સનાતની નેતા લાભનાથને સુધારકો સાથેની અથડામણમાં થયેલ ઈજા સામે, પ્રાયશ્ચિત્ત રૂપે.

(૧૭) ૧૯૩૯ : (માર્ચ ૩ થી ૬)
રાજકોટનરેશના વચનભંગના કારણે.

(૧૮) ૧૯૪૦ : (નવે. ૧૨ થી ૧૩)
સાથીએ 'ચોરી' કરી છે એવો વહેમ પડવાને કારણે.

(૧૯) ૧૯૪૧ : (મે ૫ થી ૭)
મુંબઈ, અમદાવાદમાં થયેલ કોમી હુલ્લડોના કારણે (?).

(૨૦) ૧૯૪૧ : (જૂન ૨૯)
કોમી ઐક્ય માટે.

(૨૧) ૧૯૪૩ : (ફેબ્રુ. ૧૦ થી માર્ચ ૨)
'હિંદ છોડો'ના ઠરાવ પછી નેતાઓની ધરપકડના કારણે થયેલાં તોફાનોની જવાબદારી કોંગ્રેસ ઉપર ઓઢાડવાના સરકારના પ્રચારની વિરુદ્ધમાં.

(૨૨) ૧૯૪૪ : (નવે. ૩૦—?)
એક યા વધુ ઉપવાસ કર્યા.... (કારણ મળ્યું નથી).

(૨૩) ૧૯૪૬ : (ઑક્ટો. ૨૦ના અરસામાં)
(મુસ્લિમ લીગ સાથેના પત્રવ્યવહારમાં પોતે લખેલા એક પત્રની પાકી નકલ ઉતારવામાં ઉતારનારની ભૂલને કારણે (?).

(૨૪) ૧૯૪૭ : (ઑગસ્ટ ૧૫)
દેશના ભાગલાની વિરુદ્ધમાં.

(૨૫) ૧૯૪૭ : (સપ્ટે. ૧ થી ૩)
કોમી રમખાણોના કારણે.

(૨૬) ૧૯૪૭ : (ઑક્ટો. ૧૧)
દેશી તિથિ મુજબ પોતાની જન્મતિથિની ઉજવણીને બદલે ઉપવાસ.

(૨૭) ૧૯૪૮ : (જાન્યુ. ૧૭ થી ૧૯)
કોમી રમખાણોના કારણે.

## ૬ : ગાંધીજીના કારાવાસ
### (તા. ૯-૪-૧૯૧૯ થી તા. ૬-૫-૧૯૪૪ દરમિયાન)

(૧) ૯-૪-૧૯૧૯ થી ૧૧-૪-૧૯૧૯
જલિયાંવાલા બાગના હત્યાકાંડ અંગે દિલ્હીથી અમૃતસર જતાં રોકવા માટે.

(૨) ૧૦-૩-૧૯૨૨ થી ૫-૨-૨૪
ચૌરીચૌરાની ઘટનાના કારણે લડત મોકૂફ કર્યા છતાં, એમના લેખો અંગે રાજદ્રોહના ગુના માટે ૬ વરસની સજા.
(તબિયત લથડતાં બિનશરતે વહેલી મુક્તિ)

(૩) ૫-૫-૧૯૩૦ થી ૨૬-૧-૧૯૩૧

કરાડીમાં મીઠાના સત્યાગ્રહ માટે બિનમુદતી કેદ.
(બીજી ગોળમેજી પરિષદ માટે વહેલી મુક્તિ)

(૪) ૪-૧-૩૨ થી ૮-૫-૩૩

બીજી ગોળમેજીમાંથી ખાલી હાથે પાછા ફરતાં, લડત ઉગ્ર બનવાના ભયે બિનમુદતી ધરપકડ.
(આત્મશુદ્ધિ માટે ઉપવાસ શરૂ કરતાં જ મુક્તિ. લડત મોકૂફ)

(૫) ૧-૮-૧૯૩૩ થી ૨૩-૮-૧૯૩૩

વ્યક્તિગત સત્યાગ્રહનો આરંભ કરવા પૂર્વે ધરપકડ : એક વરસની સજા (૪—૮—૩૩). જેલમાં અગાઉની જેમ હરિજન પ્રવૃત્તિની છૂટ ન મળતાં આમરણ ઉપવાસ કરવાને કારણે ૧૬—૮—૩૩થી તબિયત ગંભીર જણાતાં વહેલી મુક્તિ

(૬) ૯—૮—૪૨ થી ૬-૫-૧૯૪૪

'ભારત છોડો'નો ઠરાવ પસાર થતાં જ ગાંધીજી સહિત અન્ય નેતાઓની બિનમુદતી કેદ.
(જેલમાં કસ્તુરબા અને મહાદેવભાઈ સાથે. બંનેનું અવસાન : અનુક્રમે ૨૯—૨—૪૪ અને ૧૫—૮—૪૨) માં. ૧૦—૨—૪૩ થી ૨—૩—૪૩ ગાંધીજીની ગંભીર માંદગી; છતાં સરકાર મક્કમ. ગાંધીજીનું અવસાન થાય તો સરકાર દ્વારા જ અંત્યેષ્ઠિ માટે ચંદનનાં લાકડાં સહિત તૈયારી ! છેવટે, વ્યાપક આંદોલનના કારણે મુક્તિ.)

## ૭ : રોલેટ એક્ટ (કાળો કાનૂન)

૧૯૧૭ના ડિસેમ્બર મહિનામાં હિંદુસ્તાનની સરકારે નીમેલી 'સિડિશન કમિટી' (રાજદ્રોહ સમિતિ)ના પ્રમુખ ન્યાયાધીશ મિ. રોલેટના નામ ઉપરથી આ એક્ટ 'રોલેટ એક્ટ' કહેવાયો છે. તેનો હેતુ હતો : (૧) હિંદુસ્તાનમાં રાજ ઊંધું વાળવા માટેની હિલચાલને અંગે થતાં ગુનાનાં કાવતરાં કેવાં થાય છે અને ક્યાં ક્યાં થાય છે તે તપાસી, તે ઉપર રિપોર્ટ કરવો તથા (૨) આવા કાવતરાંને પહોંચી વળવામાં શી શી મુશ્કેલીઓ નડે છે તે તપાસી, તેનો વિચાર ચલાવવો. કાવતરાં સંપૂર્ણ રીતે દાબી દેવા માટે સરકાર શક્તિમાન થાય તે માટે જો કાયદા ઘડવાની જરૂર હોય તો તે વિષે સલાહ આપવી. આ કાયદો પસાર થવા પૂર્વે શ્રી. શ્રીનિવાસ શાસ્ત્રીએ ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)માં આ બિલ પસાર થતું રોકવા ભારે જેહાદ ચલાવેલી. તેમનો મુખ્ય મુદ્દો એ હતો કે એકવાર ભારે દમનખોર કાયદો પસાર થઈ જાય છે પછી તેનો ઉપયોગ તેના મૂળ હેતુ માટે નથી થતો; તે કાયદાના ઓઠે સરકાર જે કંઈ દબાવી દેવા જેવું લાગે તે બધાને તેની ઝપટમાં લઈને બીક અને ધાકધમકીનું રાજ્ય સ્થાપી દે છે.

## ૮ : પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞા

### (ગાંધીજીએ ઘડેલું પ્રતિજ્ઞાપત્ર)

"અમે માનીએ છીએ કે કોઈ પણ દેશના લોકોની માફક ભારતના લોકોને પણ સંપૂર્ણ સ્વરાજ ભોગવવાનો અધિકાર છે, જેથી અન્ય લોકોની માફક તેમને પણ પોતાનો વિકાસ સાધવાની પૂરતી તકો મળે. અમે માનીએ છીએ કે જો સરકાર લોકોના હક ઝૂંટવી લે અને તેમને પીડે તો તેને બદલવાનો કે નાબૂદ કરવાનો લોકોને હક છે. બ્રિટિશ સરકારે ભારતના લોકોને આ હકોથી વંચિત રાખ્યા છે એટલું જ નહિ

રમને આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક તથા નૈતિક રીતે પાયમાલ કરેલ છે. માટે અમે માનીએ છીએ કે માટે બ્રિટિશ સરકાર સાથેના સંબંધો કાપી નાખીને પૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત કરવું એ આવશ્યક છે.

બ્રિટિશ સરકારે હિંદ પર ભારે કરબોજો નાખીને તેને આર્થિક રીતે બેહાલ કરેલ છે; તથા પોતાના ા દિન માટે તેના ગૃહોદ્યોગો અને ગ્રામોદ્યોગોનો નાશ કરેલ છે. તેણે તેની ઔદ્યોગિક, વ્યાપારી તથા ાનવિષયક નીતિ પણ હિંદને ભોગે ઇંગ્લેન્ડને ફાયદો થાય તે રીતની રાખી છે. પરિણામે, હિંદનું નાણું ગ્લેન્ડ ઘસડાઈ જાય છે અને હિંદના લોકો દિનપ્રતિદિન વધારે ને વધારે ગરીબ બનતા જાય છે. વિશેષમાં બ્રિટિશ સરકારના ઉડાઉ રાજ્યવહીવટે હિંદની ગરીબીમાં વધારો કર્યો છે. બ્રિટિશ સરકારે હિંદના લોકોને મુક્ત રીતે વિચારો વ્યક્ત કરવાના, ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાના તથા સભા ભરવાના અધિકારોનો ઈન્કાર કર્યો છે. હજારો દેશવાસીઓ વિદેશમાં દેશવટો ભોગવી રહ્યા છે અને તેમને સ્વદેશ પાછા ફરવાની પરવાનગી આપવામાં આવતી નથી.

સાંસ્કૃતિક રીતે, પાશ્ચાત્ય શિક્ષણે અમોને અમારી સંસ્કૃતિથી વિમુખ કરવાના અને ગુલામી પ્રતિ અભિમુખ કરવાના પ્રયાસ કર્યા છે. દેશનું ફરજિયાત નિ:શસ્ત્રીકરણ કરીને વિદેશી સરકારે ભારતના લોકોનો ગુલામીદશાનો સામનો કરવાનો, પોતાનું રક્ષણ કરવાનો તથા અસામાજિક તત્ત્વોને નાબૂદ કરવાનો તેમનો જુસ્સો નિર્બળ કરવા પ્રયત્નો કરેલ છે.

પરિણામે, અમે માનીએ છીએ કે આવી સરકારને વધારે વખત તાબે રહેવું તે માનવજાતિ અને ઈશ્વર સામેનો અપરાધ છે. માટે અમે હિંસક રીતે નહિ, પરંતુ અહિંસક રીતે તેની પાસેથી 'પૂર્ણ સ્વરાજ્ય' પ્રાપ્ત કરવા માટે, જરૂર પડે તો, તેની સામે નાકર અને બહિષ્કારની અહિંસક લડત આદરવાનો નિર્ધાર જાહેર કરીએ છીએ : અમને ખાતરી છે કે અમો સૌ જો મરજિયાત રીતે તેને કર આપવાનો ઈન્કાર કરીએ, તો તેનો સર્વ રીતે બહિષ્કાર કરીએ તો, હિંસા આચર્યા વગર આવી સરકારના અમાનવીય શાસનનો અંત લાવી શકાય. આથી પૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિ માટે મહાસભા તરફથી અમને અવારનવાર જે સૂચનો મળે તેમનું સંપૂર્ણ પાલન કરવાની અમે ગંભીર પ્રતિજ્ઞા કરીએ છીએ."

## ૯ : સંપૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય

(લાહોર અધિવેશનમાં પસાર થયેલ ઠરાવમાંથી : અધિવેશન ૨૯ થી ૩૧ ડિસેમ્બર ૧૯૨૯ અને ૧ જાન્યુઆરી ૧૯૩૦)

હાલના સંજોગોમાં મહાસભાના પ્રતિનિધિઓ 'ગોળમેજી પરિષદ'માં જાય તેથી કશો લાભ થવાનો નથી.

એટલે આ મહાસભા, ગયે વર્ષે કલકત્તાની બેઠકમાં થયેલા ઠરાવ મુજબ, જાહેર કરે છે કે મહાસભાના ધ્યેયમાં 'સ્વરાજ' શબ્દનો અર્થ 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય' કરવો; અને વિશેષમાં જાહેર કરે છે કે નહેરુ રિપોર્ટમાં આલેખેલું બંધારણ આખું હવે રદ થયું છે. એટલે તે આશા રાખે છે કે, હવે પછી બધા મહાસભાવાદીઓ હિંદને માટે સંપૂર્ણ સ્વાતંત્ર્ય મેળવવામાં જ પોતાની સમગ્ર શકિત અને સમય સમર્પણ કરશે.

સ્વાતંત્ર્યની લડતનો વ્યૂહ રચવાનાં પ્રારંભિક પગલાં તરીકે અને મહાસભાની નીતિ, તેના બદલાયેલા ધ્યેયને બની શકે તેટલી હદે અનુરૂપ બનાવવાના હેતુથી, આ મહાસભા ઠરાવે છે કે વડી અને પ્રાંતિક ધારાસભાઓનો અને સરકારે નીમેલી કમિટીઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવો; અને આ મહાસભા મહાસભાવાદીઓને અને બીજા જેઓ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેતા હોય તેમને સીધી અથવા

આડકતરી રીતે ભાવિ ચૂંટણીઓમાં ભાગ લેવામાંથી અલગ રહેવાનો આદેશ કરે છે; અને આજે જે મહાસભાવાદીઓ ધારાસભામાં અને તેની કમિટીઓમાં હોય તેમને તેમની જગ્યાઓ પરથી રાજીનામું આપવા ફરમાવે છે.

આ મહાસભા પ્રજાને વીનવે છે કે, તેણે મહાસભાનો રચનાત્મક કાર્યક્રમ અતિશય વેગથી ચલાવવો; અને મહાસમિતિને, જ્યારે તેને યોગ્ય લાગે ત્યારે અચૂક પસંદ કરેલાં કે બીજા ક્ષેત્રોમાં, અને અમુક શરતો રાખીને, **સત્યાગ્રહ અને** કર ન ભરવાની **હિલચાલ** શરૂ કરવાનો અધિકાર આપે છે.

('મહાસભાના ઠરાવો'માંથી)

## ૧૦ : ક્રિપ્સની દરખાસ્તો (ત્રિસ્તરી યોજના) સારરૂપ મુદ્દા

(૧) ડુમિનિયન સ્ટેટસ (સાંસ્થાનિક દરજ્જો) ધરાવતા હિંદી સંઘની રચના કરવી. આ સંઘ બ્રિટિશ કોમનવેલ્થના અન્ય દેશો જેવો જ સમાન દરજ્જો ભોગવશે; અને તે ઇચ્છે તો બ્રિટિશ કોમનવેલ્થથી અલગ થઈ શકશે.

(૨) યુદ્ધ પૂરું થયા બાદ બંધારણ સભાની રચના કરવી. તે માટે બ્રિટિશ પ્રાંતોની ધારાસભાઓની ચૂંટણી કરવી. તેના નીચલા ગૃહના સભ્યોનું મતદાર–મંડળ બનશે, જે બંધારણ સભાના સભ્યોની ચૂંટણી કરશે. બંધારણ સભામાં દેશી રાજ્યો તેમના પ્રતિનિધિઓ નિયુક્ત કરશે. (દરેકનું પ્રમાણ મૂળ દરખાસ્તમાં આપેલું છે.)

(૩) **લાંબા ગાળાની દરખાસ્ત** : બંધારણસભા દ્વારા ઘડાયેલા બંધારણનો અમલ કરવાની બે શરતો રહેશે.

(અ) કોઈપણ પ્રાંતને હિંદી સંઘમાં ન જોડાવું હોય તો તે મુક્ત રહેશે, અને ઉપર્યુકત પધ્ધતિએ પોતાનું બંધારણ ઘડી અમલ કરશે. તેમનો હિંદી સંઘના જેવો સ્વતંત્ર દરજ્જો રહેશે. તે જ રીતે, દેશી રાજ્યો પણ ઇચ્છે તો અલગ રહી શકશે. બ્રિટિશ સરકાર સાથેની અગાઉની સંધિઓની પુનર્‌વિચારણા થશે.

(બ) હિંદી સંઘની રચના થતાં, તેને હસ્તક તમામ સત્તા સુપરત કરતાં પહેલાં, બ્રિટિશ સરકારે અગાઉ વિશિષ્ટ વર્ગોને તથા ધાર્મિક લઘુમતીઓને આપેલાં વચનોના પાલન બાબત હિંદીસંઘ અને બ્રિટિશ સરકાર યોગ્ય સમજૂતી કરશે.

(૪) **ટૂંકા ગાળાની દરખાસ્ત** : યુધ્ધ–કાળ દરમિયાન ભારતના સંરક્ષણને લગતી બાબતોમાં બ્રિટીશ સરકાર હિંદના જુદા જુદા પક્ષો અને વર્ગોની બનાવેલી સલાહકાર સમિતિની સહાય લેશે.

(પ) જુદા જુદા પક્ષો અને વર્ગોનું પ્રતિનિધિત્વ સચવાય તે હેતુથી ગવર્નરજનરલ પોતાની કારોબારી સમિતિ(પ્રધાનમંડળ)ની રચના કરશે. તેમાં સંરક્ષણ સિવાયના તમામ સભ્યો હિંદી જ હશે. તેમના અધિકારો અગાઉની કારોબારીના સભ્યોના જેવા જ રહેશે.

## ૧૧ : માઉન્ટ બેટનની ભાગલા યોજના (મહત્ત્વના મુદ્દા)

(૧) મોજૂદ બંધારણ સભામાં જોડાવા ન ઇચ્છતા મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતોની અલગ બંધારણ સભા રચવી. એની સાથે જ પંજાબ તથા બંગાળના ભાગલા પાડવા. એ બાબતનો નિર્ણય તે તે પ્રાંતોની ધારાસભાના સભ્યો, હિંદુબહુમતીવાળા તથા મુસ્લિમબહુમતીવાળા જિલ્લાઓ માટે અલગ અલગ રીતે મતો આપીને કરે.

(૨) બંગાળના ભાગલા પાડવામાં આવે તો સિલહટ (આસામનો મુસ્લિમ બહુમતીવાળો જિલ્લો) બંગાળ કે આસામ–બેમાંથી કયા પ્રાંતનો ભાગ બનશે, એનો નિર્ણય ત્યાંની પ્રજાના લોકમતને ઈ લેવાશે.

(૩) સરહદ પ્રાંત બેમાંથી કઈ બંધારણ સભામાં જોડાશે એનો નિર્ણય કરવા માટે, ત્યાં સત્તા પર ા પ્રધાનમંડળને સત્તા પર કાયમ રાખી, ત્યાંની પ્રજાનો લોકમત (પ્લેબિસાઈટ) લેવામાં આવશે.

(૪) સિંધપ્રાંત બાબતનો નિર્ણય ત્યાંની ચાલુ ધારાસભા સાદી બહુમતીથી લેશે.

(૫) બલુચિસ્તાનમાં ધારાસભા નહિ હોવાને કારણે ત્યાં કેવી કાર્યપદ્ધતિ અપનાવવી તે બાબતનો ર્ણય વાઈસરૉય હિંદના રાજકીય પક્ષો સાથેની મસલત દ્વારા કરશે.

(૬) ભાગલાનું છેવટનું ભૌગોલિક સ્વરૂપ કેવું હશે, તે બાબત એ ખાસ હેતુ માટે નીમવામાં આવેલ સરહદપંચ (બાઉન્ડરી કમિશન) નક્કી કરશે.

(૭) ભાગલા પાડવાનું કામ પતતાં સુધી વચગાળાની સરકારોમાં કશા ફેરફાર નહિ થાય. ભાગલાનું કામ પતી ગયા પછી બધા વિષયોમાં પૂર્ણસત્તા સાથેની બે અલગ સરકારો રચવામાં આવશે.

(૮) વહેલામાં વહેલી તકે સત્તાની ફેરબદલી કરવામાં આવે એવી હિંદના મુખ્ય રાજકીય પક્ષોની ઈચ્છા પૂર્ણ થઈ શકે, તે માટે સાંસ્થાનિક સ્વરાજ (ડુમિનિયન સ્ટેટસ)ના ધોરણે જ હિંદની સરકાર અથવા સરકારોને (અગાઉ જાહેર કરેલ છે તે તારીખ કરતાં વહેલી પણ) સત્તા સુપરત કરવામાં આવશે.

(૯) સાંસ્થાનિક સ્વરાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયાથી હિંદની બંધારણ સભાઓનો, હિંદના જે જે ભાગ પર જેમનો અધિકાર હશે તે તે ભાગ બ્રિટિશ સંઘમાં રહેશે કે કેમ તેનો નિર્ણય યોગ્ય અવસરે કરવાનો અબાધિત હક્ક રહેશે.

(૧૦) હિંદનાં દેશી રાજ્યોની સ્થિતિ બ્રિટિશ સરકારની કેબિનેટ મિશનની યોજના મુજબ જ રહેશે.

●

## ૧૨ : કૉંગ્રેસનાં અધિવેશનો

| બેઠક સંખ્યા | સાલ | સ્થળ | પ્રમુખનું નામ | પ્રતિનિધિ સંખ્યા (પ્રેક્ષકો અસંગે) |
|---|---|---|---|---|
| ૧ | ૧૮૮૫ | મુંબઈ | શ્રી વ્યોમેશચંદ્ર બેનરજી | ૭૨ |
| ૨ | ૧૮૮૬ | કલકત્તા | શ્રી દાદાભાઈ નવરોજી | ૪૩૨ |
| ૩ | ૧૮૮૭ | મદ્રાસ | શ્રી બદરુદ્દીન તૈયબજી | ૬૦૭ |
| ૪ | ૧૮૮૮ | અલ્હાબાદ | શ્રી જ્યૉર્જ યુલ | ૧૨૪૮ |
| ૫ | ૧૮૮૯ | મુંબઈ | શ્રી સર વિલિયમ વેડરબર્ન | ૧૮૮૯ |
| ૬ | ૧૮૯૦ | કલકત્તા | સર ફિરોજશાહ મહેતા | ૬૭૭ |
| ૭ | ૧૮૯૧ | નાગપુર | રાવસાહેબ આનંદચાર્લુ | ૮૧૨ |
| ૮ | ૧૮૯૨ | અલ્હાબાદ | શ્રી વ્યોમેશચંદ્ર બેનરજી | ૬૨૫ |
| ૯ | ૧૮૯૩ | લાહોર | શ્રી દાદાભાઈ નવરોજી | ૮૬૭ |
| ૧૦ | ૧૮૯૪ | મદ્રાસ | શ્રી આલ્ફ્રેડ વેબ | ૧૧૬૩ |
| ૧૧ | ૧૮૯૫ | પૂના | શ્રી સુરેન્દ્રનાથ બેનરજી | ૧૫૮૪ |
| ૧૨ | ૧૮૯૬ | કલકત્તા | શ્રી મહમદ રહીમતુલ્લા સયાની | ૭૮૪ |
| ૧૩ | ૧૮૯૭ | અમરાવતી | શ્રી સી. શંકરન નાયર | ૬૯૨ |
| ૧૪ | ૧૮૯૮ | મદ્રાસ | શ્રી આનંદમોહન બોઝ | ૬૧૪ |
| ૧૫ | ૧૮૯૯ | લખનૌ | શ્રી રમેશચંદ્ર દત્ત | ૭૪૦ |
| ૧૬ | ૧૯૦૦ | લાહોર | શ્રી નારાયણ ચંદાવરકર | ૫૬૭ |
| ૧૭ | ૧૯૦૧ | કલકત્તા | શ્રી દીનશા એદલજી વાચ્છા | ૮૯૬ |
| ૧૮ | ૧૯૦૨ | અમદાવાદ | શ્રી સુરેન્દ્રનાથ બેનરજી | ૪૭૧ |
| ૧૯ | ૧૯૦૩ | મદ્રાસ | શ્રી લાલમોહન ઘોષ | ૫૩૮ |
| ૨૦ | ૧૯૦૪ | મુંબઈ | શ્રી સર હેનરી કૉટન | ૧૦૦૦ |
| ૨૧ | ૧૯૦૫ | બનારસ | શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે | ૭૫૮ |
| ૨૨ | ૧૯૦૬ | કલકત્તા | શ્રી દાદાભાઈ નવરોજી | ૧૬૬૩ |
| ૨૩ | ૧૯૦૭ | સૂરત (અધૂરું) | શ્રી રાસબિહારી ઘોષ | ૧૬૦૦ |
| ૨૪ | ૧૯૦૯ | લાહોર | શ્રી પંડિત મદનમોહન માલવિયા | ૨૪૩ |
| ૨૫ | ૧૯૧૦ | અલ્હાબાદ | સર વિલિયમ વેડરબર્ન | ૬૩૬ |
| ૨૬ | ૧૯૧૧ | કલકત્તા | પંડિત બિશનનારાયણ ધાર | ૪૪૬ |
| ૨૭ | ૧૯૧૨ | બાંકીપુર | રંગનાથ મુધોળકર | ૪૫૦૦ |
| ૨૮ | ૧૯૧૩ | કરાંચી | નવાબ સૈયદ મહંમદ | ૫૫૦ |
| ૨૯ | ૧૯૧૪ | મદ્રાસ | શ્રી ભૂપેન્દ્રનાથ બસુ | ૮૬૬ |
| ૩૦ | ૧૯૧૫ | મુંબઈ | સર સત્યેન્દ્રપ્રસન્ન સિંહ | ૨૨૫૯ |

| ક્રમ સંખ્યા | સાલ | સ્થળ | પ્રમુખનું નામ | પ્રતિનિધિ સંખ્યા (પ્રેક્ષકો અસંગે) |
|---|---|---|---|---|
| ૩૧ | ૧૯૧૬ | લખનૌ | શ્રી અંબિકાચરણ મજૂમદાર | ૨૩૦૧ |
| ૩૨ | ૧૯૧૭ | કલકત્તા | શ્રીમતી એની બિસન્ટ | ૪૯૬૭ |
| (ખાસ) | ૧૯૧૮ (સપ્ટેમ્બર) | મુંબઈ | સૈયદ હસન ઈમામ | ૩૫૦૦ |
| ૩૩ | ૧૯૧૮ | દિલ્હી | પં. મદનમોહન માલવિયા | ૪૮૬૮ |
| ૩૪ | ૧૯૧૯ | અમૃતસર | શ્રી મોતીલાલ નહેરુ | ૭૦૩૧ |
| (ખાસ) | ૧૯૨૦ (સપ્ટેમ્બર) | કલકત્તા | લાલા લજપતરાય | ૫૮૩૭ |
| ૩૫ | ૧૯૨૦ | નાગપુર | શ્રી વિજયરાઘવાચાર્ય | ૧૪૫૮૩ |
| ૩૬ | ૧૯૨૧ | અમદાવાદ | હકીમ અજમલખાન | ૪૭૨૮ |
| ૩૭ | ૧૯૨૨ | ગયા | દેશબંધુ ચિત્તરંજન દાસ | ૩૨૪૮ |
| (ખાસ) | ૧૯૨૩(સપ્ટે.) | દિલ્હી | અબુલ કલામ આઝાદ | — |
| ૩૮ | ૧૯૨૩ | કોકોનાડા | મૌલાના મહમદઅલી | ૬૧૮૮ |
| ૩૯ | ૧૯૨૪ | બેલગામ | મહાત્મા ગાંધી | ૧૮૪૪ |
| ૪૦ | ૧૯૨૫ | કાનપુર | શ્રીમતી સરોજિની નાયડુ | ૨૬૮૮ |
| ૪૧ | ૧૯૨૬ | ગોહટ્ટી | શ્રીનિવાસ આયંગર | ૩૦૦૦ |
| ૪૨ | ૧૯૨૭ | મદ્રાસ | ડૉ. મુખ્તાર અહમદ અન્સારી | ૨૬૯૪ |
| ૪૩ | ૧૯૨૮ | કલકત્તા | શ્રી મોતીલાલ નહેરુ | ૫૨૨૧ |
| ૪૪ | ૧૯૨૯ | લાહોર | પંડિત જવાહરલાલ નહેરુ | |
| ૪૫ | ૧૯૩૧ (માર્ચ) | કરાંચી | સરદાર વલ્લભભાઈ પટેલ | |
| ૪૬ | ૧૯૩૨ (એપ્રિલ) | દિલ્હી | શેઠશ્રી રણછોડલાલ અમૃતલાલ | |
| ૪૭ | ૧૯૩૩ (એપ્રિલ) | કલકત્તા | શ્રીમતી નેલી સેનગુપ્તા | |
| ૪૮ | ૧૯૩૪ (ઓકટોબર) | મુંબઈ | શ્રી રાજેન્દ્રપ્રસાદ | |
| ૪૯ | ૧૯૩૬ (એપ્રિલ) | લખનૌ | પં. જવાહરલાલ નહેરુ | |
| ૫૦ | ૧૯૩૬ | ફૈઝપુર | પં. જવાહરલાલ નહેરુ | |
| ૫૧ | ૧૯૩૮ (ફેબ્રુઆરી) | હરિપુરા | શ્રી સુભાષચંદ્ર બોઝ | |
| ૫૨ | ૧૯૩૯ (માર્ચ) | ત્રિપુરી | શ્રી સુભાષચંદ્ર બોઝ | |
| ૫૩ | ૧૯૪૦ | રામગઢ | મૌલાના અબુલ કલામ આઝાદ | |
| ખાસ | ૧૯૪૬ (મે) | પુના | પં. જવાહરલાલ નહેરુ | |
| ૫૪ | ૧૯૪૬ (નવેમ્બર) | મેરઠ | આચાર્ય જીવતરામ કૃપલાની | |

# ૧૩ : નર્યાં હકીકતો

## [વેવેલની ખંધી રમત ને મોહમદઅલી ઝીણાની સાજીશો]

બાદશાહ અબ્દુલ ગફારખાનના પુત્ર વલીખાને ભારતના ભાગલાની વણકથી કથાનું, 'ફેક્ટસ આર ફેક્ટસ'નું શીર્ષક આપી, તાજેતરમાં (૧૯૮૭)માં એક પુસ્તક પ્રગટ કરેલ છે. તેમાં તેઓ જણાવે છે તેમ, આ પુસ્તકમાં આપવામાં આવેલી હકીકતો તેમને લંડનની ઈંડિયા ઓફિસ લાયબ્રેરીમાંનાં ઢગલા બંધ 'ટૉપ સિક્રેટ ડોકયુમેન્ટસ'માંથી પ્રાપ્ત થયેલ છે. (તેઓએ આ બાબત ખુલાસો આપતાં લખ્યું છે કે : બ્રિટિશ કાનૂન મુજબ ૩૦ વરસ વીતી ગયા બાદ દરેક દસ્તાવેજ જાહેર મિલ્કત બની જાય છે, એ ન્યાયે એમને આ હકીકતો મળી છે.)

આ ગ્રંથમાં જનાબ ઝીણાના એકાકી હાથમાં રમતી રહેલી મુસ્લિમ લીગ અને ચર્ચિલની કટ્ટર નીતિના અનુયાયી વાઈસરૉય વેવેલ વચ્ચેનો આંતરિક-ગુપ્ત સંબંધ કેવા પ્રકારનો હતો, તે જાહેરમાં આણ્યું છે. આપણે માટે તે આશ્ચર્ય ને આઘાતજનક બની રહે એવો છે. આપણે તેની થોડીક વિગતોમાં ડોકિયું કરી લઈએ.

## વેવેલની ખંધી રમત

બ્રિટિશ કેબિનેટ મિશને કરેલી ૧૬ મેની ઑફરમાં બે બાબતો હતી : એક લાંબા ગાળાની યોજના, જેમાં ફેડરલ ઈંડિયાનો ઢાંચો હતો; બીજી તાત્કાલિક અમલની યોજના, જેમાં વચગાળાની કેન્દ્રીય સરકારની રચનાનો મુદ્દો હતો. અલબત્ત, ફેડરલ ઢાંચો પાયાનો મુદ્દો હતો; સરકારની રચના પૂર્વે કોંગ્રેસ તથા લીગ માટે આ પાયાના ઢાંચાનો સ્વીકાર કરવો અનિવાર્ય હતો. મુસ્લિમ લીગે ૬ જૂન ૧૯૪૬ના રોજ તેનો સ્વીકાર કર્યો, ત્યારબાદ કોંગ્રેસે ૨૫ જૂને સંમતિ દર્શાવી; જો કે, બંને પક્ષે આખી યોજનાનો પોતાને પ્રતિકૂળ લાગે તે મુદ્દા પર, પોતાની ટીકા સાથે સ્વીકાર કર્યો હતો. પરંતુ અહીં ખાસ નોંધપાત્ર બીના એ છે કે આ યોજનાના સ્વીકાર દ્વારા મુસ્લિમ લીગ ભાગલાની વાત જતી કરીને **સમવાયતંત્રી સંઘરાજ્યનો સ્વીકાર** કરી લેવા સુધી પાછી આવી ચૂકી હતી. હકીકતે તો મુસ્લિમ લીગે રાજીખુશીથી સ્વીકાર કર્યો ન હતો; વાઈસરોય વેવેલે સ્વીકાર કરાવરાવ્યો હતો. બલ્કે મુસ્લિમ લીગ અને વાઈસરોય બંનેની એવી પાકી ધારણા હતી કે, કોંગ્રેસે કેબિનેટ યોજનાનો સ્વીકાર કરવા પૂર્વે બે મુખ્ય વાંધા કાઢયા હતા : એક પ્રાંતિક વિભાગોના ફરજિયાત હોવા અંગે અને બીજો સમવાયી સરકારના કેન્દ્રને પૂરતી સત્તા ન હોવાને કારણે. આ વાંધાઓ જોતાં કોંગ્રેસ સંમત નહિ જ થાય. અર્થાત્ ૧૬મી મેની યોજનાના પાયાના ઉદ્દેશનો અસ્વીકાર કરવાને કારણે કોંગ્રેસના હાથમાં સત્તા નહિ જાય અને મુસ્લિમ લીગ બ્રિટિશની છત્રછાયા હેઠળ કેન્દ્ર સરકારની રણીધણી થઈ બેસશે. પરંતુ કોંગ્રેસે ચાલાકીપૂર્વક 'સ્વીકાર' જાહેર કરી દઈને બંનેને મુશીબતમાં મૂકી દીધા હતા. વેવેલની અંગત નોંધ મુજબ, "હવે તો અમે કોંગ્રેસને અપ્રામાણિક ઠેરવીએ અને તેના આ સ્વીકારનો જ ઈન્કાર કરીએ તો જ છુટાય". વેવેલને વિશેષ દુઃખ એ વાતનું હતું કે, બ્રિટિશ સત્તાએ નવી યોજના રજૂ કરીને ઉપાધિ વહોરી લીધી હતી. બ્રિટિશ સામ્રાજ્યને જ આથી સહન કરવું પડવાનું છે. વેવેલને બીજી એક વાતનુંય દુઃખ હતું કે એમણે મુસ્લિમ લીગને ખાત્રી

આપી હતી કે, તેની પૂરા હૃદયની સંમતિ વિના તેઓ એકે ય કદમ નહિ ઉઠાવે. હૉડસને તેના 'ધં ગ્રેટ ડિવાઈડ' નામના ગ્રંથમાં આનો ઉલ્લેખ કરતાં એટલી હદે જણાવ્યું છે કે, જો બ્રિટિશ સરકાર કોંગ્રેસ આગળ નમી પડવાની હોય તો પણ વેવેલ તેમાં ખેંચાવા તૈયાર નથી! આ છતાં વેવેલને કોંગ્રેસે યોજનાના સ્વીકારપત્રમાં એવી ચાલાકીભરી શબ્દરચના કરી હતી કે, તે 'અપ્રામાણિક હોવા છતાં તેનો સ્વીકાર કર્યા વિના છૂટકો નહોતો. છેવટે વેવેલને જવાહરલાલને બોલાવીને વચગાળાની સરકારની વાત કરવી પડી; અને જવાહરલાલે ભારે હિંમત દાખવી, કેટલીક નક્કર રજૂઆતો કરી દા. ત. (ક) કેબિનેટ સંપૂર્ણ સ્વાયત્ત હોવી જોઈએ, (ખ) 'વીટો' કરવાની વાઈસરોયની સત્તા હટી જવી જોઈએ, (ગ) વાઈસરોય માત્ર બંધારણી વડા તરીકે રહે

આ ઉપરાંત, આવી ઘડીએ ન કરવા જેવી લાગે તેવી વાત પણ જવાહરે કહી નાખી : 'અમારે ખરો કજિયો તો મિશન યોજના મુજબના ત્રણ ગ્રૂપમાંના દરેક પ્રાંતને પોતાના પૂરતો નિર્ણય કરવાની છૂટ હોવી જોઈએ, એ બાબતનો છે. આમ, જવાહરલાલે યોજનાનો સ્વીકાર કર્યા પછી સત્તાનાં સૂત્રો હાથમાં લેવાની વેળાએ આવી શરતો કરી, તો ય વેવેલ માટે મૂંગા રહેવાનો વારો આવ્યો હતો, કેમકે સત્તામાં આવેલ બ્રિટિશ મજૂરપક્ષ કેમે કરી ભારતના સવાલનો ઉકેલ કરવા માંગતો હતો.

ઝીણાથી આ સહન ન થયું. મિશનની ખાસ્સી ટીકા કરીને મુસ્લિમ લીગે ૧૬મી મેના મુસદ્દા માટે આપેલ સંમત્તિ પાછી ખેંચી લીધી! એટલું જ નહિ, તેમણે ૧૬ ઓગસ્ટના દિવસને 'સીધાં પગલાં (ડાયરેકટ એકશન) દિન તરીકે જાહેર કરી પાકિસ્તાન માટેની લડતનો રાહ અપનાવ્યો–અને (ગાંધીજીને માર્ગે) બ્રિટિશ ખિતાબો (સર, નવાબ, નવાબજાદા, ખાન બહાદુર, ખાન સાહેબ અને જાગીરદાર જેવા ખિતાબો) પાછા આપી દેવા મુસ્લિમોને ફરમાન કર્યું.

એક રીતે વાઈસરૉય વેવેલને ભાવતી આ ઘટના બની હતી. તેમના મતે સંયુક્ત ફેડરેશનને બદલે અલાયદા પાકિસ્તાનનો નિર્ણય થાય, તો મુસ્લિમ વ્યાપારી વર્ગો નિર્બળ હોવાથી બ્રિટનના હાથમાં તે પ્રદેશના ધંધાધાપાની એકહથ્થુ લગામ આવે! કેબિનેટ મિશન બ્રિટન પાછું ફરતાં જ વેવેલે એમની રમત આગળ ધપાવી–બ્રિટનના દબાણ છતાં કોંગ્રેસ હસ્તક સરકાર સોંપવામાં તેમણે થાય તેટલો વિલંબ કરવા માંડયો.

પરંતુ ઇતિહાસે વેવેલથી વિરુદ્ધ દિશામાં વળાંક લીધો! એક બાજુ, દેશભરમાં હડતાળોએ અને બ્રિટિશવિરોધી ઉત્તેજનાએ ઉછાળો લીધો; બીજી બાજુ, બ્રિટિશ લેબર કેબિનેટનું વેવેલ ઉપરનું દબાણ વધ્યું. વેવેલે ના છૂટકે જવાહરલાલને બોલાવી વચગાળાની સરકાર માટે વાટાઘાટો આગળ ચલાવી. તેમણે આ સરકારમાં મુસ્લિમ લીગને સાથે લેવા કોંગ્રેસને સૂચવ્યું, અને જો હમણાં લીગ સંમત ન થાય તો તેને માટે પ્રધાનમંડળમાં જગાઓ ખાલી રાખવાનું સૂચવ્યું. સાથે સાથે વેવેલે લીગના ચિત્ત પર એવી ઘેરી છાપ ઊભી કરી કે, જો આ તકે તે સરકારમાં દાખલ નહિ થાય તો પછી તેના હાથમાં કશું નહિ રહે...

પરંતુ, બીજી બાજુ, મુસ્લિમ લીગનાં 'સીધાં પગલાં'નો આરંભ (૧૬ ઓગસ્ટ) બંગાળથી થતાં જ બંને કોમોની (ઘણા મોટા પ્રમાણમાં હિંદુઓની) હજારો લાશો કલકત્તાના માર્ગો પર પથરાઈ ગઈ! અને કલકત્તામાં હજારો બિહારી લોકો મજૂરી કરતા હોઈને, ત્યાં મરનારાના બદલા તરીકે બિહારમાં હિંદુઓએ મુસ્લિમોની લાશો ઢાળી! વેવેલ માટે તો 'સીધાં પગલાં'નું આ પરિણામ, કોંગ્રેસ અને લીગ લડતાં રહે અને બ્રિટિશ રાજ નભતું રહે, એવું મનભાવતું આવ્યું. પરંતુ બ્રિટિશ કેબિનેટ હાથ જોડીને રાહ જોવા ઇચ્છતી ન હતી. તેણે વેવેલ પર ફરી દબાણ આણ્યું, તે મુજબ મુસ્લિમ લીગ વિના ય જવાહરલાલને હસ્તક વચગાળાની સરકારની જાહેરાત થઈ (૨૪ ઓગસ્ટ ૧૯૪૬). જવાહરલાલે બંગાળ અને સિંધના મુસ્લિમ

પ્રતિનિધિઓ પૂરતી માત્ર બે બેઠકો ખાલી રાખી. બીજી બાજુ, મુસ્લિમ લીગને વધુ બેઠકોની લાલચ આપીને, રીઝવીને સરકારમાં દાખલ કરાવવા પ્રયાસો કર્યા. પરંતુ હિંદીવજીર લોર્ડ પેથિક લોરેન્સ, વેવેલની નીતિ ચલાવી લેવા માગતા ન હતા. પરંતુ છેવટે તો વેવેલ જૂના લશ્કરી સેનાપતિ હતા. તેમણે બંધારણ સભાની બેઠક બોલાવવાનું ટાળવા માંડ્યું. આગળ વધીને તેમણે છેલ્લી પાટલીએ પહોંચી જવાની ધૃષ્ટતા કરી. એક બાજુ દેશના ભાગલાની જૂની રમત ફરી અમલી બનાવવા 'બ્રેકડાઉન પ્લાન' પર કમ્મર કસી; બીજી બાજુ મુસ્લિમ લીગને વચગાળાની સરકારમાં દાખલ કરાવી અંદરથી ભાંગફોડ કરવાની નેમ સેવી. પરંતુ બ્રિટિશ સરકારે વેવેલને ખાસ સૂચવ્યું કે 'જો વચગાળાની સરકાર બાબતમાં ઝીણાનો સંપર્ક સાધવાની જરૂર જણાય તો તે વચગાળાની સરકારના વડા જવાહરલાલ દ્વારા જ કરાવશો.' વેવેલે આ સૂચનને પણ દાદ ન આપી. તેમણે મુસ્લિમ લીગને વચગાળાની સરકારમાં સમાવવા તૈયાર કરી. પરંતુ મોટી મુશ્કેલી એ હતી કે, લીગે ૧૬મી મે-ની દરખાસ્ત અંગેનો સ્વીકાર પાછો ખેંચી લીધો હોઈને ફરીથી સ્વીકાર જાહેર કરવો જરૂરી હતો. છેવટે મુસ્લિમ લીગ માટે થૂંક્યું ગળવાની વેળા આવી; અને તેણે અનિચ્છાએ પણ સ્વીકાર કર્યો.

નોંધપાત્ર બિના એ છે કે, પાકિસ્તાનની માગણી જતી કરીને વળી પાછા સંયુક્ત ફેડરેશનના સ્વીકાર પર તેને પહોંચવું પડ્યું હતું. ઉપરાંત, 'સરકારમાં મુસ્લિમ સભ્યોની નિમણૂક કરવાનો મુસ્લિમ લીગ સિવાય કોઈને અધિકાર નથી'—એ વરસો સુધી ઝીંકી રાખેલી શરત પણ એને છોડી દેવી પડી હતી. કોંગ્રેસના બૅરિસ્ટર અસફઅલી પ્રધાનમંડળમાં કાયમ રહ્યા હતા. જો કે સાટું વાળતી હોય એમ, મુસ્લિમ લીગે સામેથી પોતાના પાંચ સભ્યોમાં એક અસ્પૃશ્ય નેતા જોગીન્દરનાથનો સમાવેશ કર્યો હતો (૧૫ ઑક્ટોબર—૧૯૪૬).

આ બધું છતાં, હજી મુસ્લિમ લીગ માટે ૧૬મી મેની પાયાની દરખાસ્તનો સ્વીકાર કરવાનું તો બાકી જ હતું. મુસ્લિમ લીગને બદલે વેવેલે જવાહરલાલને ખાતરી આપી કે મુસ્લિમ લીગની બેઠક બોલાવીને ઝીણા અસ્વીકારનો ઠરાવ રદ કરાવશે. પરંતુ સૌ કોઈને માટે વધુ ચોંકાવનારી હકીકત એ હતી કે, એક બાજુ લીગ સરકારમાં પ્રવેશ કરે છે, અને બીજી બાજુ 'સીધાં પગલાં'નો કાર્યક્રમ (હિંસક રમખાણો) પણ ચાલુ જ રહે છે. (પરિણામે નોઆખલીનો ભયંકર હત્યાકાંડ સર્જાયો.) બલ્કે, પોતાની સરકારની ઓથે રહી મુસ્લિમો રમખાણો કર્યે રાખે, એવી વિચિત્ર સ્થિતિ સરજાઈ હતી.

આવું બધું વેવેલને જોઈતું હતું શું ? આ ગ્રંથના લેખક વલીખાન તો માને છે કે તેમને એ જ જોઈતું હતું. આવા ખતરનાક સંજોગોને લીધે જ બ્રિટનનું હિંદમાં રહેવાનું સહજપણે લંબાવી શકાય તેમ હતું. પરંતુ કોંગ્રેસે લીગની હિંસક હુલ્લડોની નીતિથી ત્રાસી જઈને વેવેલને કહી દીધું કે મુસ્લિમ લીગે હજી ૧૬મી મેની દરખાસ્તોનો સ્પષ્ટ સ્વીકાર કર્યો નથી, આવી ધૂંધળી સ્થિતિ વધુ સમય સહી નહિ લેવાવી જોઈએ. હવે તો, વિના વિલંબે બંધારણ સભાની બેઠક બોલાવી આગળ વધવું રહ્યું. જો લીગ તેમાં જોડાવા તૈયાર ન થાય તો તેને કેન્દ્રની સરકારમાંથી ધકેલી કાઢવી જોઈએ. છેવટે વેવેલને ૯મી ડિસેમ્બરે બંધારણ સભાની બેઠક બોલાવવી પડી. ઝીણાએ તેમાં જોડાવાનો ઈન્કાર કર્યો. વેવેલે સમય કાઢવા બ્રિટનનું માર્ગદર્શન મેળવવાને બહાને કોંગ્રેસ તથા લીગ બંનેના આગેવાનોને પોતાની સાથે લંડન લઈ જવાનો બેત રચ્યો. (સરદાર વલ્લભભાઈએ તો આવા 'નાટક'માં જોડાવાનો ઇનકાર કરી દીધો હતો.)

વેવેલ હજી પોતાના આખરી શસ્ત્ર તરીકે 'બ્રેકડાઉન પ્લાન' ઉપર જ આધાર રાખતા હતા. આ પ્લાનનું અંતિમ લક્ષ્ય એક જ હતું: દેશના ભાગલા પાડી, કોંગ્રેસની બહુમતીવાળા પ્રદેશો તેને સુપરત કરી દઈને, બાકીના મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતોમાં—એટલે કે પાકિસ્તાનમાં – બ્રિટને, રશિયા તથા ચીન સામેના મથક તરીકે પોતાનો અડ્ડો ચાલુ રાખવો. પરંતુ વેવેલ બ્રિટિશ કેબિનેટને ગળે પોતાનો આ

ઉતારા શકયા નહિ. બીજી બાજુ, કોંગ્રેસે ગ્રુપ હસ્તક જોડાવા ન જોડાવા અંગેના નિર્ણય બાબત વિવાદ કરવાને બદલે સીધી બંધારણ સભાની બેઠક બોલાવી (૯ ડિસેમ્બર). મુસ્લિમ લીગ એમાં હાજર ન થઈ. બંધારણ સભાએ રાજેન્દ્રબાબુને અધ્યક્ષ તરીકે ચૂંટીને બંધારણ સભાના 'ઉદ્દેશ' અને 'ધ્યેય' અંગે ઠરાવ પસાર કર્યો. ૧૯ જાન્યુઆરી ૧૯૪૭ને દિને લીગે, એક યા બીજા બહાને, કોંગ્રેસ ઉપર દોષ ઢોળીને બંધારણ સભાને વિખેરી નાખવા બ્રિટીશ સરકારને જણાવી દીધું. સાથેસાથે પોતે વચગાળાની સરકારમાં ચાલુ રહી, તેનો ઉપયોગ કરી લેવાનો દાવ આગળ ધપાવ્યો.

આ પછી કોંગ્રેસે વાઈસરોયને જણાવી દીધું કે કાં તો લીગને સરકારમાંથી નીકળી જવા ફરજ પાડો, નહિ તો અમે અમારો ઉપાય યોજીશું. લંડનમાં આ બાબતની જાણ થતાં જ બ્રિટને વેવેલને તત્કાલ પરત આવી જવા જણાવ્યું. પરંતુ વેવેલ એટલી ઊંડી રમતમાં ખૂંપ્યા હતા કે, તેમણે લંડનના આદેશ ભણી પણ આંખ આડા કાન કર્યા. અલબત્ત, બ્રિટિશ સરકાર પણ હવે વેવેલના દાવપેચથી ગળે આવી ગઈ હતી વેવેલની બરતરફીના પત્ર સાથે લંડનથી મોકલેલ કાસદ ભારત આવી પહોંચ્યો. બીજી બાજુ, શાહી પરિવારના લોર્ડ માઉન્ટબેટનને નવા વાઈસરોય તરીકે નીમી ભારત રવાના કર્યા. આ સાથે બ્રિટને તો ભારત છોડવાના નિર્ણય સાથે જૂન ૧૯૪૮ની છેલ્લી મુદત જાહેર પણ કરી દઈને પોતાની નીતિને છેલ્લો આકાર આપ્યો.

મુસ્લિમ લીગે આ બધી ઝંઝટમાંથી નીકળી જઈને, વળી પાછો ભારતના ભાગલા (પાકિસ્તાન)નો દેકારો શરૂ કરી દીધો. બ્રિટિશ સરકારે તેને જણાવ્યું કે પંજાબમાં અને સરહદપ્રાંતમાં લીગની સરકારો ન હોઈને તે પ્રદેશો પરનો દાવો તેમણે જતો કરવો રહે. ઝીણાએ રસ્તો કાઢયો : યેનકેન પ્રકારે ત્યાંની સરકારો તોડી પાડી, લીગની સરકાર સ્થાપી દેવી. (૨૦મી ફેબ્રુઆરી–૧૯૪૭)

## ઝીણાની સાજીશ

ઝીણાએ ભારતમાંના બ્રિટિશ ગવર્નર અને ગોરા અમલદારો સાથે ભળી–મળીને કલ્પનામાં પણ ન આવે તેવું કાવતરું યોજ્યું. ઈસ્કંદર મિરઝાએ પોતાની આત્મકથામાં એનું આલેખન કર્યું છે. તે મુજબ ઝીણાએ પહેલાંના સરહદપ્રાંતના જાણભેદુ ઈસ્કંદરની બદલી દિલ્હી, સંરક્ષણ પ્રધાનના મંત્રી તરીકે કરાવી; અને તેને પોતાના અંગત વફાદાર માણસ તરીકે સ્થાપી, ગુપ્ત બાતમીઓ પહોંચાડવાની સૂચના આપી. બાદ તેને દિલ્હીની નોકરીમાંથી રાજીનામું આપી દેવરાવી, સરહદ પ્રાંતના સીમાડે વસતી આદિવાસી જનજાતિની ટોળીઓમાં જઈ, તેઓને ઉશ્કેરવાનો બેત રચ્યો. ઈસ્કંદરે પોતાની આત્મકથામાં ઉમેર્યું છે : "સમય જ્યારે કામગીરી બજાવવા પાકી ગયો હોય ત્યારે હું નાકામિયાબ નીવડયાનું આળ વહોરવા તૈયાર ન હતો.××× ભોપાળના નવાબે એક કરોડ રૂપિયા પૂરા પાડવાનું માથે લીધા પછી કામ મુશ્કેલ ન હતું." વળી, ઝીણાએ ઈસ્કંદરને આશ્વાસન આપ્યું હતું કે, આ કામગીરી બજાવતાં જો તેમનું મૃત્યુ થાય તો તેના કુટુંબના ભરણપોષણની વ્યવસ્થા પણ કરી રાખી છે.

ઈસ્કંદરે ઈસ્માઈલખાન (પ્રદેશ) તથા પેશાવરમાં ફરીવળીને તે તે પ્રદેશોમાં તથા બાજુના આદિવાસી વિસ્તારોમાં બળવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી; તેમાં તેને વઝીરીસ્તાન, તિરાહ તથા મોહંમદ પ્રદેશના વફાદાર જમીનદારોનો ટેકો પણ મળી ચૂકયો હતો. પરંતુ બંડખોરી જગવવાનો વખત આવે તે અગાઉ કાયદે આઝમે માણસ દોડાવી, ઈસ્કંદરને ખબર આપી દીધી કે, 'પાકિસ્તાનની માગણી સ્વીકારાઈ ગઈ છે. હવે બધું આટોપી લેશો.'

★

## પ્રદેશો કબજે કરવાના નુસ્ખા

**(ઈંગ્લેન્ડ જેન્સન કૃત 'ઈંડિયા, પાકિસ્તાન એન્ડ પખ્તુનિસ્તાન' ગ્રંથના આધારે વલીખાને 'ફેક્ટસ આર ફેક્ટસ'માં આપેલી માહિતી)**

* હિંગો પોલીસ સ્કૂલમાં બોમ્બ બનાવવાની તથા તેનો ઉપયોગ કરવાની તાલીમ અપાતી હતી.
* મેકી શરીફના પીર (ધર્મગુરુ) તરફથી નાણાંની કોથળી ખુલ્લી કરાઈ હતી.
* ખાપા પોલીસના એક અમલદાર ફૈઝુલ્લાખાન હિંસક પ્રવૃત્તિ સાથે કડીરૂપે કામ કરતા હતા; સરકારનાં પગલાંની માહિતી પહેલેથી તેમને પહોંચાડતા હતા.

*

સરહદ પ્રાંતની સરખામણીએ પંજાબમાં ખિઝર હયાતને ઉથલાવી પાડવાનું સહેલું હતું. ત્યાં લીગે બે-પાંખિયો મોરચો રચ્યો હતો. એક બાજુ 'નાગરિક કાનૂનભંગનો—જાણે, સત્યાગ્રહનો માર્ગ અપનાવ્યો !–ને બીજી બાજુ, ખૂનખાર કોમી હુલ્લડોનો માર્ગ ! આમાં 'કાનૂનભંગ' માટે થયેલી સજાઓની બલિહારી એ હતી કે કેદ નામની બની ગઈ હતી, જેમકે–

* કેદી ભોજન માટે પોતાને ઘેર જઈ શકતો. ડીનર પાર્ટીઓ પણ ગોઠવી શકતો.
* સામાજિક પ્રસંગોએ હાજરી આપવા જઈ શકતો.
* રાત પોતાના ઘરે ગાળી શકતો.
* જેલવાસી ગૃહસ્થને બહાર લઈ આવવાની અને જેલમાં પાછા પહોંચાડી જવાની કામગીરી તેમનાં સ્નેહી સંબંધીઓ કરી શકતાં.

બીજી બાજુ, હિંદુ તથા શીખ ધારાસભ્યો માટે ધારાસભામાં હાજરી આપવાનું ય અશક્ય બની ગયું હતું. અને કાનૂનભંગના જોરે બિનલીગી મુખ્યપ્રધાન ખિઝર હયાતને રાજીનામું આપવાની, ત્યાંના ગવર્નર દ્વારા ફરજ પાડી શકાઈ હતી (૩ માર્ચ, ૧૯૪૭). પરંતુ હજી મુસ્લિમ લીગ માટે બહુમતીના અભાવે સત્તામાં આવવાનું શક્ય ન હતું. છેવટે સરકારે 'ગવર્નર રાજ' જાહેર કરીને ઝીણાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો.

## ઝીણાની ગુસ્તાખી

ઝીણાની એક વધુ ગુસ્તાખીનું દષ્ટાંત ઈસ્કંદરે ટાંક્યું છે. તે મુજબ, પાકિસ્તાન જુદું રાજ્ય બનતાં ગવર્નર તરીકેનું પદ કાયદે આઝમે લીધું, ત્યારે કોઈકે તેમને ભાષણમાં મુસ્લિમો માટે પાકિસ્તાન મેળવી આપવામાં લીગની કામગીરી અંગે પ્રોત્સાહનના બે સારા શબ્દો કહેવા સિફારસ કરી. ઝીણાએ તેને તરત જ પરખાવ્યું; 'કોણે તમને કહ્યું કે પાકિસ્તાન મેળવવામાં મુસ્લિમ લીગે કામ કર્યું છે ? પાકિસ્તાન તો મેં મારા સ્ટેનોગ્રાફર મારફત મેળવ્યું છે...'

આનો અર્થ એ કે, તેમને મન મુસ્લિમ લીગ સંસ્થાનું કશું મહત્ત્વ ન હતું. એ તો માત્ર એમના હાથમાંનું એક સાધન હતી. બલકે, તેમનું પેચીદું દિમાક, કાતિલ જીભ અને કાતિલ કલમનો એ બધો પ્રતાપ હતો !

●

## ૧૪ : સ્વાધીનતાની સુરાવલી

### વંદેમાતરમ્

સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
શસ્યશ્યામલામ્ માતરમ્
શુભ્રજ્યોત્સ્ના—પુલકિતયામિનીમ્
ફુલ્લ-કુસુમિત-દ્રુમદલ-શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્
સુખદામ્ વરદામ્ માતરમ્ !

—બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

### જય હે

જનગણમનઅધિનાયક જય હે, ભારત ભાગ્યવિધાતા !
પંજાબ-સિન્ધુ-ગુજરાત-મરાઠા, દ્રાવિડ-ઉત્કલ-બંગ;
વિન્ધ્ય-હિમાચલ-જમુના-ગંગા, ઉચ્છલ જલધિ-તરંગ;
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા!
જનગણમંગલ દાયક જય હે, ભારત ભાગ્યવિધાતા!
જય હે! જય હે! જય હે!
જય જય જય જય હે! ભારત ભાગ્યવિધાતા !

—રવીન્દ્રનાથ ઠાકુર

### સારે જહાંસે અચ્છા

સારે જહાંસે અચ્છા હિન્દુસ્તાં હમારા,
હમ બુલબુલે હૈં ઉસકી વહ ગુલસ્તિાં હમારા.
ગુરબતમેં હો અગર હમ રહતા હૈ દિલ વતનમેં,
સમઝો વહી હમેં ભી દિલ હો જહાં હમારા.
મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના,
હિન્દી હૈ હમ વતન હૈ હિન્દુસ્તાં હમારા.

—ઈકબાલ

### મેરા વતન વહી હૈ

નાનકને જિસ ચમનમેં વહ્દતકા ગીત ગાયા,
ચિશતીને જિસ ઝમીંમેં પયગામે-હક સુનાયા;
તાતારિયોંને જિસકો અપના વતન બનાયા,
જિસને હજાઝીયુંસે દશ્તે-અરબ છૂડાયા,
મેરા વતન વહી હૈ! મેરા વતન વહી હૈ!
ગૌતમકા જો વતન હૈ, જાપાનકા હરમ હૈ,
ઈસા કે આશકોંકા છોટા જેરુસલમ હૈ;
મઝહૂન જિસ ઝમીંમેં ઈસ્લામકા હરમ હૈ,
હર ફૂલ જિસ ચમનકા ફિરદૌસ હૈં ઈશ્ક હૈ,
મેરા વતન વહી હૈ......મેરા વતન વહી હૈ.

—ઈકબાલ

સરફરોશીકી તમન્ના અબ હમારે દિલમેં હૈ
દેખના હૈ જોર કિતના બાઝુ-એ કાતિલ મેં હૈ.
વક્ત આને દે બતા દેંગે તુઝે અય આસમાં
હમ અભીસે કયા બતાએં કયા હમારે દિલમેં હૈ...

—બિસ્મિલ

અય માતૃભૂમિ, તેરે ચરણોમેં સિર નમાઉં !
મૈં ભક્તિ ભેટ અપની, તેરી શરણમેં લાઉં
માથેપે તૂ હો ચંદન, છાતીપે તૂ હો માલા
જિહ્વાપે ગીત તૂ હો, મૈં તેરા નામ ગાઉં
મન ઔર દેહ તુઝ પર બલિદાન મૈં ચઢાઉં.

—ઈન્દ્ર

મેરી જાં ન રહે, મેરા સર ન રહે,
સામાં ન રહે, ન એ સાજ રહે;
ફક્ત હિન્દ મેરા આઝાદ રહે,
માતા કે સર પર લાજ રહે.
શિખ, હિન્દુ, મુસલમાં એક રહે,
ભાઈ ભાઈસા રસ્મો-રિવાજ રહે,
ગુરુ ગ્રંથ, કુરાન, પુરાન રહે,
મેરી પૂજા રહે સો નમાજ રહે...

—માખન

બુલબુલ અગર હૈ હમ તો વહ હૈ ચમન હમારા,
વન હો કહીં, વહીં પર રહતા હૈ મન હમારા;
પ્યારા વતન હમારા, પ્યારા વતન હમારા.

—મખદૂમ

યે સિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે,
યે જાન ફના હો જાવે, પર આઝાદી ઘર આવે.
જો આગે કદમ ઉઠાયા, વો અબ નહીં હટનેવાલા,
જો યકિન હમને પાયા, વો કભી ન કટનેવાલા.
હમ મરેંગે લડતે લડતે, નહીં લડાઈ મરનેવાલી,
મયદાન ન હોગા ખાલી, જબતક નહીં હો ખુશહાલી.

—જયંત આચાર્ય

મ્હારા કેસરભીના કંથ હો ! સિધાવો જી રણવાટ !
આભ ગ્રૂજે ધરણી ધમધમે રાજ ! ઘેરા ઘોરે શંખનાદ :
દુંદુભિ બોલે મહારાજનાં, હો સામન્તના વીરવાટ !
મ્હારા કેસરભીના કંથ હો !

સંગ લેશો તો સાજ સજું હો ! માથે ધરું રણમ્હોડ;
ખડગને માંડવ ખેલવાં. મારે રણલીલાના કોડ !
મ્હારા કેસરભીના કંથ હો !

એક વાટ રણવાસની રે, બીજી સિંહાસન ઘાટ;
ત્રીજી વાટ શોણિતની સરિતે.
હો ! શૂરાના સ્થાનનો ઘાટ. મારા કેસરભીના કંથ હો !
જયકલગીએ વળજો પ્રીતમ ! ભીંજશું ફાગે ચીર;
નહિ તો વીરને આશ્રમ મળશું હો ! સુરગંગાને તીર.

—ન્હાનાલાલ

ધર્મના વીર ! ઓ આર્યપુત, ઊઠજો !
સુભટના શકુનની વાગી ઘડીઓ.
મૃત્યુને પરહરી, શાન્તિબાથાં ભરી,
શૂર ! ત્યમ સંચરશે યુદ્ધ વાટે.
સિંહને શસ્ત્ર શાં ? વીરને મૃત્યુ શાં ?
મૃત્યુનાં અમૃતને ઓળખો છો.

—ન્હાનાલાલ

ભર ભર મારું ખપ્પર, ભૈયા ઓ ભારતના વાસી !
ઘરઘર ભીખું હરનિશ ફરતી, હું જુગજુગની પ્યાસી :
ખપ્પર ભરો ભરો હો.

ક્ષણક્ષણ ગણતાં મન શોષાયું, શોષાયું તન ત્રાસી,
બાર બાર સૈકાંથી ભટકું. તોય અરે ઉપવાસી !
ખપ્પર ભરો ભરો હો !

ઓ ભૈયા જુગજુગના વીત્યા, હવે નહિ એ ચાલે;
નદ ઉલટાવો, સિંધુ ભરાવો છલછલ ભરો ઉછાળે !
ખપ્પર ભરો ભરો હો !

અધઊઘડયાં છે દ્વાર પ્રભાનાં, ઓ ભૈયા ઝટ આવો;
ખપ્પર મારું ભરો વીરત્વે ! પૂર્ણ પ્રભા રેલાવો :
ખપ્પર ભરો ભરો હો.

—ખબરદાર

જય મંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ !
ભગીરથસમ વિરલ વીર; ભારતી સુભટસુધીર;
ઉર-સમુદ્રને હિમાલયે ઉછાળીએ......
સત્ય અર્થ સજ્જ થાઓ, વિજય વાવટો ઉડાઓ;
વીર ધર્મથી ધરા સદા ધ્રુજાવીએ.

—લલિત

અમે ભરત ભૂમિના પુત્રો અમ માત પુરાણ પવિત્ર
રે જેનાં સુંદર સૂત્રો ઝલકાવે ઉચ્ચ ચરિત્ર.
અમ અંતરને ઉદ્દેશી કરશું હોકાર હમેશ :
અમે દેશી દેશી દેશી, ઓહ, દિવ્ય અમારો દેશ !
ધમધમ ધરણી ધ્રુજાવશું, અમ દેશ તણાં કરી ગાન,
જય જય જયનાદ કરીશું, દઈશું મોંઘા પ્રાણ.

—ખબરદાર

## ઝંડાવંદન

તારે કયારે કૈંક દુલારે દિલનાં શોણિત પાયાં,
પુત્રવિજોગી માતાઓનાં નયનઝરણ ઢલવાયાં,
ઝંડા અજર અમર રહેજે,
વધ વધ આકાશે જાજે.

—મેઘાણી

(ગોળમેજી પરિષદમાં જતાં વેળા)

છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો, બાપુ!
સાગર પીનારા! અંજલિ નવ ઢોળજો, બાપુ!
અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું;
ધૂર્તો, દગલબાજો થકી પડીયું પનારું;
શત્રુ તણે ખોળે ઢળી સુખથી સુનારું;
આ આખરી ઓશિકડે શિર સોંપવું, બાપુ!
કાપે ભલે ગર્દન : રિપુ-મન માપશું, બાપુ!
સુરઅસુરના આ નવયુગી ઉદધિ-વલોણે
શી છે ગતાગમ રત્નના કામી જનોને?
તું વિના શંભુ! કોણ પીશે ઝેર દોણે!
દેખી અમારાં દુઃખ નવ અટકી જજો, બાપુ!
સહિયું ઘણું, સહીશું વધુ; નવ થાકજો, બાપુ!

ચાબુક, જપ્તી, દંડ, ડંડા મારના,
જીવતાં કબ્રસ્તાન કારાગારનાં;
થોડાઘણા છંટકાવ ગોળીબારના-
એ તો બધાંય ઝરી ગયાં, કોઠે પડયાં, બાપુ!
ફૂલસમાં અમ હૈડાં તમે લોઢે ઘડયાં, બાપુ!
આજાર માનવ-જાત આકુળ થઈ રહી, બાપુ!
તારી તબીબી કાજ એ તલસી રહી, બાપુ!
જા બાપ માતા આખલાને નાથવાને,
જા વિશ્વહત્યા ઉપરે જલછાંટવાને,
જા સાતસાગર પાર સેતુ બાંધવાને.
ઘનઘોર વનની વાટને અજવાળતો, બાપુ!
વિકરાળ કેસરિયાળને પંપાળતો, બાપુ
ચાલ્યો જજે તુજ ભોમિયો ભગવાન છે, બાપુ!
છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ!

—મેઘાણી

(ગોળમેજીમાંથી પાછા આવ્યા ત્યારે)

માતા ! તારો બેટડો આવે;
આશાહીન એકલો આવે.
જ્વાળામુખી એને કાળજે રે એની આંખમાં અમૃતધાર !
એવો કોઈ માનવી આવે,
ભેળાં કાળ-નોંતરાં લાવે.
સૂતો રે હોય તો જાગજે સાયર! ઘેર આવે પ્રાણાધાર !
હૈયે તારે બાંધ હીંડોળા,
મોભી મારો ખાય બે ઝોલાં,
સાત સિંધુ તમે સામટા રે! એની ઓલવાશે નહીં ઝાળ !
ઢાલાં નવ ઢોળશો પાણી!
ના ના એની વેદના નાની.

—મેઘાણી

## છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ,
સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુ ઓ !

અમારા યજ્ઞનો છેલ્લો બલિ આપીને કેજે,
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફીર દેજે,
વધારે મૂલ લેવાં હોય તો એ માગી લે જે,
અમારા આખરી સંગ્રામમાં સાથે જ રહેજે!

પ્રભુજી! પેખજો આ છે અમારું યુદ્ધ છેલ્લું;
બતાવો હોય જો કારણ અમારું લેશ મેલું;
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધૂવેલું;
દુવા માગી રહ્યું જો સૈન્ય અમ તત્પર ઊભેલું.

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.
જીવે મમ માવડી એ કાજ મરવાની ઘડી છે,
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે.

જુઓ, ઓ તાત! ખુલ્લાં મૂકિયાં અંતર અમારાં;
જુઓ, હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા;
જુઓ, છાના જલે અન્યાયના અગ્નિધખારા!
સમર્પણ હો, સમર્પણ હો, તને એ સર્વ પ્યારા!

ભલે હો રાત કાળી, આપ દીવો લઈ ઊભા જો!
ભલે રણમાં પથારી, આપ છેલ્લાં નીર પાજો.
લડંતાને મહા રણ-ખંજરીના ઘોષ ગાજો;
મરંતાને મધુરી બંસરીના સૂર વાજો!

તૂટે છે આભઊંચા આપણા આશા મિનારા;
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિકિનારા. —મેઘાણી

ડૂંગરા સૂતા ડોલવા લાગ્યા ને ધરતી પાડે સાદ;
ધરતી પાડે સાદ:
સૂતો હોય તો જાગજે બેટા, રણનો ભેરિંગ નાદ!
આવ્યું આજ મોઘું ટાણું;
ગાઈ લે મોતનું ગાણું.
જુલમ કેરા દોર છે જ્યાં, જુલમનાં જ્યાં રાજ;
જુલમનાં જ્યાં રાજ:
પાયે બેડી ને ગળા ફાંસો ત્યાં સાચના છે શિરતાજ!
રાખી તે શીર અમારે
ભેટીશું કાળને આરે!
નીંદરે સૂતાં માનવી જાગે, ને ધરતી પાડે સાદ;
ધરતી પાડે સાદ:

ઘોરતાં હશે કોણ અભાગી! રણના ભેરિંગ નાદ.
જુઓ મહાકાળ ત્યાં બોલે!
સૂતેલા ડુંગરા ડોલે!

—સ્નેહરશ્મિ

(કસ્તુરબાના મૃત્યુ સમયે)
આતમ રુએ ને આંખ હસે, એનું કાળજું કરુણાવાસ,
દેશ ધરાના દુઃખનું ઓસડ શોધે પૃથ્વી—આકાશ!
તપસ્યા ઘડી ન મૂકે,
સૂરજ કદી તપવું ચૂકે?
વેદનાકેરો સાગર છલકયો, તેમાં મચ્યું તોફાન,
ખોળામાં મસ્તક મેલીને સંચરી એક જીવનની લ્હાણ;
હતી શૈશવથી સાથે,
તેની ચેહ રચવી હાથે!
એક ચિતા એની આંખોની સામે, એક છે અંતરમાંય,
ત્રીજી ચિતા જલે દેશમાં, જેની જ્વાળા આકાશે જાય;
પોઢેલા દેવને કે'વા—
કયાં લગી ઊંઘશો, દેવા?
હૈયાના અશ્રુહોજ મહીંથી ઝળકયાં બે એને નેણ,
કાયાની કણીએ કણીને કોરતી વેદનાને નથી વેણ:
કસોટી કારમી થાતી,
જગતની આંખ ભરાતી!
રોઈ દિશાઓ, ડુંગરા રોયા, રોયા સૂરજ—સોમ,
એક અવાજે પોકારી ઊઠયાં સૃષ્ટિનાં નવલખ રોમ:
ગયો શું વિધાતા પોઢી
માથે કાળો કામળો ઓઢી?

—કરસનદાસ માણેક

પ્રભો! જેવું હતું તેવું ફરી ભારત બનાવી દો!
જૂનું તો છો રહ્યું જૂનું, નવા જગને બતાવી દો!
સુભટ નરવીર રણઘેલા, ધુરંધર રાજનીતિજ્ઞો
પ્રતાપી કર્મવીરોચિત વરદ કાર્યો કરાવી દો!

—પરિમલ

દીવાલો દુર્ગની ફાટે તમારા કેદખાનાની,
તૂટે જંજીર લોખંડી તમારી આત્મશ્રદ્ધા તો.
તમારા માર્ગમાં ઊભા પહાડોયે ખસી જાશે.
બિયાબાં માર્ગ દઈ દેશે તમારી આત્મશ્રદ્ધા તો.

—કલ્યાણજી મહેતા

# આવકાર

જ્ઞાનનું પવિત્ર જળ ઘેર ઘેર અને અધિકારી વ્યક્તિ-વ્યક્તિને પહોંચતું કરવાની ઉદાત્ત ભાવનામાંથી જ આ ગંગોત્રી ગ્રંથમાળાનો જન્મ થયો છે, જે યુગાનુરૂપ છે અને ગુજરાતની શક્તિ અને જ્ઞાનપિપાસાની વૃદ્ધિનો સૂચક છે.

પં. સુખલાલજી

આ જ્ઞાનગંગોત્રી આપણા જમ.નાના વિશાળ આદર્શને પહોંચી વળતી 'વિદ્યાપીઠ' સમી એક ગ્રંથમાળા થવાની છે.

કાકા કાલેલકર

આપણી પ્રાદેશિક ભાષામાં જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ થાય એ જરૂરનું છે. આ શ્રેણી એ ખોટ પૂરશે એવી મને ખાતરી છે.... યોજના ઘણી આવકારપાત્ર છે.

કનૈયાલાલ મુનશી

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી વાચકો માટે ગૃહ-વિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં પુસ્તકો પરથી નિઃશંક કહી શકાય.

ઉમાશંકર જોશી

ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી, તેમજ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે.

સુન્દરમ

## પ્રકાશિત ગ્રંથો

૧ બ્રહ્માંડ દર્શન ૨ પૃથ્વી દર્શન ૩ સ્વાસ્થ્ય દર્શન ૪ રસાયણ દર્શન ૫ સ્વરાજ્ય દર્શન ૬ ગણિત દર્શન ૭ સાહિત્ય દર્શન (ભારતીય-૧) ૮ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય-૧) ૯ કૃષિ દર્શન ૧૦ ગુજરાત દર્શન (સાહિત્ય-૧) ૧૧ ગુજરાત દર્શન (સાહિત્ય-૨) ૧૨ વિશ્વ દર્શન-૧ (ક્રાન્તિ) ૧૩ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય-૨) ૧૪ ઇજનેરી દર્શન ૧૫ વિશ્વ દર્શન-૨ (અદ્યતન ઇતિહાસ) ૧૬ જીવ દર્શન ૧૭ સાહિત્ય દર્શન (ભારતીય-૨) ૧૮ લલિતકલા દર્શન-૧ (અભિનય-શ્રાવ્ય) ૧૯ વિચાર દર્શન-૧ (લોકશાહી; મૂડીવાદ, સમાજવાદ) ૨૦ વિશ્વ દર્શન-૩ [ઇતિહાસ : મધ્યયુગ (યુરોપ, અરબ ચીન)] ૨૧ ભારત દર્શન ૨ (મધ્યકાલીન ઇતિહાસ) ૨૨ ભારત દર્શન ૧ (ઇતિહાસ : આદિયુગ) ૨૩ વિચાર દર્શન-૨ (વિશ્વ તત્ત્વચિંતન રૂપરેખા-૧) ૨૪ વિચાર દર્શન-૩ (વિશ્વ તત્ત્વચિંતન : રૂપરેખા-૨) ૨૫ વિશ્વ દર્શન-૪ (પુનર્જાગૃતિ : ધર્મ સુધારણા) ૨૬ ભારત દર્શન ૩ (સ્વાતંત્ર્ય સંગ્રામ-૧)

**A PROJECT SUBMITTED FOR THE DEGREE OF**

**MASTER OF LIBRARY AND INFORMATION SCIENCE**

**AT SARDAR PATEL UNIVERSITY**

**2011-2012**

# DIGITIZATION OF GYAN GANGOTRY GRANTH SHRENI - 26 V.18

# MANAV VIDYASHAKHA : BHARAT DARSHAN - 3

# [ SWATANTRYA SANGRAM - 1 ]

**SUBMITTED BY:**

**HEMADRI SHAH**

**GUIDE :**

**Prof. U.A. THAKER**

**Dr. NIMESH D. OZA (Asst. Prof)**

**DEPARTMENT OF LIBRARY AND INFORMATION SCIENCE**

**SARDAR PATEL UNIVERSITY**

**VALLABH VIDYANAGAR - 388 120**

**March-2012**